વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

શબ્દશઃ વિવેચન

ભાગ-૨

અધ્યાય-૨, ૩, ૪



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૨

## શબ્દશઃ વિવેચન

## અધ્યાય-૨, ૩, ૪


❖ મૂળ ગ્રંથકાર તથા ભાષ્યકાર ❖

વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✱ સંકલનકર્તા ✱

પંડિત શ્રી મયંકભાઈ રમણિકભાઈ શાહ


સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

ગીતાર્થ ગંગા


❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૨ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૭૫૦

મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ચિ. જેનિલ પ્રકાશભાઈ શાહ
પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૬૧

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com

✻ મુદ્રક ✻
સર્વોદય ઓફસેટ
૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**✦ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✦ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✦ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✦ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✦ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✦ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✦ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્ગતિ તમારા હાથમાં !
૭. દર્શનાચાર
૮. શાસન સ્થાપના
૯. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૦. અનેકાંતવાદ
૧૧. પ્રશ્નોત્તરી
૧૨. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૩. ચિત્તવૃત્તિ
૧૪. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૫. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૬. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૭. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૮. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૯. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

૨૦. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૧. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૨. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૩. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૪. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૫. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. ગૃહજિનાલય મહામંગલકારી
૨૮. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન

૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન

૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઇઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૨ની

# પ્રસ્તાવના

## અધ્યાય-૨

પ્રથમ અધ્યાયમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે, તેમ બતાવ્યું. ત્યારપછી સમ્યગ્દર્શન જીવ આદિ સાત તત્ત્વોની શ્રદ્ધારૂપ છે તેમ કહ્યું. તેથી જિજ્ઞાસા થાય કે જીવ કેવા સ્વરૂપવાળો છે ? માટે જીવના સ્વરૂપને બતાવવા અર્થે ઔપશમિક આદિ ભાવોરૂપ જીવ છે, તેમ બીજા અધ્યાયમાં બતાવે છે. તે ઔપશમિક આદિ ભાવો પાંચ ભેદવાળા છે. તેથી તે પાંચ ભેદો અને તેના અવાંતર ભેદોનું પ્રથમ નિરૂપણ કરે છે.

જીવનું લક્ષણ ઉપયોગ છે. તેથી ઉપયોગના ભેદો બતાવેલ છે. ત્યારબાદ સંસારી અને મુક્ત એમ બે પ્રકારના જીવો છે. તે જીવો પણ મનવાળા અને મન વગરના છે તેમ બતાવેલ છે. સંસારી જીવો એકેન્દ્રિય આદિના ભેદવાળા છે તે બતાવીને ઇન્દ્રિયોનું સ્વરૂપ બતાવવા અર્થે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયના ભેદો બતાવ્યા છે, જેથી ઇન્દ્રિયો અને મન કઈ રીતે બોધમાં કારણ છે ? તેનો વિશદ બોધ થાય છે.

વળી, જીવો વિગ્રહગતિમાં કેવા યોગવાળા હોય છે ? કઈ રીતે વિગ્રહગતિથી જન્માંતરમાં જાય છે, તેનું સ્વરૂપ બીજા અધ્યાયમાં બતાવેલ છે. વળી, જીવો સંમૂર્ચ્છિમરૂપે, ગર્ભરૂપે અને ઉપપાતરૂપે ઉત્પન્ન થનારા છે તેથી જીવોની યોનિ કેવા સ્વરૂપવાળી છે ? તેનો વિસ્તારથી બોધ બીજા અધ્યાયમાં કરેલ છે. વળી, ઔદારિક આદિ પાંચ શરીરોનું સ્વરૂપ પણ બીજા અધ્યાયમાં બતાવેલ છે તથા કયા જીવને કેટલા શરીર હોય ? તેનું વર્ણન બીજા અધ્યાયમાં કરેલ છે.

સંસારી જીવો ત્રણ પ્રકારના વેદનોના ઉદયવાળા છે. તેથી કઈ ગતિમાં કયા વેદના ઉદયની પ્રાપ્તિ છે ? તેનું સ્વરૂપ બીજા અધ્યાયમાં બતાવ્યું છે. વળી, સંસારી જીવોનું આયુષ્ય અપવર્તનીય અને અનપવર્તનીય તથા સૌપક્રમ અને નિરુપક્રમ છે, તેનું વર્ણન પણ બીજા અધ્યાયમાં કરાયેલું છે.

## અધ્યાય-૩

ત્રીજા અધ્યાયમાં નારકીના જીવો ક્યાં રહેલા છે ? તે નારકીઓનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ? તેઓને કયા પ્રકારની વેદનાઓ વર્તે છે ? ઇત્યાદિનું સ્વરૂપ વિસ્તારથી બતાવેલ છે. ત્યારબાદ નારકીના જીવોની સ્થિતિ કેટલા કાલમાનવાળી છે, તેનું વિસ્તારથી વર્ણન કરાયેલું છે. ત્યારબાદ તિર્ચ્છાલોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રો કઈ રીતે રહેલા છે ? જંબૂદ્વીપ આદિ દ્વીપોમાં ભરત આદિ ક્ષેત્રો કઈ રીતે રહેલા છે ? તે બતાવ્યું છે. ત્યારબાદ આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારના મનુષ્યોમાંથી ૬ પ્રકારના આર્યો કેવા સ્વરૂપવાળા

છે ? અને અન્ય મ્લેચ્છો કેવા સ્વરૂપવાળા છે ? તેનું વર્ણન કરાયેલ છે. વળી, નારકી-તિર્યંચનું આયુષ્ય ઉત્કૃષ્ટથી અને જઘન્યથી કેટલું છે ? તેનું વર્ણન કરેલ છે.

**અધ્યાય-૪**

વળી, ચોથા અધ્યાયમાં દેવો કેટલા ભેદવાળા છે ? કેવી લેશ્યાવાળા છે ? તેનું વિસ્તારથી વર્ણન કરાયું છે. વળી, મનુષ્યલોકમાં સૂર્ય, ચંદ્ર આદિ જ્યોતિષવિમાનો કઈ રીતે ગતિ કરે છે ? તેના કારણે કાળનો વિભાગ કઈ રીતે પડે છે ? તે બતાવેલ છે. વળી, દેવો કેવા પ્રકારના શ્રેષ્ઠ સુખોને અનુભવે છે ? કેવી ઉત્તમ લેશ્યાવાળા છે ? તેઓની જઘન્યસ્થિતિ અને ઉત્કૃષ્ટસ્થિતિ કેટલી છે ? નારકીઓની જઘન્યસ્થિતિ કેટલી છે ? તેનું વર્ણન ચોથા અધ્યાયમાં કરેલ છે.

છદ્મસ્થપણામાં જિનેશ્વર પરમાત્માની વાણીથી વિપરીત કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૯, પોષ સુદ-૫,**
**તા. ૧૬-૧-૨૦૧૩, ગુરુવાર,**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# અનુક્રમણિકા


| સૂત્ર નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **અધ્યાય-૨** | |
| ૧. | જીવના પાંચ પ્રકારના ભાવોનું સ્વરૂપ. | ૧-૩ |
| ૨. | પાંચ પ્રકારના ભાવોના પેટાભેદો. | ૩-૪ |
| ૩. | ઔપશમિકભાવોના ભેદો. | ૪-૫ |
| ૪. | ક્ષાયિકભાવના ૯ ભેદો. | ૫-૬ |
| ૫. | ક્ષાયોપશમિકભાવના ૧૮ ભેદો. | ૬-૧૦ |
| ૬. | ઔદયિકભાવના ૨૧ ભેદો. | ૧૦-૧૪ |
| ૭. | પારિણામિકભાવના ભેદો. | ૧૪-૧૮ |
| ૮. | જીવનું લક્ષણ. | ૧૮ |
| ૯. | ઉપયોગના ભેદો. | ૧૮-૨૧ |
| ૧૦. | જીવના ભેદો. | ૨૧ |
| ૧૧. | મનવાળા અને મન વગરના જીવોના ભેદો. | ૨૨-૨૩ |
| ૧૨. | સંસારી જીવોના ભેદો. | ૨૩ |
| ૧૩. | સ્થાવરના ભેદો. | ૨૩-૨૪ |
| ૧૪. | ત્રસના ભેદો. | ૨૪-૨૫ |
| ૧૫. | પાંચ ઇન્દ્રિયોનું સ્વરૂપ. | ૨૫-૨૭ |
| ૧૬. | દ્રવ્યઇન્દ્રિય અને ભાવઇન્દ્રિયનું સ્વરૂપ. | ૨૮ |
| ૧૭. | નિવૃત્તિઇન્દ્રિય અને ઉપકરણઇન્દ્રિયનું સ્વરૂપ. | ૨૮-૩૧ |
| ૧૮. | ભાવઇન્દ્રિયનું સ્વરૂપ. | ૩૧-૩૩ |
| ૧૯. | ઉપયોગનો વિષય. | ૩૩-૩૬ |
| ૨૦. | પાંચ ઇન્દ્રિયોનું સ્વરૂપ. | ૩૬-૩૭ |
| ૨૧. | પાંચ ઇન્દ્રિયોના વિષયો. | ૩૭ |
| ૨૨. | મનનો વિષય. | ૩૭-૩૯ |
| ૨૩. | એકેન્દ્રિય જીવોનું સ્વરૂપ. | ૩૯-૪૦ |
| ૨૪. | બેઇન્દ્રિય આદિ જીવોનું સ્વરૂપ. | ૪૦-૪૧ |
| ૨૫. | મનવાળા જીવોનું સ્વરૂપ. | ૪૧-૪૩ |
| ૨૬. | વિગ્રહગતિમાં વર્તતા યોગનું સ્વરૂપ. | ૪૩-૪૪ |

| સૂત્ર નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૭. | જીવની અનુશ્રેણિથી જન્માંતરમાં ગતિ. | ૪૪-૪૬ |
| ૨૮. | જીવની અવિગ્રહગતિ | ૪૬-૪૭ |
| ૨૯. | સંસારી જીવોની વિગ્રહગતિના ભેદો. | ૪૭-૫૦ |
| ૩૦. | એક સમયથી અવિગ્રહગતિ. | ૫૦-૫૨ |
| ૩૧. | વિગ્રહગતિમાં અનાહારકની પ્રાપ્તિ. | ૫૨-૫૪ |
| ૩૨. | જીવોના જન્મના ભેદો. | ૫૪-૫૬ |
| ૩૩. | જીવની ઉત્પત્તિની યોનિના ભેદો. | ૫૬-૫૮ |
| ૩૪. | ગર્ભજ જીવોનું સ્વરૂપ. | ૫૮-૫૯ |
| ૩૫. | ઉપપાતથી જન્મનારા જીવોનું સ્વરૂપ. | ૫૯ |
| ૩૬. | સંમૂર્ચ્છિમ જીવોના ભેદો. | ૫૯-૬૦ |
| ૩૭. | પાંચ શરીરો. | ૬૦-૬૧ |
| ૩૮. | શરીરોની પરસ્પર સૂક્ષ્મતા. | ૬૧-૬૨ |
| ૩૯-૪૦. | પાંચ શરીરના પ્રદેશોનું પ્રમાણ. | ૬૨-૬૩ |
| ૪૧. | અપ્રતિઘાતવાળા શરીરો. | ૬૩-૬૪ |
| ૪૨. | શરીરનો અનાદિ સંબંધ. | ૬૪ |
| ૪૩. | સર્વ સંસારી જીવોને તેજસશરીર અને કાર્મણશરીરનો સંબંધ. | ૬૫-૬૬ |
| ૪૪. | એક સાથે એક જીવને કેટલા શરીરનો સંભવ ? તેનું સ્વરૂપ. | ૬૭-૬૯ |
| ૪૫. | કાર્મણશરીરથી ઉપભોગનો અભાવ. | ૬૯-૭૧ |
| ૪૬. | ઔદારિકશરીરના ભેદો. | ૭૧ |
| ૪૭. | નારક, દેવોને વૈક્રિયશરીર. | ૭૨ |
| ૪૮. | મનુષ્ય-તિર્યંચને લબ્ધિ નિમિત્તક વૈક્રિયશરીર. | ૭૨-૭૩ |
| ૪૯. | ચૌદ પૂર્વધરને આહારકશરીર. | ૭૩-૮૫ |
| ૫૦. | નારક અને સંમૂર્ચ્છિમોમાં નપુંસકભેદ. | ૮૫-૮૭ |
| ૫૧. | દેવોમાં નપુંસકપણાનો અભાવ. | ૮૭-૮૯ |
| ૫૨. | અનપવર્તનીય આયુષ્યવાળા જીવો. | ૮૯-૯૯ |
| | **અધ્યાય-૩** | |
| ૧. | સાત નારકીની ભૂમિઓ. | ૧૦૦-૧૦૫ |
| ૨. | સાત નારકીઓ. | ૧૦૫-૧૦૮ |
| ૩. | નારકીઓના અશુભભાવો. | ૧૦૮-૧૧૭ |

| સૂત્ર નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪. | નારકીઓના પરસ્પર કરાતા દુઃખો. | ૧૧૭-૧૨૧ |
| ૫. | ત્રણ નારકી સુધી પરમાધામી કૃત દુઃખો. | ૧૨૧-૧૨૬ |
| ૬. | નારકીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય. | ૧૨૬-૧૩૪ |
| ૭. | દ્વીપ-સમુદ્રોના નામો. | ૧૩૫-૧૩૬ |
| ૮. | દ્વીપ-સમુદ્રોના આકાર. | ૧૩૬-૧૩૮ |
| ૯. | જંબૂદ્વીપનું સ્વરૂપ. | ૧૩૮-૧૪૧ |
| ૧૦. | જંબૂદ્વીપમાં વર્તતા અવાંતર ક્ષેત્રોનું સ્વરૂપ. | ૧૪૨-૧૪૩ |
| ૧૧. | જંબૂદ્વીપમાં વર્તતા પર્વતોનું સ્વરૂપ. | ૧૪૩-૧૫૪ |
| ૧૨. | ધાતકીખંડમાં વર્તતા મેરુપર્વતોનું સ્વરૂપ. | ૧૫૪-૧૫૫ |
| ૧૩. | પુષ્કરાવર્તદ્વીપમાં વર્તતા મેરુપર્વતોનું સ્વરૂપ. | ૧૫૫-૧૫૭ |
| ૧૪. | મનુષ્યલોકનું સ્વરૂપ. | ૧૫૮-૧૫૯ |
| ૧૫. | આર્ય અને મ્લેચ્છોનું સ્વરૂપ. | ૧૫૯-૧૬૦ |
| ૧૬. | કર્મભૂમિ અને અકર્મભૂમિનું સ્વરૂપ. | ૧૬૦-૧૬૪ |
| ૧૭. | મનુષ્યોનું આયુષ્ય. | ૧૬૪-૧૬૫ |
| ૧૮. | તિર્યંચોનું આયુષ્ય. | ૧૬૫-૧૬૯ |
| | **અધ્યાય-૪** | |
| ૧. | દેવોના ભેદો. | ૧૭૦ |
| ૨. | જ્યોતિષ્કદેવોની લેશ્યા. | ૧૭૧ |
| ૩. | કલ્પોપપન્નદેવોના ભેદો. | ૧૭૧-૧૭૨ |
| ૪. | દેવનિકાયના દેવોના અવાંતર ભેદો. | ૧૭૨-૧૭૩ |
| ૫. | વ્યંતર-જ્યોતિષ્કના અવાંતર ભેદો. | ૧૭૩-૧૭૪ |
| ૬. | ભવનવાસી અને વ્યંતરના બે-બે ઇન્દ્રો. | ૧૭૪-૧૭૫ |
| ૭. | દેવોની લેશ્યા. | ૧૭૫-૧૭૬ |
| ૮. | ઈશાન દેવલોક સુધી કાયિક ભોગ. | ૧૭૬-૧૭૮ |
| ૯. | ઉપરના દેવોમાં ભોગના ભેદો. | ૧૭૮-૧૮૦ |
| ૧૦. | ગ્રૈવેયક આદિમાં ભોગનો અભાવ. | ૧૮૦-૧૮૧ |
| ૧૧. | ભવનવાસી દેવોના ભેદો. | ૧૮૧-૧૮૫ |
| ૧૨. | વ્યંતરના ભેદો. | ૧૮૫-૧૮૯ |
| ૧૩. | જ્યોતિષ્કના ભેદો. | ૧૮૯-૧૯૦ |

| સૂત્ર નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૪. | સૂર્ય-ચંદ્રની ગતિ. | ૧૯૦-૧૯૨ |
| ૧૫. | સૂર્ય-ચંદ્રની ગતિકૃત કાળવિભાગ. | ૧૯૨-૧૯૯ |
| ૧૬. | અઢીદ્વીપ બહાર સૂર્ય-ચંદ્રની ગતિનો અભાવ. | ૧૯૯-૨૦૦ |
| ૧૭. | વૈમાનિકદેવો. | ૨૦૦ |
| ૧૮-૧૯. | કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવોના ભેદો. | ૨૦૧-૨૦૨ |
| ૨૦. | વૈમાનિકદેવોના નામો. | ૨૦૨-૨૦૬ |
| ૨૧. | વૈમાનિકદેવોની સમૃદ્ધિ આદિ. | ૨૦૬-૨૧૦ |
| ૨૨. | વૈમાનિકદેવોનાં ગતિ-શરીર-પરિગ્રહ આદિનું સ્વરૂપ. | ૨૧૦-૨૧૯ |
| ૨૩. | વૈમાનિકદેવોની લેશ્યા. | ૨૧૯-૨૨૧ |
| ૨૪. | ગ્રૈવેયકથી પૂર્વે કલ્પોપપન્ન દેવો. | ૨૨૧-૨૨૪ |
| ૨૫. | બ્રહ્મલોકમાં લોકાંતિકદેવો. | ૨૨૪ |
| ૨૬. | લોકાંતિકદેવોના ભેદો. | ૨૨૪-૨૨૫ |
| ૨૭. | વિજયઅનુત્તર આદિ દેવલોકમાં અલ્પસંસારી દેવો. | ૨૨૫-૨૨૬ |
| ૨૮. | તિર્યંચયોનિવાળા જીવો. | ૨૨૬-૨૨૭ |
| ૨૯ થી ૩૧. | ભવનપતિમાં આયુષ્યની સ્થિતિ. | ૨૨૭-૨૨૯ |
| ૩૨. | અસુરેન્દ્રનું આયુષ્ય. | ૨૨૯ |
| ૩૩ થી ૩૮. | વૈમાનિકદેવોનું આયુષ્ય. | ૨૨૯-૨૩૨ |
| ૩૯ થી ૪૨. | વૈમાનિકદેવોનું જઘન્ય આયુષ્ય | ૨૩૨-૨૩૫ |
| ૪૩. | નારકીઓની ઉત્કૃષ્ટસ્થિતિ. | ૨૩૫-૨૩૬ |
| ૪૪. | પ્રથમ નારકીની જઘન્યસ્થિતિ. | ૨૩૬ |
| ૪૫. | ભવનવાસીની જઘન્યસ્થિતિ. | ૨૩૬ |
| ૪૬. | વ્યંતરોની જઘન્યસ્થિતિ. | ૨૩૬-૨૩૭ |
| ૪૭. | વ્યંતરોની ઉત્કૃષ્ટસ્થિતિ. | ૨૩૭ |
| ૪૮. | જ્યોતિષ્કની ઉત્કૃષ્ટસ્થિતિ. | ૨૩૭ |
| ૪૯ થી ૫૧. | ગ્રહ-નક્ષત્ર-તારાની ઉત્કૃષ્ટસ્થિતિ. | ૨૩૭-૨૩૮ |
| ૫૨-૫૩. | જ્યોતિષ્કની જઘન્યસ્થિતિ. | ૨૩૮-૨૩૯ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

વાચકવર શ્રીમાન્ ઉમાસ્વાતિજી વિરચિત સ્વોપજ્ઞભાષ્યઅલંકૃત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૨

## અધ્યાય-૨, ૩, ૪

# ।। द्वितीयोऽध्यायः ।।

**ભાષ્ય :-**

**अत्राह – उक्तं भवता जीवादीनि तत्त्वानीति, तत्र को जीवः कथंलक्षणो वेति ?। अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=બીજા અધ્યાયના પ્રારંભમાં, કહે છે – તમારા વડે જીવ આદિ તત્ત્વો છે એ પ્રમાણે કહેવાયું. ત્યાં=જીવ આદિ તત્ત્વોમાં, જીવ કોણ છે ? અથવા કેવા લક્ષણવાળો છે ? એ પ્રકારની શંકામાં કહેવાય છે –**

**ભાવાર્થ :-**

પ્રથમ અધ્યાયમાં પ્રતિજ્ઞા કરી કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે, તેને આગળમાં કહીશું. ત્યાર પછી સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. ત્યાં પ્રશ્ન થયો કે શ્રદ્ધાના વિષયભૂત તત્ત્વો ક્યાં છે ? તેથી ગ્રંથકારશ્રીએ જીવ આદિ સાત તત્ત્વો બતાવ્યાં. ત્યાં પ્રશ્ન થાય કે જીવ આદિ સાત તત્ત્વોમાં જીવ કોણ છે ? અથવા કેવા લક્ષણવાળો છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં જીવનું લક્ષણ બતાવવા અર્થે કહે છે –

**સૂત્ર :-**

**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ।।२/१।।**

**સૂત્રાર્થ :-**

**ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ, મિશ્રભાવ=ક્ષાયોપશમિકભાવ, ઔદયિકભાવ અને પારિણામિકભાવ એ જીવનું સ્વતત્ત્વ છે. ।।૨/૧।।**

**ભાષ્ય :-**

**औपशमिकः, क्षायिकः, क्षायोपशमिक, औदयिकः, पारिणामिक इत्येते पञ्च भावा जीवस्य स्वतत्त्वं भवन्ति ।।२/१।।**

**ભાષ્યાર્થ :-**

**औपशमिकः ..... भवन्ति ।। ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ પ્રમાણે આ પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ થાય છે. ।।૨/૧।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે જીવ કોણ છે ? તેના ઉત્તરરૂપે આ સૂત્ર હોવાથી આ પાંચ ભાવોમાંથી યથાયોગ્ય ભાવવાળો જીવ છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે. અહીં જીવ શબ્દથી સંસારી અને મુક્ત બન્ને જીવોનું ગ્રહણ છે. તેથી મુક્ત જીવોમાં વિચારીએ તો ક્ષાયિક અને પારિણામિકભાવની પ્રાપ્તિ છે અને સંસારી જીવોને આશ્રયીને વિચારીએ તો કોઈક જીવમાં પાંચેય ભાવોની પ્રાપ્તિ છે. કોઈક જીવમાં ઔદયિક, પારિણામિક અને ક્ષાયોપશમિકભાવની પ્રાપ્તિ છે; કેમ કે યોગમાર્ગને નહીં પામેલા જીવોમાં કર્મોના ઉદયથી થનારા ઔદયિકભાવ, ભવ્યત્વ આદિરૂપ પારિણામિકભાવ અને જ્ઞાનાવરણ આદિના ક્ષયોપશમરૂપ ક્ષાયોપશમિકભાવ પ્રાપ્ત થાય છે.

વળી અવતરણિકામાં પ્રશ્ન કરેલ કે કેવા લક્ષણવાળો જીવ છે ? તે પ્રમાણે ઔપશમિક આદિ ભાવોના લક્ષણવાળો આ જીવ છે, તેમ પ્રાપ્ત થાય. અનુમાપક લિંગને લક્ષણ કહેવાય છે. તેથી જેમ અગ્નિનું અનુમાપક લિંગ ધૂમ છે, તે અગ્નિનું લક્ષણ છે તેમ આ જીવ છે કે અજીવ છે તેનો નિર્ણય કરવા માટે જીવનું લક્ષણ આ પાંચ ભાવો છે તેમ કહીએ તો જીવમાં જઘન્યથી ઔદયિક, પારિણામિક અને ક્ષાયોપશમિક ભાવ વર્તતા હોય તે જીવ છે, અન્ય જીવ નથી. કોઈક જીવમાં ઔપશમિક, ક્ષાયિકભાવ પણ પ્રાપ્ત થતા હોય તે જીવ છે, તેમ કહી શકાય. માત્ર પારિણામિકભાવને જીવનું લક્ષણ કરીએ તો પારિણામિકભાવના પેટાભેદમાં અસ્તિત્વ આદિનું ગ્રહણ હોવાથી ધર્માસ્તિકાય આદિમાં પણ પારિણામિકભાવની પ્રાપ્તિ છે. એથી માત્ર પારિણામિકભાવ જીવનું લક્ષણ કરી શકાય નહીં, પરંતુ જીવનું સ્વરૂપ છે તેમ કહી શકાય.

વળી સૂત્રનો અર્થ સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રીએ કહ્યું કે આ પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવનું આ સ્વસ્વરૂપ છે અર્થાત્ આ પાંચ ભાવોના સ્વરૂપવાળો જીવ પદાર્થ છે.

અહીં ઔપશમિક આદિ પાંચ ભાવો કહ્યા, તેનો અર્થ આ પ્રમાણે છે –

**(૧) ઔપશમિકભાવ :-**

જીવના અધ્યવસાયથી બંધાયેલાં કર્મો ઉપશમભાવને પામેલાં હોય ત્યારે તે કર્મના ઉપશમથી પ્રગટ થનારો જીવનો પરિણામ તે ઔપશમિકભાવ છે.

**(૨) ક્ષાયિકભાવ :-**

જીવના અધ્યવસાયથી બંધાયેલાં કર્મોનો ક્ષય થવાથી પ્રગટ થતો જીવનો પરિણામ ક્ષાયિકભાવ છે.

**(૩) મિશ્રભાવ અર્થાત્ ક્ષાયોપશમિકભાવ :**

જીવના અધ્યવસાયથી બંધાયેલા કર્મોનો ક્ષય અને ઉપશમ જેમાં વર્તતા હોય તે ક્ષાયોપશમિકભાવ છે. અર્થાત્ ઉદયમાન કર્મનો રસના વિષ્કંભણથી ક્ષય અને અનુદયમાન કર્મના રસના વિષ્કંભણરૂપ ઉપશમ જે કર્મોનો થાય તે ક્ષાયોપશમિકભાવ છે.

**(૪) ઔદયિકભાવ :-**

જીવના અધ્યવસાયથી બંધાયેલાં કર્મો ઉદયમાં આવે તેનાથી જીવનો જે પરિણામ થાય તે ઔદયિકભાવ છે.

**(૫) પારિણામિકભાવ :-**

કર્મની અપેક્ષા વગર સંસારી જીવમાં કે મુક્ત જીવમાં જે પરિણામ વર્તતો હોય તે પારિણામિકભાવ છે. આમાંથી કેટલાક પારિણામિકભાવો કર્મવાળા જીવમાં વર્તે છે જ્યારે કેટલાક પારિણામિકભાવો મુક્ત જીવો અને સંસારી જીવો ઉભયમાં વર્તે છે. **॥૨/૧॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧માં જીવનું સ્વરૂપ બતાવતાં ઔપશમિક આદિ પાંચ ભાવો જીવનું સ્વરૂપ છે એમ કહ્યું. તેથી હવે ઔપશમિકભાવ આદિ પાંચેય ભાવોના અવાંતર ભેદો કેટલા છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ।।२/२।।**

**સૂત્રાર્થ :-**

**બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદો યથાક્રમ છે=ઔપશમિક આદિ ભાવોના યથાક્રમ ભેદો છે. ।।૨/૨।।**

**ભાષ્ય :-**

एते औपशमिकादयः पञ्च भावा द्विनवाष्टादशैकविंशतित्रिभेदा भवन्ति, यथा-औपशमिको द्विभेदः, क्षायिको नवभेदः, क्षायोपशमिकोऽष्टादशभेदः, औदयिक एकविंशतिभेदः, पारिणामिकस्त्रिभेद इति यथाक्रममिति येन सूत्रक्रमेणात ऊर्ध्वं वक्ष्यामः ।।२/२।।

**ભાષ્યાર્થ :-**

एते ..... वक्ष्यामः ।। આ ઔપશમિક આદિ પાંચ ભાવો બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદવાળા છે. જે આ પ્રમાણે – ઔપશમિક બે ભેદવાળો છે, ક્ષાયિક નવ ભેદવાળો છે, ક્ષાયોપશમિક અઢાર ભેદવાળો છે, ઔદયિક એકવીસ ભેદવાળો છે અને પારિણામિક ત્રણ ભેદવાળો છે.

'इति' શબ્દ ઔપશમિક આદિ ભેદોના યોજનની સમાપ્તિમાં છે.

યથાક્રમ એ પ્રમાણે કહેવાથી એ પ્રાપ્ત થાય કે જે સૂત્રનો ક્રમ છે=પ્રસ્તુત અધ્યાયના પ્રથમ સૂત્રનો ક્રમ છે, તે ક્રમથી આનાથી ઊર્ધ્વમાં=આગળના સૂત્રોમાં, અમે કહીશું. ।।૨/૨।।

**ભાવાર્થ :-**

સુગમ છે. ।।૨/૨।।

**અવતરણિકા :-**

પૂર્વસૂત્રમાં ઔપશમિક આદિ પાંચ ભાવોના પેટાભેદોની સંખ્યા બતાવી. તેથી હવે ક્રમપ્રાપ્ત પ્રથમ ઔપશમિકભાવના બે ભેદોને બતાવે છે –

**સૂત્ર :-**

सम्यक्त्वचारित्रे ।।२/३।।

**સૂત્રાર્થ :-**

સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે ઔપશમિકભાવોના ભેદો છે, એમ અન્વય છે. ।।૨/૩।।

**ભાષ્ય :-**

सम्यक्त्वं चारित्रं च द्वावौपशमिकौ भावौ भवत इति ।।२/३।।

**ભાષ્યાર્થ :-**

सम्यक्त्वं ..... इति ।। સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે ઔપશમિકભાવવાળા થાય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૨/૩।।

**ભાવાર્થ :-**

**ઔપશમિકભાવના ઉત્તરભેદો :-**

અનાદિ મિથ્યાદૃષ્ટિ અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વની એક એમ પાંચ પ્રકૃતિના ઉપશમથી ઔપશમિકસમ્યક્ત્વ પામે છે અથવા ઉપશમશ્રેણિમાં ચડેલા જીવો ઉપશમશ્રેણિ ચઢતાં પૂર્વે દર્શનસપ્તકનો ઉપશમ કરે છે ત્યારે ઉપશમસમ્યક્ત્વ પામે છે. ઉપશમશ્રેણિમાં ચડેલા જીવો અગિયારમા ગુણસ્થાનકે ચારિત્રનો ઉપશમ કરે છે. તેથી સમ્યક્ત્વ અને ચારિત્રનો પરિણામ ઔપશમિકભાવરૂપે થાય છે,

જગતવર્તી જે પદાર્થો જે રીતે સંસ્થિત છે તેનું સંક્ષેપથી કે વિસ્તારથી યથાર્થ દર્શન એ સમ્યક્ત્વ છે અને તે નિસર્ગથી કે જિનવચનથી થતો જીવનો પરિણામ છે. ચારિત્ર એ આત્માના મૂળ સ્વભાવમાં વિશ્રાંતિને અનુકૂળ જિનવચનને અવલંબીને વીતરાગગામી એવો આત્મવ્યાપાર છે. આ બન્ને ભાવો કર્મના ઉપશમથી થાય ત્યારે ઔપશમિકસમ્યક્ત્વ અને ઔપશમિકચારિત્ર કહેવાય છે. **॥૨/૩॥**

**અવતરણિકા :-**

**ઔપશમિકભાવોના ભેદોને બતાવ્યા પછી ક્રમપ્રાપ્ત ક્ષાયિકભાવના નવ ભેદોને બતાવે છે —**

**સૂત્ર :-**

**ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ।।२/४।।**

**સૂત્રાર્થ :-**

**જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય અને 'च'શબ્દથી ગૃહીત સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ભેદો ક્ષાયિકના છે. ।।૨/૪।।**

**ભાષ્ય :-**

**ज्ञानं, दर्शनं, दानं, लाभो, भोग, उपभोगो, वीर्यमित्येतानि च सम्यक्त्वचारित्रे च नव क्षायिका भावा भवन्तीति ।।२/४।।**

**ભાષ્યાર્થ :-**

**ज्ञानं ..... भवन्तीति ।। જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય એ આ=પાંચ ભાવો, અને સમ્યક્ત્વ તથા ચારિત્ર એ નવ ક્ષાયિકભાવો થાય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૨/૪।।**

**ભાવાર્થ :-**

**ક્ષાયિકભાવના ઉત્તરભેદો :-**

ચાર ઘાતિકર્મોનો ક્ષય કરીને જીવ કેવલી થાય છે ત્યારે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી ક્ષાયિકજ્ઞાન,

દર્શનાવરણીયકર્મના ક્ષયથી ક્ષાયિકદર્શન, દાનાંતરાયકર્મના ક્ષયથી ક્ષાયિકદાન, લાભાંતરાયકર્મના ક્ષયથી ક્ષાયિકલાભ, ભોગાંતરાયકર્મના ક્ષયથી ક્ષાયિકભોગ, ઉપભોગાંતરાયકર્મના ક્ષયથી ક્ષાયિકઉપભોગ, વીર્યાંતરાયકર્મના ક્ષયથી ક્ષાયિકવીર્યની પ્રાપ્તિ થાય છે. દર્શનસપ્તકના ક્ષયથી ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, જે ચોથા ગુણસ્થાનક આદિમાં હોય છે અને ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિકચારિત્રની પ્રાપ્તિ થાય છે. જે બારમા આદિ ગુણસ્થાનકે હોય છે.

વળી કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું ક્ષાયિકજ્ઞાન અને ક્ષાયિકદર્શન સિદ્ધઅવસ્થામાં રહે છે, જ્યારે કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું ક્ષાયિકદાન સિદ્ધઅવસ્થામાં નથી; પરંતુ કેવલીને ક્ષાયિકદાનનો લાભ છે. તેથી જેને જે આપવા જેવું તેમને જણાય તેને તેઓ આપે તેમાં અંતરાય કરનાર કર્મ નહીં હોવાથી અવશ્ય આપી શકે છે. કેવલી વીતરાગ હોય છે તેથી તુચ્છ બાહ્ય પદાર્થનું દાન કરવાનું તેઓને કોઈ પ્રયોજન નથી, પરંતુ યોગ્ય જીવોને જ્ઞાન આદિનું દાન તેઓ કરી શકે છે, તે રૂપ જ ક્ષાયિકદાનનું કાર્ય કેવલીને સ્વીકારી શકાય. વળી ક્ષાયિકલાભ સિદ્ધઅવસ્થામાં કાંઈ નથી, પરંતુ કેવલીને ક્ષાયિકલાભ હોવાથી તેઓને દેહ માટે અનુકૂળ આહાર વસ્ત્ર આદિની આવશ્યકતા જણાય તો તેની અવશ્ય પ્રાપ્તિ થાય છે. પરંતુ ઢંઢણ ઋષિની જેમ ભિક્ષા માટે જવા છતાં લાભાંતરાયને કારણે નિર્દોષ આહાર અપ્રાપ્ત થાય છે, તેમ કેવલીને થતું નથી. તે જ રીતે ક્ષાયિક ભોગ-ઉપભોગ પણ સિદ્ધઅવસ્થામાં નથી, પરંતુ કેવલીને ક્ષાયિક ભોગ-ઉપભોગની પ્રાપ્તિ હોવાને કારણે કેવલીને જે આહાર કે વસ્ત્ર આદિની પ્રાપ્તિ છે, તેના ગ્રહણ અને ધારણમાં અંતરાય કરનાર ભોગ-ઉપભોગાંતરાય નહીં હોવાથી વિઘ્નરહિત આહાર આદિનો ભોગ અને વસ્ત્ર આદિનો ઉપભોગ કરી શકે છે. કેવલી વીતરાગ હોવાથી આહાર આદિમાં રાગ આદિનો સંશ્લેષ થતો નથી. વીર્યાંતરાયનો ક્ષય થયેલો હોવાથી સિદ્ધમાં પણ અનંત વીર્ય છે, પરંતુ વીર્યનું કોઈ કાર્ય નથી તેથી સિદ્ધમાં વીર્ય નથી એ પણ નયભેદથી માન્ય છે. કેવલીઅવસ્થામાં ક્ષાયિકવીર્ય હોવાથી કેવલીને સંભાવ્યવીર્યરૂપે ચૌદરાજલોકને દડાની જેમ ઉછાળી શકે તેવી શક્તિ છે અને કૃત્યરૂપે વીર્યાંતરાય નહીં હોવાથી જે કૃત્યો તેમને ઉચિત જણાય તે કૃત્ય વિઘ્ન રહિત કરી શકે છે. આથી કેવલી ઉચિત કાળે યોગનિરોધ ક્ષાયિકભાવના વીર્યથી જ કરે છે.

વળી ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્ર સિદ્ધમાં છે; કેમ કે આત્મભાવમાં સ્થિરતારૂપ ક્ષાયિકચારિત્ર અને પદાર્થના યથાર્થ દર્શનરૂપ ક્ષાયિકદર્શન સિદ્ધમાં છે. વળી કોઈક નયદૃષ્ટિથી સિદ્ધમાં ચારિત્રનો સ્વીકાર કર્યો નથી, તે વ્યવહારની ક્રિયારૂપ ચારિત્રને ગ્રહણ કરીને કરેલ છે. આ દૃષ્ટિથી શાસ્ત્રમાં સિદ્ધના જીવોને નોચારિત્રીનોઅચારીત્રી કહેલ છે. આ પ્રકારે ક્ષાયિકભાવના નવ ભેદોનું સ્વરૂપ જણાય છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૨/૪॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧માં પાંચ પ્રકારના ભાવો જીવને હોય છે, તેમ બતાવેલ. તેમાંથી ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવના ભેદો બતાવ્યા. હવે ક્રમપ્રાપ્ત ક્ષાયોપશમિકભાવના ભેદને બતાવે છે –**

**સૂત્ર :-**

**ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः यथाक्रमं सम्यक्त्व-चारित्रसंयमासंयमाश्च ।।२/५।।**

**સૂત્રાર્થ :-**

**જ્ઞાન, અજ્ઞાન, દર્શન, દાન આદિ લબ્ધિઓ ક્રમસર ચાર, ત્રણ, ત્રણ અને પાંચ ભેદોવાળી છે. અને સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ એમ કુલ અઢાર ભેદો ક્ષાયોપશમિકભાવના છે. ।।૨/૫।।**

**ભાષ્ય :-**

**ज्ञानं चतुर्भेदं-मतिज्ञानं, श्रुतज्ञानं, अवधिज्ञानं, मनःपर्यायज्ञानमिति, अज्ञानं त्रिभेदं-मत्यज्ञानं, श्रुताज्ञानं, विभङ्गज्ञानमिति, दर्शनं त्रिभेदं-चक्षुर्दर्शनं, अचक्षुर्दर्शनं, अवधिदर्शनमिति, लब्धयः पञ्चविधा — दानलब्धिः, लाभलब्धिः, भोगलब्धिः, उपभोगलब्धिः, वीर्यलब्धिरिति, सम्यक्त्वं चारित्रं संयमासंयम इत्येतेऽष्टादश क्षायोपशमिका भावा भवन्तीति ।।२/५।।**

**ભાષ્યાર્થ :-**

**ज्ञानं ..... भवन्तीति ।। જ્ઞાન ચાર ભેદવાળું છે — મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન.**

**'इति' શબ્દ જ્ઞાનના ભેદોની સમાપ્તિમાં છે.**

**અજ્ઞાન ત્રણ ભેદવાળું છે — મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.**

**'इति' શબ્દ અજ્ઞાનના ભેદોની સમાપ્તિમાં છે.**

**દર્શન ત્રણ ભેદવાળું છે — ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન.**

**'इति' શબ્દ દર્શનના ભેદોની સમાપ્તિમાં છે.**

**લબ્ધિ પાંચ પ્રકારની છે — દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને વીર્યલબ્ધિ.**

**'इति' લબ્ધિના ભેદોની સમાપ્તિમાં છે.**

**સમ્યક્ત્વ, ચારિત્ર, સંયમાસંયમ એ પ્રમાણે આ=અત્યાર સુધી બતાવ્યા એ, અઢાર ક્ષાયોપશમિક-ભાવો છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૨/૫।।**

**ભાવાર્થ :-**

**ક્ષાયોપશમિકભાવના ઉત્તરભેદો : (૧) મતિજ્ઞાન આદિ ચાર :-**

ક્ષયોપશમભાવનાં જ્ઞાન મતિજ્ઞાન આદિ ચાર છે. તેમાં સમ્યગ્દષ્ટિ જીવોને જે પાંચ ઇન્દ્રિયથી અને

મનથી વસ્તુનો યથાર્થ બોધ થાય છે, જે બોધ આત્મહિતનું કારણ અને આત્માનું અહિતથી રક્ષણનું કારણ બને તેવું છે તે મતિજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જિનવચનના શ્રવણથી કે અધ્યયનથી જે યથાર્થ બોધ થાય છે તે શ્રુતજ્ઞાન છે. જે આદ્ય ભૂમિકામાં શ્રુતજ્ઞાનરૂપ હોય છે, ઉત્તરમાં ચિંતાજ્ઞાન પ્રગટે છે અને અંતે ભાવનાજ્ઞાનરૂપ બને છે. શ્રુતજ્ઞાન દ્વારા જીવની હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ થાય છે. વળી અવધિજ્ઞાન સમ્યગ્દૃષ્ટિને પ્રગટે છે, જેઓને અવધિજ્ઞાન પ્રગટ થયું નથી તેઓ અન્યના અવધિજ્ઞાનનો નિર્ણય શાસ્ત્રથી જ કરી શકે. મતિ અને શ્રુતની જેમ અવધિજ્ઞાન છદ્મસ્થનો વિષય નથી, તેથી જેઓને અવધિજ્ઞાન પ્રગટ્યું નથી તેઓ શાસ્ત્રવચનના બળથી તે કેવા સ્વરૂપવાળું છે ? તેનો કાંઈક બોધ કરી શકે છે. અવધિજ્ઞાન યથાર્થ બોધરૂપ હોવાથી અવશ્ય આત્મકલ્યાણનું કારણ બને છે. મનઃપર્યવજ્ઞાન ચારિત્રીને જ પ્રગટ થાય છે. મનઃપર્યવજ્ઞાનનું અસ્તિત્વ મનઃપર્યવજ્ઞાની સ્વસંવેદનથી કરી શકે છે, અન્ય જીવો શાસ્ત્રવચનથી તેનો નિર્ણય કરી શકે છે. મનઃપર્યવજ્ઞાન યથાર્થજ્ઞાન હોવાથી આત્મકલ્યાણનું પ્રધાન કારણ છે. આથી અવધિજિન, મનઃપર્યવજિન એમ કહેવાય છે; કેમ કે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન જીવને જિન થવા જ સતત પ્રેરણા કરે છે.

વળી પરમાર્થદૃષ્ટિથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે, જ્યારે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પ્રત્યક્ષ છે.

**મતિઅજ્ઞાન આદિ ત્રણ :-**

જે જીવો સમ્યક્ત્વ પામ્યા નથી તેઓને પાંચ ઇન્દ્રિય અને મન દ્વારા જે ક્ષયોપશમભાવ વર્તે છે, તે વિપરીત બોધરૂપ હોવાથી મતિઅજ્ઞાન છે. સંસારી જીવો મતિઅજ્ઞાનને કારણે સુખના અર્થે પોતાને ઘણાં દુઃખોની પ્રાપ્તિ થાય તેવી પ્રવૃત્તિ કરીને સંસારની વિડંબણા પ્રાપ્ત કરે છે. તે મતિનું અજ્ઞાનનું કાર્ય છે. આ મતિઅજ્ઞાન મતિ આવારક કર્મોના ક્ષયોપશમ અને મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયજન્ય જ્ઞાનના પરિણામરૂપ છે.

મોક્ષના કારણીભૂત સત્શાસ્ત્રને ભણીને પણ જેઓને વીતરાગતાના ઉપાયરૂપે શ્રુતજ્ઞાનનો યથાર્થ બોધ થતો નથી; પરંતુ તે જ્ઞાન દ્વારા પણ મોહધારાની વૃદ્ધિ થાય છે તેઓને શ્રુતના અધ્યયનથી પ્રગટ થયેલું જ્ઞાન શ્રુતઅજ્ઞાન છે. વળી, સંસારીજીવોને શબ્દો જન્ય જે કાંઈ બોધ થાય છે, જેનાથી બાહ્ય પદાર્થોમાં જ સંશ્લેષની વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ કરે છે તે સર્વ જ્ઞાન શ્રુતઅજ્ઞાન છે. આ શ્રુતઅજ્ઞાન મિથ્યાત્વમોહનીયના ઉદયના સહકારથી શાસ્ત્રવચનના વિપરીત બોધ સ્વરૂપ છે. શ્રુતઅજ્ઞાન બોધ સ્વરૂપ હોવાથી ક્ષયોપશમભાવ-રૂપ છે.

જે જીવોએ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી તેઓને પ્રગટ થતું અવધિજ્ઞાન મિથ્યાત્વના સહકારથી વિભંગજ્ઞાનરૂપે વર્તે છે. આ વિભંગજ્ઞાન આત્મકલ્યાણનું કારણ બનતું નથી; પરંતુ મોહધારાની વૃદ્ધિનું કારણ બને છે, છતાં જ્ઞાન સ્વરૂપ હોવાથી ક્ષયોપશમભાવરૂપ છે.

**ચક્ષુદર્શન આદિ ત્રણ :-**

વળી દર્શન ત્રણ ભેદવાળું છે : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન. આ ત્રણેય દર્શનો ક્ષયોપશમભાવવાળાં

હોય છે. તે સમ્યગ્દૃષ્ટિને પણ હોય છે અને મિથ્યાદૃષ્ટિને પણ હોય છે; કેમ કે દર્શનમાં સામાન્ય બોધ હોય છે. સામાન્ય બોધમાં વિપર્યાસ સંભવે નહીં, પરંતુ વિશેષ બોધમાં જ વિપર્યાસ સંભવે. તેથી મતિજ્ઞાન આદિમાં મતિઅજ્ઞાન આદિ ભેદોની પ્રાપ્તિ છે, પરંતુ ચક્ષુદર્શન આદિ ત્રણમાં વિપરીત દર્શનની પ્રાપ્તિ નથી.

**દાનલબ્ધિ આદિ પાંચ :-**

વળી લબ્ધિઓ પાંચ પ્રકારની છે : દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને વીર્યલબ્ધિ. આ સર્વ લબ્ધિઓ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે ક્ષયોપશમભાવની હોય છે. જેઓને દાનાંતરાય આદિનો ઉદય વર્તે છે, તેઓમાં ક્ષયોપશમભાવની દાન આદિ લબ્ધિની પ્રાપ્તિ નથી. જોકે વીર્યનો સર્વથા અભાવ કોઈ જીવમાં નથી તોપણ પોતાને ઇચ્છિત કાર્ય માટે સમ્યગ્ વીર્ય પ્રગટાવી ન શકે તેઓને તે પ્રકારનો વીર્યાંતરાયનો ઉદય વર્તે છે. જેઓ પોતાને ઇચ્છિત કાર્યમાં સમ્યગ્ વીર્ય ફોરવી શકે છે, તેઓ વીર્યલબ્ધિવાળા છે. આથી ચારિત્રમાં યત્ન કરનાર મહાત્માને પણ ચારિત્રમાં યત્ન કરવાને અનુકૂળ વીર્યાંતરાયનો ક્ષયોપશમ હોય તો તે પ્રકારનું વીર્ય પ્રવર્તાવીને આત્મહિત સાધી શકે છે. જે મહાત્માઓમાં ચારિત્રને અનુકૂળ વીર્ય પ્રવર્તાવી શકે તેવી ક્ષયોપશમભાવની વીર્યલબ્ધિ નથી તેઓ ચારિત્રાચારની ક્રિયામાં યત્ન કરે છે, તોપણ તે પ્રકારનો સમ્યગ્ યત્ન કરી શકતા નથી જેના કારણે તેઓ ચારિત્રના પરિણામને પ્રગટ કરી શકતા નથી અને ઉત્તરોત્તરના ચારિત્રની વૃદ્ધિ કરી શકતા નથી.

દાન આપવાની ઇચ્છા હોય અને પાત્રમાં દાન કરી શકે તેવા પ્રકારનો દાનાંતરાયકર્મનો ક્ષયોપશમ હોય તે ક્ષયોપશમભાવની દાનલબ્ધિ છે. આથી જ કોઈ જીવે વિશેષ દાનાંતરાયકર્મ બાંધેલ હોય તો તે જીવને સુપાત્રને જોઈને દાન આપવાની ઇચ્છા થાય છે, છતાં કોઈ પ્રકારે તે અંતરાયકર્મ તેને તે દાન આપવાની ઇચ્છાને સફળ કરવા દેતું નથી. કોઈપણ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા થાય અને તેની પ્રાપ્તિ માટે ઉચિત પ્રયત્ન કરતાં તેને પ્રાપ્ત કરી શકે તેવા પ્રકારનો લાભાંતરાયકર્મનો ક્ષયોપશમ હોય તે લાભલબ્ધિ છે. જે જીવને જે પ્રકારનો લાભાંતરાયનો ઉદય હોય તે જીવ તેની પ્રાપ્તિ માટે યત્ન કરે તોપણ તેને પ્રાપ્ત કરી શકે નહીં. વળી ભોગ-ઉપભોગાંતરાયનો ક્ષયોપશમ હોય તો પ્રાપ્ત થયેલી ભોગ-ઉપભોગની સામગ્રીનો તે જીવ ભોગ-ઉપભોગ કરી શકે છે, જે અનુક્રમે ભોગલબ્ધિ અને ઉપભોગલબ્ધિ છે. જે જીવોને ભોગ-ઉપભોગાંતરાય કર્મનો ક્ષયોપશમ નથી તેઓને ભોગ-ઉપભોગની સામગ્રી પ્રાપ્ત થઈ હોય તોપણ ભોગ-ઉપભોગ કરી શકતા નથી. જેમ મમ્મણ શેઠને ભોગ-ઉપભોગની સામગ્રી પ્રાપ્ત થાય તેટલું ધન હોવા છતાં અને ભોગ-ઉપભોગની ઇચ્છા હોવા છતાં લોભના પરિણામને વશ તે ભોગ-ઉપભોગ કરી શકતો ન હતો, તે ભોગ-ઉપભોગાંતરાય કર્મના ઉદયનું ફળ છે. તે રીતે અન્ય કોઈપણ નિમિત્તથી ભોગ-ઉપભોગ ન કરી શકે તે ભોગાંતરાય-ઉપભોગાંતરાય કર્મનું કાર્ય છે. કોઈપણ કાર્ય કરવાની ઇચ્છા હોય અને તે કાર્ય કરી શકે તેવા પ્રકારનો વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ હોય તે વીર્યલબ્ધિ છે.

**સમ્યક્ત્વ :-**

વળી સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે, જેનું પ્રતિબંધક મિથ્યાત્વમોહનીયકર્મ છે. જે જીવોને મિથ્યાત્વમોહનીયનો

ક્ષયોપશમ થયો છે તે જીવોને ક્ષયોપશમભાવવાળું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ક્ષયોપશમભાવવાળા સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયની પ્રકૃતિ સુવિશુદ્ધ થઈ સમ્યક્ત્વમોહનીયરૂપે ઉદયમાં આવે છે. જેમાં મિથ્યાત્વના રસનું વિષ્કંભણ હોવાથી તે મિથ્યાત્વના દળિયા ક્ષયોપશમભાવરૂપે છે તેમ કહેવાય છે.

**ચારિત્ર :-**

વળી સર્વવિરતિધર સાધુઓ પ્રત્યાખ્યાનાવરણીયકર્મના ક્ષયોપશમવાળા હોય છે. તેઓમાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણીય કર્મનો જે ક્ષયોપશમભાવ વર્તે છે, તેના કારણે જે ક્ષમા આદિ ભાવો વર્તે છે તે ક્ષયોપશમભાવનું ચારિત્ર છે. ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમકાળમાં જીવ ક્ષમા આદિ ભાવોમાં વિશ્રાંતિ પામવા માટે પ્રયત્નશીલ હોય છે, તે વખતે સંજ્વલનકષાયનો જે ઉદય છે તે પણ જે જે અંશથી ક્ષયોપશમભાવને પામે છે. તે તે અંશથી ચારિત્રનો ક્ષયોપશમભાવ વૃદ્ધિ પામે છે. જ્યાં સુધી સોળ કષાયનો ઉચ્છેદ ન થાય ત્યાં સુધી ક્ષયોપશમભાવરૂપે તે ચારિત્ર ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. તેને આશ્રયીને ચારિત્રનાં તરતમતાનાં અનેક સ્થાનોની પ્રાપ્તિ છે.

**સંયમાસંયમ :-**

સંયમાસંયમ દેશવિરતિધર શ્રાવકનો પરિણામ છે. સંયમાસંયમરૂપ ક્ષયોપશમભાવ અપ્રત્યાખ્યાનાવરણીયકર્મના ક્ષયોપશમથી વર્તે છે. જે શ્રાવક સર્વવિરતિની ઇચ્છાથી તેના શક્તિસંચય અર્થે બાર વ્રતોમાંથી યથાશક્તિ ઉચિત વ્રત ગ્રહણ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે પ્રકારે સ્વીકારેલાં વ્રતોનું પાલન કરે છે તે શ્રાવકને અનંતાનુબંધીકર્મના ક્ષયોપશમથી અનુવિદ્ધ અપ્રત્યાખ્યાનાવરણીયકર્મનો ક્ષયોપશમ છે, જે ક્ષયોપશમભાવનું સંયમાસંયમ છે. **॥૨/૫॥**

**અવતરણિકા :-**

**જીવોના પાંચ ભાવોના ભેદોનું નિરૂપણ કરવાનો પ્રારંભ કરેલ, તેમાંથી ક્રમપ્રાપ્ત ઔદયિકભાવોના ભેદોને બતાવે છે –**

**સૂત્ર :-**

**गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयतासिद्धत्वलेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः ।।२/६।।**

**સૂત્રાર્થ :-**

**ગતિ, કષાય, લિંગ=વેદનો ઉદય, મિથ્યાદર્શન, અજ્ઞાન=જ્ઞાનાભાવ, અસંયતત્વ=અવિરતપણું, અસિદ્ધપણું અને લેશ્યા ક્રમસર ચાર, ચાર, ત્રણ, એક, એક, એક, એક, છ ભેદો ઔદયિકભાવના છે. ॥૨/૬॥**

ભાષ્ય :-

गतिश्चतुर्भेदा – नारकतैर्यग्यौनमानुष्यदेवा इति । कषायश्चतुर्भेदः – क्रोधी, मानी, मायी, लोभीति । लिङ्गं त्रिभेदं – स्त्री पुमान्, नपुंसकमिति । मिथ्यादर्शनमेकभेदं – मिथ्यादृष्टिरिति । अज्ञानमेकभेदं – अज्ञानीति । असंयतत्वमेकभेदं – असंयतोऽविरत इति । असिद्धत्वमेकभेदं – असिद्ध इति । एकभेदमेकविधमिति । लेश्याः षड्भेदाः – कृष्णलेश्या, नीललेश्या, कापोतलेश्या, तेजोलेश्या, पद्मलेश्या, शुक्ललेश्या इत्येते एकविंशतिरौदयिकभावा भवन्ति ।।२/६।।

ભાષ્યાર્થ :-

गति चतुर्भेदा ..... भवन्ति ।। ગતિના ચાર ભેદ છે – નારક, તિર્યંચયોનિ, મનુષ્ય અને દેવ.

પ્રસ્તુતમાં નરકગતિ અને નરકગતિવાળા નારક એ બેનો અભેદ કરીને નારકને જ નરકગતિ કહેલ છે તે પ્રમાણે ચારે ગતિમાં ગતિ અને ગતિવાળાનો અભેદ કરેલ છે, તેમ અન્ય ભેદોમાં પણ કરેલ છે.

'इति' શબ્દ ગતિના ભેદોની સમાપ્તિમાં છે.

કષાયના ચાર ભેદ છે – ક્રોધી, માની, માયી અને લોભી.

'इति' શબ્દ કષાયના ભેદોની સમાપ્તિમાં છે.

લિંગના ત્રણ ભેદ છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

'इति' શબ્દ લિંગના ભેદોની સમાપ્તિમાં છે.

મિથ્યાદર્શનનો એક ભેદ છે – મિથ્યાદૃષ્ટિ.

'इति' શબ્દ મિથ્યાદર્શનના ભેદની સમાપ્તિમાં છે.

અજ્ઞાનનો એક ભેદ છે – અજ્ઞાની=જ્ઞાનના અભાવવાળો.

'इति' શબ્દ અજ્ઞાનના ભેદની સમાપ્તિમાં છે.

અસંયતત્વનો એક ભેદ છે=અસંયત અવિરત છે.

'इति' શબ્દ અસંયતત્વના ભેદોની સમાપ્તિમાં છે.

અસિદ્ધત્વનો એક ભેદ છે=અસિદ્ધ.

'इति' શબ્દ અસિદ્ધત્વના ભેદોની સમાપ્તિમાં છે.

એક ભેદનો અર્થ સ્પષ્ટ કરે છે –

એકભેદ છે=એકવિધ છે. લેશ્યાના છ ભેદો છે – કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

'इति' શબ્દ લેશ્યાના ભેદોની સમાપ્તિમાં છે.

આ એકવીસ ઔદયિકભાવો થાય છે. ।।૨/૬।।

**ભાવાર્થ :-**

**ઔદયિકભાવના ઉત્તરભેદો :-**

કર્મના ઉદયથી જે ભાવો થાય તે ઔદયિકભાવો કહેવાય. એ નિયમ પ્રમાણે કર્મની મૂળપ્રકૃતિઓની ઉત્તરપ્રકૃતિઓના પણ અવાંતર જેટલા ભેદો થાય તે સર્વભેદો દ્વારા કર્મના ઉદયથી જે જે ભાવો થાય તે સર્વ ઔદયિકભાવો કહેવાય. તે ઔદયિકભાવોનો સંગ્રહ વિવક્ષાવિશેષથી ગ્રંથકારશ્રીએ એકવીશ ભેદોમાં કરેલ છે.

**મનુષ્યગતિ આદિ ચાર ગતિ :-**

સામાન્યથી જીવો ચારગતિમાં વર્તે છે. તે ચારગતિ તેને કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તેથી તે ચારેય ગતિઓ ઔદયિકભાવરૂપ છે. આ પ્રમાણે સ્વીકારીએ તો મનુષ્યગતિ ચૌદમા ગુણસ્થાનક સુધી વિદ્યમાન છે. તેથી યોગનિરોધકાળમાં પણ મનુષ્યગતિરૂપ ઔદયિકભાવ મહાત્માઓને વિદ્યમાન છે.

**ક્રોધકષાય આદિ ચાર કષાયોનો ઉદય :-**

કષાય ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભેદવાળા છે. તેથી ક્રોધી, માની, માયી, લોભી જીવો ઔદયિકભાવવાળા કહેવાય છે. જ્યારે ક્રોધનો ક્ષયોપશમભાવ વર્તે છે, ત્યારે ક્ષમાનો પરિણામ વર્તે છે અને ક્રોધનો સર્વથા અભાવ પ્રાપ્ત થાય છે ત્યારે ક્ષાયિકભાવની ક્ષમા પ્રાપ્ત થાય છે. જ્યારે કોઈક નિમિત્તને પામીને મુનિને પણ ક્રોધ, અરુચિ, ઈર્ષ્યા આદિ પરિણામો વર્તતા હોય ત્યારે તે ક્રોધી છે. માટે ક્રોધરૂપ ઔદયિકભાવ તેમાં વર્તે છે. જેમ ચંડરુદ્રાચાર્ય શિષ્ય પ્રત્યે ક્રોધવાળા થાય છે ત્યારે ક્રોધરૂપ ઔદયિકભાવ તેઓમાં વર્તે છે.

માન એ જીવનો ઔદયિકભાવનો પરિણામ છે. જ્યારે માનનો ક્ષયોપશમભાવ વર્તે છે, ત્યારે જીવ ગુણવાન પ્રત્યે નમ્રતાના પરિણામવાળા હોય છે. જ્યારે માનનો સર્વથા ક્ષય થાય ત્યારે ક્ષાયિકભાવનો માર્દવ પ્રાપ્ત થાય છે. મુનિને પણ કોઈક નિમિત્તને કારણે માનનો પરિણામ થાય તો તે ઔદયિકભાવનો પરિણામ છે. જેમ બાહુબલીને દીક્ષા લેતી વખતે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ પૂર્વદીક્ષિત એવા ૯૮ નાના ભાઈમુનિઓ પાસે જવાનો પરિણામ થયો તે માનરૂપ ઔદયિકભાવ હતો.

માયા એ જીવનો ઔદયિકભાવનો પરિણામ છે. જ્યારે માયાનો ક્ષયોપશમભાવ વર્તતો હોય છે ત્યારે જીવને આર્જવનો પરિણામ વર્તે છે. જીવ સરળપણે પોતાના પાપને ઉચિતસ્થાને પ્રગટ કરીને તેની શુદ્ધિ કરવા યત્ન કરે છે ત્યારે તે જીવમાં માયાનો ક્ષયોપશમભાવ વર્તે છે. ઉચિત સ્થાને પ્રાયશ્ચિત્ત કરતી વખતે પણ કાંઈક છુપાવવાનો પરિણામ થાય ત્યારે તે પ્રાયશ્ચિત્તક્રિયાના કાળમાં પણ માયાનો પરિણામ વર્તે છે. જેમ લક્ષ્મણા સાધ્વીજીએ પ્રાયશ્ચિત્ત કર્યું તે વખતે માયાનો ઉદય હતો. જેઓને માયા આપાદક કર્મ સર્વથા દૂર થાય છે, તેઓને ક્ષાયિકભાવનો આર્જવપરિણામ વર્તે છે.

લોભ એ જીવનો ઔદયિકભાવનો પરિણામ છે, જેના કારણે બાહ્ય પદાર્થો પ્રત્યે સંગ્રહનો અભિલાષ

થાય છે. જેઓમાં લોભનો ક્ષયોપશમભાવ વર્તે છે, તેઓમાં નિરીહતાનો પરિણામ વર્તે છે. આવા જીવોને આત્માના ગુણોને પ્રગટ કરવાનો યત્ન વર્તે છે અને બાહ્ય પદાર્થોમાં કોઈ પદાર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેતી નથી. જે મહાત્માઓ આત્મામાં પ્રતિબંધને ધારણ કરીને આત્માના પરિણામની પ્રાપ્તિમાં ઉપકારક હોય તેવા જ દેહ, ઉપકરણ આદિને ધારણ કરે છે તેઓમાં નિરીહતાનો પરિણામ વર્તે છે. જેઓને શરીરની શાતામાં પ્રીતિ વર્તે છે, તેઓને શરીર પ્રત્યેના મમત્વરૂપ લોભ વર્તે છે. અને શરીરની ઉપષ્ટંભક બાહ્ય સામગ્રીની ઇચ્છા થાય છે ત્યારે તે વિષયક લોભ વર્તે છે. આ સર્વ લોભના ઉદયકૃત ઔદયિકભાવો છે. સંયમના ઉપષ્ટંભક પદાર્થથી અતિરિક્ત બાહ્ય પદાર્થોની અનિચ્છાનો પરિણામ તે લોભના ક્ષયોપશમભાવરૂપ સંતોષનો પરિણામ છે. લોભનો સર્વથા ક્ષય થાય છે ત્યારે સર્વ ભાવો પ્રત્યે ઇચ્છાનો અભાવ સ્થિર થાય છે, જે ક્ષાયિકભાવના સંતોષરૂપ છે.

**પુરુષવેદ આદિ ત્રણ વેદ :-**

લિંગ વેદોદય આત્મક ઔદયિકભાવ છે. તેથી પુરુષવેદનો ઉદય, સ્ત્રીવેદનો ઉદય કે નપુંસકવેદનો ઉદય તે ઔદયિકભાવ છે. આ ત્રણમાંથી જે ઔદયિકભાવ વર્તતો હોય તેને અનુરૂપ કામની વૃત્તિ થાય છે તે ઔદયિકભાવ સ્વરૂપ છે. મહાત્માઓ સંયમની સાધના કરે છે ત્યારે ચારિત્રના પરિણામથી અત્યંત મંદ થયેલો તે ઔદયિકભાવ છે. જ્યાં સુધી વેદમોહનીયકર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી મંદ-મંદતરરૂપે વેદમોહનીયકર્મ આત્મક ઔદયિકભાવરૂપે અવશ્ય વર્તે છે.

**મિથ્યાદર્શન :-**

વળી મિથ્યાદર્શન એક ભેદવાળું છે, જે મિથ્યાદૃષ્ટિ જીવોને હોય છે. મિથ્યાદર્શન ઔદયિકભાવરૂપે હોય છે, ત્યારે જીવને પદાર્થનો વિપરીત બોધ કરાવે છે. અને તે મિથ્યાદર્શન જ ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામે છે ત્યારે ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. જ્યારે મિથ્યાદર્શન આપાદક કર્મનો સર્વથા ક્ષય થાય છે, ત્યારે ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**અજ્ઞાન :-**

અજ્ઞાન એક ભેદવાળું છે. જે જીવોમાં જેટલો જ્ઞાનાવરણીયકર્મનો ઉદય છે તેટલા અંશે તેઓમાં ઔદયિકભાવનું અજ્ઞાન વર્તે છે. આથી ચૌદપૂર્વીમાં પણ જે અંશથી જ્ઞાનાવરણીયકર્મનો ઉદય છે તે અંશથી અજ્ઞાન વર્તે છે. મતિ આદિ ચાર જ્ઞાનના પ્રકર્ષના ઉત્તરભાવી પ્રાતિભજ્ઞાન થાય છે ત્યારે પણ જે અંશથી જ્ઞાનાવરણીયકર્મનો ઉદય છે તે અંશથી અજ્ઞાન વર્તે છે, જે ઔદયિકભાવરૂપ છે. જ્ઞાનાવરણીયકર્મનો સર્વથા ક્ષય થાય ત્યારે અજ્ઞાનરૂપ ઔદયિકભાવનો સર્વથા અભાવ થાય છે.

**અસંયતત્વ :-**

અસંયતપણાનો એક ભેદ છે. અસંયત અવિરત છે. જેઓ પાપથી જેટલા અંશથી વિરત નથી તેટલા અંશથી અવિરત છે તે અસંયતપણું ઔદયિકભાવરૂપ છે. જે જીવો અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમ કરે છે,

તેઓમાં અસંયતપણું ક્ષયોપશમભાવરૂપે વર્તે છે. તેઓ પણ જ્યારે પ્રમાદવશ બને છે, ત્યારે તેટલા અંશમાં અસંયતત્વરૂપ ઔદયિકભાવ આવે છે. ક્ષાયિકભાવના સંયતને સર્વથા અસંયતપણાનો અભાવ છે.

**અસિદ્ધત્વ :-**

અસિદ્ધપણાનો એક ભેદ છે. ચૌદમા ગુણસ્થાનક સુધીના સંસારવર્તી સર્વ જીવોમાં ઔદયિકભાવરૂપ અસિદ્ધપણું છે.

**કૃષ્ણલેશ્યા આદિ છ :-**

વળી લેશ્યારૂપ ઔદયિકભાવના છ ભેદ છે. તેમાં ત્રણ અશુભલેશ્યારૂપ ઔદયિકભાવ અને ત્રણ શુભલેશ્યારૂપ ઔદયિકભાવ છે. કેવલીને શુક્લલેશ્યારૂપ શુભલેશ્યા છે તે પણ ઔદયિકભાવરૂપ છે. આથી જ કેવલી અવસ્થામાં ઉપદેશ આદિની પ્રવૃત્તિ કાલે વર્તતી શુક્લલેશ્યા ઔદયિકભાવરૂપ છે. તેરમા ગુણસ્થાનકના અંતે યોગનિરોધ માટે જે ઉદ્યમ કરાય છે, તે શુદ્ધતર શુક્લલેશ્યારૂપ હોવાથી ઔદયિકભાવ આત્મક છે. ચૌદમા ગુણસ્થાનકે સર્વથા લેશ્યાનો અભાવ થાય છે, તેથી લેશ્યારૂપ ઔદયિકભાવ યોગનિરોધકાળમાં નથી. **॥૨/૬॥**

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત જીવના પારિણામિકભાવના ભેદોને બતાવે છે –**

**સૂત્ર :-**

## जीवभव्याभव्यत्वादीनि च ।।२/७।।

**સૂત્રાર્થ :-**

**જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ પારિણામિકભાવ છે. ।।૨/૭।।**

**ભાષ્ય :-**

**जीवत्वं, भव्यत्वं, अभव्यत्वमित्येते त्रयः पारिणामिका भावा भवन्ति, आदिग्रहणं किमर्थमिति ?, अत्रोच्यते – अस्तित्वं, अन्यत्वं, कर्तृत्वं, भोक्तृत्वं, गुणवत्त्वं, असर्वगतत्वं, अनादिकर्मसन्तानबद्धत्वं, प्रदेशवत्त्वं, अरूपत्वं, नित्यत्वमित्येवमादयोऽप्यनादिपारिणामिका जीवस्य भावा भवन्ति, धर्मादिभिस्तु समाना इत्यादिग्रहणेन सूचिताः, ये जीवस्यैव वैशेषिकास्ते स्वशब्देनोक्ता इति, एते पञ्च भावास्त्रिपञ्चाशद्भेदा जीवस्य स्वतत्त्वं भवन्ति, अस्तित्वादयश्च ।।२/७।।**

**ભાષ્યાર્થ :-**

जीवत्वं ..... अस्तित्वादय च ।। **જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ ત્રણ પારિણામિકભાવો છે.**

**આદિ ગ્રહણ=સૂત્રમાં અભવ્યત્વ આદિમાં રહેલ આદિ શબ્દ, કયા અર્થમાં છે ? એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –**

**'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.**

**અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિકર્મસંતાનબદ્ધત્વ, પ્રદેશવાનપણું, અરૂપત્વ, નિત્યત્વ એ વગેરે પણ અનાદિ પારિણામિકજીવના ભાવો થાય છે. વળી ધર્માદિની સાથે=ધર્માસ્તિકાય આદિની સાથે, અસ્તિત્વ આદિ સમાન છે, એથી આદિ ગ્રહણથી સૂચિત છે. જે જીવના જ વૈશેષિકભાવો છે તે સ્વશબ્દથી કહેવાયા છે=સૂત્રમાં કહેવાયા છે.**

**'इति' શબ્દ ઔપશમિકભાવ આદિ પાંચના ભેદોની સમાપ્તિ માટે છે.**

**આ ત્રેપન ભેદવાળા પાંચ ભાવો જીવનું સ્વતત્ત્વ થાય છે. અને અસ્તિત્વ આદિ ભાવો જીવનું સ્વતત્ત્વ થાય છે. ॥૨/૭॥**

**ભાવાર્થ :-**

**પારિણામિકભાવના ભેદો અને ઉત્તરભેદો :**

**જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ :-**

જીવમાં રહેલું જીવત્વ, સંસારી જીવોમાં રહેલું ભવ્યત્વ કે અભવ્યત્વ આ ત્રણે ભાવો કર્મના ઉદયકૃત, ક્ષયોપશમકૃત કે કર્મના અભાવકૃત નથી, પરંતુ જીવના સહજ ભાવો છે. માટે પારિણામિકભાવો છે. જીવમાં રહેલું જીવત્વ સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં એમ બંનેમાં હોય છે. તેથી જીવત્વ પારિણામિકભાવ છે. સંસારવર્તી કેટલાક જીવોમાં ભવ્યત્વ છે અને કેટલાક જીવોમાં અભવ્યત્વ છે. ભવ્યત્વ અને અભવ્યત્વ જીવનો પોતાનો સહજ ભાવ છે, કર્મકૃત ભાવ નથી, તેથી ભવ્યત્વ અને અભવ્યત્વ એ પારિણામિકભાવ છે, ઔદયિકભાવરૂપ નથી.

**અભવ્યત્વાદિમાં આદિ પદથી ગ્રહણ કરાતા પારિણામિકભાવો :-**

જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ ભાવોને સૂત્રમાં સાક્ષાત્ બતાવ્યા છે. જીવને આશ્રયીને આ ત્રણ જ મુખ્ય પારિણામિકભાવો છે. તેથી ઔપશમિકભાવ આદિ પાંચ ભાવ અંતર્ગત પારિણામિકભાવના ઉત્તરભેદરૂપે આ ત્રણ ભાવોનો જ સંગ્રહ કરેલ છે. આમ છતાં સૂત્રમાં અભવ્યત્વાદિ શબ્દ મૂકેલ છે, તેથી 'આદિ' શબ્દથી અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિકર્મસંતાનબદ્ધત્વ, પ્રદેશવત્ત્વ, અરૂપત્વ, નિત્યત્વ આદિ અન્ય પણ ભાવોનો સંગ્રહ છે, જે જીવના પારિણામિકભાવો છે. 'આદિ' શબ્દથી સંગૃહીત સર્વ ભાવો જીવ-ધર્માસ્તિકાય આદિ સર્વસાધારણ ભાવો છે.

**અસ્તિત્વ :-**

જીવમાં અસ્તિત્વભાવ છે તે કર્મકૃત ભાવ નથી, પણ જીવના પરિણામરૂપ છે. તે અસ્તિત્વભાવ જેમ જીવમાં છે તેમ ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યોમાં પણ છે.

**અન્યત્વ :-**

વળી જીવ અન્ય સર્વ દ્રવ્યોથી અન્ય છે, તેથી જીવમાં અન્યત્વભાવ છે. આ અન્યત્વભાવ પણ કર્મકૃત ભાવ નથી; પરંતુ જીવનો પારિણામિકભાવ છે. વળી આ અન્યત્વભાવ જીવની જેમ ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યોમાં પણ સમાન છે.

**કર્તૃત્વ :-**

જીવમાં શુભાશુભ કર્મનું કર્તૃત્વ છે; કેમ કે જીવ મન, વચન અને કાયાના યત્નવાળો થાય છે, ત્યારે શુભાશુભ કર્મ બાંધે છે. આ કર્તૃત્વભાવ પણ કર્મકૃત નથી, પરંતુ ભવ્યત્વ-અભવ્યત્વની જેમ કર્મવાળી અવસ્થામાં રહેનારો સહજ ભાવ છે. તેથી પારિણામિકભાવરૂપ છે. આ કર્તૃત્વભાવ જેમ કર્મવાળા જીવમાં છે, તેમ સિદ્ધના જીવોમાં પણ છે; કેમ કે સિદ્ધના જીવો શબ્દનય આદિ નયના મતે ઉત્તર ઉત્તરના પર્યાયને કરનારા છે. તેથી પ્રથમ સમયના સિદ્ધના જીવ બીજા સમયના સિદ્ધના વર્તનાપર્યાયનો કર્તા છે. વળી આ કર્તૃત્વભાવ જેમ જીવમાં દેખાય છે તેમ સૂર્યકાંતમણિમાં પણ દેખાય છે; કેમ કે સૂર્યનાં કિરણો અને ઇંધણ એવા છાણાં આદિનો સંગ થાય ત્યારે સૂર્યકાંતમણિના બળથી અગ્નિ ઉત્પન્ન થાય છે. તેથી કર્તૃત્વ જીવ અને સૂર્યકાંતમણિ સાધારણ હોવાથી સૂત્રમાં 'આદિ' શબ્દથી ગ્રહણ કરેલ છે.

**ભોક્તૃત્વ :-**

વળી જીવ સ્વકર્મના ફળનો ભોક્તા છે તેથી તેમાં ભોક્તૃત્વભાવ છે જે કર્મકૃત નથી; પરંતુ જીવના પરિણામરૂપ છે, માટે પારિણામિકભાવ છે. વળી મદિરાદિમાં ભોક્તૃત્વ અત્યંત પ્રસિદ્ધ છે; કેમ કે મદિરા વડે ગોળ ભોગવાયો તે પ્રકારનો વ્યવહાર છે. તેથી જીવ-મદિરાદિ સાધારણ ભોક્તૃત્વ હોવાથી સૂત્રમાં આદિ પદથી ભોક્તૃત્વનું ગ્રહણ છે.

**ગુણવત્ત્વ :-**

વળી જીવમાં ગુણવત્ત્વ છે એટલે જીવ ગુણવાન છે અને તે ગુણનો આધાર જીવ છે. માટે ગુણના આધારત્વરૂપ ગુણવત્ત્વ જીવનો પારિણામિકભાવ છે. તે ગુણો ક્રોધ આદિરૂપ પણ છે અને જ્ઞાન આદિરૂપ પણ છે. તેથી ક્રોધાદિમત્ત્વ કે જ્ઞાનાદિમત્ત્વરૂપે ગુણવત્ત્વ પારિણામિકભાવ છે. જોકે ક્રોધ આદિ ભાવો કર્મજન્ય છે, તેથી ઔદયિક છે જ્યારે જ્ઞાન આદિ ભાવો કર્મના ક્ષય કે ક્ષયોપશમથી જન્ય છે તેથી ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવરૂપ છે તોપણ તે ગુણો ઔદયિક, ક્ષાયોપશમિકરૂપ કે ક્ષાયિકરૂપ હોવા છતાં તે ગુણનો આધાર જીવદ્રવ્ય છે. અને તે આધારત્વરૂપ ગુણવત્ત્વ એ જીવનો પારિણામિકભાવ છે. આવું ગુણવત્ત્વ જેમ સંસારી જીવો અને સિદ્ધના જીવોમાં છે, તેમ ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યોમાં પણ છે, તેથી ગુણવત્ત્વને આદિ શબ્દથી પારિણામિકભાવમાં ગ્રહણ કરેલ છે.

**અસર્વગતત્વ :-**

વળી જીવમાં અસર્વગતત્વ ધર્મ છે, જે પારિણામિકભાવરૂપ છે. સંસારી જીવ પોતાના પ્રાપ્ત થયેલા

દેહમાં વર્તે છે, સમગ્ર લોકાલોકમાં વર્તતો નથી, માટે તેનામાં અસર્વગતત્વ છે, તે જ રીતે મુક્ત જીવ લોકાગ્ર ભાગે પરિમિત ક્ષેત્રમાં રહે છે, માટે તે પણ અસર્વગત છે. કેવલીસમુદ્ઘાતકાળમાં આત્મા લોકવ્યાપી બને છે, તોપણ લોક-અલોક વ્યાપી નથી, માટે અસર્વગત છે. જેમ અસર્વગતત્વધર્મ જીવમાં છે તેમ પરમાણુ આદિ અન્ય દ્રવ્યમાં પણ છે; કેમ કે આકાશ સિવાય અન્ય સર્વ દ્રવ્યોમાં અસર્વગતત્વ છે.

**અનાદિકર્મસંતાનબદ્ધત્વ :-**

અનાદિકર્મસંતાનબદ્ધત્વ એ જીવનો પારિણામિકભાવ છે. આ ભાવ સંસારી અવસ્થામાં જ વર્તે છે, સિદ્ધઅવસ્થામાં વર્તતો નથી. સંસારી જીવ, અનાદિકાળથી કર્મના પ્રવાહથી બંધાયેલો છે, તેથી તેનામાં અનાદિકર્મસંતાનબદ્ધત્વ નામનો પારિણામિકભાવ વર્તે છે. વળી આ ભાવ કાર્મણશરીરમાં પણ છે; કેમ કે જે નવાં કર્મ બંધાય છે તે વર્તમાનના કાર્મણશરીરની સાથે બદ્ધ બને છે. અનાદિકાળથી બંધાતાં કર્મ જેમ આત્મા સાથે બંધાય છે તેમ વિદ્યમાન એવા કાર્મણશરીર સાથે એકમેકભાવ પામે છે, માટે અનાદિકર્મ-સંતાનબદ્ધત્વ આત્મક પારિણામિકભાવ જીવ અને કર્મ ઉભયસાધારણ હોવાથી આદિ પદથી ગ્રહણ કરાયેલ છે.

**પ્રદેશવત્ત્વ :-**

વળી પ્રદેશવત્ત્વ જીવનો પારિણામિકભાવ છે; કેમ કે જીવ અસંખ્યાત આત્મપ્રદેશવાળો છે. પ્રદેશવત્ત્વ ધર્મ સંસારી જીવમાં છે અને સિદ્ધના જીવોમાં છે તેમ પરમાણુ સિવાયના પુદ્ગલ, ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યોમાં છે. તેથી પ્રદેશવત્ત્વ સર્વદ્રવ્યસાધારણ હોવાથી આદિ પદથી ગ્રહણ કરેલ છે.

**અરૂપિત્વ :-**

વળી આત્મામાં અરૂપિત્વધર્મ છે; કેમ કે તે રૂપ આદિ ધર્મ વગરનો છે. આ અરૂપિત્વધર્મ સંસારી જીવોમાં કથંચિત્ છે. સિદ્ધના જીવોમાં અરૂપિત્વ ધર્મ છે અને ધર્માસ્તિકાય આદિમાં પણ અરૂપિત્વ ધર્મ છે. ફક્ત પુદ્ગલમાં અરૂપિત્વ ધર્મ નથી. માટે અરૂપિત્વ ધર્મને આદિ પદથી ગ્રહણ કરેલ છે.

**નિત્યત્વ :-**

વળી જીવદ્રવ્ય નિત્ય છે; કેમ કે દ્રવ્યરૂપે જીવનો ક્યારેય નાશ થતો નથી. તેથી જીવમાં વર્તતું નિત્યત્વ પારિણામિકભાવ છે, તે જ રીતે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો પણ નિત્ય છે તેથી.નિત્યત્વધર્મ સર્વદ્રવ્ય સાધારણ છે. માટે આદિ પદથી ગ્રહણ કરેલ છે.

નિત્યત્વાદિમાં 'આદિ'પદથી જ્ઞેયત્વ આદિ પારિણામિક ભાવોનો સંગ્રહ છે.

પ્રસ્તુત અધ્યાયના પ્રારંભમાં ભાષ્યકારશ્રીએ કહ્યું કે જીવ કોણ છે ? અને કેવા લક્ષણવાળો છે ? તેથી જીવ ઔપશમિક આદિ પાંચભાવોવાળો છે. તે અત્યાર સુધી બતાવ્યું. આ સર્વનું નિગમન કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

ત્રેપન ભેદોથી યુક્ત એવા ઔપશમિક આદિ આ પાંચ ભાવો જીવનું સ્વતત્ત્વ છે જે જીવનું લક્ષણ છે અને અસ્તિત્વ આદિ ભાવો જીવનું સ્વતત્ત્વ છે, જે જીવનું જ અન્યથી વ્યાવર્તન કરે એવું લક્ષણ નહીં હોવા છતાં જીવનું સ્વરૂપ છે. તેથી આવા ભાવવાળો જીવ છે તેમ ફલિત થાય છે. **॥૨/૭॥**

**ભાષ્ય :-**

**किञ्चान्यत् –**

**ભાષ્યાર્થ :-**

**અન્ય શું છે ?=ઔપશમિક આદિ ભાવવાળો જીવ છે તેનાથી અન્ય શું છે ? તેને કહે છે –**

**સૂત્ર :-**

**उपयोगो लक्षणम् ।।२/८।।**

**સૂત્રાર્થ :-**

**ઉપયોગલક્ષણ જીવ છે. ॥૨/૮॥**

**ભાષ્ય :-**

**उपयोगो लक्षणं जीवस्य भवति ।।२/८।।**

**ભાષ્યાર્થ :-**

**उपयोगो ..... भवति ।। જીવનું ઉપયોગ લક્ષણ છે. ॥૨/૮॥**

**ભાવાર્થ :-**

જીવ જ્ઞાન-દર્શનના ઉપયોગવાળો છે. તેથી સંસારીઅવસ્થામાં પાંચ ઇન્દ્રિયવાળો હોય ત્યારે જેમ ઉપયોગવાળો હોય છે તેમ બે આદિ ઇન્દ્રિયવાળો અથવા નિગોદમાં એક ઇન્દ્રિયવાળો હોય ત્યારે પણ અવશ્ય ઉપયોગવાળો હોય છે. તે જ રીતે યોગમાર્ગની સાધનાકાળમાં પણ ઉપયોગવાળો છે.

ઉપયોગ વગરનો જીવ ક્યારેય પ્રાપ્ત થતો નથી. ફક્ત જીવનો આ ઉપયોગ અત્યંત મોહને વશ પ્રવર્તે છે ત્યારે તે ઉપયોગ દ્વારા સંસારની પરંપરાનું સર્જન થાય છે. કર્મની કાંઈક લઘુતા થવાથી જીવનો ઉપયોગ જ્યારે કંઈક અંશે જિનવચનાનુસાર બને છે ત્યારે તે ઉપયોગ જ સંસારના ઉચ્છેદનું કારણ બને છે તથા સિદ્ધઅવસ્થામાં સર્વ કર્મથી રહિત એવો શુદ્ધ ઉપયોગ સદા વર્તે છે. **॥૨/૮॥**

**અવતરણિકા :-**

**પ્રથમ અધ્યાયમાં સમ્યગ્દર્શનનું લક્ષણ કરેલ કે તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. ત્યાં જિજ્ઞાસા થયેલી કે તત્ત્વ શું છે ? તેથી પ્રથમ અધ્યાયમાં જીવ આદિ સાત તત્ત્વો છે તેમ બતાવ્યું. બીજા અધ્યાયના પ્રારંભમાં શંકા કરેલી કે જીવ કોણ છે અને કેવા લક્ષણવાળો છે ? તેથી બતાવ્યું કે**

ઔપશમિક આદિ ભાવવાળો જીવ છે અને ઉપયોગ લક્ષણવાળો જીવ છે. ત્યાં જિજ્ઞાસા થાય કે ઉપયોગના કેટલા ભેદો છે ? તેથી હવે ઉપયોગના ભેદો બતાવે છે –

**સૂત્ર :-**

**स द्विविधोऽष्टचतुर्भेदः ।।२/९।।**

**સૂત્રાર્થ :-**

**તે=ઉપયોગ, બે પ્રકારનો છે. તે બે પ્રકારમાંથી પ્રથમ પ્રકારના આઠ ભેદો છે અને બીજા પ્રકારના ચાર ભેદો છે. ।।૨/૯।।**

**ભાષ્ય :-**

**स उपयोगो द्विविधः-साकारोऽनाकारश्च ज्ञानोपयोगो दर्शनोपयोगश्चेत्यर्थः स पुनर्यथासङ्ख्यमष्टचतुर्भेदो भवति, ज्ञानोपयोगोऽष्टविधः – मतिज्ञानोपयोगः, श्रुतज्ञानोपयोगः, अवधिज्ञानोपयोगः, मनःपर्यायज्ञानोपयोगः, केवलज्ञानोपयोग इति, मत्यज्ञानोपयोगः, श्रुताज्ञानोपयोगः, विभङ्गज्ञानोपयोग इति, दर्शनोपयोगश्चतुर्भेदः, तद्यथा – चक्षुर्दर्शनोपयोगः, अचक्षुर्दर्शनोपयोगः, अवधिदर्शनोपयोगः, केवलदर्शनोपयोग इति ।।२/९।।**

**ભાષ્યાર્થ :-**

स ..... इति ।। તે=ઉપયોગ બે પ્રકારનો છે – સાકાર અને અનાકાર=જ્ઞાનનો ઉપયોગ અને દર્શનનો ઉપયોગ. તે વળી=ઉપયોગ વળી, યથાસંખ્ય=યથાક્રમ, આઠ અને ચાર ભેદવાળો છે. જ્ઞાનનો ઉપયોગ આઠ પ્રકારનો છે – મતિજ્ઞાનનો ઉપયોગ, શ્રુતજ્ઞાનનો ઉપયોગ, અવધિજ્ઞાનનો ઉપયોગ, મનઃપર્યવજ્ઞાનનો ઉપયોગ, અને કેવળજ્ઞાનનો ઉપયોગ.

'इति' શબ્દ સાકારઉપયોગ પૈકી જ્ઞાનના ઉપયોગના ભેદોની સમાપ્તિ અર્થે છે.

મતિઅજ્ઞાનનો ઉપયોગ, શ્રુતઅજ્ઞાનનો ઉપયોગ અને વિભંગજ્ઞાનનો ઉપયોગ.

'इति' શબ્દ સાકારઉપયોગ પૈકી અજ્ઞાનના ઉપયોગના ભેદોની સમાપ્તિ અર્થે છે.

દર્શનનો ઉપયોગ ચારભેદવાળો છે. તે આ પ્રમાણે – ચક્ષુદર્શનનો ઉપયોગ, અચક્ષુદર્શનનો ઉપયોગ, અવધિદર્શનનો ઉપયોગ, અને કેવળદર્શનનો ઉપયોગ.

'इति' શબ્દ દર્શનના ઉપયોગના ભેદની સમાપ્તિ અર્થક છે. ।।૨/૯।।

**ભાવાર્થ :-**

ઉપયોગ એ બોધને અનુકૂળ જીવના પરિણામરૂપ છે. તે ઉપયોગ દ્રવ્યને આશ્રયીને અનાકારરૂપ છે અને પર્યાયને આશ્રયીને સાકારરૂપ છે. જે સાકારઉપયોગ છે તે જ્ઞાનઉપયોગ છે અને અનાકાર છે તે દર્શનઉપયોગ છે.

**સાકારઉપયોગના આઠ પ્રકાર : મતિજ્ઞાનોપયોગ આદિ પાંચ :-**

વળી સાકારઉપયોગના આઠ ભેદો છે. મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારના જ્ઞાનનો ઉપયોગ મોક્ષને અનુકૂળ ઉચિત પરિણામ કરવાનું કારણ બને છે, તેથી મોક્ષનાં કારણ છે. આથી જ રત્નત્રયીરૂપ મોક્ષના કારણ અંતર્ગત જ્ઞાન શબ્દથી પાંચેય જ્ઞાનનું ગ્રહણ છે. જીવની કાંઈક મતિ નિર્મળ થાય છે ત્યારે તેનો મતિજ્ઞાનનો ઉપયોગ યથાર્થ તત્ત્વને બતાવે છે. તેથી મતિજ્ઞાનથી તત્ત્વના યથાર્થ સ્વરૂપને જોવા માટે અભિમુખ થયેલો જીવ શાસ્ત્ર ભણીને શ્રુતજ્ઞાન પ્રગટ કરે છે, જે શ્રુતજ્ઞાનનો ઉપયોગ જિનવચનાનુસાર તત્ત્વને જોવા માટે વ્યાપારવાળો બને છે. વળી સાધક અવસ્થામાં અવધિજ્ઞાનાવરણીયકર્મનો અને મનપર્યવજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થાય તો તે બે નિર્મળ જ્ઞાનો પ્રગટ થાય છે, જેના બળથી જીવ વિશેષ પ્રકારે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી આત્મહિત સાધી શકે છે. સંપૂર્ણ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થાય ત્યારે પૂર્ણ એવું કેવલજ્ઞાન પ્રગટે છે. કેવલજ્ઞાન ઉપયોગના બળથી જીવ યોગનિરોધ કરીને સર્વ કર્મ રહિત સિદ્ધઅવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી આ પાંચ જ્ઞાનો મોક્ષ પ્રત્યે કારણભાવવાળાં છે. વળી, સિદ્ધઅવસ્થામાં કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ વર્તે છે તે જીવના સહજ જ્ઞાન-દર્શનના પરિણામરૂપ છે.

**મતિઅજ્ઞાનોપયોગ આદિ ત્રણ :-**

વળી મિથ્યાત્વથી વિપર્યસ્ત બુદ્ધિવાળા જીવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનનો ઉપયોગ વર્તે છે. આ ત્રણેય ઉપયોગો કર્મબંધ દ્વારા સંસારનું જ કારણ બને છે. આથી જ મતિઅજ્ઞાનના ઉપયોગને વશ જીવ અનાદિથી કર્મ બાંધીને સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે. કોઈક રીતે શ્રુતનો અભ્યાસ કરે આમ છતાં વિપર્યાસબુદ્ધિ સ્થિર હોય ત્યારે તે શ્રુતને પણ વિપરીત પરિણમન પમાડીને સંસારનું જ કારણ બનાવે છે, તેથી તેવા જીવોને શ્રુતઅજ્ઞાનની પ્રાપ્તિ છે. વળી કોઈક રીતે અવધિજ્ઞાનનું આવારક કર્મ ક્ષયોપશમભાવને પામે તોપણ બુદ્ધિમાં અત્યંત વિપર્યાસ હોવાને કારણે તેઓનું અવધિજ્ઞાન વિભંગજ્ઞાનરૂપ બને છે. આ વિભંગજ્ઞાન પણ સંસારનું કારણ બને છે. માટે આવા મિથ્યાત્વથી ગ્રસ્ત વિપર્યાસયુક્ત થયેલ મતિ આદિ ત્રણેય જ્ઞાનનો ઉપયોગ સંસારની પ્રાપ્તિનું કારણ છે. આમ છતાં મિથ્યાત્વની મંદતામાં જે મતિઅજ્ઞાન આદિ ત્રણ અજ્ઞાનમાંથી કોઈક ઉપયોગ તત્ત્વને સન્મુખ થયેલ હોય ત્યારે તે ઉપયોગ અજ્ઞાન આત્મક હોવા છતાં કંઈક સમ્યગ્જ્ઞાનનો હેતુ બને છે. આથી જ મંદમિથ્યાદૃષ્ટિ જીવો ઉપદેશ આદિને પામીને તત્ત્વને જાણવા યત્ન કરતા હોય છે ત્યારે તેમનો ઉપયોગ અજ્ઞાનરૂપ હોવા છતાં સમ્યગ્જ્ઞાનને અભિમુખ હોવાથી હેતુથી સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

દર્શનઉપયોગ ચારભેદવાળો છે. સંસારી જીવો ચક્ષુથી દ્રવ્યનું દર્શન કરીને જે બોધ કરે છે તે પર્યાયને સ્પર્શનારો ન હોય ત્યારે તે ચક્ષુદર્શનઉપયોગ કહેવાય છે. સંસારી જીવો ચક્ષુ સિવાય અન્ય ઇન્દ્રિયો દ્વારા દ્રવ્યનો બોધ કરે છે, તે પર્યાયને સ્પર્શનારો ન હોય ત્યારે તે અચક્ષુદર્શનઉપયોગ કહેવાય છે. વળી કોઈ જીવને અવધિજ્ઞાન થયેલું હોય કે વિભંગજ્ઞાન થયેલું હોય તે જીવો અવધિજ્ઞાનથી કે વિભંગજ્ઞાનથી વસ્તુને જાણવા યત્ન કરે ત્યારે પ્રથમ દ્રવ્યનો બોધ થાય છે, જે પર્યાયના સ્પર્શ વગરનો હોય છે, જેને અવધિદર્શન-ઉપયોગ કહેવાય છે. અવધિજ્ઞાનમાં જેમ વિપર્યય છે તેથી વિભંગજ્ઞાન કહેવાય છે, તેમ

અવધિદર્શનમાં વિપર્યય નથી; કેમ કે પર્યાયના સ્પર્શ વગરના સામાન્ય બોધમાં વિપર્યય સંભવે નહીં. તેથી અવધિદર્શનમાં વિપર્યયને આશ્રયીને ભેદ નથી. વળી કેવળજ્ઞાન પ્રગટ થયા પછી જે સામાન્ય બોધ છે તે કેવળદર્શનનો ઉપયોગ છે. આ ચારેય પ્રકારના દર્શનના ઉપયોગમાંથી કોઈપણ દર્શનનો ઉપયોગ વિપર્યયરૂપ નથી, તેથી તે સંસારનું કારણ બને નહીં. આમ છતાં ચક્ષુદર્શનઉપયોગ, અચક્ષુદર્શનઉપયોગ અને અવધિદર્શનઉપયોગ ગૌણરૂપે જ્ઞાન કે અજ્ઞાનના ઉપયોગથી સંવલિત છે. તેથી જે ચક્ષુદર્શન આદિનો ઉપયોગ જ્ઞાનના ઉપયોગથી સંવલિત છે તે આત્મહિતનું કારણ છે અને જે અજ્ઞાનના ઉપયોગથી સંવલિત છે તે સંસારનું કારણ છે. કેવલદર્શનનો ઉપયોગ કેવલીને જ હોય છે, તેથી તે ઉપયોગ એકાંતે આત્મહિતનું જ કારણ છે. **॥૨/૯॥**

**અવતરણિકા :-**

**બીજા અધ્યાયના પ્રારંભમાં શંકા કરેલ કે જીવ કોણ છે અને કેવા લક્ષણવાળો છે ? તેથી ઔપશમિકભાવવાળો જીવ છે અને ઉપયોગ લક્ષણવાળો જીવ છે, તેમ અત્યાર સુધી બતાવ્યું. હવે તે જીવોના ભેદો બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**संसारिणो मुक्ताश्च ।।२/१०।।**

**સૂત્રાર્થ :-**

**સંસારી અને મુક્ત એમ બે પ્રકારના જીવો છે. ।।૨/૧૦।।**

**ભાષ્ય :-**

**ते जीवाः समासतो द्विविधा भवन्ति – संसारिणो मुक्ताश्च ।।२/१०।।**

**ભાષ્યાર્થ :-**

**ते ..... मुक्ता च ।। તે જીવો=પૂર્વમાં લક્ષણથી જીવો બતાવ્યા તે જીવો, સંક્ષેપથી બે પ્રકારના છે. સંસારી અને મુક્ત. ।।૨/૧૦।।**

**ભાવાર્થ :-**

ઉપયોગલક્ષણવાળો જીવ છે એમ પૂર્વમાં બતાવ્યું તે ઉપયોગવાળા જીવો સંખ્યાથી અનંત છે, તોપણ તેના સંક્ષેપથી ભેદો વિચારીએ તો બે પ્રકારના છે. એક પ્રકારના જીવો કર્મવાળા છે, તેથી સંસારી કહેવાય છે. બીજા પ્રકારના જીવો સાધના કરીને કર્મોથી મુક્ત થયા હોવાથી મુક્ત કહેવાય છે. **॥૨/૧૦॥**

**ભાષ્ય :-**

**किञ्चान्यत् –**

**ભાષ્યાર્થ :-**

**વળી બીજું શું છે ?=જીવોના બે ભેદોથી અન્ય જીવો વિષયક શું ભેદ છે ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**समनस्कामनस्काः ।।२/११।।**

**સૂત્રાર્થ :-**

**સમનસ્ક, અમનસ્ક એમ જીવો બે પ્રકારના છે. ।।૨/૧૧।।**

**ભાષ્ય :-**

**समासतस्त एव जीवा द्विविधा भवन्ति – समनस्काश्च अमनस्काश्च तान् पुरस्ताद् (अ० २, सू० २५) वक्ष्यामः ।।२/११।।**

**ભાષ્યાર્થ :-**

**समासतस्त ..... पुरस्ताद्वक्ष्यामः ।। સમાસથી તે જ જીવો=પૂર્વસૂત્રમાં કહેલા સંસારી અને મુક્ત જ જીવો, બે પ્રકારના છે – સમનસ્ક અને અમનસ્ક. તેઓને=સમનસ્ક જીવોને, આગળમાં=બીજા અધ્યાયના પચ્ચીશમા સૂત્રમાં, અમે કહીશું. ।।૨/૧૧।।**

**ભાવાર્થ :-**

સૂત્રમાં 'समनस्कामनस्काः'રૂપે સમાસ છે. તેથી સિદ્ધના જીવોનો સંગ્રહ થતો નથી એમ ટીકાકારશ્રી કહે છે. જો સર્વ જીવોના સમનસ્ક અને અમનસ્ક એ પ્રકારના બે ભેદો હોય તો સૂત્ર ૧૦માં જેમ સંસારી અને મુક્ત એ પ્રમાણે સમાસ કર્યો, તેમ પ્રસ્તુતમાં પણ ગ્રંથકારશ્રીએ સમાસ કર્યો હોત. સૂત્ર સમાસથી છે, માટે સંસારી જીવોના જ સમનસ્ક અને અમનસ્ક એમ બે ભેદો છે, એમ ટીકાકારશ્રી કહે છે.

વસ્તુતઃ ભાષ્યકારશ્રી કહે છે કે તે જ જીવો=સૂત્ર ૧૦માં સંસારી અને મુક્ત જીવો બતાવ્યા તે જ જીવો, સંક્ષેપથી બે પ્રકારના છે, આ પ્રમાણે અર્થ કરીએ તો જે સંસારી જીવો અને મુક્ત જીવો છે, તે જ અન્ય પ્રકારે વિચારણા કરતાં સમનસ્ક-અમનસ્ક ભેદમાં સંગૃહીત છે.

ભાવમનવાળા જીવો સમનસ્ક છે અર્થાત્ જેઓની પાસે દ્રવ્યમન નથી, પરંતુ ભાવમન છે તેવા એકેન્દ્રિય આદિ સમનસ્ક છે, જોકે એકેન્દ્રિયાદિને પણ અલ્પ પ્રમાણમાં દ્રવ્યમન છે; કેમ કે છદ્મસ્થ દ્રવ્યમન વગર ભાવમન કરી શકે નહીં, તોપણ એક રૂપિયાનો સ્વામી ધન વગરનો છે, એમ કહેવાય છે તેમ અસંજ્ઞી જીવોને દ્રવ્યમન વગરના કહેવાય છે. જ્યારે દ્રવ્યમનવાળા પરંતુ ભાવમન વગરના કેવલી અમનસ્ક છે. સિદ્ધના જીવોને દ્રવ્યમન કે ભાવમન એક પણ ન હોવાથી તેઓ અમનસ્ક છે.

"તે જ જીવો બે પ્રકારના છે" તેવા ભાષ્યવચન અનુસારે અમે પ્રસ્તુત અર્થ કર્યો છે. ભાષ્યમાં 'તે જ' શબ્દથી સંસારી જીવનું ગ્રહણ કર્યું હોત તો આગળના સૂત્રમાં સંસારી જીવો બે પ્રકારના છે તેમ લખ્યું તે

રીતે પ્રસ્તુત સૂત્રના ભાષ્યમાં ભાષ્યકારશ્રી કહેત કે સંસારી જીવો સમાસથી બે પ્રકારના છે. પરંતુ સૂત્રમાં કે ભાષ્યમાં 'સંસારી જીવો' શબ્દનો ઉલ્લેખ નથી. તેથી સર્વજીવોનો સંગ્રહ ગ્રંથકારશ્રીને અભિપ્રેત હોય તેમ અમને જણાય છે. ટીકાકારશ્રીએ પ્રસ્તુત બે ભેદમાં માત્ર સંસારી જીવોનો જ સંગ્રહ કરેલ છે, મુક્તાત્માઓનો સંગ્રહ કરેલ નથી. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૨/૧૧॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૮માં જીવનું લક્ષણ કર્યું તે જીવો સંસારી અને મુક્ત એમ બે પ્રકારના છે. વળી તે જ જીવો અન્ય રીતે સમનસ્ક અને અમનસ્ક એમ બે ભેદવાળા છે તેમ બતાવ્યું. હવે સંસારી અને મુક્ત એ પ્રકારના બે ભેદમાંથી સંસારી જીવોના ભેદોને બતાવે છે –**

**સૂત્ર :-**

**संसारिणस्त्रसस्थावराः ।।२/१२।।**

**સૂત્રાર્થ :-**

**સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે ભેદવાળા છે. ॥૨/૧૨॥**

**ભાષ્ય :-**

**संसारिणो जीवा द्विविधा भवन्ति – त्रसाः स्थावराश्च ।।२/१२।।**

**ભાષ્યાર્થ :-**

**संसारिणो ..... स्थावरा च ।। સંસારી જીવો બે પ્રકારના છે – ત્રસ અને સ્થાવર. ॥૨/૧૨॥**

**ભાવાર્થ :-**

કર્મથી યુક્ત જીવો સંસારી છે, તે જીવો સંખ્યાથી અનંત છે. વળી તેમના ભેદો પણ અનેક છે, છતાં સ્થૂલથી સંસારી જીવોનો બે પ્રકારમાં સંગ્રહ કરીએ તો જેઓ હલન-ચલનની ચેષ્ટા કરી શકે છે તેવા જીવો ત્રસજીવો છે અને જેઓ હલન-ચલનની ચેષ્ટા કરી શકતા નથી તેવા જીવો સ્થાવરજીવો છે. **॥૨/૧૨॥**

**ભાષ્ય :-**

**तत्र –**

**ભાષ્યાર્થ :-**

**ત્યાં=ત્રસ અને સ્થાવર એ બે પ્રકારના જીવોના ભેદોમાં –**

**સૂત્ર :-**

**पृथिव्यब्वनस्पतयः स्थावराः ।।२/१३।।**

**સૂત્રાર્થ :-**

**પૃથ્વી, પાણી, વનસ્પતિ સ્થાવરો છે. ॥૨/૧૩॥**

**ભાષ્ય :-**

**पृथ्वीकायिकाः, अप्कायिकाः, वनस्पतिकायिकाः, इत्येते त्रिविधाः स्थावरा जीवा भवन्ति तत्र पृथिवीकायोऽनेकविधः शुद्धपृथिवीशर्करावालुकादिः, अप्कायोऽनेकविधो हिमादिः, वनस्पतिकायोऽनेकविधः शैवलादिः ।।२/१३।।**

**ભાષ્યાર્થ :-**

**पृथ्वीकायिकाः ..... शैवलादिः ।। પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય આ ત્રણ પ્રકારના સ્થાવર જીવો છે. ત્યાં પૃથ્વીકાય શુદ્ધપૃથ્વી, શર્કરા, વાલુકા આદિ અનેકવિધ છે. અપ્કાય હિમ આદિ અનેકવિધ છે. વનસ્પતિકાય શેવાલ આદિ અનેકવિધ છે. ॥૨/૧૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે ભેદવાળા છે એમ બતાવ્યું તેમાંથી સ્થાવર જીવો ત્રણ ભેદવાળા છે – પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય. તેઉકાય અને વાઉકાય એકેન્દ્રિય હોવા છતાં તત્ત્વાર્થકારે તેનો સ્થાવરમાં સંગ્રહ કર્યો નથી; કેમ કે ગમનની ચેષ્ટા કરે તે ત્રસ કહેવાય, એ પ્રકારની વ્યુત્પત્તિથી જેમાં ગમનની ચેષ્ટા ન હોય તેવા જીવો સ્થાવર કહેવાય, પૃથ્વીકાય-અપ્કાય-વનસ્પતિકાય તેવા સ્થાવર જીવો છે; કેમ કે પૃથ્વી આદિના જીવોમાં અન્યના પ્રયત્ન વગર ગમનની ચેષ્ટા દેખાતી નથી, જ્યારે તેઉકાય અને વાઉકાયમાં અન્યના પ્રયત્ન વગર ગમનની ચેષ્ટા દેખાય છે.

કર્મગ્રંથમાં તેઉકાય અને વાઉકાયને સ્થાવરમાં ગ્રહણ કરેલ છે. તેનું કારણ કર્મગ્રંથમાં ત્રસનો અર્થ 'સ્વતઃ ગમનવાળા ત્રસ' એવો અર્થ સ્વીકારેલ નથી પરંતુ સ્વઇચ્છાથી જે ગમન કરે તે ત્રસ કહેવાય, એ પ્રકારનો અર્થ સ્વીકારેલ છે. તેથી કર્મગ્રંથમાં ગમનશીલ એવા તેઉકાય અને વાઉકાયને સ્થાવરમાં સંગૃહીત કર્યા છે. **॥૨/૧૩॥**

**અવતરણિકા :-**

**સ્થાવરના ભેદો બતાવ્યા પછી ત્રસના ભેદો બતાવે છે –**

**સૂત્ર :-**

**तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ।।२/१४।।**

**સૂત્રાર્થ :-**

**તેઉકાય, વાઉકાય અને બેઇન્દ્રિય આદિ ત્રસ જીવો છે. ॥૨/૧૪॥**

**ભાષ્ય :-**

**तेजःकायिका अङ्गारादयः, वायुकायिका उत्कलिकादयः, द्वीन्द्रियास्त्रीन्द्रियाश्चतुरिन्द्रियाः पञ्चेन्द्रिया इत्येते त्रसा भवन्ति, संसारिणस्त्रसाः स्थावरा इत्युक्ते एतदुक्तं भवति – मुक्ता नैव त्रसा, नैव स्थावरा इति ।।२/१४।।**

**ભાષ્યાર્થ :-**

**तेजःकायिका ..... इति ।। અંગારા આદિ તેઉકાય, ઉત્કલિકા આદિ વાઉકાય અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય એ પ્રમાણે આ ત્રસ જીવો છે. સંસારી જીવો ત્રસ અને સ્થાવર છે એ પ્રમાણે સૂત્ર ૨/૧૨માં કહેવાયે છતે આ કહેવાયેલું થાય છે – મુક્ત=સિદ્ધના જીવો, નથી જ ત્રસ કે નથી જ સ્થાવર.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થક છે. ॥૨/૧૪॥**

**ભાવાર્થ :-**

ગતિ કરનારા જીવો હોય તે ત્રસ કહેવાય એ પ્રકારનો ત્રસ શબ્દનો અર્થ કરીને એકેન્દ્રિય એવા તેઉકાય અને વાઉકાયનો પણ સમાવેશ ગ્રંથકારશ્રીએ ત્રસમાં કરેલ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય જીવો તો સ્વઇચ્છાનુસાર ગમન ચેષ્ટા કરે છે તેથી ત્રસ છે જ.

વળી સૂત્ર ૧૨માં કહ્યું કે સંસારી જીવો ત્રસ અને સ્થાવર છે. તેનાથી એ નક્કી થાય કે મુક્ત જીવો ત્રસ પણ નથી અને સ્થાવર પણ નથી. આ પ્રકારના ભાષ્યકારના વચનથી જણાય છે કે સંસારી જીવો સમનસ્ક અમનસ્ક છે તેમ કહેલ નહીં હોવાથી મુક્ત જીવોનો અમનસ્કમાં સંગ્રહ કરવો ઉચિત જણાય છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૨/૧૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્રમાં બેઇન્દ્રિય આદિ ત્રસ જીવો છે તેમ કહ્યું. તેથી જિજ્ઞાસા થાય કે ઇન્દ્રિયો કેટલી છે ? તેથી હવે ઇન્દ્રિયોના ભેદોને બતાવે છે –**

**સૂત્ર :-**

**पञ्चेन्द्रियाणि ।।२/१५।।**

**સૂત્રાર્થ :-**

**પાંચ ઇન્દ્રિયો છે. ॥૨/૧૫॥**

**ભાષ્ય :-**

**पञ्चेन्द्रियाणि भवन्ति, आरम्भो नियमार्थः षडादिप्रतिषेधार्थश्च ।** "इन्द्रियं-इन्द्रलिङ्गमिन्द्रदृष्ट-

मिन्द्रसृष्टमिन्द्रजुष्टमिन्द्रदत्तमिति वा" **(पा० अ० २, पा० ५, सू० ९३) इन्द्रो जीवः, सर्वद्रव्येष्वैश्वर्य-योगाद्विषयेषु वा परमैश्वर्ययोगात् तस्य लिङ्गमिन्द्रियम्, लिङ्गनात्सूचनात्प्रदर्शनादुपष्टम्भनाद् व्यञ्जनाच्च जीवस्य लिङ्गमिन्द्रियम् ।।२/१५।।**

**ભાષ્યાર્થ :-**

**पञ्चेन्द्रियाणि ..... लिङ्गमिन्द्रियम् ।। પાંચ ઇન્દ્રિયો છે. નિયમન અર્થવાળો=એક જીવ પ્રકર્ષથી પાંચેય ઇન્દ્રિયોનો આરંભ કરે છે, ન્યૂન-અધિકનો આરંભ કરતો નથી એના નિયમન અર્થવાળો, અને છ આદિના પ્રતિષેધ અર્થવાળો સૂત્રનો આરંભ છે.**

ઇન્દ્રિય શું છે ? એ સ્પષ્ટ કરે છે –

"ઇન્દ્રિય ઇન્દ્રનું લિંગ છે, ઇન્દ્રથી દૃષ્ટ છે, ઇન્દ્રથી સૃષ્ટ છે, ઇન્દ્રથી જુષ્ટ છે, ઇન્દ્રથી દત્ત છે, એ ઇન્દ્રિય છે." **(પાણિની વ્યાકરણ અધ્યાય-૨, પાદ-૫, સૂત્ર-૯૩)**

ઇન્દ્રનું લિંગ ઇન્દ્રિય છે એમ કહ્યું. તેથી ઇન્દ્ર કોણ છે ? તે બતાવે છે –

**ઇન્દ્ર જીવ છે; કેમ કે સર્વ દ્રવ્યોમાં ઐશ્વર્યનો યોગ છે અથવા વિષયોમાં પરમ ઐશ્વર્યનો યોગ છે તેનું લિંગ ઇન્દ્રિય છે.**

કેમ ઇન્દ્રનું લિંગ ઇન્દ્રિય છે ? તેથી કહે છે –

**લિંગન હોવાથી, સૂચન હોવાથી, પ્રદર્શન હોવાથી, ઉપષ્ટંભન હોવાથી અને વ્યંજન હોવાથી જીવનું લિંગ ઇન્દ્રિય છે. ।।૨/૧૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પાંચ ઇન્દ્રિયો છે એ પ્રકારના સૂત્રની રચના કેમ કરી ? તે પ્રકારની કોઈને જિજ્ઞાસા થાય તેથી ભાષ્યકારશ્રી કહે છે –

કોઈ જીવ ઉત્કૃષ્ટથી પાંચેય ઇન્દ્રિયોનો આરંભ કરે ત્યારે એક એક ઇન્દ્રિય ક્રમસર કરે છે તેમ નથી પરંતુ એક સાથે પાંચેય ઇન્દ્રિયોનો આરંભ કરે છે તે આરંભના નિયમન માટે પાંચ ઇન્દ્રિય છે, એ પ્રકારે સૂત્રની રચના કરી છે. વળી, પાંચથી અધિક છ આદિ ઇન્દ્રિય નથી તેનો બોધ કરાવવા અર્થે પાંચ ઇન્દ્રિય છે, એ પ્રકારે સૂત્રની રચના કરી છે. તેથી મનને છઠ્ઠી ઇન્દ્રિયરૂપે ગ્રહણ કરીને કોઈ છ ઇન્દ્રિય સ્વીકારતું હોય તો તે ઉચિત નથી, પરંતુ ઇન્દ્રિયો ચક્ષુ આદિ પાંચ જ છે તેનો બોધ કરાવવા અર્થે પ્રસ્તુત સૂત્રની રચના ગ્રંથકારશ્રીએ કરેલ છે. વળી, મનઃપર્યાપ્તિ છે, પરંતુ પાંચ ઇન્દ્રિયની જેમ મન નથી; ફક્ત મનનકાળમાં જીવ મનોવર્ગણાનાં પુદ્ગલ ગ્રહણ કરીને દ્રવ્યમનરૂપે પરિણમન પમાડે છે અને તેનાથી બોધ કરીને તે દ્રવ્યમનનો ત્યાગ કરે છે; પરંતુ ઇન્દ્રિયની જેમ સંસારી જીવોનાં શરીર અંતર્ગત મન અવસ્થિત દ્રવ્ય નથી.

ઇન્દ્રિય શું છે ? તેને બતાવવા માટે પાણિનીવ્યાકરણનું સૂત્ર બતાવે છે –

પાણિની વ્યાકરણ અધ્યાય-૨ના પાદ-૫ના સૂત્ર-૯૩માં ઇન્દ્રિયનું લક્ષણ કર્યું છે કે ઇન્દ્રનું લિંગ તે ઇન્દ્રિય છે. અથવા ઇન્દ્રથી દૃષ્ટ=જોવાયેલી, છે તે ઇન્દ્રિય છે. અથવા ઇન્દ્રથી સૃષ્ટ=સર્જન કરાયેલી, છે તે ઇન્દ્રિયો છે. અથવા ઇન્દ્રથી જુષ્ટ=સેવાયેલી, છે તે ઇન્દ્રિય છે. અથવા ઇન્દ્રથી દત્ત=અપાયેલી, છે તે ઇન્દ્રિય છે.

અહીં પ્રશ્ન થાય કે ઇન્દ્ર કોણ છે ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

ઇન્દ્ર જીવ છે; કેમ કે સર્વ દ્રવ્યોમાં જીવને ઐશ્વર્યનો યોગ છે અર્થાત્ સર્વ દ્રવ્યને જીવ જાણી શકે છે, ઉપભોગ કરી શકે છે. એ રૂપ ઐશ્વર્યવાળો હોવાથી જીવ ઇન્દ્ર છે. અથવા વિષયોમાં પરમ ઐશ્વર્યનો યોગ છે, માટે જીવ ઇન્દ્ર છે. અર્થાત્ સંસારી જીવો ધન આદિ ઘણા વિષયોને એકઠા કરીને પરમ ઐશ્વર્યવાળા થાય છે, માટે ઇન્દ્ર જીવ છે જેનું લિંગ ઇન્દ્રિય છે.

કેમ ઇન્દ્રિય જીવનું લિંગ છે ? તેમાં યુક્તિ આપે છે –

લિંગનની ક્રિયા હોવાથી લિંગ છે.

આશય એ છે કે જીવ છે તેનો બોધ ઇન્દ્રિયથી થાય છે. તે આ રીતે –

કોઈ શબ્દને સાંભળીને કોઈના ચિત્તમાં હર્ષાદિ વિકારો થાય તેને જોઈને બુદ્ધિમાન પુરુષ નિર્ણય કરી શકે છે કે આ હર્ષાદિની અભિવ્યક્તિ કરનાર પુરુષમાં અંતર્વર્તી કોઈ ઇન્દ્રિય છે જેણે આ શબ્દને ગ્રહણ કરેલ છે, તે અંતર્વર્તી શ્રોત્રેંદ્રિય શરીર આદિના સંઘાતથી વિલક્ષણ છે. તે ઇન્દ્રિયના વિકાર જેને થયા છે તે કોઈક આત્મા નામનો પદાર્થ છે. જેને શબ્દમાત્રના ગ્રહણને કારણે આવા પ્રકારના વિકારો થયા છે. તેથી શબ્દ-ગ્રહણથી થતા વિકારના બળથી શ્રોત્રેંદ્રિયનો નિર્ણય કરીને તે ઇન્દ્રિયના બળથી જીવનો નિર્ણય થાય છે. માટે જીવના અસ્તિત્વનું લિંગ ઇન્દ્રિય છે.

વળી, દેહમાં જીવ છે તેનું સૂચન કરનાર ઇન્દ્રિય છે, માટે જીવનું લિંગ ઇન્દ્રિય છે, જે પાણિની સૂત્રમાં ઇન્દ્રદૃષ્ટ શબ્દથી બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઇન્દ્રિયોથી ઇન્દ્ર દૃષ્ટ થાય છે અર્થાત્ ઇન્દ્રિય જીવનું સૂચન કરનાર છે. વળી ઇન્દ્રિય જીવત્વનું પ્રદર્શન કરનાર હોવાથી જીવનું લિંગ છે, જે પાણિની સૂત્રમાં ઇન્દ્રસૃષ્ટ શબ્દથી બતાવેલ છે. જીવ વડે ઇન્દ્રિયો સર્જન કરાયેલી છે. તેથી તે ઇન્દ્રિયો જીવને પ્રદર્શિત કરે છે, માટે ઇન્દ્રિય જીવનું લિંગ છે.

વળી, ઇન્દ્રિય ઉપષ્ટંભન કરનાર હોવાથી જીવનું લિંગ છે. જે પાણિની સૂત્રમાં ઇન્દ્રજુષ્ટ શબ્દથી ગ્રહણ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવ વડે વિષયને ગ્રહણ કરવા માટે ઇન્દ્રિયોનો ઉપયોગ કરાય છે. માટે જીવને પદાર્થનો બોધ કરવા માટે ઉપષ્ટંભન કરનાર હોવાથી જીવનું લિંગ ઇન્દ્રિય છે.

વળી, વ્યંજન કરનાર હોવાથી ઇન્દ્રિય જીવનું લિંગ છે, જે પાણિની સૂત્રમાં ઇન્દ્રદત્તથી ગ્રહણ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઇન્દ્ર એવા જીવ માટે ઇન્દ્રિયો અપાઈ છે=કર્મો દ્વારા અપાઈ છે. તેથી જીવને વ્યંજન કરનાર ઇન્દ્રિયો છે=તે ઇન્દ્રિયના આશ્રયરૂપે જીવને ઇન્દ્રિયો અભિવ્યક્ત કરે છે. માટે ઇન્દ્રિય જીવનું લિંગ છે. **॥૨/૧૫॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૪માં બેઇન્દ્રિય આદિ ત્રસ છે તેમ કહ્યું. તેથી જિજ્ઞાસા થઈ કે ઇન્દ્રિયો કેટલી છે ? જેથી સૂત્ર-૧૫માં પાંચ ઇન્દ્રિયો છે તેમ બતાવ્યું. હવે સંખ્યાથી પાંચ ઇન્દ્રિયો પણ કેટલા પ્રકારની છે ? તે બતાવવા માટે કહે છે –**

**સૂત્ર :-**

**द्विविधानि ।।२/१६।।**

**સૂત્રાર્થ :-**

**બે પ્રકારની (ઇન્દ્રિયો છે.) ।।૨/૧૬।।**

**ભાષ્ય :-**

**द्विविधानीन्द्रियाणि भवन्ति-द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि च ।।२/१६।।**

**ભાષ્યાર્થ :-**

**द्विविधानि ..... भावेन्द्रियाणि च ।। બે પ્રકારની ઇન્દ્રિયો છે – દ્રવ્યેંદ્રિય અને ભાવેંદ્રિય. ।।૨/૧૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જીવના લક્ષણરૂપ ઇન્દ્રિયો પાંચ પ્રકારની છે તેમ બતાવ્યું, તે પાંચેય ઇન્દ્રિયો બે પ્રકારની છે – (૧) પુદ્ગલદ્રવ્યથી નિર્માણ થયેલી જીવથી કથંચિત્ ભિન્ન, છતાં જીવ સાથે કથંચિત્ એકત્વભાવ પામેલ પુદ્ગલસ્વરૂપ જે ઇન્દ્રિય છે તે દ્રવ્યેંદ્રિય છે, અને જીવના બોધરૂપ પરિણામસ્વરૂપ ઇન્દ્રિય છે તે ભાવેંદ્રિય છે, જેનું વર્ણન ગ્રંથકારશ્રી સ્વયં આગળ કરશે. **।।૨/૧૬।।**

**ભાષ્ય :-**

**तत्र –**

**ભાષ્યાર્થ :-**

**ત્યાં=સૂત્ર-૧૬માં કહ્યું કે બે પ્રકારની ઇન્દ્રિયો છે ત્યાં, (બે પ્રકારની ઇન્દ્રિયોમાંથી દ્રવ્યેંદ્રિયને તેના ભેદપૂર્વક બતાવે છે –)**

**સૂત્ર :-**

**निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ।।२/१७।।**

**સૂત્રાર્થ :-**

**નિર્વૃત્તિ અને ઉપકરણ બે દ્રવ્યેંદ્રિય છે. ।।૨/૧૭।।**

**ભાષ્ય :-**

**तत्र निर्वृत्तीन्द्रियमुपकरणेन्द्रियं च द्विविधं द्रव्येन्द्रियम् । निर्वृत्तिः-अङ्गोपाङ्गनामनिर्वर्तितानीन्द्रियद्वाराणि, कर्मविशेषसंस्कृताः शरीरप्रदेशाः, निर्माणनामाङ्गोपाङ्गप्रत्यया मूलगुणनिर्वर्तनेत्यर्थ उपकरणं बाह्यमभ्यन्तरं च, निर्वर्तितस्यानुपघातानुग्रहाभ्यामुपकारीति ।।२/१७।।**

**ભાષ્યાર્થ :-**

**निर्वृत्तीन्द्रियम् ..... उपकारीति ।। ત્યાં=દ્રવ્યેંદ્રિય અને ભાવેંદ્રિયમાં, નિર્વૃત્તિઈન્દ્રિય અને ઉપકરણઈન્દ્રિય બે પ્રકારની દ્રવ્યેંદ્રિય છે. નિર્વૃત્તિઈન્દ્રિય અંગોપાંગનામકર્મથી નિર્વર્તિત ઈન્દ્રિયનાં દ્વારો છે, કર્મવિશેષથી સંસ્કૃત શરીરના પ્રદેશો, નિર્માણનામકર્મ અને અંગોપાંગ પ્રત્યય મૂલગુણનિર્વર્તના છે, એ પ્રકારનો અર્થ છે.**

**ઉપકરણઈન્દ્રિય બાહ્ય અને અભ્યંતર છે. અને તે ઉપકરણઈન્દ્રિય નિર્વર્તિત એવી નિર્વૃત્તિઈન્દ્રિયોને અનુપઘાત અને અનુગ્રહ દ્વારા ઉપકારી છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થક છે. ।।૨/૧૭।।**

**ભાવાર્થ :-**

**દ્રવ્યઇન્દ્રિય :-**

દ્રવ્યેંદ્રિય બે પ્રકારની છે : (૧) નિર્વૃત્તિઇન્દ્રિય અને (૨) ઉપકરણઇન્દ્રિય.

**નિર્વૃત્તિઇન્દ્રિય :-**

નિર્વૃત્તિઇન્દ્રિય શું છે ? તે સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

**અંગોપાંગનામકર્મથી નિર્વર્તિત ઇન્દ્રિયનાં દ્વારો છે, તે નિર્વૃત્તિઇન્દ્રિય છે.**

તેથી એ પ્રાપ્ત થાય કે ઇન્દ્રિયદ્વારમાં રહેલ ઇન્દ્રિય શબ્દ ભાવેંદ્રિયનો પરામર્શક છે અને તે ભાવેંદ્રિયના વિવરરૂપ ઇન્દ્રિયદ્વારો છે તે નિર્વૃત્તિઇન્દ્રિય છે, જે અંગોપાંગનામકર્મથી નિષ્પન્ન થયેલ છે. જીવ ઇન્દ્રિય દ્વારા જે બોધ પ્રાપ્ત કરે છે તે ભાવેંદ્રિય છે અને તે બોધ કરવા માટે કારણભૂત એવી જે પુદ્ગલોની રચનારૂપ વિવરો છે તે નિર્વૃત્તિઇન્દ્રિય છે. અને તે નિર્વૃત્તિઇન્દ્રિય અંગોપાંગનામકર્મથી બનેલી પુદ્ગલાત્મક છે, જેના દ્વારા જીવ વસ્તુનો બોધ કરે છે.

**વળી આ જીવની નિર્વૃત્તિઇન્દ્રિય કર્મવિશેષથી સંસ્કૃત શરીરના પ્રદેશો છે.**

તેથી એ પ્રાપ્ત થાય કે કર્મવિશેષ શબ્દથી નામકર્મનું ગ્રહણ કરવું છે અને તે નામકર્મમાં પણ દ્રવ્યેંદ્રિયને નિષ્પન્ન કરનાર અંગોપાંગનામકર્મ અને નિર્માણનામકર્મ છે. તેનાથી સંસ્કૃત એવી નિર્વૃત્તિઇન્દ્રિય છે=વિશિષ્ટ અવયવોની રચનારૂપે નિષ્પાદિત એવી નિર્વૃત્તિઇન્દ્રિય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવનું અંગોપાંગનામકર્મ અંગ-ઉપાંગની રચના કરે છે. તદ્ અંતર્ગત જે ઇન્દ્રિયો છે તેની રચના પણ અંગોપાંગનામકર્મ કરે છે અને

નિર્માણનામકર્મ તેને ઉચિત સ્થાને નિર્માણ કરે છે. એથી અંગોપાંગનામકર્મ અને નિર્માણનામકર્મ બે નિમિત્તભૂત બનીને નિર્વૃત્તિઇન્દ્રિય નિર્માણ કરે છે, જે જીવના શરીરના પ્રદેશોરૂપ છે.

પૂર્વમાં કહ્યું કે કર્મવિશેષથી સંસ્કૃત શરીરના પ્રદેશરૂપ નિર્વૃત્તિઇન્દ્રિય છે. તેથી કોઈને શંકા થાય કે કયા કર્મના ઉદયથી નિર્વૃત્તિઇન્દ્રિયરૂપ શરીરના પ્રદેશોની પ્રાપ્તિ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

**નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મના પ્રત્યયવાળી મૂલગુણની નિર્વર્તના નિર્વૃત્તિઇન્દ્રિય છે.**

નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મ નિર્વૃત્તિઇન્દ્રિયનું નિર્માણ કરે છે અને તે નિર્વૃત્તિઇન્દ્રિયનું નિર્માણ મૂલગુણનિર્વર્તનાસ્વરૂપ છે. નિર્વર્તના બે પ્રકારની છે - ઉત્તરગુણનિર્વર્તના અને મૂલગુણનિર્વર્તના. જેમ ચક્ષુમાં અંજન આંજવામાં આવે, જેથી ચક્ષુની ગ્રહણશક્તિ અધિક થાય તે ઉત્તરગુણની નિર્વર્તના છે. આ જ રીતે તે તે ઇન્દ્રિયને ઉપષ્ટંભક દ્રવ્યો દ્વારા તે તે ઇન્દ્રિયની અતિશયતા કરવામાં આવે તે ઉત્તરગુણની નિર્વર્તના છે.

વળી, બોધને અનુકૂળ એવી ઇન્દ્રિયોનું જે નિર્માણ થાય છે તે મૂલગુણનિર્વર્તના આત્મક છે. તે નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મ કરે છે. તેથી પુદ્ગલાત્મક બોધ કરવાને અનુકૂળ એવી શક્તિરૂપ જે ઇન્દ્રિયો છે તે નિર્વૃત્તિઇન્દ્રિય છે.

**ઉપકરણઇન્દ્રિય :-**

વળી ઉપકરણઇન્દ્રિય બે પ્રકારની છે - બાહ્ય અને અભ્યંતર. આ ઉપકરણઇન્દ્રિય અંગોપાંગનામકર્મ અને નિર્માણનામકર્મ દ્વારા જે નિર્વૃત્તિઇન્દ્રિય નિર્માણ કરાઈ છે તેમાં અનુપઘાત અને અનુગ્રહ દ્વારા ઉપકારને કરનારી છે.

અંગોપાંગનામકર્મ આદિથી નિર્વર્તિત એવી જે નિર્વૃત્તિઇન્દ્રિય છે તેનું રક્ષણ કરનાર બાહ્યઉપકરણઇન્દ્રિય છે. તેથી બાહ્યઉપકરણઇન્દ્રિય અનુપઘાત દ્વારા નિર્વૃત્તિઇન્દ્રિયને ઉપકાર કરે છે.

વળી જે અભ્યંતરઉપકરણઇન્દ્રિય છે તે અભ્યંતરનિર્વૃત્તિઇન્દ્રિયને બોધ કરવામાં ઉપકાર કરે છે તેથી અભ્યંતરઇન્દ્રિય અનુગ્રહ દ્વારા નિર્વૃત્તિઇન્દ્રિયને ઉપકારી છે.

આ સર્વ કથનથી એ ફલિત થયું કે નિર્માણનામકર્મથી અને અંગોપાંગનામકર્મથી અંદરની નિર્વૃત્તિઇન્દ્રિય ઉત્પન્ન થાય છે. કેટલાક ગ્રંથોમાં તે અંતરંગ નિર્વૃત્તિઇન્દ્રિયથી ભિન્ન બહિર્નિર્વૃત્તિઇન્દ્રિય સ્વીકારવામાં આવે છે. તે બહિર્નિર્વૃત્તિઇન્દ્રિયને ભાષ્યકારશ્રીએ બહિર્ઉપકરણઇન્દ્રિયથી ગ્રહણ કરેલ છે; કેમ કે જે ઉપકાર કરે તે ઉપકરણ કહેવાય તે વ્યુત્પત્તિ અનુસાર અંતરંગ નિર્વૃત્તિઇન્દ્રિયની બહારના ભાગમાં વર્તતી ઇન્દ્રિયની રચના અંતરંગ નિર્વૃત્તિઇન્દ્રિયનું રક્ષણ કરે છે. તેથી બાહ્ય આકારરૂપે રહેલી ઇન્દ્રિયને ભાષ્યકારશ્રીએ ઉપકરણઇન્દ્રિય તરીકે ગ્રહણ કરેલ છે. નિર્માણનામકર્મ અને અંગોપાંગનામકર્મથી જે નિર્વૃત્તિઇન્દ્રિય થઈ છે, તેમાં જે બોધ કરવાને અનુકૂળ શક્તિ છે, તેને અભ્યંતરઉપકરણઇન્દ્રિયરૂપે ગ્રંથકારશ્રીએ ગ્રહણ કરેલ

છે; કેમ કે તે શક્તિ જીવને તે ઇન્દ્રિય દ્વારા બોધ કરવામાં ઉપકારક છે. તેથી ઉપકરણ શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને ઉપકરણઇન્દ્રિયના બે ભેદ ગ્રહણ કરેલ છે.

વળી, નિર્વૃત્તિઇન્દ્રિયના બાહ્ય અને અભ્યંતર બે ભેદો અન્યત્ર પ્રસિદ્ધ છે, તેને અહીં ગ્રહણ ન કરતાં નિર્વૃત્તિઇન્દ્રિયનો એક જ ભેદ ગ્રહણ કરેલ છે. જેમ જેને મતિજ્ઞાન હોય તેને નિયમા શ્રુતજ્ઞાન હોય છે તેવું વર્તમાનના ઉપલબ્ધ એવા અન્ય સર્વ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, તેમ છતાં તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-૧, સૂત્ર-૩૧માં કેટલાક જીવોને માત્ર મતિજ્ઞાન હોય છે, તેમ પણ સ્વીકાર્યું છે. તેથી અન્યત્ર ઇન્દ્રિય વિષયક પાઠો સાથે ભાષ્યકારશ્રીનો કોઈ મતભેદ નથી, ફક્ત તે પ્રકારની વિવક્ષાથી કથનભેદ છે. **॥૨/૧૭॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૬માં કહેલ કે દ્રવ્યેંદ્રિય અને ભાવેંદ્રિય એમ બે ઈન્દ્રિયો છે. તેમાંથી દ્રવ્યેંદ્રિયના બે ભેદ સૂત્ર-૧૭માં ગ્રંથકારશ્રીએ બતાવ્યા. હવે ભાવેંદ્રિયના બે ભેદો બતાવે છે –**

**સૂત્ર :-**

**लब्ध्युपयोगौ भावेन्द्रियम् ।।२/१८।।**

**સૂત્રાર્થ :-**

**લબ્ધિ અને ઉપયોગ ભાવેંદ્રિય છે. ।।૨/૧૮।।**

**ભાષ્ય :-**

**लब्धिरुपयोगस्तु भावेन्द्रियं भवति, लब्धिर्नाम गतिजात्यादिनामकर्मजनिता तदावरणीयकर्मक्षयोपशमजनिता चेन्द्रियाश्रयकर्मोदयनिर्वृत्ता च जीवस्य भवति । सा पञ्चविधा । तद्यथा—स्पर्शनेन्द्रियलब्धिः, रसनेन्द्रियलब्धिः, घ्राणेन्द्रियलब्धिः, चक्षुरिन्द्रियलब्धिः, श्रोत्रेन्द्रियलब्धिरिति ।।२/१८।।**

**ભાષ્યાર્થ :-**

**लब्धिः ..... श्रोत्रेन्द्रियलब्धिरिति ।। વળી લબ્ધિ અને ઉપયોગ ભાવેંદ્રિય છે. લબ્ધિ એટલે ગતિ-જાતિનામકર્મ આદિ નામકર્મ જનિત, તદ્ આવરણીય કર્મના ક્ષયોપશમ જનિત=જે ઈન્દ્રિયની લબ્ધિ હોય તેના આવરણીય કર્મના ક્ષયોપશમ જનિત, અને ઈન્દ્રિયના આશ્રય એવા કર્મના ઉદયથી નિવૃત્ત એવી જીવની લબ્ધિ=શક્તિ, છે. તે પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે – સ્પર્શનેંદ્રિયલબ્ધિ, રસનેંદ્રિયલબ્ધિ, ઘ્રાણેંદ્રિયલબ્ધિ, ચક્ષુરિંદ્રિયલબ્ધિ અને શ્રોત્રેંદ્રિયલબ્ધિ.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૧૮।।**

**ભાવાર્થ :-**

**ભાવેંદ્રિય :-**

જીવના પરિણામરૂપ જ્ઞાનાત્મક ઇન્દ્રિયો ભાવેંદ્રિય છે. ભાવેંદ્રિયના બે પ્રકાર છે : (૧) લબ્ધિઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય.

**(૧) લબ્ધિઇન્દ્રિય :-**

જે જીવોને જેટલી ઇન્દ્રિયની પ્રાપ્તિ છે તેટલી લબ્ધિઇન્દ્રિયની પ્રાપ્તિ છે. તે લબ્ધિઇન્દ્રિય જીવના ઇન્દ્રિયના આવરણીય એવા કર્મના ક્ષયોપશમ જનિત છે, તેથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે ક્ષયોપશમ થવામાં કારણ ગતિનામકર્મ, જાતિનામકર્મ આદિ નામકર્મો પણ કારણભૂત છે. તેથી ગતિ-જાતિ આદિ નામકર્મ જનિત લબ્ધિ છે તેમ કહેલ છે. આદિ પદથી તે તે શરીરના નિષ્પાદક નામકર્મ અથવા આયુષ્યનું ગ્રહણ છે. તેથી જે જીવને જે ગતિની પ્રાપ્તિ થાય તે ગતિ અનુસાર તે તે ઇન્દ્રિયોનો ક્ષયોપશમ થાય છે. આથી જ પશુજાતિમાં જે પ્રકારનો ઇન્દ્રિયોનો ક્ષયોપશમ છે તેવો મનુષ્યજાતિમાં નથી અને મનુષ્યજાતિમાં જે પ્રકારનો ઇન્દ્રિયોનો ક્ષયોપશમ છે, તે પ્રકારનો પશુજાતિમાં નથી. આ રીતે તે તે ઇન્દ્રિયોમાં બોધ કરવાની શક્તિ જીવને પ્રાપ્ત થાય છે, તે રૂપ લબ્ધિઇન્દ્રિય પ્રત્યે ગતિનામકર્મ કારણ છે.

વળી જાતિનામકર્મને કારણે જીવ એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ જાતિમાં જાય છે અને તેના પ્રમાણે તે તે ઇન્દ્રિયોની લબ્ધિ પ્રાપ્ત થાય છે. માટે જાતિનામકર્મ પણ લબ્ધિઇન્દ્રિય પ્રત્યે કારણ છે.

વળી તે તે ગતિના અને જાતિના નિમિત્તને પામીને જીવમાં તે તે ઇન્દ્રિય આવારક કર્મનો ક્ષયોપશમ પ્રગટ થાય છે. તેથી તે તે આવરણીય કર્મના ક્ષયોપશમ જનિત લબ્ધિઇન્દ્રિય છે.

વળી, તે તે ઇન્દ્રિયોના આશ્રયવાળાં જે કર્મો તે કર્મોના ઉદયથી નિર્વર્તિત એવી લબ્ધિ જીવને થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવને જે જે ઇન્દ્રિયો પ્રાપ્ત થવાની હોય તે ઇન્દ્રિયોની નિષ્પત્તિના કારણીભૂત એવા કર્મના ઉદયથી તે તે ઇન્દ્રિયની લબ્ધિ પ્રગટે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવ પૂર્વભવમાંથી ચ્યવીને નવા ભવમાં આવે, ત્યારે પૂર્વભવના આયુષ્યના નાશના ઉત્તરમાં બીજી ગતિ, બીજી જાતિ આદિ નામકર્મનો ઉદય શરૂ થાય છે. તે ગતિનામકર્મ અને જાતિનામકર્મને અનુરૂપ તે તે ઇન્દ્રિયના આવરણના ક્ષયોપશમથી તે લબ્ધિઇન્દ્રિય જીવને પ્રથમ ક્ષણથી પ્રાપ્ત થાય છે. તે વખતે તે લબ્ધિઇન્દ્રિયની પ્રાપ્તિમાં ત્રણ કારણો છે, (૧) ગતિનામકર્મ (૨) જાતિનામકર્મ અને (૩) એકેંદ્રિય આદિ ઇન્દ્રિયનામકર્મ. આ ત્રણથી તે તે ઇન્દ્રિયોના ક્ષયોપશમની લબ્ધિ પ્રગટ્યા પછી જીવ નવા શરીરની રચના કરે છે ત્યારે દ્રવ્યેંદ્રિયનું નિર્માણ થાય છે, જે દ્રવ્યેંદ્રિય નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ લબ્ધિરૂપ ભાવેંદ્રિય પ્રાપ્ત થાય છે ત્યારપછી નિર્વૃત્તિઇન્દ્રિય પ્રાપ્ત થાય છે અને શક્તિરૂપ ઉપકરણઇન્દ્રિય પ્રાપ્ત થાય છે. આ શક્તિનો જીવ જ્યારે ઉપયોગ કરે ત્યારે બોધાત્મક ઉપયોગઇન્દ્રિય પ્રાપ્ત થાય છે. ચાર ઇન્દ્રિયોમાંથી લબ્ધિ અને ઉપયોગરૂપ બે ભાવેંદ્રિય છે અને નિર્વૃત્તિ અને ઉપકરણ બે દ્રવ્યેંદ્રિય છે.

લબ્ધિરૂપ ભાવેંદ્રિય પાંચ ઇન્દ્રિયોને આશ્રયીને પાંચ ભેદવાળી છે. તેથી જેઓને માત્ર સ્પર્શનેંદ્રિયની લબ્ધિ પ્રાપ્ત થઈ હોય તેઓ તે ઇન્દ્રિય દ્વારા ઉપયોગરૂપ સ્પર્શ વિષયક ભાવેંદ્રિયને પ્રાપ્ત કરી શકે છે. જેને પાંચેય ઇન્દ્રિયની લબ્ધિરૂપ=શક્તિરૂપ, ભાવેંદ્રિય પ્રાપ્ત થઈ છે તે જીવ જ્યારે જ્યારે જે જે ઇન્દ્રિયના વિષયમાં યત્નવાળા થાય છે ત્યારે ત્યારે તે તે લબ્ધિઇન્દ્રિયના બળથી તે તે ઉપયોગઇન્દ્રિયરૂપ ભાવેંદ્રિય પ્રાપ્ત કરે છે. **॥૨/૧૮॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૮માં બે પ્રકારની ભાવેંદ્રિય છે, તેમ કહ્યું. તેમાંથી લબ્ધિરૂપ ભાવેંદ્રિયનું સ્વરૂપ ભાષ્યકારશ્રીએ બતાવ્યું. હવે ઉપયોગરૂપ ભાવેંદ્રિય શું છે ? એ બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**उपयोगः स्पर्शादिषु ।।२/१९।।**

**સૂત્રાર્થ :-**

**સ્પર્શાદિમાં=પુદ્ગલના સ્પર્શ આદિ ભાવોમાં, ઉપયોગ=મતિજ્ઞાનનો ઉપયોગ, એ ઉપયોગરૂપ ભાવેંદ્રિય છે, એમ અન્વય છે. ।।૨/૧૯।।**

**ભાષ્ય :-**

**स्पर्शादिषु मतिज्ञानोपयोग इत्यर्थः, उक्तमेतद्**–'उपयोगो लक्षणम्' **(अ० २, सू० ८) । उपयोगः प्रणिधानमायोगस्तद्भावः परिणाम इत्यर्थः एषां च सत्यां निर्वृत्तावुपकरणोपयोगौ भवतः, सत्यां च लब्धौ निर्वृत्त्युपकरणोपयोगा भवन्ति, निर्वृत्त्यादीनामेकतराभावेऽपि विषयालोचनं न भवति ।।२/१९।।**

**ભાષ્યાર્થ :-**

**स्पर्शादिषु ..... भवति ।। સ્પર્શાદિમાં મતિજ્ઞાનનો ઉપયોગ એ ઉપયોગરૂપ ભાવેંદ્રિય છે એમ અન્વય છે. ઉપયોગ લક્ષણ છે=જીવનું લક્ષણ છે, એ કહેવાયું=સૂત્ર-૨/૮માં કહેવાયું.**

ઉપયોગના પર્યાયવાચી શબ્દો કહે છે –

**ઉપયોગ, પ્રણિધાન, આયોગ, તદ્ભાવ પરિણામ એ અર્થ છે=ઉપયોગના પર્યાયવાચી શબ્દો છે. અને આમની=સ્પર્શાદિ ઇન્દ્રિયોની, નિર્વૃત્તિ હોતે છતે=સ્પર્શાદિરૂપ દ્રવ્યેંદ્રિયોની નિર્વૃત્તિરૂપ ઇન્દ્રિયોની નિષ્પત્તિ હોતે છતે, ઉપકરણ અને ઉપયોગ થાય છે=ઉપકરણરૂપ દ્રવ્યેંદ્રિય અને ઉપયોગરૂપ ભાવેંદ્રિય થાય છે. અને લબ્ધિ હોતે છતે=ઇન્દ્રિયોની લબ્ધિરૂપ ભાવેંદ્રિય હોતે છતે, નિર્વૃત્તિ, ઉપકરણ અને ઉપયોગઇન્દ્રિયો થાય છે. નિર્વૃત્તિ આદિના=નિર્વૃત્તિ, ઉપકરણ, લબ્ધિ અને ઉપયોગ એ ચારના, એકતરના અભાવમાં પણ વિષયનું આલોચન થતું નથી=વિષયનો બોધ થતો નથી. ।।૨/૧૯।।**

**ભાવાર્થ :-**

**(૨) ઉપયોગભાવેંદ્રિય :-**

પુદ્ગલમાં સ્પર્શ, રસાદિ જે ભાવો છે તે ભાવોમાં મતિજ્ઞાનનો ઉપયોગ તે ઉપયોગરૂપ ભાવેંદ્રિય છે.

ઉપયોગરૂપ ભાવેંદ્રિય કેમ છે ? તેમાં ભાષ્યકારશ્રી કહે છે -

'ઉપયોગ જીવનું લક્ષણ છે' એ પ્રકારે સૂત્ર ૨/૮માં કહેલું, તે ઉપયોગ મતિજ્ઞાન આદિ પાંચેય જ્ઞાનોમાંથી યથાયોગ્ય જ્ઞાન વિષયક હોય છે. તેમાંથી મતિજ્ઞાનનો જે ઉપયોગ સ્પર્શાદિ વિષયક હોય છે, તે ભાવેંદ્રિયસ્વરૂપ છે.

**ઉપયોગના પર્યાયવાચી :-**

**(૧) ઉપયોગ :-**

ઉપયોગ બે પ્રકારનો છે. (૧) સંવિજ્ઞાનલક્ષણચેતના અને (૨) અનુભવલક્ષણચેતના. ઘટાદિનું જ્ઞાન સંવિજ્ઞાનલક્ષણચેતના આત્મક છે અને જીવનું સુખદુઃખાદિનું સંવેદન અને કષાય-નોકષાયનું સંવેદન અથવા કષાય-નોકષાયોનું ઉત્તર ઉત્તર ઉન્મૂલન થાય એવું સંવેદન અનુભવલક્ષણચેતના આત્મક છે. આ બન્ને ચેતનાનું ઉપયોગ શબ્દથી ગ્રહણ થાય છે.

**(૨) પ્રણિધાન :-**

વળી ઉપયોગ શબ્દનો પર્યાયવાચી પ્રણિધાન છે. તે અવહિત મનપણારૂપ છે=કોઈ વસ્તુને જાણવા માટે થતા મનોવ્યાપારરૂપ છે. આ પ્રકારનો પ્રણિધાનનો અર્થ કરવાથી એ પ્રાપ્ત થાય કે મતિજ્ઞાનના ઉપયોગમાં મનોવ્યાપાર વર્તે છે તે પ્રણિધાન છે. આથી કોઈ મહાત્મા સૂત્રના અર્થમાં ઉપયોગપૂર્વક નમસ્કારસૂત્ર બોલતાં હોય તો તે પ્રકારના અર્થમાં ઉપયોગને કારણે કષાય-નોકષાય ભાવોનો નાશ થાય, તેવી અનુભવ-લક્ષણચેતના પ્રવર્તે છે. જ્યારે અવધિજ્ઞાન આદિ જ્ઞાનોના ઉપયોગમાં મનોવ્યાપાર નથી, પરંતુ આત્મવ્યાપાર દ્વારા અવધિજ્ઞાન આદિનો ઉપયોગ છે. તે ઉપયોગ પણ પૂર્વમાં બતાવેલ બે પ્રકારનો હોય છે. આથી જ અવધિજિન આદિ મહાત્માઓને અવધિજ્ઞાનના ઉપયોગથી પણ કષાયોના શમનનો અનુભવ થાય છે.

**(૩) આયોગ :-**

વળી ઉપયોગ શબ્દનો પર્યાયવાચી શબ્દ આયોગ છે. આયોગમાં 'આ' શબ્દ સ્વવિષયની મર્યાદા અર્થમાં છે અને યોગ શબ્દ જ્ઞાન અર્થમાં છે. તેથી સ્વવિષયની મર્યાદાથી સ્પર્શાદિના જ્ઞાનનો ઉદય તે આયોગ છે, જે મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે.

**(૪) તદ્ભાવ :-**

વળી ઉપયોગનો પર્યાયવાચી શબ્દ તદ્ભાવ છે. 'તદ્' શબ્દથી ઉપયોગ સ્વભાવવાળા જીવનું ગ્રહણ છે. અને તેનો ભાવ=ઉપયોગ સ્વભાવવાળા જીવનો જ્ઞાનનો પરિણામ, તે તદ્ભાવ છે અર્થાત્ જીવ તે તે જ્ઞાનના પરિણામરૂપ થાય છે તે ઉપયોગ તદ્ભાવ છે.

**(૫) પરિણામ :-**

વળી, ઉપયોગનો પર્યાયવાચી શબ્દ પરિણામ છે, જે આત્માના જ્ઞાનના બોધરૂપ છે.

આ રીતે ઉપયોગ શબ્દના પર્યાયવાચી શબ્દો બતાવ્યા પછી દ્રવ્યેંદ્રિયમાં અને ભાવેંદ્રિયમાં કયા ક્રમથી બોધ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

સ્પર્શાદિ ઇન્દ્રિયોની નિર્વૃત્તિઇન્દ્રિય હોતે છતે ઉપકરણઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય થાય છે અને લબ્ધિઇન્દ્રિય હોતે છતે નિર્વૃત્તિઇન્દ્રિય, ઉપકરણઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવને તે તે ગતિ આદિની પ્રાપ્તિને અનુરૂપ પ્રથમ લબ્ધિઇન્દ્રિય પ્રાપ્ત થાય છે, ત્યારપછી નિર્વૃત્તિઇન્દ્રિય પ્રાપ્ત થાય છે, ત્યારપછી ઉપકરણઇન્દ્રિય પ્રાપ્ત થાય છે અને છેલ્લે ઉપયોગ-ઇન્દ્રિયની પ્રાપ્તિ થાય છે. જીવોને ઇન્દ્રિયોની નિર્વૃત્તિઇન્દ્રિય પ્રાપ્ત થાય, ત્યારપછી લબ્ધિઇન્દ્રિય થતી નથી, પરંતુ ઉપકરણઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય થાય છે; કેમ કે નિર્વૃત્તિઇન્દ્રિયની નિષ્પત્તિ પૂર્વે લબ્ધિઇન્દ્રિયની પ્રાપ્તિ છે.

જીવોને લબ્ધિઇન્દ્રિયની પ્રાપ્તિ થાય છે, ત્યારપછી ક્રમશઃ નિર્વૃત્તિઇન્દ્રિય, ઉપકરણઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઇન્દ્રિયરચનારૂપ નિર્વૃત્તિઇન્દ્રિય અને તે ઇન્દ્રિયમાં બોધ કરવાની શક્તિરૂપ ઉપકરણઇન્દ્રિય પ્રાપ્ત થયા પૂર્વે લબ્ધિરૂપ ભાવેંદ્રિય પ્રાપ્ત થાય છે. નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ દ્રવ્યેંદ્રિય પ્રાપ્ત થયા પછી જીવ તે તે ઇન્દ્રિયમાં ઉપયોગવાળો થાય છે ત્યારે ઉપયોગરૂપ ભાવઇન્દ્રિયવાળો થાય છે.

વળી સૂત્ર-૧૭માં બતાવેલ નિર્વૃત્તિઇન્દ્રિય અને ઉપકરણઇન્દ્રિય તથા સૂત્ર-૧૮માં બતાવેલ લબ્ધિઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય આ ચારેયમાંથી કોઈ એકનો પણ અભાવ હોય તો વિષયના આલોચનરૂપ બોધ થતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે એકેન્દ્રિય જીવને સ્પર્શનેંદ્રિયની લબ્ધિઇન્દ્રિય છે તેના બળથી તે એકેન્દ્રિય જીવ સ્પર્શનેંદ્રિયના વિષયનું આલોચન કરી શકે છે, પરંતુ રસનેંદ્રિયાદિ લબ્ધિઇન્દ્રિય નહીં હોવાથી તેના વિષયક આલોચન કરી શકતો નથી.

વળી કોઈક મનુષ્યાદિને પાંચેય ઇન્દ્રિયોના ક્ષયોપશમભાવની લબ્ધિ હોવા છતાં તેની નિર્વૃત્તિઇન્દ્રિય કોઈક રીતે નાશ પામેલી હોય તો તે ઇન્દ્રિયના વિષયનું આલોચન કરી શકતો નથી; જેમ ચક્ષુરિંદ્રિય નાશ પામેલી હોય તો તે રૂપાદિ વિષયક આલોચન કરી શકતો નથી.

વળી કોઈકની પાસે લબ્ધિઇન્દ્રિય હોય અને નિર્વૃત્તિઇન્દ્રિય હોય; છતાં તેની શક્તિરૂપ ઉપકરણઇન્દ્રિય નાશ પામેલી હોય તો તે પુરુષ તે ઇન્દ્રિયના વિષયનું આલોચન કરી શકતો નથી; જેમ ચક્ષુમાં બોધ કરવાને અનુકૂળ શક્તિ હણાયેલી હોય તો તે પુરુષને ચક્ષુથી રૂપાદિનું ગ્રહણ થતું નથી.

વળી કોઈ જીવને લબ્ધિઇન્દ્રિય હોય તથા નિર્વૃત્તિઇન્દ્રિય અને ઉપકરણઇન્દ્રિય પણ હોય, આમ છતાં જો તે તે ઇન્દ્રિયોમાં ઉપયોગ ન વર્તતો હોય તો ઉપયોગરૂપ ભાવેંદ્રિયના અભાવને કારણે તે વિષયનું આલોચન

થતું નથી. માટે તે તે વિષયના બોધ માટે નિર્વૃત્તિ આદિ ચારેય ઇન્દ્રિયોની આવશ્યકતા છે, એક પણ ઇન્દ્રિયના અભાવમાં વિષયનો બોધ થતો નથી.

અહીં વિશેષ એ છે કે આત્મામાં અનાદિ કાળથી રહેલા તે તે પ્રકારના જ્ઞાનના સંસ્કારો લબ્ધિઇન્દ્રિયરૂપ નથી, પરંતુ તે જે ભવમાં ઉત્પન્ન થાય છે તે ભવને અનુરૂપ ઇન્દ્રિયના બોધ કરવાને અનુકૂળ આત્મામાં પ્રગટેલી શક્તિ લબ્ધિઇન્દ્રિયરૂપ છે. આ શક્તિ ગતિ-જાતિનામકર્મના ઉદયને તથા તે તે પ્રકારના જ્ઞાનાવરણીય-કર્મના તથા દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમને આશ્રયીને થાય છે. જે આત્માના બોધને અનુકૂળ એવી નિર્મળતાના પરિણામ સ્વરૂપ છે.

નિર્વૃત્તિઇન્દ્રિય પુદ્ગલની બનેલી દ્રવ્યેંદ્રિય સ્વરૂપ છે. પુદ્ગલાત્મક દ્રવ્યેંદ્રિયમાં જે બોધ કરાવવા અનુકૂળ શક્તિ છે તે અંતરંગ એવી ઉપકરણદ્રવ્યેંદ્રિય છે.

લબ્ધિઇન્દ્રિય આત્મામાં વર્તતી શક્તિરૂપ હોવાના કારણે ભાવેંદ્રિય છે અને ઉપકરણઇન્દ્રિય પુદ્ગલમાં વર્તતી શક્તિરૂપ હોવાને કારણે દ્રવ્યેંદ્રિય છે. **॥૨/૧૯॥**

**ભાષ્ય :-**

**अत्राह—उक्तं भवता 'पञ्चेन्द्रियाणि' (अ० २, सू० १५) इति, तत्कानि तानीन्द्रियाणीति ? उच्यते —**

**ભાષ્યાર્થ :-**

**અહીં=ગ્રંથકારશ્રીએ દ્રવ્યેંદ્રિયનું અને ભાવેંદ્રિયનું સ્વરૂપ બતાવ્યું ત્યાં, કોઈ શંકા કરે છે — તમારા વડે પાંચ ઇન્દ્રિયો કહેવાઈ તે=સંખ્યાથી કહેવાયેલી તે, પાંચ ઇન્દ્રિયો નામથી કઈ ઇન્દ્રિયો છે ? એથી કહે છે —**

**સૂત્ર :-**

**स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ।।२/२०।।**

**સૂત્રાર્થ :-**

**સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર (એ પાંચ ઇન્દ્રિયો છે.) ॥૨/૨૦॥**

**ભાષ્ય :-**

**स्पर्शनं, रसनं, घ्राणं, चक्षुः, श्रोत्रमित्येतानि पञ्चेन्द्रियाणि ।।२/२०।।**

**ભાષ્યાર્થ :-**

**स्पर्शनं ..... पञ्चेन्द्रियाणि ।। સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ પ્રકારની આ પાંચ ઇન્દ્રિયો છે. ॥૨/૨૦॥**

**ભાવાર્થ :-**

જેના સ્પર્શ વડે સ્પર્શરૂપ અર્થનો બોધ થાય, તે સ્પર્શનેંદ્રિય, જેના વડે રસનો બોધ થાય તે રસનેંદ્રિય, જેના વડે ગંધનો બોધ થાય તે ઘ્રાણેંદ્રિય, જેના વડે રૂપનો બોધ થાય તે ચક્ષુરિંદ્રિય અને જેના વડે શબ્દનું ગ્રહણ થાય તે શ્રોત્રેંદ્રિય. આ પ્રકારે સંસારી જીવોને પાંચ ઇન્દ્રિયો હોય છે. **॥૨/૨૦॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૫માં આત્માનાં લિંગો ઈન્દ્રિય છે તેમ કહ્યું. ત્યાં કહેલું કે ઉપષ્ટંભનને કારણે ઈન્દ્રિયો જીવનું લિંગ છે. તેથી એ પ્રશ્ન થાય કે આ ઈન્દ્રિયો કયા પ્રયોજનવિશેષથી આત્માને ઉપષ્ટંભન કરે છે ? તેના ઉત્તરરૂપે એ પ્રાપ્ત થાય કે વિષયના ઉપભોગથી અને વિષયના ગ્રહણપણાથી ઈન્દ્રિયો આત્માને ઉપષ્ટંભન કરે છે. અહીં એ પ્રશ્ન થાય કે ઈન્દ્રિયોના ઉપભોગના અને ગ્રહણના વિષયભૂત જે વિષયો છે તે કયા છે ? તેથી તે વિષયરૂપ અર્થોને બતાવે છે –**

**સૂત્ર :-**

**स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ।।२/२१।।**

**સૂત્રાર્થ :-**

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દો તેઓના=પૂર્વમાં કહેલી પાંચ ઈન્દ્રિયોના, અર્થો છે. ।।૨/૨૧।।**

**ભાષ્ય :-**

**एतेषामिन्द्रियाणामेते स्पर्शादयोऽर्था भवन्ति यथासङ्ख्यम् ।।२/२१।।**

**ભાષ્યાર્થ :-**

**एतेषाम् ..... यथासङ्ख्यम् ।। તેઓના=પૂર્વસૂત્રમાં બતાવેલી તે ઈન્દ્રિયોના, આ સ્પર્શાદિ અર્થો યથાસંખ્ય=યથાક્રમ, પ્રમાણે છે. ।।૨/૨૧।।**

**ભાવાર્થ :-**

સ્પર્શનેંદ્રિયનો વિષય સ્પર્શ છે, રસનેંદ્રિયનો વિષય રસ છે, ઘ્રાણેંદ્રિયનો વિષય ગંધ છે, ચક્ષુરિંદ્રિયનો વિષય વર્ણ છે અને શ્રોત્રેંદ્રિયનો વિષય શબ્દ છે. આ પ્રકારે પાંચેય ઇન્દ્રિયોના યથાક્રમ વિષય છે. **॥૨/૨૧॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૦માં જીવો સંસારી અને મુક્ત એમ બે પ્રકારના છે તેમ બતાવેલ. ત્યારપછી તે જીવો અન્ય રીતે સમનસ્ક અને અમનસ્ક છે તેમ બતાવ્યું. ત્યારબાદ સંસારી જીવો ત્રસ અને સ્થાવર સ્વરૂપ છે તેમ**

**બતાવીને સ્થાવર કોણ છે અને ત્રસ કોણ છે ? તે બતાવ્યું. પૃથ્વીકાય આદિ સ્થાવર અને બેઈન્દ્રિય આદિ ત્રસ છે, તેમ કહેવાથી ઈન્દ્રિયો શું છે ? તે જાણવાની જિજ્ઞાસા થઈ, તેથી તે ઈન્દ્રિયોનું સ્વરૂપ અને તેના વિષયો અત્યાર સુધી બતાવ્યા. હવે જિજ્ઞાસા થાય કે જીવ સમનસ્ક અને અમનસ્ક એમ બે પ્રકારના છે, તો જે મનવાળા છે તેનો વિષય ઈન્દ્રિયના વિષય કરતાં અન્ય કયો છે ? તેથી મનનો વિષય શ્રુતજ્ઞાન છે તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**श्रुतमनिन्द्रियस्य ।।२/२२।।**

**સૂત્રાર્થ :-**

**અનિન્દ્રિયનો=મનનો, (વિષય) શ્રુત છે. ।।૨/૨૨।।**

**ભાષ્ય :-**

**श्रुतज्ञानं द्विविधम् – अनेकद्वादशविधं नोइन्द्रियस्यार्थः ।।२/२२।।**

**ભાષ્યાર્થ :-**

**श्रुतज्ञानं ..... नोइन्द्रियस्यार्थः ।। અનેકવિધ અને દ્વાદશવિધ એમ બે પ્રકારનું શ્રુતજ્ઞાન નોઈન્દ્રિયનો=મનનો, અર્થ છે=વિષય છે. ।।૨/૨૨।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી શ્રુતજ્ઞાન અન્યત્ર બે પ્રકારનું પ્રસિદ્ધ છે. પ્રત્યક્ષશ્રુત અને પરોક્ષશ્રુત. જે પ્રત્યક્ષશ્રુત છે તે પદાર્થ સાથે વાચ્ય-વાચકભાવના યોજન સ્વરૂપ છે, તેનું અહીં ગ્રહણ કરેલ નથી, પરંતુ આપ્તવચનથી અર્થના સંવેદનરૂપ જે પરોક્ષશ્રુત છે તેને ગ્રંથકારશ્રીએ શ્રુતશબ્દથી ગ્રહણ કરેલ છે. તે શ્રુતજ્ઞાન મનનો વિષય છે. મનના વિષયભૂત શ્રુતજ્ઞાન અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે ભેદવાળું છે. અંગબાહ્યશ્રુત અનેક ભેદવાળું છે, જ્યારે અંગપ્રવિષ્ટશ્રુત બાર પ્રકારનું છે.

આ શ્રુતજ્ઞાન મનથી જ થાય છે; કેમ કે કોઈપણ ઇન્દ્રિયથી પ્રથમ મતિજ્ઞાન થયા પછી શાસ્ત્રવચનાનુસાર જે જીવને બોધ થાય છે તે અન્ય ઇન્દ્રિયથી થતો નથી, પરંતુ મનથી થાય છે. શાસ્ત્રશ્રવણની ક્રિયાથી પ્રથમ મતિજ્ઞાન થાય છે, ત્યારપછી મન દ્વારા તે શબ્દોના અર્થોનો નિર્ણય થાય છે તે શ્રુતજ્ઞાન છે. તેથી શ્રુતજ્ઞાન મનનો વિષય છે તેમ ગ્રંથકારશ્રીએ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે પ્રસ્તુત ગ્રંથમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગ છે તેમ બતાવવાની પ્રતિજ્ઞા કરેલ અને તેમાં સમ્યગ્જ્ઞાન મતિજ્ઞાન આદિ પાંચ ભેદવાળું છે તેમ પ્રથમ અધ્યાયમાં કહેલ. આ પાંચેય જ્ઞાનો મોક્ષના કારણીભૂત છે તદંતર્ગત શ્રુતજ્ઞાનનું અહીં ગ્રહણ કરેલ છે. આ શ્રુતજ્ઞાન મન દ્વારા યોગ્ય જીવોને પ્રથમ ભૂમિકામાં શ્રુતરૂપે હોય છે, ત્યારબાદ ચિંતારૂપ બને છે અને છેલ્લે

ભાવનારૂપ થાય છે. ત્રણેય પ્રકારનાં શ્રુતજ્ઞાન જીવની વિષયતૃષ્ણાને શમાવનાર હોવાથી મોક્ષનું કારણ છે, એ પ્રકારે ષોડશક ગ્રંથમાં કહેલ છે.

શ્રુતજ્ઞાન અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ બે ભેદવાળું છે. અંગબાહ્યશ્રુતના અવાંતર ભેદો અનેક છે અને અંગપ્રવિષ્ટશ્રુતના અવાંતર ભેદો બાર છે. શાસ્ત્રઅધ્યયન દ્વારા વિષયની તૃષ્ણાને શમાવે તેવી ગુણવત્તાવાળા શ્રુતજ્ઞાનનું અહીં ગ્રહણ છે. પરંતુ જે શ્રુતઅધ્યયનથી વિષયતૃષ્ણાનું શમન ન થતું હોય તેવા અસંબદ્ધ બોધરૂપ કે કષાયની વૃદ્ધિના કારણીભૂત શ્રુતજ્ઞાનનું અહીં શ્રુત શબ્દથી ગ્રહણ નથી. આવું શ્રુત મનથી થનાર હોવા છતાં મોક્ષના કારણીભૂત શ્રુતજ્ઞાનમાં તેનો સમાવેશ નથી, પરંતુ મિથ્યાશ્રુતમાં તેનો અંતર્ભાવ થાય છે. **॥૨/૨૨॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૫માં કહ્યું કે પાંચ ઈન્દ્રિયો છે. ત્યારપછી તે પાંચ ઈન્દ્રિયોનું સ્વરૂપ અને તેના વિષયો બતાવ્યા. હવે તે પાંચ ઈંદ્રિયોમાંથી કયા જીવોને કઈ કઈ ઈન્દ્રિયો છે ? તે ક્રમસર બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**वाय्वन्तानामेकम् ।।२/२३।।**

**સૂત્રાર્થ :-**

**વાયુ અંત સુધીના જીવોને=સૂત્ર-૧૩માં ત્રણ પ્રકારના સ્થાવર જીવો બતાવ્યા ત્યારબાદ સૂત્ર-૧૪માં તેઉકાય અને વાયુકાય એ બેને, ત્રસ કહ્યા ત્યાં સુધીના જીવોની એક છે=એક સ્પર્શનેંદ્રિય છે. ।।૨/૨૩।।**

**ભાષ્ય :-**

**अत्राह—उक्तं भवता** 'पृथिव्यब्वनस्पतितेजोवायवो द्वीन्द्रियादयश्च' **(अ० २, सू० १३-१४) नव जीवनिकायाः,** 'पञ्चेन्द्रियाणि चे'**ति (अ० २, सू० १५), तत्किं कस्येन्द्रियमिति ? । अत्रोच्यते –**

**पृथिव्यादीनां वाय्वन्तानां जीवनिकायानामेकमेवेन्द्रियम्, सूत्रक्रमप्रामाण्यात् प्रथमं स्पर्शनमेवे-त्यर्थः ।।२/२३।।**

**ભાષ્યાર્થ :-**

अत्राह ..... **स्पर्शनमेवेत्यर्थः ।। અહીં=ઈન્દ્રિયોનું સ્વરૂપ, ઈન્દ્રિયોનો વિષય અને અનિન્દ્રિયનો વિષય બતાવ્યો એમાં, શંકા કરે છે – તમારા વડે** "પૃથ્વી, અપ્ અને વનસ્પતિ, તેજો, વાયુ અને બેઈન્દ્રિયાદિ" **(અધ્યાય-૨, સૂત્ર-૧૩, ૧૪) નવ જીવનિકાયો કહેવાયા અને** "પાંચ ઈન્દ્રિયો" **કહેવાઈ. તેથી તે ઈન્દ્રિય કોને કઈ છે ?**

**'इति' શબ્દ શંકાની સમાપ્તિ માટે છે.**

**અહીં=પૂર્વપક્ષીએ કરેલી શંકામાં, ઉત્તર અપાય છે –**

**પૃથ્વી આદિથી માંડીને વાયુના અંતવાળા જીવનિકાયને એક જ ઈન્દ્રિય છે.**

અહીં પ્રશ્ન થાય કે કઈ એક ઇન્દ્રિય છે ? તેથી કહે છે –

**સૂત્રક્રમના પ્રામાણ્યથી=ઈન્દ્રિયોના વર્ણનને કહેનારા સૂત્ર-૨૦ના ક્રમના પ્રામાણ્યથી, પ્રથમ સ્પર્શનેંદ્રિય છે એ પ્રમાણેનો અર્થ છે. ॥૨/૨૩॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ સૂત્ર-૧૨માં કહેલ કે સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે ભેદવાળા છે. ત્યારપછી સૂત્ર-૧૩માં સ્થાવરના ત્રણ ભેદો બતાવ્યા અને સૂત્ર-૧૪માં ત્રસના છ ભેદો બતાવ્યા. તેથી નવ જીવનિકાય છે, એ પ્રકારનું કથન પ્રાપ્ત થયું.

વળી સૂત્ર-૧૫માં ઇન્દ્રિયો પાંચ છે તેમ કહ્યું. તેથી વિચારકને પ્રશ્ન થાય કે આ નવ પ્રકારના જીવોમાંથી કયા જીવને કઈ ઇન્દ્રિય છે ? એ પ્રકારની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રીએ સૂત્રમાં કહ્યું કે વાયુના અંત સુધીના જીવોને એક ઇન્દ્રિય છે.

તેથી એ પ્રાપ્ત થયું કે સૂત્ર-૧૩માં બતાવેલ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયરૂપ ત્રણ સ્થાવર અને સૂત્ર-૧૪માં બતાવેલ તેઉકાય અને વાયુકાય એમ પાંચ જીવનિકાયોને એક જ ઇન્દ્રિય છે.

ત્યાં પ્રશ્ન થાય કે કઈ એક ઇન્દ્રિય છે ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

પ્રથમ જ ઇન્દ્રિય છે.

અહીં પ્રશ્ન થાય કે કઈ પ્રથમ ઇન્દ્રિય છે ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

સૂત્ર-૨૦માં બતાવેલ ક્રમના પ્રમાણપણાથી પ્રથમ સ્પર્શનેંદ્રિય જ છે તે સ્પર્શનેંદ્રિય વાયુ સુધીના જીવોને છે. **॥૨/૨૩॥**

**અવતરણિકા :-**

**સ્પર્શનેંદ્રિયરૂપ એક ઈન્દ્રિય કયા જીવોને છે ? તે પૂર્વસૂત્રમાં બતાવ્યું. હવે બાકીની ઈન્દ્રિયો કોને છે ? તે ક્રમસર બતાવે છે –**

**સૂત્ર :-**

**कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ।।२/२४।।**

**સૂત્રાર્થ :-**

**કૃમિ, પિપીલિકા, ભ્રમર, મનુષ્ય આદિને એક એક વૃદ્ધિવાળી (ઈન્દ્રિય છે.) ॥૨/૨૪॥**

**ભાષ્ય :-**

**कृम्यादीनां पिपीलिकादीनां भ्रमरादीनां मनुष्यादीनां च यथासङ्ख्यमेकैकवृद्धानीन्द्रियाणि भवन्ति यथाक्रमम् । तद्यथा—कृम्यादीनां अपादिकनूपुरकगण्डूपदशङ्खशुक्तिकाशम्बूकाजलूकाप्रभृतीना-मेकेन्द्रियेभ्यः पृथिव्यादिभ्य एकेन वृद्धे स्पर्शनरसनेन्द्रिये भवतः, ततोऽप्येकेन वृद्धानि पिपीलिका-रोहिणिकाउपचिकाकुन्थुतुंबुरुकत्रपुसबीजकर्पासास्थिकाशतपद्युत्पतकतृणपत्रकाष्ठहारकप्रभृतीनां त्रीणि स्पर्शनरसनघ्राणानि, ततोऽप्येकेन वृद्धानि भ्रमरवटरसारङ्गमक्षिकापुत्तिकादंशमशकवृश्चिकनन्द्या-वर्तकीटपतङ्गादीनां, चत्वारि स्पर्शनरसनघ्राणचक्षूंषि शेषाणां च तिर्यग्योनिजानां मत्स्योरगभुजङ्ग-पक्षिचतुष्पदानां सर्वेषां च नारकमनुष्यदेवानां पञ्चेन्द्रियाणीति ।।२/२४।।**

**ભાષ્યાર્થ :-**

**कृम्यादीनां ..... पञ्चेन्द्रियाणीति ।। કૃમિ આદિને, પિપીલિકાદિને, ભ્રમરાદિને, મનુષ્યાદિને યથાસંખ્ય એક એક વૃદ્ધિવાળી ઇન્દ્રિયો યથાક્રમ થાય છે. તે આ પ્રમાણે – કૃમિ આદિને=અપાદિક, નુપુરક, ગંડુપદ, શંખ, શુક્તિકા, શંબુકા, જલૌકા વગેરેને, એકેન્દ્રિય એવા પૃથ્વીકાયાદિથી એક વડે વધેલી એવી સ્પર્શન, રસનેંદ્રિયરૂપ બે ઇન્દ્રિય થાય છે. તેનાથી પણ=બે ઇન્દ્રિયોથી પણ, એકથી વધેલી પિપીલિકા, રોહિણિકા, ઉપચિકા, કુંથુ, તુંબુરુક, ત્રપુસબીજ, કર્પાસાસ્થિકા, શતપદી, ઉત્પતક, તૃણપત્ર, કાષ્ઠહારક વગેરે જીવોને સ્પર્શન, રસન, ઘ્રાણ આત્મક ત્રણ ઇન્દ્રિયો હોય છે. તેનાથી પણ=સ્પર્શન, રસન, ઘ્રાણરૂપ ત્રણ ઇન્દ્રિયોથી પણ, એક વડે વધેલી, ભ્રમર, વટર, સારંગ, મક્ષિકા, દંશ, મશક, વીંછી, નંદ્યાવર્ત, કીટ, પતંગાદિ જીવોને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ આત્મક ચાર ઇન્દ્રિયો છે. અને શેષ એવા તિર્યંચયોનિના જીવોને=મત્સ્ય, ઉરગ, ભુજંગ, પક્ષિ, ચતુષ્પદાદિ જીવોને અને સર્વ એવા નારક, મનુષ્ય અને દેવોને પાંચ ઇન્દ્રિયો છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૨૪।।**

**ભાવાર્થ :-**

સુગમ છે. **।।૨/૨૪।।**

**ભાષ્ય :-**

**अत्राह—उक्तं भवता—द्विविधा जीवाः—समनस्का अमनस्काश्चेति, तत्र के समनस्का इति ? अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=કયા જીવોને કઈ ઇન્દ્રિય છે ? તેનું કથન ગ્રંથકારશ્રીએ કર્યું ત્યાં, કોઈ પ્રશ્ન કરે છે –**

**તમારા વડે સમનસ્ક, અમનસ્ક એ પ્રકારે બે પ્રકારના જીવો સૂત્ર-૧૧માં કહેવાયા ત્યાં=બે પ્રકારના જીવોમાં, સમનસ્ક કોણ છે ? એમાં, ઉત્તર આપે છે –**

**સૂત્ર :-**

**संज्ञिनः समनस्काः ।।२/२५।।**

**સૂત્રાર્થ :-**

**સંજ્ઞી જીવો સમનસ્ક છે. ।।૨/૨૫।।**

**ભાષ્ય :-**

**संप्रधारणसंज्ञायां संज्ञिनो जीवाः समनस्का भवन्ति, सर्वे नारकदेवा गर्भव्युत्क्रान्तयश्च मनुष्यास्तिर्यग्योनिजाश्च केचित्, ईहापोहयुक्ता गुणदोषविचारणात्मिका संप्रधारणसंज्ञा, तां प्रति संज्ञिनो विवक्षिताः, अन्यथा ह्याहारभयमैथुनपरिग्रहसंज्ञाभिः सर्व एव जीवाः संज्ञिन इति ।।२/२५।।**

**ભાષ્યાર્થ :-**

**संप्रधारणसंज्ञायां ..... इति ।। સંપ્રધારણ સંજ્ઞામાં સંજ્ઞી જીવો સમનસ્ક છે.**

કયા જીવો સમનસ્ક છે ? તે સ્પષ્ટ કરે છે –

**સર્વ નારક, દેવો, ગર્ભથી વ્યુત્ક્રાન્તિવાળા એવા મનુષ્યો અને કેટલાક તિર્યંચો સમનસ્ક છે.**

પૂર્વમાં કહ્યું કે સંપ્રધારણ સંજ્ઞામાં સંજ્ઞી જીવો સમનસ્ક છે, તેથી સંપ્રધારણ સંજ્ઞાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે -

**ઈહા-અપોહથી યુક્ત ગુણ-દોષની વિચારણા સ્વરૂપ સંપ્રધારણ સંજ્ઞા છે. તેને આશ્રયીને સંજ્ઞી કહેવાયા છે=સમનસ્ક જીવોને સંજ્ઞી કહેવાયા છે. અન્યથા=સંપ્રધારણ સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી કહેવામાં ન આવે તો, આહાર-ભય-મૈથુન-પરિગ્રહ સંજ્ઞાથી સર્વ જીવો=સર્વ સંસારી જીવો, સંજ્ઞી છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૨૫।।**

**ભાવાર્થ :-**

જે જીવો સંપ્રધારણ સંજ્ઞાવાળા છે તેઓ સંજ્ઞી છે. જેઓ સંપ્રધારણ સંજ્ઞાને આશ્રયીને સંજ્ઞી છે તેઓ સમનસ્ક છે=મનવાળા છે.

આ જીવો કયા છે ? તે સ્પષ્ટ કરવા ભાષ્યકારશ્રી કહે છે –

સર્વ નારક, દેવો સમનસ્ક છે, ગર્ભથી જન્મેલા બધા મનુષ્યો સમનસ્ક છે, જ્યારે તિર્યંચયોનિવાળા કેટલાક જીવો સમનસ્ક છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કેટલાક તિર્યંચપંચેંદ્રિય અમનસ્ક છે જેઓ ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા નથી. વળી સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ અમનસ્ક છે.

**સંપ્રધારણસંજ્ઞા એટલે ઈહા-અપોહ યુક્ત ગુણ-દોષની વિચારણા કરવી તે.**

તેથી એ પ્રાપ્ત થાય કે મનવાળા જીવો પોતાને ભાવિમાં શું ગુણકારી છે ? અને શું અનર્થકારી છે ? તેનો વિચાર કરીને ઈહાપોહ કરી શકે છે તે સંપ્રધારણ સંજ્ઞા છે. આથી જ સંસારી જીવો ભાવિના પોતાના હિત અર્થે ધનસંચયાદિ કરે છે અને ભાવિના અનર્થોરૂપ દોષનો વિચાર કરીને તેના નિવારણના ઉપાયો કરે છે તે સંપ્રધારણ સંજ્ઞા છે.

વળી જેઓને વિવેક પ્રગટેલો છે તેવા મહાત્માઓ સંસારના પરિભ્રમણના દોષોનો અને યોગમાર્ગના સેવનના ગુણોનો વિચાર કરીને ચારગતિના પરિભ્રમણના નિવારણ અર્થે આરંભ-સમારંભનો ત્યાગ કરે છે અને ભાવિના સુખ અર્થે યોગમાર્ગનું સેવન કરે છે એ પ્રકારના ગુણદોષની વિચારણારૂપ સંપ્રધારણ સંજ્ઞા છે. તેને આશ્રયીને જેઓ સંજ્ઞી છે તેઓ મનવાળા છે તેમ કહેવાય છે. પરંતુ આહાર આદિ સંજ્ઞાને આશ્રયીને નહીં; કેમ કે આહારાદિ સંજ્ઞાને આશ્રયીને જેઓ સંજ્ઞી છે તેઓને મનવાળા સ્વીકારવામાં આવે તો સર્વ જીવો મનવાળા છે, તેમ માનવાની આપત્તિ આવે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓએ મનપર્યાપ્તિ પૂર્ણ કરી છે તેવા જીવો મનવાળા છે, તેઓ સંપ્રધારણ સંજ્ઞાવાળા છે. જેઓ અસંજ્ઞી છે તેઓ ગુણદોષની વિચારણારૂપ સંપ્રધારણ સંજ્ઞાવાળા નથી અને આહારાદિ સંજ્ઞાઓ તો સંસારી સર્વ જીવોને સામાન્યથી છે. **।।૨/૨૫।।**

**અવતરણિકા :-**

**સૂત્ર-૨૫માં કહ્યું કે સંજ્ઞી જીવો સમનસ્ક છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંજ્ઞી જીવોને મનનો યોગ છે. ત્યાં પ્રશ્ન થાય કે જેઓ વિગ્રહગતિમાં છે તેઓને કયો યોગ છે ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**विग्रहगतौ कर्मयोगः ।।२/२६।।**

**સૂત્રાર્થ :-**

**વિગ્રહગતિમાં=એક ભવથી અન્ય ભવમાં જતી વખતે કેટલાક જીવોને વક્રગમનરૂપ વિગ્રહગતિ પ્રાપ્ત થાય તેમાં, કર્મયોગ છે=કાર્મણશરીરનો વ્યાપાર છે. ।।૨/૨૬।।**

**ભાષ્ય :-**

**विग्रहगतिसमापन्नस्य जीवस्य कर्मकृत एव योगो भवति कर्मशरीरयोग इत्यर्थः, अन्यत्र तु यथोक्तः कायवाङ्मनोयोग इति ।।२/२६।।**

**ભાષ્યાર્થ :-**

**विग्रहगति ..... इति ।। વિગ્રહગતિ પ્રાપ્ત જીવનો કર્મકૃત જ યોગ છે=કર્મરૂપ શરીરનો=કાર્મણશરીરનો,**

**વ્યાપાર છે એ પ્રકારનો અર્થ છે. અન્યત્ર=વિગ્રહગતિ સિવાય, યથોક્ત=શાસ્ત્રમાં જે પ્રકારે કહ્યું છે તે પ્રકારનો, કાય-વાગ્-મનોયોગ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૨૬।।**

**ભાવાર્થ :-**

જીવ એક ભવમાંથી ચ્યવીને અન્યભવમાં જાય છે ત્યારે બે પ્રકારની ગતિ હોય છે : (૧) અવિગ્રહગતિ અને (૨) વિગ્રહગતિ.

મૃત્યુ પામેલા જીવનું ઉત્પત્તિસ્થાન સમશ્રેણિમાં હોય તો અવિગ્રહગતિથી જીવ તે ઉત્પત્તિસ્થાને જાય છે અને મૃત્યુ પામેલા જીવનું નવું ઉત્પત્તિસ્થાન વિષમશ્રેણિમાં હોય ત્યારે વિગ્રહગતિપૂર્વક તે જીવ તે ઉત્પત્તિસ્થાનમાં જાય છે. આ વિગ્રહગતિ કોઈકને એક સમય, બે સમય, ત્રણ સમય અને ઉત્કૃષ્ટથી ચાર સમયની પ્રાપ્ત થાય છે. વિગ્રહગતિમાં જનારો જીવ પૂર્વના ઔદારિકશરીર કે વૈક્રિયશરીરથી રહિત છે અને પરભવમાં જતી વખતે કાર્મણશરીર તથા તૈજસશરીર યુક્ત છે. જીવ અન્ય ભવમાં વિગ્રહગતિથી જાય છે તે વખતે તે જીવ સાથે પૂર્વના શરીરનો વિયોગ હોવાથી અને ઉત્તરના શરીરનો યોગ હજુ પ્રાપ્ત થયેલ નહીં હોવાથી કાયયોગ, વચનયોગ કે મનોયોગ પ્રાપ્ત થઈ શકતો નથી, પરંતુ જે કાર્મણશરીર લઈને જન્માંતરમાં જાય છે તે કાર્મણશરીરથી તેનો વ્યાપાર પ્રવર્તે છે. તેથી કાર્મણશરીરના યોગવાળા જીવો વિગ્રહગતિમાં હોય છે. વિગ્રહગતિ સિવાયના અન્ય જીવો પોતપોતાના ભવને ઉચિત એવા કાયયોગ, વાગ્યોગ અને મનોયોગવાળા છે અર્થાત્ એકેન્દ્રિય કેવલ કાયયોગવાળા છે, બેઇન્દ્રિય આદિ જીવો કાયયોગ અને વચનયોગ એમ બે યોગવાળા છે તથા સંપ્રધારણસંજ્ઞાને કારણે જેઓ સંજ્ઞી છે તેઓને કાયયોગ, વચનયોગ અને મનોયોગ ત્રણેય યોગો છે.

વળી, જેઓ વિગ્રહગતિ વગર અન્યભવમાં જાય છે ત્યારે તેઓને પૂર્વભવના ચરમ સમયે કોઈક કાયાદિથી યોગ છે અને ઉત્તરના સમયમાં નવા જન્મની પ્રાપ્તિના સ્થાને જઈને આહાર ગ્રહણ કરે છે તેથી તે શરીરને અનુકૂળ યોગની પ્રાપ્તિ છે, માટે અવિગ્રહગતિમાં કર્મકૃત યોગ નથી. **।।૨/૨૬।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે જીવને વિગ્રહગતિમાં કર્મયોગ છે. એથી પ્રશ્ન થાય કે ગતિ વિષયક ગમનની કયા પ્રકારની મર્યાદા છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –**

**સૂત્ર :-**

**अनुश्रेणिर्गतिः ।।२/२७।।**

**સૂત્રાર્થ :-**

**અનુશ્રેણિ ગતિ છે. ।।૨/૨૭।।**

**ભાષ્ય :-**

**सर्वा गतिर्जीवानां पुद्‌गलानां चाकाशप्रदेशानुश्रेणिर्भवति, विश्रेणिर्न भवतीति गतिनियम इति ।।२/२७।।**

**ભાષ્યાર્થ :-**

**सर्वा ..... इति ।। જીવોની અને પુદ્‌ગલોની સર્વગતિ આકાશપ્રદેશની અનુશ્રેણિવાળી હોય છે, વિશ્રેણિવાળી હોતી નથી, એ પ્રકારનો ગતિનો નિયમ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૨/૨૭।।**

**ભાવાર્થ :-**

ગતિ એટલે એક સ્થાનથી અન્ય સ્થાનમાં ગમન. ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યોમાંથી ગતિ કરનાર દ્રવ્યો જીવ અને પુદ્‌ગલ બે જ છે, તે સિવાયનાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો ગતિ કરતાં નથી.

જીવ અને પુદ્‌ગલ એક સ્થાનથી અન્ય સ્થાનમાં જાય ત્યારે કઈ રીતે ગતિ કરે છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં ભાષ્યકારશ્રી કહે છે –

જીવ અને પુદ્‌ગલ આકાશપ્રદેશની અનુશ્રેણિથી જ અન્ય સ્થાનમાં જાય છે, પરંતુ વિશ્રેણિથી જતા નથી, એ પ્રકારનો ગતિનો નિયમ છે.

આશય એ છે કે સંસારી જીવો દેહધારી હોય છે ત્યારે સ્વઇચ્છાનુસાર અનુશ્રેણિથી પણ ગમન કરી શકે છે અને વિશ્રેણિથી પણ ગમન કરી શકે છે. આથી જ તિર્છીગતિથી ચાલનારા મનુષ્યો, તિર્યંચો હોઈ શકે છે; પરંતુ જીવ મૃત્યુ પામે છે ત્યારે જે આકાશપ્રદેશ ઉપર પોતાના દેહનો ત્યાગ કરે છે તે આકાશપ્રદેશના ઊર્ધ્વમાં, અધોમાં કે તિર્યગ્ દિશામાં સમશ્રેણિથી તેનો આત્મા ગમન કરે છે, પરંતુ વક્રગતિથી જતો નથી.

પરમાણુ પણ સ્વાભાવિક ગતિપરિણામવાળા થાય છે ત્યારે પોતે જ્યાં હોય છે ત્યાંથી સમશ્રેણિથી ઊર્ધ્વ, અધો કે તિર્છી દિશામાં જાય છે, પરંતુ વિશ્રેણિથી જતા નથી. પુદ્‌ગલના સ્કંધો જ્યારે કોઈના પ્રયોગથી ગમન કરે છે ત્યારે વિશ્રેણિથી પણ જાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સ્કંધો જે આકાશપ્રદેશને અવગાહીને રહેલા હોય તેઓમાં સ્વાભાવિક રીતે જ્યારે ગતિનો પરિણામ થાય છે ત્યારે તે આકાશપ્રદેશની સમાનશ્રેણિથી ઉપરમાં કે નીચેમાં જાય છે અથવા જે આકાશપ્રદેશમાં તે સ્કંધ રહેલો છે તે આકાશપ્રદેશની સમશ્રેણિમાં પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં કે દક્ષિણમાં ગમન કરે છે; પરંતુ જીવના પ્રયોગથી જીવની ગતિ અને જીવના પ્રયોગથી સ્કંધોની ગતિ આકાશપ્રદેશમાં જેમ તે પ્રકારે થઈ શકે છે, તેમાં સમશ્રેણિનો નિયમ નથી. વળી, જીવ મૃત્યુ પામીને અન્ય ભવમાં જાય છે ત્યારે જીવના પ્રયોગથી ગતિ થતી નથી, પરંતુ કર્મના પરતંત્રપણાથી જીવની ગતિ થાય છે. તેથી મૃત્યુ પામનાર જીવ પણ જેટલા આકાશપ્રદેશને અવગાહીને રહેલો છે તે આકાશપ્રદેશના ઉપર, નીચે

કે ચારે દિશામાં સમશ્રેણિથી જઈ શકે છે, વિષમશ્રેણિથી જઈ શકતો નથી. આથી જ મૃત્યુ પછીનું ઉત્પત્તિસ્થાન વિષમશ્રેણિમાં હોય ત્યારે વિગ્રહગતિની પ્રાપ્તિ થાય છે, તે વિગ્રહગતિ પણ સમશ્રેણિથી થાય છે, વિષમશ્રેણિથી ગતિ થતી નથી.

જેમ મૃત્યુ પ્રસંગે જીવ 

ઉત્પત્તિ આ પ્રમાણે જઈ શકે છે, પરંતુ 

ઉત્પત્તિ આ પ્રમાણે તિર્છી દિશામાં જઈ શકે નહીં. **II૨/૨૭II**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્રમાં કહ્યું કે અનુશ્રેણિથી ગતિ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે અનુશ્રેણિથી ગમન કરીને ગતિની પૂર્ણાહુતિ થાય છે કે પછી અનુશ્રેણિથી સ્થાનાંતર ગયા પછી વક્રગતિ પણ થાય છે ? તેથી કહે છે - પુદ્ગલોનો અનિયમ છે=પુદ્ગલો અનુશ્રેણિથી ગયા પછી વક્રગતિ પણ કરે છે. પુદ્ગલથી મુક્ત થયેલા સિદ્ધના જીવો એકાંતથી અવિગ્રહગતિ કરે છે એ બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**अविग्रहा जीवस्य ।।२/२८।।**

**સૂત્રાર્થ :-**

**જીવની=પુદ્ગલના સંબંધ વગરના જીવની, અવિગ્રહગતિ છે. II૨/૨૮II**

**ભાષ્ય :-**

**सिद्ध्यमानगतिर्जीवस्य नियतमविग्रहा भवति ।।२/२८।।**

**ભાષ્યાર્થ :-**

**सिद्ध्यमान ..... भवति ।। જીવની સિધ્યમાનગતિવાળા જીવની નિયત અવિગ્રહ ગતિ છે. II૨/૨૮II**

**ભાવાર્થ :-**

સર્વ કર્મથી મુક્ત થયેલા જીવો અનુશ્રેણિથી ગમન કરીને પોતે જે સ્થાનથી મૃત્યુ પામે છે તે સ્થાનના ઉપરમાં જઈને સ્થિર થાય છે, પરંતુ ઉપર પહોંચ્યા પછી વક્રગતિ કરતા નથી, તેથી ભાષ્યકારશ્રી કહે છે કે સિધ્યમાનગતિવાળા જીવની ઊર્ધ્વમાં નિયત અવિગ્રહવાળી ગતિ હોય છે. વળી, પુદ્ગલવાળા જીવો અને પુદ્ગલદ્રવ્યો જ્યારે ક્યારેક ઊર્ધ્વગતિ કરે, ક્યારેક અધોગતિ કરે, ક્યારેક તિર્ચ્છા ચારેય દિશામાંથી કોઈ એક દિશામાં ગમન કરે ત્યારે અનુશ્રેણિથી જાય છે. અનુશ્રેણિથી ગયા પછી વિગ્રહગતિ કરીને ઊર્ધ્વ તથા અધો દિશામાં પણ જાય છે. તેથી જે જીવને જે સ્થાનમાં ઉત્પન્ન થવાનું છે તે સ્થાન અનુશ્રેણિથી પ્રાપ્ત થાય

તેમ ન હોય તો વિગ્રહગતિથી પણ તે સ્થાનમાં જાય છે તેમ પરમાણુ કે પુદ્ગલના સ્કંધો પણ અનુશ્રેણિથી કોઈ સ્થાનમાં ગયા પછી વિગ્રહગતિથી ઊર્ધ્વ કે અધો પણ જાય છે. **॥૨/૨૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે કર્મરહિત જીવની અવિગ્રહગતિ હોય છે. એથી પ્રશ્ન થાય કે પુદ્ગલના સંયોગવાળા જીવની કેવા પ્રકારની ગતિ હોય છે ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ।।२/२९।।**

**સૂત્રાર્થ :-**

**અને ચાર વિગ્રહથી પૂર્વે=ત્રણ વિગ્રહથી, સંસારી જીવોને વિગ્રહવાળી ગતિ હોય છે. ।।૨/૨૯।।**

**ભાષ્ય :-**

**जात्यन्तरसङ्क्रान्तौ संसारिणो जीवस्य विग्रहवती चाविग्रहा च गतिर्भवतीति, उपपातक्षेत्रवशात् तिर्यगूर्ध्वमधश्च, प्राक् चतुर्भ्य इति, येषां विग्रहवती तेषां विग्रहाः प्राक् चतुर्भ्यो भवन्ति, अविग्रहा एकविग्रहा द्विविग्रहा त्रिविग्रहा इत्येताश्चतुस्समयपराश्चतुर्विधा गतयो भवन्ति, परतो न संभवन्ति, प्रतिघाताभावाद् विग्रहनिमित्ताभावाच्च, विग्रहो वक्रितं, विग्रहोऽवग्रहः श्रेण्यन्तरसङ्क्रान्तिरित्यनर्थान्तरम् । पुद्गलानामप्येवमेव शरीरिणां च जीवानां विग्रहवती चाविग्रहवती च प्रयोगपरिणामवशात् न तु तत्र विग्रहनियम इति ।।२/२९।।**

**ભાષ્યાર્થ :-**

**जात्यन्तरसङ्क्रान्तौ ..... इति ।। જાત્યંતરની સંક્રાંતિમાં=એક ભવમાંથી અન્યભવમાં ગમનકાળમાં, સંસારી જીવોની વિગ્રહવાળી અને અવિગ્રહવાળી ગતિ હોય છે. ઉપપાતક્ષેત્રના વશથી તિર્યગ્, ઊર્ધ્વ અને અધો ચાર વિગ્રહથી પૂર્વે=ત્રણ વિગ્રહથી, ગતિ હોય છે. તેથી જેઓને વિગ્રહગતિ છે, તેઓની વિગ્રહગતિ ચાર વિગ્રહથી પૂર્વમાં થાય છે અર્થાત્ ત્રણ વિગ્રહવાળી થાય છે.**

તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**અવિગ્રહ, એકવિગ્રહ, દ્વિવિગ્રહ, અને ત્રિવિગ્રહ એ પ્રમાણે આ ચારસમયપર=પ્રકૃષ્ટ ચાર સમયવાળી, ચાર પ્રકારની ગતિ થાય છે. પરથી=ત્રણ વિગ્રહગતિથી, વધારે સંભવતી નથી; કેમ કે પ્રતિઘાતનો અભાવ છે અને વિગ્રહના નિમિત્તનો અભાવ છે. વિગ્રહ વક્રિત છે=કુટિલ છે.**

વિગ્રહના પર્યાયવાચી શબ્દ કહે છે –

**વિગ્રહ, અવગ્રહ (અને) શ્રેણ્યંતરની સંક્રાંતિ એ અનર્થાન્તર છે=ત્રણેય શબ્દો એકાર્થવાચી છે.**

**પુદ્ગલોની પણ આ રીતે છે=જે પ્રમાણે સંસારી જીવોની વિગ્રહગતિ અને અવિગ્રહગતિ છે તે પ્રમાણે પુદ્ગલોની પણ છે. અને શરીરધારી જીવોની=જન્માંતરમાં જનારા નહીં પરંતુ ઔદારિકશરીર કે વૈક્રિયશરીર ધારણ કરનારા જીવોની, વિગ્રહવાળી અને અવિગ્રહવાળી ગતિ પ્રયોગપરિણામના વશથી થાય છે=જીવના સ્વપ્રયત્નને કારણે થતા પરિણામના વશથી કે અન્ય જીવના પ્રયત્નને કારણે થતા પરિણામના વશથી થાય છે. ત્યાં=પ્રયોગ પરિણામવશ થતી ગતિમાં, વિગ્રહનો નિયમ નથી= પ્રયોગ પરિણામવશ વિગ્રહગતિ ત્રણ વખત જ થાય છે તેવો નિયમ નથી તે અનેક વખત પણ થાય છે; કેમ કે પ્રયોગ પરિણામવશ ગતિમાં અનુશ્રેણિનો નિયમ નથી.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૨/૨૯॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને વિગ્રહગતિવાળી જન્માંતરની ગતિ ત્રણ વિગ્રહવાળી હોય છે તે બતાવવા માટે ચાર વિગ્રહથી પૂર્વ સુધી વિગ્રહગતિ છે, એમ સૂત્રમાં બતાવેલ છે. 'च' શબ્દથી અવિગ્રહગતિનો સમુચ્ચય છે. એથી એકભવમાંથી બીજા ભવમાં સંસારી જીવ સંક્રાન્ત થાય છે. ત્યારે તેને વિગ્રહવાળી અને અવિગ્રહવાળી એમ બે ગતિ થાય છે.

વિગ્રહવાળી ગતિ કઈ રીતે ત્રણ વિગ્રહથી પ્રાપ્ત થાય છે ? તે બતાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે –

ઉપપાતક્ષેત્રના વશથી=જે નવા ભવમાં ઉત્પન્ન થવાનું છે તે ક્ષેત્રના વશથી, તિર્યગ્, ઊર્ધ્વ કે અધઃ ત્રણ વિગ્રહવાળી ગતિ થાય છે.

તે જ કથનને સ્પષ્ટ કરતાં કહે છે –

એક અવિગ્રહવાળી ગતિ થાય છે, બીજી એક વિગ્રહવાળી, ત્રીજી બે વિગ્રહવાળી, ચોથી ત્રણ વિગ્રહવાળી આ પ્રકારે ચાર સમયવાળી ચાર પ્રકારની ગતિ થાય છે, ત્યારપછી અધિક વિગ્રહવાળી ગતિનો સંભવ નથી.

કેમ અધિક વિગ્રહનો સંભવ નથી ? તેમાં હેતુ કહે છે –

પ્રતિઘાતનો અભાવ છે.

આશય એ છે કે જન્માંતરમાં ગમન અવશ્ય અનુશ્રેણિથી થાય છે. તેથી જે જીવ જે આકાશપ્રદેશમાં મૃત્યુ પામે તે આકાશપ્રદેશથી ઊર્ધ્વ કે અધો અથવા પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ ચાર દિશામાં સમાન શ્રેણિથી જઈ શકે છે. તેથી ઉત્પત્તિસ્થાન વિષમશ્રેણિમાં હોય, ત્યારે પ્રાપ્તિસ્થાન પ્રત્યે જવામાં પ્રતિઘાતની પ્રાપ્તિ થાય છે અને તે પ્રતિઘાત ત્રણ સ્થાને ઉત્કૃષ્ટથી પ્રાપ્ત થાય છે. તેનાથી અધિક પ્રતિઘાતનો અભાવ છે, માટે ત્રણ વિગ્રહગતિથી અધિક વિગ્રહગતિની પ્રાપ્તિ નથી.

અહીં પ્રશ્ન થાય કે પ્રતિઘાત નહીં હોવાને કારણે ત્રણ વિગ્રહથી અધિક વિગ્રહ જીવ કરતો નથી તોપણ કોઈ જીવ વિગ્રહાંતરથી ગમન કરીને અધિક વિગ્રહથી ઉત્પત્તિસ્થાનમાં જાય છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી અન્ય હેતુ કહે છે –

વિગ્રહાંતરના નિમિત્તનો અભાવ છે.

આશય એ છે કે સમશ્રેણિ ગમનથી ઉત્પત્તિસ્થાનની પ્રાપ્તિ થતી હોય તો જીવ વિગ્રહગતિ કરીને ઉત્પત્તિસ્થાનમાં જાય નહીં, પરંતુ સમશ્રેણિના ગમનથી ઉત્પત્તિસ્થાનની પ્રાપ્તિ ન હોય ત્યારે તે જીવને વિગ્રહગતિ થવાનું નિમિત્ત તે સ્થાન બને છે. તેથી તે સ્થાનમાં વળાંક લઈને જ જીવ સ્વસ્થાનમાં જવા યત્ન કરે છે. વળી ચૌદ રાજલોકનો તે પ્રકારનો જ આકાર છે કે જેથી કોઈપણ સ્થાનથી મૃત્યુ પામેલ જીવ અવશ્ય ત્રણ વિગ્રહથી ઉત્પત્તિસ્થાનને પ્રાપ્ત કરી શકે છે. તેથી ત્રણથી અધિક વિગ્રહને કરવાનું નિમિત્ત કોઈ ઉત્પત્તિસ્થાન નથી. તેથી ત્રણ વિગ્રહથી અધિક વિગ્રહનો સંભવ નથી.

આ રીતે જીવની જન્માંતરમાં વિગ્રહગતિ કે અવિગ્રહગતિ કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કર્યા પછી ભાષ્યકારશ્રી વિગ્રહનો અર્થ કરે છે –

વિગ્રહ એટલે વક્રિત, પરભવમાં જતાં જીવ સમશ્રેણિથી જતો હોય ત્યારે ઉત્પત્તિસ્થાનમાં વક્રગમન કરીને જાય તે વિગ્રહ છે.

વિગ્રહના પર્યાયવાચી શબ્દો કહે છે –

વિગ્રહ, અવગ્રહ અને શ્રેણિ અંતર સંક્રાંતિ વિગ્રહના પર્યાયવાચી શબ્દો છે.

વિગ્રહ એટલે વક્રગમન. અવગ્રહ એટલે પણ વક્રગમન. સમશ્રેણિમાં જતો જીવ વક્ર થઈને અન્ય દિશાની સમશ્રેણિમાં જાય તે શ્રેણિ અંતરની સંક્રાંતિ છે તે વિગ્રહ શબ્દનો અર્થ છે.

પુદ્ગલોને પણ આ પ્રમાણે જ ગમન છે. આથી જ પુદ્ગલો પણ વિસ્રસા પરિણામથી અન્ય આકાશપ્રદેશમાં જતા હોય ત્યારે સમશ્રેણિમાં જ જાય છે, વિષમશ્રેણિમાં જતા નથી. તેથી કોઈ પરમાણુ અધોલોકમાં રહેલ હોય અને તેમાં ગતિપરિણામ પ્રગટે તો તે ઊર્ધ્વમાં સમશ્રેણિથી ચૌદ રાજલોકના અંત સુધી પણ જઈ શકે અને ક્યારેક તે પ્રકારનો મંદ ગતિપરિણામ થાય તો એક આકાશપ્રદેશ ઊર્ધ્વમાં પણ જઈ શકે. લોકના કોઈ એક ભાગથી અન્ય ભાગમાં પરમાણુ આદિ વિસ્રસાપરિણામથી ગતિ કરે ત્યારે તે સ્થાન જે પ્રકારે વિષમશ્રેણિમાં હોય તેને અનુરૂપ એક વક્રગતિ, બે વક્રગતિ કે ત્રણ વક્રગતિથી તે ગમનના સ્થાનમાં જાય છે. તેથી જીવની જેમ પુદ્ગલોની પણ ગમનક્રિયા છે.

વળી ઔદારિકશરીરધારી કે વૈક્રિયશરીરધારી જીવો સ્વપ્રયત્નરૂપ પ્રયોગના પરિણામને વશ કે પર દ્વારા પ્રેરણા કરાયેલા પ્રયોગના પરિણામને વશ વિગ્રહગતિથી કે અવિગ્રહગતિથી સ્થાનાંતર જાય છે અર્થાત્ સમશ્રેણિથી પણ તેઓ જાય છે અને વિષમશ્રેણિથી પણ જાય છે. સમશ્રેણિથી જાય ત્યારે અવિગ્રહગતિથી જાય છે અને વિષમશ્રેણિથી જાય ત્યારે વિગ્રહગતિથી જાય. આ રીતે પ્રયત્નથી થનારી ગતિમાં વિગ્રહનો કોઈ નિયમ નથી અર્થાત્ ઉચિતસ્થાને અનેક વિગ્રહથી પણ પહોંચે છે.

અહીં વિશેષ એ છે કે જન્માંતરમાં જનાર જીવ સમશ્રેણિથી જાય છે ત્યારે ત્રસનાડીથી બહાર રહેલા જીવો ત્રસનાડીથી બહારના ભાગમાં જ કોઈ સ્થાનમાં ઉત્પન્ન થવાના હોય ત્યારે અવક્રગતિથી પણ જાય છે.

ઉત્પત્તિસ્થાન વિષમશ્રેણિમાં હોય તો એક વિગ્રહથી જાય છે. ક્યારેક એક વિગ્રહથી તે સ્થાનની પ્રાપ્તિ થાય તેમ ન હોય તો બે વિગ્રહથી તે સ્થાનમાં પહોંચે છે. ક્યારેક બે વિગ્રહથી તે સ્થાનની પ્રાપ્તિ થાય તેમ ન હોય તો ત્રણ વિગ્રહથી તે સ્થાને પહોંચે છે, તે વખતે સમશ્રેણિમાં જતી વખતે ત્રસનાડી વચમાં ન આવતી હોય તો ત્રસનાડીમાં જતા નથી અને સમશ્રેણિ ગમન કરતાં વચમાં ત્રસનાડીની પ્રાપ્તિ થતી હોય તો ત્રસનાડીમાં પણ જાય છે. ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં કે અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં જન્મ લેનારા એકેન્દ્રિય જીવોને મધ્યમાં એક રજ્જુરૂપ ત્રસનાડીમાંથી પસાર થવું પડે, એ સિવાય ઊર્ધ્વલોકમાંથી અધોલોક કે અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં જઈ શકાય નહીં, તે વખતે ઉત્કૃષ્ટથી ચાર વિગ્રહની પ્રાપ્તિ પણ થઈ શકે છે, છતાં ગ્રંથકારશ્રીએ તેની વિવક્ષા કરેલ નથી. ત્રસ જીવોની ઉત્પત્તિ ત્રસનાડીની બહાર નથી, તેથી ત્રસ જીવ મરીને ત્રસ થતો હોય તો બે વિગ્રહથી અધિક વિગ્રહની પ્રાપ્તિ થાય નહીં. ત્રસ મરીને સ્થાવરમાં જાય તો ત્રણ વિગ્રહથી અધિક પ્રાપ્ત થાય નહીં. **॥૨/૨૯॥**

**ભાષ્ય :-**

**अत्राह – अथ विग्रहस्य किं परिमाणमिति ? अत्रोच्यते – क्षेत्रतो भाज्यम्, कालतस्तु –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=પૂર્વમાં સંસારી જીવોને ત્રણ વિગ્રહગતિ છે એમ કહ્યું એમાં, શંકા કરે છે – વિગ્રહનું શું પરિમાણ છે ?=વિગ્રહનું કેટલું પ્રમાણ છે? અહીં=એ પ્રકારની શંકામાં, ઉત્તર અપાય છે - ક્ષેત્રથી ભાજ્ય છે=વિગ્રહના પ્રમાણના અનેક વિકલ્પો છે, વળી કાળથી વિગ્રહનું પ્રમાણ સૂત્રમાં બતાવે છે -**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે સંસારી જીવો ઉત્કૃષ્ટથી ત્રણ વિગ્રહગતિ કરે છે, ત્યાં ભાષ્યકારશ્રી શંકા કરે છે – ક્ષેત્રને આશ્રયીને વિગ્રહનું પ્રમાણ કેટલું છે ? અર્થાત્ કેટલા આકાશપ્રદેશોના પ્રમાણવાળી વિગ્રહગતિ સંભવે છે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

ક્ષેત્રથી વિગ્રહનો પરિણામ ભાજ્ય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ જીવ કોઈક સ્થાનથી અન્ય ભવમાં આવે અને તેના એકાદિ આકાશપ્રદેશથી પૂર્વના આકાશપ્રદેશનો ભેદ હોય તે સ્થાનમાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે અવિગ્રહગતિ કરે તે વખતે પૂર્વભવના દેહના અવગાહનવાળા આકાશપ્રદેશથી બાજુના આકાશપ્રદેશમાં અથવા નીચેના આકાશપ્રદેશમાં કે ઉપરના આકાશપ્રદેશમાં જવું હોય તો અવિગ્રહગતિ પ્રાપ્ત થાય. જેમ કોઈ વિવક્ષિત અસંખ્યાત આકાશપ્રદેશની અવગાહનાવાળો જીવ તેની બાજુના એકાદિ આકાશને અવગાહીને ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિ રહિતપણે તે સ્થાનમાં ઉત્પન્ન થાય. પરંતુ તે બાજુના પ્રદેશના ઉપરના કે નીચેના આકાશપ્રદેશમાં ઉત્પન્ન થવું હોય તો પ્રથમ બાજુના આકાશમાં ગમન કરવું પડે. ત્યારપછી ઉપરના કે નીચેના આકાશપ્રદેશમાં ગમન કરે ત્યારે એક સમયની વિગ્રહગતિ પ્રાપ્ત થાય; પરંતુ તેવી એક સમયની વિગ્રહગતિના ક્ષેત્રને

આશ્રયીને વિકલ્પો કરીએ તો એક સમયની વિગ્રહગતિના જ અસંખ્યાત વિકલ્પો થાય, તે રીતે બે સમયાદિના પણ ક્ષેત્રને આશ્રયીને અનેક વિકલ્પો પ્રાપ્ત થાય છે. તેથી ક્ષેત્રને આશ્રયીને વિગ્રહગતિના વિકલ્પો અનેક પ્રાપ્ત થાય છે; કેમ કે લોકાન્ત સુધીના કોઈપણ ક્ષેત્રમાં કર્મને વશ તે જીવ ઉત્પન્ન થાય છે. તેમાં જેટલા વિકલ્પો પડી શકે એટલા વિકલ્પો ક્ષેત્રને આશ્રયીને વિગ્રહગતિની પ્રમાણસંખ્યા પ્રાપ્ત થાય. અને કાલને આશ્રયીને વિચારીએ તો નિયત પરિણામવાળી વિગ્રહગતિ છે. તે બતાવવા માટે સૂત્ર કહે છે –

**સૂત્ર :-**

**एकसमयोऽविग्रहः ।।२/३०।।**

**સૂત્રાર્થ :-**

**એક સમયનો અવિગ્રહ છે. (તેથી કાલને આશ્રયીને બે આદિ સમયની વિગ્રહગતિ છે.) ।।૨/૩૦।।**

**ભાષ્ય :-**

**एकसमयोऽविग्रहो भवति, अविग्रहा गतिरालोकान्तादप्येकेन समयेन भवति, एकविग्रहा द्वाभ्याम्, द्विविग्रहा त्रिभिः, त्रिविग्रहा चतुर्भिरिति । अत्र भङ्गप्ररूपणा कार्येति ।।२/३०।।**

**ભાષ્યાર્થ :-**

**एकसमयो ..... कार्येति ।। એક સમય અવિગ્રહ હોય છે=અવિગ્રહગતિથી જીવનું એક સમયમાં જન્માંતરમાં ગમન હોય છે. વળી અવિગ્રહગતિ લોકના અંત સુધી પણ એક સમયથી થાય છે. એક વિગ્રહવાળી ગતિ બે સમયથી થાય છે. બે વિગ્રહવાળી ગતિ ત્રણ સમયથી થાય છે. ત્રણ વિગ્રહવાળી ગતિ ચાર સમયથી થાય છે. અહીં=કાળને આશ્રયીને ત્રણ પ્રકારની વિગ્રહગતિનું કાલમાન બતાવ્યું એમાં, ભાંગાઓની પ્રરૂપણા કરવી જોઈએ.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૩૦।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં ભાષ્યકારશ્રીએ કહેલું કે કાળથી પરિમાણ સૂત્રમાં બતાવાય છે. તેથી વિગ્રહગતિના કાળનું માન બતાવવા માટે પ્રથમ અવિગ્રહગતિ એક સમયની હોય છે, તેમ બતાવે છે.

વળી આ અવિગ્રહગતિ એક સમયથી લોકના અંત સુધી પ્રાપ્ત થાય છે.

એથી એ પ્રાપ્ત થાય કે કોઈક જીવ જે આકાશપ્રદેશ પર રહેલો હોય તે આકાશપ્રદેશના ઉપરના કે નીચેના કોઈ આકાશપ્રદેશમાં ઉત્પન્ન થવાનો હોય તો વિગ્રહ રહિત તે આકાશમાં ઉત્પન્ન થાય છે. વળી કોઈ જીવ જન્માંતરમાં જાય છે ત્યારે અવશ્ય સમશ્રેણિથી ગમન હોવાના કારણે વિગ્રહગતિ વગર ઉત્પત્તિસ્થાનમાં

પહોંચી શકે તેમ ન હોય ત્યારે એક વિગ્રહવાળી ગતિ બે સમયથી થાય છે, બે વિગ્રહવાળી ગતિ ત્રણ સમયથી થાય છે અને ત્રણ વિગ્રહવાળી ગતિ ચાર સમયથી થાય છે.

અહીં=વિગ્રહગતિના વિષયમાં, ભંગની પ્રરૂપણા કરવી જોઈએ. તે આ પ્રમાણે –

નરકમાં જનારા જીવો ક્યારેક નરકમાં ઉત્પન્ન થતા હોય ત્યારે ક્યારેક વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે અને ક્યારેક અવિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે, તો વળી ક્યારેક નરકમાં ઉત્પન્ન થનારામાંથી કોઈ એક વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે, અન્ય અવિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. વળી જેઓ વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે તેઓમાં પણ કોઈ એક વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થનારા કેટલાક એક વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે અને કેટલાક બે આદિ વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. આ રીતે અનેક વિકલ્પરૂપ ભંગોની પ્રાપ્તિ થાય છે. વળી નરકને આશ્રયીને વિચારણા કરી, તેમ એકેન્દ્રિય-બેઇન્દ્રિયાદિ જીવોને આશ્રયીને પણ ઘણા વિકલ્પો થાય, તે સર્વ ભાંગાઓની અહીં પ્રરૂપણા કરવી જોઈએ, એ પ્રકારનું દિશા સૂચન ભાષ્યકારશ્રીએ કરેલ છે. **॥૨/૩૦॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૨૫માં કહેલ કે સંજ્ઞી જીવો મનવાળા હોય છે. તેથી પ્રશ્ન થયેલો કે જે જીવો વિગ્રહગતિમાં હોય છે, તેઓને કાયાનો, વચનનો અને મનનો યોગ નથી, તો પછી તેઓને કેવા પ્રકારનો યોગ સંભવે ? તેથી સૂત્ર-૨૬માં સ્પષ્ટતા કરી કે કાર્મણશરીરનો યોગ વિગ્રહગતિમાં હોય છે. ત્યાં પ્રશ્ન થયો કે વિગ્રહગતિની પ્રાપ્તિ કેમ થઈ ? તેથી ખુલાસો કર્યો કે પરભવમાં જતા જીવો અનુશ્રેણિથી ગમન કરે છે. તે અનુશ્રેણિ બતાવ્યા પછી સિદ્ધના જીવો અવિગ્રહગતિથી જાય છે, એમ બતાવ્યું અને સંસારી જીવોને ત્રણ વિગ્રહગતિ પ્રાપ્ત થાય છે, તેમ બતાવ્યું તથા સંસારી જીવોને એક સમયની અવિગ્રહગતિ પણ છે, એમ બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે વિગ્રહગતિમાં જનારા જીવો આહાર કરે છે કે નહીં ? તેથી કયા પ્રકારની વિગ્રહગતિમાં જીવો અનાહારક છે ? અને કયા પ્રકારની વિગ્રહગતિમાં જીવો આહારક છે ? તેનો બોધ કરાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**एकं द्वौ वाऽनाहारकः ।।२/३१।।**

**સૂત્રાર્થ :-**

**વિગ્રહગતિમાં જીવ એક સમય અથવા બે સમય અનાહારક હોય છે. ।।૨/૩૧।।**

**ભાષ્ય :-**

**विग्रहगतिसमापन्नो जीव एकं वा समयं द्वौ वा समयावनाहारको भवति, शेषं कालमनुसमयमाहारयति, कथमेकं द्वौ वाऽनाहारकौ न बहूनीति, अत्र भङ्गप्ररूपणा कार्या ।।२/३१।।**

**ભાષ્યાર્થ :-**

**विग्रहगतिसमापन्नो ..... कार्या ।। વિગ્રહગતિને પ્રાપ્ત થયેલ જીવ એક સમય અથવા બે સમય અનાહારક હોય છે. શેષકાળમાં=જન્માંતરગતિ સિવાયના કાળમાં કે અવિગ્રહગતિના કાળમાં કે એક વિગ્રહગતિના કાળમાં, જીવ અનુસમય આહાર કરે છે. કેવી રીતે એક અથવા બે સમય અનાહારક છે, બહુ સમય નથી ? એ વિષયમાં ભંગની પ્રરૂપણા કરવી જોઈએ. ।।૨/૩૧।।**

**ભાવાર્થ :-**

કોઈ જીવ કોઈ ભવમાંથી ચ્યવીને સમશ્રેણિથી અન્ય ભવમાં જાય તો વિગ્રહગતિ વગર જાય છે ત્યારે તે જીવ જે સમયમાં ચ્યવે છે તે જ સમયે ઉત્પત્તિસ્થાન ઉપર ઉત્પન્ન થાય છે. જેથી કોઈ જીવ આઠમા સમયે મનુષ્યભવથી ચ્યવેલો હોય, અને અનુશ્રેણિમાં જ તજ્જન્મની પ્રાપ્તિ હોય તો આઠમા સમયે જ તે સ્થાનમાં જન્મે છે તે એક સમયની અવિગ્રહગતિ છે. તે વખતે તે જીવ આઠમા સમયે મનુષ્યભવમાં હતો ત્યારે મૃત્યુના સમયે આહાર કરે છે અને તે દેહનો ત્યાગ કરીને આઠમા સમયે ઉત્તરના દેહને પ્રાપ્ત કરે છે ત્યાં પણ ઉત્પત્તિના સમયમાં જ આહારને ગ્રહણ કરે છે. તેથી અવિગ્રહગતિવાળો જીવ આહારક છે, અનાહારક નથી.

વળી કોઈ જીવ એક વિગ્રહગતિથી જાય છે તે પણ આહારક જ છે, અનાહારક નથી.

જેમ કોઈ મનુષ્યભવમાંથી ચ્યવીને એક વિગ્રહગતિથી ઉત્તરના જન્મને પ્રાપ્ત કરે, ત્યારે આઠમા સમયે તેનું મૃત્યુ થાય તે સમયે તેણે મનુષ્યના દેહમાં આહાર કરેલો અને નવમા સમયે વિગ્રહગતિ કરીને ઉત્તરના જન્મમાં પહોંચે છે ત્યાં આહાર ગ્રહણ કરે છે. તેથી તે જીવને આઠમા સમયમાં પૂર્વના જન્મના દેહથી આહારની પ્રાપ્તિ હતી અને નવમા સમયમાં ઉત્તરના જન્મમાં આહારની પ્રાપ્તિ થાય છે. માટે એક વિગ્રહગતિમાં બન્ને સમય જીવ આહારક જ છે, અનાહારક નથી.

વળી કોઈ જીવ બે વિગ્રહગતિથી ઉત્તરના જન્મને પ્રાપ્ત કરે તો એક સમય અનાહારક પ્રાપ્ત થાય; કેમ કે આઠમા સમયમાં તે ચ્યવે છે ત્યારે તે આહાર કરે છે, નવમા સમયમાં પ્રથમ વિગ્રહગતિથી જાય છે ત્યારે અનાહારક છે અને દશમા સમયમાં બીજી વિગ્રહગતિથી ઉત્પત્તિસ્થાનમાં આવે છે ત્યારે આહારક બને છે. માટે એક સમય અનાહારકની પ્રાપ્તિ છે. એ રીતે ત્રણ વિગ્રહગતિથી જન્મ લેનારા જીવોને બે સમય અનાહારની પ્રાપ્તિ છે.

અહીં આહાર શબ્દથી ઔદારિકશરીરવાળાને ઔદારિક આહાર અને વૈક્રિયશરીરવાળાને વૈક્રિય આહારની પ્રાપ્તિ છે. આહાર ત્રણ પ્રકારના છે : ઓજાહાર, લોમાહાર અને કવલાહાર. તેમાંથી ઉત્પત્તિ સમયમાં જીવ ઓજાહાર ગ્રહણ કરે છે, જ્યારે શેષકાળમાં લોમાહાર હોય છે. તેથી જે જીવો વિગ્રહગતિ વગર જાય છે કે એક વિગ્રહગતિથી જાય છે તેઓ પૂર્વના શરીરથી લોમાહાર કરે છે અને ઉત્તરના શરીરથી ઓજાહાર ગ્રહણ કરે છે. કર્મના ગ્રહણરૂપ પુદ્ગલોનું ગ્રહણ તો વિગ્રહગતિમાં પણ અવશ્ય વર્તે છે, તેથી કર્મના ગ્રહણરૂપ આહારને અહીં ગ્રહણ કરેલ નથી.

વળી જીવ વિગ્રહગતિમાં જાય છે ત્યારે એક સમય કે બે સમય અનાહારક છે, વધારે નથી - એ વિષયમાં ભિન્ન ભિન્ન જીવોને આશ્રયીને ભિન્ન ભિન્ન વિકલ્પો થાય છે. તે વિકલ્પરૂપ ભંગની પ્રરૂપણા કરવી જોઈએ. જેથી સર્વ જીવોને આશ્રયીને એક સમયના અનાહારક, બે સમયના અનાહારક કેવી રીતે પ્રાપ્ત થાય છે ? અને અનાહારક કેવી રીતે પ્રાપ્ત થતા નથી. ? તેનો યથાર્થ બોધ થાય છે.

અહીં ટીકાકારશ્રીએ અન્ય પ્રકારનો અર્થ કર્યો છે. તેઓશ્રી કહે છે કે બે વિગ્રહમાં એક સમય અનાહારક હોય છે અને ત્રણ વિગ્રહમાં બે સમય અનાહારક હોય છે, એ પ્રકારે ભંગની પ્રરૂપણા કરાઈ છે. પરંતુ તે રીતે યોજન કરતાં અન્ય પ્રકારનું યોજન અમને ઉચિત જણાવાથી ઉપર પ્રમાણે અર્થ કરેલ છે, તત્ત્વ બહુશ્રુત જાણે. **॥૨/૩૧॥**

**ભાષ્ય :-**

**अत्राह – एवमिदानीं भवक्षये जीवोऽविग्रहया विग्रहवत्या वा गत्या गतः कथं पुनर्जायत इति ?, अत्रोच्यते – उपपातक्षेत्रं स्वकर्मवशात्प्राप्तः शरीरार्थं पुद्गलग्रहणं करोति,** 'सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते' **(अ. ८, सू. २) इति, तथा** 'कायवाङ्मनःप्राणापानाः पुद्गलानामुपकारः ।' **(अ. ५, सू. १९)** 'नामप्रत्ययाः सर्वतो योगविशेषात्' **(अ. ८, सू. २५) इति वक्ष्यामः, तज्जन्म तच्च त्रिविधम्, तद्यथा –**

**ભાષ્યાર્થ :-**

अत्राह ..... **तद्यथा – અહીં=વિગ્રહગતિનું કથન કર્યું એમાં, કોઈ શંકા કરે છે – આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, હમણાંનો ભવક્ષય થયે છતે જીવ અવિગ્રહગતિથી કે વિગ્રહગતિથી ગયેલો કેવી રીતે ઉત્પન્ન થાય છે ?**

**'इति' શબ્દ શંકાની સમાપ્તિ અર્થે છે.**

**અહીં=એ પ્રકારની શંકામાં, કહેવાય છે=ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે – સ્વકર્મના વશથી ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત થયેલ જીવ શરીર માટે પુદ્ગલ ગ્રહણ કરે છે.** 'સકષાયપણું હોવાથી જીવ કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે.' **(અધ્યાય-૮, સૂત્ર-૨) અને** 'કાય, વાગ્, મન અને શ્વાસોચ્છ્વાસ પુદ્ગલોનો ઉપકાર છે.' **(અધ્યાય-૫, સૂત્ર-૧૯)** 'યોગવિશેષથી સર્વથી=આત્મ પ્રદેશ અવગાઢ એવી સર્વ દિશાઓથી, નામપ્રત્યયવાળા પુદ્ગલવિશેષોનો બંધ થાય છે એમ અન્વય છે' **(અધ્યાય-૮, સૂત્ર-૨૫) એ પ્રમાણે ગ્રંથકારશ્રી આગળ કહેશે. તે જન્મ છે=સ્વકર્મવશથી ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત જીવ શરીર માટે પુદ્ગલ ગ્રહણ કરે છે તે જન્મ છે, અને તે ત્રિવિધ છે તે આ પ્રમાણે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે વિગ્રહગતિ અને અવિગ્રહગતિથી જીવ અન્યભવમાં જાય છે ત્યાં કોઈ શંકા કરે છે –

કોઈ જીવ હમણાંના ભવના ક્ષયમાં વિગ્રહગતિથી કે અવિગ્રહગતિથી જન્માંતરમાં જાય છે, ત્યારે કેવી રીતે ઉત્પન્ન થાય છે ? અર્થાત્ કેવી રીતે નવો જન્મ ગ્રહણ કરે છે ? એ પ્રકારની શંકામાં ભાષ્યકારશ્રી ઉત્તર આપે છે –

નવી ગતિમાં જનારો જીવ સ્વકર્મના વશથી ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત થયેલ નવા શરીર માટે પુદ્ગલનું ગ્રહણ કરે છે તે જન્મ છે. આ જન્મ ત્રણ પ્રકારનો છે. તેને સૂત્રમાં 'तद्यथा'થી બતાવે છે –

સ્વકર્મના વશથી ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત એવો જીવ શરીર માટે પુદ્ગલ ગ્રહણ કરે છે, તે જન્મ છે. એ પ્રકારના કથનમાં પ્રશ્ન થાય કે સ્વકર્મને વશ ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત થયેલો જીવ શરીર માટે પુદ્ગલને કેમ ગ્રહણ કરે છે ? તેની પુષ્ટિ કરવા માટે આગળમાં કહેવાનારા ત્રણ સૂત્રની સાક્ષી ભાષ્યકારશ્રી આપે છે –

સકષાયપણાને કારણે જીવ કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, એમ આગળમાં કહેવાશે. સકષાયવાળો જીવ યોગવિશેષવાળો હોય છે. તેથી સર્વથા=જે આકાશપ્રદેશ પર રહેલો છે તે આકાશપ્રદેશમાંથી, જ્ઞાનાવરણીય આદિ નામવાળા કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, એ પ્રમાણે પ્રદેશબંધના વિચારમાં કહેવામાં આવશે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કષાયવાળો જીવ કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે. કષાયવાળો જીવ યોગવિશેષ-વાળો હોવાથી જ્ઞાનાવરણીય આદિ કર્મપુદ્ગલોને બાંધે છે.

આવા કર્મપુદ્ગલોથી યુક્ત એવો જીવ શરીર માટે પુદ્ગલો કેમ ગ્રહણ કરે છે ? તે બતાવવા માટે કહે છે –

કાયા, વાક્, મન અને શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર છે એમ આગળમાં બતાવાશે. તેથી કર્મપુદ્ગલવાળો જીવ પોતાના ઉપર પુદ્ગલના ઉપકાર માટે કાયા, વાક્, મન અને શ્વાસોચ્છ્વાસરૂપ પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે જન્મ છે. આ જન્મ ત્રણ પ્રકારનો છે જે પ્રસ્તુત સૂત્રમાં બતાવે છે –

**સૂત્ર :-**

**सम्मूर्च्छनगर्भोपपाता जन्म ।।२/३२।।**

**સૂત્રાર્થ :-**

**સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત જન્મ છે. ।।૨/૩૨।।**

**ભાષ્ય :-**

**सम्मूर्च्छनं १, गर्भ २, उपपात ३ इत्येतत् त्रिविधं जन्म ।।२/३२।।**

**ભાષ્યાર્થ :-**

**सम्मूर्च्छनं ..... जन्म ।। સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એ પ્રમાણે આ ત્રણ પ્રકારનો જન્મ છે. ।।૨/૩૨।।**

**ભાવાર્થ :-**

જીવો પોતાના કર્મને વશ નવા જન્મના ક્ષેત્રમાં જઈને જન્મ લે છે તે જન્મ કેટલાક જીવોને સંમૂર્છિમરૂપે મળે છે. જેમ એકેન્દ્રિય આદિ સંમૂર્છિમ પંચેંદ્રિય સુધીના મનુષ્યોનો કે તિર્યંચોનો જન્મ ગર્ભથી કે ઉપપાતથી થતો નથી પરંતુ ઉત્પત્તિસ્થાનમાં રહેલા તે પ્રકારના પુદ્ગલોમાં તેઓ જન્મી શકે તેવી યોનિ ઉત્પન્ન થાય છે, તેથી ત્યાં તેઓ જન્મે છે. વળી કેટલાક જીવો ગર્ભથી ઉત્પન્ન થાય છે જેમ મનુષ્ય અને કેટલાક તિર્યંચો. વળી કેટલાક જીવો ઉપપાતથી જન્મે છે જેમ દેવતા અને નારક. **॥૨/૩૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં ત્રણ પ્રકારના જન્મ બતાવ્યા. તેથી પ્રશ્ન થાય કે ત્રણ પ્રકારના જન્મ લેનારા જીવો જે સ્થાનમાં ઉત્પન્ન થાય છે તે સ્થાનરૂપ યોનિ કેટલા પ્રકારની છે ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ।।२/३३।।**

**સૂત્રાર્થ :-**

**સચિત્ત, શીત અને સંવૃત ઇતરથી સહિત અને મિશ્ર એક એક તેની યોનિઓ છે=જન્મની યોનિઓ છે=જન્મનાં ઉત્પત્તિસ્થાનો છે. ।।૨/૩૩।।**

**ભાષ્ય :-**

**संसारे जीवानामस्य त्रिविधस्य जन्मन एताः सचित्तादयः सप्रतिपक्षा मिश्राश्चैकशो योनयो भवन्ति । तद्यथा–सचित्ता, अचित्ता, सचित्ताचित्ता, शीता, उष्णा, शीतोष्णा, संवृता, विवृता, संवृतविवृता इति, तत्र नारकदेवानामचित्ता योनिः, गर्भजन्मनां मिश्रा, त्रिविधाऽन्येषाम् । गर्भजन्मनां देवानां च शीतोष्णा, तेजःकायस्योष्णा, त्रिविधाऽन्येषाम् । नारकैकेन्द्रियदेवानां संवृता, गर्भजन्मनां मिश्रा, विवृताऽन्येषामिति ।।२/३३।।**

**ભાષ્યાર્થ :-**

संसारे ..... अन्येषामिति ।। **સંસારમાં જીવોના આ ત્રિવિધ એવા જન્મની આ સચિત્તાદિ સપ્રતિપક્ષ અને મિશ્ર એવી એક એક યોનિઓ થાય છે. તે આ પ્રમાણે – સચિત્તયોનિ, અચિત્તયોનિ, સચિત્તાચિત્તયોનિ, શીતયોનિ, ઉષ્ણયોનિ, શીતોષ્ણયોનિ, સંવૃતયોનિ, વિવૃતયોનિ, અને સંવૃત-વિવૃતયોનિ.**

**'इति' શબ્દ નવ પ્રકારના યોનિના ભેદની સમાપત્તિમાં છે.**

**ત્યાં=નવ પ્રકારની યોનિમાં, નારક અને દેવોને અચિત્તયોનિ છે, ગર્ભથી જન્મનારા જીવોની**

**મિશ્રયોનિ છે અને બાકીના જીવોને ત્રણ પ્રકારની છે=સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ રૂપ ત્રણેય પ્રકારની યોનિ હોય છે.**

**ગર્ભથી જન્મનારાને અને દેવોને શીતોષ્ણયોનિ હોય છે, તેજસ્કાયને ઉષ્ણયોનિ હોય છે, અન્ય જીવોને ત્રણેય પ્રકારની હોય છે=કેટલાકને શીતયોનિ, કેટલાકને ઉષ્ણયોનિ અને કેટલાકને શીતોષ્ણયોનિ એમ ત્રણેય પ્રકારની યોનિ હોય છે. નારક, એકેન્દ્રિય અને દેવોને સંવૃતયોનિ હોય છે, ગર્ભથી જન્મનારાને મિશ્રાયોનિ=સંવૃતઅસંવૃતરૂપ મિશ્રાયોનિ, હોય છે, જ્યારે અન્યજીવોને વિવૃત=અસંવૃત યોનિ હોય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૨/૩૩॥**

**ભાવાર્થ :-**

યોનિ શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં ટીકાકારશ્રી કહે છે –

જે સ્થાનમાં જન્મના હેતુ એવાં દ્રવ્યો કાર્મણશરીરની સાથે યુવનભાવને પામે=મિશ્રભાવને પામે, તે નવા જન્મની ઉત્પત્તિનું સ્થાન યોનિ છે. આ સ્થાન જીવની ઉત્પત્તિના આશ્રયભૂત હોવાથી તેને યોનિ કહેવાય છે.

યોનિના નવ ભેદો છે. સૂત્ર-૩૨માં કહેલ કે ત્રણ પ્રકારના જન્મો છે. તે ત્રણ પ્રકારથી ઉત્પન્ન થતા જીવોના ઉત્પત્તિસ્થાન આત્મક યોનિ સચિત્ત, અચિત્ત અને મિશ્ર, શીત, ઉષ્ણ અને શીતોષ્ણ, સંવૃત, વિવૃત અને સંવૃતવિવૃત એમ નવ ભેદથી છે. તેમાં નારક અને દેવોને અચિત્ત જ યોનિ છે; કેમ કે નારકો વજ્રમય નરક-કૂંડીઓમાં વાતાયન જેવી અચેતન યોનિઓમાં જન્મે છે. વળી દેવો ઢાંકેલા વસ્ત્રવાળી દેવશય્યામાં જન્મે છે, તે પણ અચેતન છે. તેથી તેઓનું ઉત્પત્તિસ્થાન અચિત્ત છે. ગર્ભથી જન્મ લેનારા જીવોને મિશ્રયોનિ છે. તે ગર્ભથી જન્મ લેનારા જીવો એવા મનુષ્યો માતાના ઉદરમાં આવે છે તે સ્થાન સચિત્ત છે અને શુક્ર તથા શોણિતરૂપ અચિત્ત અંશ છે, તેથી તે મિશ્રયોનિ છે. તે જ રીતે તિર્યંચોને પણ મિશ્રયોનિ છે. સંમૂર્ચ્છિમ જીવોને સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણેય પ્રકારની યોનિ હોય છે અર્થાત્ કેટલાક જીવોને સચિત્તયોનિ હોય છે, કેટલાક જીવોને અચિત્તયોનિ હોય છે તો કેટલાક જીવોને મિશ્રયોનિ હોય છે.

આ રીતે સચિત્ત, અચિત્ત, અને મિશ્રનો ભેદ બતાવ્યા પછી શીત, ઉષ્ણ અને શીતોષ્ણનો ભેદ કોને હોય છે ? તે બતાવે છે –

ગર્ભજન્મવાળા જીવોને અને દેવોને શીતોષ્ણ યોનિ હોય છે, તેઉકાયના જીવોને ઉષ્ણયોનિ હોય છે, જ્યારે ગર્ભજ, દેવો અને તેઉકાય સિવાયના નારક આદિ અન્ય જીવોને ત્રણેય પ્રકારની યોનિ હોય છે. અર્થાત્ કેટલાકને શીત, કેટલાકને ઉષ્ણ કે કેટલાકને શીતોષ્ણ યોનિ હોય છે. નરકમાં પણ અમુક નરક સુધી ઉષ્ણયોનિ હોય છે, અમુક નરકમાં શીતયોનિ હોય છે અને અમુક નરકમાં કોઈક સ્થાનમાં માત્ર શીતયોનિ હોય છે અને કોઈક સ્થાનમાં માત્ર ઉષ્ણયોનિ હોય છે તે રૂપ મિશ્ર=શીતોષ્ણ, યોનિ હોય છે.

વળી સંવૃતાદિ ત્રણ ભેદો કોને હોય છે ? તે સ્પષ્ટ કરે છે –

નારક, એકેન્દ્રિય જીવો અને દેવોને સંવૃતયોનિ હોય છે. ગર્ભથી જન્મનારા તિર્યંચપંચેંદ્રિયોને અને મનુષ્યોને સંવૃતવિવૃતયોનિ હોય છે, જ્યારે તે સિવાયના અન્ય જીવોને વિવૃતયોનિ હોય છે. અર્થાત્ સંમૂર્ચ્છિમ એવા તિર્યંચ-મનુષ્ય અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિયને વિવૃત યોનિ હોય છે. **॥૨/૩૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ત્રણ પ્રકારનો જન્મ કહ્યો. હવે તેમાંથી ગર્ભજન્મવાળા જીવો કયા છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**जराय्वण्डपोतजानां गर्भः ।।२/३४।।**

**સૂત્રાર્થ :-**

**જરાયુથી ઉત્પન્ન થનારા, અંડમાંથી ઉત્પન્ન થનારા અને પોતમાંથી ઉત્પન્ન થનારા જીવોને ગર્ભ હોય છે=ગર્ભ જન્મ હોય છે. ।।૨/૩૪।।**

**ભાષ્ય :-**

**जरायुजानां मनुष्यगोमहिष्यजाविकाश्वखरोष्ट्रमृगचमरवराहगवयसिंहव्याघ्रर्क्षद्वीपिश्वशृगाल-मार्जारादीनाम्, अण्डजानां सर्पगोधाकृकलासगृहकोकिलिकामत्स्यकूर्मनक्रशिशुमारादीनाम्, पक्षिणां च लोमपक्षाणां हंसचाषशुकगृध्रश्येनपारापतकाकमयूरमण्डूबकबलाकादीनाम्, पोतजानां शल्लक-हस्तिश्वाविल्लापकशशशारिकानकुलमूषिकादीनाम्, पक्षिणां च चर्मपक्षाणां जलूकावल्गुलिभारण्ड-पक्षिविरालादीनां गर्भो=गर्भाज्जन्मेति ।।२/३४।।**

**ભાષ્યાર્થ :-**

**जरायुजानां ..... जन्मेति ।। મનુષ્ય, ગાય, ભેંસ, બકરી, અવિક=ઘેટી, અશ્વ, ગધેડો, ઊંટ, મૃગ, ચમર, વરાહ=ભૂંડ, ગવય, સિંહ, વાઘ, ઋક્ષ=રીંછ, દ્વીપિ=હાથી, શ્વ=કૂતરો, શૃગાલ=શિયાળ, બિલાડા આદિ જરાયુજ જીવોનો ગર્ભથી જન્મ છે, એમ ભાષ્યના અંતે અન્વય છે.**

**સર્પ, ગોધા=ઘો, કૃકલાસ=કાચીંડો, ગૃહકોકિલિકા=ગરોળી, મત્સ્ય, કૂર્મ=કાચબો, નક્ર=મગરમચ્છ, શિશુમાર=એક જાતનું માછલું, આદિ અંડજ જીવોનો ગર્ભજન્મ છે, એમ અન્વય છે. હંસ, ચાષ, શુક, ગૃધ્ર=ગીધ, શ્યેન=બાજપક્ષી, પારાપત=કબૂતર, કાગડો, મોર, મંડૂ=એક જાતનું પક્ષી, બગલો, બલાકા આદિ લોમની=રુવાંટીની, પાંખોવાળાં, પક્ષીઓનો ગર્ભજન્મ છે.**

**શલ્લક, હાથી, શ્વાવિલ્લાપક, સસલું, સારિકા, નકુલ, મૂષિક આદિ પોતજોનો=પોતથી જન્મેલાનો= જરા આદિથી વીંટેલા નહીં પરંતુ શુદ્ધ પ્રસવવાળા એવા પોતજોનો, ગર્ભજન્મ છે. અને જલુકા,**

વાગોળ, ભારંડપક્ષી વિરાલ આદિ ચર્મપક્ષવાળાં પક્ષીઓને ગર્ભ=ગર્ભથી જન્મ, છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૨/૩૪॥

**ભાવાર્થ :-**

સુગમ છે. ॥૨/૩૪॥

**અવતરણિકા :-**

ત્રણ પ્રકારના જન્મમાંથી ગર્ભજન્મવાળા જીવો કયા છે, તે બતાવ્યું. હવે ઉપપાતજન્મવાળા જીવો કયા છે ? તે બતાવે છે –

**સૂત્ર :-**

नारकदेवानामुपपातः ।।२/३५।।

**સૂત્રાર્થ :-**

નારક અને દેવોનો ઉપપાત છે. ॥૨/૩૫॥

**ભાષ્ય :-**

नारकाणां देवानां चोपपातो जन्मेति ।।२/३५।।

**ભાષ્યાર્થ :-**

नारकाणां ..... जन्मेति ।। નારક અને દેવોનો ઉપપાતજન્મ છે=ઉપપાતક્ષેત્રની પ્રાપ્તિમાત્રથી જન્મ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૨/૩૫॥

**ભાવાર્થ :-**

સુગમ છે. ॥૨/૩૫॥

**સૂત્ર :-**

शेषाणां सम्मूर्च्छनम् ।।२/३६।।

**સૂત્રાર્થ :-**

શેષ જીવોને સંમૂર્ચ્છન જન્મ છે. ॥૨/૩૬॥

**ભાષ્ય :-**

जराय्वण्डपोतजनारकदेवेभ्यः शेषाणां सम्मूर्च्छनं जन्म उभयावधारणं चात्र भवति, जराय्वादी-

**नामेव गर्भः, गर्भ एव जराय्वादीनां, नारकदेवानामेवोपपातः, उपपात एव नारकदेवानाम् । शेषाणामेव सम्मूर्च्छनम्, सम्मूर्च्छनमेव शेषाणाम् ।।२/३६।।**

**ભાષ્યાર્થ :-**

**जराय्वण्डपोतजनारकदेवेभ्यः ..... शेषाणाम् ।। જરાયુ, અંડજ, પોતજ, નારક અને દેવોથી શેષ જીવોને સંમૂર્ચ્છન જન્મ છે. અહીં શેષ જીવોને સંમૂર્ચ્છન જન્મ છે, એ કથનમાં ઉભયનું અવધારણ થાય છે.**

તે ઉભયનું અવધારણ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

**જરાયુ આદિ જીવોને જ ગર્ભજન્મ છે, ગર્ભજન્મ જ જરાયુ આદિને છે. નારક-દેવોને જ ઉપપાત છે, ઉપપાત જ નારક-દેવોને છે. શેષ જીવોને જ સંમૂર્ચ્છન જન્મ છે, સંમૂર્ચ્છન જન્મ જ શેષ જીવોને છે. ।।૨/૩૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ત્રણ પ્રકારના ગર્ભથી જન્મ કહેલા : જરાયુ, અંડજ અને પોતજ. એ સર્વ ગર્ભવાળા જીવોથી અન્ય જીવો પૈકી નારક અને દેવોનો જન્મ ઉપપાતથી છે, તે સિવાયના અન્ય સર્વ જીવોનો જન્મ સંમૂર્ચ્છન જન્મ છે.

વળી આ કથનમાં બન્ને ઠેકાણે એવકારનો પ્રયોગ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જરાયુ આદિ ત્રણ પ્રકારના જીવોને જ ગર્ભથી જન્મ છે, અન્યને નહીં. ગર્ભથી જન્મ જ જરાયુ આદિ ત્રણને છે, અન્ય જન્મ નથી. માટે ગર્ભજન્મ અને જરાયુ આદિ ત્રણભેદોની નિયત વ્યાપ્તિ છે, તેમ ફલિત થાય.

વળી નારકને અને દેવોને જ ઉપપાત જન્મ છે, અન્યને ઉપપાત જન્મ નથી. ઉપપાત જન્મ જ નારક-દેવોને છે, અન્ય જન્મ નારક-દેવોને નથી, એ પ્રકારે ઉપપાત જન્મની સાથે નારક-દેવોની નિયત વ્યાપ્તિ છે.

વળી શેષ જીવોને જ સંમૂર્ચ્છન જન્મ છે, જરાયુ આદિ જીવોને નહીં. સંમૂર્ચ્છન જન્મ જ શેષ જીવોને છે, અન્ય જન્મ શેષ જીવોને નથી. આ પ્રકારે નિયત વ્યાપ્તિ છે. **।।૨/૩૬।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં જીવોની યોનિ અને જીવોના ગર્ભજ આદિ ભેદો બતાવ્યા, તે ભેદવાળા જીવોનાં શરીર કેટલાં છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ।।२/३७।।**

**સૂત્રાર્થ :-**

**(સંસારી જીવોનાં) ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ (એમ પાંચ) શરીરો છે. ||૨/૩૭||**

**ભાષ્ય :-**

**औदारिकं, वैक्रियं, आहारकं, तैजसं, कार्मणमित्येतानि पञ्च शरीराणि संसारिणां जीवानां भवन्ति ।।२/३७।।**

**ભાષ્યાર્થ :-**

**औदारिकं ..... भवन्ति ।।** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પ્રમાણે આ પાંચ શરીરો સંસારી જીવોને હોય છે. ||૨/૩૭||

**અવતરણિકા :-**

સૂત્ર-૩૭માં સંસારી જીવોનાં પાંચ શરીરો છે તેમ બતાવ્યું. તેઓમાં પરસ્પર કયા પ્રકારનો ભેદ છે ? તે સ્પષ્ટ કરે છે –

**સૂત્ર :-**

**तेषां परं परं सूक्ष्मम् ।।२/३८।।**

**સૂત્રાર્થ :-**

**તેઓમાં પરં પરં=પૂર્વ પૂર્વ, કરતાં ઉત્તરનું, સૂક્ષ્મ છે. ||૨/૩૮||**

**ભાષ્ય :-**

**तेषाम्-औदारिकादीनां शरीराणां परं परं सूक्ष्मं वेदितव्यम्, तद्यथा—औदारिकाद् वैक्रियं सूक्ष्मम्, वैक्रियाद् आहारकम्, आहारकात् तैजसम्, तैजसात् कार्मणमिति ।।२/३८।।**

**ભાષ્યાર્થ :-**

**तेषाम् ..... कार्मणमिति ।।** તે ઔદારિક આદિ શરીરોનું=સૂત્ર-૩૭માં કહેલા ઔદારિકશરીર આદિ શરીરોનું, પર પર=પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તર, સૂક્ષ્મ જાણવું. તે આ પ્રમાણે – ઔદારિકશરીરથી વૈક્રિયશરીર સૂક્ષ્મ છે, વૈક્રિયશરીરથી આહારકશરીર સૂક્ષ્મ છે, આહારકશરીરથી તૈજસશરીર સૂક્ષ્મ છે, તૈજસશરીરથી કાર્મણશરીર સૂક્ષ્મ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ||૨/૩૮||

**ભાવાર્થ :-**

ઔદારિકશરીર આદિ શરીરોના પુદ્ગલો વૈક્રિયશરીર આદિ આગળ-આગળનાં શરીરો કરતાં સ્થૂલ

પુદ્ગલોથી આરબ્ધ છે અર્થાત્ ઔદારિકશરીર કરતાં સૂક્ષ્મ પરિણામવાળા પુદ્ગલોથી વૈક્રિયશરીરની રચના થઈ છે. વૈક્રિયશરીર કરતાં સૂક્ષ્મપરિણામી પુદ્ગલદ્રવ્યથી આહારકશરીરની રચના થઈ છે. આહારકશરીર કરતાં સૂક્ષ્મપરિણામી પુદ્ગલદ્રવ્યથી તૈજસશરીરની રચના થઈ છે અને તૈજસશરીર કરતાં સૂક્ષ્મપરિણામી પુદ્ગલદ્રવ્યથી કાર્મણશરીરની રચના થઈ છે. તેથી પૂર્વ પૂર્વના કરતાં ઉત્તર ઉત્તરનું શરીર સૂક્ષ્મ છે તેમ કહેલ છે. **॥૨/૩૮॥**

**સૂત્ર :-**

## प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात् ।।२/३९।।

**સૂત્રાર્થ :-**

**પ્રદેશથી અસંખ્યાતગુણ છે=પૂર્વ પૂર્વના શરીર કરતાં ઉત્તર ઉત્તરનું શરીર અસંખ્યાતગુણ છે. આ નિયમ તૈજસથી=તૈજસશરીરથી, પૂર્વ સુધીમાં છે. ॥૨/૩૯॥**

**ભાષ્ય :-**

**तेषां शरीराणां परं परमेव प्रदेशतोऽसङ्ख्येयगुणं भवति प्राक् तैजसात्, औदारिकशरीरप्रदेशेभ्यो वैक्रियशरीरप्रदेशा असङ्ख्येयगुणाः, वैक्रियशरीरप्रदेशेभ्य आहारकशरीरप्रदेशा असङ्ख्येयगुणा इति ।।२/३९।।**

**ભાષ્યાર્થ :-**

**तेषां ..... इति ।। તે શરીરોમાં પર પર જ=પૂર્વ પૂર્વ કરતાં અપર અપર જ, પ્રદેશથી અસંખ્યાતગુણ તૈજસશરીરથી પૂર્વે થાય છે.**

આ કથનને જ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

**ઔદારિકશરીરના પ્રદેશોથી વૈક્રિયશરીરના પ્રદેશો અસંખ્યાતગુણા છે. વૈક્રિયશરીરના પ્રદેશોથી આહારકશરીરના પ્રદેશો અસંખ્યાતગુણા છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૨/૩૯॥**

**ભાવાર્થ :-**

સૂત્ર-૩૮ અને ૩૯થી એ પ્રાપ્ત થાય કે ઔદારિકશરીર ઉત્તરના શરીર કરતાં સ્થૂલ છે અર્થાત્ સ્થૂલ દ્રવ્યથી બનેલું છે અને તેના પ્રદેશની સંખ્યા ઉત્તરના શરીર કરતાં અલ્પ છે. વૈક્રિયશરીર ઔદારિકશરીરની અપેક્ષાએ સૂક્ષ્મદ્રવ્યથી બનેલું છે અને તેના પ્રદેશની સંખ્યા ઔદારિકશરીરના પ્રદેશોની સંખ્યા કરતાં અસંખ્યેયગુણ છે. વળી આહારકશરીર વૈક્રિયશરીર કરતાં સૂક્ષ્મદ્રવ્યથી બનેલું છે અને તેના પ્રદેશોની સંખ્યા વૈક્રિયશરીરના પ્રદેશની સંખ્યાથી અસંખ્યાતગુણ છે. **॥૨/૩૯॥**

**સૂત્ર :-**

**अनन्तगुणे परे ।।२/४०।।**

**સૂત્રાર્થ :-**

**અનંતગુણ પર=છેલ્લાં, બે શરીરો છે. ।।૨/૪૦।।**

**ભાષ્ય :-**

**परे द्वे शरीरे=तैजसकार्मणे, पूर्वतः पूर्वतः प्रदेशार्थतयाऽनन्तगुणे भवतः, आहारकात् तैजसं प्रदेशतोऽनन्तगुणम्, तैजसात् कार्मणमनन्तगुणमिति ।।२/४०।।**

**ભાષ્યાર્થ :-**

**परे ..... अनन्तगुणमिति ।। પર એવાં બે શરીર અર્થાત્ તૈજસશરીર અને કાર્મણશરીર પૂર્વ પૂર્વથી પ્રદેશાર્થપણારૂપે અનંતગુણાં છે.**

તે અર્થને સ્પષ્ટ કરે છે –

**આહારકશરીરથી તૈજસશરીર પ્રદેશથી અનંતગુણ છે=અનંતગુણા અધિક પરમાણુનું બનેલું છે. અને તૈજસશરીર કરતાં કાર્મણશરીર અનંતગુણ છે અર્થાત્ અનંતગુણ અધિક પરમાણુનું બનેલું છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૪૦।।**

**અવતરણિકા :-**

**પૂર્વનાં ત્રણ શરીર કરતાં અંતિમ બે શરીરમાં જે વિશેષ છે, તે બતાવે છે –**

**સૂત્ર :-**

**अप्रतिघाते ।।२/४१।।**

**સૂત્રાર્થ :-**

**અપ્રતિઘાતવાળાં અંતિમ બે શરીર છે. ।।૨/૪૧।।**

**ભાષ્ય :-**

**एते द्वे शरीरे तैजसकार्मणे अन्यत्र लोकान्तात् सर्वत्राप्रतिघाते भवतः ।।२/४१।।**

**ભાષ્યાર્થ :-**

**एते ..... भवतः ।। આ તૈજસ-કાર્મણરૂપ બે શરીર લોકાંતથી અન્યત્ર સર્વત્ર=લોકાંત સિવાય અન્ય સર્વ સ્થાનોમાં, અપ્રતિઘાતવાળાં=પ્રતિઘાત રહિત, છે. ।।૨/૪૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વના ત્રણ શરીરવાળા જીવો છેલ્લા બે શરીરની જેમ ચૌદ રાજલોકમાં પ્રતિઘાત વગર જઈ શકતા નથી. આથી જ સ્થૂલ ઔદારિકશરીર યુક્ત જીવને ભીંતાદિનો પણ પ્રતિઘાત નડે છે. વૈક્રિયશરીર અને આહારકશરીર યુક્ત જીવો ભીંતાદિમાંથી પ્રતિઘાત વગર બહાર જઈ શકે છે તોપણ ત્રસનાડીથી બહાર જઈ શકતા નથી. જ્યારે તૈજસશરીર અને કાર્મણશરીર ચૌદ રાજલોકમાં લોકના અંતભાગ સુધી કોઈપણ પ્રકારના પ્રતિઘાત વગર જઈ શકે છે; ત્યાંથી આગળ ગતિમાં સહાયક એવું ધર્માસ્તિકાયદ્રવ્ય નહીં હોવાથી પ્રતિઘાત પામે છે. મૃત્યુ પામેલ જીવ પૂર્વના ભવનું ઔદારિકશરીર આદિનો ત્યાગ કર્યા પછી નવા ભવનું શરીર ગ્રહણ કરે ત્યાં સુધી તે માત્ર તૈજસશરીરવાળા અને કાર્મણશરીરવાળા હોય છે. તેઓ ત્રસનાડીથી બહાર ગમે તે સ્થાનમાં જઈ શકે છે અને ત્યાં પોતાના કર્મ અનુસાર તે તે શરીરની રચના કરે છે. **॥૨/૪૧॥**

**અવતરણિકા :-**

**વળી તૈજસશરીરનું અને કાર્મણશરીરનું અન્ય શરીર કરતાં જે વિશેષ છે તે બતાવે છે –**

**સૂત્ર :-**

**अनादिसम्बन्धे च ।।२/४२।।**

**સૂત્રાર્થ :-**

**અનાદિ સંબંધવાળાં તૈજસશરીર અને કાર્મણશરીર છે. ।।૨/૪૨।।**

**ભાષ્ય :-**

**ताभ्यां तैजसकार्मणाभ्यामनादिसम्बन्धो जीवस्य इति ।।२/४२।।**

**ભાષ્યાર્થ :-**

**ताभ्यां ..... इति ।। તે તૈજસશરીર અને કાર્મણશરીરની સાથે જીવનો અનાદિ સંબંધ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૪૨।।**

**ભાવાર્થ :-**

અનાદિકાળથી જીવ તૈજસશરીર અને કાર્મણશરીરયુક્ત છે. કાર્મણશરીર અંતર્ગત તે તે આયુષ્યકર્મના ઉદયથી તે તે જન્મને પ્રાપ્ત કરે છે ત્યારે તૈજસશરીરના બળથી નવા શરીરના પુદ્ગલોને તે તે રૂપે પરિણમન પમાડીને સંસારમાં ફરે છે. મુક્ત અવસ્થાની પ્રાપ્તિ પૂર્વે કોઈ જીવમાં ક્યારેય પણ આ તૈજસશરીર અને કાર્મણશરીરનો વિયોગ પ્રાપ્ત થતો નથી. જ્યારે ઔદારિક આદિ બે શરીરો જીવને નવા ભવમાં પ્રાપ્ત થાય છે અને વૈક્રિયલબ્ધિમાં પણ વૈક્રિયશરીર પ્રાપ્ત થાય છે તથા આહારકલબ્ધિમાં આહારકશરીર પ્રાપ્ત થાય છે અને તે પણ લબ્ધિથી જ્યારે તે જીવો વૈક્રિય કે આહારકશરીર બનાવે ત્યારે પ્રાપ્ત થાય છે માટે ઔદારિક આદિ ત્રણ શરીરોનો જીવ સાથે અનાદિ સંબંધ નથી. **॥૨/૪૨॥**

**અવતરણિકા :-**

પૂર્વસૂત્રમાં કહ્યું કે તૈજસશરીર અને કાર્મણશરીરનો અનાદિનો સંબંધ છે. ત્યાં પ્રશ્ન થાય કે તૈજસશરીરનો અને કાર્મણશરીરનો અનાદિનો સંબંધ કોને છે ? એથી કહે છે –

**સૂત્ર :-**

**सर्वस्य ।।२/४३।।**

**સૂત્રાર્થ :-**

**સર્વને=સર્વસંસારી જીવોને તૈજસ, કાર્મણનો અનાદિ સંબંધ છે એમ અન્વય છે. ।।૨/૪૩।।**

**ભાષ્ય :-**

**सर्वस्य चैते तैजसकार्मणे शरीरे संसारिणो जीवस्य भवतः, एके त्वाचार्या मयवादापेक्षं व्याचक्षते – कार्मणमेवैकमनादिसम्बन्धम्, तेनैवैकेन जीवस्यानादिः सम्बन्धो भवतीति तैजसं तु लब्ध्यपेक्षं भवति सा च तैजसलब्धिर्न सर्वस्य, कस्यचिदेव भवति, कोपप्रसादनिमित्तौ शापानुग्रहौ प्रति तेजोनिसर्ग-शीतरश्मिनिसर्गकरम्, तथा भ्राजिष्णुप्रभासमुदयच्छायानिर्वर्तकं सशरीरेषु मणिज्वलनज्योतिष्क-विमानवदिति ।।२/४३।।**

**ભાષ્યાર્થ :-**

सर्वस्य ..... विमानवदिति ।। **સર્વ જ સંસારી જીવોને આ તૈજસશરીર અને કાર્મણશરીર હોય છે. વળી એક આચાર્ય નયવાદની અપેક્ષાએ કહે છે.**

શું કહે છે ? એ સ્પષ્ટ કરે છે –

**કાર્મણ જ એક અનાદિ સંબંધવાળું છે. તે જ એક વડે=કાર્મણ જ એક વડે, જીવનો અનાદિ સંબંધ છે, એ પ્રમાણે કહે છે. વળી તૈજસશરીર લબ્ધિની અપેક્ષાએ થાય છે. અને તે તૈજસલબ્ધિ સર્વને નથી, કોઈકને જ હોય છે.**

કોને તૈજસલબ્ધિ હોય છે ? તે સ્પષ્ટ કરે છે –

**કોપ અને પ્રસાદના નિમિત્ત એવા શાપ અને અનુગ્રહ પ્રત્યે તૈજસના નિસર્ગ અને શીત રશ્મિના નિસર્ગને કરનાર તૈજસલબ્ધિ કેટલાકને થાય છે, એમ અન્વય છે. અને ભ્રાજિષ્ણુ એવો પ્રભાનો સમુદાય, એની છાયાનું નિર્વર્તક એવું (તૈજસ) સશરીરોમાં છે=ઔદારિક આદિ શરીરોમાં છે, મણિ, અગ્નિ અને જ્યોતિષ્ક વિમાનની જેમ.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૪૩।।**

**ભાવાર્થ :-**

સૂત્રમાં સર્વ જીવોને તૈજસશરીર અને કાર્મણશરીર હોય છે, આ પ્રકારે ગ્રંથકારશ્રીએ પોતાનો અભિપ્રાય બતાવ્યો. હવે ભાષ્યમાં પ્રસ્તુત સૂત્રમાં અમુક આચાર્યો નયવાદની અપેક્ષાએ તૈજસશરીર વિષયક શું કહે છે ? તે બતાવે છે. તેઓના મતે એકમાત્ર કાર્મણશરીર જ જીવ સાથે અનાદિસંબંધવાળું છે, તૈજસશરીર આદિ અન્ય કોઈ શરીર સાથે જીવને અનાદિસંબંધ નથી.

પાંચ શરીર અંતર્ગત તૈજસશરીર બધા જીવોને હોવા છતાં વિશેષ પ્રકારના કાર્યને કરે, તેવા તૈજસને જ તૈજસશરીરરૂપે સ્વીકારનાર નયની અપેક્ષાએ અમુક આચાર્ય તૈજસશરીર સર્વ જીવોને સ્વીકારતા નથી. ઉત્પત્તિસ્થાનને વિષે ઉત્પન્ન થયા પછી જીવ દ્વારા ગ્રહણ કરાયેલા આહારનું પચન કરવામાં કારણીભૂત એવા તૈજસને ગ્રંથકારશ્રી તૈજસશરીરરૂપે ગ્રહણ કરે છે, જ્યારે અન્ય આચાર્ય વિશિષ્ટ પ્રકારનું તૈજસ, કે જે તૈજસલબ્ધિવાળાને હોય છે, તેઓને જ તૈજસશરીર છે, તેમ કહે છે.

તૈજસશરીરની પ્રાપ્તિના કારણભૂત તૈજસલબ્ધિ બધા જીવોને હોતી નથી, પરંતુ કેટલાક જીવોને જ હોય છે.

કયા જીવોને તૈજસલબ્ધિ હોય છે ? તે સ્પષ્ટ કરવાર્થે અન્ય આચાર્ય કહે છે –

કોઈ જીવ પ્રત્યે કોઈને કોપ થયો હોય, ત્યારે તેને શાપ આપવા માટે તૈજસ પુદ્ગલોનો જે નિસર્ગ છે તે તૈજસલબ્ધિ છે. જેમ ગોશાળા ઉપર વૈશિકાયનતાપસે તેજોલેશ્યા મૂકી તે તાપસ પાસે તૈજસલબ્ધિ હતી. વળી કોઈના પ્રસાદના નિમિત્તે અનુગ્રહ કરવા અર્થે જે શીતરશ્મિનો નિસર્ગ કરાય છે તે પણ તૈજસલબ્ધિનો જ એક પ્રકાર છે. જેમ તેજોલેશ્યાથી બળતા ગોશાળાને ભગવાને શીતલેશ્યાનો નિસર્ગ કરીને તેનું રક્ષણ કર્યું તે તૈજસલબ્ધિ છે.

વળી દેદીપ્યમાન પ્રભાનો સમુદાય તેની છાયાનું નિષ્પાદક એવું તૈજસશરીર ઔદારિક આદિ શરીરમાં છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે જે લોકોના શરીરમાં દેદીપ્યમાન એવી પ્રભાનો સમુદાય છે તે તૈજસશરીર છે. અને તેની છાયા જે બહાર પડે છે તે તૈજસશરીરનું કાર્ય છે.

ઔદારિક આદિ શરીરમાં તેવું તૈજસશરીર કેટલાક જીવોને જ હોય છે, બધાને હોતું નથી તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ મણિમાં દેદીપ્યમાન પ્રભાના સમુદાયની છાયા બહાર નીકળતી દેખાય છે અથવા જ્યોતિષ્ક વિમાનમાં દેદીપ્યમાન પ્રભાની છાયા બહાર નીકળતી દેખાય છે તે સર્વ તૈજસશરીરનાં કાર્યો છે.

આનાથી એ ફલિત થાય કે તેજોલેશ્યા અને શીતલેશ્યાનું કારણ તૈજસશરીર છે અને જેઓના શરીરમાં દેદીપ્યમાન પ્રભાનો સમુદાય છે તે તૈજસશરીર છે. આવી લબ્ધિ સર્વજીવોને નથી માટે અન્ય આચાર્યો નયવાદની અપેક્ષાએ સર્વજીવોને તૈજસશરીર સ્વીકારતા નથી તોપણ જન્માંતરમાં જનાર જીવને આહાર પાચનને અનુકૂળ એવું તૈજસશરીર તો સર્વને સંમત છે. **॥૨/૪૩॥**

**અવતરણિકા :-**

સર્વજીવોને તૈજસશરીર- કાર્મણશરીર અનાદિનાં છે એમ કહેવાથી તે બે શરીર એક સાથે એક જીવને હોય છે, તેમ પ્રાપ્ત થાય. તેથી હવે એક જીવને યુગપદ્ પાંચ શરીરમાંથી કેટલાં સંભવી શકે ? એ પ્રકારની જિજ્ઞાસામાં કહે છે –

**સૂત્ર :-**

**तदादीनि भाज्यानि युगपदेकस्या चतुर्भ्यः ।।२/४४।।**

**સૂત્રાર્થ :-**

તે આદિ=તૈજસશરીર-કાર્મણશરીર છે આદિમાં જેને એવા, ચાર સુધી એક જીવને યુગપદ્ ભાજ્ય છે. ।।૨/૪૪।।

**ભાષ્ય :-**

ते आदिनी एषामिति तदादीनि=तैजसकार्मणे यावत्संसारभाविनी आदिनी कृत्वा शेषाणि, युगपदेकस्य जीवस्य भाज्यान्या चतुर्भ्यः । तद्यथा—तैजसकार्मणे वा स्याताम् ।१। तैजसकार्मणौदारिकाणि वा स्युः ।२। तैजसकार्मणवैक्रियाणि वा स्युः ।३। तैजसकार्मणौदारिकवैक्रियाणि वा स्युः ।४। तैजसकार्मणौदारिकाहारकाणि वा स्युः ।५। कार्मणमेव वा स्यात् ।६। (कार्मणतैजसे वा स्याताम् ।७। ) कार्मणौदारिके वा स्याताम् ।७। कार्मणवैक्रिये वा स्याताम् ।८। कार्मणौदारिकवैक्रियाणि वा स्युः ।९। कार्मणौदारिकाहारकाणि वा स्युः ।१०। कार्मणतैजसौदारिकवैक्रियाणि वा स्युः ।११। कार्मणतैजसौदारिकाणि(हारकाणि) वा स्युः ।१२। न तु कदाचिद्युगपत्पञ्च भवन्ति, नापि वैक्रियाहारके युगपद्भवतः, स्वामिविशेषादिति वक्ष्यते ।।२/४४।।

**ભાષ્યાર્થ :-**

ते आदिनी ..... वक्ष्यते । તે છે આદિ આમને=તદાદિ=તૈજસ-કાર્મણ યાવત્ સંસારી જીવોને આદિ કરીને શેષ શરીરો, યુગપદ્ એક જીવને ચાર સુધી ભાજ્ય છે=વિકલ્પ્ય છે. તે આ પ્રમાણે – (૧) તૈજસ, કાર્મણ થાય અર્થાત્ કોઈક જીવોને તૈજસ અને કાર્મણ બે શરીર થાય, અથવા (૨) તૈજસ, કાર્મણ અને ઔદારિક થાય=કોઈક જીવોને તૈજસ, કાર્મણ અને ઔદારિકરૂપ ત્રણ શરીરો થાય, અથવા (૩) કોઈક જીવોને તૈજસ, કાર્મણ અને વૈક્રિયરૂપ ત્રણ શરીરો થાય, અથવા (૪) કોઈક જીવોને તૈજસ, કાર્મણ, ઔદારિક અને વૈક્રિય ચાર શરીરો થાય, અથવા (૫) કોઈક જીવને તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક ચાર શરીરો થાય.

વળી નયવાદની અપેક્ષાએ જે એક આચાર્યનો મત છે તેને સામે રાખીને કહે છે – અથવા

**(૬) કાર્મણ જ એક થાય=કોઈક જીવને એક કાર્મણશરીર જ થાય. અથવા (૭) કોઈક જીવને કાર્મણ અને તૈજસ થાય. (આ ભાંગો શૂન્ય છે.) અથવા (૭) કોઈક જીવને કાર્મણ અને ઔદારિક થાય. અથવા (૮) કોઈક જીવને કાર્મણ અને વૈક્રિય થાય. અથવા (૯) કોઈક જીવને કાર્મણ, ઔદારિક અને વૈક્રિય થાય. અથવા (૧૦) કોઈક જીવને કાર્મણ, ઔદારિક અને આહારક થાય. અથવા (૧૧) કોઈક જીવને કાર્મણ, તૈજસ, ઔદારિક અને વૈક્રિય થાય. અથવા (૧૨) કોઈક જીવને કાર્મણ, તૈજસ, ઔદારિક અને આહારક થાય છે. પરંતુ ક્યારે પણ યુગપદ્ પાંચ શરીર કોઈ જીવને હોતાં નથી. વળી વૈક્રિય અને આહારક યુગપદ્ હોતાં નથી; કેમ કે સ્વામીનો વિશેષ છે=શરીરના સ્વામીનો ભેદ છે, એ પ્રમાણે આગળ કહેવાશે. ।।૨/૪૪।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી સર્વ જીવોને તૈજસશરીર અને કાર્મણશરીર સ્વીકારે છે. તે મત પ્રમાણે એક જીવને એક સાથે કેટલાં શરીરની પ્રાપ્તિ છે ? તે વિષયમાં પાંચ વિકલ્પની પ્રાપ્તિ છે.

જે જીવો મૃત્યુ પામીને વિગ્રહગતિથી અન્ય ભવમાં જાય છે ત્યારે માત્ર તૈજસ, કાર્મણશરીરનો સંબંધ હોય છે, અન્ય કોઈ શરીરનો સંબંધ નથી. માટે તેવા જીવને આશ્રયીને તૈજસ, કાર્મણ બે શરીર હોય છે. વળી જેઓ મનુષ્ય કે તિર્યંચ ભવમાં જન્મે છે તેઓને તૈજસ, કાર્મણ અને ઔદારિકશરીરનો સંબંધ હોય છે. તેથી તેવા જીવને આશ્રયીને એક સાથે તૈજસ, કાર્મણ અને ઔદારિક એમ ત્રણ શરીરનો સંબંધ છે. વળી જે જીવો દેવ કે નારક તરીકે ઉત્પન્ન થાય તેઓને તૈજસ, કાર્મણ અને વૈક્રિયશરીર એક જીવને આશ્રયીને ત્રણ શરીરો હોય છે. વળી જે મનુષ્યો કે તિર્યંચોને વૈક્રિયલબ્ધિ થઈ છે તેઓને તૈજસ, કાર્મણ, ઔદારિક અને વૈક્રિય એમ ચાર શરીર એક સાથે હોય છે; કેમ કે ઔદારિકશરીરવાળા એવા તેઓ પોતાનું વૈક્રિયશરીર બનાવે, ત્યારે તેઓ ઔદારિકશરીરવાળા પણ છે અને વૈક્રિયશરીરવાળા પણ છે. માટે તેઓને એક સાથે ચાર શરીરની પ્રાપ્તિ છે.

વળી કોઈ ચૌદપૂર્વધર મહાત્માને આહારકલબ્ધિ પ્રગટી હોય અને શાસ્ત્રના કોઈક પદાર્થ વિષયક સંદેહના નિવારણ નિમિત્તે કે તીર્થંકરોની ઋદ્ધિના દર્શન નિમિત્તે મહાવિદેહક્ષેત્ર આદિમાં રહેલા તીર્થંકરો પાસે આહારકશરીરથી જાય, ત્યારે તેઓ આહારકશરીર બનાવે છે. તે વખતે તેઓને તૈજસ, કાર્મણશરીરનો યોગ, મનુષ્યરૂપે ઔદારિકશરીરનો યોગ, અને આહારકશરીરનો યોગ એમ ચાર એક સાથે પ્રાપ્ત થાય છે. આ પાંચેય વિકલ્પ તૈજસ, કાર્મણશરીર સ્વીકારનાર આચાર્યના મતે થાય છે.

વળી અન્ય આચાર્ય સર્વ જીવોને તૈજસશરીર સ્વીકારતા નથી. તેઓના મતાનુસાર એક જીવને આશ્રયીને અનેક શરીરના સંબંધના વિકલ્પો સાત પ્રાપ્ત થાય છે.

(૧) જે જીવો વિગ્રહગતિથી અન્ય ભવમાં જાય છે તેઓને વિગ્રહગતિમાં માત્ર કાર્મણશરીર જ હોય છે. (૨) વળી જે જીવો કાળ કરીને મનુષ્ય કે તિર્યંચ થાય છે તેઓને કાર્મણશરીર અને ઔદારિકશરીરના યોગરૂપ બીજો વિકલ્પ પ્રાપ્ત થાય છે. (૩) વળી જે જીવો દેવ અને નારકરૂપે ઉત્પન્ન થાય છે તેઓને

આશ્રયીને કાર્મણ અને વૈક્રિયશરીરનો યોગ પ્રાપ્ત થાય છે. (૪) વળી જે મનુષ્ય કે તિર્યંચને વૈક્રિયલબ્ધિ થાય છે તેઓ જ્યારે વૈક્રિયશરીર બનાવે છે, ત્યારે તેઓને એક સાથે કાર્મણ, ઔદારિક અને વૈક્રિય એમ ત્રણ શરીરની પ્રાપ્તિ થાય છે.

(૫) વળી ચૌદપૂર્વધર આહારકલબ્ધિ યુક્ત સાધુ ભગવાનને પૂછવા આદિના પ્રયોજનથી આહારકશરીર બનાવે ત્યારે તેઓને કાર્મણ, ઔદારિક અને આહારક એમ ત્રણ શરીરનો યોગ હોય છે. (૬) જે જીવોને મનુષ્ય કે તિર્યંચનો દેહ મળ્યો છે અને તૈજસ તથા વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થઈ છે તે જીવો વૈક્રિયશરીર બનાવીને કોઈને શાપ આપવા નિમિત્તે તેજોલેશ્યા મૂકે ત્યારે તે જીવને કાર્મણશરીર, તૈજસશરીર, ઔદારિકશરીર અને વૈક્રિયશરીરનો યોગ પ્રાપ્ત થાય છે. તેથી એક જીવને આશ્રયીને એક સાથે ચાર શરીરનો યોગ પ્રાપ્ત થાય.

(૭) વળી કોઈ મહાત્મા ચૌદપૂર્વ ભણેલા હોય, આહારકલબ્ધિવાળા હોય અને કોઈ એવા પ્રયોજનથી તેજોલેશ્યા કે શીતલેશ્યાના વ્યાપારવાળા હોય તે વખતે તેઓને કાર્મણશરીર, તૈજસશરીર, મનુષ્યના દેહરૂપ ઔદારિકશરીર અને આહારકશરીરનો યોગ હોય છે. તેથી એક સાથે ચાર શરીરનો યોગ પ્રાપ્ત થાય છે.

વળી કોઈ જીવને ક્યારે પણ એક સાથે પાંચ શરીરનો યોગ થતો નથી અને કોઈ જીવોને એક સાથે વૈક્રિય કે આહારકશરીરનો યોગ થતો નથી; કેમ કે સ્વામીનો ભેદ છે. એ પ્રમાણે આગળમાં કહેવાશે. અર્થાત્ સૂત્ર-૪૮માં વૈક્રિયલબ્ધિના સ્વામી અને સૂત્ર-૪૯માં આહારકશરીરના સ્વામી બતાવાશે. તેમાં બતાવ્યા પ્રમાણે આહારકશરીરધર જીવો તે જ વખતે વૈક્રિયશરીરવાળા હોતા નથી. તેથી આહારકશરીર અને વૈક્રિયશરીરની એક સાથે પ્રાપ્તિ નથી. માટે કોઈ જીવને ક્યારેય પણ એક સાથે પાંચ શરીરની પ્રાપ્તિ થાય નહીં. **॥૨/૪૪॥**

**અવતરણિકા :-**

**પાંચ શરીરો કહ્યાં તે શરીરનું પ્રયોજન ઉપભોગ છે; કેમ કે સંસારી જીવો શરીરથી સર્વ પ્રકારનાં સુખ-દુઃખાદિનો ઉપભોગ કરે છે. તેથી શરીરથી ઉપભોગવાળા છે. આમ છતાં કયું શરીર ઉપભોગવાળું નથી ? તે બતાવીને અન્ય શરીરથી સંસારી જીવો ઉપભોગવાળા છે એમ બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**निरुपभोगमन्त्यम् ।।२/४५।।**

**સૂત્રાર્થ :-**

**અંત્ય શરીર નિરુપભોગ છે. ।।૨/૪૫।।**

**ભાષ્ય :-**

**अन्त्यमिति सूत्रक्रमप्रामाण्यात्कार्मणमाह, तन्निरुपभोगम्, न सुखदुःखे तेनोपभुज्येते, न तेन कर्म**

**बध्यते, न वेद्यते, नापि निर्जीर्यत इत्यर्थः शेषाणि तु सोपभोगानि, यस्मात्सुखदुःखे तैरुपभुज्येते कर्म बध्यते वेद्यते निर्जीर्यते च, तस्मात्सोपभोगानीति ।।२/४५।।**

**ભાષ્યાર્થ :-**

**अन्त्यमिति ..... सोपभोगानीति । અંત્ય એ સૂત્રક્રમના પ્રામાણ્યથી=સૂત્ર-૩૭માં પાંચ શરીરો બતાવ્યાં એ સૂત્રક્રમના પ્રામાણ્યથી, કાર્મણને કહે છે. અને તે=કાર્મણ, નિરુપભોગ છે.**

કઈ રીતે નિરુપભોગ છે ? તે સ્પષ્ટ કરે છે –

**તેનાથી=કાર્મણશરીરથી, સુખ-દુઃખનો ઉપભોગ થતો નથી. તેનાથી=કાર્મણશરીરથી, કર્મ બંધાતાં નથી. કર્મનું વેદન થતું નથી. વળી કાર્મણશરીરથી નિર્જરા થતી નથી એ પ્રકારનો નિરુપભોગનો અર્થ છે. વળી શેષ=કાર્મણશરીર સિવાય અન્ય શરીરો, સોપભોગ છે. જે કારણથી તેઓ વડે=કાર્મણ સિવાયનાં ચાર શરીર વડે, સુખ-દુઃખનો ઉપભોગ કરાય છે, કર્મ બંધાય છે, કર્મનું વેદન થાય છે અને કર્મની નિર્જરા થાય છે. તે કારણથી સોપભોગ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૪૫।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૩૭માં ઔદારિક આદિ પાંચ શરીરો બતાવ્યાં તે ક્રમ અનુસાર અંતિમ કાર્મણશરીર છે. અને તે કાર્મણશરીર ઉપભોગનું સાધન નથી.

કેમ ઉપભોગનું સાધન નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

કાર્મણશરીરથી જીવને સુખ-દુઃખાદિનો અનુભવ થતો નથી, સુખ-દુઃખનો અનુભવ ઔદારિક આદિ ચાર શરીરોથી થાય છે. વળી ઔદારિક આદિ શરીરના બળથી જીવ જે ભાવો કરે છે તેનાથી નવાં કર્મો બાંધે છે. જીવને કર્મોનું વેદન પણ તે ચાર શરીરોથી થાય છે. તે ચાર શરીર દ્વારા કર્મની નિર્જરા થાય છે. તે પ્રકારનો કર્મનો બંધ, વેદન અને નિર્જરા પણ કાર્મણશરીરથી થતી નથી.

અહીં પ્રશ્ન થાય કે વિગ્રહગતિમાં જીવ હોય છે, ત્યારે માત્ર કાર્મણશરીર છે એ વખતે સુખ-દુઃખનો ઉપભોગ કે કર્મબંધ વગેરે કાર્મણશરીરથી થતા નથી, તેમ કેમ કહી શકાય ? તેનું તાત્પર્ય બતાવતાં કહે છે –

છદ્મસ્થના સુખ-દુઃખનો ઉપયોગ અંતર્મુહૂર્તનો છે, એક સમય બે સમયનો નથી. સુખ-દુઃખનું વેદન પૂર્વના શરીર સાથેના સંબંધથી જે થતું હતું તે વેદનનો ઉપયોગ વિગ્રહગતિમાં બે-ત્રણાદિ સમય કાળમાં ચાલુ હોય છે, તે ઉપયોગ કાર્મણશરીરથી નથી થયો પરંતુ પૂર્વના ઔદારિક આદિ શરીરથી થયેલો છે. વળી જીવ જે કાંઈ અધ્યવસાય કરે છે એ મન, વચન, કાયાના યોગથી કરે છે અને તે યોગવ્યાપાર પણ આંતર્મુહૂર્તિક છે, એક-બે સમયનો કોઈ યોગવ્યાપાર નથી, માટે પૂર્વના દેહના સંબંધથી જે વ્યાપાર ચાલે છે તે વ્યાપારને અનુરૂપ કર્મબંધ પ્રતિસમય ચાલુ છે તેમ વિગ્રહગતિમાં પણ કર્મનો બંધ થાય છે, કર્મનું વેદન

થાય છે અને કર્મની નિર્જરા થાય છે તે છદ્મસ્થના આંતર્મુહૂર્તિક ઉપયોગાનુસાર થાય છે. માટે કાર્મણશરીરથી સુખ-દુઃખનો ઉપભોગ નથી, કર્મબંધ નથી, કર્મનું વેદન થતું નથી અને કર્મની નિર્જરા પણ થતી નથી; પરંતુ ઔદારિકશરીર આદિ દ્વારા યતનાપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરીને મહાત્માઓ કર્મની નિર્જરા કરે છે. તેથી પૂર્વના ચાર શરીરો ઉપભોગનાં સાધન છે, કાર્મણશરીર ઉપભોગનું સાધન નથી. **॥૨/૪૫॥**

**ભાષ્ય :-**

**अत्राह—एषां पञ्चानामपि शरीराणां सम्मूर्च्छनादिषु त्रिषु जन्मसु किं क्व जायत इति ?, अत्रोच्यते —**

**ભાષ્યાર્થ :-**

**અહીં=પાંચ શરીરો અને ત્રણ પ્રકારના જન્મો પૂર્વમાં બતાવ્યાં એમાં, કોઈ પ્રશ્ન કરે છે — આ પાંચ શરીરોનું સંમૂર્ચ્છનાદિ ત્રણ જન્મોમાં કયું=કયું શરીર, કયા જન્મમાં થાય છે ? એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે —**

**સૂત્ર :-**

**गर्भसम्मूर्च्छनजमाद्यम् ।।२/४६।।**

**સૂત્રાર્થ :-**

**ગર્ભજન્મવાળા પ્રાણીઓને અને સંમૂર્ચ્છન જન્મવાળા પ્રાણીઓને આદ્ય છે=ઔદારિકશરીર છે. ।।૨/૪૬।।**

**ભાષ્ય :-**

**आद्यमिति सूत्रक्रमप्रामाण्यादौदारिकमाह, तद् गर्भे सम्मूर्च्छने वा जायते ।।२/४६।।**

**ભાષ્યાર્થ :-**

**आद्यमिति ..... जायते ।। આદ્ય એ સૂત્રક્રમના પ્રામાણ્યથી=સૂત્ર-૩૭માં બતાવેલ ક્રમના પ્રામાણ્યથી ઔદારિકને કહે છે=આદ્ય શબ્દ ઔદારિકશરીરને કહે છે, તે=ઔદારિકશરીર, ગર્ભમાં=ગર્ભજન્મમાં, અથવા સંમૂર્ચ્છનમાં=સંમૂર્ચ્છન જન્મમાં, થાય છે. ।।૨/૪૬।।**

**ભાવાર્થ :-**

જે જીવો ગર્ભથી જન્મ લે છે અને જે જીવો સંમૂર્ચ્છનપણાથી જન્મ લે છે તેઓને ઔદારિકશરીર પ્રાપ્ત થાય છે. તેથી ગર્ભથી જન્મનારા અને સંમૂર્ચ્છનથી જન્મનારા તિર્યંચ અને મનુષ્યોને નિયમા ઔદારિકશરીર હોય છે. વૈક્રિય આદિ શરીર તો તેઓને લબ્ધિથી પ્રાપ્ત થઈ શકે, પરંતુ જન્મથી તો ઔદારિકશરીર જ હોય છે. **॥૨/૪૬॥**

**સૂત્ર :-**

**वैक्रियमौपपातिकम् ।।२/४७।।**

**સૂત્રાર્થ :-**

**ઔપપાતિક જીવોને વૈક્રિયશરીર છે. ।।૨/૪૭।।**

**ભાષ્ય :-**

**वैक्रियं शरीरमौपपातिकं भवति, नारकाणां देवानां चेति ।।२/४७।।**

**ભાષ્યાર્થ :-**

**वैक्रियं ..... चेति ।। વૈક્રિયશરીર ઔપપાતિક છે, તે નારક અને દેવોને હોય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૨/૪૭।।**

**ભાવાર્થ :-**

જે જીવો ઔપપાતિકજન્મવાળા છે તે જીવોને નિયમા વૈક્રિયશરીર હોય છે. ઔપપાતિકજન્મ નારક અને દેવોને છે; કેમ કે નારક કુંભીમાં થાય છે અને દેવો દેવશય્યામાં થાય છે. તેઓને વૈક્રિયશરીર હોય છે, અન્ય શરીર હોતું નથી. **॥૨/૪૭॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૪૬માં ગર્ભમાં જન્મેલા અને સંમૂર્ચ્છન જીવોને ઔદારિકશરીર હોય છે તેમ કહ્યું ત્યાં પ્રશ્ન થાય કે તેઓને વૈક્રિયશરીર હોય છે કે નથી હોતું ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**लब्धिप्रत्ययं च ।।२/४८।।**

**સૂત્રાર્થ :-**

**અને (વૈક્રિયશરીર) લબ્ધિપ્રત્યય હોય છે. ।।૨/૪૮।।**

**ભાષ્ય :-**

**लब्धिप्रत्ययं च वैक्रियं शरीरं भवति, तिर्यग्योनीनां मनुष्याणां चेति ।।२/४८।।**

**ભાષ્યાર્થ :-**

**लब्धिप्रत्ययं ..... चेति ।। અને લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર હોય છે.**

કોને લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર હોય છે ? તેથી કહે છે –

**તિર્યંચોને અને મનુષ્યોને લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર હોય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૨/૪૮॥**

**ભાવાર્થ :-**

દેવોને જેમ ઉપપાતથી વૈક્રિયશરીર મળે છે તેમ મનુષ્યો કે તિર્યંચોને જન્મની સાથે વૈક્રિયશરીર પ્રાપ્ત થતું નથી; પરંતુ જેઓને વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થઈ છે તેઓને વૈક્રિયશરીરનો સંભવ છે. તેથી કેટલાક તિર્યંચો અને મનુષ્યોને કોઈક નિમિત્તથી વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થાય અને તેઓ વૈક્રિયશરીર બનાવે ત્યારે તેઓને વૈક્રિયશરીરની પ્રાપ્તિ છે. વળી વાઉકાયને પણ વૈક્રિયશરીર લબ્ધિપ્રત્યય હોય છે. અન્ય જીવોને લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર નથી. અર્થાત્ વાઉકાયથી અન્ય એકેન્દ્રિય, બેઇન્દ્રિયાદિ જીવોને લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર નથી. પરંતુ પંચેંદ્રિય તિર્યંચ, ગર્ભજ મનુષ્યો અને કેટલાક વાઉકાય જીવોને લબ્ધિથી વૈક્રિયશરીરની પ્રાપ્તિ થાય છે. **॥૨/૪૮॥**

**અવતરણિકા :-**

**ઔદારિક અને વૈક્રિયશરીર કોને હોય છે ? તેની સ્પષ્ટતા કરી. હવે, આહારકશરીર કોને પ્રાપ્ત થાય છે ? અને તે કેવા લક્ષણવાળું છે ? તે સ્પષ્ટ કરે છે –**

**સૂત્ર :-**

शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधर एव ।।२/४९।।

**સૂત્રાર્થ :-**

**શુભ, વિશુદ્ધ, અવ્યાઘાતી એવું આહારકશરીર ચૌદપૂર્વધરમાં જ હોય છે. ॥૨/૪૯॥**

**ભાષ્ય :-**

**शुभमिति शुभद्रव्योपचितं शुभपरिणामं चेत्यर्थः, विशुद्धमिति विशुद्धद्रव्योपचितं असावद्यं चेत्यर्थः, अव्याघातीति आहारकशरीरं न व्याहन्ति न व्याहन्यते चेत्यर्थः, तच्चतुर्दशपूर्वधर एव । कस्मिंश्चिदर्थे कृच्छ्रेऽत्यन्तसूक्ष्मे सन्देहमापन्नो निश्चयाधिगमार्थं क्षेत्रान्तरितस्य भगवतोऽर्हतः पादमूलमौदारिकेण शरीरेणाशक्यगमनं मत्वा लब्धिप्रत्ययमेवोत्पादयति पृष्ट्वाऽथ भगवन्तं छिन्नसंशयः पुनरागत्य व्युत्सृजत्यन्तर्मुहूर्तस्य ।**

**ભાષ્યાર્થ :-**

**शुभमिति ..... व्युत्सृजत्यन्तर्मुहूर्तस्य । શુભ=શુભદ્રવ્યથી ઉપચિત અને શુભપરિણામ એ શુભ છે. વિશુદ્ધ=વિશુદ્ધ દ્રવ્યથી ઉપચિત અને અસાવદ્ય એ વિશુદ્ધ છે. અને અવ્યાઘાતી=આહારકશરીર**

**કોઈને વ્યાઘાત કરતું નથી અને કોઈનાથી વ્યાઘાત પામતું નથી એ અવ્યાઘાતી છે. તે=આહારકશરીર, ચૌદપૂર્વધરમાં જ છે.**

ચૌદપૂર્વધર આહારકશરીર ક્યારે બનાવે ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે –

**કોઈક કૃચ્છ્ર અત્યંત સૂક્ષ્મ અર્થમાં=મુશ્કેલીથી બોધ થાય એવા અત્યંત સૂક્ષ્મ અર્થમાં, સંદેહને પામેલ નિશ્ચયના બોધ માટે ક્ષેત્રાંતરિત એવા અરિહંત ભગવંતના પાદમૂળમાં ઔદારિકશરીરથી અશક્ય ગમન જાણીને લબ્ધિપ્રત્યય જ ઉત્પાદન કરે છે=ચૌદપૂર્વધર આહારકશરીર ઉત્પાદન કરે છે. અને ભગવાનને પૂછીને છિન્નસંશયવાળા ફરી આવીને=સ્વસ્થાને આવીને, અંતર્મુહૂર્તવાળા તે શરીરને= આહારકશરીરને વ્યુત્સર્જન કરે છે. ॥**

**ભાવાર્થ :-**

ચૌદપૂર્વધરને જ આહારકશરીર હોય છે, અન્ય કોઈને આહારકશરીર હોતું નથી.

તે આહારકશરીર કેવું હોય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

શુભ હોય છે, વિશુદ્ધ હોય છે અને અવ્યાઘાતી હોય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે આહારકશરીર શુભ એવાં આહારક પુદ્ગલદ્રવ્યોથી ઉપચિત હોય છે અને શુભપરિણામવાળું હોય છે અર્થાત્ સુંદર વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિવાળું હોય છે. વળી તે આહારકશરીર જેમ શુભ હોય છે, તેમ વિશુદ્ધ પણ હોય છે=સ્ફટિક જેવાં સ્વચ્છ નિર્મળ એવાં વિશુદ્ધ દ્રવ્યોથી ઉપચિત હોય છે. વળી સંપૂર્ણ સાવદ્ય ક્રિયાથી રહિત હોવાથી અસાવદ્ય હોય છે અર્થાત્ આહારકશરીરથી કોઈપણ પ્રકારની સાવદ્ય ક્રિયા તે મહાત્માઓ કરતા નથી, માટે તે અસાવદ્ય હોય છે.

વળી જેમ ઔદારિકશરીર સ્થાનાંતરમાં જતું હોય તો વચમાં આવનાર સ્થૂલ વસ્તુનો તેનાથી વ્યાઘાત થાય છે તે રીતે આહારકશરીર વ્યાઘાત કરનાર નથી. આથી જ આહારકશરીરવાળા ક્ષેત્રાંતરમાં જતાં હોય તો વચમાં ભીંતાદિ આવે કે પર્વતાદિ આવે તેનો વ્યાઘાત થતો નથી પરંતુ જેમ આત્મા પરભવમાં જાય છે ત્યારે ચારે બાજુથી બંધ ઓરડામાંથી પણ પસાર થઈ શકે છે તેમ આહારકશરીર પણ પસાર થઈ શકે છે. આહારકશરીર કોઈનું વ્યાહનન કરતું નથી અર્થાત્ સ્થાનાંતરમાં ગમન કરતી વખતે વચમાં આવેલ પદાર્થને વ્યાઘાત કરતું નથી કે કોઈ અન્ય પદાર્થ દ્વારા વ્યાઘાત પામતું નથી માટે અવ્યાઘાતી છે.

આહારકશરીર ચૌદપૂર્વધરને હોય છે, અન્યને નહીં. તે મહાત્મા નિષ્પ્રયોજન આહારકશરીર બનાવે નહીં, પરંતુ કોઈ શાસ્ત્રીય અર્થનો નિર્ણય થતો ન હોય અને અત્યંત સૂક્ષ્મ પદાર્થમાં સંદેહ થયેલો હોય ત્યારે તે પદાર્થનો નિશ્ચિત બોધ કરવા માટે અન્ય ક્ષેત્રમાં રહેલા અરિહંત ભગવંત પાસે ઔદારિકશરીરથી જવું અશક્ય જણાય ત્યારે આહારક લબ્ધિ પ્રગટ થયેલી હોય તો આહારકશરીર બનાવે છે અને પોતાના સંદેહનો અર્થ ભગવાનને પૂછીને છિન્ન સંશયવાળા તે મહાત્મા અંતર્મુહૂર્ત કાળવાળા તે શરીરનો ત્યાગ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્તમાત્ર કાળમાં તે શરીર દ્વારા પ્રશ્ન પૂછીને અંતર્મુહૂર્ત કાળ પૂરો થાય તે પહેલાં ઔદારિકશરીરમાં આવી જાય છે.

આહારકશરીર આહારકલબ્ધિધર એવા ચૌદપૂર્વધરોને હોય છે, એમ બતાવ્યું. હવે શરીર વિષયક જે કાંઈ અવશિષ્ટ શેષ વક્તવ્ય છે તે ભાષ્યકારશ્રી બતાવે છે –

**ભાષ્ય :-**

**तैजसमपि शरीरं लब्धिप्रत्ययं भवति, कार्मणमेषां निबन्धनमाश्रयो भवति । तत्कर्मत एव भवतीति बन्धे पुरस्ताद्वक्ष्यति, कर्म हि कार्मणस्य कारणमन्येषां च शरीराणामादित्यप्रकाशवत्, यथाऽऽदित्यः स्वमात्मानं प्रकाशयति अन्यानि च द्रव्याणि, न चास्यान्यः प्रकाशकः, एवं कार्मणमा-त्मनश्च कारणमन्येषां च शरीराणामिति ।।**

**ભાષ્યાર્થ :-**

**तैजसमपि शरीरं ..... शरीराणामिति । તૈજસ પણ શરીર લબ્ધિપ્રત્યય થાય છે. આમનો=ઔદારિક આદિ શરીરનો, કાર્મણ=કાર્મણશરીર, નિબંધન છે=આશ્રય છે.**

કેમ આશ્રય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**તેના કર્મથી જ=કાર્મણશરીરનામકર્મથી જ, થાય છે=કાર્મણશરીર થાય છે, એ પ્રમાણે બંધમાં=બંધ અધિકારમાં, આગળ=૮મા અધ્યાયમાં, કહેવાશે.**

કાર્મણશરીર બધા શરીરનું કારણ છે, એને સ્પષ્ટ કરે છે –

**કર્મ કાર્મણશરીરનું કારણ છે અને અન્ય શરીરોનું (પણ) કારણ છે, આદિત્ય પ્રકાશની જેમ. જે પ્રમાણે સૂર્ય પોતાને પ્રકાશન કરે છે અને અન્ય દ્રવ્યોને પ્રકાશન કરે છે અને આનું=સૂર્યનું, અન્ય પ્રકાશક નથી એ પ્રમાણે કાર્મણશરીર પોતાનું કારણ છે અને આમનું કારણ છે=અન્ય શરીરોનું કારણ છે.**

**'इति' શબ્દ કાર્મણશરીર આદિ વિષયક અવશિષ્ટ વક્તવ્યની સમાપ્તિ અર્થે છે.**

**ભાવાર્થ :-**

વૈક્રિયશરીર અને આહારકશરીર તો લબ્ધિપ્રત્યય થાય છે; પરંતુ તૈજસશરીર સર્વ જીવોને અનાદિનું હોવા છતાં કોઈકને લબ્ધિપ્રત્યય પણ થાય છે. તેથી તૈજસલબ્ધિવાળા જીવો તેજોલેશ્યા કે શીતલેશ્યા મૂકીને અપકાર કે ઉપકાર કરી શકે છે.

વળી ઔદારિક આદિ સર્વ શરીરોનું કાર્મણ નિબંધન છે=આશ્રય છે=કાર્મણશરીરના કારણે અન્ય શરીરો ઉત્પન્ન થાય છે. જો કાર્મણશરીર ન હોય તો જેમ સિદ્ધના જીવોને કોઈ શરીરની પ્રાપ્તિ નથી તેમ સંસારી જીવોને કોઈ શરીરની પ્રાપ્તિ થાય નહીં.

કાર્મણશરીર અન્ય સર્વ શરીરોનું કારણ છે એ સ્પષ્ટ કરવાર્થે ભાષ્યકારશ્રી કહે છે –

તેના કર્મથી તે તે શરીર થાય છે=કાર્મણશરીર અંતર્ગત ઔદારિક આદિ પાંચ શરીર નામકર્મો છે. તે તે નામકર્મના ઉદયથી જ તે તે શરીરો થાય છે એ પ્રકારે બંધઅધિકાર નામના આઠમા અધ્યાયમાં કહેવાશે.

કેમ કાર્મણશરીર પાંચેય શરીરનું કારણ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કર્મ કાર્મણશરીરનું કારણ છે અને અન્ય શરીરનું કારણ છે.

તેમાં દૃષ્ટાંત કહે છે –

સૂર્યના પ્રકાશની જેમ.

તે દૃષ્ટાંતદાર્ષ્ટાંતિકભાવ સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે સૂર્ય પોતાના આત્માને પ્રકાશન કરે છે અને અન્ય દ્રવ્યોને પ્રકાશન કરે છે પરંતુ સૂર્યનો પ્રકાશક અન્ય કોઈ નથી તે રીતે કાર્મણશરીર પોતાનું કારણ છે અર્થાત્ કાર્મણશરીરના એક દેશરૂપ કાર્મણશરીરનામકર્મ એ કાર્મણશરીરનું કારણ છે. અને અન્ય ઔદારિક આદિ ચાર શરીરનું કારણ છે; કેમ કે કાર્મણશરીર અંતર્ગત જ ઔદારિક આદિ શરીરનામકર્મ છે, જેના ઉદયથી તે તે શરીરોની પ્રાપ્તિ છે માટે કાર્મણશરીર ઔદારિક આદિ પાંચેય શરીરોનું કારણ છે.

**ભાષ્ય :-**

**अत्राह-औदारिकमित्येतदादीनां शरीरसंज्ञानां कः पदार्थ इति ? । अत्रोच्यते – उद्गतारमुदारम्, उत्कटारमुदारम्, उद्गम एव वोदारम्, उपादानात् प्रभृति अनुसमयमुद्गच्छति वर्धते जीर्यते शीर्यते परिणमतीत्युदारम्, उदारमेवौदारिकम्, नैवमन्यानि यथोद्गमं वा निरतिशेषं, ग्राह्यं छेद्यं भेद्यं दाह्यं हार्यमित्युदाहरणादौदारिकम्, नैवमन्यानि, उदारमिति च स्थूलनाम, स्थूलमुद्गतं पुष्टं बृहन्महदिति, उदारमेवौदारिकम् नैवं शेषाणि, तेषां हि** 'परं परं सूक्ष्मम्' **इत्युक्तम् (अ० २, सू० ३८) ।।**

**ભાષ્યાર્થ :-**

**अत्राह ..... सूक्ष्ममित्युक्तम् । અહીં=પાંચ શરીરનું વર્ણન કર્યું એમાં, શંકા કરે છે – ઔદારિક એ આદિ શરીર સંજ્ઞાઓનો કયો પદાર્થ છે ?=કયો અર્થ છે ?=ઔદારિક આદિ શબ્દથી કયો વાચ્યાર્થ છે ? એ પ્રકારની શંકામાં કહે છે – ઉદ્ગતાર ઉદાર છે. અથવા ઉત્કટાર ઉદાર છે અથવા ઉદ્ગમ જ ઉદાર છે.**

ઉદ્ગમ જ ઉદાર કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

**ઉપાદાનથી માંડીને=ઔદારિકશરીરના ગ્રહણથી માંડીને અનુસમય ઉદ્ગમ પામે છે, વધે છે, જીર્ણ થાય છે, શીર્ણ થાય છે, પરિણમન પામે છે, એથી ઉદાર છે, ઉદાર જ ઔદારિક છે. એ પ્રમાણે=જે પ્રમાણે ઔદારિકશરીર છે એ પ્રમાણે, અન્ય શરીરો નથી. અથવા જે પ્રમાણે ઉદ્ગમ છે=જે જે ઉદ્ગમ છે તે તે નિરતિશેષ છે=સર્વ ઔદારિકશરીરનો ઉદ્ગમ તુલ્ય છે.**

કઈ રીતે તુલ્ય છે ? તે બતાવે છે –

**ગ્રાહ્ય, છેદ્ય, ભેદ્ય, દાહ્ય, હાર્ય આદિ. એ પ્રકારના ઉદાહરણથી ઔદારિક છે એ પ્રમાણે અન્ય શરીરો નથી=વૈક્રિયાદિ શરીરો નથી.**

**અથવા ઉદાર એ સ્થૂલનામ છે.**

સ્થૂલના જ પર્યાયવાચી શબ્દો કહે છે –

**સ્થૂલ, ઉદ્ગત, પુષ્ટ, બૃહત્, મહત્ એ સ્થૂલ શબ્દના પર્યાયવાચી શબ્દો છે.**

**ઉદાર જ ઔદારિક છે અર્થાત્ સ્થૂલસ્વરૂપ ઉદાર જ ઔદારિક છે. એ પ્રમાણે=જે પ્રમાણે ઔદારિકશરીર છે તે પ્રમાણે, શેષ શરીરો નથી.**

કેમ શેષ શરીરો નથી ? તેથી કહે છે –

**તેઓનું=વૈક્રિય આદિ શરીરોનું, પર પર=ઉત્તર ઉત્તરનું, સૂક્ષ્મ છે એ પ્રમાણે કહેવાયું છે. ।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ઔદારિક આદિ પાંચ શરીરો બતાવ્યાં ત્યાં શંકા કરે છે કે ઔદારિક આદિ પાંચ શરીરોને ઔદારિક, વૈક્રિય એ પ્રકારની સંજ્ઞા કરી છે. તે સંજ્ઞાનો વાચ્ય પદાર્થ શું છે ? અર્થાત્ આ શરીરને ઔદારિક, આ શરીરને વૈક્રિય એ પ્રમાણે કેમ કહ્યું છે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

ઔદારિકશરીરમાં ઉદાર શબ્દ છે તે ઉદ્ગતાર અર્થમાં છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ઔદારિકશરીરની ઉદ્ગતા=ઉત્કૃષ્ટતા, આરા=છાયા, છે માટે તેને ઉદ્ગતાર કહેવાય છે; જે તીર્થંકર, ગણધરના શરીરને સામે રાખીને અન્ય સર્વ શરીરો કરતાં તેમની છાયા ઉત્કૃષ્ટ કોટિની છે તે બતાવે છે, અર્થાત્ અન્ય સર્વ શરીરો કરતાં શ્રેષ્ઠ કોટિના પરમાણુથી બનેલું તેઓનું શરીર છે. માટે તેને આશ્રયીને ઉદાર એવું શરીર તે ઔદારિકશરીર છે એમ કહેવાય છે.

અથવા ઉત્કટાર એ ઉદાર છે=ઉત્કટ પ્રમાણવાળું શરીર ઔદારિકશરીર છે; કેમ કે અવસ્થિત સાતિરેક યોજન સહસ્ર પ્રમાણ ઔદારિકશરીર કોઈક જીવોને હોય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઔદારિકશરીરવાળા જીવો એક હજાર યોજન અધિક દેહના પરિમાણવાળા હોય છે તેવું દેહનું પરિમાણ અન્ય કોઈ મૂળ શરીરનું નથી; કેમ કે વૈક્રિયશરીરવાળા દેવો કે નારકીનું મૂળ શરીર તેટલું મોટા પ્રમાણવાળું નથી. તેથી ઉત્કટ શરીરના માનને આશ્રયીને પ્રથમ શરીરને ઔદારિકશરીર કહેલ છે.

વળી ત્રીજો અર્થ કહે છે –

ઉદ્ગમ જ ઉદાર છે=શરીરની નિષ્પત્તિના પ્રારંભથી માંડીને સતત વધે છે, જીર્ણ થાય છે, શીર્ણ થાય છે

અને તે તે રૂપે પરિણમન પામે છે એ પ્રમાણે ઉદાર ઉદ્ગમ છે. માટે પ્રથમ શરીરને ઔદારિકશરીર કહેવાય છે અર્થાત્ ઉદારના અર્થમાં જ ઔદારિક શબ્દનો પ્રયોગ છે. અન્ય શરીરો ઉદ્ગમથી માંડી સતત વધ્યા કરે, જીર્ણ થયા કરે ઇત્યાદિ સ્વરૂપ નથી; કેમ કે દેવો પોતાની શય્યામાં ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થયાના અંતર્મુહૂર્તમાં પોતાની કાયાના પરિમાણવાળા થાય છે. જ્યારે ઔદારિકશરીર તો ઉત્પત્તિથી માંડીને સતત વધે છે. આથી જન્મ્યા પછી બાળક પ્રતિદિવસ વધીને તેનું શરીર યૌવન અવસ્થામાં પૂર્ણ ખીલેલી અવસ્થા સુધી પહોંચે છે પછી જીર્ણ પણ થાય છે, શીર્ણ પણ થાય છે અને વૃદ્ધાવસ્થારૂપે પરિણમન પણ પામે છે. તે રૂપે વૈક્રિયાદિ શરીરો થતાં નથી માટે પ્રથમ શરીરને ઔદારિકશરીર કહે છે.

વળી ઉદારનો અર્થ અન્ય પ્રકારે કરે છે –

જે પ્રકારે ઉદ્ગમ છે=જે જે શરીરનો ઉદ્ગમ છે, તે સર્વ તુલ્ય છે; કેમ કે ઔદારિકશરીરવાળા જીવોનું શરીર માંસ-હાડકાંથી બદ્ધ છે; તે ઔદારિકશરીર ગ્રાહ્ય છે=કોઈકનાથી ગ્રહણ થઈ શકે તેવું છે; શસ્ત્રાદિથી છેદ્ય છે=શસ્ત્રાદિથી છેદાય તેવું છે; ભેદ્ય છે=નારાચ આદિથી ભેદાય તેવું છે. અગ્નિથી દાહ્ય છે. વળી મહાવાયુથી હરણ થાય તેવું છે. વૈક્રિયાદિ અન્ય શરીરો તેવાં નથી. માટે પ્રથમ શરીરને ઔદારિકશરીર કહેલ છે.

વળી ઉદારનો અર્થ અન્ય પ્રકારે કરે છે –

ઉદાર એટલે સ્થૂલ.

સ્થૂલના પર્યાયવાચી શબ્દો બતાવે છે –

સ્થૂલ છે, ઉદ્ગત છે=અતિ ઊંચું છે, પુષ્ટ છે=શુક્ર-શોણિતાદિ દ્રવ્યોથી પ્રચિત છે, બૃહત્ છે=પ્રતિક્ષણ વૃદ્ધિનો યોગ છે અથવા મહત્ છે=હજાર યોજન પ્રમાણ મોટું છે. આવા પ્રકારનું સ્થૂલાદિ સ્વરૂપ ઉદાર જ શરીર ઔદારિક છે, એ પ્રમાણે વૈક્રિયાદિ શરીરો નથી; કેમ કે વૈક્રિય આદિ ઉત્તર ઉત્તરનું શરીર સૂક્ષ્મ છે. માટે અન્ય સર્વ શરીર કરતાં સ્થૂલ શરીર હોવાથી પ્રથમ શરીરને ઔદારિકશરીર કહેવામાં આવે છે. ॥

**ભાષ્ય :-**

**वैक्रियमिति, विक्रिया विकारो विकृतिर्विकरणमित्यनर्थान्तरम् । विविधं क्रियते, एकं भूत्वा अनेकं भवति, अनेकं भूत्वा एकं भवति, अणु भूत्वा महद् भवति, महच्च भूत्वा अणु भवति, एकाकृति भूत्वा अनेकाकृति भवति, अनेकाकृति भूत्वा एकाकृति भवति, दृश्यं भूत्वा अदृश्यं भवति, अदृश्यं भूत्वा दृश्यं भवति, भूमिचरं भूत्वा खेचरं भवति, खेचरं भूत्वा भूमिचरं भवति, प्रतिघाति भूत्वाऽप्रतिघाति भवति, अप्रतिघाति भूत्वा प्रतिघाति भवति, युगपच्चैतान् भावाननु-भवति, नैवं शेषाणीति । विक्रियायां भवति, विक्रियायां जायते, विक्रियायां निर्वर्त्यते, विक्रियैव वा वैक्रियम् ।।**

**ભાષ્યાર્થ :-**

**वैक्रियमिति ..... वा वैक्रियम् ।**

પૂર્વમાં શંકા કરેલ કે ઔદારિક આદિ શરીરને ઔદારિક ઇત્યાદિ સંજ્ઞાનો શું અર્થ છે ? તેથી પ્રથમ ઔદારિકશરીરમાં વર્તતી 'ઔદારિક' સંજ્ઞાનો અર્થ સ્પષ્ટ કરેલ. હવે વૈક્રિયશરીરનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે –

**વૈક્રિયશરીરનું સ્વરૂપ બતાવે છે.**

વૈક્રિય શબ્દના પર્યાયવાચી શબ્દો કહે છે –

**વિક્રિયા, વિકાર, વિકૃતિ, વિકરણ એ અનર્થાંતરો છે=વૈક્રિય શબ્દના પર્યાયવાચી શબ્દો છે.**

વિક્રિયા શબ્દની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે –

**વિવિધ કરાય છે=એક થઈને અનેક થાય છે, અનેક થઈને એક થાય છે; અણુ થઈને મહત્ થાય છે, મહત્ થઈને અણુ થાય છે; એક આકૃતિ થઈને અનેક આકૃતિ થાય છે, અનેક આકૃતિ થઈને એક આકૃતિ થાય છે; દૃશ્ય થઈને અદૃશ્ય થાય છે, અદૃશ્ય થઈને દૃશ્ય થાય છે; ભૂમિચર થઈને ખેચર થાય છે=આકાશમાં જનાર થાય છે, આકાશમાં જનાર થઈને ભૂમિ ઉપર ચાલનાર થાય છે; પ્રતિઘાતિ થઈને અપ્રતિઘાતિ થાય છે, અપ્રતિઘાતિ થઈને પ્રતિઘાતિ થાય છે; એક સાથે આ ભાવોને=પૂર્વમાં વર્ણન કર્યું એ ભાવોને, અનુભવે છે=વૈક્રિયશરીર અનુભવે છે. એ રીતે શેષ શરીરો=વૈક્રિય સિવાયનાં અન્ય શરીરો, અનુભવતાં નથી.**

વળી વૈક્રિય શબ્દની અન્ય વ્યુત્પત્તિ બતાવે છે –

**વિક્રિયામાં હોય છે, વિક્રિયામાં થાય છે, વિક્રિયામાં નિર્વર્તન થાય છે=નિષ્પાદન થાય છે અથવા વિક્રિયા જ વૈક્રિય છે. ॥**

**ભાવાર્થ :-**

ભવપ્રત્યયિક વૈક્રિયશરીર દેવોને અને નારકોને હોય છે તથા લબ્ધિપ્રત્યયિક વૈક્રિયશરીર મનુષ્યોને અને તિર્યંચોને હોય છે. તે શરીરને વૈક્રિય એ પ્રકારની સંજ્ઞા કેમ આપી ? તે સ્પષ્ટ કરવા અર્થે પ્રથમ વૈક્રિય શબ્દના પર્યાયવાચી શબ્દો બતાવે છે –

વિક્રિયા, વિકાર, વિકૃતિ અને વિકરણ એ સર્વ અનર્થાંતરો છે=એક અર્થને બતાવે છે. તેથી આ પ્રકારના ભાવો વૈક્રિયશરીરમાં છે, અન્ય શરીરમાં નથી. માટે દેવો આદિના શરીરને વૈક્રિયશરીર એ પ્રકારે સંજ્ઞા આપેલ છે.

વિક્રિયા એટલે શું ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

વિવિધ પ્રકારે કરાય તે વિક્રિયા છે.

કઈ રીતે વૈક્રિયશરીર વિવિધ પ્રકારે કરાય છે ? તેથી કહે છે –

વૈક્રિયશરીરવાળા દેવો, નારકો કે વૈક્રિયશરીરવાળા મનુષ્યાદિ જીવો ક્યારેક વૈક્રિયશરીરરૂપે એક થાય છે, તો વળી ક્યારેક અનેક થાય છે. આથી દેવો ઉત્પન્ન થાય છે ત્યારે એક વૈક્રિયશરીરવાળા હોય છે અને જ્યારે ઇચ્છા થાય ત્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવીને અનેકરૂપે થાય છે. વળી અનેક ઉત્તરશરીરરૂપે થઈને જ્યારે એક થવાની ઇચ્છા થાય ત્યારે એક પણ બને છે. એ પ્રમાણે ઔદારિક આદિ શરીરો એક-અનેકરૂપે થતાં નથી.

વળી વૈક્રિયશરીરમાં અન્ય પ્રકારની વિવિધ ક્રિયા થાય છે, તે બતાવે છે –

વૈક્રિયશરીરધારી જીવો ક્યારેક ઇચ્છાનુસાર અણુ જેટલા થઈને પાછળથી મોટી કાયાવાળા બને છે. આથી દેવો કોઈક પ્રયોજન હોય ત્યારે અણુ જેટલું ઉત્તરવૈક્રિય બનાવે છે, તો ક્યારેક અણુ જેટલું શરીર બનાવ્યા પછી લાખ યોજનનું મોટું શરીર બનાવે છે. વળી મોટું શરીર બનાવ્યા પછી જરૂર પડે ત્યારે અણુ જેવું પણ બનાવે છે. આથી ચમરેન્દ્રે ઉત્પાતકાળમાં એક લાખ યોજન પ્રમાણ ઉત્તરવૈક્રિયશરીર બનાવ્યું. અને પછી ભાગીને ભગવાનના પગ વચ્ચે બેસે છે ત્યારે અણુ જેટલું શરીર બનાવી દીધું. આ પ્રકારની વિવિધ ક્રિયા વૈક્રિયશરીરમાં થાય છે, અન્ય શરીરમાં થતી નથી. માટે તે શરીર વૈક્રિયશરીર કહેવામાં આવે છે.

વળી વૈક્રિયશરીરવાળા જીવો એક આકૃતિવાળા થઈને અનેક આકૃતિવાળા થાય છે. આથી જ તેવા પ્રકારના પ્રયોજન વખતે એક આકૃતિવાળા ઉત્તરવૈક્રિયશરીરધર દેવાદિ કે મનુષ્યાદિ પોતાનાં અનેક શરીરો બનાવે છે. વળી અનેક આકૃતિવાળા થઈને તેવું પ્રયોજન જણાય ત્યારે એક આકૃતિવાળા થાય છે. આ પ્રકારની તેની વિવિધ ક્રિયાને કારણે તેને વૈક્રિયશરીર કહેવાય છે.

વળી વૈક્રિયશરીર ક્યારેક દૃશ્ય સ્વરૂપવાળું હોય છે. ક્યારેક અદૃશ્ય સ્વરૂપવાળું પણ બને છે. તેથી પ્રયોજનને વશ દેવો કે વૈક્રિયશરીરધારી અન્ય જીવો પોતાનું શરીર દૃશ્ય કરીને અદૃશ્ય કરે છે. અદૃશ્ય કરીને દૃશ્ય કરે છે. તે સર્વ વિવિધ ક્રિયા છે. વળી વૈક્રિયશરીર ક્યારેક મનુષ્યની જેમ ભૂમિ પર ચાલનારું બને છે. તો વળી ક્યારેક ભૂમિચર થઈને આકાશમાં ઊડનારું બને છે. અને આકાશમાં ઊડનાર બનીને ભૂમિચર ચાલનાર બને છે એ પણ વૈક્રિયશરીરની વિવિધ ક્રિયાઓ છે.

વળી વૈક્રિયશરીર ક્યારેક અન્યને પ્રતિઘાત કરનાર થાય છે કે અન્યથી પ્રતિઘાત પામનાર થાય છે, તો વળી ઇચ્છાનુસાર અપ્રતિઘાતિ પણ બને છે. અપ્રતિઘાતિ થઈને પ્રતિઘાતિ પણ બને છે. આ સર્વ વૈક્રિયશરીરની વિવિધ ક્રિયા છે. વળી ક્યારેક એક સાથે આ સર્વ ભાવોને કરનારાં પણ બને છે. એ રીતે ઔદારિક આદિ અન્ય શરીરો વિવિધ ક્રિયાને કરનારાં નથી. માટે તે શરીરને વૈક્રિય એ પ્રમાણેની સંજ્ઞા આપેલ છે.

વળી વૈક્રિય શબ્દની અન્ય વ્યુત્પત્તિ બતાવે છે –

વિક્રિયામાં હોય છે=વિવિધ પ્રકારની ક્રિયામાં વૈક્રિયશરીર વર્તે છે, અથવા વિક્રિયામાં ઉત્પન્ન થાય છે

અથવા વિક્રિયામાં નિષ્પાદન કરાય છે અથવા વિક્રિયા જ વૈક્રિય છે. માટે તે શરીરને વૈક્રિયશરીર એ પ્રમાણે સંજ્ઞા આપી છે. ॥

**ભાષ્ય :-**

**आहारकमाह्रियत इत्याहार्यम्, आहारकमन्तर्मुहूर्तस्थिति नैवं शेषाणि ।**

**तेजसो विकारस्तैजसं तेजोमयं तेजःस्वतत्त्वं शापानुग्रहप्रयोजनम् नैवं शेषाणि ।**

**कर्मणो विकारः कर्मात्मकं कर्ममयमिति कार्मणम् नैवं शेषाणि ।**

**ભાષ્યાર્થ :-**

**आहारकम् ..... शेषाणि ।** આહારકશરીરની વ્યુત્પત્તિ બતાવે છે –

**જે આહરણ કરાય તે આહાર્ય છે. તેથી આહારક અને આહાર્ય એકાર્થવાચી શબ્દ છે. આહારક અંતર્મુહૂર્ત સ્થિતિવાળું છે, એ રીતે શેષ શરીરો નથી.**

**તેજસનો વિકાર તૈજસ છે. તેજોમય, તેજસ સ્વતત્ત્વવાળું, શાપ-અનુગ્રહના પ્રયોજનવાળું છે, એ પ્રકારે શેષ શરીર નથી.**

**કર્મનો વિકાર, કર્માત્મક, કર્મમય એ કાર્મણ છે, એ પ્રમાણે શેષ નથી.**

**ભાવાર્થ :-**

આહારક, તૈજસ અને કાર્મણશરીરનું સ્વરૂપ બતાવે છે. તેમાં પ્રથમ આહારક શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

આહરણ કરાય છે એ આહાર્ય છે, એ પ્રકારની આહારક શબ્દની વ્યુત્પત્તિ છે.

આહારકશરીર અન્ય શરીર કરતાં કઈ રીતે વિલક્ષણ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

આહારકશરીર અંતર્મુહૂર્ત સ્થિતિવાળું છે, અધિક સ્થિતિવાળું નથી. આ પ્રકારના અન્ય શરીરો નથી અર્થાત્ અન્ય શરીરો અંતર્મુહૂર્તથી અધિક સ્થિતિવાળાં હોય છે.

વળી તૈજસશરીરનું સ્વરૂપ બતાવે છે –

તેજસનો વિકાર=પાચનનું કારણ બને એવા અગ્નિનો વિકાર, તે તૈજસ છે. તે તૈજસશરીર તેજોમય છે=પાચનનું કારણ બને એવો અગ્નિમય છે. વળી તે તૈજસશરીરનું અગ્નિ એ સ્વતત્ત્વ છે=અગ્નિનું સ્વરૂપ જ તૈજસશરીર છે. વળી તે તૈજસશરીર કોઈને શાપ આપવા માટે કે અનુગ્રહ કરવાના પ્રયોજનવાળું છે. આથી જ તેજોલેશ્યા જેઓએ પ્રાપ્ત કરી છે તેઓ કોઈકને શાપ આપીને તેનો વિનાશ કરી શકે છે અને શીતલેશ્યા જેઓએ પ્રાપ્ત કરી છે તેઓ તે તૈજસશરીરને શીતરૂપે પરિણમન પમાડીને અનુગ્રહ કરે છે. જેમ વીર ભગવાને તેજોલેશ્યાથી બળતા ગોશાળાનું શીતલેશ્યા દ્વારા રક્ષણ કર્યું. એ રીતે તૈજસશરીરથી અન્ય

શરીરો આહારના પાચનમાં, શાપમાં કે અનુગ્રહમાં ઉપયોગી થતાં નથી. તેથી અન્ય શરીરો કરતાં તૈજસશરીર વિલક્ષણ છે.

કાર્મણશરીરની વ્યુત્પત્તિ કરે છે –

કર્મનો વિકાર=કર્મોનું કાર્ય, એ કાર્મણશરીર છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાં જીવે બાંધેલાં જે કર્મો હતાં તે કર્મોને કારણે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ જે આત્માના પરિણામ થાય છે તે પરિણામથી નવાં કર્મો બંધાય છે, તે પૂર્વનાં કર્મોનો વિકાર છે અને તે કાર્મણશરીર છે. તે કાર્મણશરીર કર્મોના સમૂહરૂપ છે અર્થાત્ કર્મમય છે; આ પ્રકારે શેષ શરીરો નથી અર્થાત્ શેષ શરીરો કર્મના વિકારરૂપ નથી. માટે અન્ય શરીરો કરતાં કાર્મણશરીર વિલક્ષણ છે. ॥

**ભાષ્ય :-**

**एभ्य एव चार्थविशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धम् ।**

**किं चान्यत् ? कारणतो विषयतः स्वामितः प्रयोजनतः प्रमाणतः प्रदेशसङ्ख्यातोऽवगाहनतः स्थितितोऽल्पबहुत्वत इत्येतेभ्यश्च नवभ्यो विशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धमिति ।।२/४९।।**

**ભાષ્યાર્થ :-**

**एभ्य एव ..... सिद्धमिति । અને આ જ અર્થવિશેષોથી=દરેક શરીરોના અન્ય શરીર કરતાં વિલક્ષણ સ્વરૂપ પૂર્વમાં બતાવ્યું એ જ અર્થવિશેષોથી, શરીરનું અનેકપણું સિદ્ધ છે. અને બીજું શું ? એથી કહે છે - કારણથી, વિષયથી, સ્વામીથી, પ્રયોજનથી, પ્રમાણથી, પ્રદેશની સંખ્યાથી, અવગાહનથી, સ્થિતિથી અને અલ્પબહુત્વથી એ પ્રકારના આ નવ વિશેષોથી શરીરોનું=ઔદારિક આદિ પાંચ શરીરોનું, નાનાપણું સિદ્ધ છે. ।।૨/૪૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પાંચેય શરીરો પરસ્પર અન્ય શરીર કરતાં જુદાં છે તેમ સ્થાપન કર્યું. એ અપેક્ષાએ પાંચેય શરીરો પરસ્પર જુદાં છે તેમ સિદ્ધ થયું. હવે અન્ય નવ કારણોથી પણ એ પાંચેય શરીરો પરસ્પર જુદાં છે એ બતાવે છે –

**(૧) કારણથી :-**

કારણથી પાંચેય શરીરો જુદાં છે અર્થાત્ પાંચેય શરીરોના કારણીભૂત વર્ગણાઓ સ્થૂલ, સૂક્ષ્મ ઇત્યાદિ ભેદથી ઉપચિત પરમાણુઓની બનેલી હોવાને કારણે તે પાંચે શરીરોનો પરસ્પર ભેદ છે. જેમ પ્રથમ શરીર સ્થૂલ પરમાણુઓનું બનેલું છે, બીજું શરીર તેનાથી સૂક્ષ્મ પરમાણુઓથી બનેલું છે, એ પ્રકારે ઉત્તર ઉત્તરનાં શરીરો સૂક્ષ્મ સૂક્ષ્મ અને અધિક અધિક પરમાણુઓનાં બનેલાં હોવાથી ઔદારિક આદિ પાંચેય શરીરોનું નાનાપણું છે.

**(૨) વિષયથી :-**

ગમનના વિષયથી પાંચ શરીરનો ભેદ છે તે આ પ્રમાણે –

વિદ્યાધરના ઔદારિકશરીરને આશ્રયીને નંદીશ્વર સુધી ગમનનો વિષય છે. જંઘાચરણને આશ્રયીને રુચકપર્વત પર્યંત તિર્ચ્છું ગમનનો વિષય છે અને ઊર્ધ્વમાં પાંડુકવન સુધી ગમનનો વિષય છે. વૈક્રિયશરીરનો અસંખ્યાત દ્વીપ-સમુદ્ર સુધી ગમનનો વિષય છે; કેમ કે ઉત્કૃષ્ટથી વૈક્રિયશરીરવાળા જીવો અસંખ્યાત દ્વીપ-સમુદ્ર સુધી જઈ શકે છે. આહારકશરીરનો મહાવિદેહક્ષેત્ર સુધી ગમનનો વિષય છે અને તૈજસશરીર-કાર્મણશરીરના ગમનનો વિષય ચૌદ રાજલોક છે; કેમ કે એકેન્દ્રિય તૈજસ-કાર્મણશરીરને લઈને ત્રસનાડીની બહાર પણ જઈ શકે છે. તેથી સર્વત્ર તૈજસ-કાર્મણશરીરના ગમનનો વિષય છે.

**(૩) સ્વામીથી :-**

ઔદારિકશરીરના સ્વામી મનુષ્ય અને તિર્યંચ છે, તેથી અન્ય શરીરથી ભિન્ન છે. વૈક્રિયશરીરના સ્વામી દેવ, નારક અને કેટલાક તિર્યંચ, મનુષ્યો છે, તેથી વૈક્રિયશરીરનો અન્ય શરીરથી ભેદ છે. આહારકશરીરના સ્વામી ચૌદપૂર્વધર સંયત મનુષ્ય છે, અન્ય નથી, તેથી તેનો અન્ય શરીરથી ભેદ છે. તૈજસ-કાર્મણના સ્વામી સર્વ સંસારી જીવો છે, માટે અન્ય શરીરથી ભેદ છે.

**(૪) પ્રયોજનથી :-**

પ્રયોજનના ભેદથી ઔદારિક આદિ શરીરોનો પરસ્પર ભેદ છે. ઔદારિકશરીરનું પ્રયોજન ધર્મની નિષ્પત્તિ છે=મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિની નિષ્પત્તિ છે, અધર્મની નિષ્પત્તિ છે=ચાર ગતિઓની પ્રાપ્તિનું કારણ બને તેવા પાપની નિષ્પત્તિ છે. સુખ-દુઃખ પ્રયોજન છે; કેમ કે ઔદારિકશરીરથી જીવ, શાતા-અશાતારૂપ સુખ-દુઃખનું વેદન કરે છે. વળી ઔદારિકશરીર કેવળજ્ઞાનાદિ પ્રાપ્તિના પ્રયોજનવાળું છે; કેમ કે ઔદારિકશરીરના બળથી મહાત્માઓ ક્ષપકશ્રેણી પર ચડીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

વૈક્રિયશરીરનું પ્રયોજન સ્થૂલ શરીર બનાવવું, સૂક્ષ્મ શરીર બનાવવું, અનેક શરીરોમાં એકત્વભાવને કરવું, આકાશમાં ચરવું, ક્ષિતિજમાં ગતિ કરવી વગેરે અનેક લક્ષણવાળી વિભૂતિ એ પ્રયોજન છે.

સૂક્ષ્મ વ્યવહિત અને દૂર અવગાહ એવા અર્થનો નિર્ણય કરવો એ આહારકશરીરનું પ્રયોજન છે. આથી તેવા અર્થના સંશયના નિવારણ અર્થે ચૌદપૂર્વી આહારકશરીર દ્વારા મહાવિદેહમાં જાય છે.

વળી આહારનો પાક કરવો, કોઈને શાપ આપવો કે કોઈના ઉપર અનુગ્રહ કરવો તે તૈજસશરીરનું પ્રયોજન છે.

ભવાંતરમાં ગમન પરિણામ એ કાર્મણશરીરનું પ્રયોજન છે.

**(૫) પ્રમાણથી :-**

પાંચેય શરીરોમાં પ્રમાણકૃત ભેદ આ પ્રમાણે છે –

ઔદારિકશરીર ઉત્કૃષ્ટથી સાતિરેક યોજન સહસ્ર પ્રમાણ છે. વૈક્રિયશરીર ઉત્કૃષ્ટથી યોજનલક્ષ પ્રમાણ છે. આહારકશરીરનું પ્રમાણ રત્નિપ્રમાણ છે=એક હાથ પ્રમાણ છે. તૈજસ-કાર્મણશરીર ચૌદરાજલોકના આયામ પ્રમાણ છે; કેમ કે અધોલોકના નીચેના ભાગથી કાળ કરીને ઊર્ધ્વલોકના છેડામાં જનાર કોઈ એકેન્દ્રિય જીવ ઇલિકાગતિથી તે ભવમાં જાય ત્યારે અધોલોકના પ્રદેશ સાથે પણ તૈજસ-કાર્મણશરીરનો સંબંધ છે અને ઊર્ધ્વલોકના નવા ભવના સ્થાન સાથે પણ તે તૈજસ-કાર્મણશરીરનો સંબંધ છે.

**(૬) પ્રદેશસંખ્યાથી :-**

પ્રદેશની સંખ્યાથી ઔદારિક આદિ પાંચ શરીરનો ભેદ આ પ્રમાણે છે –

ઔદારિકશરીર કરતાં વૈક્રિયશરીર અસંખ્યાતગુણ પ્રદેશોવાળું છે, વૈક્રિયશરીર કરતાં આહારકશરીર અસંખ્યાતગુણ પ્રદેશોવાળું છે, આહારકશરીર કરતાં તૈજસશરીર અનંતગુણ પ્રદેશોવાળું છે અને તૈજસશરીર કરતાં કાર્મણશરીર અનંતગુણ પ્રદેશોવાળું છે. તેથી પરમાણુના પ્રચયની અપેક્ષાએ પાંચેય શરીરનો ભેદ હોવાથી પાંચેય શરીરોનું નાનાપણું છે.

**(૭) અવગાહના :-**

વળી પાંચેય શરીરોનો અવગાહનાકૃત ભેદ છે તે આ પ્રમાણે –

ઔદારિકશરીર ઉત્કૃષ્ટથી સાતિરેક યોજન સહસ્ર પ્રમાણ અવગાહનાવાળું છે. તેનાથી ઘણા અસંખ્યેય પ્રદેશની અવગાહનાવાળું ઉત્કૃષ્ટથી યોજન લક્ષ પ્રમાણ વૈક્રિયશરીર છે. વળી આહારકશરીર ઔદારિક અને વૈક્રિયશરીર કરતાં અલ્પ પ્રદેશની અવગાહનાવાળું છે; કેમ કે હસ્તમાત્ર પ્રમાણ છે. તૈજસ અને કાર્મણ લોકના અંત સુધી લાંબા આકાશશ્રેણીની અવગાહનાવાળાં છે.

**(૮) સ્થિતિથી :-**

સ્થિતિથી પાંચ શરીરનો ભેદ છે. તે આ પ્રમાણે –

ઔદારિકશરીરની જઘન્યથી સ્થિતિ અંતર્મુહૂર્ત છે, ઉત્કૃષ્ટથી સ્થિતિ ત્રણ પલ્યોપમ છે; કેમ કે પ્રથમ આરામાં ત્રણ પલ્યોપમ આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો હોય છે. વૈક્રિયશરીરની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ હોય છે; કેમ કે સર્વાર્થસિદ્ધ અને સાતમી નરકમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય છે. આહારકશરીરની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. તૈજસ-કાર્મણશરીરની પ્રવાહના અનુરોધથી અનાદિકાળથી અનંતકાળ સુધી અભવ્યજીવ સંબંધી સ્થિતિ છે અને ભવ્યજીવ સંબંધી તૈજસ-કાર્મણશરીરની સ્થિતિ અનાદિ-સાંત છે; કેમ કે જે જે ભવ્યજીવો મોક્ષમાં જાય છે, તેઓનાં તૈજસ-કાર્મણશરીર અનાદિનાં હતાં અને સિદ્ધિમાં ગમન વખતે તેનો અભાવ પ્રાપ્ત થાય છે.

**(૯) અલ્પબહુત્વ :-**

અલ્પબહુત્વકૃત પાંચેય શરીરનો પરસ્પર ભેદ છે. સહુથી અલ્પ આહારકશરીર છે, તે પણ ક્યારેક સંભવે છે, ક્યારેક આહારકશરીર જગતમાં પ્રાપ્ત થતું નથી.

કેમ આહારકશરીર ક્યારેક સંભવતું નથી ? તેથી કહે છે –

શાસ્ત્રમાં આહારકશરીરનું જઘન્ય અંતર એક સમયનું છે. તેથી કોઈકે આહારકશરીર બનાવ્યું અને તેના વિસર્જન પછી એક સમય પછી અન્ય કોઈ મહાત્મા આહારકશરીર કરે તો એક સમયનું અંતર પ્રાપ્ત થાય અને ઉત્કૃષ્ટથી છ મહિનાનું અંતર છે. તેથી કોઈ મહાત્મા આહારકશરીર કરીને મહાવિદેહાદિમાં જાય, ત્યારપછી છ મહિને અવશ્ય કોઈ મહાત્મા આહારકશરીર કરીને તે પ્રકારે પ્રશ્ન અર્થે અન્ય ક્ષેત્રમાં જાય છે. વળી આહારકશરીર કોઈ બનાવે તો જઘન્યથી એક હોય છે અને ઉત્કૃષ્ટથી એક સાથે નવ હજાર થાય છે. તેથી અન્ય સર્વ શરીરો કરતાં આહારકશરીરની સંખ્યા થોડી પ્રાપ્ત થાય છે. આહારકશરીર કરતાં વૈક્રિયશરીર અસંખ્યેયગુણા હોય છે; કેમ કે નારક અને દેવો અસંખ્યાતા છે. વળી દેવ-નારકીની અસંખ્યાતની સંખ્યા પણ અસંખ્યાત ઉત્સર્પિણી, અવસર્પિણીના સમયની સંખ્યા પ્રમાણ સંખ્યા છે તેથી આહારકશરીર કરતાં વૈક્રિયશરીરો ઘણી મોટી સંખ્યામાં છે.

વૈક્રિયશરીર કરતાં ઔદારિકશરીર અસંખ્યેયગુણા છે; કેમ કે તિર્યંચોનાં અને મનુષ્યોનાં શરીરોનું અસંખ્યેયગુણપણું છે. ઔદારિકશરીરથી તૈજસ-કાર્મણશરીર અનંતગુણ છે; કેમ કે તૈજસ-કાર્મણશરીર પ્રત્યેક એવા સંસારી સર્વજીવોને હોય છે તેથી અનંતા છે. **॥૨/૪૯॥**

**ભાષ્ય :-**

**अत्राह—आसु चतसृषु संसारगतिषु को लिङ्गनियमः ? अत्रोच्यते — जीवस्यौदयिकेषु भावेषु व्याख्यायमानेषूक्तम्—'त्रिविधमेव लिङ्गं-स्त्रीलिङ्गं पुल्लिङ्गं नपुंसकलिङ्गमिति' (अ० २, सू० ६) तथा चारित्रमोहे नोकषायवेदनीये त्रिविध एव वेदो वक्ष्यते**—'स्त्रीवेदः पुंवेदो नपुंसकवेद' **(अ० ८, सू० १०) इति तस्मात् त्रिविधमेव लिङ्गमिति । तत्र —**

**ભાષ્યાર્થ :-**

अत्राह ..... तत्र – **અહીં=આ અવસરમાં=પાંચ શરીરના વર્ણનના અવસરમાં, પ્રશ્ન કરે છે=શિષ્ય પ્રશ્ન કરે છે – આ ચાર (પ્રકારની) સંસારની ગતિઓમાં લિંગનો નિયમ શું છે ? એ પ્રશ્નમાં ઉત્તર આપે છે - વ્યાખ્યાયમાન એવા ઔદયિકભાવોમાં જીવનું "સ્ત્રીલિંગ, પુંલિંગ, નપુંસકલિંગ" એ પ્રકારે ત્રિવિધ લિંગ બતાવાયું છે. (અ૦ ૨, સૂ૦ ૬) અને ચારિત્રમોહમાં નોકષાયવેદનીય વિષયક ત્રિવિધ જ વેદ કહેવાશે** – "સ્ત્રીવેદ, પુંવેદ=પુરુષવેદ અને નપુંસકવેદ." **(અ૦ ૮, સૂ૦ ૧૦) તે કારણથી=ત્રિવિધ જ લિંગ છે અને ત્રિવિધ જ વેદ છે તે કારણથી, ત્રિવિધ જ લિંગ છે. તેમાં કોને કયું લિંગ છે ? તે સૂત્રમાં બતાવે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ભાષ્યકારશ્રીએ ઔદારિક આદિ પાંચ શરીરોનો પરસ્પર ભેદ કઈ અપેક્ષાએ છે ? તેનું સ્થાપન કર્યું. ત્યાં કોઈક શંકા કરે છે કે સંસારમાં વર્તતી ચાર ગતિઓમાં લિંગનો શો નિયમ છે ? તેનો ઉત્તર આપતાં

ભાષ્યકારશ્રી કહે છે –

સૂત્ર-૨/૬માં જીવના જે ઔદયિકભાવો વ્યાખ્યાન કરાયા તેમાં ત્રણ પ્રકારનું લિંગ કહેવાયું છે. ચાર ગતિઓમાં લિંગનો તે જ નિયમ છે અર્થાત્ ચાર ગતિમાં તે ત્રણમાંથી યથોચિત કોઈક લિંગ જીવને પ્રાપ્ત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઔદયિકભાવમાં જે લિંગનું ગ્રહણ કર્યું છે તે માત્ર શરીરની રચનારૂપ નથી કે માત્ર વેદના ઉદયરૂપ નથી, પરંતુ ઉભય સ્વરૂપ છે; કેમ કે બહુલતાએ સ્ત્રીશરીરની પ્રાપ્તિ હોય તો સ્ત્રીવેદનો ઉદય હોય, પુરુષશરીરની પ્રાપ્તિ હોય તો બહુલતાએ પુરુષવેદનો ઉદય હોય અને નપુંસકશરીર પ્રાપ્ત થાય તો નપુંસકવેદનો ઉદય બહુલતાએ હોય. તેથી ચાર ગતિમાં જે લિંગની પ્રાપ્તિનો નિયમ છે તે સ્ત્રીલિંગ આદિ ત્રણ પ્રકારની શરીરની રચના અને ત્રણ પ્રકારના વેદના ઉદય આત્મક ઔદયિકભાવ સ્વરૂપ છે.

વળી શિષ્યનો ઉત્તર આપતાં ભાષ્યકારશ્રીએ કહ્યું કે અધ્યાય-૮ના સૂત્ર-૧૦માં ચારિત્રમોહનીયકર્મના વર્ણન વખતે નોકષાયના વિષયમાં ત્રણ પ્રકારના વેદ કહેવાશે તે સ્થાનમાં વેદ શબ્દથી નોકષાયવેદનીય એવા તે પ્રકારના અભિલાષરૂપ વેદના ઉદયનું ગ્રહણ છે, પરંતુ દેહની રચનારૂપ વેદના ઉદયનું ગ્રહણ નથી. આવા વેદ પણ ત્રણ પ્રકારના છે, માટે ચાર ગતિમાં ત્રણ પ્રકારનાં લિંગો છે. એ પ્રકારનો લિંગનો નિયમ છે. આ લિંગોમાં કોને કયું લિંગ હોય છે ? તે સૂત્રમાં બતાવે છે –

**સૂત્ર :-**

**नारकसम्मूर्च्छिनो नपुंसकानि ।।२/५०।।**

**સૂત્રાર્થ :-**

**નારકો અને સંમૂર્ચ્છિનો નપુંસક હોય છે=નારકો અને સંમૂર્ચ્છિનોને નપુંસકલિંગ હોય છે. ।।૨/૫૦।।**

**ભાષ્ય :-**

**नारकाश्च सर्वे सम्मूर्च्छिनश्च नपुंसकान्येव भवन्ति, न स्त्रियो न पुमांसः, तेषां हि चारित्र-मोहनीयनोकषायवेदनीयाश्रयेषु त्रिषु वेदेषु नपुंसकवेदनीयमेवैकमशुभगतिनामापेक्षं पूर्वबद्धनिकाचित-मुदयप्राप्तं भवति, नेतरे इति ।।२/५०।।**

**ભાષ્યાર્થ :-**

**नारका च ..... इति ।। નારક અને સર્વ સંમૂર્ચ્છિનો નપુંસક જ હોય છે, સ્ત્રી-પુરુષ નહીં. તેઓને ચારિત્રમોહનીય નોકષાયવેદનીય આશ્રયવાળા ત્રણ પ્રકારના વેદોમાં નપુંસકવેદ એક જ અશુભ ગતિનામકર્મની અપેક્ષાવાળું પૂર્વબદ્ધ નિકાચિત ઉદયને પ્રાપ્ત હોય છે, ઈતર બે ઉદયપ્રાપ્ત હોતા**

**નથી=નપુંસકવેદથી ઈતર સ્ત્રીવેદ કે પુરુષવેદ ઉદયપ્રાપ્ત હોતા નથી.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૨/૫૦॥**

**ભાવાર્થ :-**

નારકો અને સર્વ સંમૂર્ચ્છિન જીવો દેહની રચનાથી પણ નપુંસકલિંગવાળા હોય છે અને વેદના ઉદયની અપેક્ષાએ પણ નપુંસકવેદના ઉદયવાળા હોય છે, તેઓ સ્ત્રીરૂપ કે પુરુષરૂપ દેહની રચનાવાળા પણ નથી અને સ્ત્રીવેદ કે પુરુષવેદના ઉદયવાળા પણ નથી.

તેઓને સ્ત્રીવેદ કે પુરુષવેદનો ઉદય કેમ થતો નથી ? તેથી કહે છે –

નારકો અને સંમૂર્ચ્છિન જીવોને ચારિત્રમોહનીયના ભેદ સ્વરૂપ નોકષાયના પેટાભેદ વેદ અંતર્ગત ત્રણ વેદના ઉદયો છે તેમાંથી એક નપુંસકવેદમોહનીયકર્મનો જ ઉદય પ્રાપ્ત થાય છે.

એકમાત્ર નપુંસકવેદમોહનીયકર્મનો જ ઉદય કેમ પ્રાપ્ત થાય છે ? તેથી કહે છે –

અશુભ ગતિનામકર્મની અપેક્ષાવાળો પૂર્વબદ્ધ-નિકાચિત એવો નપુંસકવેદ છે. તેથી તે જ ઉદયને પ્રાપ્ત થાય છે, અન્ય વેદના ઉદયો પ્રાપ્ત થતા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે નારકી અને સંમૂર્ચ્છિન જીવો જ્યારે અશુભગતિરૂપ નામકર્મ બાંધે છે ત્યારે તેની સાથે નપુંસકવેદમોહનીયકર્મ નિકાચિત કરે છે. તેથી તે ભવની પ્રાપ્તિમાં તે એક જ વેદનો ઉદય હોય છે, જેના કારણે તીવ્ર કામના અભિલાષરૂપ પીડાથી તેઓ સતત પીડાય છે. **॥૨/૫૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વસૂત્રમાં નારક અને સંમૂર્ચ્છિન જીવોનું લિંગ બતાવ્યું. હવે દેવોને કયું લિંગ હોય છે ? તે પ્રસ્તુત સૂત્રમાં બતાવે છે અને ભાષ્યમાં નારક અને સંમૂર્ચ્છિન સિવાયના અન્ય સર્વ જીવોને કયું લિંગ હોય છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**न देवाः ।।२/५१।।**

**સૂત્રાર્થ :-**

**દેવો નથી=દેવો નપુંસક નથી. ॥૨/૫૧॥**

**ભાષ્ય :-**

**देवाश्चतुर्निकाया अपि नपुंसकानि न भवन्ति, स्त्रियः पुमांसश्च भवन्ति, तेषां हि शुभगतिनामापेक्षे स्त्रीपुंवेदनीये पूर्वबद्धनिकाचिते उदयप्राप्ते द्वे एव भवतो नेतरत्, पारिशेष्याच्च गम्यते जराय्वण्ड-पोतजास्त्रिविधा भवन्ति—स्त्रियः पुमांसो नपुंसकानीति ।।२/५१।।**

**ભાષ્યાર્થ :-**

**देवा चतुर्निकाया ..... नपुंसकानीति ।। ચાર નિકાયવાળા પણ દેવો નપુંસક થતા નથી, સ્ત્રી અને પુરુષ થાય છે. જે કારણથી તેઓને=દેવોને, શુભગતિનામકર્મની અપેક્ષાવાળા પૂર્વબદ્ધ-નિકાચિત એવા સ્ત્રીવેદનો કે પુરુષવેદનો ઉદય પ્રાપ્ત થયે છતે બે જ=સ્ત્રી અને પુરુષ બે જ વેદ, પ્રાપ્ત થાય છે. ઈતર નહીં=નપુંસક નહીં=દેવોને નપુંસકવેદ પ્રાપ્ત થતો નથી.**

**અને પારિશેષ્યથી=સૂત્ર-૫૦માં નારક અને સંમૂર્ચ્છિન જીવોના લિંગને કહ્યું અને સૂત્ર-૫૧માં દેવોના લિંગને કહ્યું તેથી પરિશેષપણાથી, બાકીના જીવોને ત્રણ લિંગો જણાય છે.**

તે જ સ્પષ્ટ કરે છે –

**જરાયુજ, અંડજ અને પોતજ ત્રણે પ્રકારના થાય છે=સ્ત્રીવેદવાળા, પુરુષવેદવાળા અને નપુંસકવેદવાળા એમ ત્રણે પ્રકારના થાય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૨/૫૧॥**

**ભાવાર્થ :-**

સૂત્ર-૫૦માં કહ્યું કે નારક અને સર્વ સંમૂર્ચ્છિન જીવો નપુંસક છે.

હવે તે સિવાયના અન્ય સર્વજીવોને કયું લિંગ છે ? તે બતાવતાં કહે છે –

ચારે નિકાયવાળા દેવો નપુંસક નથી. આ પ્રમાણે સૂત્રમાં કહેવાથી અર્થથી એ ફલિત થયું કે તે ચારે નિકાયવાળા દેવો સ્ત્રીલિંગ અને પુલિંગવાળા છે.

અહીં પ્રશ્ન થાય કે ચારેય નિકાયવાળા દેવોને નપુંસકશરીરની પ્રાપ્તિ કે નપુંસકવેદનો ઉદય કેમ નથી ? તેથી કહે છે –

દેવોને શુભગતિનામકર્મની અપેક્ષાવાળા સ્ત્રીવેદ અને પુરુષવેદ પૂર્વમાં બંધાયેલા અને નિકાચિત કરાયેલા ઉદય પ્રાપ્ત છે. તેથી તેઓને તે સ્ત્રીવેદ કે પુરુષવેદનો ઉદય થાય છે અને તેને અનુરૂપ શરીરની પ્રાપ્તિ થાય છે, પરંતુ ઇતર એવું નપુંસકશરીર કે નપુંસકવેદ પ્રાપ્ત થતાં નથી.

વળી પ્રસ્તુત સૂત્રમાં દેવોને નપુંસકવેદ નથી તેમ કહ્યું અને પૂર્વસૂત્રમાં નારક અને સંમૂર્ચ્છિન જીવોને નપુંસકવેદ છે તેમ કહ્યું, તેથી પરિશેષ રહેલા જીવોમાં ત્રણેય વેદના ઉદયો છે અને ત્રણેય લિંગો છે તેમ અર્થથી જણાય છે.

શેષ જીવો કયા છે ? તે સ્પષ્ટ કરે છે –

જરાયુજ, અંડજ અને પોતજ એમ ત્રણ પ્રકારના છે. જરાયુ આદિનું સ્વરૂપ અધ્યાય-૨, સૂત્ર-૩૪માં સ્પષ્ટ કરેલ છે. આ ત્રણે પ્રકારના જીવોને દેહની રચનાથી પણ ત્રણે લિંગો હોય છે. તેમાંથી પુરુષદેહવાળા છે તેમને પ્રાયઃ પુરુષવેદનો ઉદય હોય છે. તોપણ પ્રસંગે સ્ત્રીવેદનો કે નપુંસકવેદનો પણ ઉદય હોય છે. તે

રીતે સ્ત્રીશરીરવાળાને કે નપુંસકશરીરવાળાને પણ કોઈક પ્રસંગે ત્રણમાંથી ગમે તે વેદનો ઉદય હોઈ શકે છે. **॥૨/૫૧॥**

**ભાષ્ય :-**

**अत्राह—चतुर्गतावपि संसारे किं व्यवस्थिता स्थितिरायुष उताकालमृत्युरप्यस्तीति ?, अत्रोच्यते - द्विविधान्यायूंषि—अपवर्तनीयानि अनपवर्तनीयानि च अनपवर्तनीयानि पुनर्द्विविधानि-सोपक्रमाणि निरुपक्रमाणि च अपवर्तनीयानि तु नियतं सोपक्रमाणीति । तत्र —**

**ભાષ્યાર્થ :-**

**अत्राह ..... तत्र – અહીં=ચાર ગતિરૂપ સંસારમાં કોને કયું લિંગ હોય છે ? તેમ પૂર્વમાં કહ્યું ત્યાં, કોઈ પ્રશ્ન કરે છે – ચાર ગતિવાળા પણ સંસારમાં આયુષ્યની સ્થિતિ શું વ્યવસ્થિત છે ? અથવા અકાળ મૃત્યુ પણ હોય છે ?**

**'इति' શબ્દ પ્રશ્નની સમાપ્તિમાં છે.**

**અહીં=પ્રશ્નમાં, ઉત્તર અપાય છે – બે પ્રકારનાં આયુષ્ય છે : અપવર્તનીય અને અનપવર્તનીય. અનપવર્તનીય વળી બે પ્રકારનાં છે – સોપક્રમ અને નિરુપક્રમ. વળી અપવર્તનીયઆયુષ્ય નિયત સોપક્રમ છે.**

**'इति' શબ્દ અપવર્તનીયઆયુષ્ય અને અનપવર્તનીયઆયુષ્યના કથનની સમાપ્તિમાં છે.**

**ત્યાં=અપવર્તનીય-અનપવર્તનીયઆયુષ્યમાં, અનપવર્તનીયઆયુષ્ય કોને હોય છે ? તે સૂત્રમાં બતાવે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અધ્યાય-૨, સૂત્ર-૬માં ગતિ આદિ ઔદયિકભાવો કહ્યા તે પ્રમાણે ચાર ગતિ આત્મક સંસાર છે ત્યાં કોઈ પ્રશ્ન કરે છે – ચાર ગતિરૂપ સંસારમાં આયુષ્યની જે સ્થિતિ છે, તેટલો કાળ સુધી બધા જીવે છે ? કે આયુષ્યની સમાપ્તિ પૂર્વે પણ અકાળ મૃત્યુ થાય છે ? આ પ્રકારની શંકાને સામે રાખીને ભાષ્યકારશ્રી ઉત્તર આપે છે –

જીવો વડે બંધાયેલાં આયુષ્ય બે પ્રકારનાં છે, એક આયુષ્ય જે પ્રમાણે બાંધ્યું હોય તે પ્રકારે પૂર્ણ ભોગ કરે, પરંતુ અપવર્તન થઈને અકાળે મૃત્યુ થાય નહીં; આવું આયુષ્ય અનપવર્તનીયઆયુષ્ય છે. બીજું આયુષ્ય પૂર્વમાં બંધાયેલું હોવા છતાં અપવર્તન પામીને અકાળે મૃત્યુ થાય તેવું છે, આવું આયુષ્ય અપવર્તનીય-આયુષ્ય છે.

તેથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અનપવર્તનીયઆયુષ્ય પણ બે પ્રકારનાં છે : સોપક્રમ અને નિરુપક્રમ.

સોપક્રમઅનપવર્તનીયઆયુષ્ય બાંધનારા જીવોનું આયુષ્ય ઉપક્રમ લાગવાથી પૂર્ણ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે આવા જીવે જે આયુષ્ય બાંધ્યું છે તે સર્વ અલ્પ કર્યા વગર ભોગવવા છતાં આયુષ્યના અંતકાળમાં ઉપક્રમાદિની પ્રાપ્તિ થાય છે. દા. ત. ચરમશરીરી અનપવર્તનીય-આયુષ્યવાળા હોય છે, છતાં જો ઘાણીમાં પિલાય તો ઉપક્રમ સહિત તેમનું આયુષ્ય પૂરું થાય છે.

બીજું અનપવર્તનીયઆયુષ્ય નિરુપક્રમ હોય છે અર્થાત્ જે પ્રકારે બંધાયેલું છે તે પ્રમાણે પૂર્ણ ભોગવે છે અને મૃત્યુકાળમાં કોઈ ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થતી નથી.

વળી જે જીવોએ અપવર્તનીયઆયુષ્ય બાંધ્યું છે તે નિયત સોપક્રમ છે અર્થાત્ પોતે જે આયુષ્ય બાંધેલું છે તેમાં ઉપક્રમની સામગ્રીથી અવશ્ય ઉપક્રમ થઈ શકે છે. માટે ઉપક્રમની સામગ્રીને પામીને તે આયુષ્ય અપવર્તનને પામે છે તેથી તેઓનું અકાળ મૃત્યુ પણ થાય છે. વળી, અપવર્તનીયઆયુષ્યવાળા જીવોને પણ ઉપક્રમની સામગ્રી ન મળે તો ઉપક્રમ ન પણ થાય, છતાં તે આયુષ્યના દળિયા ઉપક્રમની સામગ્રીથી ક્ષય થાય તેવા હોય છે. આ પ્રકારના આયુષ્યના વિષયમાં અનપવર્તનીયઆયુષ્ય કોને છે ? તે સૂત્રથી બતાવે છે –

**સૂત્ર :-**

**औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ।।२/५२।।**

**સૂત્રાર્થ :-**

**ઔપપાતિક દેવ-નારક, ચરમદેહવાળા, ઉત્તમપુરુષો, અસંખ્યવર્ષ આયુષ્યવાળા અનપવર્તનીય-આયુષ્યવાળા છે. ।।૨/૫૨।।**

**ભાષ્ય :-**

**औपपातिकाश्चरमदेहा उत्तमपुरुषा असङ्ख्येयवर्षायुष इत्येतेऽनपवर्त्यायुषो भवन्ति, तत्र** "औपपातिका नारकदेवाश्च" **(अ० २, सू० ३५) इत्युक्तम् । चरमदेहा मनुष्या एव भवन्ति, नान्ये, चरमदेहा अन्त्यदेहा इत्यर्थः, ये तेनैव शरीरेण सिद्ध्यन्ति । उत्तमपुरुषास्तीर्थकरचक्रवर्त्यर्धचक्रवर्तिनः, असङ्ख्येयवर्षायुषो मनुष्यास्तिर्यग्योनिजाश्च भवन्ति ।**

**सदेवकुरूत्तरकुरुषु सान्तरद्वीपकास्वकर्मभूमिषु कर्मभूमिषु च सुषमसुषमायां सुषमायां सुषम-दुःषमायामित्यसङ्ख्येयवर्षायुषो मनुष्या भवन्ति, अत्रैव बाह्येषु द्वीपेषु समुद्रेषु तिर्यग्योनिजा असङ्ख्येयवर्षायुषो भवन्ति, औपपातिकाश्चासङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमाः, चरमदेहाः सोप-क्रमा निरुपक्रमाश्चेति, एभ्य औपपातिकचरमदेहासङ्ख्येयवर्षायुर्भ्यः शेषा मनुष्यास्तिर्यग्योनिजाः सोपक्रमा निरुपक्रमाश्चापवर्त्यायुषोऽनपवर्त्यायुषश्च भवन्ति, तत्र येऽपवर्त्यायुषस्तेषां विषशस्त्र-**

कण्टकाग्न्युदकाह्यशिताजीर्णाशनिप्रपातोद्बन्धनश्वापदवज्रनिर्घातादिभिः क्षुत्पिपासाशीतोष्णादिभिश्च द्वन्द्वोपक्रमैरायुरपवर्त्यते, अपवर्तनं शीघ्रमन्तर्मुहूर्तात्कर्मफलोपभोगः, उपक्रमोऽपवर्तननिमित्तम् ।

**ભાષ્યાર્થ :-**

औपपातिकाः ..... उपक्रमोऽपवर्तननिमित्तम् ।। ઔપપાતિક, ચરમદેહવાળા, ઉત્તમપુરુષો, અસંખ્યેયવર્ષના આયુષ્યવાળા જીવોએ અનપવર્તનીયઆયુષ્યવાળા હોય છે. ત્યાં=અનપવર્તનીયઆયુષ્યવાળા જીવોમાં, "ઔપપાતિક નારક અને દેવો છે," (અ૦ ૨, સૂ૦ ૩૫) એ પ્રમાણે કહેવાયું. ચરમદેહવાળા મનુષ્ય જ હોય છે, અન્ય નહીં. ચરમદેહવાળા એટલે અંતિમ દેહવાળા એ પ્રકારનો અર્થ છે, જેઓ તે જ શરીરથી સિદ્ધ થશે. ઉત્તમપુરુષો તીર્થંકર, ચક્રવર્તી, અર્ધચક્રવર્તી=વાસુદેવ, આદિ છે. અસંખ્ય આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચયોનિવાળા છે.

દેવકુરુ સહિત ઉત્તરકુરુ આત્મક અકર્મભૂમિમાં અને અંતરદ્વીપ સહિત અકર્મભૂમિમાં=દેવકુરુ, ઉત્તરકુરુ, ૫૬ અંતરદ્વીપ, હેમવંત, હરિવર્ષ, રમ્યક્ અને હિરણ્યવત્રૂપ ૩૦ અકર્મભૂમિમાં અને કર્મભૂમિમાં સુષમસુષમારૂપ આરામાં, સુષમારૂપ આરામાં, સુષમદુઃષમારૂપ આરામાં અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યો છે.

અહીં જ=તિર્ચ્છાલોકમાં જ, બાહ્ય દ્વીપોમાં અને સમુદ્રોમાં=અઢીદ્વીપની બહારના દ્વીપ-સમુદ્રોમાં, રહેલા તિર્યંચો અસંખ્યાત આયુષ્યવાળા છે.

ઔપપાતિક એવા દેવ અને નારકીઓ અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા પૂર્વમાં વર્ણન કર્યું તેવા મનુષ્ય-તિર્યંચો નિરુપક્રમ આયુષ્યવાળા છે=તેઓને અનપવર્તનીય એવું નિરુપક્રમઆયુષ્ય છે.

ચરમદેહવાળા સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્યવાળા છે અર્થાત્ ચરમદેહવાળાને અનપવર્તનીયઆયુષ્ય હોવા છતાં ઉપક્રમથી નાશ પામે અને ઉપક્રમ વગર (સહજ રીતે) નાશ પામે એવું આયુષ્ય હોય છે. આ ઔપપાતિક એવા દેવ, નારકીઓ, ચરમદેહવાળા અને અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા જીવોથી શેષ મનુષ્યો અને તિર્યંચો, સોપક્રમ, નિરુપક્રમ, અપવર્તનીય અને અનપવર્તનીયઆયુષ્યવાળા હોય છે.

ત્યાં જેઓ અપવર્તનીયઆયુષ્યવાળા છે તેઓને વિષ, શસ્ત્ર, કંટક, અગ્નિ, પાણી, અહિઅશિત= સાપથી દંશ, અજીર્ણ, અશનિપ્રપાત=વીજળીનું પડવું, ઉદ્બંધન=ગળે ફાંસો, શ્વાપદનો નિર્ઘાત અને વજ્રનો નિર્ઘાત આદિ વડે અને ક્ષુત્, પિપાસા, શીત, ઉષ્ણ આદિના દ્વંદ્વરૂપ ઉપક્રમ વડે આયુષ્ય અપવર્તન પામે છે. અપવર્તન શીઘ્ર અંતર્મુહૂર્તથી કર્મફલનો ઉપભોગ છે. ઉપક્રમ અપવર્તનનું નિમિત્ત છે.

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે અપવર્તનીય અને અનપવર્તનીય એમ બે પ્રકારનું આયુષ્ય છે. તેથી અનપવર્તનીયઆયુષ્ય કયા કયા જીવોને ચાર ગતિમાં છે ? તે બતાવવા અર્થે કહે છે –

દેવતા અને નારકીઓ ઔપપાતિક છે, તેમને બધાને અનપવર્તનીયઆયુષ્ય હોય છે. વળી એ જ ભવમાં મોક્ષમાં જનારા ચરમદેહવાળા જીવોને પણ અનપવર્તનીયઆયુષ્ય હોય છે. વળી તીર્થંકરો, ચક્રવર્તી, અર્ધચક્રવર્તીઓ ઉત્તમપુરુષ છે અર્થાત્ ૬૩ શલાકાપુરુષોમાં ગણાયેલા તીર્થંકરો, ચક્રવર્તી, બલદેવો, વાસુદેવો અને પ્રતિવાસુદેવો અને ટીકાકારશ્રીના વચનાનુસાર ઉપલક્ષણથી ગણધરો આદિ ઉત્તમપુરુષ છે. વળી અસંખ્યેય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો અનપવર્તનીયઆયુષ્યવાળા છે.

પ્રતિવાસુદેવનું શસ્ત્રથી મૃત્યુ થાય છે, તેઓ પણ ઉત્તમપુરુષ હોવાથી અનપવર્તનીયઆયુષ્યવાળા છે. માટે જેઓ પોતાનું આયુષ્ય પૂર્ણ ભોગવે છે તેઓ ઉપક્રમથી મૃત્યુ પામે કે ઉપક્રમ વગર મૃત્યુ પામે તોપણ અનપવર્તનીયઆયુષ્ય કહેવાય.

વળી દેવકુરુ, ઉત્તરકુરુથી સહિત અને છપ્પન અંતરદ્વીપથી સહિત એવી હિમવંત, હરિવર્ષ, રમ્યક્ અને હિરણ્યવત્ નામની અકર્મભૂમિઓ છે તેમાં અસંખ્યેયવર્ષના આયુષ્યવાળા મનુષ્યો હોય છે. કર્મભૂમિમાં સુષમસુષમા નામના આરામાં, સુષમા નામના આરામાં અને સુષમદૂષમા નામના આરામાં અસંખ્યેયવર્ષ આયુષ્યવાળા મનુષ્યો હોય છે. તેઓને અનપવર્તનીયઆયુષ્ય હોય છે. વળી અઢી દ્વીપથી બહાર રહેલા દ્વીપ-સમુદ્રોમાં જે અસંખ્યેયવર્ષના આયુષ્યવાળા તિર્યંચો છે તેઓને પણ અનપવર્તનીયઆયુષ્ય છે.

ઔપપાતિક એવા દેવ-નારકો અને અસંખ્યેયવર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યો જેમ અનપવર્તનીય-આયુષ્યવાળા છે તેમ નિરુપક્રમઆયુષ્યવાળા પણ છે. તેથી આ સર્વજીવોને આયુષ્યના ઉપક્રમની સામગ્રી મળતી નથી અને તેઓએ જે આયુષ્ય પૂર્વમાં બાંધ્યું છે તે પરિપૂર્ણ ભોગથી નાશ પામે છે.

વળી ચરમદેહવાળા જીવો તે જ ભવમાં મોક્ષમાં જનારા છે તેઓને પણ અનપવર્તનીયઆયુષ્ય છે. તેથી જેટલું આયુષ્ય પૂર્વે મનુષ્યભવનું બાંધ્યું છે તે સર્વનો તેઓ ઉપભોગ કરે છે તોપણ તે ચરમદેહવાળામાંથી કેટલાક સોપક્રમઆયુષ્યવાળા છે. તેથી આયુષ્યના પૂર્ણાહુતિકાળમાં ઘાણીમાં પિલાવું આદિ ઉપક્રમથી તેઓનું મૃત્યુ થાય છે. કેટલાક નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે, તેઓને મૃત્યુનું બળવાન નિમિત્ત બને તેવો કોઈ ઉપક્રમ લાગતો નથી. ચરમદેહવાળાને અનપવર્તનીયઆયુષ્ય હોવાથી સોપક્રમવાળા કે નિરુપક્રમવાળા પૂર્ણ આયુષ્યનો ભોગ કરીને સિદ્ધઅવસ્થાને પામે છે. નિરુપક્રમ આયુષ્યવાળા ચરમદેહવાળા કેટલાક જીવોને મૃત્યુનું કારણ ન બની શકે તેવા રોગાદિની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યારે સોપક્રમવાળા જીવોને સાક્ષાત્ મૃત્યુનું કારણ બને તેવા આયુષ્યના અંત સમયે રોગો થઈ શકે છે અથવા અન્ય પણ ઉપક્રમની સામગ્રી મળે છે તેનાથી તેઓનું આયુષ્ય પૂર્ણ થાય છે.

ઔપપાતિક એવા દેવ, નારક ચરમદેહવાળા અને અસંખ્યવર્ષ આયુષ્યવાળા જીવોને અનપવર્તનીયઆયુષ્ય કેવા પ્રકારનું છે ? તે પૂર્વમાં બતાવ્યું. તેનાથી શેષ એવા મનુષ્યો અને તિર્યંચોને અપવર્તનીય અને અનપવર્તનીય એમ બંને પ્રકારનાં આયુષ્ય હોય છે. તેમાંથી જે અનપવર્તનીયઆયુષ્ય હોય છે તે સોપક્રમ અને નિરુપક્રમ એમ બંને પ્રકારે હોય છે. જ્યારે જે અપવર્તનીયઆયુષ્ય છે તે નિયતપણે સોપક્રમ હોય છે તેમ અવતરણિકારૂપ ભાષ્યમાં કહેલ. તેથી એ પ્રાપ્ત થાય કે જે મનુષ્યોને કે તિર્યંચોને અપવર્તનીયઆયુષ્ય

છે તેઓને આયુષ્યના ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થાય તો આયુષ્ય અપવર્તન પામે છે અને ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત ન થાય તોપણ તેમનું આયુષ્ય ઉપક્રમથી તૂટી શકે તેવું શિથિલ હોય છે. જેઓનું અપવર્તનીયઆયુષ્ય નથી તેવા તિર્યંચોને અને મનુષ્યોને ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થતી નથી. જો કદાચ ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થાય તો આયુષ્યના સમાપ્તિકાળમાં થાય છે, તે પૂર્વે પ્રાપ્ત થતી નથી. તેથી તેઓએ જે પૂર્વમાં આયુષ્ય બાંધ્યું છે તે આયુષ્યનો પૂર્ણ ઉપયોગ કરે છે પરંતુ અકાળે મૃત્યુ પામતા નથી.

વળી આયુષ્યનું અપવર્તન શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

આયુષ્યકર્મના ફળનો ઉપભોગ જે અંતર્મુહૂર્તમાં શીઘ્ર થાય તે અપવર્તન છે.

તેથી એ પ્રાપ્ત થાય છે સામાન્યથી સત્તામાં રહેલા આયુષ્યકર્મના જે દલિકો દૃઢ નથી તે અપવર્તનાકરણથી અપવર્તન પામે છે તેથી જ્યારે તે આયુષ્યનો ઉદય વર્તતો હોય ત્યારે તેનું અપવર્તન પણ થતું હોય છે. ફક્ત જે નિકાચિત હોય છે તેનું અપવર્તન થતું નથી તોપણ તે અપવર્તનથી ઉપરના આયુષ્યનાં સ્થાનો ખાલી થઈને તેટલું આયુષ્ય અલ્પ બને તે પ્રકારનું અપવર્તન થતું નથી, જ્યારે અપવર્તનીયઆયુષ્ય તો ઉપક્રમને પામીને અંતર્મુહૂર્તમાં અવશેષ આયુષ્ય ઉદય આવલિકામાં પ્રવેશ પામીને પૂર્ણ થાય છે. તેથી તેઓનું અકાળમૃત્યુ પણ થાય છે.

ઉપક્રમનો અર્થ ભાષ્યમાં અપવર્તનનું નિમિત્ત છે એમ કહ્યું છે, તેથી એ પ્રાપ્ત થાય કે અપવર્તનીયઆયુષ્યવાળા કે અનપવર્તનીયઆયુષ્યવાળાને જે ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થાય છે તે આયુષ્યના ઉપક્રમનું નિમિત્ત છે, ફક્ત અનપવર્તનીયઆયુષ્યવાળા જીવોનું આયુષ્ય ત્યારે જ પૂર્ણ થાય છે. તેથી તે ઉપક્રમથી આયુષ્યનું અપવર્તન થતું નથી, જેમ વાસુદેવના ચક્રથી પ્રતિવાસુદેવના શિરનો છેદ આયુષ્યના ઉપક્રમનું નિમિત્ત છે તોપણ પ્રતિવાસુદેવ અનપવર્તનીયઆયુષ્યવાળા હોવાથી ત્યારે જ તેઓનું આયુષ્ય પૂર્ણ થયું માટે આયુષ્યનું અપવર્તન થતું નથી.

**ભાષ્ય :-**

**અત્રાહ—યદ્યપવર્તતે કર્મ તસ્માત્કૃતનાશઃ પ્રસજ્યતે યસ્માન્ન વેદ્યતે, અથાસ્ત્યાયુષ્કં કર્મ મ્રિયતે ચ, તસ્માદકૃતાભ્યાગમઃ પ્રસજ્યતે યેન સત્યાયુષ્કે મ્રિયતે, તતશ્ચાયુષ્કસ્ય કર્મણઃ આફલ્યં પ્રસજ્યતે, અનિષ્ટં ચૈતત્, એકભવસ્થિતિ વાઽઽયુષ્કં કર્મ ન જાત્યન્તરાનુબન્ધિ, તસ્માન્નાપવર્તનમાયુષોઽસ્તીતિ । અત્રોચ્યતે, કૃતનાશાકૃતાભ્યાગમાફલ્યાનિ કર્મણો ન વિદ્યન્તે, નાપ્યાયુષ્કસ્ય જાત્યન્તરાનુબન્ધઃ, કિન્તુ યથોક્તૈરુપક્રમૈરભિહતસ્ય સર્વસન્દોહેનોદયપ્રાપ્તમાયુષ્કં કર્મ શીઘ્રં પચ્યતે તદપવર્તનમિત્યુચ્યતે, સંહતશુષ્કતૃણરાશિદહનવત્ । યથા હિ સંહતસ્ય શુષ્કસ્યાપિ તૃણરાશેરવયવશઃ ક્રમેણ દહ્યમાનસ્ય ચિરેણ દાહો ભવતિ તસ્યૈવ શિથિલપ્રકીર્ણોપચિતસ્ય સર્વતો યુગપદાદીપિતસ્ય પવનોપક્રમાભિહતસ્યાર્થસ્યાશુ દાહો ભવતિ તદ્વત્ ।**

**ભાષ્યાર્થ :-**

**अत्राह ..... तद्वत् ।। અહીં=આયુષ્ય અપવર્તનીય છે એમ ભાષ્યકારશ્રીએ સ્થાપન કર્યું એમાં, કોઈક શંકા કરે છે – જો કર્મ અપવર્તન પામે છે તો કૃતનાશ પ્રાપ્ત થશે, જે કારણથી વેદન થતું નથી=કરાયેલા કર્મનું વેદન થતું નથી. હવે જો આયુષ્યકર્મ છે અને મરે છે તેમ અપવર્તનનો અર્થ સ્વીકારશો તો તેનાથી અકૃતઅભ્યાગમનો પ્રસંગ પ્રાપ્ત થાય છે=આયુષ્યનો નાશ કર્યો નથી તેથી અકૃત એવા આયુષ્યના નાશના ફળની પ્રાપ્તિરૂપ અભ્યાગમની પ્રાપ્તિ છે. જે કારણથી આયુષ્ય હોતે છતે મરે છે, તેથી આયુષ્યકર્મનું અફળપણું પ્રાપ્ત થશે અને આ=કૃતનાશ અને અકૃતનો અભ્યાગમ એ, અનિષ્ટ છે.**

વળી અન્ય દોષ બતાવે છે –

**અથવા એક ભવસ્થિતિવાળું આયુષ્યકર્મ જાત્યંતર અનુબંધી નથી=આયુષ્યકર્મનો નાશ થતો નથી અને મરે છે એમ સ્વીકારવામાં તે આયુષ્યકર્મ અન્ય જાતિમાં જાય છે તેમ માનવું પડે અને આયુષ્યકર્મ જાત્યંતર અનુબંધી નથી, માટે તે આયુષ્યકર્મ ક્યાં રહેશે એ પ્રકારના દોષની પ્રાપ્તિ છે ? તે કારણથી=અપવર્તનીયઆયુષ્ય સ્વીકારવામાં કૃતનાશ-અકૃતઅભ્યાગમદોષની પ્રાપ્તિ છે અને અકૃત-અભ્યાગમ સ્વીકારવાને કારણે તે આયુષ્યકર્મ જાત્યંતર અનુબંધી નહીં હોવા છતાં જાત્યંતર અનુબંધી માનવાનો પ્રસંગ આવે છે તે કારણથી, આયુષ્યનું અપવર્તન નથી.**

**'इति' શબ્દ પૂર્વપક્ષીની શંકાની સમાપ્તિ માટે છે.**

**અહીં=પૂર્વપક્ષીની શંકામાં, ભાષ્યકારશ્રી વડે કહેવાય છે –**

**કર્મનું કૃતનાશ અકૃતઅભ્યાગમ અને અફલપણું વિદ્યમાન નથી, વળી આયુષ્યનું જાત્યંતર અનુબંધ નથી પરંતુ જે પ્રમાણે ઉક્ત એવા ઉપક્રમ વડે=પૂર્વમાં કહેલા વિષ-કંટકાદિ ઉપક્રમો વડે, અભિહતને સર્વસંદોહથી ઉદય પ્રાપ્ત આયુષ્યકર્મ શીઘ્ર પચાવાય છે તે અપવર્તન છે એ પ્રમાણે કહેવાય છે. જેમ સંહત શુષ્ક તૃણરાશિનું દહન શીઘ્ર થાય છે.**

દૃષ્ટાંતદાર્ષ્ટાંતિકભાવ સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે સંહત=એકઠા થયેલા, શુષ્ક પણ તૃણરાશિનું અવયવથી=પ્રતિઅવયવને આશ્રયીને, ક્રમથી દહ્યમાનનો ચિરથી=લાંબા કાળે દાહ થાય છે શિથિલ, પ્રકીર્ણ-ઉપચિત સર્વથી એકસાથે સળગાવાયેલ, પવન ઉપક્રમથી અભિહત એવા તે જ અર્થરૂપનું=સંહત શુષ્ક તૃણરાશિનું જ, શીઘ્ર દહન થાય છે તેની જેમ આયુષ્યકર્મનો પણ શીઘ્ર નાશ થાય છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું છે કે આયુષ્યની અપવર્તના થાય છે ત્યાં કોઈક શંકા કરે છે – જો આયુષ્યકર્મ અપવર્તન પામે છે તો કૃતનાશદોષની પ્રાપ્તિ છે.

કેમ કૃતનાશદોષની પ્રાપ્તિ છે ? તેથી કહે છે –

જે કારણથી વેદન થતું નથી.

આશય એ છે કે તે જીવને આયુષ્ય જે પ્રકારે બાંધ્યું છે તે પ્રકારે વેદન થતું નથી; કેમ કે આયુષ્યનું અપવર્તન સ્વીકારવાથી આયુષ્યના બંધ અનુસાર ફળની પ્રાપ્તિ થતી નથી. માટે આયુષ્યનું અપવર્તન સ્વીકારવાથી કૃતનાશ નામના દોષની પ્રાપ્તિ થાય છે.

આ કૃતનાશદોષના નિવારણ માટે કોઈક કહે છે –

આયુષ્યકર્મ નાશ થયું નથી અને તે જીવ મરે છે, તેથી બંધાયેલા આયુષ્યનો નાશ પ્રાપ્ત થતો નથી. વસ્તુતઃ તેમ સ્વીકારવાથી અકૃતઅભ્યાગમ નામનો દોષ પ્રાપ્ત થાય છે; કેમ કે આયુષ્ય વિદ્યમાન હોવા છતાં તે મરે છે, તેથી જે પ્રમાણે આયુષ્યકર્મ બાંધ્યું છે તે પ્રમાણે મૃત્યુની પ્રાપ્તિરૂપ ફળ ન થાય અને પહેલાં મૃત્યુ પ્રાપ્ત થાય તો નહીં કરાયેલા કર્મના ફળની પ્રાપ્તિ હોવાથી અકૃતઅભ્યાગમનો દોષ થાય છે.

વળી જે ત્રીજો દોષ પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –

જો આયુષ્ય વિદ્યમાન હોય અને તે મરે છે તેમ સ્વીકારીએ તો આયુષ્યકર્મનું અફલપણું પ્રાપ્ત થાય; કેમ કે આયુષ્યનું ફલ જીવનની પ્રાપ્તિ છે જે મૃત્યુના અભાવસ્વરૂપ છે. આયુષ્ય વિદ્યમાન હોવા છતાં તે મરે છે તેમ સ્વીકારવામાં આયુષ્યને નિષ્ફલ સ્વીકારવાનો પ્રસંગ આવે.

આનાથી એ પ્રાપ્ત થાય કે (૧) અપવર્તનનો અર્થ આયુષ્યકર્મ શીઘ્ર ભોગવાય છે એમ કરવામાં આવે તો કૃતનાશદોષ આવે અને (૨) અપવર્તનનો અર્થ આયુષ્ય શીઘ્ર ભોગવાતું નથી પરંતુ આયુષ્ય વિદ્યમાન હોવા છતાં જીવ મરે છે તેમ કરવામાં આવે તો અકૃતઅભ્યાગમદોષ અને વિદ્યમાન આયુષ્યકર્મનું અફલપણું એમ બે દોષ પ્રાપ્ત થાય.

કૃતનાશ, અકૃતઅભ્યાગમ અને આયુષ્યકર્મનું વિફલપણું અનિષ્ટ છે.

વળી અન્ય જે દોષોની પ્રાપ્તિ થાય છે તે બતાવે છે –

જો આયુષ્યકર્મનો નાશ થતો નથી અને મરે છે તેમ સ્વીકારીએ તો તે આયુષ્યકર્મ અન્ય ભવમાં સાથે આવે છે તેમ માનવું પડે. એક ભવની સ્થિતિવાળું આયુષ્યકર્મ જાત્યંતરનું અનુબંધી નથી તેથી તે આયુષ્યકર્મ બીજા ભવના આયુષ્યકર્મ સાથે રહી શકે નહીં. જો કે વર્તમાન ભવમાં કોઈ બીજા ભવનું આયુષ્ય બાંધે છે ત્યારે પૂર્વમાં બંધાયેલું આયુષ્ય ભોગવાય છે અને નવા ભવનું આયુષ્યકર્મ સત્તામાં રહે છે, તે રીતે એક જીવમાં બે ભવના આયુષ્યની સત્તા સાથે પ્રાપ્ત થાય છે, પરંતુ એક ભવમાં ઉદયમાં આવે તેવી સ્થિતિવાળું આયુષ્યકર્મ તે ભવને છોડીને અન્ય ભવમાં જતું નથી, પણ તે ભવમાં અન્ય ભવનું બંધાયેલું કર્મ અન્ય ભવમાં સાથે જાય છે. આયુષ્યકર્મ હોતે છતે તે જીવ મરે છે તેમ સ્વીકારવામાં આવે તો એક ભવમાં વેદન કરવા યોગ્ય એવું આયુષ્યકર્મ અન્ય ભવમાં સાથે જાય છે, તેમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. આ સર્વ દોષોને કારણે આયુષ્યનું અપવર્તન નથી એ પ્રકારે શંકાકાર કહે છે.

આ સર્વનો ઉત્તર આપતાં ભાષ્યકારશ્રી કહે છે –

આયુષ્યકર્મના અપવર્તનમાં કર્મનો કૃતનાશ, અકૃતનું અભ્યાગમ અને અફલપણું પ્રાપ્ત થતું નથી. વળી બંધાયેલું આયુષ્યકર્મ જાત્યંતરમાં અનુબંધવાળું પણ નથી.

તો કઈ રીતે આયુષ્યકર્મનું અપવર્તન થાય છે ? તેથી કહે છે –

પૂર્વમાં કહેવાયેલા વિષાદિ ઉપક્રમો વડે હણાયેલું એવું કર્મ એક સાથે ઉદયને પ્રાપ્ત થયેલું શીઘ્ર વેદન થાય છે તે અપવર્તનાકરણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે વિષાદિ ઉપક્રમની સામગ્રી દેહના બંધારણને તોડનારી છે. દેહના બંધારણ અનુસાર દેહની સાથે સંબંધિત થઈને જીવ આયુષ્યના બળથી જીવે છે. તેથી દેહનું બંધારણ તૂટવાથી તેમાં જીવની સ્થિતિ રહેવી અશક્ય થવાથી દેહમાં સ્થિતિનું નિબંધન આયુષ્યકર્મ પણ શીઘ્ર વેદન થાય છે તે આયુષ્યનું અપવર્તન કહેવાય છે.

દૃષ્ટાંતથી આયુષ્યકર્મના અપવર્તનને સ્પષ્ટ કરતાં કહે છે –

એકઠી થયેલ તૃણરાશિ જેમ અગ્નિથી શીઘ્ર બળે છે તેમ અપવર્તનીયઆયુષ્ય શીઘ્ર નાશ પામે છે.

તે દૃષ્ટાંત જ સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે એકઠો થયેલ શુષ્ક પણ તૃણનો ઢગલો પ્રતિ અવયવ ક્રમથી બળતો હોય તો તે શુષ્ક ઢગલાનો ચિરકાળથી દાહ થાય છે તેમ જેઓનું આયુષ્યકર્મ જેટલું બંધાયેલું હોય તે પ્રમાણે દૃઢ બંધનવાળું ન હોય અને શુષ્ક તૃણ જેવું હોય તોપણ ક્રમસર ઉદયમાં આવે તો ચિરકાળ સુધી ચાલે છે અર્થાત્ જેટલું આયુષ્ય બાંધ્યું છે તેટલો કાળ ચાલે છે તેથી તે આયુષ્યનું અપવર્તન થતું નથી.

વળી જેમ શુષ્ક તૃણરાશિ શિથિલ એકઠા કરાયેલા સમૂહરૂપ હોય અને સર્વ બાજુથી એને સળગાવવામાં આવે અને પવનના ઉપક્રમથી તે અભિહત થાય તો તે અગ્નિ તે શુષ્ક તૃણરાશિને શીઘ્ર બાળે છે તેમ પવનના ઉપક્રમ જેવા વિષાદિના ઉપક્રમથી જેનો દેહ ઉપઘાતને પામે છે તે જીવની સત્તામાં રહેલું આયુષ્યકર્મ ઉપરનાં સ્થાનોથી ઉદય આવલિકાના સ્થાનમાં પ્રાપ્ત થાય છે. તેથી શિથિલ પ્રકીર્ણ ઉપચિત તૃણની જેમ ઉદયના સ્થાનમાં એકઠું થાય છે અને જેમ તે તૃણના ઢગલાને ચારે બાજુથી સળગાવવામાં આવે તો તૃણરાશિનો શીઘ્ર નાશ થાય છે, તેમ તે આયુષ્યકર્મ ક્રમસર ઉદયમાં આવવાનું હતું તે એક સાથે ઉદયમાં આવવાથી શીઘ્ર નાશ પામે છે.

**ભાષ્ય :-**

**यथा वा सङ्ख्यानाचार्यः करणलाघवार्थं गुणकारभागहाराभ्यां राशिं छेदादेवापवर्तयति न च सङ्ख्येयस्यार्थस्याभावो भवति, तद्वदुपक्रमाभिहतो मरणसमुद्घातदुःखार्तः कर्मप्रत्ययमनाभोगयोगपूर्वकं करणविशेषमुत्पाद्य फलोपभोगलाघवार्थं कर्मापवर्तयति, न चास्य फलाभाव इति । किञ्चान्यत् – यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः**

क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूतस्नेहागमो, नापि वितानिते सति अकृत्स्नशोषः, तद्वद्यथोक्तनिमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ।।२/५२।।

इति तत्त्वार्थाधिगमेऽर्हत्प्रवचनसंग्रहे द्वितीयोऽध्यायः समाप्तः ।।

**ભાષ્યાર્થ :-**

**यथा ..... कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ।। અથવા જે પ્રમાણે સંખ્યાન આચાર્ય કરણલાઘવ માટે ગુણાકાર-ભાગાકાર દ્વારા છેદથી રાશિનું અપવર્તન કરે છે=રાશિનો છેદ કરીને નાની રાશિને પ્રાપ્ત કરે છે, અને સંખ્યેય એવા અર્થનો અભાવ થતો નથી=છેદથી રાશિ અલ્પ કરીને જે ગુણાકાર અને ભાગાકાર દ્વારા પ્રાપ્તવ્ય રાશિ હતી તેના અર્થનો અભાવ થતો નથી, તેની જેમ ઉપક્રમથી અભિહત મરણસમુદ્‌ઘાતના દુઃખથી આર્ત એવો જીવ કર્મપ્રત્યયને અનાભોગ એવા યોગપૂર્વક=આયુષ્યકર્મને આશ્રયીને તેને અલ્પ કરવાને અનુરૂપ એવા અનાભોગરૂપ વ્યાપારપૂર્વક, કરણ વિશેષને ઉત્પાદન કરીને ફળઉપભોગના લાઘવ માટે=શીઘ્ર આયુષ્યકર્મના ફળનો ઉપભોગ થાય તે માટે, આયુષ્યકર્મનું અપવર્તન કરે છે અને આને=આયુષ્યકર્મનું અપવર્તન કરનાર પુરુષને, ફળનો અભાવ પ્રાપ્ત થતો નથી=બંધાયેલા આયુષ્યના ફળનો અભાવ પ્રાપ્ત થતો નથી.**

**'इति' શબ્દ દૃષ્ટાંતદાર્ષ્ટાંતિકભાવની સમાપ્તિમાં છે.**

**વળી અન્ય શું છે=અન્ય દૃષ્ટાંત શું છે ? તે કહે છે –**

**અથવા જે પ્રમાણે ધોવાયેલો પટ=ધોવાયેલું વસ્ત્ર, જલથી ભીનું જ સંહત કરાયેલું ચિરથી શોષને પ્રાપ્ત કરે છે=લાંબા કાળે સુકાય છે, અને તે જ=ભીનું વસ્ત્ર જ, વિસ્તાર કરાયેલું સૂર્યનાં કિરણોથી અને વાયુથી હણાયેલું ક્ષિપ્ર શોષને પ્રાપ્ત કરે છે=જલદી સુકાય છે.**

વળી એકઠું કરેલું ભીનું વસ્ત્ર અન્ય પાણીના પ્રવેશથી વિલંબથી સુકાતું નથી પરંતુ એકઠું હોવાના કારણે ચિરથી સુકાય છે. તે સ્પષ્ટ કરવા કહે છે –

**સંહત એવા તે વસ્ત્રમાં અભૂત સ્નેહનો આગમ નથી=નવા પાણીની ભીનાશનું આગમન નથી, (પરંતુ એકઠું થયેલું હોવાથી ચિરકાળે સુકાય છે)**

વળી વિસ્તાર કરાયેલું વસ્ત્ર જલદી સુકાય છે તે વિસ્તારને કારણે સુકાય છે; પરંતુ તે વસ્ત્ર જલનો અંશ સુકાયા વગર સુકાતું થતું નથી તે બતાવવા અર્થે કહે છે –

**વળી વિસ્તારિત કરાયે છતે=જલાર્દ્ર વસ્ત્ર વિસ્તારિત કરાયે છતે, અકૃત્સ્ન શોષ નથી=તે વસ્ત્રમાં રહેલા સંપૂર્ણ પાણીનો શોષ નથી, એમ નહીં (તેમ અપવર્તનીય કર્મનો ભોગ નથી એમ નહીં) તેની જેમ=વિસ્તાર કરાયેલું વસ્ત્ર સૂર્યનાં કિરણોથી અને વાયુથી હણાય ત્યારે શીઘ્ર સુકાય છે તેની જેમ,**

**પૂર્વમાં કહેલા નિમિત્તરૂપ અપવર્તનોથી કર્મના ફળનો ઉપભોગ ક્ષિપ્ર થાય છે અને કૃતપ્રણાશ, અકૃતઅભ્યાગમ અને અફલપણું નથી.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૨/૫૨।।**

**આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમસૂત્ર નામના અર્હત્પ્રવચનસંગ્રહમાં બીજો અધ્યાય સમાપ્ત થયો. ।।**

**ભાવાર્થ :-**

જેમ સંખ્યાન શાસ્ત્રમાં કોઈ નિપુણ પુરુષે મોટી સંખ્યાથી મોટી સંખ્યાનો ગુણાકાર કરવો હોય કે મોટી સંખ્યાથી મોટી સંખ્યાનો ભાગાકાર કરવો હોય ત્યારે ગણિતશાસ્ત્રની મર્યાદા અનુસાર છેદથી તે મોટી સંખ્યાનું અપવર્તન કરીને ગુણાકાર કે ભાગાકાર કરે છે જેથી તે ગુણાકારથી અને ભાગાકારથી પ્રાપ્તવ્ય રાશિને શીઘ્ર પ્રાપ્ત કરે છે. તેની જેમ=તે સંખ્યાનાચાર્ય છેદથી જેમ તે રાશિનું અપવર્તન કરે છે તેની જેમ, ઉપક્રમથી અભિહત થયેલો પુરુષ=દેહનો શીઘ્ર નાશ કરે તેવા આયુષ્યના ઉપક્રમના નિમિત્ત વિષાદિના યોગને કારણે અભિહત થયેલો પુરુષ, મરણસમુદ્ઘાતના દુઃખથી આર્ત બને છે અર્થાત્ તે વિષાદિના કારણે જે દુઃખની પીડા થાય છે તે મારણાંતિકસમુદ્ઘાતનું કારણ બને છે અને તે મારણાંતિકસમુદ્ઘાતકાળમાં આયુષ્યકર્મ જે દીર્ઘ સ્થિતિવાળા હતા તેને અલ્પ સ્થિતિવાળા કરીને ઉદય આવલિકામાં પ્રક્ષેપ કરવારૂપ અનાભોગ એવો યોગ તે જીવમાં વર્તે છે=કર્મને અલ્પ કરવા સ્વરૂપ અનાભોગ વ્યાપાર વર્તે છે. કર્મને અલ્પ કરવા સ્વરૂપ અનાભોગ વ્યાપારરૂપ કરણવિશેષને ઉત્પન્ન કરીને તે આયુષ્યના ફળનો ભોગ કરવા અર્થે આયુષ્યકર્મનું અપવર્તન મારણાંતિકસમુદ્ઘાતની ક્રિયાથી કરે છે ત્યારે તેને બાંધેલા આયુષ્યના ફળનો અભાવ થતો નથી પરંતુ તે આયુષ્યનો શીઘ્ર ભોગવટો થાય છે. જેમ સંખ્યાન આચાર્યે છેદથી સંખ્યાનું અપવર્તન કરેલ તોપણ ગુણાકાર કે ભાગાકાર દ્વારા પ્રાપ્તવ્ય રાશિનો અભાવ થતો નથી તેમ બાંધેલા આયુષ્યના ભોગનો અભાવ પ્રાપ્ત થતો નથી પરંતુ જેમ છેદથી સંખ્યાન આચાર્યને શીઘ્ર પ્રાપ્તવ્ય સંખ્યા પ્રાપ્ત થાય છે તેમ કર્મના અપવર્તનથી તે જીવને તે આયુષ્યનો ભોગ શીઘ્ર થાય છે.

અહીં વિશેષ એ છે કે જેઓને સંખ્યાન આચાર્યની જેમ ગણિતપ્રક્રિયામાં વિશેષ નૈપુણ્ય નથી તેઓ મોટી સંખ્યાના ગુણાકારો અને ભાગાકારો દીર્ઘકાલે કરીને તેનાથી પ્રાપ્ત કરવા યોગ્ય સંખ્યાને પ્રાપ્ત કરે છે તેમ જેઓને ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થયેલી નથી તેથી મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત કરેલ નથી તેવા જીવો બંધાયેલું આયુષ્ય કાલની મર્યાદા અનુસાર જે ક્રમથી ઉદયમાં આવવા માટે ગોઠવાયેલું છે તે ક્રમ અનુસાર દીર્ઘકાલે ભોગવીને તે આયુષ્યકર્મના ફલને અનુભવે છે. સંખ્યાનાચાર્ય જેમ સંખ્યાનું અપવર્તન કરીને શીઘ્ર ગુણાકાર અને ભાગાકારની રાશિને પ્રાપ્ત કરે છે તેમ જેઓ ઉપક્રમની સામગ્રીને પામીને મારણાંતિક સમુદ્ઘાત દ્વારા આયુષ્યકર્મનું અપવર્તન કરે છે તેઓને તે આયુષ્યના ફલનો ભોગ શીઘ્ર પ્રાપ્ત થાય છે.

વળી 'અથવા'થી આયુષ્યની અપવર્તના થાય છે. તે અન્ય દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ ધોવાયેલું વસ્ત્ર જલથી ભીનું હોય અને તેને સૂકવ્યા વગર એકઠું કરીને મૂકવામાં આવે તો તે વસ્ત્ર ચિરકાળથી સુકાય છે તેમ જીવે જે આયુષ્ય બાંધ્યું છે તે આયુષ્યના દળિયા કાળને આશ્રયીને જે રીતે

ગોઠવાયેલા છે તે રીતે જ ઉદયમાં આવે તો તે આયુષ્યકર્મનું ચિરકાળ સુધી વેદન થાય છે. તેથી તે આયુષ્યના ચિરકાળ વેદન અનુસાર તે જીવ ચિરકાળ સુધી જીવવા સ્વરૂપ આયુષ્યના ફળને અનુભવે છે.

જેમ ધોવાયેલું ભીનું વસ્ત્ર જ વિસ્તૃત કરવામાં આવે અને સૂર્યનાં કિરણો અને વાયુથી હલ્યા કરે તો જલદી સુકાય છે તેમ જે જીવોએ અપવર્તનીય આયુષ્યકર્મ બાંધ્યું છે તે જીવોને જ્યારે ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થાય છે ત્યારે તે ઉપક્રમની સામગ્રીના કારણે દેહનો નાશ થાય છે, જેના કારણે દેહમાં તે જીવી શકે તેવી સ્થિતિ નહીં રહેવાથી મારણાંતિક સમુદ્ઘાત દ્વારા તે જીવ આયુષ્યકર્મ ઉપરના સ્થાનમાં રહેલા દલિકોનો ઉદય આવલિકામાં પ્રક્ષેપ કરે છે. તેથી શીઘ્ર સુકાયેલા વસ્ત્રની જેમ તેનું આયુષ્યકર્મ પણ શીઘ્ર ઉદયમાં આવે છે જેથી તે જીવ શીઘ્ર આયુષ્યનો ભોગ કરે છે.

વળી આ કથનને સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

ધોયેલું વસ્ત્ર સંહત=વાળેલું, હોય છે ત્યારે તેમાં નવા જળનું આગમન નથી તેથી તે વિદ્યમાન જળ ક્રમસર સુકાય છે માટે તે વસ્ત્ર દીર્ઘકાળે સુકાય છે તેમ જે જીવ ઉપક્રમ વગર જીવે છે તે જીવ દીર્ઘકાળ જીવે છે તેમાં નવા આયુષ્યના દળિયાનો પ્રક્ષેપ નથી અર્થાત્ જેમ વસ્ત્રમાં નવા જળનો પ્રક્ષેપ નથી તેમ તેના આયુષ્યકર્મમાં નવા આયુષ્યકર્મનો પ્રક્ષેપ નથી પરંતુ સંહત થયેલું વસ્ત્ર જેમ ક્રમસર સુકાય છે તેમ ઉપક્રમને નહીં પામેલું તે આયુષ્ય ક્રમસર ઉદયમાં આવે છે. તેથી જેમ તે વસ્ત્ર ચિરકાળથી સુકાય છે તેમ તે જીવનું આયુષ્ય ચિરકાળ સુધી ભોગવાય છે.

વળી ભીનું વસ્ત્ર વિસ્તૃત કરાયેલું શીઘ્ર પણ સંપૂર્ણ સુકાય જ છે, પરંતુ સુકાયા વગરનું રહેતુ નથી તેમ ઉપક્રમને પામેલું આયુષ્ય પણ શીઘ્ર ઉદયમાં આવીને ઉપભોગને પામે જ છે, પરંતુ ઉપભોગમાં નથી આવતું, તેમ નથી. તેથી જેમ સુકાવાયેલું વસ્ત્ર સૂર્યનાં કિરણો અને વાયુથી શીઘ્ર સુકાય છે તેમ વિષાદિ નિમિત્તથી અપવર્તન પામેલાં કર્મો પણ શીઘ્ર ઉદયમાં આવીને તે આયુષ્યનો ભોગવટો થાય છે તેથી કૃતનાશ, અકૃતઆગમ કે અફલ દોષની પ્રાપ્તિ નથી.

આશય એ છે કે જે જીવોએ જે આયુષ્ય બાંધ્યું છે તે આયુષ્ય ઉપક્રમને કારણે શીઘ્ર ભોગવાય છે પરંતુ તે કરાયેલું આયુષ્ય ફળ આપ્યા વગર જતું નથી તેથી કૃત એવા આયુષ્યકર્મનો નાશ નથી પરંતુ તેના ફલનો અનુભવ તે જીવ કરે છે. વળી અકૃતઅભ્યાગમ પણ નથી; કેમ કે જે આયુષ્યકર્મ તેણે બાંધ્યું છે તે સર્વ આયુષ્યકર્મના દળિયા જ શીઘ્ર ઉદયમાં આવીને ફળ આપે છે તેથી કરાયેલા એવા આયુષ્યકર્મનો ઉપભોગ છે, નહીં કરાયેલાનું આગમન નથી. વળી આયુષ્યકર્મનું ફલ જે જીવનસ્થિતિ છે તે પણ તેને પ્રાપ્ત થઈ છે, ફક્ત શીઘ્ર વેદનને કારણે તે જીવનસ્થિતિ અલ્પ થઈ છે તેથી આયુષ્યકર્મ ફળ આપનાર હોવાના કારણે અફળ પણ નથી. **॥૨/પર॥**

**॥ બીજો અધ્યાય સમાપ્ત ॥**

❖ ❖ ❖

# ।। तृतीयोऽध्यायः ।।

**ભાષ્ય :-**

**अत्राह-उक्तं भवता नारका इति गतिं प्रतीत्य जीवस्यौदयिको भावः, तथा जन्मसु** 'नारकदेवानामुपपातः' **(अ० २, सू० ३५) वक्ष्यति च स्थितौ** 'नारकाणां च द्वितीयादिषु' **(अ० ४, सू० ४३), आस्रवेषु** 'बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः' **(अ० ६, सू० १६) इति, तत्र के नारका नाम ? क्व वेति ? । अत्रोच्यते – नरकेषु भवा नारकाः, तत्र नरकप्रसिद्ध्यर्थमिदमुच्यते –**

**ભાષ્યાર્થ :-**

**अत्राह ..... नरकप्रसिद्ध्यर्थमिदमुच्यते – અહીં=બીજા અધ્યાયની સમાપ્તિમાં, કહે છે=કોઈક પ્રશ્ન કરે છે –**

શું પ્રશ્ન કરે છે ? તે કહે છે –

**તમારા વડે કહેવાયું.**

શું કહેવાયું ? તે બતાવે છે –

**'નારકો' એ પ્રમાણે ગતિને આશ્રયીને જીવનો ઔદયિકભાવ છે એમ અધ્યાય-૨, સૂત્ર ૬માં કહેવાયું અને જન્મના વિષયમાં** 'નારક અને દેવોનો ઉપપાત છે' **એ પ્રમાણે અધ્યાય-૨, સૂત્ર ૩૫માં કહેવાયું. અને સ્થિતિના વિષયમાં** 'નારકોને બીજી આદિમાં પૂર્વની નરકની પરાસ્થિતિ અપર છે=જઘન્ય છે', **એ પ્રમાણે અધ્યાય-૪, સૂત્ર ૪૩માં કહેવાશે અને આશ્રવના વિષયમાં** 'બહુઆરંભપણું અને બહુપરિગ્રહપણું નારકના આયુષ્યનો આશ્રવ છે' **એ પ્રમાણે અધ્યાય-૬, સૂત્ર ૧૬માં કહેવાશે, ત્યાં=આ સર્વ કથનોમાં, નારકો કોણ છે ? અને ક્યાં છે ? એ પ્રકારનો પ્રશ્ન થાય. એમાં=એ પ્રકારના પ્રશ્નમાં, ગ્રંથકારશ્રી વડે કહેવાય છે – નરકમાં થનારા નારકો છે. ત્યાં=નારક શબ્દની વ્યુત્પત્તિ કરી કે નરકમાં જે થાય તે નારકો તે કથનમાં, નરકની પ્રસિદ્ધિ માટે આ=આગળમાં બતાવે છે એ, સૂત્ર કહેવાય છે –**

**ભાવાર્થ :-**

બીજો અધ્યાય સમાપ્ત થવાથી ત્રીજા અધ્યાયનું ઉત્થાન કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

ભિન્ન ભિન્ન પ્રસંગને આશ્રયીને નારક શબ્દનો પ્રયોગ તત્ત્વાર્થાધિગમસૂત્રમાં થયો છે. જેમ – જીવના ઔદયિકભાવની વિચારણા કરતી વખતે ચારગતિ ઔદયિકભાવરૂપ છે તેમ કહ્યું તેમાં નારક શબ્દથી ગતિની પ્રાપ્તિ થઈ. વળી જન્મનું વર્ણન બીજા અધ્યાયમાં કર્યું ત્યાં નારકોનો અને દેવોનો ઉપપાતથી જન્મ થાય છે તેમ બતાવ્યું. વળી જીવોની ભવની સ્થિતિ કેટલી છે ? તે અધ્યાય-૪, સૂત્ર-૪૩માં બતાવતી વખતે કહેશે કે નારકના જીવોમાં જે પ્રથમ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે બીજા નરકની જઘન્યસ્થિતિ છે. વળી

કર્મબંધના કારણભૂત આશ્રવોના વર્ણનમાં નરકાયુષ્યનો આશ્રવ બહુઆરંભ, બહુપરિગ્રહ છે તેમ બતાવશે.

તેથી વિચારકને પ્રશ્ન થાય કે ગ્રંથમાં અનેક સ્થાને નારક શબ્દ આવે છે, તે નારકો કોણ છે ? અને ક્યાં વસે છે ? તેના સમાધાનરૂપે ભાષ્યકારશ્રી કહે છે –

નરક નામના ક્ષેત્રમાં જે થનારા હોય તે નારકો છે. આ પ્રકારનું સમાધાન કર્યા પછી નરકક્ષેત્ર ક્યાં છે ? તે બતાવવા અર્થે પ્રસ્તુત અધ્યાયનો પ્રારંભ કરે છે –

**સૂત્ર :-**

**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बुवाताकाश-प्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः ।।३/१।।**

**સૂત્રાર્થ :-**

**રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા ભૂમિઓ ઘનવાત, તનવાત અને આકાશમાં પ્રતિષ્ઠિત, સાત પ્રકારની, નીચે નીચે પૃથુતર છે=મોટી મોટી છે. ।।૩/૧।।**

**ભાષ્ય :-**

**रत्नप्रभा शर्कराप्रभा वालुकाप्रभा पङ्कप्रभा धूमप्रभा तमःप्रभा महातमःप्रभा इत्येता भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठा भवन्त्येकैकशः सप्ताधोऽधः । रत्नप्रभाया अधः शर्कराप्रभा, शर्कराप्रभाया अधो वालुकाप्रभा इत्येवं शेषाः, अम्बुवाताकाशप्रतिष्ठा इति सिद्धे घनग्रहणं क्रियते तेनायमर्थः प्रतीयेत, घनमेवाम्बु अधः पृथिव्याः, वातास्तु घनास्तनवश्चेति ।।**

**ભાષ્યાર્થ :-**

रत्नप्रभा ..... घनास्तनव चेति ।। **રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા એ પ્રમાણે આ ભૂમિઓ ઘન એવા પાણી, વાયુ અને આકાશ પર પ્રતિષ્ઠિત છે, એક-એકથી સાત અધોઅધ છે=નીચે નીચે છે. રત્નપ્રભાની નીચે શર્કરાપ્રભા છે, શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા છે, એ પ્રમાણે શેષ અધઃ અધઃ છે=નીચે નીચે છે. અંબુ, વાત અને આકાશ (ઉપર) પ્રતિષ્ઠ છે એ પ્રમાણે સિદ્ધ હોઈ ઘનગ્રહણ કરાય છે તેનાથી આ અર્થ પ્રતીત થાય છે – ઘન જ પાણી પૃથ્વીની નીચે છે, વળી વાયુ ઘન અને તનુ બન્ને છે. ।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં પ્રશ્ન કરેલ કે નરકમાં થનારા હોય તે નારકો છે તેમ તમે કહ્યું તેથી નરક શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે સૂત્રમાં કહે છે કે રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓ છે તે નરક છે. તે સાત પૃથ્વીઓ

ઘનામ્બુ=ઘનપાણી; વાયુ=ઘનવાત-તનવાતરૂપ બન્ને વાયુ, અને આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. આ સાત પ્રકારની પૃથ્વી નીચે નીચે વિસ્તારવાળી છે.

વળી, તે નરકની પૃથ્વી અંબુ, વાત અને આકાશ ઉપર પ્રતિષ્ઠ છે એમ સિદ્ધ હોવા છતાં ઘન શબ્દ કેમ ગ્રહણ કર્યો ? તેને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

જો ઘન શબ્દ ન ગ્રહણ કરવામાં આવે તો શાસ્ત્રમાં બે પ્રકારનાં પાણી પ્રસિદ્ધ છે ઘનપાણી અને પ્રવાહી પાણી તે બન્નેનું ગ્રહણ થાય. તે બન્નેમાંથી પ્રવાહી પાણીનો વ્યવચ્છેદ કરવા માટે ઘનામ્બુ કહેલ છે. વાત શબ્દને ઘન વિશેષણ નહીં આપેલ હોવાથી વાત શબ્દથી પ્રસિદ્ધ એવા ઘનવાત અને તનવાત બન્નેનું ગ્રહણ કરાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે રત્નપ્રભા આદિ પૃથ્વીઓ ઘનામ્બુ ઉપર રહે છે તેના નીચે ઘનવાત અને તનવાત રહે છે. આ સર્વ આકાશમાં પ્રતિષ્ઠિત છે. તેથી રત્નપ્રભાદિ સાતેય પૃથ્વીનાં આધાર નીચેની ભૂમિની દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ ઘનપાણી છે, ત્યારપછી ઘનવાત છે, ત્યારપછી તનવાત છે, ત્યારપછી મહાતમઃભૂત આકાશ હોવા છતાં રત્નપ્રભાદિ સર્વ પૃથ્વી આકાશમાં પ્રતિષ્ઠ છે; કેમ કે આકાશ માત્ર નીચે નથી પરંતુ સર્વવ્યાપી છે માટે આકાશ અવગાહન આપે છે તે જ ક્ષેત્રમાં રત્નપ્રભા પૃથ્વી રહે છે અને નીચેના આકાશમાં ઘનપાણી વગેરે રહે છે.

**ભાષ્ય :-**

**तदेवं खरपृथिवी पङ्कप्रतिष्ठा, पङ्को घनोदधिवलयप्रतिष्ठः, घनोदधिवलयं घनवातवलयप्रतिष्ठम्, घनवातवलयं तनुवातवलयप्रतिष्ठम्, ततो महातमोभूतमाकाशम्, सर्वं चैतत् पृथिव्यादि तनुवात-वलयान्तमाकाशप्रतिष्ठम्, आकाशं चात्मप्रतिष्ठम्, उक्तमवगाहनमाकाशस्येति । तदनेन क्रमेण लोकानुभावसन्निविष्टा असङ्ख्येययोजनकोटीकोट्यो विस्तृताः सप्त भूमयो रत्नप्रभाद्याः, सप्तग्रहणं नियमार्थम्, रत्नप्रभाद्या मा भूवन्नेकशः अनियतसङ्ख्या इति । किञ्चान्यत् — अधः सप्तैवेत्यवधार्यते, ऊर्ध्वं त्वेकैवेति वक्ष्यते ।।**

**ભાષ્યાર્થ :-**

**तदेवं ..... वक्ष्यते । આ રીતે અત્યાર સુધી ભાષ્યમાં વર્ણન કર્યું એ રીતે, ખરપૃથ્વી=રત્નપ્રભાના એક કાંડરૂપ ખરપૃથ્વી, પંકપ્રતિષ્ઠ છે, પંક ઘનોદધિવલયપ્રતિષ્ઠ છે, ઘનોદધિવલય ઘનવાતવલય-પ્રતિષ્ઠ છે. ઘનવાતવલય તનુવાતવલયપ્રતિષ્ઠ છે, ત્યારપછી મહાતમોભૂત આકાશ છે. અને પૃથ્વી આદિથી માંડીને તનુવાતના વલયના અંત સુધી આ સર્વ આકાશપ્રતિષ્ઠ છે અને આકાશ આત્મપ્રતિષ્ઠ છે. આકાશનું અવગાહન કહેવાયું.**

**'इति' શબ્દ રત્નપ્રભારૂપ પ્રથમ નરકના વર્ણનની સમાપ્તિ અર્થે છે.**

**તે કારણથી=ખરપૃથ્વી આદિ કઈ રીતે પ્રતિષ્ઠ છે ? તે પૂર્વમાં બતાવ્યું તે કારણથી, આ ક્રમ વડે=**

**ખરપૃથ્વી જે ક્રમથી છે તે ક્રમ વડે, લોક અનુભાવથી સંનિવિષ્ટ અસંખ્ય કોટાકોટી યોજન વિસ્તારવાળી રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ છે. સાતનું ગ્રહણ નિયમ અર્થમાં છે=સાતથી અધિક નથી કે ન્યૂન નથી એ બતાવવા માટે છે.**

અને તે નિયમને જ સ્પષ્ટ કરે છે –

**રત્નપ્રભાદિના એક એકથી=રત્નપ્રભાના પંકબહુલ એકેક કાંડને આશ્રયીને અનિયત સંખ્યા ન થાય એથી, સાત ગ્રહણ છે એમ અન્વય છે. વળી બીજું શું છે ? એથી કહે છે – નીચે સાત જ છે એ પ્રકારે અવધારણ થાય છે. વળી ઊર્ધ્વ=ઉપર, એક જ છે એ પ્રમાણે કહેવાશે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ છે અને તે પૃથ્વી ઘનામ્બુ, વાત અને આકાશ પ્રતિષ્ઠિત છે. તેનાથી શું ફલિત થયું ? તે ભાષ્યકારશ્રી કહે છે –

રત્નપ્રભાનો ખરપૃથ્વીકાંડ પંકપ્રતિષ્ઠ છે. તેથી એ પ્રાપ્ત થાય કે રત્નપ્રભાપૃથ્વી એક રજ્જુ પ્રમાણ છે, તેના અનેક કાંડો છે. તેમાંથી ઘનપૃથ્વી કાંડરૂપ જે રત્નબહુલકાંડ છે તેને આશ્રયીને તે પૃથ્વીનું નામ રત્નપ્રભા પૃથ્વી કહેવાય છે. તેનો ખરપૃથ્વીકાંડ પંકપ્રતિષ્ઠ છે, તે પંક ઘનોદધિવલયપ્રતિષ્ઠ છે અર્થાત્ ઘનસ્વરૂપે રહેલા પાણી ઉપર પ્રતિષ્ઠિત છે. તે ઘનોદધિવલય ઘનવાતના વલય ઉપર પ્રતિષ્ઠ છે અર્થાત્ જેમ ઘન અવસ્થાવાળું પાણી છે તેમ ઘન અવસ્થાવાળા વાયુ ઉપર ઘનપાણી રહેલ છે. ઘનવાતનું વલય તનુવાતના વલય ઉપર પ્રતિષ્ઠ છે અર્થાત્ જેમ મનુષ્યલોકમાં ઘન વગરનો વાયુ વાય છે તેવા તનુવાતના વલય ઉપર ઘનવાતનું વલય પ્રતિષ્ઠ છે. ત્યારપછી મહાતમોભૂત આકાશ છે અર્થાત્ ત્યાં ઘનોદધિ પણ નથી અને તનવાત કે ઘનવાત પણ નથી, પરંતુ અત્યંત અંધકારના પુદ્ગલોવાળું આકાશ છે.

વળી આ ખરપૃથ્વી વગેરે જે તનુવાતના વલય સુધી અત્યાર સુધી બતાવ્યાં તે સર્વ આકાશ ઉપર પ્રતિષ્ઠ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે ઘનોદધિ ઉપર ખરપૃથ્વી રહેલી છે તેમ ઘનવાતના વલય ઉપર ઘનોદધિ રહેલ છે, તનવાતના વલય ઉપર ઘનવાત રહેલો છે.

આકાશ ખરપૃથ્વીથી માંડીને તનવાતના વલય સુધી સર્વત્ર રહેલ છે. આકાશનો અન્ય કોઈ આધાર નથી, તે સ્વપ્રતિષ્ઠ છે; કેમ કે આકાશનો ગુણ અવગાહનપ્રદાન છે, તે સર્વ પદાર્થને પોતાનામાં પ્રતિષ્ઠ કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે નિશ્ચયનયથી દરેક પદાર્થો પોતાનામાં પ્રતિષ્ઠિત છે તેમ ખરપૃથ્વી વગેરે પોતાના ભાવમાં પ્રતિષ્ઠ છે તોપણ વ્યવહારનયથી ખરપૃથ્વીથી માંડીને તનવાત સુધીના વલયો આકાશમાં પ્રતિષ્ઠ છે. જ્યારે આકાશ વ્યવહારનયથી પણ અન્યમાં પ્રતિષ્ઠ નથી, પરંતુ પોતાનામાં પ્રતિષ્ઠ છે.

આ ક્રમથી રત્નપ્રભાદિ સાત પૃથ્વી પ્રતિષ્ઠિત છે અને તે સાતેય પૃથ્વીઓ લોક અનુભાવથી સંનિવિષ્ટ છે અર્થાત્ લોકનો તેવા પ્રકારનો સ્વભાવ છે કે પ્રથમ ખરપૃથ્વીકાંડ હોય, તેના નીચે પંક હોય, તેના નીચે

ઘનોદધિ હોય, તેના નીચે ઘનવાત હોય, તેના નીચે તનવાત હોય અને આકાશ સર્વ સ્થાનમાં રહેલ હોય.

આ સર્વ વ્યવસ્થા લોકના સ્વભાવને અનુરૂપ રહેલી છે, કોઈનાથી કરાયેલી નથી.

વળી અસંખ્ય કોટીકોટી પ્રમાણ વિસ્તૃત એવી રત્નપ્રભાદિ એક એક પૃથ્વી છે. તે રત્નપ્રભાદિ પૃથ્વીઓ સાત છે. તેથી એ નિયમની પ્રાપ્ત થઈ કે રત્નપ્રભાદિના રત્નકાંડ, પંકકાંડ આદિનું ગ્રહણ કરીને અનિયત સંખ્યાવાળી આ પૃથ્વી નથી, પરંતુ નિયત એવી રત્નપ્રભાદિ સાત જ પૃથ્વીઓ છે.

વળી બીજું શું છે ? તે કહે છે –

નીચેમાં સાત જ પૃથ્વીઓ છે, અધિક નથી અને ઊર્ધ્વમાં એક જ પૃથ્વી છે, એને ગ્રંથકારશ્રી દશમા અધ્યાયમાં કહેશે=આઠમી પૃથ્વી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી છે જેના ઉપર સિદ્ધના જીવો રહેલા છે જેનું વર્ણન ગ્રંથકારશ્રી દશમા અધ્યાયમાં કરશે.

**ભાષ્ય :-**

**अपि च – तन्त्रान्तरीया असङ्ख्येयेषु लोकधातुषु असङ्ख्येयाः पृथिवीप्रस्तारा इत्यध्यवसिताः, तत्प्रतिषेधार्थं च सप्तग्रहणमिति सर्वाश्चैता अधोऽधः पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिताः, घर्मा वंशा शैला अञ्जना रिष्ठा माघव्या माघवीति च आसां नामधेयानि यथासङ्ख्यमेवं भवन्ति । रत्नप्रभा घनभावेनाशीतं योजनशतसहस्रम्, शेषा द्वात्रिंशदष्टाविंशतिविंशत्यष्टादशषोडशाष्टाधिकमिति, सर्वे घनोदधयो विंशतियोजनसहस्राणि, घनवाततनुवातास्त्वसङ्ख्येयानि, अधोऽधस्तु घनतरा विशेषेणेति ।।३/१।।**

**ભાષ્યાર્થ :-**

**अपि च ..... विशेषेणेति ।। અને વળી તંત્રાંતરીયો=બૌદ્ધદર્શનવાળા, અસંખ્યેય લોકધાતુઓમાં અસંખ્યેય પૃથ્વીના પ્રસ્તરો છે એ પ્રમાણે અધ્યવસિત છે=એ પ્રમાણે માને છે, તેના પ્રતિષેધ માટે સાત ગ્રહણ છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે.**

**અને સર્વ આ=સર્વ પણ આ, સાત પૃથ્વીઓ નીચે નીચે પૃથુતર છત્રાતિછત્ર=ઉપર નાનું છત્ર, નીચે તેનાથી મોટું છત્ર, એ પ્રકારના સંસ્થાનથી સંસ્થિત છે. આમના=સાત પૃથ્વીના, ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, માઘવ્યા, માઘવી, એ નામ યથાસંખ્ય=યથાક્રમ, આ પ્રમાણે જાણવા. રત્નપ્રભા ઘનભાવથી એક લાખ એંશી હજાર યોજન છે, શેષ બીજી આદિ બત્રીશ હજાર, અઠ્ઠાવીસ હજાર, વીસ હજાર, અઢાર હજાર, સોળ હજાર, આઠ હજાર અધિક છે=બીજી પૃથ્વી એક લાખ બત્રીસ હજાર યોજન છે, ત્રીજી પૃથ્વી એક લાખ અઠ્ઠાવીસ હજાર છે, ચોથી પૃથ્વી એક લાખ વીસ હજાર છે, પાંચમી પૃથ્વી એક લાખ અઢાર હજાર, છઠ્ઠી પૃથ્વી એક લાખ સોળ હજાર છે અને સાતમી પૃથ્વી એક લાખ આઠ હજાર છે.**

**સર્વ પણ ઘનોદધિ વીસ હજાર યોજન છે. ઘનવાત, તનવાત અસંખ્યેય યોજન છે. નીચે નીચે વિશેષથી ઘનતર છે=ઘનવાત અને તનવાત નીચે નીચે વિશેષથી ઘનતર છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ॥૩/૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે સાત પૃથ્વી છે તે અવધારણ અર્થમાં છે, તેથી સાતથી અધિક નીચે નથી તેમ નક્કી થાય છે.

વળી સાત પૃથ્વી છે તેમ કેમ કહ્યું ? તે 'अपि च'થી બતાવે છે –

બૌદ્ધદર્શનકારો અસંખ્યેય લોકધાતુમાં અસંખ્યેય પૃથ્વી પ્રસ્તરો માને છે તેથી તેઓના મત અનુસાર સાત પૃથ્વી નથી પરંતુ અસંખ્યાત પૃથ્વી છે. તે દરેક પૃથ્વીમાં અસંખ્યાત પૃથ્વીના પ્રસ્તરો છે, તે વચન મૃષા છે. તેના પ્રતિષેધ માટે સાત પૃથ્વીનું ગ્રહણ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે અસંખ્યાત પૃથ્વી નથી, સાત જ પૃથ્વી છે. તે દરેકમાં કેટલા પ્રસ્તરો છે ? તેનું કથન ભાષ્યકારશ્રી આગળ કરશે.

વળી આ રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ છત્રના આકારવાળી છે અને ઉપર ઉપરના છત્ર કરતાં નીચેનું છત્ર મોટું મોટું છે એ પ્રકારના છત્રાતિછત્ર સંસ્થાનથી રહી છે. વળી પૂર્વમાં રત્નપ્રભાદિ જે સાત નામો બતાવ્યાં તે પૃથ્વીનાં ગોત્ર હતાં. હવે તે પૃથ્વીનાં ક્રમસર નામો બતાવે છે –

રત્નપ્રભા એ પ્રથમ પૃથ્વીનું ગોત્ર છે અને ઘર્મા એ પ્રથમ પૃથ્વીનું નામ છે. આ રીતે શેષ પૃથ્વીનાં પણ નામ અને ગોત્ર જાણવાં.

વળી રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ નીચે નીચે કેટલા ક્ષેત્ર પ્રમાણ છે ? તે બતાવતાં કહે છે –

ઘનભાવથી રત્નપ્રભા પૃથ્વી એક લાખ એંસી હજાર યોજન છે એ પ્રકારે સાતેય પૃથ્વીનું પ્રમાણ ભાષ્યમાં બતાવ્યું તે પ્રમાણે જાણવું.

વળી દરેક પૃથ્વી નીચે ઘનોદધિનું વલય છે જે વીસ હજાર યોજન છે. દરેક પૃથ્વી નીચે રહેલ ઘનવાત તથા તનવાત અસંખ્યાત યોજન પ્રમાણ છે. વળી આ ઘનવાત પણ ઉપર ઉપરમાં જે પ્રમાણે ઘન છે તેના કરતાં નીચે નીચે અધિક અધિક ઘન છે. વળી તનવાત ઘન નથી તોપણ તેના ઉપરિતન વિભાગમાં જેટલી ઘનતા છે તેના કરતાં નીચે નીચે અધિક અધિક ઘનતા છે. **॥૩/૧॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત અધ્યાયના પ્રથમ સૂત્રની અવતરણિકામાં પ્રશ્ન કર્યો કે નરકમાં થનારા નારકીઓ છે તો નારક કોણ છે ? અને ક્યાં રહે છે ? ત્યારપછી નારકી કેટલી છે ? અને કયા નામવાળી છે ? ઈત્યાદિનું સ્વરૂપ પ્રથમ સૂત્ર અને તેના ભાષ્યમાં બતાવ્યું. હવે તે નરકોમાં નારકો થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**तासु नरकाः ।।३/२।।**

**સૂત્રાર્થ :-**

**તે સાત પૃથ્વીમાં નરકો છે=નરકનાં સ્થાનો, છે. ।।૩/૨।।**

**ભાષ્ય :-**

**तासु- रत्नप्रभाद्यासु भूमिषु ऊर्ध्वमधश्चैकैकशो योजनसहस्रमेकैकं वर्जयित्वा मध्ये नरका भवन्ति । तद्यथा – उष्ट्रिकापिष्टपचनीलोहीकरकेन्द्रजानुकाजन्तोकायस्कुम्भायःकोष्ठादिसंस्थाना वज्रतलाः सीमन्तकोपक्रान्ताः, रौरवोऽच्युतो रौद्रो हाहारवो घातनस्तापनः शोचनः क्रन्दनो विलपनश्छेदनो भेदनः खटापटः कलपिञ्जर इत्येवमाद्याः अशुभनामानः, कालमहाकालरौरवमहारौरवाऽप्रतिष्ठान-पर्यन्ताः । रत्नप्रभायां नरकाणां प्रस्तरास्त्रयोदश, द्विद्व्यूनाः शेषासु, रत्नप्रभायां नरकावासानां त्रिंशच्छतसहस्राणि, शेषासु पञ्चविंशतिः पञ्चदश दश त्रीणि एकं पञ्चोनं नरकशतसहस्रमित्याषष्ठ्याः, सप्तम्यां तु पञ्चैव महानरका इति ।।३/२।।**

**ભાષ્યાર્થ :-**

**तासु ..... इति ।। તે રત્નપ્રભાદિ પૃથ્વીમાં ઊર્ધ્વ અને નીચે એકેક પૃથ્વીમાં એકેક હજાર યોજન મૂકીને મધ્યમાં નરકો છે=નરકના આવાસો છે.**

**તે આ પ્રમાણે – ઉષ્ટ્રિક, પિષ્ટપચની, લોહીકરક, ઈન્દ્રજાનુકા, જન્તોક, અયસ્કુંભ, અયસ્કોષ્ઠાદિ સંસ્થાનવાળા, વજ્રતલવાળા, સીમંતકથી ઉપક્રાંત નરકાવાસો છે. જેઓનાં કેટલાંક નામ બતાવે છે. રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ઘાતન, તાપન, શોચન, ક્રંદન, વિલપન, છેદન, ભેદન, ખટાપટ, કલપિંજર, એ વગેરે અશુભ નામવાળા કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન પર્યંત નરકાવાસો છે.**

**રત્નપ્રભા પૃથ્વીમાં નરકના પ્રસ્તરો તેર છે. શેષમાં=બીજી આદિ પૃથ્વીમાં, બે બે ન્યૂન પ્રસ્તરો છે. રત્નપ્રભામાં ત્રીસ લાખ નરકાવાસો છે. શેષ પૃથ્વીઓમાં પચ્ચીસ લાખ, પંદર લાખ, દશ લાખ, ત્રણ લાખ, પાંચથી ન્યૂન એવા એક લાખ નરકાવાસો છે. એ પ્રમાણે છઠ્ઠી સુધી, વળી સાતમી પૃથ્વીમાં પાંચ જ મહાનરકાવાસો છે. ।।૩/૨।।**

**ભાવાર્થ :-**

પ્રથમ સૂત્રમાં રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ છે તેમ કહ્યું તે સાત પૃથ્વીઓમાં નરકની ભૂમિઓ છે. આ નરકભૂમિ રત્નપ્રભાદિ પૃથ્વીમાં કયા સ્થાને છે ? તે સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

રત્નપ્રભાદિ દરેક પૃથ્વીમાં ઉપરમાં અને નીચે એકેક હજાર યોજન છોડીને મધ્યમાં નરકભૂમિઓ છે.

તેથી એ પ્રાપ્ત થાય છે રત્નપ્રભા પૃથ્વીનો કાંડ એક લાખ ઍંસી હજારનો છે તેમાંથી ઉપરના એક હજાર યોજન અને નીચેના એક હજાર યોજન છોડીને મધ્યના કાંડોમાં રત્નપ્રભા પૃથ્વીમાં નરકાવાસો છે. એ પ્રમાણે શર્કરાપ્રભાદિ પૃથ્વીના જે કાંડો છે તેમાં સર્વત્ર ઉપરના અને નીચેના એકેક હજાર યોજન છોડીને મધ્યકાંડમાં નરકાવાસો છે.

તે નરકાવાસો કેવા સ્વરૂપવાળા છે ? તે બતાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે –

ઉષ્ટ્રિકાદિ ભાંડ વિશેષો છે જે અત્યંત વિકૃત દેખાય છે તેવા સંસ્થાનવાળા નરકાવાસો છે. વળી તે નરકાવાસો વજ્રતલવાળા છે. સીમંતક નામનો મધ્યવર્તી નરકાવાસ છે તેનાથી તે નરકાવાસનો ઉપક્રમ થાય છે તેથી સીમંતક ઉપક્રાંત છે અને પ્રથમ નરકના ત્રીસ લાખ નરકાવાસો છે. તેમાંથી કેટલાક નરકાવાસોનાં નામો ભાષ્યકારશ્રી બતાવે છે, જેના નામશ્રવણથી પણ તે નરકનું ભયાનક સ્વરૂપ ઉપસ્થિત થાય. તેથી સંવેગની પ્રાપ્તિ થાય તે નરકાવાસનાં રૌરવ, અચ્યુત, રૌદ્ર આદિ તેર અશુભ નામો છે.

આ રીતે પ્રથમ આદિ નરકવાસોનાં કેટલાંક નામો બતાવ્યા પછી સાતમી નરકના જે પાંચ નરકાવાસો છે તેનાં નામનો ઉલ્લેખ કરે છે –

કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અને અપ્રતિષ્ઠાન નામના પાંચ નરકાવાસો સાતમી નારકના છે જે નામ સાંભળવામાત્રથી પણ સંવેગ ઉત્પન્ન થાય છે.

આ રીતે નારકોનાં સ્થાનોનું સ્વરૂપ નામ દ્વારા બતાવ્યું. હવે તે સાત પૃથ્વીઓમાં નરકાવાસના કેટલા પ્રકારો છે ? તે બતાવે છે –

રત્નપ્રભામાં તેર પ્રતરો છે. તેથી એ પ્રાપ્ત થાય કે એક લાખ અઠ્યોતેર હજાર યોજનમાં જે નરકાવાસો છે તે ઉપર નીચે એમ ક્રમસર તેર વિભાગમાં વિભક્ત છે, તેમાં ત્રીસ લાખ નરકાવાસો રહેલા છે. વળી રત્નપ્રભા નરક કરતાં બીજી નરકમાં બે ન્યૂન પ્રતર છે તેથી એ પ્રાપ્ત થાય કે શર્કરાપ્રભા નામની નરક એક લાખ બત્રીસ હજાર યોજન પ્રમાણ છે એમાંથી બે હજાર યોજન બાદ કરતાં એક લાખ ત્રીસ હજાર યોજનમાં અગિયાર પ્રતરો છે, જેમાં પચ્ચીસ લાખ નરકાવાસો છે. તે પ્રમાણે વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વી એક લાખ અઠ્ઠાવીસ હજાર યોજન પ્રમાણ છે તેમાંથી બે હજાર યોજન બાદ કરીએ તો એક લાખ છવ્વીસ હજાર યોજન પ્રમાણ ત્રીજી નરકમાં નવ પ્રતરો છે તે નવ પ્રતરમાં પંદર લાખ નરકાવાસો છે. આ જ પ્રમાણે ચોથી પંકપ્રભા નામની પૃથ્વી એક લાખ વીસ હજાર યોજન પ્રમાણ છે તેમાંથી બે હજાર યોજન બાદ કરતાં એક લાખ અઢાર હજાર યોજનમાં સાત પ્રતરો છે, તેમાં દશ લાખ નરકાવાસો છે. આ જ પ્રમાણે પાંચમી ધૂમપ્રભા નામની પૃથ્વી એક લાખ અઢાર હજાર યોજન પ્રમાણ છે તેમાંથી બે હજાર યોજન બાદ કરતાં એક લાખ સોળ હજાર યોજનમાં પાંચ પ્રતરો છે, તેમાં ત્રણ લાખ નરકાવાસો છે. તમઃપ્રભા નામની છટ્ઠી પૃથ્વી એક લાખ સોળ હજાર યોજન છે તેમાંથી બે હજાર યોજન બાદ કરવાથી એક લાખ

ચૌદ હજાર યોજનમાં ત્રણ પ્રતર છે તેમાં પાંચ ન્યૂન એક લાખ નરકાવાસો છે. મહાતમઃપ્રભા નામની સાતમી પૃથ્વી એક લાખ આઠ હજાર યોજન છે તેમાં સિદ્ધસેનગણિ કૃત ટીકા અનુસાર મધ્યના ત્રણ હજાર યોજનરૂપ એક પ્રતરમાં પાંચ નરકાવાસો છે. **॥૩/૨॥**

**સૂત્ર :-**

**तेषु नारका नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ।।३/३।।**

**સૂત્રાર્થ :-**

**તેઓમાં=તે નરકાવાસોમાં, નારકો નિત્ય અશુભતરલેશ્યાવાળા, નિત્ય અશુભતર પરિણામવાળા, નિત્ય અશુભતર દેહવાળા, નિત્ય અશુભતર વેદનાવાળા અને નિત્ય અશુભતર વિક્રિયાવાળા હોય છે. ॥૩/૩॥**

**ભાષ્ય :-**

**ते नरका भूमिक्रमेणाधोऽधो निर्माणतोऽशुभतराः, अशुभा रत्नप्रभायाम्, ततोऽशुभतराः शर्कराप्रभायाम्, ततोऽप्यशुभतरा वालुकाप्रभायाम्, इत्येवमासप्तम्याः । नित्यग्रहणं गतिजातिशरीराङ्गोपाङ्गकर्मनियमादेते लेश्यादयो भावा नरकगतौ नरकजातौ च नैरन्तर्येणाभवक्षयोद्वर्तनाद् भवन्ति, न च कदाचिदक्षिनिमेषमात्रमपि शुभा वा भवन्तीत्यतो नित्या उच्यन्ते ।**

**ભાષ્યાર્થ :-**

**ते ..... उच्यन्ते । તે નરકાવાસો ભૂમિના ક્રમથી નિર્માણને આશ્રયીને અશુભતર છે.**

તે અશુભતરને સ્પષ્ટ કરતાં કહે છે –

**અશુભ રત્નપ્રભા પૃથ્વીમાં છે=રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા નરકાવાસો અશુભ છે. તેનાથી શર્કરાપ્રભા પૃથ્વીના નરકાવાસો અશુભતર છે, તેનાથી પણ વાલુકાપ્રભામાં રહેલા નરકાવાસો અશુભતર છે એ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી જાણવું.**

**નિત્યનું ગ્રહણ=સૂત્રમાં જે નિત્યનું ગ્રહણ છે તે, ગતિ, જાતિ, શરીર અંગોપાંગ કર્મના નિયમથી આ લેશ્યાદિ ભાવો નરકગતિમાં અને નરકજાતિમાં આ ભવના ક્ષય વડે ઉદ્વર્તનથી નિરંતરપણારૂપે થાય છે=ભવના ચ્યવન સમય સુધી નિરંતરપણાથી થાય છે, અને ક્યારેય આંખના પલકારામાં પણ શુભ થતા નથી એ બતાવવા માટે નિત્ય એ પ્રમાણે કહેવાય છે.**

**ભાવાર્થ :-**

સૂત્ર-૨માં વર્ણન કર્યું તે નરકભૂમિમાં નારકો રહેલા છે. તેઓ કેવા પરિણામવાળા છે ? તે સ્પષ્ટ કરતાં સૂત્રમાં કહે છે –

તે નારકોના જીવો હંમેશાં અશુભતરલેશ્યાવાળા, અશુભતર પરિણામવાળા, અશુભતર દેહવાળા, અશુભતર વેદનાવાળા અને અશુભતર વિક્રિયાવાળા નિત્ય રહે છે.

વળી તે નરકભૂમિઓ કેવી છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

તે નરકભૂમિ પ્રથમ, દ્વિતીયાદિના ક્રમથી નીચે નીચે નિર્માણને આશ્રયીને અશુભતર છે.

કઈ રીતે અશુભતર છે ? તે સ્પષ્ટ કરે છે –

રત્નપ્રભા પૃથ્વી અશુભ છે, તેના કરતાં બીજી આદિ પૃથ્વીઓ અશુભતર અશુભતમ આદિ છે. તેથી તે પૃથ્વીની રચના પણ અત્યંત અશુભ પરમાણુઓથી બનેલી છે અને પૂર્વ પૂર્વની પૃથ્વી કરતાં ઉત્તર ઉત્તરની પૃથ્વી અધિક અધિક અશુભ છે.

વળી સૂત્રમાં નિત્ય શબ્દ ગ્રહણ કર્યો, તેનાથી શું પ્રાપ્ત થાય છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

નારકના જીવો ભવના ક્ષયથી નરકમાંથી ઉદ્વર્તન પામે છે ત્યાં સુધી તેઓને ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ કર્મના નિયમનથી લેશ્યાદિ ભાવો પણ અશુભતર નિરંતર પ્રાપ્ત થાય છે, પરંતુ તે દીર્ઘઆયુષ્યકાળમાં એક આંખના પલકારા જેટલું પણ તેઓને તે શુભ પ્રાપ્ત થતું નથી, એ બતાવવા માટે નિત્ય શબ્દ ગ્રહણ કરેલ છે.

સૂત્રમાં નિત્ય ગ્રહણ કેમ કર્યું ? તેની પૂર્વે સ્પષ્ટતા કરી. હવે નારકોમાં અશુભતર લેશ્યાદિ છે તે ક્રમસર બતાવે છે –

**ભાષ્ય :-**

**अशुभतरलेश्याः कापोतलेश्या रत्नप्रभायाम्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोता शर्कराप्रभायाम्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोतनीला वालुकाप्रभायाम्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना नीला पङ्कप्रभायाम्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना नीलकृष्णा धूमप्रभायाम्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कृष्णा तमःप्रभायाम्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कृष्णैव महातमःप्रभायामिति । अशुभतरपरिणामः, बन्धनगतिसंस्थानभेदवर्णगन्धरसस्पर्शागुरुलघुशब्दाख्यः, दशविधोऽशुभः पुद्गलपरिणामः, नरकेषु अशुभतरश्च, तिर्यगूर्ध्वमधश्च सर्वतोऽनन्तेन भयानकेन नित्योत्तमकेन तमसा नित्यान्धकाराः, श्लेष्ममूत्रपुरीषस्रोतोमलरुधिरवसामेदपूयानुलेपनतलाः, श्मशानमिव पूतिमांसकेशास्थिचर्मदन्तनखास्तीर्णभूमयः, श्वशृगालमार्जारनकुलसर्पमूषिकहस्त्यश्वगोमानुषशवकोष्ठाशुभतरगन्धाः । हा मातः! धिगहो कष्टं बत मुञ्चत धावत प्रसीद भर्तः! मा वधीः कृपणकमित्यनुबन्धरुदितैस्तीव्रकरुणैः दीनविक्लवैर्विलापैरार्तस्वनैर्निनादैर्दीनकृपणकरुणैर्याचितैर्बाष्पसन्निरुद्धैर्निस्तनितैर्गाढवेदनैः कूजितैः सन्तापोच्छ्वासनिश्वासैरनुपरतभयस्वनाः ।।**

**ભાષ્યાર્થ :-**

**अशुभतरलेश्याः ..... निश्वासैरनुपरतभयस्वनाः ।। અશુભતરલેશ્યા - કાપોતલેશ્યા રત્નપ્રભામાં છે, તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી કાપોતલેશ્યા શર્કરાપ્રભામાં છે. તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી કાપોતલેશ્યા અને નીલલેશ્યા વાલુકાપ્રભામાં છે=વાલુકાપ્રભામાં પ્રથમનાં કેટલાંક સ્થાનોમાં કાપોતલેશ્યા છે, ઉત્તરનાં સ્થાનોમાં નીલલેશ્યા છે. તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી નીલલેશ્યા પંકપ્રભા પૃથ્વીમાં છે. તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યા ધૂમપ્રભામાં છે=ધૂમપ્રભા નારકીના પ્રથમનાં સ્થાનોમાં નીલલેશ્યા છે અને ઉત્તરનાં સ્થાનોમાં કૃષ્ણલેશ્યા છે. તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી કૃષ્ણલેશ્યા તમઃપ્રભા પૃથ્વીમાં છે. તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી કૃષ્ણ જ લેશ્યા મહાતમઃપ્રભા નારકીમાં છે.**

**અશુભતર પરિણામ — બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દરૂપ દશ પ્રકારના અશુભ પુદ્ગલપરિણામ છે અને નારકોમાં અશુભતર છે=નારકોમાં અશુભતર નીચે નીચે અધિક હોય છે=દરેક નરકમાં નીચે નીચે અશુભતર હોય છે.**

બંધનાદિ દશ અશુભ પરિણામમાંથી કેટલાક પરિણામ બતાવતાં પ્રથમ વર્ણના અશુભ પરિણામને બતાવે છે –

**તિર્યક્, ઊર્ધ્વ, અને અધઃ સર્વથી અનંત ભયાનક નિત્ય ઉત્તમક એવા અંધકાર વડે નિત્ય અંધકારવાળાં નરકો હોય છે. શ્લેષ્મ, મૂત્ર, વિષ્ઠા, સ્રોત, મળ, રુધિર, ચરબી, મેદ અને પૂયના=પરુના, અનુલેપવાળાં તળો હોય છે=નરકની ભૂમિ હોય છે. સ્મશાનની જેમ પૂતિ, માંસ, કેશ, હાડકાં, ચર્મ, દાંત, નખથી આસ્તીર્ણ ભૂમિઓવાળાં નરકો હોય છે.**

નરકના વર્ણનું સ્વરૂપ બતાવ્યાં પછી નારકની ગંધનું સ્વરૂપ બતાવે છે –

**કૂતરા, શૃગાલ, બિલાડા, નોળીયા, સર્પ, મૂષક=ઉંદરડા, હાથી, અશ્વ, ગાય, મનુષ્યનાં સડેલાં શબ કરતાં અશુભતર ગંધવાળા નરકાવાસો છે.**

આ રીતે નરકાવાસોની અશુભગંધનું સ્વરૂપ બતાવ્યા પછી નરકાવાસમાં અશુભ શબ્દોનું સ્વરૂપ બતાવે છે –

**હે માતા, અહો ! કષ્ટને ધિક્કાર થાઓ, ખરેખર ! મને મુક્ત કરો, દોડો ! પ્રસાદ કરો હે ભર્ત ! દીન એવા મારો વધ કરો નહીં, એ પ્રમાણે સતત રુદિત, તીવ્ર કરુણાવાળા, દીન, વિક્લવ એવા વિલાપવાળા, આર્ત અવાજવાળા નિનાદ વડે દીન, કૃપણ, કરુણાવાળા, યાચના કરનાર બાષ્પથી સન્નિરુધ એવા નિસ્તનિત એવી ગાઢ વેદનાવાળા કુંજિત એવા નારકો વડે સંતાપ, ઉચ્છ્વાસ, નિઃશ્વાસથી સતત ભય ધ્વનિવાળા શબ્દો નીકળતા હોય છે.**

**ભાવાર્થ :-**

સૂત્રમાં કહ્યું કે નરકાવાસમાં નારકો હંમેશાં અશુભતરલેશ્યા આદિવાળા હોય છે. તેઓની નિત્ય અશુભતરલેશ્યા કેવા પ્રકારની છે ? તે ભાષ્યમાં સ્પષ્ટ કરે છે –

રત્નપ્રભા પૃથ્વીમાં કાપોતલેશ્યા વર્તે છે, તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી કાપોતલેશ્યા બીજી પૃથ્વીમાં છે, તેનાથી પણ તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી કાપોતલેશ્યા વાલુકાપ્રભાના અમુક ભાગમાં છે, ત્યારપછી નીચેના ભાગમાં નીલલેશ્યા છે. વાલુકાપ્રભામાં જે અશુભતર નીલલેશ્યા છે તેનાથી તીવ્રતર સંક્લેશ અધ્યવસાનવાળી નીલલેશ્યા પંકપ્રભા નરકમાં છે. પંકપ્રભા નરક કરતાં પણ તીવ્રતર સંક્લેશના અધ્યવસાયવાળી નીલલેશ્યા ધૂમપ્રભાના કેટલાક ભાગમાં છે અને અન્ય ભાગમાં કૃષ્ણલેશ્યા છે. ધૂમપ્રભા કરતાં તીવ્રતર સંક્લેશવાળી કૃષ્ણલેશ્યા તમઃપ્રભા નામની છટ્ઠી નરકમાં છે. છટ્ઠી નરકની કૃષ્ણલેશ્યાથી તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી કૃષ્ણલેશ્યા મહાતમઃપ્રભારૂપ સાતમી નારકમાં છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સાતેય નારકના જીવો સતત અશુભ એવા ક્લિષ્ટ અધ્યવસાયો કરે છે, નીચે નીચેની નરકોમાં ક્લિષ્ટ અધ્યવસાયો પણ અધિક અધિક હોય છે

શુભલેશ્યા અને અશુભલેશ્યા વચ્ચેનો ભેદ આ પ્રમાણે છે –

જેઓનું ચિત્ત તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઊહ કરે છે તેઓને શુભલેશ્યા વર્તે છે અથવા જેઓનું ચિત્ત કષાયોની આકુલતાને મંદ કરીને દયાદિ પરિણામવાળું છે તેઓને શુભલેશ્યા વર્તે છે. જેઓ સતત અરતિ, શોક, ઉદ્વેગ આદિ ભાવોથી આક્રાંત છે, ક્રૂરતાદિ ભાવોથી યુક્ત છે તેઓને અશુભલેશ્યા વર્તે છે. નારકીઓને સતત અશુભલેશ્યાનો પરિણામ વર્તે છે, ફક્ત કોઈક નારકો સમ્યક્ત્વ પામે તે વખતે કાંઈક માર્ગાનુસારી ઊહ ચાલતો હોય છે ત્યારે સમ્યક્ત્વપ્રાપ્તિકાલમાં અલ્પ કાલ માટે ભાવથી શુભલેશ્યા વર્તે છે. તે સિવાય સદા તે પ્રકારના પુદ્ગલ અને તે પ્રકારના મન, વચન, કાયાના યોગોને કારણે તેઓને અશુભલેશ્યા વર્તે છે.

વળી નરકમાં રહેલા નારકોના નિત્ય અશુભતર પરિણામો કેવા હોય છે ? તે સ્પષ્ટ કરે છે –

બંધન, ગતિ આદિ દશ પ્રકારના અશુભ પુદ્ગલના પરિણામો નરકમાં હોય છે. નરકમાં રહેલા નારકીઓને તે તે પુદ્ગલો સાથે સંબંધરૂપ બંધનપરિણામ અત્યંત અશુભ હોય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે નરકમાં રહેલા નારકીઓ જે નવા પુદ્ગલો ગ્રહણ કરે છે તે સર્વ અત્યંત અશુભ પુદ્ગલપરિણામો હોય છે. વળી નારકીના જીવોની ગતિ=ગમનની ક્રિયા, અત્યંત ખરાબ સ્વરૂપવાળી હોય છે જેને જોવામાત્રથી ઉદ્વેગ થાય તેવી હોય છે. વળી સંસ્થાનપરિણામ અત્યંત ખરાબ હુંડા આકૃતિવાળો હોય છે, જેથી તેઓના શરીરને જોવામાત્રથી અત્યંત ઉદ્વેગ થાય તેવો હોય છે. વળી શસ્ત્રાદિથી તેઓના દેહનો જે ભેદ થાય છે તે પરિણામ પણ અત્યંત બીભત્સ હોય છે.

વર્ણપરિણામનું સ્વરૂપ સ્વયં ભાષ્યકારશ્રી બતાવે છે, તે આ પ્રમાણે છે –

તે નારકનાં સ્થાનો તિર્યક્, ઊર્ધ્વ અને અધઃ ચારેય બાજુ અત્યંત ભયાનક અંધકારથી નિત્ય અંધકારવાળાં હોય છે. તેથી નરકાવાસનું ક્ષેત્ર કેવળ અંધકારમય ભાસે છે. વળી ત્યાં નરકાવાસની ભૂમિ શ્લેષ્મ, મૂત્રાદિ અશુભ પુદ્ગલોના લેપવાળી હોય છે જેને જોવામાત્રથી અત્યંત ઉદ્વેગ થાય તેવી હોય છે.

વળી ગંધનું સ્વરૂપ પણ સ્વયં ભાષ્યકારશ્રી બતાવે છે –

કૂતરા-બિલાડાદિનાં સડી ગયેલાં શબો હોય તેનાથી જે દુર્ગંધ આવતી હોય તેના કરતાં પણ અશુભતર ગંધ નરકમાં વર્તે છે.

વળી નરકમાં પુદ્ગલોનો રસ અત્યંત પ્રતિકૂળ હોય છે જેનાથી નારકીના જીવોને સદા ઉદ્વેગ રહે છે, સ્પર્શ પણ વીંછી આદિ જેવા પ્રતિકૂળ સ્પર્શથી પણ અધિક હોય છે. વળી નારકીના જીવોને શરીરનો જે અગુરુલઘુપરિણામ છે તે તેઓને અતિ દુઃખ દેનારો ક્લેશ સ્વરૂપ છે.

વળી તેઓનો શબ્દનો પરિણામ કેવો છે ? તે સ્વયં ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

નારકીના જીવો દુઃખથી પીડિત થયેલા હોવાથી સતત 'હે માતા ! હે માતા !' એ પ્રમાણે બૂમો પાડે છે. વળી નારકીઓ કહે છે – 'અહો ! આ કષ્ટને ધિક્કાર થાઓ.' વળી તેઓ ખેદપૂર્વક કહે છે 'મને મૂકો' અર્થાત્ પરમાધામી પાસે ખેદપૂર્વક સતત દીનપણે 'મને છોડી મૂકો' એ પ્રમાણે કહે છે. વળી સતત બૂમો પાડે છે કે 'દોડો, પ્રસાદ કરો' અર્થાત્ 'આપત્તિ આવી રહી છે, ભાગો, મને પ્રસાદ કરો,' એ પ્રમાણે બૂમો પાડે છે.

વળી નારકો પરમાધામીને કહે છે 'હે ભર્તા ! કૃપણ એવા મારો વધ કરશો નહિ.' આ પ્રમાણે સતત રુદન કરતા, તીવ્ર કરુણાવાળા, દીનતાથી વિક્લવવાળા એવા વિલાપો વડે અને આર્ત સ્વર વડે બૂમો પાડતા હીન, કૃપણ અને કરુણાવાળા, યાચના કરતા, આંખોમાંથી સતત રુદનને કારણે આંસુ પડતાં ન સહન થઈ શકે તેવી ગાઢ વેદના વડે અવાજો કરતા એવા નારકીઓના શબ્દોથી સંતાપ, ઉચ્છ્વાસ નિઃશ્વાસથી સતત ભયવાળા શબ્દો નરકમાં સંભળાય છે. આ પ્રકારનો અશુભ પુદ્ગલનો પરિણામ નરકમાં સદા વર્તે છે.

**ભાષ્ય :-**

**अशुभतरदेहाः – देहाः=शरीराणि, अशुभनामप्रत्ययादशुभान्यङ्गोपाङ्गनिर्माणसंस्थानस्पर्शरसगन्धवर्णस्वराणि हुण्डानि निर्लूनाण्डजशरीराकृतीनि, क्रूरकरुणबीभत्सप्रतिभयदर्शनानि दुःखभाञ्ज्यशुचीनि च तेषु शरीराणि भवन्ति अतोऽशुभतराणि चाधोऽधः, सप्त धनूंषि त्रयो हस्ताः षडङ्गुलमिति शरीरोच्छ्रायो नारकाणां रत्नप्रभायाम्, द्विर्द्विः शेषासु, स्थितिवच्चोत्कृष्टजघन्यता वेदितव्यः ।**

**अशुभतरवेदनाः – अशुभतराश्च वेदना भवन्ति नरकेष्वधोऽधः, तद्यथा–प्रथमायां उष्णवेदनाः, द्वितीयायामुष्णवेदनाश्च, तीव्रतरास्तीव्रतमाश्चातृतीयायाम्, उष्णशीते चतुर्थ्याम्, शीतोष्णे पञ्चम्याम्,**

परयोः शीततरा शीततमाश्चेति, तद्यथा—प्रथमशरत्काले चरमनिदाघे वा पित्तप्रकोपाभिभूतशरीरस्य सर्वतो दीप्ताग्निराशिपरिवृतस्य व्यभ्रे नभसि मध्याह्ने निवातेऽतिरस्कृतातपस्य यादृगुष्णजं दुःखं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टमुष्णवेदनेषु नरकेषु भवति, पौषमाघयोश्च मासयोस्तुषारलिप्तगात्रस्य रात्रौ हृदयकरचरणाधरौष्ठदशनायासिनि प्रतिसमयप्रवृद्धे शीतमारुते निरग्न्याश्रयप्रावरणस्य यादृक् शीतसमुद्भवं दुःखमशुभं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टं शीतवेदनेषु नरकेषु भवति । यदि किलोष्णवेदनान्नरकादुत्क्षिप्य नारकः सुमहत्यङ्गारराशावुद्दीप्ते प्रक्षिप्येत स किल सुशीतां मृदुमारुतां शीतलच्छायामिव प्राप्तः सुखमनुपमं विन्द्यात्, निद्रां चोपलभेत, एवं कष्टतरं नारकमुष्णमाचक्षते, तथा किल यदि शीतवेदनान्नरकादुत्क्षिप्य नारकः कश्चिदाकाशे माघमासे निशि प्रवाते महति तुषारराशौ प्रक्षिप्येत सदन्तशब्दोत्तमप्रकम्पायासकरेऽपि तत्सुखं विन्द्यादनुपमां निद्रां चोपलभेत, एवं कष्टतरं नारकशीतदुःखमाचक्षत इति ।

अशुभतरविक्रियाः, अशुभतराश्च विक्रिया नरकेषु नारकाणां भवन्ति, शुभं करिष्याम इत्यशुभतरमेव विकुर्वते दुःखाभिहतमनसश्च दुःखप्रतीकारं चिकीर्षवो गरीयस एव ते दुःखहेतून् विकुर्वत इति ।।३/३।।

**ભાષ્યાર્થ :-**

अशुभतरदेहाः ..... इति ।। અશુભતર દેહ — દેહ=શરીરો, છે અશુભનામપ્રત્યયથી અશુભ અંગોપાંગવાળા, અશુભ નિર્માણવાળા, અશુભ સંસ્થાનવાળા, અશુભ સ્પર્શવાળા, અશુભ રસવાળા, અશુભ ગંધવાળા, અશુભ વર્ણવાળા, અશુભ સ્વરવાળા, હુંડક સંસ્થાનવાળા, નિર્લૂનઅંડજશરીરઆકૃતિવાળા દેહો છે=પીંછાં ખેંચી લીધેલાં હોય તેવા પક્ષીના શરીરની આકૃતિવાળા દેહો છે. તેઓમાં=નરકોમાં, ક્રૂર, કરુણ, બીભત્સ, પ્રતિભયદર્શનવાળાં, દુઃખને ભોગવનારાં અને અશુચિમય શરીરો હોય છે. આથી=પહેલી નરકથી, અશુભતર નીચે નીચે હોય છે. સાત ધનુષ્ય, ત્રણ હાથ છ અંગુલ શરીરની ઊંચાઈ રત્નપ્રભામાં નારકીઓની છે, શેષ નારકીઓમાં=બીજી આદિ નારકીઓમાં, દ્વિગુણ-દ્વિગુણ શરીરો હોય છે. સ્થિતિની જેમ ઉત્કૃષ્ટ-જઘન્યતા જાણવી=પહેલી નારકની ઉત્કૃષ્ટ સ્થિતિ જેમ બીજી નારકની જઘન્યસ્થિતિ છે એ પ્રમાણે દરેક નારકોમાં છે તે રીતે પહેલી નારકની જ ઉત્કૃષ્ટ શરીરની અવગાહના છે તે બીજી નારકની જઘન્ય અવગાહના છે, બીજી નારકની ઉત્કૃષ્ટ અવગાહના છે તે ત્રીજી નારકની જઘન્ય અવગાહના છે એ પ્રમાણે ઉત્તર ઉત્તરમાં જાણવું.

અશુભતર વેદના — અને નારકોમાં નીચે નીચે અશુભતર વેદના હોય છે. તે આ પ્રમાણે — પ્રથમ નરકમાં ઉષ્ણવેદના, બીજી નરકમાં તીવ્રતર ઉષ્ણવેદના છે, ત્રીજી નરકમાં તીવ્રતમ ઉષ્ણવેદના છે. ચોથી નરકમાં ઉષ્ણ-શીતવેદના છે પાંચમી નરકમાં શીત-ઉષ્ણવેદના છે. છઠ્ઠી અને સાતમીમાં શીતતર અને શીતતમ વેદના છે.

**તે આ પ્રમાણે – પ્રથમ શરદ કાળમાં અથવા ચરમ ઉનાળા કાળમાં પિત્તપ્રકોપથી અભિભૂત શરીરવાળા ચારે બાજુથી અગ્નિરાશિથી પરિવૃત્ત અને વાદળ વગરના આકાશના મધ્યમાં પવન વગરના અતિરસ્કૃત તાપવાળા જીવને=કોઈ તાપનું નિવારણનું સાધન નથી એવા જીવને, જેવું ઉષ્ણથી થનારું દુઃખ છે તેનાથી અનંતગુણ પ્રકૃષ્ટ કષ્ટ ઉષ્ણવેદનાવાળા નરકોમાં હોય છે.**

**પોષ અને મહા મહિનામાં તુષારલિપ્તગાત્રવાળા=શરીર પર બરફના વિલેપનવાળા, પુરુષને રાત્રિમાં હૃદય, કર, ચરણ, અધર, ઓષ્ઠ અને દાંતને કંપાવે તેવો પ્રતિસમય પ્રવર્ધમાન શીત પવન હોતે છતે અગ્નિના આશ્રય વગરના અને વસ્ત્ર વગરના પુરુષને શીતથી ઉત્પન્ન થયેલું જેવું અશુભ દુઃખ થાય છે શીતવેદનાવાળાં નરકોમાં તેનાથી અનંતગણું પ્રકૃષ્ટ કષ્ટ થાય છે.**

**જો ઉષ્ણવેદનાવાળા નરકથી ઉત્ક્ષેપ કરીને ખરેખર કોઈક નારકને ઉદ્દીપ્ત એવી સુમહાન અંગાર રાશિમાં પ્રક્ષેપ કરાય તો તે ખરેખર સુશીત, મૃદુપવનવાળી શીતલ છાયાની જેમ પ્રાપ્ત થયેલા અનુપમ સુખને અનુભવે અને નિદ્રાને પ્રાપ્ત કરે. આવું કષ્ટતર ઉષ્ણદુઃખ નારકને કહેવાયું છે.**

**અને શીતવેદનાવાળા નરકથી ઉત્ક્ષેપ કરીને ખરેખર કોઈક નારકને માઘ મહિનાવાળા આકાશમાં રાત્રિના વિષે ઘણો મોટો ઠંડો પવન હોય ત્યારે મોટી બરફની રાશિમાં પ્રક્ષેપ કરાય ત્યારે તે દાંત અને શબ્દના અત્યંત પ્રકંપના આયાસને કરનાર એવી પણ બરફની રાશિમાં અનુપમ સુખને અનુભવે અને અનુપમ નિદ્રાને પ્રાપ્ત કરે આવું કષ્ટતર શીતદુઃખ નારકને કહે છે=શાસ્ત્રકારો કહે છે.**

**અશુભતર વિક્રિયા – અને નરકમાં નારકીઓને અશુભતર વિક્રિયા હોય છે.**

તે અશુભતર વિક્રિયા સ્પષ્ટ કરે છે –

**શુભને અમે કરીએ=શુભ શરીરને અમે વિકુર્વીએ એ પ્રમાણે અશુભતરને વિકુર્વે છે=અશુભતર જ ઉત્તરવૈક્રિયશરીરને કરે છે, અને દુઃખથી અભિહત મનવાળા દુઃખના પ્રતિકાર કરવાની ઇચ્છાવાળા મહાન જ તે દુઃખના હેતુઓને વિકુર્વે છે. ॥૩/૩॥**

**ભાવાર્થ :-**

વળી નારકીના જીવોના દેહો અત્યંત અશુભતર હોય છે.

કેમ અશુભ છે ? તે બતાવે છે –

અશુભનામકર્મના ઉદયથી અશુભઅંગોપાંગ, અશુભનિર્માણ, અશુભસંસ્થાન હોય છે. તેઓના શરીરના સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ પણ અશુભ હોય છે. તેઓનું હુંડક સંસ્થાન પણ અત્યંત અશુભતર હોય છે.

સંક્ષેપથી તેઓનો દેહ કેવો હોય છે ? તે બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

કોઈ પક્ષીનાં બધાં પીંછાંઓ ખેંચી લીધાં હોય તે વખતે જે રીતે તેનો દેહ તદ્દન બુઠ્ઠો દેખાય છે તેવો અત્યંત કુત્સિત સ્વરૂપવાળો નારકીના જીવોનો દેહ દેખાય છે. તેના નારકશરીરના સ્પર્શ આદિ સર્વ અત્યંત અશુભ હોવાથી તે શરીર જ તેઓને સતત પીડાકારી બને છે.

વળી તેઓનું શરીર દેખાવથી કેવું છે ? તે બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

કેટલાક નારકીના જીવો કોઈકને મારવા માટે દોડતા હોય ત્યારે ક્રૂરદર્શનવાળા દેખાય છે. ક્યારેક દીનતાથી પરમાધામી આદિ પાસે આજીજી કરતા હોય ત્યારે કરુણસ્વરૂપવાળા દેખાય છે. દેહનો આકાર બીભત્સ હોવાથી બીભત્સ આકૃતિવાળા દેખાય છે. વળી કોઈક અન્ય નારકીથી ઉપદ્રવ થતો હોય ત્યારે પ્રતિભયવાળા દેખાય છે. અનેક પ્રકારની યાતનાને કારણે હંમેશાં દુઃખવાળા દેખાય છે. શરીરમાંથી સર્વ પ્રકારની અશુચિઓ ઝરતી હોય છે તેથી અશુચિમય શરીરવાળા દેખાય છે. વળી પ્રથમ નારકીથી માંડીને નીચે નીચેની નારકીમાં આ સર્વ ભાવો અશુભ અશુભતર હોય છે.

આ રીતે તેઓના દેહની અશુભતરતા બતાવ્યા પછી તેઓનું શરીર કેટલા પ્રમાણવાળું છે ? તે બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

પ્રથમ રત્નપ્રભા નારકીનું શરીર સાત ધનુષ્ય ત્રણ હાથ અને છ અંગુલનું હોય છે. બીજી નારકી આદિમાં તે પૂર્વની નારકીથી દ્વિગુણ-દ્વિગુણ હોય છે તેથી સાતમી નારકીમાં પાંચસો ધનુષ્યની કાયાની પ્રાપ્તિ થાય છે. વળી, જેમ નારકીમાં સ્થિતિનો ક્રમ છે કે પહેલી નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય બીજી નારકીનું જઘન્ય આયુષ્ય બને છે, તે પ્રમાણે શરીરનું માપ પણ પહેલી નારકીનું જે સાત ધનુષ્ય ત્રણ હાથ છ અંગુલ ઉત્કૃષ્ટથી છે તે પ્રમાણે બીજી નારકીનું જઘન્ય બને છે. બીજી નારકીનું દ્વિગુણ જે ઉત્કૃષ્ટ છે તે ત્રીજી નારકીનું જઘન્ય બને છે તે પ્રમાણે સાતે નારકોમાં જાણવું.

વળી નારકીઓમાં અશુભતર વેદના કેટલી હોય છે ? તે ભાષ્યકારશ્રી બતાવે છે –

પ્રથમ નારકીથી માંડીને નીચેની નારકીમાં અશુભતર વેદના અધિક અધિકતર હોય છે.

તે વેદનાને સ્પષ્ટ કરતાં કહે છે –

પ્રથમ નારકીમાં ઉષ્ણવેદના ઘણી હોય છે. બીજી નારકીમાં તે ઉષ્ણવેદના તીવ્રતર હોય છે અર્થાત્ પ્રથમ નારક કરતાં ઘણી અધિક હોય છે. ત્રીજી નારકીમાં તે ઉષ્ણવેદના તીવ્રતમ હોય છે. આ રીતે ત્રણ નારકી સુધી ઉષ્ણવેદનાની તરતમતા છે, પરંતુ શીતવેદના નથી. ત્યારપછી ચોથી નારકીમાં ઘણી બધી પ્રતરોમાં વર્તતા નારકોને ઉષ્ણવેદના છે. થોડી પ્રતરોમાં વર્તતા નારકોને શીતવેદના છે જે અતિતીવ્ર વેદના હોય છે. પાંચમી નારકોમાં ઘણી પ્રતરોમાં શીતવેદના છે જ્યારે થોડી પ્રતરોમાં ઉષ્ણવેદના છે. છઠ્ઠી નારકીમાં પાંચમી નારકી કરતાં શીતતરવેદના છે. અને સાતમી નારકીમાં શીતતમવેદના છે.

સાતે નરકોના નારકીઓની ઉષ્ણવેદના અને શીતવેદના કેવા પ્રકારની હોય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કોઈ જીવ પ્રથમ શરદકાળમાં પિત્તપ્રકોપથી અભિભૂત શરીરવાળો હોય અથવા ચરમ ઉનાળાના કાળમાં પિત્તપ્રકોપની અભિભૂત શરીરવાળો હોય ત્યારે તેને ગરમી અતિ અસહ્ય બને છે, તેથી અલ્પ પણ ગરમી તેને ઘણા પ્રમાણમાં વ્યાકુળતાને કરે છે. આવા પુરુષને ચારે બાજુથી દીપ્ત અગ્નિરાશિની વચમાં મૂકવામાં

આવે, તે કાળે આકાશ પણ એકદમ સ્વચ્છ હોય, મધ્યાહ્નનો કાળ હોય, ક્યાંય સહેજ પણ પવન આવતો ન હોય અને સૂર્યનો તાપ પણ કોઈ રીતે અલ્પ ન થયો હોય અર્થાત્ વાદળા વિનાનો થયો હોય તે વખતે તે ગરમીથી ઉત્પન્ન થયેલું દુઃખ જે પ્રકારનું થાય છે અર્થાત્ તે પુરુષ તે ગરમીથી અત્યંત વ્યાકુળ જણાય છે તેનાથી અનંતગુણ પ્રકૃષ્ટ કષ્ટ ઉષ્ણવેદનાવાળા નારકીઓમાં છે આ પ્રકારે સ્વઅનુભવ અનુસાર નારકીનાં દુઃખોનો કાંઈક વિચાર થઈ શકે તેને ભાષ્યકારશ્રીએ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરેલ છે.

વળી નારકીમાં શીતવેદના કેવી છે ? તેને સ્વાનુભાવ અનુસાર દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

કોઈ પુરુષ પોષ અને મહા મહિનામાં બરફથી આલિંગિત ગાત્રવાળો હોય, વળી રાત્રિનો સમય હોય, તેનું હૃદય ઠંડીથી ધ્રૂજતું હોય, હાથ અને પગ ઠંડીથી ધ્રૂજતા હોય, હોઠ અને દાંત ઠંડીથી કકડતા હોય, આવા સમયે સતત શીતળ પવન જોરથી વાતો હોય, વળી તે પુરુષને કોઈ પ્રકારના અગ્નિનો આશ્રય પણ ન હોય અને કોઈ પ્રકારના વસ્ત્રનો આશ્રય પણ ન હોય ત્યારે ઠંડીના કારણે જેવા પ્રકારનું અશુભ દુઃખ થાય છે તેનાથી અનંતગણું કષ્ટ શીતવેદનાવાળા નરકમાં થાય છે.

આ રીતે અનુભવના બળથી નરકની ઉષ્ણ-શીતવેદનાનું કષ્ટ કાંઈક સ્પષ્ટ કર્યું, તોપણ તર્કથી તેને વિશેષ સ્પષ્ટ કરવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

નરકમાં જેઓ ઉષ્ણવેદનાવાળા નારકીઓ છે તેમને કલ્પનાથી કોઈ વ્યક્તિ બહાર કાઢીને ધગધગતા મોટા અંગારાની રાશિથી ઉદ્દીપ્ત એવા ભઠ્ઠામાં પ્રક્ષેપ કરે અને જે ગરમીનું વેદન થાય તેમાં તે નારકીના જીવને જાણે શીતળતાનો, ઠંડા પવનનો કે શીતળ છાયાનો જાતે અનુભવ થતો ન હોય તેવું અનુપમ સુખ પ્રાપ્ત થાય છે.

તેથી એ ફલિત થાય કે ઘણી ગરમીમાંથી અલ્પ ગરમીમાં આગમન થવાથી જેમ જીવને સુખનો અનુભવ થાય છે તેમ નરકમાં વર્તતી ગરમી કરતાં ભઠ્ઠામાં વર્તતી ગરમીમાં પણ નારકોને ઘણી અલ્પ ગરમી દેખાય છે. તેથી મનુષ્યલોકના ભઠ્ઠાની ગરમી કરતાં ઘણી અધિક તીવ્ર ગરમી નારકીમાં ક્ષેત્રજન્ય જ છે. આ ઉષ્ણતા અગ્નિકૃત નથી પરંતુ નરકનું ક્ષેત્ર જ તેવા પ્રકારનું અતિઉષ્ણ છે.

વળી શીતવેદનાવાળા નારકીઓને શીતવેદના કેવી છે ? તે યુક્તિથી બતાવે છે –

શીતવેદનાવાળા નારકીને કલ્પનાથી ગ્રહણ કરીને મહા મહિનામાં રાત્રિને વિષે અત્યંત ઠંડો પવન વાતો હોય તે કાળે કોઈક એવા ક્ષેત્રમાં ફેંકવામાં આવે જ્યાં બરફના ઢગલા હોય, તે વખતે નારકીનો જીવ અનુપમ સુખને પ્રાપ્ત કરે અને નિદ્રાને પ્રાપ્ત કરે. તેથી મનુષ્યલોકની ઉત્કટ શીતતા હોય તે કાળે બરફ ઉપર મૂકવામાં આવેલા પુરુષને જે શીતતાનું દુઃખ થાય તેના કરતાં અનંતગણી કષ્ટતર વેદના નારકીના જીવોને શીતવેદનાથી થાય છે.

આ રીતે નારકીઓની વેદનાનું સ્વરૂપ બતાવ્યા પછી નારકીઓની અશુભતર વિક્રિયા કેવા પ્રકારની છે ? તે બતાવે છે –

નારકીઓના જીવોને વૈક્રિયશરીર વિકુર્વવાની લબ્ધિ ભવપ્રત્યય પ્રાપ્ત થયેલી હોય છે. તેથી પોતાની

કષ્ટમય સ્થિતિનો વિચાર કરીને તે વિચારે છે હું મારું શુભશરીર કરું, જેથી તે શુભશરીરથી કાંઈક મને સુખ થાય. આ પ્રકારના પરિણામપૂર્વક તેઓ ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે, પરંતુ નારકભવમાં પાપના ઉદયને કારણે બનેલું તે ઉત્તરવૈક્રિયશરીર પૂર્વના શરીર કરતાં પણ અશુભતર જ બને છે, તેથી દુઃખથી હણાયેલા મનવાળા નારકીના જીવો દુઃખને દૂર કરવાની ઇચ્છાથી જે નવું શરીર વિકુર્વે છે તેનાથી અધિક જ દુઃખની પ્રાપ્તિ થાય છે; કેમ કે પોતાને પ્રાપ્ત થયેલા શરીરથી પણ અશુભતર એવા તે શરીરથી તેઓને અધિક જ દુઃખ થાય છે, તેથી તેઓ દુઃખના પ્રતીકારના હેતુ એવાં શરીરો બનાવી શકતા નથી. **॥૩/૩॥**

**સૂત્ર :-**

**परस्परोदीरितदुःखाः ।।३/४।।**

**સૂત્રાર્થ :-**

**પરસ્પર ઉદીરિત દુઃખવાળા, તે નારકો છે એમ અન્વય છે. ।।૩/૪।।**

**ભાષ્ય :-**

**परस्परोदीरितानि च दुःखानि नरकेषु नारकाणां भवन्ति, क्षेत्रस्वभावजनिताच्चाशुभात्पुद्गलपरिणामादित्यर्थः ।**

**तत्र क्षेत्रस्वभावजनितः पुद्गलपरिणामः शीतोष्णक्षुत्पिपासादिः, शीतोष्णे व्याख्याते, क्षुत्पिपासे वक्ष्यामः । अनुपरतशुष्केन्धनोपादानेनेवाग्निना तीक्ष्णेन प्रततक्षुदग्निना दन्दह्यमानशरीरा अनुसमयमाहारयन्ति ते सर्वपुद्गलानप्यद्युस्तीव्रया च नित्यानुषक्तया पिपासया शुष्ककण्ठौष्ठतालुजिह्वाः सर्वोदधीनपि पिबेयुः, न च तृप्तिं समाप्नुयुस्ते वर्द्धेयातामेव चैषां क्षुत्तृष्णे इत्येवमादीनि क्षेत्रप्रत्ययानि ।**

**परस्परोदीरितानि च, अपि चोक्तम्-**'भवप्रत्ययोऽवधिर्नारकदेवानाम्' **(अ० १, सू० २२) इति, तन्नारकेष्ववधिज्ञानम् अशुभभवहेतुकं मिथ्यादर्शनयोगाच्च विभङ्गज्ञानं भवति, भावदोषोपघातात् तु तेषां दुःखकारणमेव भवति, तेन हि ते सर्वतः तिर्यगूर्ध्वमधश्च दूरत एवाजस्रं दुःखहेतून् पश्यन्ति यथा च काकोलूकमहिनकुलं चोत्पत्त्यैव बद्धवैरं तथा परस्परं प्रति नारकाः, यथा वा अपूर्वान् शुनो दृष्ट्वा श्वानो निर्दयं क्रुध्यन्त्यन्योऽन्यं प्रहरन्ति च, तथा तेषां नारकाणामवधिविषयेण दूरत एवान्योऽन्यमालोक्य क्रोधस्तीव्रानुशयो जायते दुरन्तो भवहेतुकः, ततः प्रागेव दुःखसमुद्घातार्ताः क्रोधाग्न्यादीपितमनसः अतर्किता इव श्वानः समुद्धता वैक्रियं भयानकं रूपमास्थाय तत्रैव पृथिवीपरिणामजानि क्षेत्रानुभावजनितानि चायःशूलशिलामुशलमुद्गरकुन्ततोमरासिपट्टिशशक्तियोधनखड्गयष्टिपरशुभिण्डिमालादीन्यायुधान्यादाय करचरणदशनैश्चान्योऽन्यमभिघ्नन्ति, ततः**

**परस्पराभिहता विकृताङ्गा निस्तनन्तो गाढवेदनाः सूनाघातनप्रविष्टा इव महिषशूकरोरभ्राः स्फुरन्तो रुधिरकर्दमेऽपि चेष्टन्ते, इत्येवमादीनि परस्परोदीरितानि नरकेषु नारकाणां दुःखानि भवन्तीति ।।३/४।।**

**ભાષ્યાર્થ :-**

**परस्परोदीरितानि ..... भवन्तीति ।। અને પરસ્પર ઉદીરિત દુઃખો નરકોમાં નારકોને હોય છે. અને ક્ષેત્રસ્વભાવજનિત એવા પુદ્ગલપરિણામથી નરકમાં નારકીઓને દુઃખો હોય છે, એ પ્રકારે અર્થથી પ્રાપ્ત છે=સૂત્રમાં સાક્ષાત્ કહેલ નથી, પરંતુ અર્થથી પ્રાપ્ત છે.**

❖ 'पुद्गलपरिणामात्' પછી 'इत्यर्थः' છે, તેના સ્થાને ભાષ્યમાં 'इति अर्थतः' એમ પાઠ હોવાની સંભાવના છે, પાઠ ઉપલબ્ધ નથી.

**ત્યાં ક્ષેત્રસ્વભાવ જનિત અશુભ પુદ્ગલપરિણામથી નારકીઓને જે દુઃખ થાય છે તેમાં ક્ષેત્રસ્વભાવ જનિત શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસાદિ પુદ્ગલપરિણામ છે. શીત ઉષ્ણ=નારકીઓના શીત-ઉષ્ણ પરિણામ વ્યાખ્યાન કરાયા, ક્ષુધા-પિપાસાને અમે કહીએ છીએ, અનુપરત શુષ્ક ઇંધનના ગ્રહણવાળા એવા અગ્નિ વડે દહ્યમાન શરીરવાળા જીવોની જેમ તીક્ષ્ણ વિસ્તાર પામતી ક્ષુધારૂપ અગ્નિ વડે દહ્યમાન શરીરવાળા નારકીના જીવો સતત આહારગ્રહણ વડે તે સર્વ પુદ્ગલોને ખાય અને તીવ્ર નિત્ય અનુપરત એવી પિપાસા વડે શુષ્ક કંઠ, ઓષ્ઠ, તાલુ અને જિહ્વાવાળા સર્વ સમુદ્રના પાણીને પણ પીવે છતાં તૃપ્તિને પામે નહિ અને એઓની=નારકીના જીવોની, તે ક્ષુધા-તૃષ્ણા વૃદ્ધિને પામે આ વગેરે પ્રકારની ક્ષેત્રપ્રત્યયવાળી નારકીઓને વેદના છે.**

❖ ભાષ્યમાં 'अनुसमयमाहारयन्ति' પાઠ છે. ત્યાં 'अनुसमयं आहारयन्' પાઠ જોઈએ, પાઠ ઉપલબ્ધ નથી પરંતુ તે પ્રમાણે અર્થ કરેલ છે.

સૂત્ર અનુસાર ભાષ્યમાં પ્રથમ પરસ્પર ઉદીરિત દુઃખો નરકમાં નારકીઓને છે તે બતાવ્યું. ત્યારપછી અર્થથી પ્રાપ્ત ક્ષેત્રસ્વભાવ જનિત અશુભ પુદ્ગલપરિણામને કારણે નારકીઓને દુઃખ છે તેમ બતાવીને ક્ષેત્ર સ્વભાવ જનિત કયાં દુઃખો છે ? તેની સ્પષ્ટતા કરી. હવે નારકીને પરસ્પર ઉદીરિત દુઃખો કયાં છે ? તે બતાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે –

**વળી કહેવાયું ભવપ્રત્યય અવધિજ્ઞાન નારકો અને દેવોને છે. તેથી નારકનું અવધિજ્ઞાન અશુભહેતુક મિથ્યાદર્શનના યોગથી વિભંગજ્ઞાન થાય છે. વળી ભાવદોષના ઉપઘાતને કારણે તેઓને=નારકીઓને, દુઃખનું કારણ જ થાય છે=વિભંગજ્ઞાન દુઃખનું કારણ જ થાય છે. તેના વડે જ=વિભંગજ્ઞાન વડે જ, તેઓ=નારકીના જીવો, સર્વથી=ચારે દિશામાંથી, તિર્યગ્, ઊર્ધ્વ અને અધઃ દૂરથી સતત દુઃખ હેતુને જુએ છે અને જે પ્રમાણે કાગડા-ઘુવડ વચ્ચે અને સાપ-નોળિયા વચ્ચે ઉત્પત્તિથી જ= જન્મથી જ, બદ્ધવૈર છે તે પ્રમાણે પરસ્પર પ્રત્યે નારકોને બદ્ધવૈર છે. અથવા અપૂર્વ એવા કૂતરાને જોઈને**

**કૂતરાઓ નિર્દય ક્રોધ કરે છે અને અન્યોન્ય પ્રહાર કરે છે તે પ્રમાણે નારકીઓને અવધિના વિષય વડે દૂરથી જ અન્યોન્યને જોઈને તીવ્રઅનુશયવાળો ખરાબ અંતવાળો ભવનો હેતુ ક્રોધ થાય છે તેથી=તે ક્રોધ ખરાબ અંતવાળો ભવનો હેતુ છે તેથી, પૂર્વમાં જ દુઃખના સમુદ્ઘાતથી આર્ત એવા નારકીના જીવો ક્રોધની અગ્નિથી દીપ્ત થયેલા મનવાળા=અન્ય નારકીઓ પ્રત્યે અત્યંત ક્રોધિત થયેલા મનવાળા, અતાર્કિક એવા કૂતરાની જેમ સમુદ્ધત વૈક્રિય ભયાનક રૂપને કરીને ત્યાં જ પૃથ્વીના પરિણામથી થયેલા=ક્ષેત્ર અનુભાવથી થયેલા, અયઃશૂલ, શિલા, મુશલ, મુદ્‌ગર, કુંત, તોમર, અસિ, પટ્ટિશ, શક્તિ, યોધન, ખડ્ગ, લાકડી, પરશુ, ભિણ્ડિમાલાદિ આયુધોને ગ્રહણ કરીને કર, ચરણ અને દાંતો વડે કરીને અન્યોન્યને હણે છે. તેથી પરસ્પર અભિહત થયેલા વિકૃત અંગવાળા, વિસ્તાર કરાતા એવી ગાઢ વેદનાવાળા, કતલખાનામાં પ્રવિષ્ટ જાણે પાડા, શુકર, ઉરભની જેમ બૂમો પાડતા, રુધિરકર્દમમાં પણ ચેષ્ટા કરે છે. આ વગેરે પરસ્પર ઉદીરિત દુઃખો નરકમાં નારકીઓને થાય છે. ॥૩/૪॥**

**ભાવાર્થ :-**

નારકીઓ પરસ્પર એકબીજાને દુઃખની ઉદીરણા કરનારા છે અર્થાત્ પોતાનાથી અન્ય નારકીઓને દુઃખ ઉત્પન્ન કરવાને અનુકૂળ યત્ન કરનારા છે. આ પ્રકારે સૂત્રથી પ્રાપ્ત અર્થને બતાવ્યા પછી ભાષ્યકારશ્રી કહે છે –

ક્ષેત્રસ્વભાવ જનિત અશુભ પુદ્‌ગલના પરિણામથી તેઓને દુઃખો થાય છે એ પ્રકારનો અર્થ, અર્થથી પ્રાપ્ત થાય છે.

વળી ક્ષેત્રસ્વભાવ જનિત પુદ્‌ગલના પરિણામથી થનારું નારકીઓનું દુઃખ ઘણા પ્રકારનું છે તેમાંથી શીત અને ઉષ્ણ પુદ્‌ગલના પરિણામથી થનારું દુઃખ ભાષ્યકારશ્રીએ પૂર્વમાં વર્ણન કર્યું. તેની સ્મૃતિ કરાવીને હવે ક્ષેત્રપરિણામથી જનિત ક્ષુધાના અને પિપાસાના દુઃખને નારકીઓ કઈ રીતે વેદન કરે છે ? તે બતાવે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે નારકી જે ક્ષેત્રમાં રહેલા છે તે ક્ષેત્ર સ્વભાવથી જ એવું છે કે ત્યાંના પુદ્‌ગલો નારકીઓને શીતવેદના કરે એવા શીત પરિણામવાળા હોય. કેટલીક નારકીઓમાં ક્ષેત્રના સ્વભાવને કારણે ત્યાંના પુદ્‌ગલો કેવલ ઉષ્ણ સ્વભાવવાળા છે, તેથી તે નારકીના જીવોને ઉષ્ણવેદના કરે તે રીતે કેટલીક નારકીમાં ક્ષેત્રના સ્વભાવને કારણે નારકીઓને જે શરીર પ્રાપ્ત થયું છે તેના પુદ્‌ગલોનો એવો સ્વભાવ છે કે તે નારકીના જીવોને ઉત્કટ ક્ષુધા અને ઉત્કટ પિપાસાદિ દુઃખો સદા વર્તે.

નારકીના જીવોને વર્તતી ઉત્કટ ક્ષુધા કેવા પ્રકારની હોય છે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

અગ્નિ ઉત્પન્ન થયેલો હોય તેમાં શુષ્ક પાંદડાં આદિનો સમૂહ સતત નાંખવામાં આવે, જેનાથી તે અગ્નિ અતિ તીવ્ર બનેલો હોય તે અગ્નિથી કોઈનું શરીર બળતું હોય તેની જેમ તીક્ષ્ણ વિસ્તાર પામતા ક્ષુધારૂપી અગ્નિથી નારકીઓના જીવોનું શરીર સતત બળે છે, જેના કારણે પ્રતિસમય આહાર દ્વારા જગતવર્તી સર્વ પુદ્‌ગલોને ખાય તેવો સંયોગ મળે તોપણ તેઓને તૃપ્તિ થઈ શકે નહીં. આશય એ છે કે જગતવર્તી જે કોઈ પુદ્‌ગલો છે તે સર્વ જો આહારપરિણામરૂપે પરિણમન પામે અને નારકીનો જીવ તે સર્વનું ભક્ષણ કરી જાય

તોપણ તેની ક્ષુધા શાંત થાય તેવી નથી તેવી ઉત્કટ ક્ષુધા નારકીના જીવોને સતત વર્તે છે. તેથી ક્ષુધાથી તેઓ સદા દુઃખી છે.

આ જ રીતે તેઓને પિપાસા પણ ઉત્કટ હોય છે તેથી સતત તેઓનો કંઠ સુકાય છે, હોઠ સુકાય છે, તાલુ સુકાય છે, જિહ્વા સુકાય છે. તે તૃષા પણ તે પ્રકારની ઉત્કટ છે કે સર્વ સમુદ્રના પાણીને કોઈ નારકીનો જીવ પી જાય તોપણ તે તૃષા શાંત થાય નહીં તેવી ઉત્કટ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે નારકીના ક્ષેત્રને કારણે તેના શરીરના પુદ્ગલો તેવા પ્રકારના છે જેથી તે પ્રકારની ઉત્કટ ક્ષુધા-તૃષા નારકીના જીવોને સતત વર્તે છે જેને સમાવવાની કોઈ સામગ્રી પ્રાપ્ત ન થવાથી તેઓ ક્ષુધા-તૃષાનાં દુઃખોથી સતત પીડાય છે.

હવે ભાષ્યકારશ્રી પ્રથમ ક્ષેત્રસ્વભાવ જનિત પુદ્ગલના પરિણામથી થનારાં દુઃખોનું વર્ણન કર્યા પછી પરસ્પર ઉદીરિત દુઃખોનું વર્ણન કરે છે –

નારકીના જીવોને ભવપ્રત્યય જ અવધિજ્ઞાન હોય છે. નારકીઓનું અવધિજ્ઞાન દેવોની જેમ શુભભવહેતુક નથી પરંતુ અશુભભવહેતુક છે, તેમાં મિથ્યાદર્શનનો યોગ હોવાથી તે વિભંગજ્ઞાનરૂપ થાય છે. વળી નારકીના જીવોમાં મિથ્યાત્વદોષરૂપ ભાવદોષથી પ્રાપ્ત ઉપઘાતને કારણે તેઓને પ્રાપ્ત થયેલું વિભંગજ્ઞાન પણ દુઃખનું કારણ જ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઘણા જીવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે તોપણ તે શુભભવ હેતુક હોય છે તેથી કેટલાક જીવોને મિથ્યાદર્શનનો યોગ હોય તો વિભંગજ્ઞાન બને, છતાં તેઓનું અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન દુઃખનું જ કારણ બને તેવો નિયમ નથી. આથી કેટલાક દેવો અવધિજ્ઞાનના બળથી ઘણા પ્રકારના સુખનું વેદન કરે છે અને કેટલાક દેવોને મિથ્યાદર્શનના યોગને કારણે વિભંગજ્ઞાન હોય તોપણ ઉચિત સામગ્રી પામીને તે વિભંગજ્ઞાનના બળથી સમ્યક્ત્વ પામે છે; જ્યારે નારકીના જીવોને મિથ્યાત્વને કારણે જે વિભંગજ્ઞાન છે તે પણ દુઃખનું જ કારણ બને છે અને ક્વચિત્ કોઈ સમ્યક્ત્વને પામેલા હોય તોપણ પ્રાયઃ કરીને તેનાથી નારકીના ભવને કારણે અશુભલેશ્યા હોવાથી તેઓનું અવધિજ્ઞાન પણ પ્રાયઃ દુઃખનું કારણ બને છે. જેથી તે વિભંગજ્ઞાનના કે અવધિજ્ઞાનના બળથી ચારે બાજુથી આવતાં દુઃખોને સતત જોઈને દુઃખી જ થાય છે. જેમ સંસારી જીવોને પણ વર્તમાનમાં કોઈ દુઃખ ન હોય પરંતુ નજીકમાં કોઈ દુઃખની પ્રાપ્તિ થવાના સંયોગ દેખાતા હોય તો તે દુઃખની પ્રાપ્તિના નામથી પણ તેઓ દુઃખી થાય છે તેમ નારકીના જીવોને વિભંગજ્ઞાનના કે અવધિજ્ઞાનના બળથી પ્રાપ્ત થનારાં દુઃખો જોઈને વિશેષ દુઃખ થાય છે.

વળી જે પ્રમાણે કાગડા અને ઘુવડને પરસ્પર બદ્ધવૈર હોય છે અથવા સાપ અને નોળિયાને પરસ્પર બદ્ધવૈર હોય છે તે પ્રમાણે નારકીના જીવોને પરસ્પર બદ્ધવૈરભાવ હોય છે. તેથી તે નારકીના જીવો પોતે અનેક પ્રકારના દુઃખથી પીડાતા હોવા છતાં બીજા નારકીઓને વિભંગજ્ઞાનથી જોઈને તેઓના પ્રત્યે અત્યંત ક્રોધિત થાય છે અને નિર્દય થઈને અત્યંત પ્રહાર કરે છે. વળી તે નારકીના જીવો અવધિનો વિષય હોવાથી દૂરથી જ અન્યોન્યને જોઈને ક્રોધવાળા થાય છે અને તીવ્ર દ્વેષવાળા થાય છે. તેથી તેઓનું અવધિજ્ઞાન દુરંત એવા સંસારનો હેતુ છે.

નારકીના જીવો પૂર્વમાં અતિ દુઃખને કારણે દુઃખના સમુદ્ઘાતથી આર્ત હોય છે અને ક્રોધરૂપી અગ્નિથી પ્રદીપ્ત મનવાળા હોવાથી અધિક દુઃખી થાય છે. જેમ કૂતરો બીજા કૂતરાને જોઈને તેને મારવા દોડે છે તેમ નવાં નવાં વૈક્રિયશરીર કરીને નારકીઓ પોતાનું ભયાનકરૂપ કરીને ત્યાં રહેલા પૃથ્વીના પરિણામરૂપ જ ક્ષેત્રના સ્વભાવથી જનિત એવા અનેક પ્રકારના શસ્ત્રોને ગ્રહણ કરીને પોતાના હાથ, પગ કે દાંતથી અન્યોન્યને હણે છે. તેથી પરસ્પર હણાયેલા વિકૃત અંગવાળા, વિસ્તાર પામતી ગાઢ વેદનાવાળા, કસાઈખાનામાં પ્રવેશેલા પશુની જેમ પોતાના શરીરમાંથી નીકળતા રુધિરના કાદવમાં પડ્યા પડ્યા ચીસો પાડે છે. આ પ્રકારે નારકીના જીવોને પરસ્પર અનેક પ્રકારનાં દુઃખોની પ્રાપ્તિ છે.

અહીં વિશેષ એ છે કે સૂત્ર-૩માં નારકીના જીવોની નિત્ય અશુભ કઈ કઈ વસ્તુ છે ? તે બતાવી તેમાં અશુભતર વેદના કેવા પ્રકારની છે ? તે બતાવેલ છે. આ અશુભ વેદના ક્ષેત્રના સ્વભાવથી થનારી છે, છતાં તે અશુભતર વેદના નારકીઓને ક્ષેત્રના સ્વભાવથી થયેલ છે તેમ સૂત્ર-૩ના ભાષ્યમાં બતાવેલ નહીં, પરંતુ અન્ય અશુભતર ભાવો છે તેમ અશુભતર વેદના તેઓને હોય છે તેટલું જ બતાવેલ. વળી, નારકોને ત્રણ પ્રકારનાં દુઃખો છે : (૧) પરસ્પર ઉદીરિત દુઃખો, (૨) ક્ષેત્રસ્વભાવ જનિત દુઃખો અને (૩) પરમાધામીથી ઉદીરિત દુઃખો. આ ત્રણ પ્રકારનાં દુઃખોને બતાવવા અર્થે ત્રણ સૂત્રો કરવાને બદલે લાઘવપ્રિય એવા સૂત્રકારશ્રી બે સૂત્રોથી તેને બતાવે છે અને તે બતાવવા અર્થે પ્રથમ સૂત્રમાં પરસ્પર ઉદીરિત દુઃખો બતાવ્યાં અને ક્ષેત્ર સ્વભાવ જનિત પુદ્ગલના પરિણામથી તેઓને કઈ કઈ વેદના છે ? તે ભાષ્યમાં બતાવીને ત્યારપછી પરસ્પર ઉદીરિત દુઃખો બતાવ્યાં, જેના કારણે ક્ષેત્રસ્વભાવ જનિત દુઃખો અશુભતર વેદના સાથે સંબંધિત છે તેવું પણ પ્રતિસંધાન થાય અને નારકીને ત્રણ પ્રકારનાં દુઃખો છે તેનું પ્રતિસંધાન બે સૂત્રોથી થાય તેવો યત્ન ગ્રંથકારશ્રીએ કર્યો છે. ॥૩/૪॥

**અવતરણિકા :-**

**હવે પરમાધામીદેવકૃત દુઃખો નારકીને કેવા હોય છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ।।३/५।।**

**સૂત્રાર્થ :-**

**સંક્લિષ્ટ અસુરોથી ઉદીરિત દુઃખો=સંક્લિષ્ટ એવા પરમાધામી દેવોથી ઉદયને પ્રાપ્ત કરાયેલાં દુઃખો, ચોથી નારકીથી પૂર્વ સુધી છે=ત્રીજી નારક સુધી છે. ॥૩/૫॥**

**ભાષ્ય :-**

**सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च नारका भवन्तीति, तिसृषु भूमिषु प्राक् चतुर्थ्याः । तद्यथा— अम्बाम्बरीषश्यामशबलरुद्रोपरुद्रकालमहाकालास्यसिपत्रवनकुम्भीवालुकावैतरणीखरस्वरमहाघोषाः**

पञ्चदश परमाधार्मिका मिथ्यादृष्टयः पूर्वजन्मसु सङ्क्लिष्टकर्माणः पापाभिरतय आसुरीं गतिमनुप्राप्ताः कर्मक्लेशजा एते ताच्छील्यान्नारकाणां वेदनाः समुदीरयन्ति विचित्राभिरुपपत्तिभिः । तद्यथा– तप्तायोरसपायननिष्टप्तायःस्तम्भालिङ्गनकूटशाल्मल्यग्रारोपणावतारणायोघनाभिघातवासीक्षुरतक्षणक्षारतप्ततैलाभिषेचनायःकुम्भपाकाम्बरीषभर्जनयन्त्रपीडनायःशूलशलाकाभेदनक्रकचपाटनाङ्गारदहनवाहनसूचीशाड्वलापकर्षणैः तथा सिंहव्याघ्रद्वीपिश्वशृगालवृककोकमार्जारनकुलसर्पवायसगृध्रकाकोलूकश्येनादिखादनैस्तथा तप्तवालुकावतरणासिपत्रवनप्रवेशनवैतरण्यवतारणपरस्परयोधनादिभिरिति ।

स्यादेतत्-किमर्थं त एवं कुर्वन्तीति, अत्रोच्यते, पापकर्माभिरतय इत्युक्तं, तद्यथा – गोवृषभमहिषवराहमेषकुक्कुटवार्तकलावकान्मुष्टिमल्लांश्च युध्यमानान् परस्परं चाभिघ्नतः पश्यतां रागद्वेषाभिभूतानां अकुशलानुबन्धिपुण्यानां नराणां परा प्रीतिरुत्पद्यते, तथा तेषामसुराणां नारकाँस्तथा तानि कारयतामन्योऽन्यं घ्नतश्च पश्यतां परा प्रीतिरुत्पद्यते, ते हि दुष्टकन्दर्पास्तथाभूतान् दृष्ट्वाऽट्टहासं मुञ्चन्ति, चेलोत्क्षेपाक्ष्वेडितास्फोटितावल्लितततलतालनिपातांश्च कुर्वन्ति, महतश्च सिंहनादान् नदन्ति तच्च तेषां सत्यपि देवत्वे सत्सु च कामिकेष्वन्येषु प्रीतिकारणेषु मायानिदानमिथ्यादर्शनशल्यतीव्रकषायोपहतस्यानालोचितभावदोषस्याप्रत्यवकर्षस्याकुशलानुबन्धिपुण्यकर्मणो बालतपसश्च भावदोषानुकर्षिणः फलं, यत्सत्स्वप्यन्येषु प्रीतिहेतुष्वशुभभावा एव प्रीतिहेतवः समुत्पद्यन्ते, इत्येवमप्रीतिकरं निरन्तरं सुतीव्रं दुःखमनुभवतां मरणमपि काङ्क्षतां तेषां न विपत्तिरकाले विद्यते, कर्मनिर्धारितायुषाम्, उक्तं हि–'औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः' (अ० २, सू० ५३) इति, नैव तत्र शरणं विद्यते, नाप्यपक्रमणम्, ततः कर्मवशादेव दग्धपाटितभिन्नच्छिन्नक्षतानि च तेषां सद्य एव संरोहन्ति शरीराणि दण्डराजिरिवाम्भसि, एवमेतानि त्रिविधानि दुःखानि नरकेषु नारकाणां भवन्तीति ।।३/५।।

ભાષ્યાર્થ :-

सङ्क्लिष्टासुरोदीरितदुःखा च ..... भवन्तीति ।। સંક્લિષ્ટ એવા પરમાધામી દેવોથી ઉદયને પ્રાપ્ત કરાયેલાં દુઃખોવાળા નારકીઓ હોય છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે.

કઈ નરક સુધી દેવોકૃત દુઃખો છે ? તેથી કહે છે –

ચોથી નારકથી પૂર્વે ત્રણ નારક સુધી પરમાધામીકૃત દુઃખો હોય છે.

તે આ પ્રમાણે=તે પરમાધામી દેવો આ પ્રમાણે છે – અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર,

કાલ, મહાકાલ, અસિ, અસિપત્રવન, કુમ્ભી, વાલુકા, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ. પંદર પરમાધામી મિથ્યાદૃષ્ટિ પૂર્વજન્મમાં સંક્લિષ્ટ કર્મવાળા, પાપમાં અભિરતિવાળા, આસુરી ગતિને અનુપ્રાપ્ત કર્મક્લેશથી ઉત્પન્ન થયેલા, આ=પંદર પરમાધામી, તત્સ્વભાવપણાથી=બીજાને પીડા કરવાના સ્વભાવપણાથી, વિચિત્ર એવી ઉપપત્તિ દ્વારા નારકીના જીવોને વેદના ઉત્પન્ન કરે છે.

તે આ પ્રમાણે – તપ્ત અયોરસનું પાન, અત્યંત તપાવાયેલા લોઢાના સ્થંભનું આલિંગન, કુટશાલ્મલિના અગ્ર (ભાગ) ઉપર આરોપણ, અવતારણ, અયોઘનથી અભિઘાત, વાસીક્ષુરતક્ષણ= રંધાથી શરીરને છોલીને ક્ષાર તૈલનું અભિષેચન, લોઢાના કુંભમાં પકાવવું, અંબરીષ ભર્જન=કડાઈમાં શેકવું, યંત્રનું પીડન, લોઢાની શૂલ-શલાકાથી ભેદન, કરવતથી પાટન, અંગારથી દહન, વાહન=વહન કરાવે, સૂચિ શાડ્વલના અપકર્ષણરૂપ=સોય જેવા ઘાસવિશેષથી અપકર્ષણરૂપ, વિચિત્ર ઉપપત્તિ વડે પરમાધામી જીવો નારકીને વેદના ઉત્પન્ન કરે છે એમ પૂર્વ સાથે અન્વય છે. અને સિંહ, વાઘ, દીપડા, કૂતરા, શૃગાલ, વરુ, કોક=કાંચિડો, માર્જાર=બિલાડા, નોળિયો, સર્પ, કાગડો, ગીધ, ઘુવડ, બાજ આદિના ખાદનરૂપ વિચિત્ર ઉપપત્તિ વડે પરમાધામી નારકીઓને વેદના ઉત્પન્ન કરે છે. અને તપ્તવાલુકામાં અવતરણ, અસિપત્રના વનમાં પ્રવેશ, વૈતરણી નદીમાં અવતારણ, પરસ્પરના યોધન આદિરૂપ વિચિત્ર ઉપપત્તિ વડે પરમાધામી નારકીઓને વેદના ઉત્પન્ન કરે છે.

'इति' શબ્દ પરમાધામી દ્વારા ઉત્પન્ન કરાયેલી વેદનાઓની સમાપ્તિ માટે છે.

આ પ્રમાણે શંકા થાય – કયાં કારણથી તેઓ=પરમાધામી દેવો, આ પ્રમાણે કરે છે ?=આ પ્રમાણે નારકીઓને વેદના કરે છે ?

'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.

આમાં=પૂર્વમાં કરાયેલી શંકામાં, ઉત્તર અપાય છે – પાપકર્મની અભિરતિવાળા છે=પરમાધામી પાપકર્મમાં આનંદ લેવાના સ્વભાવવાળા છે, એ પ્રમાણે કહેવાયું છે. તે આ પ્રમાણે – ગાય, બળદ, પાડા, વરાહ, બકરા, કૂકડા, વાર્તક નામનું પક્ષી, લાવક નામના પક્ષી અને મુષ્ટિમલ્લોને યુદ્ધ કરાવનારા અને પરસ્પર હણતા તેઓને જોતાં, રાગદ્વેષથી અભિભૂત, અકુશલાનુબંધી પુણ્યવાળા મનુષ્યોને પરા પ્રીતિ થાય છે તે રીતે તે અસુરોને=પરમાધામી દેવતાઓને, નારકોને તે પ્રકારે તે કૃત્યો કરાવતાં અને અન્યોને હણતાં જોતા પરા પ્રીતિ ઉત્પન્ન થાય છે. हि=જે કારણથી, દુષ્ટ કંદર્પવાળા તેઓ તેવા પ્રકારના નારકીઓને જોઈને અટ્ટહાસ્યને મૂકે છે. વસ્ત્રના ઉત્ક્ષેપ, અક્ષ્વેડિત, આસ્ફોટિત, વલ્લિત, તલ ઉપર તાલના નિપાતનને કરે છે અર્થાત્ નારકીઓની પીડાને જોઈને તે તે પ્રકારે હર્ષની અભિવ્યક્તિ કરનારા તે તે કૃત્યોને કરે છે અને મહાન્ સિંહનાદોને કરે છે અને તેઓના ભાવદોષના અનુકર્ષણનું તે ફ્લ છે એમ આગળ સાથે અન્વય છે.

તેઓનું દેવપણું વિદ્યમાન હોવા છતાં પણ અને પ્રીતિનાં કારણો એવા કામનાના અન્ય પદાર્થો વિદ્યમાન હોવા છતાં પણ, માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્યથી ઉત્પન્ન થયેલા તીવ્ર

**કષાયથી ઉપહત બુદ્ધિવાળા, અનાલોચિત ભાવદોષવાળા, અપ્રત્યવકર્ષ એવા અકુશલાનુબંધી પુણ્યકર્મવાળા=પાપથી પાછા ન ફેરવે એવા અકુશલાનુબંધી પુણ્યકર્મવાળા, અને બાળતપસ્વીના ભાવદોષના અનુકર્ષણનું ફળ છે, જેથી વિદ્યમાન પણ અન્ય પ્રીતિના હેતુ હોતે છતે અશુભભાવો જ પ્રીતિના હેતુ થાય છે.**

**આ પ્રકારે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, અપ્રીતિકર નિરંતર સુતીવ્ર દુઃખને અનુભવતાં, મરણને પણ ઈચ્છતા, કર્મ નિર્ધારિત આયુષ્યવાળા, તેઓને=નારકીઓને, અકાળમાં વિપત્તિ=અકાળે મૃત્યુ, વિદ્યમાન નથી. જે કારણથી કહેવાયું છે –** "ઔપપાતિક, ચરમદેહવાળા, ઉત્તમપુરુષ, અસંખ્યાત વર્ષવાળાનું અનપવર્ત્ય=અનપવર્ત્ય આયુષ્ય, છે" **(અધ્યાય-૨, સૂત્ર-૫૩) ત્યાં=નરકમાં, શરણ વિદ્યમાન નથી જ. વળી અપક્રમણ નથી=નારક ભવમાંથી અન્ય સ્થાનમાં ગમન શક્ય નથી. તેથી કર્મના વશથી જ દગ્ધ, પાટિત, ભિન્ન, છિન્ન ક્ષતોવાળાં શરીરો=નારકોનાં શરીરો, તરત જ સંરોહણ પામે છે.**

નારકોનાં શરીરો કોની જેમ સંરોહણને પામે છે ? તેથી કહે છે –

**જેમ પાણીમાં દંડથી કરાયેલી રેખા તરત જ વિલીન થાય છે. આ રીતે=અત્યાર સુધી વર્ણન કરાયું તે રીતે, આ ત્રણ પ્રકારનાં દુઃખો નરકમાં નારકીના જીવોને થાય છે. ॥૩/૫॥**

**ભાવાર્થ :-**

ત્રણ નરક સુધી સંક્લિષ્ટ એવા દેવતાઓથી ઉત્પન્ન કરાયેલાં દુઃખો નારકીના જીવોને હોય છે. અહીં ભાષ્યકારશ્રી પ્રથમ અંબ વગેરે પંદર પરમાધામીના નામો બતાવે છે, જે પરમાધામી દેવતાઓ મિથ્યાદૃષ્ટિ છે, પૂર્વજન્મમાં સંક્લિષ્ટ કર્મો કરીને આવેલા છે અને પાપની અભિરતિવાળા આસુરી ગતિને પામેલા છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભૂતકાળમાં કોઈક ખરાબ કર્મો કર્યાં છે જેથી દેવભવમાં પણ જેઓની વિપર્યાસ બુદ્ધિ સ્થિર છે અને પાપપ્રવૃત્તિઓમાં જ જેમને આનંદ આવે છે તેવા ખરાબ દેવભવને પામેલા પરમાધામી દેવતાઓ છે. કર્મોના ક્લેશથી ઉત્પન્ન થયેલા એવા પરમાધામીઓ બીજાને પીડા આપવાના સ્વભાવવાળા હોવાથી નારકીઓને અનેક પ્રકારની વેદના આપે છે.

કેવા કેવા પ્રકારની વેદના પરમાધામી દેવો નારકજીવોને ઉપજાવે છે ? તે બતાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે –

તપાવેલું સીસું પીવડાવવા વગેરે અનેક પ્રકારની પીડાઓ વડે તેઓ નારકીઓને વેદના ઉત્પન્ન કરે છે. વળી તપાવેલી રેતીમાં તેઓને અવતરણાદિ કરવા દ્વારા અનેક પ્રકારની વેદના કરે છે.

અહીં પ્રશ્ન થાય કે તે પરમાધામી દેવો આ પ્રકારે કેમ કરે છે ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

તેઓને પાપકૃત્યોમાં જ આનંદ આવે છે. જેમ અહીં પણ કેટલાક અકુશલાનુબંધી પુણ્યવાળા મનુષ્યોને ગાયાદિ પશુઓને પરસ્પર યુદ્ધ કરાવીને તેઓની થતી પીડામાં જ પ્રીતિ ઉત્પન્ન થાય છે તેમ પરમાધામી એવા દેવોને તે તે પ્રકારની નારકોને વેદના કરવાથી અને પરસ્પર એકબીજાને મારતા જોવાથી અત્યંત પ્રીતિ ઉત્પન્ન થાય છે.

કેમ તેઓને તેમાં અત્યંત પ્રીતિ થાય છે ? તેથી કહે છે –

પરમાધામી દેવો દુષ્ટ કાંદર્પિક ક્રીડાની પ્રવૃત્તિવાળા હોય છે તેથી નારકીઓને તે પ્રકારની પીડાવાળા જોઈને અટ્ટહાસ્ય મૂકે છે અને વસ્ત્રો ઉછાળવા આદિ અનેક પ્રકારે હર્ષની અભિવ્યક્તિની ચેષ્ટા કરે છે અને મોટા સિંહનાદો કરે છે. આ પ્રકારે પરમાધામી દેવોની પ્રકૃતિ હોવાથી તેઓ નારકીના જીવોને વેદના કરે છે.

અહીં પ્રશ્ન થાય કે તેઓને આ પ્રકારની પાપ કરવાની વૃત્તિ કેમ પ્રગટ થઈ ? એથી ભાષ્યકારશ્રી કહે છે –

દેવભવમાં તેઓને ઘણી ભોગની સામગ્રી હોવા છતાં પૂર્વભવમાં માયાશલ્યને, નિદાનશલ્યને અને મિથ્યાત્વશલ્યને સેવન કરેલ છે, તેથી તીવ્ર કષાયથી ઉપહત બુદ્ધિવાળા છે તેનું આ ફળ છે, જેથી તેઓને નારકીઓને પીડા કરીને આનંદ થાય છે. કેટલાક જીવોએ પૂર્વભવમાં ધર્મ કરતી વખતે જે દોષોનું સેવન કર્યું હોય તેની આલોચના ન કરવાના કારણે તેવા પ્રકારના ભાવદોષોની પ્રાપ્તિ થાય જેથી પરમાધામી થઈને નારકીઓને પીડા આપીને તેઓને આનંદની પ્રાપ્તિ થાય છે. વળી કેટલાક અનિવર્તનીય એવા અકુશલઅનુબંધી પુણ્યકર્મવાળા બાળતપસ્વીઓને તે પ્રકારના ભાવદોષની પ્રાપ્તિ થવાથી પરમાધામી બને છે તેના કારણે નારકીઓને પીડા આપીને તેઓને આનંદ આવે છે. આથી જ પ્રીતિના હેતુ એવા અન્ય ભાવો વિદ્યમાન હોવા છતાં તે પરમાધામી દેવોને અશુભભાવો જ પ્રીતિના હેતુ થાય છે.

આ રીતે પરમાધામી દેવો ત્રણ નરકમાં કેમ દુઃખોની ઉદીરણા કરે છે તેની સ્પષ્ટતા કરી. નરકના જીવો પરસ્પર ઉદીરિત દુઃખવાળા, ક્ષેત્ર સ્વભાવ જનિત અશુભ પુદ્ગલના પરિણામથી ઉદીરિત દુઃખવાળા અને પરમાધામીથી ઉદીરિત દુઃખવાળા છે. તેથી તેઓ અપ્રીતિને કરનાર નિરંતર સુતીવ્ર દુઃખને અનુભવે છે ફલતઃ સતત મરણની ઇચ્છા કરે છે. આમ છતાં તેઓને આયુષ્યની પૂર્ણાહુતિ પૂર્વે મૃત્યુ પ્રાપ્ત થતું નથી; કેમ કે તેઓને કર્મથી નિર્ધારિત આયુષ્યનો અવશ્ય ભોગ કરવો પડે છે.

કેમ તેમને મૃત્યુની પ્રાપ્તિ થઈ શકતી નથી ? તેમાં સાક્ષી આપતાં કહે છે –

અધ્યાય-૨, સૂત્ર-૫૩માં કહેવાયું છે કે ઔપપાતિક દેહવાળા વગેરે જીવોનું અનપવર્ત્ય આયુષ્ય છે. નારકી ઔપપાતિક દેહવાળા છે, તેથી તેઓના આયુષ્યનું અપવર્તન થઈ શકે તેમ નથી. માટે મૃત્યુની ઇચ્છા હોવા છતાં તેઓનું મૃત્યુ થતું નથી.

જેમ નારકીના જીવોને મૃત્યુ ઇચ્છવા છતાં મૃત્યુની પ્રાપ્તિ થતી નથી તેમ તેઓના દુઃખને દૂર કરવા માટે કોઈ શરણ પણ નથી. મનુષ્યપણામાં કોઈને દુઃખની પ્રાપ્તિ હોય તે વખતે તે દુઃખને દૂર કરવામાં અન્ય લોકો સહાયક થઈ શકે છે તેટલા અંશથી મનુષ્યગતિમાં શરણની પ્રાપ્તિ છે. વળી, પશુને પણ કોઈ મારતું હોય તો તેનું રક્ષણ કરનાર અહીં કોઈક હોઈ શકે છે, તેટલા અંશમાં તિર્યંચગતિમાં પણ શરણની પ્રાપ્તિ છે. આથી જ પોતાના બચ્ચાના રક્ષણ માટે તેની મા તેને શરણરૂપ બને છે, પરંતુ નરકમાં તેવા કોઈ પ્રકારના શરણની પ્રાપ્તિ નથી.

વળી મનુષ્યલોકમાં કોઈ પ્રકારનું દુઃખ આવી પડેલ હોય તો તેને દૂર કરવા કોઈ પ્રત્યુપાય થઈ શકે છે આથી જ્વાળા આદિ લાગેલ હોય તો તે જ્વાળાના દુઃખમાંથી બચવા માટે મનુષ્ય સ્થાનાંતરમાં જઈ શકે છે કે પશુ આદિ પણ તે જ્વાળાથી બચવા માટે સ્થાનાંતરમાં જઈ શકે છે. તે રીતે સ્થાનાંતરનું ઉપક્રમણ પણ નારકીમાં વિદ્યમાન નથી; કેમ કે નારકીનાં સર્વ સ્થાનો સદા ઉપદ્રવથી વ્યાપ્ત છે અને નારકીના જીવો તે નરકાવાસથી નીકળીને અન્ય સ્થાનમાં કોઈ રીતે જઈ શકે તેમ નથી. તેથી તેઓ માટે ક્ષેત્રાંતરનું ગમન પણ સંભવિત નથી.

કર્મને વશ જ દગ્ધ, પરમાધામીકૃત પાટિત છિન્ન-ભિન્ન-ક્ષતાદિવાળા તે રહે છે અને તેઓનાં તેવાં શરીરો શીઘ્રસંરોહ પામે છે, તેથી આ સર્વ યાતનાથી પણ તેઓનું મૃત્યુ થતું નથી.

અહીં પ્રશ્ન થાય કે અગ્નિમાં દગ્ધ એવું શરીર શીઘ્ર કેમ સંરોહ પામે છે ? તેથી ભાષ્યકારશ્રી દૃષ્ટાંત આપે છે –

પાણીમાં દંડને લઈને રેખા કરવામાં આવે તો તે પાણીમાં દંડથી થયેલી રેખા શીઘ્ર પુરાઈ જાય છે તેવી તેઓના દેહની સ્થિતિ છે. એથી જેમ મનુષ્યલોકમાં કોઈ મનુષ્યને કે પશુને આ પ્રકારે અગ્નિ આદિથી બાળવામાં આવે કે છેદવામાં આવે તો તેઓ શીઘ્ર મૃત્યુ પામે છે. આવા મૃત્યુની પ્રાપ્તિ નારકોને થતી નથી; પરંતુ ફરી શરીર જીવને ટકાવવા સમર્થ થાય તેવું અવસ્થિત રહે છે, ફક્ત તે છેદન ભેદનની ક્રિયાના દુઃખને તેઓ વેદન કરે છે.

આ રીતે ત્રણ પ્રકારનાં દુઃખો=પરસ્પર ઉદીરિત, ક્ષેત્રજન્ય અને પરમાધામીકૃત દુઃખો, નરકમાં નારકીઓને વર્તે છે. ॥૩/૫॥

**અવતરણિકા :-**

**નરકાવાસમાં નારકીઓ હોય છે અને નારકીઓને નિત્ય અશુભતરલેશ્યાદિ હોય છે તે પૂર્વમાં બતાવ્યું. ત્યારપછી નારકીઓને ત્રણ પ્રકારનાં દુઃખો હોય છે, તે બતાવ્યું. ભાષ્યમાં કહ્યું કે નારકીને આયુષ્ય અનપવર્તનીય હોવાથી તેઓ ઇચ્છવા છતાં પણ મૃત્યુ પામી શકતા નથી. તેથી હવે તે સાત નારકોમાં કોને કેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે ? તે બતાવવા માટે કહે છે –**

**સૂત્ર :-**

**तेष्वेकत्रिसप्तदशसप्तदशद्वाविंशतित्रयस्त्रिंशत् सागरोपमाः सत्त्वानां परा स्थितिः ।।३/६।।**

**સૂત્રાર્થ :-**

**તે નરકોમાં એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ અને તેત્રીશ સાગરોપમ જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ છે=નરકના ક્રમ અનુસાર ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૩/૬।।**

ભાષ્ય :-

**तेषु नरकेषु नारकाणां पराः स्थितयो भवन्ति । तद्यथा—रत्नप्रभायामेकं सागरोपमम्, एवं त्रिसागरोपमा, सप्तसागरोपमा, दशसागरोपमा, सप्तदशसागरोपमा, द्वाविंशतिसागरोपमा, त्रयस्त्रिंशत्सागरोपमा इति । जघन्या तु पुरस्ताद् वक्ष्यते —** 'नारकाणां च द्वितीयादिषु', 'दश वर्षसहस्राणि प्रथमायाम्' **(अ० ४, सू० ४३-४४) इति ।**

**तत्रास्रवैः यथोक्तैर्नारकसंवर्तनीयैः कर्मभिरसंज्ञिनः प्रथमायामुत्पद्यन्ते, सरीसृपा द्वयोरादितः प्रथमद्वितीययोः, एवं पक्षिणस्तिसृषु, सिंहाः चतसृषु, उरगाः पञ्चसु, स्त्रियः षट्सु, मत्स्यमनुष्याः सप्तस्विति न तु देवा नारका वा नरकेषूपपत्तिमाप्नुवन्ति, न हि तेषां** बह्वारम्भपरिग्रहादयो नरकगतिनिर्वर्तका हेतवः सन्ति **(अ० ६, सू० १६)** नाप्युद्वर्त्य नारका देवेषूत्पद्यन्ते, न ह्येषां सरागसंयमादयो देवगतिनिर्वर्तका हेतवः सन्ति **(अ० ६, सू० २०), उद्वृत्तास्तु तिर्यग्योनौ मनुष्येषु वा उत्प-द्यन्ते, मनुष्यत्वं च प्राप्य केचित् तीर्थकरत्वमपि प्राप्नुयुरादितस्तिसृभ्यः, निर्वाणं चतसृभ्यः, संयमं पञ्चभ्यः, संयमासंयमं षड्भ्यः, सम्यग्दर्शनं सप्तभ्योऽपीति ।**

**द्वीपसमुद्रपर्वतह्रदतडागनदीसरांसि वा ग्रामनगरपत्तनादयो विनिवेशा बादरो वनस्पतिकायो वृक्षतृणगुल्मादिः द्वीन्द्रियादयस्तिर्यग्योनिजा मनुष्या देवाश्चतुर्निकाया अपि न सन्ति, अन्यत्र समुद्घातोपपातविक्रियासाङ्गतिकनरकपालेभ्यः, उपपाततस्तु देवा रत्नप्रभायामेव सन्ति नान्यासु गतिस्तृतीयां यावत् ।**

**यच्च वायव आपो धारयन्ति न च विष्वग् गच्छन्ति आपश्च पृथिवीं धारयन्ति न च प्रस्पन्दन्ते, पृथिव्यश्चाप्सु विलयं न गच्छन्ति तत् तस्यानादिपारिणामिकस्य नित्यसन्ततेर्लोकविनिवेशस्य लोकस्थितिरेव हेतुर्भवति ।**

**अत्राह-उक्तं भवता —** 'लोकाकाशेऽवगाहः' **(अ० ५, सू० १२),** 'तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात्' **(अ० १०, सू० ५) इति, तत्र लोकः कः ? कतिविधो वा ? किंसंस्थितो वेति ?, अत्रोच्यते — पञ्चास्तिकायसमुदायो लोकः ते चास्तिकायाः स्वतत्त्वतो विधानतो लक्षणतश्चोक्ता वक्ष्यन्ते च, स च लोकः क्षेत्रविभागेन त्रिविधः-अधस्तिर्यगूर्ध्वं चेति, धर्माधर्मास्तिकायौ लोकव्यवस्थाहेतू, तयोरवगाहनविशेषाल्लोकानुभावनियमात् सुप्रतिष्ठकवज्राकृतिर्लोकः अधोलोको गोकन्धरार्धाकृतिः, उक्तं ह्येतद्—**'भूमयः सप्ताधोऽधः पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिताः' **(अ० ३, सू० १) इति, ता यथोक्ताः तिर्यग्लोको झल्लर्याकृतिः, ऊर्ध्वलोको मृदङ्गाकृतिरिति ।।३/६।।**

ભાષ્યાર્થ :-

तेषु ..... मृदङ्गाकृतिरिति ।। તે નરકોમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. તે આ પ્રમાણે – રત્નપ્રભામાં એક સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. એ રીતે ત્રણ સાગરોપમ, સાત સાગરોપમ, દશ સાગરોપમ, સત્તર સાગરોપમ, બાવીશ સાગરોપમ અને તેત્રીસ સાગરોપમ ઉત્તર ઉત્તરના નરકના નારકીઓની સ્થિતિ છે, એમ અન્વય છે. વળી, નારકોની જઘન્ય સ્થિતિ આગળમાં કહેવાશે. "નારકોની બીજી આદિ નરકોમાં (પૂર્વ પૂર્વ નારકની ઉત્કૃષ્ટ સ્થિતિ જઘન્ય બને છે) પ્રથમ નારકમાં દશ હજાર વર્ષ જઘન્યસ્થિતિ છે" એ પ્રમાણે અધ્યાય-૪, સૂત્ર-૪૩, ૪૪માં કહેવાશે.

ત્યાં=પૂર્વમાં જે સાત નરકની પૃથ્વી બતાવી તેમાં, નારક સંવર્તનીય એવા કર્મોરૂપ યથોક્ત આશ્રવો વડે=નરકના કારણરૂપે જે પ્રમાણે કહેવાયા છે તે પ્રકારના કર્મોરૂપ આશ્રવો વડે, અસંજ્ઞી જીવો પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે. સરીસૃપ=ભુજપરિસર્પ, આદિથી પ્રથમ દ્વિતીયરૂપ બે નારકીમાં ઉત્પન્ન થાય છે. એ જ પ્રકારે=ભુજપરિસર્પ જે રીતે આદિથી પ્રથમ દ્વિતીય બેમાં ઉત્પન્ન થાય છે તે જ રીતે, પક્ષીઓ આદિથી ત્રણ નારકીમાં ઉત્પન્ન થાય છે. સિંહો ચાર નારકીમાં ઉત્પન્ન થાય છે. ઉરપરિસર્પ આદિથી માંડીને પાંચ નારકમાં ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓ આદિથી માંડીને છ નારકીમાં ઉત્પન્ન થાય છે. મત્સ્ય અને મનુષ્યો આદિથી માંડીને સાત નારકમાં ઉત્પન્ન થાય છે.

'इति' શબ્દ સાત નારક સુધી ઉત્પત્તિની મર્યાદામાં છે.

વળી દેવો અને નારકીઓ નરકમાં ઉત્પત્તિને પ્રાપ્ત કરતા નથી.

કેમ દેવો અને નારકીઓ નરકમાં ઉત્પન્ન થતા નથી ? તેમાં યુક્તિ આપે છે –

તેઓને=દેવો અને નારકોને, બહુઆરંભ, પરિગ્રહાદિ નરકગતિના નિવર્તક હેતુઓ થતા જ નથી. વળી નારકો ઉદ્વર્તન પામીને દેવમાં ઉત્પન્ન થતા નથી.

કેમ નારકો દેવમાં ઉત્પન્ન થતા નથી ? તે સ્પષ્ટ કરે છે –

એઓને=નારકીઓને, સરાગસંયમાદિ દેવગતિના નિવર્તક હેતુઓ હોતા નથી જ. વળી ઉદ્વર્તન થયેલા=નરકમાંથી આયુષ્યક્ષયથી નીકળેલા, નારકો તિર્યંચયોનિમાં કે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે અને મનુષ્યપણું પામીને કેટલાક તીર્થંકરપણું પણ પ્રાપ્ત કરે છે.

કઈ નારકીમાંથી નીકળેલા તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે ? તેથી કહે છે –

આદિથી ત્રણ નારકીથી=પ્રથમ નારકીથી માંડીને ત્રણ નારકથી, નીકળેલા તીર્થંકરપણું પણ પ્રાપ્ત કરે છે, એમ અન્વય છે. પ્રથમની ચાર નારકોથી નીકળેલા નિર્વાણ પામે છે. પ્રથમની પાંચ નારકોથી નીકળેલા મનુષ્યભવને પામેલા સંયમને પામે છે. પ્રથમની છ નારકોથી નીકળેલા સંયમાસંયમરૂપ દેશવિરતિને પ્રાપ્ત કરે છે. સાતેય પણ નારકીથી નીકળેલા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

**દ્વીપ, સમુદ્ર, પર્વત, નદી, હ્રદ=મોટા જળાશયો, તળાવો, સરોવરો, ગામ, નગર, પત્તન આદિ વિનિવેશો, બાદર વનસ્પતિકાય, વૃક્ષ, તૃણ, ગુલ્માદિ, બેઇન્દ્રિયાદિ, તિર્યંચો, મનુષ્યો અને ચાર નિકાયના દેવો પણ નરકસ્થાનોમાં હોતા નથી, સિવાય કે સમુદ્ઘાતથી હોય છે, ઉપપાતથી નારકી હોય છે. વિક્રિયાથી=વૈક્રિયલબ્ધિથી, સંપન્ન એવા સાંગતિક=પૂર્વજન્મના મિત્રાદિ, તથા નરકપાલ એવા પરમાધામીને છોડીને ઉપરની સર્વ વસ્તુઓ નરકમાં હોતી નથી. વળી ઉપપાતથી દેવો રત્નપ્રભા-પૃથ્વીમાં જ હોય છે, અન્ય છ પૃથ્વીમાં હોતા નથી. ગતિ ત્રીજી સુધી હોય છે=નરકપાલ એવા પરમાધામીની ગતિ ત્રીજી નરક સુધી હોય છે.**

અત્યાર સુધી ભાષ્યકારશ્રીએ પ્રસ્તુત સૂત્રમાં જે કાંઈ વર્ણન કર્યું તે સર્વ લોકઅનુભાવથી છે. વળી, અન્ય વસ્તુ કઈ રીતે લોકઅનુભાવથી છે ? તે 'यच्च'થી સ્પષ્ટ કરે છે –

**જે કારણથી વાયુઓ=ઘનવાતરૂપ વાયુઓ પાણીને ધારણ કરે છે અને પૃથક્ જતું નથી=તેના ઉપર રહેલા પાણીને કારણે વાયુ અન્યત્ર જતો નથી, તથા પાણી પૃથ્વીને ધારણ કરે છે અને પ્રસ્પંદન પામતું નથી=પૃથ્વીના વજનથી પ્રસ્પંદન પામતું નથી, અને પૃથ્વી પાણીમાં વિલયને પામતી નથી તે કારણથી અનાદિ પારિણામિક નિત્યસંતતિવાળા તે લોકવિનિવેશનો લોકસ્થિતિ જ હેતુ છે.**

પૂર્વમાં વાયુ પાણીને ધારણ કરે છે ઇત્યાદિ દૃષ્ટાંતના બળથી અત્યાર સુધી વર્ણન કરાયેલ નરકોના સ્વરૂપનું સર્વ વર્ણન લોકસ્થિતિ અનુસાર છે, તેમ ભાષ્યકારશ્રીએ સ્થાપન કર્યું ત્યાં જિજ્ઞાસા થાય કે લોક શું છે ? તે જિજ્ઞાસાને સામે રાખીને શંકા કરે છે –

**અહીં=લોકસ્થિતિ હેતુ છે એમાં, કોઈ શંકા કરે છે – તમારા વડે** 'લોકાકાશમાં અવગાહ છે' **(અધ્યાય-૫, સૂત્ર-૧૨) અને** "ત્યારપછી=સર્વ કર્મના નાશ પછી, મુક્ત આત્મા આ લોક સુધી ઊર્ધ્વ જાય છે" **(અધ્યાય-૧૦, સૂત્ર-૫) એ પ્રમાણે કહેવાયું, ત્યાં લોક શું છે ? કેટલા પ્રકારનો છે ? અને કઈ રીતે રહેલો છે ?**

**'इति' શબ્દ શંકાની સમાપ્તિ માટે છે.**

**અહીં=ઉત્પન્ન થયેલી શંકામાં, ઉત્તર આપે છે – પંચાસ્તિકાયનો સમુદાય લોક છે અને તે અસ્તિકાયો=લોકમાં રહેલા પાંચ અસ્તિકાયો, સ્વતત્ત્વથી, વિધાનથી અને લક્ષણથી કહેવાયા છે અને કહેવાશે. તે લોક ક્ષેત્રના વિભાગથી ત્રિવિધ છે : અધો, તિર્યગ્ અને ઊર્ધ્વ.**

**'इति' શબ્દ લોક કેટલા પ્રકારનો છે ? તે ભેદના કથનની સમાપ્તિ માટે છે.**

**ધર્માધર્માસ્તિકાય=ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, લોકવ્યવસ્થાના હેતુ છે. તે બેના અવગાહન-વિશેષથી લોક અનુભાવના નિયમને કારણે સુપ્રતિષ્ઠકવજ્રઆકૃતિવાળો લોક છે, અધોલોક ગોકંધર-અર્ધઆકૃતિવાળો છે. અને આ=અધોલોક ગોકંધરની અર્ધ આકૃતિવાળો છે એ, કહેવાયું છે –** 'ભૂમિઓ સાત અધોઅધ પૃથુતર છત્ર-અતિછત્ર સંસ્થિત છે.' **(અધ્યાય-૩, સૂત્ર-૧)**

**'इति' શબ્દ સૂત્રની સમાપ્તિમાં છે.**

**તે=સાત પૃથ્વીઓ, યથોક્ત છે=ગોકંધરની અર્ધ આકૃતિવાળી છે, તિર્યગ્ લોક ઝલ્લરીની આકૃતિવાળો છે અને ઊર્ધ્વલોક મુદંગની આકૃતિવાળો છે.**

**'इति' શબ્દ લોકના વિષયમાં ત્રણ પ્રશ્નો કરેલા તેની સમાપ્તિ માટે છે. ॥૩/૬॥**

**ભાવાર્થ :-**

સાતેય નરકોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ કયા પ્રકારની છે ? તે બતાવતાં કહે છે –

રત્નપ્રભાનરકના નારકની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. આ રીતે બીજી નરકમાં ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ત્રીજી નરકમાં સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ચોથી નરકમાં સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, પાંચમી નરકમાં સત્તર સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, છઠ્ઠી નારકમાં બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. સાતેય નારકોની જઘન્યસ્થિતિ અધ્યાય-૪, સૂત્ર-૪૩-૪૪ ભાષ્યકારશ્રી સ્વયં કહેશે.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ નરકમાં જઘન્યસ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. આ સિવાયની વચલી સર્વ સ્થિતિ મધ્યમ સ્થિતિ છે. તે રીતે બીજી નરકમાં જઘન્યસ્થિતિ એક સાગરોપમની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની છે. આ સિવાયની સર્વ સ્થિતિ મધ્યમ સ્થિતિ છે. આ રીતે આગળ-આગળની સર્વ નરકોમાં પૂર્વના નારકની ઉત્કૃષ્ટ સ્થિતિને ઉત્તરની નરકમાં જઘન્યસ્થિતિરૂપે ગ્રહણ કરીને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિની વિચારણા કરવી.

આ રીતે નરકમાં રહેલા નારકીના જીવોની આયુષ્યની સ્થિતિ બતાવ્યા પછી કયા જીવો કઈ કઈ નરક સુધી જઈ શકે છે ? તે બતાવવા માટે કહે છે –

છઠ્ઠા અધ્યાયમાં જે નરકગતિના આશ્રવો કહેવાશે તે આશ્રવો દ્વારા નરકને યોગ્ય કર્મ જીવો બાંધે છે અને તે કર્મ અનુસાર તે તે નરકમાં તે તે જીવો ઉત્પન્ન થાય છે. તેમાં અસંજ્ઞી જીવો પ્રથમ નરક સુધી ઉત્પન્ન થાય છે; કેમ કે મન નહીં હોવાથી ઉત્કૃષ્ટ સંક્લેશ કરી શકતા નથી. આથી જ સ્વયંભૂરમણ સમુદ્ર આદિમાં થયેલા સહસ્ર યોજન પ્રમાણ (અવગાહનાવાળો) અસંજ્ઞી મત્સ્ય ઉત્કૃષ્ટથી એક ક્રોડપૂર્વ પ્રમાણ આયુષ્યવાળો થઈ શકે છે અને ઘણાં માછલાંઓનું ભક્ષણ કરે છે, છતાં પ્રથમ નરકના અમુક ભાગ સુધી જ જઈ શકે છે. આ રીતે અસંજ્ઞી જીવો પ્રથમ નરક સુધી ઉત્પન્ન થઈ શકે છે, પરંતુ આગળની નરકમાં ઉત્પન્ન થઈ શકતા નથી. એ રીતે ભુજપરિસર્પ અર્થાત્ ગરોળી આદિ હાથથી ચાલનારા જીવો પહેલી બે નરકમાં ઉત્પન્ન થઈ શકે છે; કેમ કે સંજ્ઞી હોવા છતાં પણ તે પ્રકારના ક્લેશથી અધિક ક્લેશને પામીને આગળની નરકના આયુષ્યને તેઓ બાંધી શકતા નથી. એ રીતે પક્ષીઓ પ્રથમ ત્રણ નરકમાં ઉત્પન્ન થાય છે. સિંહ પ્રથમ નરકથી માંડીને ચાર નરક સુધી ઉત્પન્ન થઈ શકે છે. ઉરગ અર્થાત્ સર્પ-અજગર આદિ પાંચ નરક સુધી ઉત્પન્ન થઈ શકે છે. મનુષ્ય એવી સ્ત્રીઓ છ નરક સુધી જઈ શકે છે. મત્સ્ય અને મનુષ્ય પુરુષો સાતમી નારક સુધી જઈ શકે છે.

વળી દેવો અને નારકીઓ નરકમાં ઉત્પન્ન થતા નથી.

કેમ ઉત્પન્ન થતા નથી ? તેમાં યુક્તિ આપે છે –

નરકગતિમાં ઉત્પત્તિનું કારણ બને એવા બહુઆરંભ અને બહુપરિગ્રહ દેવોને કે નારકીઓને પ્રાપ્ત થતા નથી, માટે તેઓ નરકમાં ઉત્પન્ન થતા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે દેવભવમાં બાહ્ય રીતે ઘણા વૈભવ હોવા છતાં જેમ બહુપરિગ્રહના બળથી મમ્મણશેઠ નારકીમાં ગયા તે વખતે નરકગતિનું કારણ બને તેવો બહુપરિગ્રહનો પરિણામ તેમને હતો. આવો પરિણામ દેવોને ભવપ્રત્યય શુભલેશ્યા હોવાથી પ્રાપ્ત થતો નથી. તે રીતે યુદ્ધ, શિકાર કે તેવી અન્ય કોઈ આરંભ આદિની પ્રવૃત્તિમાં મનુષ્ય-તિર્યંચને નરકમાં ઉત્પન્ન થવા માટે જરૂરી એવો બહુઆરંભનો પરિણામ થતો હોય છે. આવો પરિણામ પણ દેવોને કે નારકીઓને થતો નથી. જોકે નારકીના જીવો અશુભલેશ્યાવાળા છે અને પરસ્પર એકબીજાના દુઃખની ઉદીરણા કરે છે ત્યારે ઘણા ક્લેશ કરે છે તોપણ ભવસ્વભાવથી તેઓને બહુઆરંભનો પરિણામ જે નરકગતિનું કારણ બને તેવા ક્લિષ્ટ અધ્યવસાયવાળો થતો નથી. તેથી તેઓ નરકગતિમાં ઉત્પન્ન થતા નથી.

વળી નારકો ઉદ્વર્તન પામીને દેવભવમાં ઉત્પન્ન થતા નથી.

કેમ નારકીઓ દેવમાં ઉત્પન્ન થતા નથી ? એથી કહે છે –

દેવગતિના કારણભૂત સરાગસંયમાદિ હેતુઓ તેઓને નથી. આશય એ છે કે સરાગસંયમાદિ દેવગતિનાં કારણો અધ્યાય-૬, સૂત્ર-૨૨માં ભાષ્યકારશ્રી બતાવશે. આ કારણોના આસેવનથી જીવને દેવગતિનો બંધ થાય છે. આવાં કૃત્યો કરવાનું નારક જીવો માટે સંભવિત નથી. તેથી તેઓ દેવગતિનું આયુષ્ય બાંધી શકતા નથી.

વળી કર્મગ્રંથના મતાનુસાર સમ્યગ્દૃષ્ટિ જીવ મનુષ્ય કે તિર્યંચ હોય તો નિયમા દેવગતિ બાંધે છે. તે નિયમાનુસાર કોઈ નારકને સમ્યક્ત્વ હોય તો તે મનુષ્યગતિ બાંધી શકે તેમ સ્વીકારવામાં વિરોધ નથી; કેમ કે સમ્યક્ત્વના અસ્તિત્વમાં દેવ કે મનુષ્ય બે આયુષ્યનો બંધ થાય છે, પરંતુ જેમ નારક જીવો સમ્યક્ત્વ-કાળમાં મનુષ્યાયુ બાંધી શકે છે તેમ દેવાયુષ્ય બાંધી શકતા નથી. તેનું કારણ કર્મના ઉદય-ક્ષય-ક્ષયોપશમ કે ઉપશમ પ્રત્યે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ પાંચ કારણોને સ્વીકારવામાં આવે છે. મનુષ્યભવના આયુષ્યને અનુકૂળ અધ્યવસાય કરવામાં સમ્યગ્દૃષ્ટિ એવા નારકને ભવ અનુકૂળ છે. એથી તે ભવમાં તે સમ્યગ્દૃષ્ટિ જીવ મનુષ્યભવને અનુકૂળ આયુષ્યબંધને પ્રાયોગ્ય અધ્યવસાય કરી શકે છે. પરંતુ દેવભવને અનુકૂળ આયુષ્યબંધને પ્રાયોગ્ય અધ્યવસાય કરી શકતો નથી.

દેવો ઘણા વિવેકવાળા હોય છે તોપણ દેવભવને આશ્રયીને દેશવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત કરી શકતા નથી અને તિર્યંચો ઘણી મૂઢતાવાળા હોય છે તોપણ તિર્યંચભવને આશ્રયીને દેશવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત કરી શકે છે. અર્થાત્ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં જેમ વિવેકની અપેક્ષા છે તેમ ભવની પણ અપેક્ષા છે. દેવોને

દેશવિરતિગુણસ્થાનકની પ્રાપ્તિ કરવામાં ભવ બાધક હોવાથી શ્રાવકપણાનો અધ્યવસાય થતો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ એવા નારકને ભવને કારણે દેવભવ પ્રાયોગ્ય આયુષ્યબંધનો અધ્યવસાય થતો નથી.

નારકીઓ નરકમાંથી નીકળીને તિર્યંચ અને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. કેટલાક નારકીઓ મનુષ્યપણાને પામીને તીર્થંકરપણું પણ પામે છે. જે નારક જીવો પ્રથમની ત્રણ નારકોમાંથી નીકળીને મનુષ્ય થયા હોય તે જ તીર્થંકરપણું પામી શકે છે. પ્રથમની ચાર નારકીમાંથી નીકળેલ જીવ મોક્ષને પામી શકે છે, અન્ય નહીં. પ્રથમની પાંચ નારકથી નીકળેલા હોય તેવા જીવો મનુષ્યભવને પામીને સંયમને પ્રાપ્ત કરી શકે છે. પ્રથમની છ નારકથી નીકળેલા નારકો દેશવિરતિને પ્રાપ્ત કરી શકે છે. સાતમી નારકીથી નીકળેલા જીવો મનુષ્યભવને કે તિર્યંચભવમાં ઉત્પન્ન થઈ સમ્યગ્દર્શન પણ પ્રાપ્ત કરી શકે છે.

આનાથી એ ફલિત થાય કે પૂર્વનો નારકભવ પણ ઉત્તરના ભવમાં ગુણસ્થાનકની પ્રાપ્તિમાં નિયામક બને છે. તેથી જેઓએ નારકભવને પ્રાયોગ્ય ક્લિષ્ટ અધ્યવસાયો કર્યા છે તેઓ ઉત્તરભવમાં સુંદર અધ્યવસાયો પણ તે નારકીના સ્થાનને અનુસાર જ કરી શકે છે, તેનાથી આગળના અધ્યવસાય કરી શકતા નથી. આથી સાતમી નરકમાંથી નીકળીને મનુષ્યભવને પામેલો જીવ બુદ્ધિમાન હોય, વૈરાગ્યાદિ ગુણોથી વાસિત હોય અને મોક્ષની ઉત્કટ ઇચ્છા હોય તોપણ મોક્ષને અનુકૂળ સંયમ આદિ ભાવોને કરી શકતો નથી. તેમાં પ્રતિબંધક પૂર્વના નારકીભવમાં જવાને અનુકૂળ જે ક્લિષ્ટ ભાવો કર્યા હતા તે જ ભાવોને કારણે જેમ નારકભવની પ્રાપ્તિ થઈ તેમ વિશેષ એવા યોગમાર્ગની પ્રાપ્તિમાં તે નારકીના ભવોની પ્રાપ્તિ બાધક બની.

વળી નરકમાં કઈ કઈ વસ્તુઓ નથી ? તે બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

જેમ મનુષ્યલોકમાં દ્વીપ, સમુદ્ર, પર્વતાદિ ભાવો છે જેનાથી લોકો તે તે પ્રકારના સુખોનો અનુભવ કરી શકે છે તેવા કોઈ જ ભાવો નરકમાં નથી. વળી બેઇન્દ્રિયાદિ જીવો પણ મનુષ્યલોકમાં દેખાય છે તેવા નરકમાં નથી. નરકમાં મનુષ્યો પણ નથી અને ચારે નિકાયના દેવતાઓ પણ નથી.

આ બધું નરકમાં નથી, તો નરકમાં શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સમુદ્ઘાતથી કેવલીના આત્મપ્રદેશો નરકમાં પ્રાપ્ત થાય છે. તે સિવાયના મારણાંતિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત અને આહારકશરીરના સમુદ્ઘાતથી પણ તે તે જીવોના આત્મપ્રદેશોની નરકમાં પ્રાપ્તિની સંભાવના છે, તત્ત્વ બહુશ્રુતો વિચારે. વળી ઉપપાતથી નારકીઓ નરકમાં હોય છે, અન્ય કોઈ જીવ ઉપપાતથી નરકમાં નથી. વિક્રિયાથી પ્રાયઃ કરીને નારકીના જીવો પોતાનું વૈક્રિયશરીર કરે ત્યારે તેને આશ્રયીને નારકમાં હોય છે, તેમ જણાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે નારકીના જીવો જ્યારે વૈક્રિયશરીર કરતા નથી ત્યારે ઉપપાતથી વિદ્યમાન છે અને વૈક્રિયશરીર કરે ત્યારે વિક્રિયાથી પણ નરકમાં પ્રાપ્તિ છે. વળી વૈક્રિયલબ્ધિથી સાંગતિક એવા પૂર્વજન્મના મિત્રાદિ દેવો નરકમાં જાય ત્યારે તે સ્થાનમાં તે દેવોની પ્રાપ્તિ છે. વળી નરકપાલ એવા પરમાધામી પોતાના કુતૂહલ અર્થે નરકમાં જાય ત્યારે તેઓની ત્યાં પ્રાપ્તિ

છે. વળી ઉપપાતથી દેવો નરકમાં નથી પરંતુ રત્નપ્રભા પૃથ્વીમાં જ છે અન્ય કોઈ નરકની પૃથ્વીમાં પણ નથી; કેમ કે ભવનપતિ, વ્યંતર, વાણવ્યંતર, પરમાધામી વગેરે નરકનાં સ્થાનોમાં નથી પરંતુ રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીમાં છે જે દેવસ્થાનોમાં વનસ્પતિ આદિ સુંદર ભાવો પણ છે. વળી પરમાધામીની નરકમાં ત્રણ નરક સુધી ગતિ છે. ત્યારપછી પરમાધામી કુતૂહલથી પણ જતા નથી તેનું કારણ સ્વાભાવિક તેઓની તેટલી જ ગમનશક્તિ હોય અથવા તો ત્યાંના ક્ષેત્રની અતિ પ્રતિકૂળતાને કારણે ત્રણ નરકથી અધિક તેઓ જતા નથી તેમ સ્વીકારી શકાય. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

પ્રસ્તુત સૂત્ર અને ભાષ્યમાં અત્યાર સુધી જે નરકની આયુષ્યની સ્થિતિ છે તે, નરકમાં કોણ જાય છે ? અને કોણ નથી જતું ? નરકમાં દ્વીપ-સમુદ્રાદિ નથી, આ સર્વ લોકઅનુભાવથી ત્યાં નથી. તેથી લોકઅનુભાવ શું છે ? તે સ્પષ્ટ કરવા માટે ભાષ્યકારશ્રી કહે છે –

વાયુ પાણીને ધારણ કરે છે તે મનુષ્યલોકના અનુભવથી વિરુદ્ધ છે; કેમ કે મનુષ્યલોકમાં પાણીને નાંખવામાં આવે તો તે સ્થાનમાં રહેલો વાયુ ખસી જાય છે અને પાણી નીચે પડે છે, જ્યારે પૃથ્વી જ પાણીને ધારણ કરી શકે છે; છતાં રત્નપ્રભાદિ પૃથ્વીઓની નીચે ઘનવાતાદિ વાયુઓ છે એ વાયુઓ જ ઘનોદધિરૂપ પાણીને ધારણ કરે છે પરંતુ પાણીના કારણે વાયુ દૂર થતો નથી જેથી પાણી નીચે પડે. વળી, મનુષ્યલોકમાં પૃથ્વીને પાણી ધારણ કરતું નથી પરંતુ પૃથ્વી પાણીને ધારણ કરતી દેખાય છે. આમ છતાં નરકની પૃથ્વીઓને ઘનોદધિ આદિ પાણી ધારણ કરે છે, પરંતુ પૃથ્વીના ભારથી પાણી દૂર ખસતું નથી. જેમ મનુષ્યલોકમાં પૃથ્વીને પાણીમાં નાંખવામાં આવે તો વિલય પામે છે તેમ નરકની પૃથ્વી પાણીમાં વિલય પામતી નથી તેમાં તેવા પ્રકારની લોકસ્થિતિ જ હેતુ છે.

આ લોકસ્થિતિ કેવી છે ? તે સ્પષ્ટ કરે છે –

અનાદિપારિણામિક નિત્યસંતતિવાળા લોકવિનિવેશનો હેતુ લોકસ્થિતિ છે.

આશય એ છે કે લોક પંચાસ્તિકાયમય છે. લોકમાં જે પુદ્ગલદ્રવ્યો વર્તે છે તેમાં રત્નપ્રભાદિ પૃથ્વી નીચે વાયુ આદિના જે પુદ્ગલદ્રવ્યો છે તેઓ એવા જ સ્વભાવવાળા છે, અનાદિકાળથી તે પ્રકારના પરિણામને ધારણ કરે છે કે જેના કારણે વાયુ પાણીને ધારણ કરે. મનુષ્યલોકમાં દેખાતા વાયુના પુદ્ગલો કરતાં વિલક્ષણ પરિણામવાળા વાયુના પુદ્ગલો રત્નપ્રભાદિ પૃથ્વીની નીચે છે તેમાં લોકનો તેવો સ્વભાવ છે તે જ કારણ છે. આથી જ ત્યાંનું પાણી પણ પૃથ્વીને ધારણ કરવા સમર્થ છે અને પાણીમાં રહેતી પૃથ્વી પણ વિલય પામતી નથી. જેમ આ સર્વસ્થાને લોકસ્થિતિ હેતુ છે તેમ પહેલી નારકીનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્ય જે ભાષ્યકારશ્રીએ કહ્યું તેમાં પણ લોકસ્થિતિ નિયામક છે. વળી ભુજપરિસર્પ વગેરે બે નારક સુધી જાય છે, આગળ નહીં તેમાં પણ કારણ તે જીવોને તેવો જ અધ્યવસાય થઈ શકે છે. આગળની નરકનો અધ્યવસાય થતો નથી તેમ સ્વીકારવામાં લોકસ્થિતિ જ કારણ છે; કેમ કે તે ભવમાં તે જીવનો સ્વભાવ તેવો જ છે કે ક્લિષ્ટ ભાવો કરે તોપણ પોતાની મર્યાદાથી આગળની નરકને પ્રાયોગ્ય અધ્યવસાય કરી શકે નહીં. વળી

નરકમાં દ્વીપ-સમુદ્રાદિ નથી તેમાં લોકસ્થિતિ કારણ છે; કેમ કે તે ક્ષેત્રનો તેવો જ સ્વભાવ છે કે ત્યાં દ્વીપ-સમુદ્રાદિ પદાર્થ ન હોય.

પૂર્વમાં ભાષ્યકારશ્રીએ કહ્યું કે લોકસ્થિતિ અનુસાર નારકોને જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ છે, નરકમાં દ્વીપ-સમુદ્રાદિ નથી. તેથી વિચારકને પ્રશ્ન થાય છે કે લોકસ્થિતિના અંગભૂત લોક શું છે ? તેને સામે રાખીને શંકા કરે છે –

અધ્યાય-૫માં લોકાકાશમાં અવગાહન છે એમ કહ્યું. અધ્યાય-૧૦માં કહ્યું કે સર્વ કર્મક્ષય થયા પછી લોકના અંત સુધી સિદ્ધ જીવો ઊર્ધ્વ જાય છે. તેથી પ્રશ્ન થાય કે લોક શું છે ? કેટલા પ્રકારનો છે ? અને કેવા પ્રકારની સંસ્થિતિવાળો છે ? તે પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે –

પંચાસ્તિકાયના સમુદાયરૂપ લોક છે. ધર્માસ્તિકાયાદિ પાંચના સમુદાયરૂપ લોક ગ્રહણ કરવાથી આકાશાસ્તિકાય પણ લોક-અલોક સ્વરૂપ ગ્રહણ થઈ જાય છે. વળી લોક શબ્દનો અર્થ તેના એક દેશમાં ગ્રહણ કરવામાં આવે ત્યારે અલોકાકાશને છોડીને જ્યાં ધર્માસ્તિકાયાદિ પાંચેયનો સમુદાય વિદ્યમાન છે તે સ્થાન જ લોક છે તેમ થાય. તેથી તે લોક કેટલા પ્રકારનો છે ? તેના વિષયક અન્ય પ્રશ્ન કરીને ભાષ્યકારશ્રી ઉત્તર આપે છે.

તે લોક ક્ષેત્રના વિભાગથી અધઃ, તિર્યગ્ અને ઊર્ધ્વ એમ ત્રણ વિભાગથી છે, જે સ્થાનમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય છે તે સ્થાન લોકવ્યવસ્થાનો હેતુ છે.

ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયની અવગાહનાવિશેષથી અને લોકના અનુભાવના નિયમથી સુપ્રતિષ્ઠક-વજ્રાકૃતિવાળો લોક છે અર્થાત્ જેમ ઇન્દ્રનું વજ્ર મધ્યમાંથી પાતળું હોય અને ઊર્ધ્વ-અધો દિશામાં કાંઈક પહોળું થાય છે તેવા આકારવાળું ચૌદરાજલોકનું સંસ્થાન છે. આનાથી એ પ્રાપ્ત થાય કે ચૌદરજ્જુ સ્વરૂપ લોક ધર્માસ્તિકાયની અને અધર્માસ્તિકાયની અવગાહનાથી નિયંત્રિત થાય છે અને તેના નિયંત્રણ નીચે જીવ પુદ્ગલાદિ સર્વ તે તે પ્રકારે રહે છે તેમાં લોકનો તેવો સ્વભાવ જ કારણ છે. તેથી પંચાસ્તિકાયના સમુદાયરૂપ લોકનો તેવો સ્વભાવ હોવાથી સુપ્રતિષ્ઠકવજ્રાકૃતિવાળો લોક તે પ્રકારે કાયમ રહે છે પણ પરિવર્તન પામતો નથી. વળી સુપ્રતિષ્ઠકવજ્રાકૃતિવાળો લોક અધોલોકમાં ગાયના કંધરની=ખાંધાની, અર્ધ આકૃતિવાળો છે. બે પગ પહોળા કરીને ઊભેલા પુરુષની જેમ કેડથી માંડીને નીચેનો ભાગ અધિક થાય છે તેમ ગાયના ખાંધ ઉપરનો ભાગ પણ ગોળાકારરૂપે ઉપરથી નીચે અધિક થાય છે.

અધોલોક કેવો છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

સૂત્ર-૩/૧માં ભાષ્યકારશ્રીએ બતાવેલ છે કે નીચે-નીચેની સાત ભૂમિઓ છે અને તે સાત ભૂમિઓ છત્રાતિછત્રના સંસ્થાનવાળી છે. અર્થાત્ અધોલોકનો આકાર વિસ્તારવાળું છત્ર, તેની નીચે મોટું છત્ર, તેના નીચે મોટું છત્ર એ પ્રકારના સંસ્થાનવાળી નીચેની ભૂમિઓ છે. તિર્યગ્ લોકનો આકાર ઝલ્લરીના સંસ્થાનવાળો છે. ઝલ્લરી નામનું વાજિંત્ર ગોળાકાર હોય છે તેમ તિર્યગ્ લોક ગોળાકારરૂપે રહેલો છે. મધ્યમાં તે એક રજ્જુ પ્રમાણ છે અને ઊર્ધ્વ-અધો અઢારસો યોજન પ્રમાણ છે. ઊર્ધ્વલોક મૃદંગસંસ્થાનવાળો છે. મૃદંગ નામનું વાજિંત્ર=ઢોલ, વચ્ચમાં ઊંચું હોય અને બે બાજુ નમેલું હોય તેમ ઊર્ધ્વલોક મધ્યલોકથી ઉપરમાં બે

બાજુ વધતો વધતો મધ્યમાં વિસ્તારવાળો બને છે. ત્યારબાદ ઘટતાં ઘટતાં સિદ્ધશિલા પાસે એક રજ્જુ પ્રમાણ બને છે, તે રજ્જુની મધ્યમાં પિસ્તાલીસ લાખ યોજનની સિદ્ધશિલા છે. **II૩/૬II**

**ભાષ્ય :-**

**तत्र तिर्यग्लोकप्रसिद्ध्यर्थमिदमाकृतिमात्रमुच्यते –**

**ભાષ્યાર્થ :-**

**ત્યાં=છટ્ઠા સૂત્રના ભાષ્યમાં જે ત્રણ પ્રકારનો લોક કહ્યો તેમાં, તિર્યગ્ લોકની પ્રસિદ્ધિ માટે=તિર્યગ્ લોક કેવા સ્વરૂપવાળો છે ? તેનો બોધ કરાવવા માટે, આ=સૂત્ર-૭થી માંડીને અધ્યાયની સમાપ્તિ સુધી જે વર્ણન છે એ, આકૃતિ માત્ર=તિર્યગ્ લોકના સંસ્થાન માત્ર=સંક્ષેપથી તિર્યગ્ લોકનું સંસ્થાન, કહેવાય છે=ગ્રંથકારશ્રી વડે કહેવાય છે –**

**સૂત્ર :-**

**जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ।।३/७।।**

**સૂત્રાર્થ :-**

**જંબૂદ્વીપ, લવણ આદિ શુભનામવાળા દ્વીપ, સમુદ્રો છે. II૩/૭II**

**ભાષ્ય :-**

**जम्बूद्वीपादयो द्वीपा लवणादयश्च समुद्राः शुभनामान इति, यावन्ति लोके शुभानि नामानि तन्नामान इत्यर्थः, शुभान्येव वा नामान्येषामिति ते शुभनामानः, द्वीपादनन्तरः समुद्रः समुद्रादनन्तरो द्वीपः यथासङ्ख्यम् । तद्यथा–जम्बूद्वीपो द्वीपः, लवणोदः समुद्रः, धातकीखण्डो द्वीपः, कालोदः समुद्रः, पुष्करवरो द्वीपः, पुष्करोदः समुद्रः, वरुणवरो द्वीपः, वरुणोदः समुद्रः, क्षीरवरो द्वीपः, क्षीरोदः समुद्रः, घृतवरो द्वीपः, घृतोदः समुद्रः, इक्षुवरो द्वीपः, इक्षुवरोदः समुद्रः, नन्दीश्वरो द्वीपः, नन्दीश्वरवरोदः समुद्रः, अरुणवरो द्वीपः, अरुणवरोदः समुद्रः, इत्येवमसङ्ख्येया द्वीपसमुद्राः स्वयम्भूरमणपर्यन्ता वेदितव्या इति ।।३/७।।**

**ભાષ્યાર્થ :-**

**जम्बूद्वीपादयो ..... इति ।। જંબૂદ્વીપ આદિ દ્વીપો અને લવણ આદિ સમુદ્રો શુભનામવાળા છે.**

સૂત્રનો અર્થ સ્પષ્ટ કર્યા પછી તેનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરે છે –

**જેટલાં પણ લોકમાં શુભનામો છે તે નામવાળા દ્વીપ અને સમુદ્રો છે, એ પ્રકારનો અર્થ છે.**

શુભનામના શબ્દનો અન્ય રીતે અર્થ કરતાં કહે છે –

**શુભ જ નામો છે જેમને તે શુભનામવાળા દ્વીપ-સમુદ્રો છે, એમ અન્વય છે.**

કઈ રીતે દ્વીપ-સમુદ્રો છે ? તે સ્પષ્ટ કરે છે –

**દ્વીપ પછી અનંતર સમુદ્ર છે, સમુદ્ર પછી અનંતર દ્વીપ યથાક્રમ છે. તે આ પ્રમાણે – જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, (ત્યારપછી) લવણસમુદ્ર છે, (ત્યારપછી) ધાતકીખંડદ્વીપ છે, (ત્યારપછી) કાલોદધિસમુદ્ર છે, (ત્યારપછી) પુષ્કરવરદ્વીપ છે, (ત્યારપછી) પુષ્કરોદસમુદ્ર છે, (ત્યારપછી) વરુણવરદ્વીપ છે, (ત્યારપછી) વરુણોદસમુદ્ર છે, (ત્યારપછી) ક્ષીરવરદ્વીપ છે, (ત્યારપછી) ક્ષીરોદસમુદ્ર છે, (ત્યારપછી) ઘૃતવરદ્વીપ છે, (ત્યારપછી) ઘૃતોદસમુદ્ર છે, (ત્યારપછી) ઈક્ષુવરદ્વીપ છે, (ત્યારપછી) ઈક્ષુવરોદસમુદ્ર છે, (ત્યારપછી) નંદીશ્વરદ્વીપ છે, (ત્યારપછી) નંદીશ્વરોદસમુદ્ર છે, (ત્યારપછી) અરુણવરદ્વીપ છે, (ત્યારપછી) અરુણવરોદસમુદ્ર છે. આ રીતે અસંખ્ય દ્વીપ-સમુદ્રો સ્વયંભૂરમણસમુદ્ર પર્યંત જાણવા.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ માટે છે. ।।૩/૭।।**

**ભાવાર્થ :-**

તિર્ચ્છાલોકનું વર્ણન કરતાં ભાષ્યકારશ્રી કહે છે કે તિર્ચ્છાલોકના મધ્યમાં જંબૂદ્વીપ છે. ત્યારપછી લવણસમુદ્ર છે તે ક્રમથી દ્વીપ-સમુદ્રોની સંખ્યા અસંખ્યાત પરિમાણ છે.

આ ભાષ્યની ટીકા કરતાં પૂ. સિદ્ધસેનગણિ મહારાજા લખે છે કે આ અસંખ્યાતની સંખ્યા વિશિષ્ટ ગ્રહણ કરવાની છે.

તે કેટલી છે ? તેથી ટીકાકારશ્રી કહે છે –

તાજા જન્મેલા બાળકના એક વાળના અસંખ્યાત ટુકડા કરીને તેનાથી ભરાયેલ એક યોજન ઊંડો એક યોજન ત્રિજ્યાવાળો જે કૂવો, તેના પ્રમાણથી મપાયેલ જે સંખ્યા અર્થાત્ સો વર્ષે એક વાળ કાઢવાથી જે વર્ષોની સંખ્યા પ્રાપ્ત થાય તેવો પલ્યોપમ અને તેવા દશ કોટાકોટી પલ્યોપમ પ્રમાણ એક સાગરોપમ થાય. તેવા અઢી સાગરોપમના કાળના જે સમયો પ્રાપ્ત થાય તે સમયની સંખ્યા પ્રમાણ દ્વીપ-સમુદ્રોની સંખ્યા છે. જઘન્ય અસંખ્યાત સંખ્યાની જે સંખ્યા આવે તે સંખ્યાને તેટલી સંખ્યાથી તેટલી વખત ગુણવામાં આવે ત્યારે એક આવલિકાના સમયોની પ્રાપ્તિ થાય. અઢી ઉદ્ધાર સાગરોપમમાં જેટલાં વર્ષોની સંખ્યાની પ્રાપ્તિ થાય તે વર્ષોમાં જેટલા સમયોની પ્રાપ્તિ થાય તે સંખ્યા જેટલા દ્વીપ-સમુદ્રો તિર્ચ્છાલોકમાં છે. વળી, લોકમાં જેટલાં શુભ નામો છે તે સર્વ નામવાળા દ્વીપ-સમુદ્રોની તિર્ચ્છાલોકમાં પ્રાપ્તિ છે.

આ પ્રકારે તિર્ચ્છાલોકનું સ્વરૂપ જિનવચનાનુસાર ભાવન કરીને સંસારના સ્વરૂપનું ભાવન કરવાથી ભગવાનના વચનાનુસાર પદાર્થના સ્વીકારની રુચિ સ્થિર થાય છે અને તે પ્રકારે લોકના ભાવનથી રત્નત્રયીની શુદ્ધિ થાય છે. **॥૩/૭॥**

**સૂત્ર :-**

**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ।।३/८।।**

**સૂત્રાર્થ :-**

**(સૂત્ર-૩/૭માં બતાવેલ આ સર્વ પણ દ્વીપ, સમુદ્રો) બે બે વિષ્કંભવાળા, પૂર્વ પૂર્વને પરિક્ષેપ કરનારા (અને) વલય આકૃતિવાળા છે. ।।૩/૮।।**

**ભાષ્ય :-**

**सर्वे चैते द्वीपसमुद्रा यथाक्रममादितो द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः प्रत्येतव्याः । तद्यथा—योजनशतसहस्रं विष्कम्भो जम्बूद्वीपस्य वक्ष्यते (सू० ९), तद् द्विगुणो लवणजलसमुद्रस्य, लवणजलसमुद्रविष्कम्भाद् द्विगुणो धातकीखण्डद्वीपस्य, इत्येवमास्वयम्भूरमणसमुद्रादिति । पूर्व-पूर्वपरिक्षेपिणः, सर्वे पूर्वपूर्वपरिक्षेपिणः प्रत्येतव्याः, जम्बूद्वीपो लवणसमुद्रेण परिक्षिप्तः, लवण-जलसमुद्रो धातकीखण्डद्वीपेन परिक्षिप्तः, धातकीखण्डद्वीपः कालोदसमुद्रेण परिक्षिप्तः, कालोद-समुद्रः पुष्करवरद्वीपार्धेन परिक्षिप्तः, पुष्करवरद्वीपार्धं मानुषोत्तरेण पर्वतेन परिक्षिप्तम्, पुष्करवर-द्वीपः पुष्करवरोदेन समुद्रेण परिक्षिप्तः एवमास्वयम्भूरमणात् समुद्रादिति । वलयाकृतयः सर्वे च ते वलयाकृतयः सह मानुषोत्तरेणेति ।।३/८।।**

**ભાષ્યાર્થ :-**

**सर्वे ..... मानुषोत्तरेणेति ।। સર્વ પણ આ દ્વીપ-સમુદ્રો યથાક્રમ આદિથી દ્વિગુણ-દ્વિગુણ વિષ્કંભ-વાળા, પૂર્વ પૂર્વના પરિક્ષેપી, વલયાકૃતિવાળા=પૂર્વ પૂર્વના દ્વીપના કે સમુદ્રોના ઉત્તરમાં વલયઆકૃતિથી ગોળરૂપે રહેલા, જાણવા. તે આ પ્રમાણે – જંબૂદ્વીપનો એક લાખ યોજનનો વિષ્કંભ કહેવાશે. તેનાથી લવણના પાણીવાળા સમુદ્રનું=લવણસમુદ્રનું, દ્વિગુણ વિષ્કંભ છે. લવણના પાણીના સમુદ્રના=લવણસમુદ્રના, વિષ્કંભથી દ્વિગુણ ધાતકીખંડના દ્વીપનો વિષ્કંભ છે. એ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી દ્વિગુણ-દ્વિગુણ સર્વનો વિષ્કંભ જાણવો.**

**'इति' શબ્દ દ્વીપ-સમુદ્રના વિષ્કંભના કથનની સમાપ્તિમાં છે.**

આ રીતે વિષ્કંભનો અર્થ ભાષ્યકારશ્રીએ કર્યા પછી પૂર્વ પૂર્વના પરિક્ષેપી છે તેમ બતાવીને તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

**સર્વ પણ આ દ્વીપ-સમુદ્રો પૂર્વ પૂર્વના દ્વીપના અથવા સમુદ્રના પરિક્ષેપી સ્વીકારવા જોઈએ. જંબૂદ્વીપ લવણસમુદ્રથી પરિક્ષિપ્ત છે=જંબૂદ્વીપને વીંટળાઈને લવણસમુદ્ર રહેલો છે. લવણસમુદ્ર ધાતકીખંડદ્વીપથી પરિક્ષિપ્ત છે=લવણસમુદ્રને વીંટળાઈને ધાતકીખંડદ્વીપ રહેલો છે. ધાતકીખંડદ્વીપ કાલોદધિસમુદ્રથી પરિક્ષિપ્ત છે. કાલોદધિસમુદ્ર પુષ્કરવરદ્વીપથી પરિક્ષિપ્ત છે. પુષ્કરવરદ્વીપાર્ધ માનુષ્યોત્તરપર્વતથી પરિક્ષિપ્ત છે=માનુષ્યોત્તરપર્વત પુષ્કરવરદ્વીપના મધ્ય ભાગમાં વીંટળાઈને રહેલો છે. પુષ્કરવરદ્વીપ પુષ્કરવરસમુદ્રથી પરિક્ષિપ્ત છે. આ પ્રમાણે સ્વયંભૂરમણસમુદ્ર સુધી જાણવું.**

**'इति' શબ્દ પૂર્વ પૂર્વ પરિક્ષેપી છે તેના કથનની સમાપ્તિમાં છે.**

હવે વલયાકૃતિને સ્પષ્ટ કરતાં કહે છે –

**વલયાકૃતિરૂપે રહેલા છે. સર્વ તે=દ્વીપ-સમુદ્રો, માનુષ્યોત્તર પર્વત સહિત વલયાકૃતિવાળા રહેલા છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૩/૮॥**

**સૂત્ર :-**

**तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ॥३/९॥**

**સૂત્રાર્થ :-**

**તેના મધ્યમાં=પૂર્વમાં કહ્યું કે અસંખ્યાત દ્વીપ-સમુદ્રો વીંટળાઈને રહેલા છે. તેના મધ્યમાં, મેરુનાભિર્વૃત્ત=મેરુ છે નાભિ જેને એવો ગોળાકારવાળો, એક લાખ યોજન વિષ્કંભવાળો જંબૂદ્વીપ છે. ॥૩/૯॥**

**ભાષ્ય :-**

**तेषां द्वीपसमुद्राणां मध्ये=तन्मध्ये, मेरुनाभिः=मेरुरस्य नाभ्यामिति मेरुर्वाऽस्य नाभिरिति मेरुनाभिः, मेरुरस्य मध्य इत्यर्थः, सर्वद्वीपसमुद्राभ्यन्तरो वृत्तः कुलालचक्राकृतिर्योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः, वृत्तग्रहणं नियमार्थम् । लवणादयो वलयवृत्ताः, जम्बूद्वीपस्तु प्रतरवृत्त इति यथा गम्येत, वलयाकृतिभिश्चतुरस्रत्र्यस्रयोरपि परिक्षेपो विद्यते तथा च मा भूदिति । मेरुरपि काञ्चनस्थालनाभिरिव वृत्तो योजनसहस्रमधो धरणितलमवगाढो नवनवत्युच्छ्रितो दशाधो विस्तृतः सहस्रमुपरीति त्रिकाण्डस्त्रिलोकप्रविभक्तमूर्तिश्चतुर्भिर्वनैर्भद्रशालनन्दनसौमनसपाण्डुकैः परिवृतः । तत्र शुद्धपृथिव्युपलवज्रशर्कराबहुलं योजनसहस्रमेकं प्रथमं काण्डम्, द्वितीयं त्रिषष्टिसहस्राणि रजतजातरूपाङ्कस्फटिकबहुलम्, तृतीयं षट्त्रिंशत् सहस्राणि जाम्बूनदबहुलम्, वैडूर्यबहुलाऽस्य चूलिका चत्वारिंशद्योजनान्युच्छ्रायेण मूले द्वादश विष्कम्भेण मध्येऽष्टावुपरि चत्वारीति, मूले वलयपरिक्षेपि भद्रशालवनम्। भद्रशालवनात् पञ्च योजनशतान्यारुह्य तावत्प्रतिक्रान्तिविस्तृतं नन्दनवनम्, ततोऽर्धत्रिषष्टिसहस्राण्यारुह्य पञ्चयोजनशतप्रतिक्रान्तिविस्तृतमेव सौमनसम्, ततोऽपि षट्त्रिंशत्सहस्राण्यारुह्य चतुर्नवतिचतुःशतप्रतिक्रान्तिविस्तृतं पाण्डुकवनमिति, नन्दनसौमनसाभ्यामेकादशैकादशसहस्राण्यारुह्य प्रदेशपरिहाणिर्विष्कम्भस्येति ॥३/९॥**

**ભાષ્યાર્થ :-**

तेषां ..... विष्कम्भस्येति ॥ તે દ્વીપ-સમુદ્રોની મધ્યમાં એ તન્મધ્ય.

તન્મધ્યનો અર્થ સ્પષ્ટ કર્યા પછી મેરુનાભિનો સમાસ સ્પષ્ટ કરે છે –

**મેરુ છે આની નાભિમાં=મેરુ છે જંબૂદ્વીપની નાભિમાં, એ મેરુનાભિ અથવા આની નાભિ મેરુ છે એ મેરુનાભિ.**

તેનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરે છે –

**મેરુ આના મધ્યમાં છે, એ પ્રકારનો અર્થ છે.**

હવે વૃત્તનો અર્થ કરે છે –

**સર્વ દ્વીપ-સમુદ્રના અભ્યંતર વૃત્ત=ગોળાકાર, કુંભારના ચક્રના આકૃતિવાળો અને એક લાખ યોજન વિષ્કંભવાળો જંબૂદ્વીપ છે, વૃત્ત ગ્રહણ નિયમ માટે છે=કુલાલચક્રની આકૃતિની જેમ ગોળ જ છે પરંતુ અન્ય આકૃતિ નથી એ પ્રકારના નિયમ માટે છે.**

તે નિયમને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

**લવણાદિ વલયથી=વલયઆકૃતિથી, વૃત્ત છે. વળી જંબૂદ્વીપ પ્રતરવૃત્ત છે=થાળીની જેમ ગોળ છે બંગડીની જેમ ગોળ નથી, એ પ્રમાણે જે રીતે જણાય છે=વૃત્ત ગ્રહણથી એ પ્રમાણે જે રીતે જણાય છે, તે રીતે અને વલયાકૃતિ વડે ત્રિકોણ અને ચતુષ્કોણનો પણ પરિક્ષેપ વિદ્યમાન છે તે રીતે ન જણાય એ બતાવવા માટે વૃત્ત ગ્રહણ છે એમ અન્વય છે.**

વળી વૃત્તાકાર એવા જંબૂદ્વીપના મધ્યમાં નાભિરૂપ મેરુ છે, તે કેવા સ્વરૂપવાળો છે ? તે બતાવે છે –

**સુવર્ણની થાળીના નાભિની જેમ મેરુ પણ વૃત્ત છે=જંબૂદ્વીપની જેમ પ્રતર આકારવાળો વૃત્ત છે. તે મેરુ એક હજાર યોજન ધરણીતલમાં અવગાઢ છે=પૃથ્વીના પેટાળમાં એક હજાર યોજન રહેલો છે. નવ્વાણું હજાર યોજન ઊંચો છે=ભૂતલથી નવ્વાણું હજાર યોજન ઊંચો છે. વળી તે મેરુપર્વત જમીનમાં દશ હજાર યોજન વિસ્તૃત છે અને ઉપરમાં સહસ્ર યોજન વિસ્તૃત છે.**

**'इति' શબ્દ મેરુપર્વતની ઊંચાઈ, લંબાઈ આદિ પ્રમાણના સ્વરૂપની સમાપ્તિમાં છે.**

**વળી તે મેરુ ત્રણ કાંડવાળો છે, ત્રણ લોકમાં પ્રવિભક્ત મૂર્તિવાળો છે=ઊર્ધ્વલોક, તિર્ચ્છાલોક અને અધોલોકરૂપ ત્રણ લોકમાં પ્રવિભક્ત મૂર્તિવાળો છે, અને ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડક આત્મક ચાર વનોથી પરિવૃત્ત છે.**

**ત્યાં=મેરુના ત્રણ કાંડમાં, શુદ્ધ પૃથ્વી, પત્થર, વજ્ર અને શર્કરા છે બહુલ જેમાં એવા એક હજાર યોજન આત્મક પ્રથમ કાંડ છે=મેરુપર્વતનો પ્રથમ ભાગ છે. બીજો કાંડ રજત-જાતરૂપ=ચાંદી અને સુવર્ણરૂપ, અંકરત્ન અને સ્ફટિકરત્ન બહુલ ત્રેસઠ હજાર યોજન પ્રમાણ છે. ત્રીજો કાંડ છત્રીસ હજાર યોજન પ્રમાણ સુવર્ણબહુલ છે. એ આની=મેરુની, વૈડૂર્ય બહુલ ચૂલિકા ચાલીસ યોજન ઊંચાઈથી અને મૂળમાં વિષ્કંભથી બાર યોજન, મધ્યમાં આઠ યોજન અને ઉપરમાં ચાર યોજન છે. મેરુપર્વતના મૂળમાં=સમતલભૂમિમાં, વલય આકારવાળું=ચારે બાજુ પરિક્ષેપ કરનારું, ભદ્રશાલવન છે. ભદ્રશાલવનથી**

**પાંચસો યોજન ઉપર જઈને તેટલી પ્રતિક્રાંતિના વિસ્તારવાળું=પાંચસો યોજનના ફેલાયેલા વિસ્તારવાળું, નંદનવન છે. ત્યાંથી=નંદનવનથી, સાડા બાસઠ હજાર યોજન આરોહણ કરીને પાંચસો યોજન વિસ્તૃત સૌમનસવન છે. તેનાથી પણ છત્રીસ હજાર યોજન આરોહણ કરીને ચારસો ચોરાણું યોજનના ફેલાયેલા વિસ્તારવાળું પાંડુકવન છે. નંદનવનથી અને સૌમનસવનથી અગિયાર હજાર, અગિયાર હજાર યોજનનું આરોહણ કરીને વિષ્કંભના પ્રદેશની પરિહાનિ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૩/૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વના સૂત્રમાં જંબૂદ્વીપાદિ દ્વીપ-સમુદ્રો કઈ રીતે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી રહેલા છે ? તે બતાવતાં કહ્યું કે તે દ્વીપ-સમુદ્રની મધ્યમાં જે જંબૂદ્વીપ છે તેની મધ્યમાં મેરુપર્વત છે. પ્રસ્તુત સૂત્રમાં જંબૂદ્વીપ મેરુની નાભિવાળો અને વૃત્ત છે તેમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે લવણાદિ વલયાકારે વૃત્ત છે; કેમ કે જંબૂદ્વીપની આજુબાજુ ગોળાકારે વીંટળાયેલા છે, જ્યારે જંબૂદ્વીપ વલયાકારે વૃત્ત નથી પરંતુ પ્રતરાકારે વૃત્ત છે.

જંબૂદ્વીપને માત્ર વૃત્ત કહેવામાં આવે તો કોઈને ભ્રમ થાય કે ચતુષ્કોણ કે ત્રિકોણ આકૃતિવાળો જંબૂદ્વીપ છે અને લવણસમુદ્ર આદિથી પરિક્ષેપવાળો છે. આ ભ્રમનું નિરાકરણ થાય તે માટે ગ્રંથકારશ્રીએ કહ્યું કે જંબૂદ્વીપ પ્રતરરૂપે ગોળાકાર છે.

વળી જંબૂદ્વીપની મધ્યમાં રહેલ મેરુપર્વત કેવો છે ? તે સ્પષ્ટ કરે છે –

સુવર્ણની થાળીની મધ્યમાં નાભિની જેમ જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત પણ વૃત્તઆકારે રહેલો છે. મેરુપર્વત સમભૂતળથી એક હજાર યોજન જમીનમાં છે અને નવાણું હજાર યોજન ઊંચો છે. તેથી એ પ્રાપ્ત થાય કે એક લાખ યોજનનો મેરુપર્વત છે, તેમાં સમભૂતલાથી નીચે એક હજાર યોજન મેરુ છે તેમાંથી સો યોજન અધોલોકમાં છે અને બાકીના ઉપરના નવસો યોજન તિર્ચ્છાલોકમાં છે અર્થાત્ સમભૂતલથી ઉપરના નવસો યોજન સુધી તિર્ચ્છાલોકમાં છે, બાકીના ૯૮ હજાર એકસો યોજન ઊર્ધ્વલોકમાં છે.

વળી, આ મેરુપર્વત ત્રણ કાંડવાળો છે. મેરુપર્વતના ત્રણ કાંડોમાં પ્રથમ કાંડ શુદ્ધ પૃથ્વીના પત્થર, વજ્ર અને શર્કરા બહુલ છે, જે એક હજાર યોજન પ્રમાણ છે. આ પ્રથમ કાંડમાં વજ્રરત્ન જેવા પત્થરો છે અને શર્કરા જેવી મધુર માટી છે. બીજો કાંડ ત્રેસઠ હજાર યોજન છે જે ચાંદી, સુવર્ણ, અંકરત્ન અને સ્ફટિકરત્ન બહુલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ત્યાં માટીના પુદ્ગલો છે તોપણ બહુલતાએ સુવર્ણ અને ચાંદીરૂપ ધાતુથી અને અંકરત્ન તથા સ્ફટિકરત્નથી યુક્ત છે. વળી ત્રીજો કાંડ છત્રીસ હજાર યોજનનો છે, જે સુવર્ણ બહુલ છે.

એક લાખ યોજનનો જંબૂદ્વીપ જે સમભૂતલથી નીચે અધોલોકમાં હજાર યોજન છે તે પ્રથમ કાંડ સ્વરૂપ છે. સમભૂતલ પૃથ્વીથી ઉપર ત્રેસઠ હજાર યોજન બીજો કાંડ છે. આ કાંડનો વિભાગ ધાતુના ભેદથી છે; કેમ કે બીજો કાંડ સુવર્ણ, ચાંદી, અંકરત્ન અને સ્ફટિકરત્નથી બનેલો છે તેથી પ્રથમ કાંડથી જુદો પડે છે.

ઉપરનો ત્રીજો કાંડ માત્ર સુવર્ણ બહુલ છે માટે બીજા કાંડથી જુદો પડે છે. આ રીતે મેરુપર્વત ત્રણ કાંડમાં વિભક્ત છે.

મેરુપર્વતની ઉપર બહુલતયા વૈડૂર્યરત્નવાળી ચૂલિકા છે, જેની ઊંચાઈ ચાલીસ યોજન છે. આ ચૂલિકા મૂળમાં બાર યોજનના વિષ્કંભવાળી છે, મધ્યમાં આઠ યોજનના વિસ્તારવાળી અને ઉપરમાં ચાર યોજનના વિસ્તારવાળી છે.

આ રીતે મેરુપર્વત અને તેની ચૂલિકાનું સ્વરૂપ બતાવ્યા પછી મેરુપર્વતનાં વનોનું સ્વરૂપ બતાવે છે –

મેરુપર્વતના વલયરૂપે પરિક્ષેપી એવું ભદ્રશાલવન છે. ભદ્રશાલ વનથી ઉપરમાં પાંચસો યોજન જઈએ ત્યારે નંદનવન છે, જે મેરુપર્વતના અંગભૂત જ છે અને તે પણ પાંચસો યોજનના વિસ્તારવાળું છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સમતલભૂતળથી પાંચસો યોજન ઉપર ગયા પછી નંદનવન છે. તે પણ બન્ને બાજુ પાંચસો પાંચસો યોજન દ્વારા વલયાકૃતિરૂપે રહેલ છે.

ત્યારપછી સાડા બાસઠ હજાર યોજન આરોહણ કરીને જે ત્રીજો કાંડ છે ત્યાં પાંચસો યોજનના વિસ્તારવાળું વલયાકૃતિ યુક્ત સૌમનસ નામનું વન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સમતલભૂતળથી ત્રેસઠ હજાર યોજન ઉપર જતાં જ્યાં બીજો કાંડ પૂરો થાય છે ત્યાં સૌમનસ વન છે, જે મેરુપર્વતની બંને બાજુ પાંચસો પાંચસો યોજન વિષ્કંભવાળું વલયાકૃતિએ મેખલારૂપે રહેલું છે.

ત્યારપછી છત્રીસ હજાર યોજનનો ત્રીજો કાંડ છે. તેટલું ઉપર ગયા પછી પાંડુકવન આવે છે, જે ચારસો ચોરાણું યોજનના વિસ્તારવાળા વિષ્કંભથી વલયાકૃતિથી રહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે મેરુનો સૌથી ઉપરનો ભાગ જે એક હજાર યોજનનો સમતલભૂતળવાળો છે જ્યાં લાખ યોજનનો મેરુ પૂરો થાય છે ત્યાં પાંડુક નામનું વન છે. તે પાંડુકવનના મધ્યમાં બાર યોજનની ચૂલિકા છે તેને છોડીને બાકીના ચારસો ચોરાણુંના વિષ્કંભવાળો વલયાકૃતિથી રહેલો પાંડુકવન છે.

આ રીતે મેરુપર્વતનું સ્વરૂપ બતાવ્યા પછી ભાષ્યકારશ્રી કહે છે –

મેરુપર્વત સમતલભૂતળમાં દશ હજાર યોજન વિષ્કંભવાળો છે ત્યાં ભદ્રશાલ વન છે. તેનાથી પાંચસો યોજન ઉપર નંદનવન છે અને ત્રેસઠ હજાર યોજન ઉપર સૌમનસવન છે. આ બન્ને વનોથી અગિયાર હજાર, અગિયાર હજાર યોજનનું આરોહણ કરીને વિષ્કંભની પ્રદેશ પરિહાણિ થાય છે. જેમ મેરુપર્વત સૌથી નીચે દશ હજાર યોજન વિષ્કંભવાળો છે તેમ સમતલભૂતળમાં પણ દશ હજાર યોજનવાળો છે. તેથી સમતલભૂતળથી પણ હજાર યોજન સુધી નીચેનો કાંડ ક્રમસર હાનિ પામતો નથી. પરંતુ ઘટ્યા વગર નીચે પણ દશ હજાર યોજનનો છે. નંદનવન અને સૌમનસવન એ બન્ને વનોથી ઉપરમાં અગિયાર હજાર, અગિયાર હજાર યોજન ઉપર જઈએ ત્યાં મેરુપર્વત કેટલા વિષ્કંભનો છે, તેની સ્પષ્ટતા ભાષ્યકારશ્રીએ કરેલ નથી. **II૩/૯II**

**અવતરણિકા :-**

તે જંબૂદ્વીપના અવાંતર કેટલા ભાગો છે ? તે બતાવવા અર્થે તેનાં સાત ક્ષેત્રો બતાવે છે –

**સૂત્ર :-**

**तत्र भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ।।३/१०।।**

**સૂત્રાર્થ :-**

**ત્યાં=જંબૂદ્વીપમાં, ભરતવર્ષ, હૈમવંતવર્ષ, હરિવર્ષ, વિદેહવર્ષ, રમ્યકવર્ષ, હિરણ્યવતવર્ષ, ઐરાવતવર્ષ ક્ષેત્રો છે. ।।૩/૧૦।।**

**ભાષ્ય :-**

**तत्र—जम्बूद्वीपे भरतं हैमवतं हरयो विदेहा रम्यकं हैरण्यवतमैरावतमिति सप्त वंशाः क्षेत्राणि भवन्ति । भरतस्योत्तरतो हैमवतम् हैमवतस्योत्तरतो हरयः, इत्येवं शेषाः, वंशा वर्षा वास्या इति चैषां गुणतः पर्यायनामानि भवन्ति सर्वेषां चैषां व्यवहारनयापेक्षादादित्यकृताद् दिग्नियमादुत्तरतो मेरुर्भवति, लोकमध्यावस्थितं त्वष्टप्रदेशं रुचकं दिग्नियमहेतुं प्रतीत्य यथासम्भवं भवतीति ।।३/१०।।**

**ભાષ્યાર્થ :-**

**तत्र ..... भवतीति ।। ત્યાં જંબૂદ્વીપમાં ભરત, હિમવંત અને હરય=હરિવર્ષ, અને વિદેહો, રમ્યક, હિરણ્યવંત, ઐરવત એ પ્રકારનાં સાત વંશરૂપ ક્ષેત્રો છે=એ પ્રકારનાં સાત વિભાગરૂપ ક્ષેત્રો છે. ભરતના ઉત્તરથી હિમવંત છે, હિમવંતના ઉત્તરથી હરય=હરિવર્ષક્ષેત્ર, છે. આ પ્રમાણે શેષ=આગળ-આગળના, જાણવા. વંશો, વર્ષો અને વાસ્યા એ આમનાં=ભરતાદિનાં, ગુણથી પર્યાયનામો છે.**

**અને સર્વ એવા આમનું=ભરતાદિનું, વ્યવહારનયની અપેક્ષાથી આદિત્યકૃત દિગ્ નિયમથી=સૂર્યથી કરાયેલ દિશાઓના નિયમથી, મેરુ=મેરુપર્વત, ઉત્તરથી=ઉત્તર દિશાથી, થાય છે.**

**વળી લોકમધ્ય અવસ્થિત આઠ રુચકપ્રદેશરૂપ દિગ્ નિયમના હેતુને આશ્રયીને યથા સંભવ જાણવું=જે પ્રમાણે જે ક્ષેત્રના જે સ્થાનમાં મેરુની પ્રાપ્તિ સંભવે તે પ્રમાણે જાણવું.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૩/૧૦।।**

**ભાવાર્થ :-**

જંબૂદ્વીપમાં ભરતાદિ સાત ક્ષેત્રો છે. ભરતક્ષેત્ર આદિના ભરતવર્ષ અથવા ભરતવંશ એ પ્રમાણે બે અન્ય પ્રયોગો થાય છે. તેથી ભાષ્યકારશ્રીએ ભરતાદિ વંશો ક્ષેત્ર છે એમ કહેલ છે. વળી ભરતક્ષેત્ર-હિમવંતક્ષેત્ર આદિને એકવચનમાં ગ્રહણ કરેલ છે અને હરિવર્ષ અને વિદેહને બહુવચનમાં ગ્રહણ કરેલ છે. તેથી જણાય

છે કે જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રના બત્રીસ વિજય આદિ અનેક વિભાગો વિદ્યમાન છે તેવી રીતે હરિવર્ષક્ષેત્રમાં પણ આવા કોઈક વિભાગો હોવા જોઈએ કે જેને આશ્રયીને ભાષ્યકારશ્રીએ બહુવચનનો પ્રયોગ કર્યો હોય. વળી વિદેહની બીજી બાજુ રમ્યક વર્ષ છે તેનો એકવચનમાં પ્રયોગ ભાષ્યકારશ્રીએ કર્યો છે. તેથી હરિવર્ષની જેમ તેના કોઈ વિભાગોની સંભાવના નથી, તેમ જણાય છે. તત્ત્વ બહુશ્રુત વિચારે.

જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત છે. એક બાજુમાં ભરતક્ષેત્ર, હિમવંતક્ષેત્ર અને હરિવર્ષક્ષેત્ર છે તથા બીજી બાજુમાં રમ્યકક્ષેત્ર, હિરણ્યવંતક્ષેત્ર અને ઐરવતક્ષેત્ર છે. મધ્યમાં મેરુપર્વતની બે દિશામાં વિદેહો છે. વ્યવહારનયની અપેક્ષાથી સૂર્યના દિગ્ નિયમને ગ્રહણ કરીએ તો બધાની ઉત્તરમાં જ મેરુની પ્રાપ્તિ છે; કેમ કે બે સૂર્ય-ચંદ્રો છે, તેથી જેમ ભરતક્ષેત્રમાં સૂર્યની અપેક્ષાએ વિચારીએ તો ઉત્તરમાં મેરુની પ્રાપ્તિ છે તેમ ઐરવતક્ષેત્રમાં પણ ત્યાંના સૂર્યની અપેક્ષાએ વિચારીએ તો ઉત્તરમાં જ મેરુની પ્રાપ્તિ થાય છે.

વળી લોકની મધ્યમાં રહેલ આઠ રુચકપ્રદેશો છે. તેને દિશાના નિયમનના હેતુ સ્વીકારીએ તો ભરતક્ષેત્ર આદિ દક્ષિણદિશામાં પ્રાપ્ત થાય અને ઐરવત આદિ ક્ષેત્રો ઉત્તરદિશામાં પ્રાપ્ત થાય છે. **॥૩/૧૦॥**

**અવતરણિકા :-**

**હવે ભરત આદિ ક્ષેત્રોનો વિભાગ કોનાથી થયેલો છે ? તે સ્પષ્ટ કરે છે –**

**સૂત્ર :-**

**तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ।।३/११।।**

**સૂત્રાર્થ :-**

**તે ક્ષેત્રોના વિભાગ કરનાર=ભરત આદિ ક્ષેત્રોના વિભાગ કરનાર, પૂર્વ અપર આયત=પૂર્વ છેડાથી માંડીને પશ્ચિમ છેડા સુધી લાંબા, હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલ, રુક્મિ, શિખરી, વર્ષધર=ક્ષેત્રને ધારણ કરનારા, પર્વતો છે. ।।૩/૧૧।।**

**ભાષ્ય :-**

**तेषां=वर्षाणां, विभक्तारो हिमवान् महाहिमवान् निषधो नीलो रुक्मी शिखरीत्येते षड् वर्षधराः पर्वताः, भरतस्य हैमवतस्य च विभक्ता हिमवान् । हैमवतस्य हरिवर्षस्य च विभक्ता महाहिमवान्, इत्येवं शेषाः । तत्र पञ्च योजनशतानि षड्विंशानि षट् चैकोनविंशतिभागा ५२६$\frac{६}{१९}$ भरतविष्कम्भः, स द्विर्द्विर्हिमवद्धैमवतादीनामाविदेहेभ्यः, परतो विदेहेभ्योऽर्धार्धहीनाः ।**

**ભાષ્યાર્થ :-**

तेषां ..... हीनाः ।। તેના=વર્ષોના=ભરત વગેરે ક્ષેત્રોના, વિભાગને કરનારા હિમવાન, મહાહિમવાન,

**નિષધ, નીલ, રુક્મિ, શિખરી એ પ્રમાણે આ છ વર્ષધર પર્વતો છે. ભરતનો અને હિમવંતનો વિભાગ કરનાર હિમવંત પર્વત છે, હિમવંતના અને હરિવર્ષના વિભાગને કરનાર મહાહિમવાન પર્વત છે. એ પ્રમાણે શેષ જાણવા.**

**ત્યાં પાંચસો છવ્વીસ યોજન અને ઓગણીસનો છઠ્ઠો ભાગ (૫૨૬$\frac{૬}{૧૯}$) ભરતક્ષેત્રનો વિષ્કંભ છે. હિમવંત પર્વત અને હિમવંત ક્ષેત્ર આદિનો મહાવિદેહ સુધી જે=ભરતનો વિષ્કંભ, છે તે દ્વિગુણ-દ્વિગુણ થાય છે અને વિદેહથી આગળ અર્ધહીન અર્ધહીન થાય છે. ॥**

**ભાવાર્થ :-**

સૂત્ર-૧૦માં ભરતાદિ સાત ક્ષેત્રો જંબૂદ્વીપમાં રહેલાં છે તેમ બતાવ્યું અને તેનો વિભાગ કરનારા હિમવંતાદિ છ પર્વતો છે તેમ પ્રસ્તુત સૂત્રમાં બતાવ્યું. તેમાં જંબૂદ્વીપની દક્ષિણ દિશામાં પાંચસો છવ્વીસ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગ કરવાથી જે છ ભાગ પ્રાપ્ત થાય એટલા અધિક અર્થાત્ (૫૨૬$\frac{૬}{૧૯}$) યોજન વિષ્કંભવાળું ભરતક્ષેત્ર છે. ત્યારપછી રહેલો, તેનાથી દ્વિગુણ વિષ્કંભવાળો હિમવંત પર્વત છે. ત્યારપછી રહેલ, તેનાથી દ્વિગુણ વિષ્કંભવાળું હિમવંત ક્ષેત્ર છે. હિમવંત ક્ષેત્ર પછી રહેલ તેનાથી દ્વિગુણ વિષ્કંભવાળો મહાહિમવંત પર્વત છે. ત્યારપછી તેનાથી દ્વિગુણ વિષ્કંભવાળું હરિવર્ષક્ષેત્ર છે. ત્યારપછી તેનાથી દ્વિગુણ વિષ્કંભવાળો નિષધપર્વત છે. ત્યારપછી તેનાથી દ્વિગુણ વિષ્કંભવાળું મહાવિદેહ ક્ષેત્ર છે. મહાવિદેહક્ષેત્ર પછી રહેલ નીલવંત પર્વત તેનાથી અર્ધા વિષ્કંભવાળો છે અર્થાત્ મહાવિદેહથી અર્ધા વિષ્કંભવાળો છે. ત્યારપછી તેનાથી અર્ધા વિષ્કંભવાળું રમ્યક ક્ષેત્ર છે. ત્યારપછી તેનાથી અર્ધા વિષ્કંભવાળો રુક્મિ પર્વત છે. ત્યારપછી તેનાથી અર્ધા વિષ્કંભવાળું હિરણ્યવંત ક્ષેત્ર છે. ત્યારપછી તેનાથી અર્ધા વિષ્કંભવાળો શિખરી પર્વત છે. ત્યારપછી તેનાથી અર્ધા વિષ્કંભવાળું ઐરવત ક્ષેત્ર છે. આ ઐરવતક્ષેત્ર ભરતક્ષેત્ર જેટલા જ પાંચસો છવ્વીસ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગ કરવાથી જે છ ભાગ પ્રાપ્ત થાય તેટલા અધિક પ્રમાણવાળું છે. આ સર્વ વિષ્કંભ દક્ષિણથી ઉત્તર સુધી જતાં સર્વ ક્ષેત્રોની પહોળાઈ છે અને તે સર્વ એકઠી કરવાથી એક લાખ યોજન પ્રમાણ થાય છે જે જંબૂદ્વીપનો વ્યાસ છે.

**ભાષ્ય :-**

**पञ्चविंशतियोजनान्यवगाढो योजनशतोच्छ्रायो हिमवान्, तद्द्विर्महाहिमवान्, तद्द्विर्निषध इति । भरतवर्षस्य योजनानां चतुर्दश सहस्राणि चत्वारि शतान्येकसप्ततीनि च षड् भागा विशेषोना १४४७१$\frac{६}{१९}$ ज्या । इषुर्यथोक्तो ५२६$\frac{६}{१९}$ विष्कम्भः, धनुःकाष्ठं चतुर्दश सहस्राणि शतानि पञ्चाष्टाविंशानि एकादश च भागाः साधिकाः १४५२८$\frac{११}{१९}$ ।**

**ભાષ્યાર્થ :-**

**पञ्चविंशति ..... साधिकाः ।।** પૂર્વે છ પર્વતો બતાવ્યાં અને તે કઈ રીતે રહેલા છે ? તેની સ્પષ્ટતા કરી. હવે તે પર્વતો કેટલા ઊંચા છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**જમીનમાં પચ્ચીસ યોજન અવગાઢ, સો યોજન ઊંચો હિમવંત પર્વત છે. તેનાથી દ્વિગુણ મહાહિમવંત પર્વત છે. તેનાથી દ્વિગુણ=મહાહિમવંતથી દ્વિગુણ, નિષધપર્વત છે.**

હવે ભરતક્ષેત્રની જ્યા બતાવે છે –

**ચૌદ હજાર ચારસો ઈક્કોતેર યોજન અને ઓગણીસના છ ભાગરૂપ છ કળા વિશેષ ઊન=કાંઈક ઊન=છ ભાગમાં કાંઈક ઊન, (૧૪૪૭૧$\frac{૬}{૧૯}$ યોજન) એટલી ભરતક્ષેત્રની જ્યા છે. અને ભરતક્ષેત્રના ઈષુનો=બાણ આકારે રહેલા ભરતનો મધ્ય ભાગમાં રહેલ બાણનો, યથોક્ત વિષ્કંભ છે=પાંચસો છવ્વીસ યોજન અને એક યોજનના છ ભાગ પ્રમાણ એવી છ કળારૂપ (૫૨૬$\frac{૬}{૧૯}$ યોજન) વિષ્કંભ છે. વળી ભરતક્ષેત્રનો ધનુકાષ્ઠ ચૌદ હજાર પાંચસો અટ્ઠાવીસ સાધિક - અગિયાર ભાગ (૧૪૫૨૮$\frac{૧૧}{૧૯}$) છે=એક યોજનના ઓગણીસ ભાગમાંથી અગિયાર ભાગ અધિક છે.**

**ભાવાર્થ :-**

ભરતક્ષેત્ર પછી હિમવંત પર્વત છે. તે હિમવંત પર્વત જમીનમાં પચ્ચીસ યોજન ઊંડો છે અને ઉપરમાં સો યોજન ઊંચો છે. વળી તે હિમવંત પર્વત પછી જે હિમવંત ક્ષેત્ર પછી રહેલો જે મહાહિમવંત પર્વત છે તે હિમવંત પર્વત કરતાં દ્વિગુણ છે. એથી એ પ્રાપ્ત થાય છે કે જમીનમાં પચાસ યોજન ઊંડો છે અને ઉપર બસો યોજન ઊંચો મહાહિમવંત પર્વત છે. ત્યારપછી આવતા હરિવર્ષક્ષેત્ર પછી રહેલો નિષધ પર્વત મહાહિમવંત પર્વત કરતાં દ્વિગુણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જમીનમાં સો યોજન ઊંડો છે અને ઊંચાઈથી ચારસો યોજન ઊંચો છે.

આ રીતે ભરતક્ષેત્રથી માંડીને મહાવિદેહ સુધીના પર્વતની જમીનમાં અવગાહના અને ઉપરની અવગાહના બતાવી. ભરતક્ષેત્ર જંબૂદ્વીપના દક્ષિણ ભાગમાં રહેલ છે. જંબૂદ્વીપ ગોળાકાર હોવાના કારણે ભરતક્ષેત્ર ધનુષ્ય આકારનું છે. આ ધનુષ્ય આકારવાળા ભરતક્ષેત્રની જ્યા કેટલી છે ?, તે ધનુષ્ય આકારવાળા ભરતક્ષેત્રના બાણનો વિષ્કંભ કેટલો છે ? અને ધનુકાષ્ઠ કેટલું છે ? તે ક્રમસર બતાવે છે, જેથી ભરતક્ષેત્રના પરિમાણનું યથાર્થ ગણિત પ્રાપ્ત થાય.

બાણ આકારે રહેલ ભરતક્ષેત્રની જ્યા ચૌદ હજાર ચારસો ઇક્કોતેર યોજન ઉપર એક યોજનના ઓગણીસ ભાગ કરવાથી જે ભાગોની પ્રાપ્તિ થાય તેનાથી કાંઈક ઊન એવા છ ભાગો જેટલી છે. આ બાણ આકારવાળા ભરતક્ષેત્રનો વિષ્કંભ પાંચસો છવ્વીસ યોજન ઉપર છ કળા છે=એક યોજનના ઓગણીસ ભાગ કરીને તેના છ ભાગ પ્રમાણ છે. વળી ધનુષ્ય આકારમાં રહેલ એવા ભરતક્ષેત્રનું જે ધનુષ્યનું કાષ્ઠ

તેની લંબાઈ ચૌદ હજાર પાંચસો અઠ્ઠાવીસ યોજન અને અગિયાર કળા છે=એક યોજનના ઓગણીસ ભાગ કરવાથી જે પ્રાપ્ત થાય તેવા અગિયાર ભાગ વધારે છે.

**ભાષ્ય :-**

**भरतक्षेत्रमध्ये पूर्वापरायत उभयतः समुद्रमवगाढो वैताढ्यपर्वतः षड् योजनानि सक्रोशानि धरणिमवगाढः पञ्चाशद् विस्तरतः पञ्चविंशत्युच्छ्रितः । विदेहेषु निषधस्योत्तरतो मन्दरस्य दक्षिणतः काञ्चनपर्वतशतेन चित्रकूटेन विचित्रकूटेन चोपशोभिता देवकुरवः, विष्कम्भेणैकादश योजनसहस्राण्यष्टौ च शतानि द्विचत्वारिंशानि द्वौ च भागौ, एवमेवोत्तरेणोत्तराः कुरवः चित्रकूटविचित्रकूटहीना द्वाभ्यां च काञ्चनाभ्यामेव यमकपर्वताभ्यां विराजिताः । विदेहा मन्दरदेवकुरूत्तरकुरुभिर्विभक्ताः क्षेत्रान्तरवद् भवन्ति पूर्वे चापरे च, पूर्वेषु षोडश चक्रवर्तिविजया नदीपर्वतविभक्ताः परस्परस्यागमाः, अपरेऽप्येवंलक्षणाः षोडशैव, तुल्यायामविष्कम्भावगाहोच्छ्रायौ दक्षिणोत्तरौ वैताढ्यौ, तथा हिमवच्छिखरिणौ महाहिमवद्रुक्मिणौ निषधनीलौ चेति ।**

**क्षुद्रमन्दरास्तु चत्वारोऽपि धातकीखण्डपुष्करार्धकाः महामन्दरात् पञ्चदशभिर्योजनसहस्रैर्हीनोच्छ्रायाः, षड्भिर्योजनशतैर्धरणितले हीनविष्कम्भाः । तेषां प्रथमं काण्डं महामन्दरतुल्यम्, द्वितीयं सप्तभिर्हीनम्, तृतीयमष्टाभिः, भद्रशालनन्दनवने महामन्दरवत्, अर्धषट्पञ्चाशद् योजनसहस्राणि सौमनसं पञ्चशतविस्तृतमेव ततोऽष्टाविंशतिसहस्राणि, चतुर्नवतिचतुःशतविस्तृतमेव पाण्डुकं भवति, उपरि चाधश्च विष्कम्भोऽवगाहश्च तुल्यो महामन्दरेण चूलिका चेति ।**

**विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः, स विष्कम्भपादाभ्यस्तो गणितम् । इच्छावगाहोनावगाहाभ्यस्तस्य विष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या । ज्याविष्कम्भयोर्वर्गविशेषमूलं विष्कम्भाच्छोध्यं शेषार्धमिषुः । इषुवर्गस्य षड्गुणस्य ज्यावर्गयुतस्य मूलं धनुःकाष्ठम् । ज्यावर्गचतुर्भागयुक्तमिषुवर्गमिषुविभक्तं तत्प्रतिकृतिवृत्तविष्कम्भः । उदग्धनुःकाष्ठाद् दक्षिणं शोध्यं शेषार्धं बाहुरिति । अनेन करणाभ्युपायेन क्षेत्राणां वैताढ्यादिपर्वतानामायामविष्कम्भज्येषुधनुःकाष्ठपरिमाणानि ज्ञातव्यानि ।।३/११।।**

**ભાષ્યાર્થ :-**

भरतक्षेत्रमध्ये ..... ज्ञातव्यानि ।। ભરતક્ષેત્રના મધ્યમાં પૂર્વ અપર એવો લાંબો, ઉભય બાજુથી સમુદ્રમાં અવગાઢ, વૈતાઢ્ય પર્વત ધરણીમાં ક્રોશ સહિત છ યોજન અવગાઢ છે, વિસ્તારથી પચાસ યોજન છે અને પચ્ચીસ યોજન ઊંચો છે. વિદેહોમાં નિષધપર્વતથી ઉત્તરમાં અને મંદરથી દક્ષિણમાં

દેવકુરુઓ છે. જે સો કાંચન પર્વતથી, વિચિત્રકૂટથી અને ચિત્રકૂટથી ઉપશોભિત છે. અને આ દેવકુરુ વિષ્કંભથી અગિયાર હજાર આઠસો બેતાલીસ યોજન અને બે ભાગ (પરિમાણ) છે=બે કળા (પરિમાણ) છે. એ રીતે ઉત્તરથી ઉત્તરકુરુઓ છે, જેઓ ચિત્રકૂટ, વિચિત્રકૂટથી રહિત છે અને તે કાંચન જ એવા યમક નામના પર્વતોથી વિરાજિત છે મંદરપર્વત=મેરુપર્વત, દેવકુરુ અને ઉત્તરકુરુથી વિભક્ત એવા વિદેહો=મહાવિદેહો પૂર્વ, અપર મહાવિદેહ છે, જે ક્ષેત્રાંતરની જેમ વિભક્ત છે. પૂર્વમાં નદી અને પર્વતથી વિભક્ત અને પરસ્પર એવી વિજયોમાં ન જઈ શકાય એવી, સોળ ચક્રવર્તીની વિજયો છે. અપરમાં પણ એવા લક્ષણવાળી=પૂર્વમાં જેવા લક્ષણવાળી છે એવી, સોળ જ વિજયો છે, તુલ્ય આયામ, વિષ્કંભ, અવગાહના અને ઊંચાઈવાળા દક્ષિણ અને ઉત્તર વૈતાઢ્ય છે. હિમવંત અને શિખરિણી, મહાહિમવંત અને રુક્મિ, નિષધ અને નીલ આ બે-બે પર્વતો તુલ્ય આયામ, વિષ્કંભ, અવગાહના અને ઊંચાઈમાં છે.

વળી ક્ષુદ્ર મંદરો=જંબૂદ્વીપના મેરુપર્વતની અપેક્ષાએ નાના મેરુપર્વતો, ચારે પણ ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં રહેલા, મહામંદરથી=જંબૂદ્વીપના મોટા મેરુપર્વતથી, પંદર હજાર યોજન હીન ઊંચાઈવાળા છે. અને છસો યોજન ધરતીતલમાં હીન વિષ્કંભ યોજનવાળા છે, તેઓને પ્રથમકાંડ=નાના મેરુઓનો પ્રથમ કાંડ, મહામંદર તુલ્ય છે=જંબૂદ્વીપના મેરુતુલ્ય છે. બીજો કાંડ સાત હજાર યોજન હીન છે=જંબૂદ્વીપના મેરુ કરતાં સાત હજાર યોજન નાનો છે=છપ્પન હજાર યોજન છે. ત્રીજો કાંડ આઠ હજાર યોજન ન્યૂન છે=પચ્ચાસ હજાર યોજન છે. ભદ્રશાલવન અને નંદનવન મહામંદરની જેમ જ છે=જંબૂદ્વીપના મેરુની સમાન છે. નંદનવનથી સાડા પંચાવન હજાર ઉપર સૌમનસવન છે અને તે પાંચસો યોજન વિસ્તૃત જ છે. ત્યારપછી અટ્ઠ્યાવીસ હજાર યોજન પછી પાંડુકવન છે અને તે પાંડુકવન ચારસો ચોરાણું યોજન વિસ્તૃત જ છે. અને જંબૂદ્વીપના મેરુતુલ્ય નાના મેરુઓની ઉપરનો વિષ્કંભ તુલ્ય છે=એક હજાર યોજન છે. અને જમીનમાં અવગાહના તુલ્ય છે=હજાર યોજન પ્રમાણ છે. અને ચૂલિકા પણ મોટા મેરુપર્વત તુલ્ય છે.

કોઈપણ ગોળ વસ્તુનું માપ કરવા માટે તેના વિષ્કંભની કૃતિ=વર્ગ, તે દશગુણ કરાયે છતે તેનું મૂળ=વર્ગમૂળ, તે વૃત્તનો પરિક્ષેપ કહેવાય=વૃત્તની પરિધિ કહેવાય. જેમ જંબૂદ્વીપનો એક લાખ યોજન વિષ્કંભ છે તેને લાખથી ગુણો તો તેની કૃતિ=વર્ગ પ્રાપ્ત થાય; કેમ કે લાખને લાખથી ગુણવાથી તેનો વર્ગ પ્રાપ્ત થાય. વળી તે દશગુણો કરાય અને ત્યારપછી તેનું વર્ગમૂળ કાઢવામાં આવે તે જંબૂદ્વીપનો પરિધિ પ્રાપ્ત થાય. અને તે પરિધિ વિષ્કંભના પાદથી=વિષ્કંભના ચોથા ભાગથી ગુણાયેલ ગણિત કહેવાય=ક્ષેત્રફળ કહેવાય=તે ક્ષેત્રનું ક્ષેત્રફળ કહેવાય.

વળી જંબૂદ્વીપની જીવા એક લાખ યોજન પ્રમાણ છે. તેના બળથી ભરતાદિ કોઈ ક્ષેત્રની જીવા કેટલી છે ? તેનો નિર્ણય કરવા માટે સૂત્ર બતાવે છે –

**ઈચ્છાના અવગાહથી ઊન એવા અવગાહથી અભ્યસ્ત એવા વિષ્કંભના ચતુર્ગુણનું જે મૂળ=વર્ગમૂળ, જ્યા છે.**

જેમ ભરતક્ષેત્રની જ્યા જાણવી હોય તો ભરતક્ષેત્રની જ્યા ઇચ્છાનો વિષય છે. અને તેની=ભરતક્ષેત્રની, અવગાહના જે ૫૨૬ યોજન અને છ કળા છે, તેનાથી ઊન અવગાહનવાળા જંબૂદ્વીપનો વિષ્કંભ ગ્રહણ કરવો અર્થાત્ જંબૂદ્વીપના લાખ યોજનમાંથી ભરતક્ષેત્રના વિષ્કંભને બાદ કરવો અને જે સંખ્યા આવે તેને ભરતક્ષેત્રની અવગાહનાથી અભ્યસ્ત કરવામાં આવે અર્થાત્ ગુણવામાં આવે જે સંખ્યા આવે તેને ચારથી ગુણવામાં આવે અને તેનું વર્ગમૂળ કાઢવામાં આવે જે સંખ્યા આવે તે ભરતક્ષેત્રની જીવા કહેવાય એ પ્રમાણે અન્ય પણ મહાવિદેહાદિ ક્ષેત્રની જીવા આ ગણિતાનુસાર કાઢી શકાય છે.

**કોઈપણ ક્ષેત્રના જીવાના બળથી ઈષુનું પ્રમાણ=વિષ્કંભનું પ્રમાણ, કઈ રીતે પ્રાપ્ત થઈ શકે તેનું ગણિત બતાવે છે –**

**જ્યાનો=ઈચ્છાના ક્ષેત્રના વિષયભૂત જ્યાનો, અને જંબૂદ્વીપના વિષ્કંભના વર્ગનો જે વિશેષ તેનું મૂળ=વર્ગમૂળ તે વિષ્કંભથી શોધ્ય જે પ્રાપ્ત થાય તે શેષનું અર્ધ ઈષુ છે.**

જેમ ભરતક્ષેત્રની જ્યા ૧૪૪૭૧ અને છ કળા છે અને જંબૂદ્વીપનો વિષ્કંભ એક લાખ યોજનનો છે. તે બંનેનો વર્ગ કરવામાં આવે ત્યારપછી જંબૂદ્વીપના વિષ્કંભના વર્ગમાંથી જ્યાનો વર્ગ બાદ કરવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય તેનું મૂળ કરવામાં આવે=વર્ગમૂળ કરવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય તેને વિષ્કંભથી શોધ્ય કરવામાં આવે=વિષ્કંભમાંથી બાદ કરવામાં આવે, અને જે સંખ્યા પ્રાપ્ત થાય તેનાથી અર્ધ પ્રમાણ ઇષુનું માન તે ક્ષેત્રનું પ્રાપ્ત થાય.

**વળી કોઈક અપેક્ષિત ક્ષેત્રની ઈષુની પ્રાપ્તિ થઈ હોય તેના ઉપરથી ધનુકાષ્ઠ કેટલા પ્રમાણવાળું છે ? તેનું ગણિત બતાવે છે –**

**ઈષુનો વર્ગ છ ગણો કરાયો હોય અને જ્યાના વર્ગથી યુક્ત હોય તેનું વર્ગમૂળ કાઢવાથી જે સંખ્યાની પ્રાપ્તિ થાય તેટલું ધનુકાષ્ઠનું પ્રમાણ છે.**

**ભરતક્ષેત્રાદિના જ્યાવર્ગ અને ઈષુવર્ગની પ્રાપ્તિના બળથી જંબૂદ્વીપના વિષ્કંભને કાઢવાનું ગણિત બતાવે છે –**

**ભરતક્ષેત્રના જ્યાવર્ગના ચોથા ભાગથી યુક્ત એવા ઈષુનો વર્ગ કરવાથી જે સંખ્યા આવે તેને ઈષુની સંખ્યાથી વિભક્ત કરવામાં આવે અર્થાત્ ભાગવામાં આવે તો તેની પ્રતિકૃતિવાળા વૃત્તનો વિષ્કંભ પ્રાપ્ત થાય. ભરતક્ષેત્ર આદિની જે જ્યા વગેરે લીધેલ હોય તેની પ્રતિકૃતિવાળા જંબૂદ્વીપનો વિષ્કંભ પ્રાપ્ત થાય.**

**વળી જંબૂદ્વીપાદિમાં રહેલા પર્વતોની અને ક્ષેત્રની બાહુ કેટલા યોજન છે ? તેનું માપ કાઢવાનું ગણિત બતાવે છે –**

**ઉદગ્ધ ધનુકાષ્ઠથી=ઉપરના ધનુકાષ્ઠથી, દક્ષિણનું ધનુકાષ્ઠ શોધ્ય છે=બાદ કરવા યોગ્ય છે. જે સંખ્યા આવે તેનો અર્ધ બાહુ છે.**

જેમ હિમવંત પર્વતની બાહુ કાઢવી હોય તો હિમવંત પર્વતનું ધનુકાષ્ઠ લઈને તેનાથી દક્ષિણમાં રહે ભરતક્ષેત્રનું ધનુકાષ્ઠ બાદ કરી જે સંખ્યા આવે તેનું અડધું કરવાથી હિમવંત પર્વતના બાહુની પ્રાપ્તિ થાય.

**આ કરણના સ્વીકારના ઉપાયથી ક્ષેત્રોના વૈતાઢ્યાદિ પર્વતોના આયામ વિષ્કંભ જ્યા, ઈષુ, ધનુકાષ્ઠ પરિણામ જાણવા. ।।૩/૧૧।।**

**ભાવાર્થ :-**

ભરતક્ષેત્રના બે વિભાગ કરનાર મધ્યમાં વૈતાઢ્ય પર્વત છે જેને આશ્રયીને ભરતના છ ખંડોનો વિભાગ પડે છે. તે વૈતાઢ્ય પર્વત બંને છેડે લવણસમુદ્રમાં જાય છે. વળી તે વૈતાઢ્ય પર્વત છ યોજન એક કોશ જમીનમાં ઊંડો છે. અને પચાસ યોજન વિસ્તારવાળો છે. અને પચ્ચીસ યોજન ઊંચો છે.

આ રીતે ભરતક્ષેત્રના મધ્યમાં રહેલ વૈતાઢ્ય પર્વતનું સ્વરૂપ બતાવ્યા પછી મહાવિદેહમાં રહેલા દેવકુરુ અને ઉત્તરકુરુનું સ્વરૂપ બતાવે છે –

મહાવિદેહથી પૂર્વે દક્ષિણ ભરત તરફ નિષધપર્વત છે. નિષધપર્વતથી ઉત્તરબાજુ અને મેરુપર્વતથી દક્ષિણબાજુ દેવકુરુ છે. સો કાંચન પર્વતો, ચિત્રકૂટ અને વિચિત્રકૂટથી દેવકુરુ શોભિત છે. તેથી એ પ્રાપ્ત થાય કે દેવકુરુમાં સુવર્ણના સો પર્વતો આવેલા છે અને ચિત્રકૂટ અને વિચિત્રકૂટ આવેલા છે. આ દેવકુરુનો વિષ્કંભ અગિયાર હજાર આઠસો બેતાલીસ યોજન અને બે કળા છે. એ જ રીતે મેરુપર્વતની ઉત્તર બાજુ ઉત્તરકુરુ છે, જે ચિત્રકૂટ અને વિચિત્રકૂટથી રહિત અને બે કાંચનપર્વતોથી સુશોભિત છે.

વળી મહાવિદેહ ક્ષેત્ર તે વચમાં રહેલા મેરુપર્વત, ઉત્તરબાજુ રહેલ ઉત્તરકુરુ અને દક્ષિણબાજુ રહેલ દેવકુરુ એ ત્રણથી વિભક્ત થયેલ છે. તેને આશ્રયીને વિદેહોના આ પૂર્વમહાવિદેહ અને આ અપરમહાવિદેહ એમ બે વિભાગ થાય છે. જેમ ભરતક્ષેત્ર વૈતાઢ્યપર્વતથી વિભક્ત છે તેમ પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ મેરુપર્વત, દેવકુરુ અને ઉત્તરકુરુથી વિભક્ત છે.

પૂર્વ મહાવિદેહમાં છ ખંડવાળી સોળ વિજયો છે, જે નદી અને પર્વતથી વિભક્ત છે. તેથી એક વિજયમાંથી અન્ય વિજયમાં જવું અશક્ય છે. માટે દરેક વિજયના મનુષ્યો તે તે વિજયમાં જ હોય છે. વળી પૂર્વ વિદેહની જેમ અપર એવી પશ્ચિમ વિદેહમાં પણ તેવા જ સ્વરૂપવાળી સોળ ચક્રવર્તીની વિજયો છે.

પૂર્વે મેરુપર્વતની દક્ષિણદિશામાં રહેલ ભરતક્ષેત્રનો વૈતાઢ્ય કેવો છે ? તેનું સ્વરૂપ બતાવેલ; તેના જેવા જ સ્વરૂપવાળો વૈતાઢ્યપર્વત મેરુપર્વતની ઉત્તરદિશામાં આવેલા ઐરવતક્ષેત્રમાં પણ છે. તેથી જેમ ભરતક્ષેત્રમાં રહેલો વૈતાઢ્ય ભરતક્ષેત્રના બે વિભાગ કરે છે તેમ ઐરવતક્ષેત્રમાં રહેલ વૈતાઢ્ય ઐરવતક્ષેત્રના પણ બે વિભાગ કરે છે

દક્ષિણ અને ઉત્તરના વૈતાઢ્ય સમાન આયામ, સમાન વિષ્કંભ, સમાન અવગાહના અને સમાન ઊંચાઈવાળા છે. વળી જેમ મેરુપર્વતની દક્ષિણદિશામાં હિમવંત પર્વત છે તેમ ઉત્તરદિશામાં શિખરી પર્વત છે. તે બન્ને સમાન આયામ-વિષ્કંભાદિવાળા છે. વળી જેમ દક્ષિણમાં મહાહિમવંત પર્વત છે તેમ ઉત્તરમાં રુક્મિ પર્વત છે. તે બંને પર્વતો સમાન આયામ-વિષ્કંભાદિવાળા છે. વળી જેમ દક્ષિણમાં મહાવિદેહથી પૂર્વે નિષધપર્વત છે તેમ ઉત્તરમાં મહાવિદેહથી પૂર્વે નીલપર્વત છે. તે પણ સમાન આયામ-વિષ્કંભાદિવાળા છે.

આ રીતે ભાષ્યકારશ્રીએ અત્યાર સુધી જંબૂદ્વીપમાં વર્તુળાકારે રહેલ મેરુપર્વત અને તેની આજુબાજુ વીંટળાઈને રહેલા પર્વતો અને ક્ષેત્રોનું સામાન્યથી સ્વરૂપ બતાવ્યું. હવે અઢીદ્વીપમાં જંબૂદ્વીપથી અતિરિક્ત ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધના મેરુપર્વત આદિનું સ્વરૂપ બતાવે છે –

ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધમાં ચાર મેરુઓ રહેલા છે, જે જંબૂદ્વીપના મેરુપર્વતથી કાંઈક નાના છે, તેથી તેને ક્ષુદ્રમંદર કહેલ છે અર્થાત્ નાના પર્વતો કહેલા છે. તે મોટા મેરુપર્વતથી પંદર હજાર યોજન હીન ઊંચાઈમાં છે અને ભૂમિમાં છસો યોજન હીન વિષ્કંભવાળા છે. એથી એ પ્રાપ્ત થાય કે જંબૂદ્વીપનો મેરુ એક લાખ યોજનનો છે અને ધાતકીખંડ, પુષ્કરાર્ધના ચાર મેરુપર્વતો ૮૫ હજાર યોજનની ઊંચાઈવાળા છે. જંબૂદ્વીપના મેરુપર્વતની જમીનમાં પહોળાઈ દશ હજાર યોજનની છે, જ્યારે ધાતકીખંડ અને પુષ્કરાર્ધના મેરુની પહોળાઈ નવ હજાર ચારસો યોજન છે. તે ચારેય મેરુનો પ્રથમ કાંડ જંબૂદ્વીપના મેરુ જેટલો છે, બીજો કાંડ સાત હજાર યોજન ન્યૂન છે. અર્થાત્ છપ્પન હજાર યોજન પ્રમાણ છે અને ત્રીજો કાંડ આઠ હજાર યોજન ન્યૂન છે અર્થાત્ અઠ્ઠાવીસ હજાર યોજનનો ત્રીજો કાંડ છે. વળી જંબૂદ્વીપના મેરુ જેવા જ ધાતકીખંડ અને પુષ્કરાર્ધના ચારેય મેરુપર્વતમાં ભદ્રશાલવન અને નંદનવન છે. વળી બીજા કાંડમાં પંચાવન હજાર પાંચસો યોજન ઉપરમાં સૌમનસવન છે, જે મોટા મેરુની જેમ પાંચસો યોજન વિસ્તૃત છે. ત્યારપછી અઠ્ઠાવીસ હજાર યોજન ઉપર પાંડુકવન છે. જે ચારસો ચોરાણું યોજન વિસ્તૃત છે અર્થાત્ જંબૂદ્વીપના મેરુતુલ્ય છે. વળી મેરુપર્વતના ત્રીજા કાંડના ઉપરમાં જંબૂદ્વીપના મેરુમાં જેમ હજાર યોજન વિષ્કંભ છે, તેટલો જ વિષ્કંભ ધાતકીખંડ અને પુષ્કરાર્ધના નાના મેરુઓનો છે. જંબૂદ્વીપનો મેરુ જેમ ભૂતળમાં હજાર યોજન અવગાહનાવાળો છે તેમ ધાતકીખંડના પુષ્કરાર્ધના નાના મેરુઓ હજાર યોજન અવગાહનાવાળા છે. વળી જંબૂદ્વીપના મેરુની ચૂલિકા જે પ્રમાણે આયામ-વિષ્કંભવાળી છે, તત્સમાન જ ધાતકીખંડ અને પુષ્કરાર્ધના નાના મેરુની પણ ચૂલિકા છે.

# ૧. જંબૂદ્વીપ




| | | |
|---|---|---|
| ૧. જંબૂદ્વીપ | ૯. મહાવિદેહ ક્ષેત્ર | ૧૭. વૈતાઢ્ય પર્વત |
| ૨. ભરતક્ષેત્ર | ૧૦. મેરુ પર્વત | ૧૮. વૃત્તની પરિધિ |
| ૩. વૈતાઢ્ય પર્વત | ૧૧. નીલ પર્વત | ૧૯. વૃત્તનું ક્ષેત્રફળ |
| ૪. હિમવંત પર્વત | ૧૨. રમ્યક્ ક્ષેત્ર | ૨૦. ઇચ્છિતની જ્યા |
| ૫. હિમવંત ક્ષેત્ર | ૧૩. રુક્મિ પર્વત | ૨૧. ઇષુ |
| ૬. મહાહિમવંત પર્વત | ૧૪. હિરણ્યવત ક્ષેત્ર | ૨૨. ધનુકાષ્ઠ |
| ૭. હરિવર્ષ ક્ષેત્ર | ૧૫. શિખરી પર્વત | ૨૩. જંબુદ્વીપનો વિષ્કંભ |
| ૮. નિષધ પર્વત | ૧૬. ઐરાવત ક્ષેત્ર | ૨૪. હિમવંતપર્વતની બાહુ |

## ગણિત

**વૃત્તની પરિધિ :-**

જંબૂદ્વીપનો વિષ્કંભ એક લાખ યોજન છે. તેનો વર્ગ કર્યા બાદ જે સંખ્યા આવે તેને દશથી ગુણીને તેનું વર્ગમૂળ કાઢતાં આવતી સંખ્યા જંબૂદ્વીપના વૃત્તની પરિધિ છે. તેની સંખ્યા ૩૧૬૨૨૭.૭૬૬૦૧૬ યોજન છે. તે ચિત્રમાં ૧૮મા ક્રમ તરીકે દર્શાવેલ છે.

**વૃત્તનું ક્ષેત્રફળ :-**

વૃત્તની પરિધિને વિષ્કંભના ચોથા ભાગથી ગુણતાં જે પ્રાપ્ત થાય તે વૃત્તનું ક્ષેત્રફળ છે.

જેમ જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭.૭૬૬૦૧૬ છે અને વિષ્કંભ ૧,૦૦,૦૦૦ યોજન છે. જંબૂદ્વીપના વિષ્કંભનો ચોથો ભાગ ૨૫૦૦૦ યોજન થાય, તેનાથી જંબૂદ્વીપની પરિધિને ગુણતાં ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન પ્રાપ્ત થાય, જે જંબૂદ્વીપનું ક્ષેત્રફળ છે. તે ચિત્રમાં ૧૯મા ક્રમ તરીકે દર્શાવેલ છે.

**ઈચ્છાક્ષેત્રની જ્યા :-**

જંબૂદ્વીપની જ્યાનો કોઈને બોધ હોય તેના બળથી જંબૂદ્વીપ અંતર્ગત ભરતક્ષેત્ર કે અન્ય પર્વતાદિની જ્યા કાઢવી હોય તેના માટેનું ગણિત બતાવે છે –

ઇચ્છા કરાયેલા એવા ભરત આદિ ક્ષેત્રની જે અવગાહના છે તે જંબૂદ્વીપની અવગાહનામાંથી બાદ કર્યા બાદ તેને ઇચ્છિત એવા ભરતક્ષેત્રની અવગાહનાથી ગુણવાથી જે વિષ્કંભ પ્રાપ્ત થાય તેને ચારથી ગુણીને તેનું વર્ગમૂળ કાઢવામાં આવે તો ઇચ્છિત એવા ભરતાદિ ક્ષેત્રની જ્યાની પ્રાપ્તિ થાય. તે રીતે જંબૂદ્વીપમાં રહેલા સર્વ પર્વત ક્ષેત્રાદિની જ્યાની પ્રાપ્તિ કરી શકાય છે.

જેમ ભરતક્ષેત્રની અવગાહના ૫૨૬ યોજન અને ૬ કળા છે તે અવગાહનાને ૧૦૦૦૦૦ યોજન આત્મક જંબૂદ્વીપની અવગાહનામાંથી બાદ કરવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય તેને ભરતક્ષેત્રની અવગાહનાથી ગુણવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય તેને ચારથી ગુણીને જે સંખ્યા મળે તેનું વર્ગમૂળ કાઢવાથી ૧૪૪૭૧ યોજન અને ૬ કળારૂપ ભરતક્ષેત્રની જ્યાની પ્રાપ્તિ થાય છે. જે ચિત્રમાં ૨૦મા ક્રમ તરીકે બતાવેલ છે.

**ઇચ્છિત ઇષુનું ગણિત :-**

કોઈની પાસે કોઈ ક્ષેત્રની જ્યાની સંખ્યા હોય તેના બળથી તે ક્ષેત્રનો ઇષુ કેટલા યોજન પ્રમાણ છે ? તે નક્કી કરવા અર્થે ગણિત બતાવે છે –

ભરતક્ષેત્રની જ્યાનો અને જંબૂદ્વીપના વિષ્કંભનો વર્ગ કર્યા બાદ જંબૂદ્વીપના વિષ્કંભના વર્ગમાંથી ભરતક્ષેત્રની જ્યાના વર્ગની સંખ્યાને બાદ કરવાથી પ્રાપ્ત સંખ્યાનું વર્ગમૂળ કરવાથી જે સંખ્યા આવે તેને વિષ્કંભથી બાદ કરવાથી જે સંખ્યા આવે તેને અર્ધ કરવાથી પ્રાપ્ત થતી સંખ્યા તે ઇચ્છિત ઇષુનું માપ છે.

જેમ કોઈની પાસે ભરતક્ષેત્રની જ્યા ૧૪૪૭૧ યોજન અને ૬ કળા છે તેવો બોધ છે અને જંબૂદ્વીપ લાખ

યોજનના વિષ્કંભવાળો છે તેનો બોધ છે. જંબૂદ્વીપના વિષ્કંભના વર્ગની સંખ્યામાંથી ભરતક્ષેત્રની જ્યાના વર્ગની સંખ્યાને બાદ કરવાથી આવેલ સંખ્યાના વર્ગમૂળને જંબૂદ્વીપના વિષ્કંભની સંખ્યામાંથી બાદ કરવાથી આવેલ સંખ્યાને અર્ધ કરવાથી આવેલ સંખ્યા ૫૨૬ યોજન અને ૬ કળા ભરતક્ષેત્રના ઇષુનું પ્રમાણ છે. તેને ચિત્રમાં ૨૧મા ક્રમ તરીકે બતાવેલ છે.

**ધનુકાષ્ઠનું ગણિત :-**

કોઈપણ ક્ષેત્રનું ધનુકાષ્ઠ કેટલા યોજન પ્રમાણ છે ? તે કાઢવાનું ગણિત બતાવે છે –

કોઈની પાસે ભરતક્ષેત્રના ઇષુનું જ્ઞાન હોય તેનો વર્ગ કરે અને તેને ૬થી ગુણે અને ભરતક્ષેત્રની જે જ્યા હોય તેના વર્ગને તેમાં ઉમેરે અને જે સંખ્યા આવે તેનું વર્ગમૂળ કાઢવાથી આવતી સંખ્યા ૧૪૫૨૮ યોજન અને ૧૧ કળા તે તે ભરતક્ષેત્રના ધનુકાષ્ઠનું પ્રમાણ છે. તેને ચિત્રમાં ૨૨મા ક્રમ તરીકે બતાવેલ છે.

**જંબૂદ્વીપનું વિષ્કંભનું ગણિત :-**

હવે ભરતાદિ કોઈપણ ક્ષેત્રની જ્યા અને ઇષુનું જ્ઞાન હોય તેના બળથી જંબૂદ્વીપના વિષ્કંભને કાઢવાનું ગણિત બતાવે છે –

કોઈ વ્યક્તિને ભરતક્ષેત્રની જ્યાનું જ્ઞાન હોય તે જ્યાનો વર્ગ કરે અને જે સંખ્યા આવે તેને ચારથી ભાગે અને જે સંખ્યા આવે તેના ઇષુનો વર્ગ ઉમેરે અને જે સંખ્યા આવે તેને ઇષુની સંખ્યાથી ભાગે અને જે સંખ્યા આવે તે તેની પ્રતિકૃતિના વૃત્તનો વિષ્કંભ છે=પ્રસ્તુતમાં ભરતક્ષેત્રની પ્રતિકૃતિરૂપ જંબૂદ્વીપનો વિષ્કંભ છે. તે રીતે ધાતકીખંડાદિમાં પણ વિષ્કંભની પ્રાપ્તિ કરી શકાય. પ્રસ્તુતમાં જંબૂદ્વીપનો વિષ્કંભ ૧૦૦૦૦૦ યોજન પ્રાપ્ત થાય છે. જેને ચિત્રમાં ૨૩મા ક્રમ તરીકે બતાવેલ છે.

**બાહુનું ગણિત :-**

ઉત્તર દિશામાં રહેલા કોઈક પર્વતાદિના ધનુકાષ્ઠથી દક્ષિણ દિશામાં રહેલ ક્ષેત્રના ધનુકાષ્ઠને બાદ કરવામાં આવે તો જે શેષ પ્રાપ્ત થાય તેનો અર્ધ ભાગ કરતાં પ્રાપ્ત થતી સંખ્યા (તે પર્વતની એક બાજુની) બાહા છે.

જેમ ભરતક્ષેત્રની ઉત્તર દિશામાં હિમવંત પર્વત છે તે પર્વતનો ધનુકાષ્ઠ ગ્રહણ કરવામાં આવે તો તેના ધનુકાષ્ઠ અંતર્ગત ભરતક્ષેત્રનો પણ ધનુકાષ્ઠ પ્રાપ્ત થાય છે; કેમ કે ભરતક્ષેત્ર દક્ષિણ ભાગમાં અલ્પ ભાગને અવગાહીને રહેલું છે તેનાથી ઉત્તરમાં હિમવંત પર્વત આવેલ છે. તેથી હિમવંત પર્વતના ધનુકાષ્ઠનું પ્રમાણ ગ્રહણ કરીને તેમાંથી ભરતના ધનુકાષ્ઠનું પ્રમાણ બાદ કરવામાં આવે તો હિમવંત પર્વતના બે બાજુના બે બાહુનું પ્રમાણ પ્રાપ્ત થાય અને તેનું અડધું કરવામાં આવે તો હિમવંત પર્વતની એક બાજુની બાહુનું પ્રમાણ પ્રાપ્ત થાય.

અત્યાર સુધી એક ક્ષેત્રના પ્રમાણના બળથી અન્યના ક્ષેત્રના પ્રમાણની પ્રાપ્તિ કરવાનું ગણિત બતાવ્યું એ ઉપાયથી દરેક ક્ષેત્રોના વૈતાઢ્યાદિ પર્વતોનો આયામ, વિષ્કંભ, જ્યા, ઇષુ અને ધનુકાષ્ઠના પરિમાણ

જાણવા. જેથી જંબૂદ્વીપમાં રહેલાં સર્વ સ્થાનોના ક્ષેત્રોનું પ્રમાણ તે પ્રમાણે કાઢી શકાય. તે રીતે જંબૂદ્વીપ સિવાયનાં ક્ષેત્રોનું પ્રમાણ આ ગણિતથી સર્વત્ર કાઢી શકાય. **॥૩/૧૧॥**

**અવતરણિકા :-**

**આ રીતે ગ્રંથકારશ્રીએ જંબૂદ્વીપમાં વર્તતા સર્વ પર્વતો વગેરેનું સંક્ષેપથી વર્ણન પૂરું કર્યું. હવે જંબૂદ્વીપથી અન્ય દ્વીપોના વર્ણનને કહેવાની ઇચ્છાથી કહે છે –**

**સૂત્ર :-**

**द्विर्धातकीखण्डे ।।३/१२।।**

**સૂત્રાર્થ :-**

**દ્વિ=દ્વિગુણ=જંબૂદ્વીપમાં જે પર્વતાદિ બતાવ્યાં તે સર્વ દ્વિગુણ, ધાતકીખંડમાં છે. ।।૩/૧૨।।**

**ભાષ્ય :-**

**ये एते मन्दरवर्षवंशधरा जम्बूद्वीपेऽभिहिता एते द्विगुणा धातकीखण्डे द्वाभ्यामिष्वाकारपर्वताभ्यां दक्षिणोत्तरायताभ्यां विभक्ताः, एभिरेव नामभिर्जम्बूद्वीपकसमसङ्ख्याः पूर्वार्धेऽपरार्धे च चक्रार-संस्थिता, निषधसमोच्छ्रायाः कालोदलवणजलस्पर्शिनो वंशधराः सेष्वाकारा अरविवरसंस्थिता वंशा इति ।।३/१२।।**

**ભાષ્યાર્થ :-**

**ये ..... इति ।। જે આ મંદર=મેરુપર્વત, વર્ષ=ક્ષેત્રો, અને વંશધરો=પર્વતો, જંબૂદ્વીપમાં કહેવાયા એ બે ગણા ધાતકીખંડમાં છે.**

કઈ રીતે ધાતકીખંડમાં દ્વિગુણરૂપે રહેલા છે ? તે સ્પષ્ટ કરે છે –

**દક્ષિણ ઉત્તર લંબાઈવાળા બે ઈષુ આકારવાળા પર્વતોથી વિભક્ત એવા દ્વિગુણ આ પર્વતાદિ છે, એમ અન્વય છે. અને આ જ નામ વડે=જંબૂદ્વીપના પર્વતાદિનાં નામો છે એ જ નામો વડે, જંબૂદ્વીપની સમ-સંખ્યાવાળા પૂર્વાર્ધમાં અને અપરાર્ધમાં પર્વતાદિ રહેલા છે.**

કઈ રીતે રહેલા છે ? તે સ્પષ્ટ કરે છે –

**ચક્રના આરાથી સંસ્થિત છે=ચક્રની નાભિમાં પ્રતિબદ્ધ આરાની જેમ રહેલા છે. વળી તે પર્વતો નિષધપર્વતની સમાન ઊંચાઈવાળા છે. વળી તે પર્વતો કાલોદધિ અને લવણસમુદ્રને સ્પર્શનારા છે. વળી તે પર્વતો સઈષુ આકારવાળા છે. અને તે પર્વતોની વચમાં સંસ્થિત વંશો છે=ક્ષેત્રો છે, તે બતાવવા માટે ભાષ્યમાં આરામાં વિવરમાં રહેલા વંશો છે એમ કહેલ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૩/૧૨।।**

**ભાવાર્થ :-**

જેમ ગાડીનાં પૈડાં મધ્ય ભાગમાં ગોળ હોય અને ચારે બાજુ આરા હોય તે આકારથી ધાતકીખંડ છે; કેમ કે ધાતકીખંડ મધ્યમાં ગોળ જંબૂદ્વીપ છે, જેની આજુબાજુ ગોળાકાર લવણસમુદ્ર છે, ત્યારપછી ગોળાકારે ધાતકીખંડ છે. ધાતકીખંડ ઇષુ આકારવાળા દક્ષિણ ઉત્તરમાં બે પર્વતોથી વિભક્ત છે. જંબૂદ્વીપમાં જેમ પર્વતો અને વંશો=ક્ષેત્રો, છે તે જ નામવાળા પર્વત અને ક્ષેત્રો ત્યાં છે. **॥૩/૧૨॥**

**સૂત્ર :-**

पुष्करार्धे ।।३/१३।।

**સૂત્રાર્થ :-**

**પુષ્કરાર્ધમાં ધાતકીખંડની જેમ સર્વ છે. ।।૩/૧૩।।**

**ભાષ્ય :-**

**यश्च धातकीखण्डे मन्दरादीनां सेष्वाकारपर्वतानां सङ्ख्याविषये नियमः स एव पुष्करार्धे वेदितव्यः । ततः परं मानुषोत्तरो नाम पर्वतो मानुष्यलोकपरिक्षेपी सुनगरप्राकार(वत्)वृतः पुष्करवरद्वीपार्धे निर्दिष्टः काञ्चनमयः, सप्तदशैकविंशानि योजनशतानि उच्छ्रितः चत्वारि त्रिंशानि क्रोशं चाधो धरणितलमवगाढः, योजनसहस्रद्वाविंशमधस्ताद् विस्तृतः, सप्तशतानि त्रयोविंशानि मध्ये, चत्वारि चतुर्विंशान्युपरीति । न कदाचिदस्मात् परतो जन्मतः संहरणतो वा चारणविद्याधरर्द्धिप्राप्ता अपि मनुष्या भूतपूर्वा भवन्ति भविष्यन्ति च, अन्यत्र समुद्घातोपपाताभ्यामत एव च मानुषोत्तर इत्युच्यते ।**

**तदेवमर्वाग्मानुषोत्तरस्यार्धतृतीया द्वीपाः, समुद्रद्वयं, पञ्च मन्दराः पञ्चत्रिंशत् क्षेत्राणि, त्रिंशद् वर्षधरपर्वताः, पञ्च देवकुरवः, पञ्चोत्तराः कुरवः, शतं षष्ट्यधिकं चक्रवर्त्तिविजयानाम् द्वे शते पञ्चपञ्चाशज्जनपदानाम्, अन्तरद्वीपाः षट्पञ्चाशदिति ।।३/१३।।**

**ભાષ્યાર્થ :-**

**य च ..... षट्पञ्चाशदिति ।। જે ધાતકીખંડમાં મેરુ આદિના ઈષુ આકારના પર્વતોના સંખ્યાના વિષયમાં નિયમ છે તે જ પુષ્કરવરદ્વીપાર્ધમાં જાણવું. ત્યારપછી માનુષોત્તર નામનો પર્વત મનુષ્ય-લોકનો પરિક્ષેપી સુનગરના પ્રાકારની જેમ ઘેરાયેલો પુષ્કરવરદ્વીપાર્ધમાં કાંચનમય બતાવાયો છે. તે માનુષોત્તર પર્વત સત્તરસો એકવીસ યોજન ઊંચો છે, ચારસો ત્રીસ યોજન અને એક ક્રોશ જમીનમાં અવગાઢ છે, ધરણિતલ પાસે એક હજાર બાવીસ યોજન વિસ્તારવાળો છે અર્થાત્ જાડાઈવાળો છે, મધ્યમાં સાતસો ત્રેવીસ યોજન છે, ઉપરમાં ચારસો ચોવીસ યોજન પ્રમાણ માનુષોત્તર પર્વત છે.**

**આનાથી પર=માનુષોત્તર પર્વતથી પર, ક્યારે પણ જન્મથી કોઈ મનુષ્યો ભૂતપૂર્વ નથી=ભૂતકાળમાં થયા નથી, વર્તમાનમાં થતા નથી અને ભવિષ્યમાં થશે નહીં. વળી, સંહરણથી કોઈ મનુષ્યો ભૂતકાળમાં મર્યા નથી, વર્તમાનમાં મરતા નથી અને ભવિષ્યમાં મરશે નહીં. વળી, ચારણ-વિદ્યાધર-ઋદ્ધિપ્રાપ્ત પણ મનુષ્યો ભૂતપૂર્વ કોઈ મર્યા નથી, વર્તમાનમાં મરતા નથી, ભવિષ્યમાં મરશે નહીં. સિવાય કે સમુદ્દ્ઘાત અને ઉપપાતથી ત્યાં પ્રાપ્તિ છે=મનુષ્યોની માનુષોત્તર પર્વતથી પર પ્રાપ્તિ છે. અને આથી જ=જન્મથી અને મૃત્યુથી ત્યાં મનુષ્યોની પ્રાપ્તિ નથી આથી જ, માનુષોત્તર એ પ્રમાણે કહેવાય છે.**

અઢીદ્વીપનાં સ્થાનોનું નિગમન કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

**આ રીતે માનુષોત્તરની પહેલાં અઢીદ્વીપો છે, બે સમુદ્રો છે, પાંચ મેરુપર્વતો છે, પાંત્રીસ ક્ષેત્રો છે, ત્રીસ પર્વતો છે, પાંચ દેવકુરુ છે, પાંચ ઉત્તરકુરુઓ છે, ચક્રવર્તીના છ ખંડોવાળી એકસો સાઈઠ વિજયો છે, બસો પંચાવન આર્ય દેશો છે, છપ્પન અંતરદ્વીપો છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૩/૧૩॥**

**ભાવાર્થ :-**

જે પ્રમાણે ધાતકીખંડમાં ઇષુના આકારવાળા બે પર્વતોથી પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ આત્મક બે વિભાગ છે, તે પ્રમાણે પુષ્કરવરદ્વીપાર્ધમાં પણ ઇષુના આકારવાળા બે પર્વતોથી પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ આત્મક બે વિભાગ છે.

જંબૂદ્વીપના મેરુપર્વત આદિની સંખ્યાની જેમ જ ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ વિભાગમાં મેરુ, વર્ષધરપર્વત, ક્ષેત્ર આદિની સંખ્યા છે તેમ પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ વિભાગમાં પણ મેરુ, વર્ષધરપર્વતો અને ક્ષેત્ર આદિની સંખ્યા છે.

પુષ્કરવરદ્વીપ ધાતકીખંડથી દ્વિગુણ છે છતાં તે પુષ્કરવરદ્વીપ માનુષોત્તર પર્વતથી બે વિભાગમાં વિભક્ત છે. તેથી અડધા પુષ્કરવરદ્વીપમાં મનુષ્યક્ષેત્ર છે અને અડધા પુષ્કરવરદ્વીપમાં મનુષ્યો નથી, ત્યાં માનુષોત્તર પર્વત મનુષ્યલોકને પરિક્ષેપ કરીને રહેલો છે. જેમ સુંદર એવા નગરની રક્ષા માટે તેની ચોતરફ, ગોળાકારે કિલ્લો વીંટળાઈને રહેલો હોય તેમ માનુષોત્તરપર્વત પુષ્કરવરદ્વીપાર્ધમાં વીંટળાઈને રહેલો છે. આ માનુષોત્તર પર્વત સુવર્ણમય છે, તે જમીનથી સત્તરસો એકવીસ યોજન ઊંચો છે, જમીનમાં ચારસો ત્રીસ યોજન અને એક કોશ અવગાઢ છે. સમતલભૂતળના સ્થાને તે માનુષોત્તર પર્વત એક હજાર બાવીસ યોજન જાડાઈવાળો છે અને ઉપર ઉપરમાં ઘટતો જાય છે. તેથી મધ્ય ભાગમાં સાતસો ત્રેવીસ યોજન પ્રાપ્ત થાય છે અને ઉપરના વિભાગમાં ચારસો ચોવીસ યોજન પ્રાપ્ત થાય છે.

માનુષોત્તર પર્વતની પેલી બાજુ કોઈ મનુષ્યો ક્યારેય જન્મતા નથી. તેથી જે કોઈ મનુષ્યોનો જન્મ થાય છે તે અઢીદ્વીપમાં જ થાય છે, અઢીદ્વીપની બહાર થતો નથી. સંહરણ કરીને કોઈ અઢીદ્વીપની બહાર લઈ

ગયું હોય તો તેમનું મૃત્યુ ત્યાં થતું નથી. વળી ચારણ, વિદ્યાધર, ઋદ્ધિપ્રાપ્ત મનુષ્યો પોતાની શક્તિથી ત્યાં જાય છે, પરંતુ કોઈ ત્યાં મૃત્યુ પામતા નથી, ફક્ત મનુષ્યોની અઢીદ્વીપની બહાર સમુદ્ઘાત અને ઉપપાતથી પ્રાપ્ત થાય છે. જેમ કેવલી સમુદ્ઘાત કરે ત્યારે તેમના આત્મપ્રદેશો ત્યાં પ્રાપ્ત થાય છે અથવા કોઈ મારણાંતિક સમુદ્ઘાતથી મૃત્યુ પામે ત્યારે પણ આત્મપ્રદેશો અઢીદ્વીપ બહાર પણ ફેલાયા હોય તેવું પ્રાપ્ત થાય છે. વળી કોઈ મનુષ્યને મૃત્યુ પામીને અઢીદ્વીપ બહાર કોઈ સ્થાનમાં પશુ આદિરૂપે જન્મ લેવાનું આયુષ્ય વિદ્યમાન હોય તે વખતે પણ તેના આત્મપ્રદેશો અઢીદ્વીપની બહારના તે ક્ષેત્રમાં પ્રાપ્ત થાય છે પરંતુ મનુષ્યશરીરથી અઢીદ્વીપ બહાર મૃત્યુને આશ્રયીને કે જન્મને આશ્રયીને કોઈની પ્રાપ્તિ થતી નથી. જન્મથી અને મૃત્યુથી મનુષ્યો ત્યાં પ્રાપ્ત થતા નથી. આથી જ તે પર્વતનું નામ માનુષોત્તર એ પ્રમાણે કહેવાયું છે અર્થાત્ મનુષ્યક્ષેત્રના ઉત્તરમાં તે પર્વત છે.

આ રીતે અઢીદ્વીપનું વર્ણન કર્યા પછી અઢીદ્વીપમાં દ્વીપો વગેરે કેટલા છે ? તેનું સંક્ષેપથી ભાષ્યકારશ્રી વર્ણન કરે છે –

માનુષોત્તર પર્વતથી પૂર્વે અઢીદ્વીપ છે અર્થાત્ એક જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અડધો પુષ્કરવરદ્વીપ એમ અઢી દ્વીપ છે અને બે સમુદ્ર છે=જંબૂદ્વીપની વલયાકારે લવણસમુદ્ર છે અને ધાતકીખંડના વલયાકારે કાલોદધિસમુદ્ર છે. વળી પાંચ મેરુઓ છે. જેમ જંબૂદ્વીપમાં એક મેરુ છે તેમ ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં બે બે મેરુ છે, તેથી પાંચ મેરુઓ છે. વળી જંબૂદ્વીપમાં સૂત્ર-૧૦માં બતાવ્યાં એવા ભરત, હિમવંત વગેરે સાત ક્ષેત્રો છે. તે પ્રમાણે ધાતકીખંડમાં પૂર્વમાં સાત અને પશ્ચિમમાં સાત અને પુષ્કરવરદ્વીપાર્ધમાં પણ પૂર્વમાં સાત અને પશ્ચિમમાં સાત ક્ષેત્રો છે. તેથી પર્વતોથી અવરુદ્ધ એવાં પાંત્રીસ ક્ષેત્રોની પ્રાપ્તિ છે. વળી સૂત્ર-૧૧માં બતાવ્યું એ પ્રમાણે જંબૂદ્વીપમાં ક્ષેત્રના વિભાગને કરનાર હિમવંતાદિ છ પર્વતો છે તેવા છ છ પર્વતો ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધમાં પૂર્વ અને પશ્ચિમમાં છે, તેથી કુલ ત્રીસ પર્વતોની પ્રાપ્તિ થાય છે. વળી, જેમ જંબૂદ્વીપમાં મધ્યમાં મેરુ પર્વત છે તેની ઉત્તર અને દક્ષિણમાં ઉત્તરકુરુ અને દેવકુરુ છે તેમ ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં મેરુપર્વતની ઉત્તરમાં ઉત્તરકુરુ છે અને દક્ષિણમાં દેવકુરુ છે. તેથી કુલ પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુની પ્રાપ્તિ થાય છે. વળી જંબૂદ્વીપના મહાવિદેહમાં જેમ બત્રીસ વિજયો છે, તેમ ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના ચાર વિદેહની બત્રીસ-બત્રીસ વિજયો થઈને પાંચ મહાવિદેહની કુલ એકસો સાઇઠ વિજયો છે, જેમાં ચક્રવર્તી થાય છે એથી ચક્રવર્તીની વિજયો એકસો સાઇઠ છે. વળી ભરતક્ષેત્રમાં જે મધ્યખંડ છે, તેમાં સાડા પચ્ચીસ આર્યદેશો છે. તે પ્રમાણે ઐરવતના સાડા પચ્ચીસ આર્યદેશો છે, તે પ્રમાણે ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધમાં ગણીને પાંચ ભરત અને પાંચ ઐરવતને આશ્રયીને બસો પંચાવન આર્યદેશો છે. જંબૂદ્વીપના ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રના વૈતાઢ્યપર્વતમાંથી જેમ દાઢા લવણસમુદ્રમાં નીકળે છે તેમ ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધમાં નથી. તેથી અંતરદ્વીપો અઢીદ્વીપમાં છપ્પન છે. ॥૩/૧૩॥

**ભાષ્ય :-**

**अत्राह–उक्तं भवता – "मानुषस्य स्वभावमार्दवार्जवत्वं च" (अ० ६, सू० १८) इति । तत्र के मनुष्याः ? क्व वेति ?, अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=અઢીદ્વીપનું વર્ણન કર્યું એ કથનમાં, કોઈ પ્રશ્ન કરે છે –**

શું પ્રશ્ન કરે છે ? એથી કહે છે –

**તમારા વડે કહેવાયું.**

શું કહેવાયું ? એ સ્પષ્ટ કરે છે –

**અધ્યાય-૬, સૂત્ર-૧૮માં કહેવાયું છે** "સ્વભાવથી માર્દવ-આર્જવપણું માનુષ્યઆશ્રવ છે=મનુષ્યભવની પ્રાપ્તિનું કારણ છે." **એ પ્રમાણે કહેવાયું ત્યાં=એ કથનમાં, કોણ મનુષ્યો છે ? અથવા ક્યાં છે ?**

**'इति' શબ્દ એ પ્રકારની જિજ્ઞાસાની સમાપ્તિમાં છે.**

**આમાં=શિષ્યએ કરેલી જિજ્ઞાસામાં, ઉત્તર અપાય છે –**

**સૂત્ર :-**

**प्राङ् मानुषोत्तरान्मनुष्याः ।।३/१४।।**

**સૂત્રાર્થ :-**

**માનુષોત્તરથી પૂર્વે મનુષ્યો છે. ।।૩/૧૪।।**

**ભાષ્ય :-**

**प्राङ् मानुषोत्तरात् पर्वतात् पञ्चत्रिंशत्सु क्षेत्रेषु सान्तरद्वीपेषु जन्मतो मनुष्या भवन्ति, संहरण-विद्यर्द्धियोगात् तु सर्वेष्वर्धतृतीयेषु द्वीपेषु समुद्रद्वये च समन्दरशिखरेष्विति । भारतका हैमवतका इत्येवमादयः क्षेत्रविभागेन, जम्बूद्वीपका लवणका इत्येवमादयो द्वीपसमुद्रविभागेनेति ।।३/१४।।**

**ભાષ્યાર્થ :-**

प्राङ्मानुषोत्तरात् ..... द्वीपसमुद्रविभागेनेति ।। **માનુષોત્તર પર્વતથી પૂર્વમાં અંતરદ્વીપો સહિત પાંત્રીસ ક્ષેત્રમાં જન્મથી મનુષ્યો હોય છે. સંહરણ, વિદ્યા અને ઋદ્ધિના યોગથી વળી મેરુપર્વતના શિખર સહિત સર્વ અઢીદ્વીપોમાં અને બે સમુદ્રોમાં મનુષ્યો હોય છે. વળી મનુષ્યો ભરતક્ષેત્રમાં થયેલા તે ભારતકા કહેવાય. હિમવંતક્ષેત્રમાં થયેલા હોય તે હિમવંતકા કહેવાય, ઈત્યાદિ મનુષ્યો ક્ષેત્ર વિભાગથી છે. વળી જંબૂદ્વીપમાં વર્તતા મનુષ્યો જંબૂદ્વીપકા કહેવાય. લવણસમુદ્રમાં જે દાઢાઓ નીકળે છે ત્યાં**

અંતરદ્વીપમાં જે રહેતા હોય તે લવણકા એ વગેરે દ્વીપ-સમુદ્રના વિભાગથી મનુષ્ય કહેવાય છે=જંબૂદ્વીપકા દ્વીપવિભાગથી મનુષ્યો કહેવાય છે અને લવણકા સમુદ્રવિભાગથી મનુષ્યો કહેવાય છે. ।।૩/૧૪।।

**સૂત્ર :-**

**आर्या म्लेच्छाश्च ।।३/१५।।**

**સૂત્રાર્થ :-**

**આર્યો અને મ્લેચ્છો એમ બે પ્રકારના મનુષ્યો છે. ।।૩/૧૫।।**

**ભાષ્ય :-**

द्विविधा मनुष्या भवन्ति—आर्या म्लेच्छाश्च, तत्रार्याः षड्विधाः-क्षेत्रार्याः, जात्यार्याः, कुलार्याः, कर्मार्याः, शिल्पार्याः, भाषार्या इति । तत्र क्षेत्रार्याः पञ्चदशसु कर्मभूमिषु जातास्तद्यथा—भरतेष्वर्धषड्विंशतिषु जनपदेषु जाताः शेषेषु च चक्रवर्तिविजयेषु । जात्यार्या इक्ष्वाकवो विदेहा हरयोऽम्बष्ठा ज्ञाताः कुरवः बुंबनाला उग्रा भोगा राजन्या इत्येवमादयः । कुलार्याः कुलकराः चक्रवर्तिनो बलदेवा वासुदेवा ये चान्ये आ तृतीयादा पञ्चमादा सप्तमाद् वा कुलकरेभ्यो वा विशुद्धान्वयप्रकृतयः । कर्मार्या यजनयाजनाध्ययनाध्यापनप्रयोगकृषिलिपिवाणिज्ययोनिपोषणवृत्तयः । शिल्पार्यास्तन्तुवायकुलालनापिततुन्नवायदेवटादयोऽल्पसावद्याः अगर्हिता जीवाः । भाषार्या नाम ये शिष्टभाषानियतवर्णं लोकरूढस्पष्टशब्दं पञ्चविधानामप्यार्याणां संव्यवहारं भाषन्ते । अतो विपरीता म्लिशः ।।३/१५।।

**ભાષ્યાર્થ :-**

द्विविधा ..... म्लिशः ।। બે પ્રકારના મનુષ્યો છે — આર્ય અને મ્લેચ્છ. ત્યાં આર્ય છ પ્રકારના છે. ક્ષેત્રથી આર્ય, જાતિથી આર્ય, કુલથી આર્ય, કર્મથી આર્ય, શિલ્પથી આર્ય અને ભાષાથી આર્ય.

'इति' શબ્દ આર્યના ભેદની સમાપ્તિ માટે છે.

ત્યાં=છ પ્રકારના આર્યોમાં, પંદર કર્મભૂમિમાં થયેલા ક્ષેત્રઆર્યો છે. તે આ પ્રમાણે — ભરત અને ઐરવતમાં સાડાપચ્ચીસ દેશોમાં થયેલા અને શેષ એવી ચક્રવર્તીની વિજયમાં થયેલા ક્ષેત્રઆર્ય છે. જાતિથી આર્ય ઈક્ષ્વાકુજાતિવાળા, વિદેહવાળા, હરિજાતિવાળા, અંબષ્ઠજાતિવાળા, જ્ઞાતકુલવાળા, કુરુજાતિવાળા, બુંવનાલજાતિવાળા, ઉગ્રજાતિવાળા, ભોગજાતિવાળા, રાજન્યજાતિવાળા એ વગેરે જાણવા.

કુલઆર્ય - કુલકરો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો છે અને જે અન્ય ત્રીજા કુલકરથી અથવા પાંચમા કુલકરથી અથવા સાતમા કુલકરથી વિશુદ્ધ અન્વય પ્રકૃતિવાળા છે તે કુલઆર્ય છે.

કર્મઆર્ય - યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, પ્રયોગ, કૃષિ, લિપિ, વાણિજ્ય અને યોનિપોષણથી જીવનારા કર્મઆર્ય કહેવાય છે.

શિલ્પઆર્ય - વણકર, કુંભાર, હજામ, તુન્નવાય, દેવટ આદિ અલ્પ સાવદ્યવાળા અને અગર્હિત જીવો છે.

ભાષાઆર્ય - જેઓ પાંચેય પ્રકારના આર્યોનો સંવ્યવહાર શિષ્ટ ભાષાથી નિયત વર્ણવાળું અને લોકરૂઢ સ્પષ્ટ શબ્દવાળું બોલે છે તે ભાષાઆર્ય છે.

આનાથી=પૂર્વમાં છ આર્યો કહ્યા તેનાથી, વિપરીત મ્લેચ્છો છે. આ છ પ્રકારના આર્યોથી ભિન્ન યુગલિકો અકર્મભૂમિમાં રહેલા અનાર્ય દેશમાં રહેલા સર્વ ક્ષેત્રથી મ્લેચ્છો છે. વળી, જાતિઆર્યો પણ પૂર્વમાં કહ્યા તે સિવાયના જાતિથી અનાર્ય પ્રાપ્ત થાય. તે રીતે અન્ય સર્વ પણ આર્યો તે તે અપેક્ષાએ જાણવા. એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય. ।।૩/૧૫।।

**નોંધ :–** સૂત્ર-૧૫નું ભાષ્ય અહીં પૂરું થાય છે. ત્યારપછી જે ભાષ્ય 'तद्यथा'થી છે તે સૂત્ર-૧૬માં જે ભાષ્ય છે, તેના પછી જોઈએ. કોઈક રીતે સૂત્ર-૧૫માં તેનો પ્રક્ષેપ થયો છે અને ટીકાકારશ્રીએ પણ માત્ર અંતરદ્વીપો મ્લેચ્છ સ્વીકાર્યા છે. આ સૂત્ર સાથે જ અંતરદ્વીપનો ભાગ ગ્રહણ કરેલ છે. તે વસ્તુ વિચારણીય છે. તેથી અમોએ અંતરદ્વીપને કહેનાર ભાષ્ય સૂત્ર-૧૬ પછી ગ્રહણ કરેલ છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

**અવતરણિકા :–**

સૂત્ર-૧૫માં બે પ્રકારના મનુષ્યો છે તેમ કહ્યું તેમાં આર્ય મનુષ્યો છ પ્રકારના છે તેમ ભાષ્યમાં કહ્યું અને ક્ષેત્રાર્ય પંદર કર્મભૂમિમાં થાય છે તેમ કહ્યું. તેથી હવે કર્મભૂમિ, અકર્મભૂમિ કઈ છે ? તે બતાવે છે –

**સૂત્ર :–**

भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ।।३/१६।।

**સૂત્રાર્થ :–**

દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને ભરત, ઐરાવત અને વિદેહ કર્મભૂમિઓ છે. ।।૩/૧૬।।

**ભાષ્ય :–**

मनुष्यक्षेत्रे भरतैरावतविदेहाः पञ्चदश कर्मभूमयो भवन्ति अन्यत्र देवकुरूत्तरकुरुभ्यः । संसार-दुर्गान्तगमकस्य सम्यग्दर्शनज्ञानचारित्रात्मकस्य मोक्षमार्गस्य ज्ञातारः कर्तार उपदेष्टारश्च भगवन्तः परमर्षयस्तीर्थकरा अत्रोत्पद्यन्ते, अत्रैव जाताः सिद्ध्यन्ति नान्यत्र, अतो निर्वाणाय कर्मणः सिद्धि-भूमयः कर्मभूमय इति, शेषास्तु विंशतिर्वंशाः सान्तरद्वीपा अकर्मभूमयो भवन्ति ।

तद्यथा – हिमवतः प्राक् पश्चाच्च चतसृषु विदिक्षु त्रीणि योजनशतानि लवणसमुद्रमवगाह्य चतसृणां मनुष्यविजातीनां चत्वारोऽन्तरद्वीपा भवन्ति त्रियोजनशतविष्कम्भायामाः, तद्यथा – एकोरुकाणां आभासिकानां लाङ्गूलिनां विषाणिनामिति १ । चत्वारि योजनशतान्यवगाह्य चतुर्योजनशतायामविष्कम्भाः एवमेव हयकर्णानां गजकर्णानां गोकर्णानां शष्कुलीकर्णानामिति २ । पञ्चयोजनशतान्यवगाह्य पञ्चयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा—गजमुखानां व्याघ्रमुखानामादर्शमुखानां गोमुखानामिति ३ । षड् योजनशतान्यवगाह्य तावदायामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा—अश्वहस्तिसिंहव्याघ्रमुखनामानः ४ । सप्त योजनशतान्यवगाह्य सप्तयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा—अश्वकर्णसिंहकर्णहस्तिकर्णकर्णप्रावरणनामानः ५ । अष्टौ योजनशतान्यवगाह्याष्टयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः, तद्यथा—उल्कामुखविद्युज्जिह्वमेषमुखविद्युद्दन्तनामानः ६ । नव योजनशतान्यवगाह्य नवयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपा भवन्ति, तद्यथा—घनदन्तगूढदन्तश्रेष्ठदन्तशुद्धदन्तनामानः ७ । एकोरुकाणामेकोरुकद्वीपः, एवं शेषाणामपि स्वनामभिस्तुल्यनामानो वेदितव्याः । शिखरिणोऽप्येवमेवेत्येवं षट्पञ्चाशदिति ।।

देवकुरूत्तरकुरवस्तु कर्मभूम्यभ्यन्तरा अप्यकर्मभूमय इति ।।३/१६।।

**ભાષ્યાર્થ :-**

मनुष्यक्षेत्रे ..... इति ।। દેવકુરુ અને ઉત્તરકુરુ છોડીને મનુષ્યક્ષેત્રમાં ભરત, ઐરાવત અને વિદેહ પંદર કર્મભૂમિઓ છે.

કર્મભૂમિનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

સંસારરૂપ દુર્ગના અંતના પ્રાપક એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક મોક્ષમાર્ગના જ્ઞાતા, કર્તા અને ઉપદેશ આપનારા ભગવાન પરમઋષિ, તીર્થંકરો આમાં જ ઉત્પન્ન થાય છે. આમાં જ ઉત્પન્ન થયેલા સિદ્ધ થાય છે, અન્યત્ર નહીં. આથી નિર્વાણ માટેનાં કર્મોની સિદ્ધિભૂમિઓ તે કર્મભૂમિ છે, વળી શેષ અંતરદ્વીપ સહિત વીસ ક્ષેત્રો અકર્મભૂમિ છે.

તે આ પ્રમાણે=તે અંતરદ્વીપો આ પ્રમાણે છે – હિમવંત પર્વતની પૂર્વ અને પશ્ચાત્ ચાર વિદિશામાં ત્રણસો યોજન લવણસમુદ્રમાં અવગાહન કરીને ચાર પ્રકારના મનુષ્ય વિજાતિના ચાર અંતરદ્વીપો છે. તે અંતરદ્વીપો ૩૦૦ યોજન વિષ્કંભના આયામવાળા છે. તે આ પ્રમાણે – એકોરુક મનુષ્યવિજાતિના, આભાસિક મનુષ્યવિજાતિના, લાંગુલિ મનુષ્યવિજાતિના અને વિષાણી મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપો છે, એમ પૂર્વ સાથે સંબંધ છે.

ચારસો યોજન અવગાહન કરીને ચારસો યોજન આયામ વિષ્કંભવાળા એ રીતે જ=જે રીતે પ્રથમના ચાર બતાવ્યા એ રીતે જ, હયકર્ણ મનુષ્યવિજાતિના, ગજકર્ણ મનુષ્યવિજાતિના, ગોકર્ણ

મનુષ્યવિજાતિના અને શષ્કુલીકર્ણ મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપો છે, એમ પૂર્વ સાથે સંબંધ છે.

પાંચસો યોજન અવગાહન કરીને પાંચસો યોજન આયામ વિષ્કંભવાળા ચાર અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે - ગજમુખ મનુષ્યવિજાતિના, વ્યાઘ્રમુખ મનુષ્યવિજાતિના, આદર્શમુખ મનુષ્યવિજાતિના અને ગોમુખ મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપો છે, એમ અન્વય છે.

છસો યોજન અવગાહન કરીને એટલા જ આયામ વિષ્કંભવાળા જ અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે - અશ્વમુખ મનુષ્યવિજાતિના, હસ્તિમુખ મનુષ્યવિજાતિના, સિંહમુખ મનુષ્યવિજાતિના અને વ્યાઘ્રમુખ મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપ છે, એમ અન્વય છે.

સાતસો યોજન અવગાહન કરીને સાતસો યોજન આયામ વિષ્કંભવાળા અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે — અશ્વકર્ણ મનુષ્યવિજાતિના, સિંહકર્ણ મનુષ્યવિજાતિના, હસ્તિકર્ણ મનુષ્યવિજાતિના અને કર્ણપ્રાવરણ મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપ છે, એમ અન્વય છે.

આઠસો યોજન અવગાહન કરીને આઠસો યોજન આયામ વિષ્કંભવાળા જ અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે — ઉલ્કામુખ મનુષ્યવિજાતિના, વિદ્યુજ્જિહ્વ મનુષ્યવિજાતિના, મેષમુખ મનુષ્યવિજાતિના અને વિદ્યુદ્દંત મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપ છે, એમ અન્વય છે.

નવસો યોજન અવગાહન કરીને નવસો યોજન આયામ વિષ્કંભવાળા જ અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે — ઘનદંત મનુષ્યવિજાતિના, ગૂઢદંત મનુષ્યવિજાતિના, શ્રેષ્ઠદંત મનુષ્યવિજાતિના અને શુદ્ધદંત મનુષ્યવિજાતિના ચાર અંતરદ્વીપ છે, એમ અન્વય છે.

ભાષ્યમાં એકોરુક મનુષ્યવિજાતિના દ્વીપ કહેલ છે તેનું નામ એકોરુકદ્વીપ છે. એ રીતે શેષ પણ સ્વનામથી તુલ્યનામવાળા=મનુષ્યોના નામથી તુલ્યનામવાળા, દ્વીપો જાણવા. શિખરીપર્વતમાં પણ આ રીતે જ=જે રીતે હિમવંત પર્વતમાં અટ્ઠાવીસ અંતરદ્વીપો બતાવ્યા એ રીતે જ, અટ્ઠાવીસ અંતરદ્વીપો છે. એથી આ રીતે=હિમવંતમાં અટ્ઠાવીસ અને શિખરીમાં અટ્ઠાવીસ છે એ રીતે, છપ્પન અંતરદ્વીપો છે.

વળી દેવકુરુ અને ઉત્તરકુરુ કર્મભૂમિ અંદર હોવા છતાં અકર્મભૂમિ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૩/૧૬॥

**ભાવાર્થ :-**

દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને ભરત, ઐરાવત અને મહાવિદેહ એ પંદર કર્મભૂમિ છે એ પ્રમાણે કહેવાથી એ પ્રાપ્ત થાય કે મહાવિદેહ સાથે સંલગ્ન દેવકુરુ અને ઉત્તરકુરુ છે, છતાં મહાવિદેહ સાથે સંલગ્ન એવા દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને બાકીનો મહાવિદેહનો ભાગ અને ભરત અને ઐરાવત ક્ષેત્ર એ પંદર કર્મભૂમિ છે; કેમ કે પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ છે. માટે પંદર કર્મભૂમિ છે.

અહીં પ્રશ્ન થાય કે કર્મભૂમિ શબ્દનો અર્થ શું છે ? તેથી ભાષ્યકારશ્રી કહે છે –

સંસારરૂપી જે દુર્ગ છે તેનો અંત કરનાર એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક મોક્ષમાર્ગ તે મોક્ષમાર્ગના જાણનારા, મોક્ષમાર્ગને કરનારા અને મોક્ષમાર્ગના ઉપદેશને દેનારા ભગવાન પરમઋષિ એવા તીર્થંકરો આ કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, અહીં ઉત્પન્ન થયેલા સિદ્ધ થાય છે, અન્યત્ર સિદ્ધ થતા નથી. આથી મોક્ષપ્રાપ્તિ માટેના કર્મની ભૂમિ તે કર્મભૂમિ કહેવાય, એ વ્યુત્પત્તિ અનુસાર આ પંદર કર્મભૂમિઓ છે; પરંતુ જ્યાં વાણિજ્યાદિક કૃત્યો થાય છે તે અપેક્ષાએ આ પંદર કર્મભૂમિઓ નથી, એ પ્રકારનો અર્થ ફલિત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંસાર ચાર ગતિઓના પરિભ્રમણરૂપ છે તેથી અનેક પ્રકારનાં દુઃખોથી ઘેરાયેલો છે, જેના અંતને કરનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે. તીર્થંકરો કેવલજ્ઞાન, કેવલદર્શન દ્વારા આ મોક્ષમાર્ગનું પરમાર્થિક સ્વરૂપ સમ્યગ્ રીતે જોનારા છે, એથી મોક્ષમાર્ગના જ્ઞાતા છે. અને છદ્મસ્થ જીવો તીર્થંકરના વચનના બળથી કાંઈક અંશથી મોક્ષમાર્ગને જાણી શકે છે, પૂર્ણ નહીં. આથી જ ચૌદપૂર્વધરો પ્રાતિભજ્ઞાનના અભાવને કારણે ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરી શકતા નથી. તીર્થંકરો મોક્ષમાર્ગને કરનારા છે=કયા પ્રકારનો મોક્ષમાર્ગ છે ? એને બતાવનારા છે, અને યોગ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપનારા છે. આવા તીર્થંકરો જે ભૂમિમાં ઉત્પન્ન થાય અને જ્યાંથી સિદ્ધ થાય તે કર્મભૂમિ છે. આવો અર્થ કરવાથી એ પ્રાપ્ત થાય કે મોક્ષમાર્ગને સેવવાને અનુકૂળ એવી જે ભૂમિ તે કર્મભૂમિ છે.

અંતરદ્વીપ સહિત શેષ વીસ ભૂમિઓ અકર્મભૂમિઓ છે, આ પ્રમાણે કહ્યા પછી વીસ ભૂમિઓનું વર્ણન સામાન્યથી ભાષ્યકારશ્રીએ પૂર્વમાં કરેલ; કેમ કે પૂર્વમાં સાત ક્ષેત્રો અને તેના વિભાગ કરનારા છ પર્વતો બતાવેલા તેનાથી જે સાત ભૂમિઓની પ્રાપ્તિ હતી તેમાં જંબૂદ્વીપની ત્રણ કર્મભૂમિ પ્રાપ્ત થાય, બાકીની ચાર અકર્મભૂમિની પ્રાપ્તિ થાય; એ રીતે ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપાર્ધમાં જંબૂદ્વીપ કરતાં દ્વિગુણ આઠ આઠ અકર્મભૂમિ પ્રાપ્ત થાય તેની સ્પષ્ટતા પૂર્વના ભાષ્યમાં થયેલ, પરંતુ અંતરદ્વીપરૂપ અકર્મભૂમિનું વર્ણન પૂર્વના કથનમાં ક્યાંય પ્રાપ્ત ન હતું, તેથી ભાષ્યકારશ્રી 'तद्यथा'થી અકર્મભૂમિનું વર્ણન કરે છે.

જંબૂદ્વીપની આજુબાજુ લવણસમુદ્ર ગોળાકાર રહેલો છે. જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર પછી હિમવંત પર્વત છે અને ઉત્તરદિશામાં ઐરાવત ક્ષેત્ર પછી શિખરી પર્વત છે. તે બંને પર્વતોમાં પૂર્વના ભાગથી અને પશ્ચાર્ધ ભાગથી ચાર વિદિશામાં ત્રણસો યોજન લવણસમુદ્રને અવગાહન કરીને ચાર પ્રકારની મનુષ્યજાતિવાળા ચાર અંતરદ્વીપો રહેલા છે. તે રીતે ક્રમશઃ ચારસો યોજન, પાંચસો યોજન, છસો યોજન, સાતસો યોજન, આઠસો યોજન અને નવસો યોજન ગયા પછી ક્રમશઃ ચારસો યોજનના, પાંચસો યોજનના, છસો યોજનના, સાતસો યોજનના, આઠસો યોજનના અને નવસો યોજનના આયામ વિષ્કંભવાળા ચાર-ચાર અંતરદ્વીપો છે. આ રીતે ભાષ્યમાં કહ્યું તે પ્રમાણે કુલ અઠ્ઠાવીસ અંતરદ્વીપો હિમવંત પર્વતના પ્રાપ્ત થાય છે અને અઠ્ઠાવીસ અંતરદ્વીપો શિખરીના પ્રાપ્ત થાય છે.

ભાષ્યકારશ્રીએ તે દ્વીપો અમુક સ્થાન સુધી મનુષ્યજાતિને આશ્રયીને બતાવેલા છે અને પાછળથી તે દ્વીપોનાં નામો જ બતાવેલાં છે. તેથી એને ભાષ્યકારશ્રી ખુલાસો કરે છે કે એકોરુક જાતિવાળા મનુષ્યોનો એકોરુક દ્વીપ છે, એ રીતે શેષ પણ આભાસિકાદિ મનુષ્યોનો આભાસિકદ્વીપ છે એમ જાણવું. પાછળથી તે મનુષ્યને ઉદ્દેશીને ઉલ્લેખ નહીં કરેલ હોવાથી અશ્વકર્ણ, સિંહકર્ણ આદિ દ્વીપોનાં નામ જાણવાં. આ રીતે હિમવંત પર્વતના અઠ્ઠાવીસ દ્વીપો બતાવ્યા પછી તે રીતે શિખરીને આશ્રયીને પણ અઠ્ઠાવીસ અંતરદ્વીપો ગ્રહણ કરવાથી છપ્પન અંતરદ્વીપોની પ્રાપ્તિ થાય છે, જેની સ્પષ્ટતા કર્યા પછી ભાષ્યકારશ્રી કહે છે કે મહાવિદેહ નામની કર્મભૂમિની અંદર દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્ર રહેલાં છે, તોપણ તે અકર્મભૂમિ છે. તેથી ત્યાં તીર્થંકરો આદિ થતા નથી, પરંતુ વીસે અકર્મભૂમિમાં અને છપ્પન અંતરદ્વીપોમાં યુગલિક મનુષ્યો થાય છે. **॥૩/૧૬॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત અધ્યાયમાં પ્રથમ જીવતત્ત્વના વર્ણન અંતર્ગત નારકોના વર્ણનનો પ્રારંભ કર્યો. નારકો અધોલોકમાં રહેલા છે તેથી અધોલોકનું વર્ણન કર્યું. ત્યાં નરકાવાસો કેટલા છે ? ઇત્યાદિ સંક્ષિપ્તથી કથન કર્યું. ત્યારપછી તિર્છાલોકનું વર્ણન કર્યું અને તિર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે તેનું કથન કર્યા પછી અઢીદ્વીપનું કાંઈક વિશેષતાથી વર્ણન કર્યું. તે અઢીદ્વીપમાં મનુષ્યો છે તે આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારના છે તેમ બતાવ્યા પછી તે મનુષ્યોના આયુષ્યની સ્થિતિ કેટલી છે તે બતાવે છે –**

**સૂત્ર :-**

**नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ।।३/१७।।**

**સૂત્રાર્થ :-**

**મનુષ્યની સ્થિતિ પર ત્રિપલ્યોપમ છે=ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ છે. અપરા સ્થિતિ=જઘન્ય આયુષ્ય, અંતર્મુહૂર્ત છે. ।।૩/૧૭।।**

**ભાષ્ય :-**

**नरो नरा मनुष्या मानुषा इत्यनर्थान्तरम् । मनुष्याणां परा स्थितिस्त्रीणि पल्योपमानि, अपरा अन्तर्मुहूर्तेति ।।३/१७।।**

**ભાષ્યાર્થ :-**

**नरो ..... अन्तर्मुहूर्तेति ।।**

નૃ શબ્દના પર્યાયવાચી શબ્દો કહે છે –

**નૃ શબ્દનો પ્રથમા બહુવચન નરઃ થાય છે તે, નરો, મનુષ્યો, માનુષો એ બધા અનર્થાંતર છે=નૃ**

શબ્દના જ પર્યાયવાચી શબ્દ છે. મનુષ્યોની પરાસ્થિતિ=ઉત્કૃષ્ટ આયુષ્ય, ત્રણ પલ્યોપમની છે. અપરાસ્થિતિ=જઘન્ય આયુષ્ય, અંતર્મુહૂર્તની છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ||૩/૧૭||

**અવતરણિકા :-**

પ્રથમ અધ્યાયમાં જીવ આદિ સાત તત્ત્વોના પરિજ્ઞાનથી સમ્યક્ત્વ થાય છે તેમ કહેલ. તેમાં જીવ આદિ સાત તત્ત્વોનો બોધ કઈ રીતે કરવો જોઈએ ? તે પ્રથમ અધ્યાયમાં બતાવેલ. ત્યારપછી બીજા અધ્યાયમાં જીવ કોણ છે ?, કેવા સ્વરૂપવાળો છે ? અને તેના ભેદો શું છે ? ઈત્યાદિ બતાવ્યાં. ત્યારપછી જીવના નારકાદિ ભેદો બતાવવા અર્થે પ્રથમ નારકીઓનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી મનુષ્યલોકનું સ્વરૂપ અને મનુષ્યના આયુષ્યની સ્થિતિ બતાવી. હવે તિર્ચ્છાલોકમાં રહેનારા તિર્યંચની આયુષ્ય સ્થિતિ બતાવે છે –

**સૂત્ર :-**

तिर्यग्योनीनां च ।।३/१८।।

**સૂત્રાર્થ :-**

**અને તિર્યંચયોનિવાળા જીવોની પરાસ્થિતિ અર્થાત્ ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ અને અપરાસ્થિતિ અર્થાત્ જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત છે. ||૩/૧૮||**

**ભાષ્ય :-**

तिर्यग्योनीनां च परापरे स्थिती त्रिपल्योपमान्तर्मुहूर्ते भवतो यथासङ्ख्यमेव, पृथक्करणं यथासङ्ख्यदोषविनिवृत्त्यर्थम्, इतरथा यद्येकमेव सूत्रमभविष्यत् उभयत्र चोभे यथासङ्ख्यं स्यातामिति । द्विविधा चैषां मनुष्यतिर्यग्योनिजानां स्थितिः-भवस्थितिः कायस्थितिश्च मनुष्याणां यथोक्ते त्रिपल्योपमान्तर्मुहूर्ते परापरे भवस्थिती, कायस्थितिस्तु परा सप्ताष्टौ वा भवग्रहणानीति । तिर्यग्योनिजानां च यथोक्ते समासतः परापरे भवस्थिती, व्यासतस्तु शुद्धपृथिवीकायस्य परा द्वादश वर्षसहस्राणि, खरपृथिवीकायस्य द्वाविंशतिः, अप्कायस्य सप्त, वायुकायस्य त्रीणि, तेजःकायस्य त्रीणि रात्रिंदिनानि, वनस्पतिकायस्य दश वर्षसहस्राणि, एषां कायस्थितिरसङ्ख्येया अवसर्पिण्युत्सर्पिण्यो वनस्पतिकायस्यानन्ताः, द्वीन्द्रियाणां भवस्थितिर्द्वादश वर्षाणि, त्रीन्द्रियाणामेकोनपञ्चाशद् रात्रिंदिनानि, चतुरिन्द्रियाणां षण्मासाः, एषां कायस्थितिः सङ्ख्येयानि वर्षसहस्राणि, पञ्चेन्द्रियतिर्यग्योनिजाः पञ्चविधाः । तद्यथा—मत्स्याः उरगाः परिसर्पाः पक्षिणश्चतुष्पदा इति । तत्र मत्स्यानामुरगाणां भुजगानां च पूर्वकोट्येव, पक्षिणां पल्योपमासङ्ख्येयभागः, चतुष्पदानां त्रीणि पल्योपमानि गर्भजानां

स्थितिः । तत्र मत्स्यानां भवस्थितिः पूर्वकोटिः, त्रिपञ्चाशद् उरगाणां, द्विचत्वारिंशद् भुजगानां, द्विसप्ततिः पक्षिणां, स्थलचराणां चतुरशीतिर्वर्षसहस्राणि सम्मूर्च्छिमानां भवस्थितिः । एषां कायस्थितिः सप्ताष्टौ भवग्रहणानि । सर्वेषां मनुष्यतिर्यग्योनिजानां कायस्थितिरप्यपरा अन्तर्मुहूर्तैवेति ।।३/१८।।

इति तत्त्वार्थाधिगमे लोकप्रज्ञप्तिर्नामा तृतीयोऽध्यायः समाप्तः ।।

**ભાષ્યાર્થ :-**

तिर्यग्योनीनां ..... अन्तर्मुहूर्तैवेति ।। અને તિર્યંચયોનિની પરા-અપરાસ્થિતિ યથાસંખ્ય જ=યથાક્રમ જ, ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત થાય છે. પૃથક્કરણ=સૂત્ર-૧૭ અને સૂત્ર-૧૮ એમ બે સૂત્રોનું પૃથક્કરણ, યથાસંખ્ય દોષની વિનિવૃત્તિ માટે છે. ઈતરથા=યથાસંખ્ય દોષની નિવૃત્તિ માટે સૂત્રનું પૃથક્કરણ કરવામાં ન આવે તો, એક જ સૂત્ર થાય=સૂત્ર-૧૭ અને સૂત્ર-૧૮ મળીને એક જ સૂત્ર થાય, તો ઉભયત્ર જ=મનુષ્ય અને તિર્યંચ ઉભયમાં જ, ઉભય=પરાસ્થિતિ ત્રણ પલ્યોપમ અને અપરાસ્થિતિ અંતર્મુહૂર્ત એ રૂપ ઉભય, યથાસંખ્ય થાય=મનુષ્યની પરાસ્થિતિ ત્રણ પલ્યોપમ છે અને તિર્યંચની અપરાસ્થિતિ અંતર્મુહૂર્ત છે એ પ્રકારે બોધ થાય.

'इति' શબ્દ સૂત્રના પૃથક્કરણના કથનની સમાપ્તિ માટે છે અને 'उभयत्र च'માં 'च' શબ્દ એવકાર અર્થમાં છે.

અને આ મનુષ્ય અને તિર્યંચ યોનિથી થનારાની બે પ્રકારે સ્થિતિ છે. ભવસ્થિતિ અને કાયસ્થિતિ. મનુષ્યોની યથાઉક્ત=સૂત્ર-૧૭માં કહ્યું એ પ્રમાણે, ત્રણ પલ્યોપમની પરા અને અંતર્મુહૂર્તની અપરા ભવસ્થિતિ છે. વળી કાયસ્થિતિ, પરા=પરાકાયસ્થિતિ, સાત આઠ ભવોના ગ્રહણરૂપ છે=બહુલતાએ મનુષ્યો મનુષ્યરૂપે સાત ભવ જ થાય છે, ક્વચિત્ આઠ ભવની પ્રાપ્તિ છે. અને તિર્યંચયોનિજોની= તિર્યંચોની, યથોક્ત=સૂત્ર-૧૮માં કહ્યું એ પ્રકારની, સમાસથી સર્વ તિર્યંચોના સંગ્રહથી પરા-અપરા ભવસ્થિતિ=ત્રણ પલ્યોપમની પરાભવસ્થિતિ છે અને અંતર્મુહૂર્તની અપરા-ભવસ્થિતિ છે.

વળી વિસ્તારથી=પૃથ્વીકાયાદિના ભેદથી, શુદ્ધ પૃથ્વીકાયની પરાસ્થિતિ બાર હજાર વર્ષની છે. ખર પૃથ્વીકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ હજાર વર્ષ છે. અપ્કાયની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત હજાર વર્ષ છે. વાઉકાયની ત્રણ હજાર વર્ષ છે. તેજસકાયની ત્રણ રાત્રિદિવસ છે અને વનસ્પતિકાયની દશ હજાર વર્ષની છે. આમની=એકેંદ્રિયની કાયસ્થિતિ અસંખ્યાતા અવસર્પિણી-ઉત્સર્પિણી તથા વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી છે.

બેઈન્દ્રિયની ભવસ્થિતિ બાર વર્ષની છે. તેઈન્દ્રિયની ભવસ્થિતિ ઓગણપચાસ રાત્રિદિવસની છે. ચઉરિંદ્રિયની ભવસ્થિતિ છ માસની છે. આમની=બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિંદ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષો છે. પંચેંદ્રિય તિર્યંચયોનિના જીવો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે — મત્સ્ય,

**ઉરગ=ઉરપરિસર્પ, પરિસર્પ=ભુજપરિસર્પ, પક્ષી અને ચતુષ્પદ. ત્યાં મત્સ્યોનું, ઉરગોનું અને ભુજગોનું= પરિસર્પોનું, પૂર્વકોટી જ વર્ષ આયુષ્ય છે, પક્ષીઓનું આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે અને ચતુષ્પદ એવા ગર્ભજતિર્યંચોની ત્રણ પલ્યોપમ પરા ભવસ્થિતિ છે.**

**ત્યાં=પૂર્વમાં મત્સ્યાદિની પરા ભવસ્થિતિ બતાવી ત્યાં, મત્સ્યોની ભવસ્થિતિ પૂર્વકોટી છે, ઉરગની ભવસ્થિતિ ત્રેપન હજાર વર્ષ છે. ભુજગની ભવસ્થિતિ બેતાલીસ હજાર વર્ષ છે. પક્ષીઓની ભવસ્થિતિ બોંતેર હજાર વર્ષ છે. સ્થલચરોની ભવસ્થિતિ ૮૪ હજાર વર્ષની છે. આ સર્વ ભવસ્થિતિ સંમૂર્ચ્છિમ જીવોની ભવસ્થિતિ છે.**

**આમની=પંચેંદ્રિયતિર્યંચની, કાયસ્થિતિ સાત, આઠ ભવ ગ્રહણરૂપ છે. સર્વ મનુષ્ય અને તિર્યંચોની અપર કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત જ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ॥૩/૧૮॥**

**આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમસૂત્રમાં લોકપ્રજ્ઞપ્તિ નામનો તૃતીય અધ્યાય સમાપ્ત થયો. ॥**

**ભાવાર્થ :-**

મનુષ્યોની જેમ તિર્યંચ યોનિવાળા જીવોની પણ તિર્યંચયોનિસામાન્યને આશ્રયીને વિચારીએ તો ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે; કેમ કે યુગલિક ક્ષેત્રમાં કે પહેલા આરામાં ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ આયુષ્યવાળા તિર્યંચો હોય છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે.

સૂત્ર-૧૭ અને સૂત્ર-૧૮ બે પૃથક્ કર્યા તેને બદલે સત્તરમા સૂત્રમાં નૃસ્થિતિની પાસે તિર્યંચ યોનિમાં શબ્દ ગ્રહણ કરીને એક સૂત્ર કરવામાં આવે તો શું દોષ આવે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

સૂત્ર પૃથક્કરણ કરવાથી યથાસંખ્ય દોષની નિવૃત્તિ થાય છે અર્થાત્ મનુષ્યની પરાસ્થિતિ ત્રણ પલ્યોપમની છે અને તિર્યંચની અપર સ્થિતિ અંતર્મુહૂર્તની છે એ પ્રકારે સૂત્ર યોજનનો ભ્રમ થાય. મનુષ્યોની સ્થિતિ પર=પ્રથમની, ત્રણ પલ્યોપમ ગ્રહણ કરવામાં આવે અને તિર્યંચોની સ્થિતિ અપર=પાછળની, અંતર્મુહૂર્ત ગ્રહણ કરવામાં આવે તો આ પ્રકારના દોષની પ્રાપ્તિ થાય. તે જ દોષ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

બે સૂત્ર ન કર્યાં હોત અને એક સૂત્ર કર્યું હોત તો મનુષ્યોની સ્થિતિ અને તિર્યંચોની સ્થિતિ બંનેમાં બંને=પર અને અપરરૂપ ત્રિપલ્યોપમ અને અંતર્મુહૂર્ત તે બંને, યથાસંખ્ય પ્રાપ્ત થાય, ફલસ્વરૂપે સૂત્રનો અર્થ અન્ય પ્રકારે પ્રાપ્ત થાત. માટે ગ્રંથકારશ્રીએ બે સૂત્ર પૃથક કર્યાં છે.

આ રીતે બતાવ્યાં પછી મનુષ્ય અને તિર્યંચોની બે પ્રકારની સ્થિતિ બતાવે છે –

(૧) ભવસ્થિતિ અને (૨) કાયસ્થિતિ.

જીવ જે ભવમાં હોય તે ભવનું આયુષ્ય તે ભવસ્થિતિ અને જીવ મનુષ્યભવરૂપ કાયામાં સળંગ કેટલી વખત પ્રાપ્ત થાય તે કાયસ્થિતિ. મનુષ્યોની પરા ભવસ્થિતિ ત્રણ પલ્યોપમની છે અને જઘન્ય ભવસ્થિતિ

અંતર્મુહૂર્તની છે તથા કાયસ્થિતિ સાત-આઠ ભવ-ગ્રહણ સુધી હોય છે, તેમ ભાષ્યકારશ્રીએ સામાન્યથી બતાવ્યું છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉત્કૃષ્ટથી મનુષ્ય પ્રાયઃ સાત ભવ જ પ્રાપ્ત કરે છે, ~~ક્વચિત્ આઠ ભવ~~ની પણ પ્રાપ્તિ થાય છે. તેનાથી અધિક મનુષ્ય મરીને મનુષ્ય એ પ્રકારે ભવની પ્રાપ્તિ થતી નથી. વળી તિર્યંચોના અવાંતરભેદના વિભાગ કર્યા વગર વિચારવામાં આવે ~~તો~~ મનુષ્યની જેમ જ તેમની પણ ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે અને અંતર્મુહૂર્તની જઘન્ય ભવસ્થિતિ છે; કેમ કે યુગલિક તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. તેનાથી વધારે કોઈપણ તિર્યંચોનું આયુષ્ય નથી અને જઘન્ય આયુષ્ય દરેકને અવશ્ય અંતર્મુહૂર્ત હોય છે.

આ રીતે તિર્યંચોની સામાન્ય ભવસ્થિતિ બતાવ્યા પછી તિર્યંચોના અવાંતરભેદને ગ્રહણ કરીને ભવસ્થિતિ બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

શુદ્ધ પૃથ્વીકાય=કોમળ એવી માટી, તેના જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ બાર હજાર વર્ષની છે. ખર પૃથ્વીકાય જીવોની=કઠણ પરિણામવાળા પત્થરાદિ પૃથ્વીકાયની, ઉત્કૃષ્ટ ભવસ્થિતિ બાવીસ હજાર વર્ષની છે. અપ્કાયના આયુષ્યની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ સાત હજાર વર્ષ છે. વાઉકાયના જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ હજાર વર્ષ છે. તેઉકાયના જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ દિવસરાત છે. અને વનસ્પતિકાયના જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ દશ હજાર વર્ષની છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આ સર્વ પૃથ્વીકાયાદિ જીવો કોઈ એવા સ્થાનોમાં જન્મ્યા હોય જ્યા ઉપઘાતની સામગ્રી ન હોય તો તેટલા ઉત્કૃષ્ટ આયુષ્યબંધને કારણે તે જીવો તેટલો કાળ જીવી શકે છે.

વળી આ બધા જીવોની કાયસ્થિતિ અસંખ્યાત અવસર્પિણી-ઉત્સર્પિણી છે. તેથી પૃથ્વીકાય-અપ્કાયાદિ પાંચેયમાં ક્રમસર કે અક્રમથી ભવો ગ્રહણ કરીને એકેન્દ્રિયરૂપે કોઈક જીવ અસંખ્યાત અવસર્પિણી-ઉત્સર્પિણી સુધી તેની તે જ કાયમાં રહી શકે છે. વળી વનસ્પતિકાય જીવોની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી છે; કેમ કે નિગોદમાં જીવ અનંતકાળથી ત્યાં ને ત્યાં જન્મને પ્રાપ્ત કરે છે.

વળી એકેન્દ્રિયની ભવસ્થિતિ અને કાયસ્થિતિ બતાવ્યા પછી વિકલેંદ્રિયની ભવસ્થિતિ બતાવે છે –

બેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષનું છે. તેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણપચાસ દિવસનું છે. ચઉરિંદ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ મહિનાનું છે. આનાથી એ પ્રાપ્ત થાય કે એકેન્દ્રિય જેટલું દીર્ઘાયુષ્ય વિકલેંદ્રિયમાં નથી, પરંતુ અતિ અલ્પાયુષ્ય હોય છે. વળી વિકલેંદ્રિય જીવોની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષોની છે.

એકેન્દ્રિય અને વિકલેંદ્રિયની ભવસ્થિતિ અને કાયસ્થિતિ બતાવ્યા પછી તિર્યંચપંચેંદ્રિયની ભવસ્થિતિ બતાવતાં કહે છે –

તિર્યંચપંચેંદ્રિય જીવો પાંચ પ્રકારના છે. તેમાં મત્સ્ય, ઉરગ અને પરિસર્પ એ ત્રણની ભવસ્થિતિ પૂર્વકોટી જ છે, તેથી તેઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું છે, અધિક નથી. પક્ષીઓનું આયુષ્ય પલ્યોપમનો

અસંખ્યાત ભાગ છે એથી અસંખ્યાત વર્ષની પ્રાપ્તિ થાય અને ચતુષ્પદ એવા પંચેંદ્રિય પ્રાણીઓ કે જે ગર્ભમાંથી ઉત્પન્ન થયા છે તેઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ છે.

આ રીતે ગર્ભજ તિર્યંચપંચેંદ્રિયોની ભવસ્થિતિ બતાવ્યા પછી તેઓની કાયસ્થિતિ બતાવે છે –

ભાષ્યમાં મત્સ્ય, ઉરગ અને ભુજગોનું પૂર્વકોટી આયુષ્ય છે એમ આ કથનના પૂર્વે જ કહેલ છે. તેથી અહીં ફરી મત્સ્ય આદિની જે ભવસ્થિતિનું કથન છે તે સંમૂર્ચ્છિમને આશ્રયીને છે. તેથી સંમૂર્ચ્છિમ એવા મત્સ્યોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પૂર્વક્રોડ વર્ષ છે. સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રેપન હજાર વર્ષ છે. સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ બેંતાલીસ હજાર વર્ષ છે. સંમૂર્ચ્છિમ પક્ષીઓની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ બોંતેર હજાર વર્ષ છે. સંમૂર્ચ્છિમ સ્થલચર જીવોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ચોર્યાશી હજાર વર્ષ છે. આ બધા તિર્યંચપંચેંદ્રિય જીવો પણ ફરીને તે પ્રકારનો પંચેંદ્રિયનો ભવ ઉત્કૃષ્ટથી સાત વખત અને ક્વચિત્ આઠ વખત પ્રાપ્ત કરી શકે છે, ત્યારપછી અવશ્ય અન્ય ભવને પ્રાપ્ત કરે છે. મનુષ્ય અને તિર્યંચ બધા જીવોની કાયસ્થિતિ પણ જઘન્ય અંતર્મુહૂર્ત છે અર્થાત્ ભવસ્થિતિ અંતર્મુહૂર્ત છે તેમ કાયસ્થિતિ પણ અંતર્મુહૂર્ત છે. **॥૩/૧૮॥**

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમસૂત્રમાં લોકપ્રજ્ઞપ્તિ નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત થયો.

**॥ ત્રીજો અધ્યાય સમાપ્ત ॥**

❖ ❖ ❖

# ।। चतुर्थोऽध्यायः ।।

**ભાષ્ય :-**

**अत्राह – उक्तं भवता** 'भवप्रत्ययोऽवधिर्नारकदेवानाम्' **(अ० १, सू० २२) इति, तथौदयिकेषु भावेषु देवगतिरिति,** 'केवलिश्रुतसङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य' **(अ० ६, सू० १४),** 'सरागसंयमादयो दैवस्य' **(अ० ६, सू० २०) इति,** 'नारकसम्मूर्च्छिनो नपुंसकानि, न देवाः' **(अ० २, सू० ५०-५१) । तत्र के देवाः ? कतिविधा वेति ? । अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=ચોથા અધ્યાયના પ્રારંભમાં, શંકા કરે છે – તમારા વડે કહેવાયું** "નારક અને દેવોને ભવપ્રત્યય અવધિ છે." **(અ૦ ૧, સૂ૦ ૨૨)**

**'इति' શબ્દ સૂત્રની સમાપ્તિમાં છે.**

**અને ઔદયિકભાવોમાં દેવગતિ છે, એ પ્રમાણે કહેવાયું.**

"કેવલી, શ્રુત, સંઘ, ધર્મ અને દેવનો અવર્ણવાદ દર્શનમોહનો=દર્શનમોહનો આશ્રવ થાય છે." **(અ૦ ૬, સૂ૦ ૧૪)** "સરાગસંયમાદિ દેવના=દેવ આયુષ્યના, આશ્રવ થાય છે." **(અ૦ ૬, સૂ૦ ૨૦)** "નારક સંમૂર્ચ્છિમ નપુંસક છે, દેવો નથી." **(અ૦ ૨, સૂ૦ ૫૦-૫૧) એ પ્રમાણે કહેવાયું ત્યાં=આ સર્વ કથનમાં, દેવો કોણ છે ? અને કેટલા પ્રકારના છે ? એ પ્રકારે કોઈની શંકા છે.**

**'इति' શબ્દ શંકાની સમાપ્તિમાં છે.**

**અહીં=આ પ્રકારની જિજ્ઞાસામાં, ઉત્તર આપે છે –**

**સૂત્ર :-**

देवाश्चतुर्निकायाः ।।४/१।।

**સૂત્રાર્થ :-**

**ચાર નિકાયવાળા દેવો છે. ।।૪/૧।।**

**ભાષ્ય :-**

**देवाश्चतुर्निकाया भवन्ति, तान् पुरस्ताद् वक्ष्यामः ।।४/१।।**

**ભાષ્યાર્થ :-**

देवाश्चतुर्निकाया ..... वक्ष्यामः ।। **દેવો ચાર નિકાયવાળા હોય છે, તેમને=તે દેવોને, અમે આગળ કહીશું. ।।૪/૧।।**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧માં કહ્યું કે ચાર નિકાયવાળા દેવો છે. તે ચાર નિકાયમાંથી ત્રીજી નિકાયવાળા સૂર્ય-ચંદ્ર આદિ જ્યોતિષદેવો પ્રત્યક્ષ છે. તેથી તેઓને પ્રથમ બતાવે છે, જેથી પ્રત્યક્ષથી દેવોના અસ્તિત્વનો સ્વીકાર થઈ શકે છે.**

**સૂત્ર :-**

**तृतीयः पीतलेश्यः ।।४/२।।**

**સૂત્રાર્થ :-**

**તૃતીય=ચાર નિકાયમાંથી ત્રીજી નિકાયવાળા દેવો, પીતલેશ્યાવાળા છે. ।।૪/૨।।**

**ભાષ્ય :-**

**तेषां-चतुर्णां देवनिकायानां तृतीयो देवनिकायः पीतलेश्य एव भवति कश्चासौ ? ज्योतिष्क इति ।।४/२।।**

**ભાષ્યાર્થ :-**

**तेषां ..... इति ।। તે ચાર નિકાયના દેવોની ત્રીજી દેવનિકાય પીતલેશ્યાવાળી જ છે. આ કોણ છે ?=પીતલેશ્યા નિકાયવાળા દેવ કોણ છે ? તેથી કહે છે – જ્યોતિષ્ક છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૪/૨।।**

**ભાવાર્થ :-**

ચાર પ્રકારના નિવાસસ્થાનોના ભેદથી ચાર પ્રકારના દેવો છે. જેમ ભુવનપતિનાં ભવનો છે અને વૈમાનિક દેવોનાં વિમાનો છે. એ પ્રકારના ભેદથી ચાર પ્રકારના દેવોમાંથી ત્રીજી દેવનિકાયવાળા જ્યોતિષ્ક દેવો છે, જેઓને પીતલેશ્યા છે. આ પીતલેશ્યા દ્રવ્યલેશ્યારૂપ છે. એથી તેઓને પ્રાયઃ તે દ્રવ્યલેશ્યાને અનુરૂપ ભાવલેશ્યા થવાનો સંભવ રહે, છતાં અન્ય ભાવલેશ્યાની પણ પ્રાપ્તિ જ્યોતિષ્કને થઈ શકે છે. **।।૪/૨।।**

**અવતરણિકા :-**

**તે ચાર નિકાયવાળા દેવો અવાંતર સંખ્યાના ભેદથી બતાવે છે –**

**સૂત્ર :-**

**दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ।।४/३।।**

**સૂત્રાર્થ :-**

**દશ, આઠ, પાંચ અને બાર એ વિકલ્પવાળા કલ્પોપપન્ન પર્યંત ચાર નિકાયવાળા દેવો છે. ।।૪/૩।।**

**ભાષ્ય :-**

**ते च देवनिकाया यथासङ्ख्यमेवंविकल्पा भवन्ति, तद्यथा — दशविकल्पा भवनवासिनः असुरादयो वक्ष्यन्ते । अष्टविकल्पा व्यन्तराः किन्नरादयः । पञ्चविकल्पा ज्योतिष्काः सूर्यादयः । द्वादशविकल्पा वैमानिकाः कल्पोपपन्नपर्यन्ताः सौधर्मादिष्वपि ।।४/३।।**

**ભાષ્યાર્થ :-**

**ते च ..... सौधर्मादिष्वपि ।। અને તે દેવનિકાયો યથાસંખ્ય આવા વિકલ્પવાળા થાય છે. તે આ પ્રમાણે — દશ વિકલ્પવાળા ભવનવાસી અસુરાદિ કહેવાશે. આઠ વિકલ્પવાળા=આઠ ભેદવાળા, વ્યંતરો કિન્નરાદિ કહેવાશે. પાંચ વિકલ્પવાળા જ્યોતિષ્ક સૂર્ય આદિ કહેવાશે. કલ્પોપપન્નપર્યંત=ઇંદ્રાદિ દશ ભેદોના કલ્પથી ઉત્પન્ન અંતવાળા, સૌધર્માદિમાં બાર વિકલ્પવાળા વૈમાનિક દેવો પણ કહેવાશે. ।।૪/૩।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૧માં ચાર નિકાયવાળા દેવો કેટલા તે બતાવ્યું. તે ચાર નિકાયવાળા દેવોમાંથી અસુરકુમાર આદિ ભવનવાસી, કિન્નર આદિ વ્યંતરો, સૂર્ય આદિ જ્યોતિષ્ક અને સૌધર્મ આદિ વૈમાનિક છે. આ ચાર નિકાયવાળા દેવતાઓના અવાંતર ભેદોની સંખ્યા પ્રસ્તુત સૂત્રમાં બતાવેલ છે. તે પ્રમાણે ભવનવાસીના દશ ભેદો છે, વ્યંતર દેવોના આઠ ભેદો છે, જ્યોતિષ્કના પાંચ ભેદો છે અને વૈમાનિક બાર ભેદો છે. આ વૈમાનિક સુધીના દેવતાઓમાં ઇન્દ્ર-સામાનિક આદિ ભેદપૂર્વકની વ્યવસ્થા છે, એથી તેઓ કલ્પથી ઉપપન્ન છે. **।।૪/૩।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ચાર નિકાયવાળા દેવોના અવાંતર ભેદોની સંખ્યા બતાવી. હવે તે દરેક નિકાયમાં ઈન્દ્ર વગેરે દશ ભેદો હોય છે, તે બતાવવા અર્થે કહે છે —**

**સૂત્ર :-**

**इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषद्यात्मरक्षलोकपालानीकप्रकीर्णकाभियोग्य-किल्बिषिकाश्चैकशः ।।४/४।।**

**સૂત્રાર્થ :-**

**ઈન્દ્ર, સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશદ્ દેવો, પારિષદ્ય, આત્મરક્ષક દેવો, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક એક એક દેવ નિકાયના છે. ।।૪/૪।।**

**ભાષ્ય :-**

एकैकशश्चैतेषु देवनिकायेषु देवा दशविधा भवन्ति । तद्यथा – इन्द्राः, सामानिकाः, त्रायस्त्रिंशाः, पारिषद्याः, आत्मरक्षाः, लोकपालाः, अनीकाधिपतयः, अनीकानि, प्रकीर्णकाः, आभियोग्याः, किल्बिषिकाश्चेति । तत्रेन्द्रा भवनवासिव्यन्तरज्योतिष्कविमानाधिपतयः । इन्द्रसमानाः सामानिकाः अमात्यपितृगुरूपाध्यायमहत्तरवत् केवलमिन्द्रत्वहीनाः । त्रायस्त्रिंशाः मन्त्रिपुरोहितस्थानीयाः । पारिषद्याः वयस्यस्थानीयाः । आत्मरक्षाः-शिरोरक्षस्थानीयाः । लोकपाला आरक्षि(क्ष)कार्थचरस्थानीयाः । अनीकाधिपतयो-दण्डनायकस्थानीयाः । अनीकानि-अनीकस्थानीयान्येव । प्रकीर्णकाः-पौरजनपदस्थानीयाः । आभियोग्याः-दासस्थानीयाः । किल्बिषाः-अन्तस्थस्थानीया इति ।।४/४।।

**ભાષ્યાર્થ :-**

एकैकशश्चैतेषु ..... इति ।। ચાર દેવનિકાયમાં એકેકના દશ પ્રકારના ભેદો હોય છે. તે આ પ્રમાણે – ઇન્દ્રો, સામાનિકદેવો, ત્રાયસ્ત્રિંશદ્દેવો, પારિષદ્યદેવો, આત્મરક્ષકદેવો, લોકપાલદેવો, સેનાધિપતિદેવો, સૈનિકદેવો, પ્રકીર્ણકદેવો, આભિયોગિકદેવો અને કિલ્બિષિકદેવો.

'इति' શબ્દ દશ ભેદોની સમાપ્તિ માટે છે.

ત્યાં=દશ ભેદોમાં, ઇન્દ્રો ભવનવાસીના અધિપતિ છે, વ્યંતરના અધિપતિ છે, જ્યોતિષ્કના અધિપતિ છે અને વિમાનના અધિપતિ છે.

ઇન્દ્ર સમાન સામાનિકદેવો છે (અને) સામાનિકદેવો અમાત્ય, પિતા, ગુરુ ઉપાધ્યાય, મહત્તર જેવા છે, કેવલ ઇન્દ્રપણાથી હીન છે. ત્રાયસ્ત્રિંશદ્દેવો મંત્રી અને પુરોહિતસ્થાનીય છે. પારિષદ્યદેવ મિત્રસ્થાનીય છે. આત્મરક્ષકદેવો મસ્તકના રક્ષકસ્થાનીય છે. લોકપાલદેવો આરક્ષક, અર્થચરસ્થાનીય છે. સેનાધિપતિદેવો દંડનાયકસ્થાનીય છે. અનીકદેવો સૈન્યસ્થાનીય જ છે, પ્રકીર્ણકદેવો નગરના જનપદસ્થાનીય છે. આભિયોગિકદેવો દાસસ્થાનીય છે. કિલ્બિષિકદેવો અંતસ્થસ્થાનીય છે=ચાંડાલસ્થાનીય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૪/૪।।

**અવતરણિકા :-**

ચાર નિકાયમાં સામાન્ય સૂત્રાનુસાર દશ પ્રકારના ભેદોની પ્રાપ્તિ થતી હોવાથી તેના વિષયમાં અપવાદને કહે છે –

**સૂત્ર :-**

त्रायस्त्रिंशलोकपालवर्जा व्यन्तरज्योतिष्काः ।।४/५।।

**સૂત્રાર્થ :-**

ત્રાયસ્ત્રિંશદ્દેવ અને લોકપાલદેવ વર્જ્ય વ્યંતર અને જ્યોતિષ્ક દેવો છે. ।।૪/૫।।

**ભાષ્ય :-**

**व्यन्तरज्योतिष्काश्चाष्टविधा भवन्ति, त्रायस्त्रिंशलोकपालवर्जा इति ।।४/५।।**

**ભાષ્યાર્થ :-**

**व्यन्तरज्योतिष्का ..... इति ।। વ્યંતર અને જ્યોતિષ્ક દેવો આઠ પ્રકારના છે.**

કેમ આઠ પ્રકારના છે ? એથી કહે છે –

**ત્રાયસ્ત્રિંશદ્દેવ અને લોકપાલદેવ રહિત છે, માટે આઠ પ્રકારના છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૪/૫।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ચાર નિકાયના દેવોમાં ઈન્દ્રાદિ કેટલા વિભાગો છે ? તે બતાવ્યા. તેથી હવે કઈ નિકાયમાં કેટલા ઈન્દ્રો છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**पूर्वयोर्द्वीन्द्राः ।।४/६।।**

**સૂત્રાર્થ :-**

**પૂર્વ બે નિકાયમાં=ભવનવાસી અને વ્યંતરરૂપ બે નિકાયમાં, બે બે ઈન્દ્રો છે. ।।૪/૬।।**

**ભાષ્ય :-**

**पूर्वयोर्देवनिकाययोर्भवनवासिव्यन्तरयोर्देवविकल्पानां द्वौ द्वाविन्द्रौ भवतः । तद्यथा – भवनवासिषु तावद् द्वावसुरकुमाराणां इन्द्रौ भवतः-चमरो बलिश्च, नागकुमाराणां धरणो भूतानन्दश्च । विद्युत्कुमाराणां हरिर्हरिसहश्च, सुपर्णकुमाराणां वेणुदेवो वेणुदारी च, अग्निकुमाराणां अग्निशिखोऽग्निमाणवश्च, वातकुमाराणां वेलम्बः प्रभञ्जनश्च, स्तनितकुमाराणां सुघोषो महाघोषश्च, उदधिकुमाराणां जलकान्तो जलप्रभश्च, द्वीपकुमाराणां पूर्णो वशिष्ठश्च, दिक्कुमाराणाममितगतिरमितवाहनश्चेति ।**

**व्यन्तरेष्वपि द्वौ किन्नराणामिन्द्रौ-किन्नरः किम्पुरुषश्च, किम्पुरुषाणां सत्पुरुषो महापुरुषश्चेति । महोरगाणामतिकायो महाकायश्च, गन्धर्वाणां गीतरतिर्गीतयशाश्च, यक्षाणां पूर्णभद्रो माणिभद्रश्च, राक्षसानां भीमो महाभीमश्च, भूतानां प्रतिरूपोऽतिरूपश्च, पिशाचानां कालो महा-कालश्चेति ।**

**ज्योतिष्काणां तु बहवः सूर्याश्चन्द्रमसश्च ।**

**वैमानिकानामेकैक एव । तद्यथा – सौधर्मे शक्रः, ई(ऐ)शाने ईशानः, सनत्कुमारे सनत्कुमार**

इति । एवं सर्वकल्पेषु स्वकल्पाह्वाः । परतस्त्विन्द्रादयो दश विशेषा न सन्ति, सर्व एव स्वतन्त्रा इति ।।४/६।।

**ભાષ્યાર્થ :-**

पूर्वयोः ..... इति ।। દેવ વિકલ્પના પૂર્વના બે નિકાયરૂપ ભવનવાસી અને વ્યંતરમાં બે બે ઈન્દ્રો છે. તે આ પ્રમાણે - ભવનવાસીમાં અસુરકુમારના બે ઈન્દ્રો હોય છે, ચમર અને બલિ. નાગકુમારના બે ઈન્દ્રો હોય છે, ધરણ અને ભૂતાનંદ. વિદ્યુત્કુમારના બે ઈન્દ્રો હોય છે, હરિ અને હરિસહ. સુપર્ણકુમારના બે ઈન્દ્રો હોય છે, વેણુદેવ અને વેણુદારી. અગ્નિકુમારના બે દેવો હોય છે, અગ્નિશિખ અને અગ્નિમાણવ. વાતકુમારના બે ઈન્દ્રો હોય છે, વેલંબ અને પ્રભંજન. સ્તનિતકુમારના બે ઈન્દ્રો હોય છે, સુઘોષ અને મહાઘોષ. ઉદધિકુમારના બે ઈન્દ્રો હોય છે, જલકાંત અને જલપ્રભ. દીપકુમારના બે ઈન્દ્રો હોય છે, પૂર્ણ અને વશિષ્ઠ. દિક્કુમારના બે ઈન્દ્રો હોય છે, અમિતગતિ અને અમિતવાહન.

વ્યંતરમાં પણ કિન્નરના બે ઈન્દ્રો હોય છે, કિન્નર અને કિંપુરુષ. કિંપુરુષોના બે ઈન્દ્રો હોય છે, સત્પુરુષ અને મહાપુરુષ. મહોરગના બે ઈન્દ્રો હોય છે, અતિકાય અને મહાકાય. ગંધર્વના બે ઈન્દ્રો હોય છે, ગીતરતિ અને ગીતયશા. યક્ષોના બે ઈન્દ્રો હોય છે, પૂર્ણભદ્ર અને માણિભદ્ર. રાક્ષસોના બે ઈન્દ્રો હોય છે, ભીમ અને મહાભીમ. ભૂતોના બે ઈન્દ્રો હોય છે, પ્રતિરૂપ અને અપ્રતિરૂપ. પિશાચોના બે ઈન્દ્રો હોય છે, કાલ અને મહાકાલ.

વળી જ્યોતિષ્કના ઘણા સૂર્ય અને ચંદ્ર આત્મક ઈન્દ્રો હોય છે. વૈમાનિકોના એકેક જ ઈન્દ્રો હોય છે, તે આ પ્રમાણે — સૌધર્મદેવલોકમાં શક્ર ઈન્દ્ર છે, ઈશાન દેવલોકમાં ઈશાન ઈન્દ્ર છે, સનત્કુમાર દેવલોકમાં સનત્કુમાર છે. એ રીતે સર્વ કલ્પોમાં સ્વકલ્પ=તે તે દેવલોકના, નામના ઈન્દ્રો જાણવા. પરથી=ત્યારપછીથી=બાર દેવલોક પછીથી, ઈન્દ્રાદિ દશ વિશેષો=સૂત્ર-૪/૪માં બતાવેલા ઈન્દ્રાદિ દશ ભેદો, નથી. સર્વ જ=બાર દેવલોક પછી નવ ગ્રૈવેયકાદિ સર્વ જ સ્વતંત્ર છે. અહમિન્દ્રો છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૪/૬।।

**અવતરણિકા :-**

પૂર્વમાં ભવનવાસી અને વ્યંતરદેવોના બે બે ઈન્દ્રો હોય છે, એમ કહ્યું. હવે તે ભવનવાસી અને વ્યંતરદેવો કઈ લેશ્યાવાળા હોય છે ? તે બતાવે છે —

**સૂત્ર :-**

**पीतान्तलेश्याः ।।४/७।।**

**સૂત્રાર્થ :-**

પીત અંતલેશ્યાવાળા પૂર્વના બે નિકાયવાળા દેવો હોય છે. ।।૪/૭।।

**ભાષ્ય :-**

**पूर्वयोर्निकाययोर्देवानां पीतान्ताश्चतस्रो लेश्या भवन्ति ।।४/७।।**

**ભાષ્યાર્થ :-**

**पूर्वयोः ..... भवन्ति ।। પૂર્વના નિકાયવાળા દેવોની=ભવનપતિ અને વ્યંતરરૂપ બે નિકાયવાળા દેવોની પીત અંતવાળી ચાર લેશ્યાઓ હોય છે. ।।૪/૭।।**

**ભાવાર્થ :-**

ભવનપતિ અને વ્યંતર દેવોમાં દેવભવકૃત કેટલાકને કૃષ્ણલેશ્યા, કેટલાકને નીલલેશ્યા, કેટલાકને કાપોતલેશ્યા અને કેટલાકને પીતલેશ્યા=તેજોલેશ્યા, હોય છે. ભવકૃત પ્રાપ્ત થયેલી દ્રવ્યલેશ્યાના બળથી પ્રાયઃ કરીને તેઓને તે પ્રકારના મલિન કે સુંદર ભાવો થાય છે. છતાં જેમ નારકીના જીવોને અશુભલેશ્યા હોવા છતાં સમ્યક્ત્વપ્રાપ્તિકાલમાં ભાવથી શુભલેશ્યા પ્રાપ્ત થાય છે તેમ અશુભલેશ્યાવાળા દેવોને પણ તેવા નિમિત્ત પામીને ભાવથી શુભલેશ્યાની પ્રાપ્તિ થાય છે. વળી શુભલેશ્યાવાળા દેવોને પણ તેવા બળવાન નિમિત્તને પામીને ભાવથી અશુભલેશ્યા પણ થાય છે. **।।૪/૭।।**

**અવતરણિકા :-**

**આ વળી સર્વ પણ દેવો ત્રણ પ્રકારના હોય છે – દેવીવાળા સપ્રવીચારવાળા, અદેવીવાળા સપ્રવીચારવાળા અને અદેવીવાળા અપ્રવીચારવાળા. ત્યાં જે સદેવીવાળા અને સપ્રવીચારવાળા છે તેઓનું સ્વરૂપ કરે છે –**

**સૂત્ર :-**

**कायप्रवीचारा आ ऐशानात् ।।४/८।।**

**સૂત્રાર્થ :-**

**ઈશાન સુધી કાયપ્રવીચારવાળા હોય છે=કાયાથી દેવી સાથે ભોગને કરનારા હોય છે. ।।૪/૮।।**

**ભાષ્ય :-**

**भवनवास्यादयो देवा आ ऐशानात् कायप्रवीचारा भवन्ति । कायेन प्रवीचार एषामिति कायप्रवीचाराः । कायप्रवीचारो नाम मैथुनविषयोपसेवनम् । ते हि सङ्क्लिष्टकर्माणो मनुष्यवन्मैथुनसुखमनुप्रलीयमानास्तीव्रानुशयाः कायसङ्क्लेशजं सर्वाङ्गीणं स्पर्शसुखमवाप्य प्रीतिमुपलभन्त इति ।।४/८।।**

**ભાષ્યાર્થ :-**

**भवनवास्यादयः ..... इति ।। ઈશાનદેવલોક સુધીના ભવનવાસી આદિ દેવો કાયપ્રવીચારવાળા હોય છે.**

કાયપ્રવીચારનો સમાસ સ્પષ્ટ કરે છે –

**કાયાથી પ્રવીચાર છે જેઓને એવા દેવો કાયપ્રવીચારવાળા કહેવાય.**

પ્રવીચાર શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે -

**કાયાનો પ્રવીચાર એટલે મૈથુન વિષયનું સેવન=ભોગની ક્રિયાનું સેવન, તેઓ=ઈશાન સુધીના દેવો, સંક્લિષ્ટ કર્મવાળા મનુષ્યની જેમ મૈથુન સુખને અનુભવતા તીવ્ર અનુશયવાળા કાયસંક્લેશથી ઉત્પન્ન થયેલા સર્વ અંગવાળા સ્પર્શસુખને પ્રાપ્ત કરીને પ્રીતિને પામે છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૪/૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ચાર નિકાયવાળા દેવોમાં કયા કયા ઇન્દ્રો હોય છે ? તે સૂત્ર-૬માં બતાવ્યું. તે ચાર નિકાયવાળા દેવોમાંથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને ઈશાનદેવલોક સુધીના વૈમાનિક દેવો કાયપ્રવીચારવાળા હોય છે.

કાયપ્રવીચારનો અર્થ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

કાયા દ્વારા મૈથુનના વિષયના સેવનરૂપ પ્રવૃત્તિ તે કાયપ્રવીચાર છે.

કેમ તેઓ કાયા દ્વારા મૈથુનની ક્રિયા કરે છે ? તેથી કહે છે –

ઈશાનદેવલોક સુધીના ચાર નિકાયવાળા દેવો સંક્લિષ્ટ કર્મવાળા મનુષ્યની જેમ આ પ્રકારે સુખ ભોગવીને આનંદનો અનુભવ કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મનુષ્યભવમાં સામાન્ય રીતે કાયાથી ભોગની ક્રિયા કરાવે અને આનંદ પ્રાપ્ત થાય તેવાં સંક્લિષ્ટ કર્મો વર્તે છે. જેમનામાં તેવા પ્રકારનાં સંક્લેશ કરનારાં કર્મો ન હોય તેઓને તે ક્રિયાથી આનંદ થાય નહીં. જેમ મનુષ્યમાં પણ કેટલાકને તેવા પ્રકારનાં સંક્લિષ્ટ કર્મ હોય છે, જેથી અન્યને તાડનાદિ કરીને આનંદને અનુભવે છે.

સામાન્યથી મનુષ્યોને કાયાથી મૈથુનના સેવનનો પરિણામ થાય તેવાં સંક્લિષ્ટ કર્મો વર્તે છે તે રીતે ઈશાન દેવલોક સુધીના દેવોને પણ તેવા પ્રકારનાં સંક્લિષ્ટ કર્મો હોય છે. તેથી મૈથુન સુખમાં લીન થાય એવા તીવ્ર અનુશયવાળા હોય છે=તે પ્રકારની તીવ્ર આસક્તિવાળા હોય છે=ઉપરના દેવલોકમાં જે પ્રકારની મંદ આસક્તિ છે તેનાથી વિરુદ્ધ તીવ્ર આસક્તિવાળા હોય છે. આથી જ કાયાથી ભોગ કરવાની ઇચ્છા થાય છે તેવો સંક્લેશ તે દેવોમાં વર્તે છે જેના કારણે સર્વ અંગથી દેવીઓના સ્પર્શથી સુખને પ્રાપ્ત કરીને પ્રીતિને પ્રાપ્ત કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવોમાં જે જે પ્રકારના અંતરંગ વિકારો હોય છે તે તે વિકારોને આપાદક સંક્લિષ્ટ કર્મ હોય છે. આ કર્મોને પરવશ થઈને તે તે પ્રકારની ક્રિયાને તે જીવો કરીને સુખનો અનુભવ કરે છે. ॥૪/૮॥

**અવતરણિકા :-**

**હવે દેવી વગરના સપ્રવીચારવાળા છે તેઓને કેવા પ્રકારની મૈથુનની ક્રિયા છે ? તેને કહે છે –**

**સૂત્ર :-**

**शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोः ।।४/९।।**

**સૂત્રાર્થ :-**

**શેષ=ઈશાન દેવલોકથી ઉપરના શેષ, બે બે કલ્પમાં સ્પર્શ, રૂપ, શબ્દ અને મન પ્રવીચારવાળા દેવો છે. ।।૪/૯।।**

**ભાષ્ય :-**

**ऐशानादूर्ध्वं शेषाः कल्पोपपन्ना देवा द्वयोर्द्वयोः कल्पयोः स्पर्शरूपशब्दमनःप्रवीचारा भवन्ति यथासङ्ख्यम् । तद्यथा – सनत्कुमारमाहेन्द्रयोर्देवान् मैथुनसुखप्रेप्सूनुत्पन्नास्थान् विदित्वा देव्य उपतिष्ठन्ते ताः स्पृष्ट्वैव च ते प्रीतिमुपलभन्ते विनिवृत्तास्थाश्च भवन्ति, तथा ब्रह्मलोकलान्तकयोर्देवान् एवंभूतोत्पन्नास्थान् विदित्वा देव्यो दिव्यानि स्वभावभास्वराणि सर्वाङ्गमनोहराणि शृङ्गारोदाराभिजाताकारविलासान्युज्ज्वलचारुवेषाभरणानि स्वानि रूपाणि दर्शयन्ति, तानि दृष्ट्वैव ते प्रीतिमुपलभन्ते निवृत्तास्थाश्च भवन्ति । तथा महाशुक्रसहस्रारयोर्देवानुत्पन्नप्रवीचारास्थान् विदित्वा देव्यः श्रुतिविषयसुखानत्यन्तमनोहरान् शृङ्गारोदाराभिजातविलासाभिलाषच्छेदतलतालाभरणरवमिश्रान् हसितकथितगीतशब्दानुदीरयन्ति तान् श्रुत्वैव प्रीतिमुपलभन्ते निवृत्तास्थाश्च भवन्ति । आनतप्राणतारणाच्युतकल्पवासिनो देवाः प्रवीचारायोत्पन्नास्था देवीः संकल्पयन्ति, सङ्कल्पमात्रेणैव ते परां प्रीतिमुपलभन्ते विनिवृत्तास्थाश्च भवन्ति । एभिश्च प्रवीचारैः(रादिभिः) परतः परतः प्रीतिप्रकर्षविशेषोऽनुपमगुणो भवति, प्रवीचारिणामल्पसङ्क्लेशत्वात्,** 'स्थितिप्रभावादिभिरधिका' **(अ० ४, सू० २१) इति वक्ष्यते ।।४/९।।**

**ભાષ્યાર્થ :-**

ऐशानादूर्ध्वं ..... वक्ष्यते ।। **ઈશાન દેવલોકથી ઊર્ધ્વ શેષ એવા કલ્પોપપન્ન દેવો=આ ઈન્દ્ર છે, આ અમાત્ય છે ઈત્યાદિ આચારવાળા દેવો, બે બે કલ્પમાં સ્પર્શ, રૂપ, શબ્દ અને મન પ્રવીચારવાળા**

**યથાક્રમ થાય છે. તે આ પ્રમાણે – સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવોને મૈથુન સુખની ઈચ્છાવાળા અને ઉત્પન્ન આસ્થાવાળા જાણીને દેવીઓ ત્યાં આવે છે. તેઓને=ત્યાં આવેલી દેવીઓને, સ્પર્શીને જ તેઓ પ્રીતિને પ્રાપ્ત કરે છે અને વિનિવૃત્ત આસ્થાવાળા થાય છે=મૈથુનસેવનની વિનિવૃત્ત ઈચ્છાવાળા થાય છે. અને બ્રહ્મલોક અને લાંતક દેવોને આવા પ્રકારના ઉત્પન્ન આસ્થાવાળા=પોતાના પ્રત્યે ભોગની ઈચ્છાવાળા જાણીને દેવીઓ દિવ્ય, સ્વભાવથી ભાસ્વર, સર્વાંગ મનોહર શૃંગાર, ઉદાર અભિજાત આકારવાળા વિલાસોને બતાવે એવા ઉજ્જ્વળ ચારુ વેષ-આભરણવાળા પોતાના રૂપોને બતાવે છે. તેને જોઈને જ=દેવીઓના રૂપને જોઈને જ, તે દેવો પ્રીતિને પ્રાપ્ત કરે છે અને નિવૃત્ત આસ્થાવાળા થાય છે=મૈથુન સેવનની ઈચ્છાથી નિવૃત્ત થાય છે.**

**મહાશુક્ર અને સહસ્રારના દેવોને ઉત્પન્ન પ્રવીચાર આસ્થાવાળા=ઉત્પન્ન થયેલી મૈથુનની પરિણતિવાળા, જાણીને દેવીઓ શ્રુતિનાં વિષયસુખોને અત્યંત મનોહર, શૃંગારથી ઉદાર અભિજાત વિલાસ અને અભિલાષનો છેદ કરે તેવા તલના તાલા અને આભરણના અવાજથી મિશ્ર, હસિત અને કથિત એવા ગીત શબ્દોની ઉદીરણા કરે છે=ગાય છે. તેઓને સાંભળીને=દેવીઓનાં ગીતોને સાંભળીને, પ્રીતિને પામે છે=મહાશુક્ર અને સહસ્રારના દેવો આનંદને પ્રાપ્ત કરે છે અને નિવૃત્ત આસ્થાવાળા થાય છે=ઉત્પન્ન થયેલા કામના વિકારો શાંત થાય છે.**

**આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પવાસી દેવો પ્રવીચાર માટે ઉત્પન્ન થયેલી આસ્થાવાળા દેવીઓનો સંકલ્પ કરે છે અને સ્વસંકલ્પ માત્રથી જ તેઓ પ્રકૃષ્ટ પ્રીતિને પ્રાપ્ત કરે છે અને વિનિવૃત્ત આસ્થાવાળા થાય છે=વિનિવૃત્ત મૈથુનસેવનના પરિણામવાળા થાય છે.**

**આ પ્રવીચારો વડે આગળ આગળ=પૂર્વ પૂર્વના દેવોના કરતાં ઉપર ઉપરના, દેવોમાં પ્રીતિનો પ્રકર્ષ વિશેષ અને અનુપમગુણ થાય છે; કેમ કે પ્રવીચારિઓનું અલ્પ સંક્લેશપણું છે=પૂર્વ પૂર્વના દેવોના મૈથુન સેવનના પરિણામ કરતાં ઉત્તર ઉત્તરના દેવોના મૈથુનસેવનમાં અલ્પ સંક્લેશ હોય છે.** 'સ્થિતિ, પ્રભાવાદિથી અધિક છે.' **(અ૦ ૪, સૂ૦ ૨૧) ઈશાન દેવલોક પછીના દેવો સ્થિતિ પ્રભાવાદિથી અધિક છે એ પ્રમાણે કહેવાશે. ।।૪/૯।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૮માં ઈશાન સુધીના દેવોના મૈથુનના ભોગો મનુષ્ય જેવા છે તેમ બતાવ્યું. વળી, તેમાં હેતુ કહ્યો કે તેઓ સંક્લિષ્ટ કર્મવાળા છે તેથી કાયાના સંક્લેશપૂર્વક સ્પર્શના સુખને પામીને પ્રીતિ પ્રાપ્ત કરે છે. ત્યારપછીના દેવો ક્રમસર અલ્પ અલ્પ સંક્લેશવાળા છે, તેથી ઈશાન સુધીના દેવોની જેમ કાયાથી મૈથુન-સેવન કરતા નથી, પરંતુ ઉત્પન્ન થયેલા કામના વિકારને ક્રમસર સ્પર્શાદિના ભેદથી શમન કરે છે, જેના કારણે પૂર્વ પૂર્વના દેવો કરતાં તેઓને પ્રકૃષ્ટ પ્રીતિ થાય છે. તેથી એ ફલિત થાય કે જેમ સંક્લેશ અલ્પ તેમ અલ્પ પ્રવૃત્તિથી વિકારનું શમન થાય છે અને વિકારના શમનથી સુખ થાય છે. તે તે દેવોને જે જે અંશથી જેટલો જેટલો વિકાર છે તે વિકાર સ્વયં સંક્લેશરૂપ જ છે, પરંતુ તથાપ્રકારના પુણ્યના સહકારથી અલ્પ

શ્રમથી તે તે દેવો તે તે વિકારને શાંત કરે છે. પોતાના વિકારને અનુરૂપ ઉત્તમ સામગ્રીથી યુક્ત દેવીઓની પ્રાપ્તિ હોવાથી અત્યંત સુખની ઉત્પત્તિ થાય છે. વળી જેમ ઉપર ઉપરના દેવોમાં સંક્લેશ અલ્પ હોવાને કારણે અલ્પ-અલ્પતર મૈથુનસેવનથી અધિક અધિક પ્રીતિ થાય છે તેમ ઉપર ઉપરના દેવલોકોની સ્થિતિ અને પ્રભાવાદિ અધિક છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. ॥૪/૯॥

**સૂત્ર :-**

**परे अप्रवीचाराः ।।४/१०।।**

**સૂત્રાર્થ :-**

**પર=બારમા દેવલોકથી પર, અપ્રવીચારવાળા હોય છે=મૈથુનના સેવનના અપરિણામવાળા દેવતાઓ હોય છે. ॥૪/૧૦॥**

**ભાષ્ય :-**

**कल्पोपपन्नेभ्यः परे देवा अप्रवीचारा भवन्ति, अल्पसङ्क्लेशत्वात् स्वस्थाः=शीतीभूताः, पञ्चविधप्रवीचारोद्भवादपि प्रीतिविशेषादपरिमितगुणप्रीतिप्रकर्षाः परमसुखतृप्ता एव भवन्ति ।।४/१०।।**

**ભાષ્યાર્થ :-**

**कल्पोपपन्नेभ्यः ..... भवन्ति ।। કલ્પોપપન્ન દેવોથી પર એવા દેવો અપ્રવીચારવાળા હોય છે; કેમ કે અલ્પ સંક્લેશપણું છે=કામના વિકારો ન થાય તે પ્રકારનું અલ્પ સંક્લેશપણું છે. સ્વસ્થ છે=શીતલ પરિણામવાળા છે=કામના વિકારની પીડા વગરના હોવાથી શીતલ પરિણામવાળા છે. પાંચ પ્રકારના પ્રવીચારથી ઉદ્ભવ એવા પણ પ્રીતિવિશેષથી અપરિમિત સ્વસ્થતાના ગુણકૃત પ્રીતિના પ્રકર્ષવાળા પરમ સુખથી તૃપ્ત જ હોય છે. ॥૪/૧૦॥**

**ભાવાર્થ :-**

બાર દેવલોક સુધીના કલ્પોપપન્ન દેવો છે, ત્યારપછી ગ્રૈવેયકાદિના દેવો કલ્પાતીત છે. તે દેવોને દેવીઓ સાથે મૈથુનસેવનનો કોઈ પ્રકારનો પરિણામ થતો નથી તેથી તે અપ્રવીચારવાળા છે.

કેમ તેઓને મૈથુનસેવનનો પરિણામ થતો નથી ? એથી કહે છે –

અલ્પ સંક્લેશવાળા છે=ઇન્દ્રિયોના અન્ય વિષયોમાંથી આનંદ લેવાની વૃત્તિ થાય તેવો સંક્લેશ હોવા છતાં દેવીઓ સાથે મૈથુનનો પરિણામ કરવાનો સંક્લેશ તેઓને નથી તેથી અલ્પ સંક્લેશવાળા છે. તે પ્રકારના મૈથુનના સંક્લેશ વગરના હોવાથી માનસિક રીતે સ્વસ્થ છે જેથી શીતલ પરિણામવાળા છે=વિકારની પીડા વગરના છે.

કલ્પોપપન્ન દેવોને પાંચ પ્રકારના પ્રવીચારને કારણે જે દેવીઓના પ્રવીચારથી પ્રીતિ ઉત્પન્ન થાય છે તેના કરતાં પણ અપરિમિત ગુણવાળી પ્રીતિનો પ્રકર્ષ તેઓને વિકારના અભાવના કારણે થાય છે અને ઇન્દ્રિયોના તે પ્રકારના વિકારો શાંત થયેલા હોવાથી પરમ સુખથી તૃપ્ત જ હોય છે.

તેથી એ ફલિત થાય કે જે જે ઇન્દ્રિયોના જેટલા જેટલા અંશથી વિકાર છે તેટલા તેટલા અંશથી સંક્લેશની પ્રાપ્તિ થાય છે અને સહકારી એવા પુણ્યના પ્રકર્ષને અનુરૂપ દેવી આદિ પ્રાપ્ત થાય છે. કલ્પોપપન્ન દેવોને તે તે વિકારના સંક્લેશનું શમન થવાથી પ્રીતિ ઉત્પન્ન થાય છે જ્યારે કલ્પાતીત દેવોને તે પ્રકારના વિકારના અભાવને કારણે તે પ્રકારનો સંક્લેશ નથી. ફલતઃ વિકારી દેવોને દેવીના સાન્નિધ્યથી જે સુખ થાય છે તેના કરતાં પણ અધિક સુખ તેવા પ્રકારના વિકારના અભાવને કારણે કલ્પાતીત દેવોને થાય છે. તેથી કલ્પાતીત દેવો અન્ય સર્વ દેવો કરતાં પરમ સુખથી તૃપ્ત હોય છે. **॥૪/૧૦॥**

**ભાષ્ય :-**

**अत्राह – उक्तं भवता –** 'देवाश्चतुर्निकायाः' **(अ० ४, सू० १)** 'दशाष्टपञ्चद्वादशविकल्पा' **(अ० ४, सू० ३) इति, तत् के निकायाः ? के के चैषां विकल्पा इति ? अत्रोच्यते – चत्वारो देवनिकायाः । तंद्यथा – भवनवासिनो व्यन्तरा ज्योतिष्का वैमानिका इति । तत्र –**

**ભાષ્યાર્થ :-**

**अत्राह ..... तत्र – અહીં=દેવોનું અત્યાર સુધી વર્ણન કર્યું એમાં, શિષ્ય પ્રશ્ન કરે છે – તમારા વડે** 'ચાર નિકાયવાળા દેવો' **(અ૦ ૪, સૂ૦ ૧) કહેવાયા (અને તે ચાર નિકાયવાળા દેવો)** 'દશ, આઠ, પાંચ અને બાર ભેદવાળા છે' **(અ૦ ૪, સૂ૦ ૩) એમ કહેવાયું એ કારણથી નિકાયો શું છે ? અને તેઓના કયા કયા વિકલ્પો છે ?**

**'इति' શબ્દ આ પ્રકારના પ્રશ્નની સમાપ્તિમાં છે.**

**આમાં=શિષ્યના પ્રશ્નમાં, ભાષ્યકારશ્રી કહે છે, ઉત્તર અપાય છે – દેવનિકાયો ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક.**

**'इति' શબ્દ ઉત્તરની સમાપ્તિમાં છે.**

**ત્યાં=ચાર નિકાયના ભેદમાં, તેના વિકલ્પો ક્રમસર બતાવે છે –**

**ભાવાર્થ :-**

સૂત્ર-૧માં કહ્યું કે દેવો ચાર નિકાયવાળા છે. તેથી પ્રશ્ન થાય કે તે ચાર નિકાયો કયા છે ? તેનો ઉત્તર ભાષ્યકારશ્રી આપે છે –

તે ચાર નિકાયો ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક છે. વળી બીજો પ્રશ્ન કરેલો કે, તે નિકાયોના વિકલ્પો=અવાંતર ભેદો, કેટલા છે ? તે પ્રશ્નનો ઉત્તર આપતાં ભાષ્યકારશ્રીએ તેના ચાર ભેદો

છે તેમ કહ્યું. હવે 'तत्र'થી કહે છે અર્થાત્ તેમાં=નિકાયના અવાંતર ભેદોમાં, પ્રથમ ભવનવાસીના વિકલ્પો બતાવે છે. ત્યારપછી ક્રમસર અન્ય નિકાયના વિકલ્પો બતાવશે.

**સૂત્ર :-**

**भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ।।४/११।।**

**સૂત્રાર્થ :-**

**ભવનવાસીના અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર એ દશ ભેદો છે. ।।૪/૧૧।।**

**ભાષ્ય :-**

**प्रथमो देवनिकायो भवनवासिनः इमानि चैषां विधानानि भवन्ति । तद्यथा – असुरकुमाराः, नागकुमाराः, विद्युत्कुमाराः, सुपर्णकुमाराः, अग्निकुमाराः, वातकुमाराः, स्तनितकुमाराः, उदधिकुमाराः, द्वीपकुमाराः, दिक्कुमारा इति, कुमारवदेते कान्तदर्शना सुकुमारा मृदुमधुरललितगतयः शृङ्गाराभिजातरूपविक्रियाः, कुमारवच्चोद्धतरूपवेषभाषाभरणप्रहरणावरणपातयानवाहनाः कुमारवच्चोल्बणरागाः क्रीडनपराश्चेत्यतः कुमारा इत्युच्यन्ते ।।**

**ભાષ્યાર્થ :-**

**प्रथमो ..... इत्युच्यन्ते ।। પ્રથમ દેવનિકાય ભવનવાસી છે. અને આમનાં=ભવનવાસીનાં, આ વિધાનો છે=આ ભેદો છે, તે આ પ્રમાણે – અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર.**

**'इति' શબ્દ ભવનવાસીના ભેદોના કથનની સમાપ્તિમાં છે.**

**કુમારની જેમ આ=ભવનવાસી દેવો, કાંતદર્શનવાળા, સુકુમાર, મૃદુ, મધુર, લલિત ગતિવાળા, શૃંગારથી સુંદર રૂપની વિક્રિયાવાળા હોય છે અને કુમારની જેમ ઉદ્ધત, રૂપ વેષ, ભાષા, આભરણ, પ્રહરણ, આવરણ, અને વાહનોવાળા હોય છે. અને કુમારની જેમ ઉત્કટરાગવાળા, ક્રીડનમાં તત્પર હોય છે. એથી કુમાર એ પ્રમાણે કહેવાય છે. ।।**

**ભાવાર્થ :-**

ભવનવાસી દેવોના અસુરકુમાર આદિ દશ ભેદો છે.

તેઓને કુમાર કેમ કહેવાય છે ? તેમાં ભાષ્યકારશ્રી યુક્તિ આપે છે –

જેમ મનુષ્યમાં કુમાર અવસ્થામાં મનુષ્યો કાંત આદિ દેખાય છે તેમ અસુરકુમાર આદિ કાંત દર્શનવાળા હોય છે. વળી કુમારની જેમ સુકુમાર શરીરવાળા હોય છે. વળી કુમારની જેમ મૃદુ, મધુર અને લલિતગતિવાળા હોય છે અર્થાત્ જોનારને પ્રીતિ ઉત્પન્ન કરે તેવી ગમનક્રિયાવાળા હોય છે. કુમારાવસ્થામાં મનુષ્યો શૃંગારાદિ કરવાની પ્રકૃતિવાળા હોય છે તેમ આ દેવો શૃંગારથી સુંદર રૂપની વિક્રિયાવાળા હોય છે અર્થાત્ સુંદર વેષભૂષા કરનારા હોય છે. વળી આ દેવો કુમારની જેમ ઉદ્ધતરૂપવાળા, ઉદ્ધતવેષવાળા, ઉદ્ધતભાષાવાળા, ઉદ્ધત આભરણો ધારણ કરનારા, ઉદ્ધત શસ્ત્રો ધારણ કરનારા, ઉદ્ધત બખ્તરને ધારણ કરનારા અને ઉદ્ધત વાહનોમાં ફરનારા હોય છે. વળી આ ભવનવાસી દેવો કુમારની જેમ અત્યંત રાગવાળા અને અત્યંત ક્રીડાપર હોય છે. આથી આ દેવોને કુમાર કહેવામાં આવે છે. ॥

**ભાષ્ય :-**

**असुरकुमारावासेष्वसुरकुमाराः प्रतिवसन्ति, शेषास्तु भवनेषु । महामन्दरस्य दक्षिणोत्तरयोर्दिग्विभागयोर्बह्वीषु योजनशतसहस्रकोटीकोटीषु आवासाः भवनानि च दक्षिणार्धाधिपतीनामुत्तरार्धाधिपतीनां च यथास्वं भवन्ति ।**

**ભાષ્યાર્થ :-**

**असुरकुमारावासेष्वसुरकुमाराः ..... भवन्ति ।। અસુરકુમાર આવાસોમાં અસુરકુમાર દેવો વસે છે, વળી શેષ દેવો ભવનોમાં વસે છે. મોટા મેરુના દક્ષિણ અને ઉત્તર દિશાના વિભાગમાં ઘણા યોજન લાખ કોટાકોટી ક્ષેત્રમાં આવાસો અને ભવનો દક્ષિણાર્ધાધિપતિ અને ઉત્તરાર્ધાધિપતિના યથાયોગ્ય હોય છે. ॥**

**ભાવાર્થ :-**

અસુરકુમારના આવાસોમાં અસુરકુમાર વસે છે. વળી શેષ=અસુરકુમાર સિવાયના બીજા ભવનવાસી દેવો, ભવનોમાં વસે છે.

અસુરકુમારના આવાસો અને ભવનો ક્યાં છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

જંબૂદ્વીપની મધ્યમાં રહેલ જે મોટો મેરુ તેનાથી દક્ષિણ અને ઉત્તર દિશામાં ઘણા લાખ ક્રોડ યોજનમાં અસુરકુમારના આવાસો રહેલા છે.

અહીં કહ્યું કે દક્ષિણાર્ધાધિપતિ અને ઉત્તરાર્ધાધિપતિનાં યથાયોગ્ય ભવનો રહેલાં છે તેથી અર્થાપત્તિ એ નીકળે કે કેટલાક અસુરકુમાર દેવો પણ કેટલાંક ભવનોમાં વસે છે જ્યારે નાગકુમારાદિ બધા ભવનવાસી દેવો પ્રાયઃ ભવનોમાં વસે છે. જોકે અસુરકુમાર દેવો બહુલતાએ આવાસોમાં વસે છે તોપણ ભવનોમાં પણ વસે છે. તેથી તેમને ભવનવાસીમાં સંગૃહીત કરેલા છે. નાગકુમારાદિ દેવો પ્રાયઃ ભવનોમાં વસે છે. માટે તેમનું નામ ભવનવાસી દેવો છે.

ભાષ્ય :-

तत्र भवनानि रत्नप्रभायां बाहल्यार्धमवगाह्य मध्ये, भवनेषु वसन्तीति भवनवासिनः, भव-प्रत्ययाश्चैषामिमा नामकर्मनियमात् स्वजातिविशेषनियता विक्रिया भवन्ति । तद्यथा – गम्भीराः श्रीमन्तः काला महाकाया रत्नोत्कटमुकुटभास्वराश्चूडामणिचिह्ना असुरकुमारा भवन्ति । शिरोमुखेष्वधिकप्रतिरूपाः कृष्णाः श्यामा मृदुललितगतयः शिरस्सु फणिचिह्ना नागकुमाराः । स्निग्धा भ्राजिष्णवोऽवदाता वज्रचिह्ना विद्युत्कुमाराः । अधिकप्रतिरूपग्रीवोरस्काः श्यामावदाता गरुडचिह्नाः सुपर्णकुमाराः । मानोन्मानप्रमाणयुक्ता भास्वन्तोऽवदाताः घटचिह्नाः अग्निकुमारा भवन्ति । स्थिरपीनवृत्तगात्रा निम्नोदरा अश्वचिह्ना अवदाता वातकुमाराः । स्निग्धाः स्निग्ध-गम्भीरानुनादमहास्वनाः कृष्णा वर्धमानचिह्नाः स्तनितकुमाराः । ऊरुकटिष्वधिकप्रतिरूपाः कृष्ण-श्यामा मकरचिह्ना उदधिकुमाराः । उरःस्कन्धबाह्वग्रहस्तेष्वधिकप्रतिरूपाः श्यामावदाताः सिंहचिह्ना द्वीपकुमाराः । जङ्घाग्रपादेष्वधिकप्रतिरूपाः श्यामा हस्तिचिह्ना दिक्कुमाराः । सर्वेऽपि च विविधवस्त्राभरणप्रहरणावरणा भवन्तीति ।।४/११।।

ભાષ્યાર્થ :-

तत्र ..... भवन्तीति ।। ત્યાં=આવાસોમાં અને ભવનોમાં, રત્નપ્રભામાં બહુલતાએ અર્ધભાગને અવગાહન કરીને મધ્યમાં ભવનો હોય છે. ભવનોમાં વસે છે એથી ભવનવાસી છે. અને ભવપ્રત્યય આમને=ભવનવાસી દેવોને, નામકર્મના નિયમને કારણે સ્વજાતિવિશેષથી નિયત એવી આ વિક્રિયા હોય છે. તે આ પ્રમાણે - ગંભીર, શ્રીમંત, કાળા વર્ણવાળા, મહાકાયવાળા, રત્નજડિત મુગટથી શોભતા અને ચૂડામણિના ચિહ્નવાળા અસુરકુમારદેવો હોય છે. શિર અને મુખમાં અધિક રૂપવાળા, કૃષ્ણ વર્ણવાળા, શ્યામ વર્ણવાળા, મૃદુ અને લલિત ગતિવાળા તથા મસ્તક ઉપર ફણિના ચિહ્નવાળા નાગકુમારદેવો હોય છે. સ્નિગ્ધ શરીરવાળા, દેદીપ્યમાન અવદાત=શ્વેત વર્ણવાળા તથા વજ્રના ચિહ્નવાળા વિદ્યુત્કુમારો છે. અધિક સુંદર ગ્રીવા અને છાતીવાળા, શ્યામ-અવદાતવાળા=શ્યામ અને શ્વેત મિશ્ર હોય એવા રૂપવાળા, ગરુડ ચિહ્નવાળા સુપર્ણકુમારો છે. માન, ઉન્માન અને પ્રમાણથી યુક્ત, ભાસ્વંત અવદાતવાળા=શોભાયમાન થતા શ્વેત વર્ણવાળા, અને ઘડાના ચિહ્નવાળા અગ્નિકુમારો હોય છે. સ્થિર, પુષ્ટ અને ગોળ ગાત્રવાળા, નીચા ઉદરવાળા, અશ્વના ચિહ્નવાળા અને અવદાત વર્ણવાળા=શ્વેત વર્ણવાળા વાતકુમારો હોય છે. સ્નિગ્ધ, સ્નિગ્ધ-ગંભીર અનુનાદ કરે એવા મોટા અવાજવાળા, કૃષ્ણ વર્ણવાળા, વર્ધમાનના ચિહ્નવાળા સ્તનિતકુમારો હોય છે. ઉરુ અને કટિમાં અધિક રૂપવાળા, કૃષ્ણ અને શ્યામ વર્ણવાળા તથા મગરના ચિહ્નવાળા ઉદધિકુમારો હોય છે. ઉર, સ્કંધ, બાહુ અને અગ્રહસ્તમાં અધિક પ્રતિરૂપવાળા શ્યામ-અવદાત=શ્યામ અને શ્વેત એમ મિશ્ર રૂપવાળા અને સિંહના ચિહ્નવાળા દ્વીપકુમારો હોય છે. જંઘા અને અગ્રપાદમાં અધિક પ્રતિરૂપવાળા,

શ્યામ વર્ણવાળા, હસ્તિના ચિહ્નવાળા દિક્કુમારો હોય છે. અને સર્વ પણ=દશે પ્રકારના ભવનવાસીઓ પણ, વિવિધ વસ્ત્ર, આભરણ, પ્રહરણ અને આવરણવાળા હોય છે. ।।૪/૧૧।।

**અવતરણિકા :-**

બીજી નિકાયના દેવોના ભેદો બતાવે છે –

**સૂત્ર :-**

**व्यन्तराः किन्नरकिम्पुरुषमहोरगगान्धर्वयक्षराक्षसभूतपिशाचाः ।।४/१२।।**

**સૂત્રાર્થ :-**

**વ્યંતરો - કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એમ આઠ ભેદવાળા છે. ।।૪/૧૨।।**

**ભાષ્ય :-**

**अष्टविधो द्वितीयो देवनिकायः, एतानि चास्य विधानानि भवन्ति, अधस्तिर्यगूर्ध्वं च त्रिष्वपि लोकेषु भवननगरेषु आवासेषु च प्रतिवसन्ति, यस्माच्चाधस्तिर्यगूर्ध्वं च त्रीनपि लोकान् स्पृशन्तः स्वातन्त्र्यात् पराभियोगाच्च प्रायेण प्रतिपतन्त्यनियतगतिप्रचाराः, मनुष्यानपि केचिद् भृत्यवदुपचरन्ति, विविधेषु च शैलकन्दरान्तरवनविवरादिषु प्रतिवसन्ति, अतो व्यन्तरा इत्युच्यन्ते ।।**

**ભાષ્યાર્થ :-**

**अष्टविधो ..... इत्युच्यन्ते ।। આઠ પ્રકારનો બીજો દેવનિકાય છે. અને આ=સૂત્રમાં બતાવ્યા એ, આના=વ્યંતરના, ભેદો છે. નીચે, તિર્યગ્ અને ઊર્ધ્વ ત્રણે પણ લોકમાં, ભવનોમાં, નગરમાં અને આવાસમાં તેઓ=વ્યંતરો, વસે છે. અને જે કારણથી અધો, તિર્યગ્ અને ઊર્ધ્વ ત્રણે પણ લોકને સ્પર્શતા સ્વતંત્રપણાથી અને પર અભિયોગથી પ્રાયઃ અનિયત ગતિપ્રચારવાળા રખડે છે. કેટલાક મનુષ્યોને પણ નોકરની જેમ સેવે છે. અને વિવિધ એવા શૈલ અને કંદરના વચ્ચમાં=પર્વત અને ગુફાની વચ્ચમાં અને વનના વિવરાદિમાં વસે છે. આથી વ્યંતર એ પ્રમાણે કહેવાય છે. ।।**

**ભાવાર્થ :-**

બીજી દેવનિકાય વ્યંતરોની છે. તેઓના આઠ ભેદો છે, જે આઠ ભેદોનાં નામો સ્વયં ગ્રંથકારશ્રીએ સૂત્રમાં આપેલાં છે. આ વ્યંતર અધોલોકમાં ભવનોમાં વસે છે તથા તિર્યગ્લોકમાં અને ઊર્ધ્વલોકમાં નગર અને આવાસોમાં વસે છે; કેમ કે તે તે નગર પ્રત્યે પોતાને સ્વત્વબુદ્ધિ થાય તો ત્યાં આવીને વાસ કરે છે અને અનેક સ્થાનોમાં પોતાના આવાસો કરીને વસે છે.

આ બીજી નિકાયવાળા દેવોને વ્યંતર કેમ કહ્યા ? તેમાં ભાષ્યકારશ્રી યુક્તિ આપે છે –

સ્વતંત્રપણાથી કે બીજાના અભિયોગથી અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોકમાં પ્રાયઃ અનિયત ગતિ-પ્રચારવાળા હોવાથી તેઓને વ્યંતર કહેવાય છે.

આનાથી એ ફલિત થાય કે તેઓનો સર્વત્ર ભટકવાનો સ્વભાવ છે, માટે તેમનું નામ વ્યંતર છે. વળી કેટલાક વ્યંતરો મનુષ્યોની પણ નોકરની જેમ સેવા કરે છે અર્થાત્ જેમ તે વ્યંતરદેવો પોતાના ઇંદ્ર આદિ અન્ય દેવોની સેવા કરે છે, તે રીતે મનુષ્યોની પણ સેવા કરે છે. મનુષ્ય અને દેવ વચ્ચે બહુ અંતર નથી તેવા આ દેવો છે, માટે પણ તેમને વ્યંતર કહેવાય છે.

વળી જેમ વ્યંતરદેવો ત્રણ લોકના ભવન, નગર અને આવાસોમાં વસે છે, તેમ પર્વત અને ગુફાના વિવરોમાં તથા વનના વિવરોમાં પણ વસે છે. અહીં આદિ શબ્દથી વિશિષ્ટ પ્રકારનાં લક્ષણયુક્ત વૃક્ષો કે અન્ય લક્ષણયુક્ત સ્થાનોમાં પણ વસે છે. તેથી વિવિધ પ્રકારનાં સ્થાનોમાં વસવાની પ્રકૃતિ હોવાથી વ્યંતરો કહેવાય છે.

**ભાષ્ય :-**

**तत्र किन्नरा दशविधाः । तद्यथा – किम्पुरुषाः किम्पुरुषोत्तमाः किन्नराः किन्नरोत्तमा हृदयङ्गमा रूपशालिनोऽनिन्दिता मनोरमा रतिप्रिया रतिश्रेष्ठा इति ।**

**किम्पुरुषा दशविधाः । तद्यथा – पुरुषाः सत्पुरुषाः महापुरुषाः पुरुषवृषभाः पुरुषोत्तमाः अतिपुरुषोत्तमाः मरुदेवाः मरुतो मरुत्प्रभा यशस्वन्त इति ।**

**महोरगा दशविधाः । तद्यथा – भुजगा भोगशालिनो महाकायाः अतिकायाः स्कन्धशालिनो मनोरमा महावेगा महेष्वक्षाः मेरुकान्ताः भास्वन्त इति ।**

**गान्धर्वा द्वादशविधाः । तद्यथा – हाहा हूहूवः तुम्बुरवो नारदा ऋषिवादका भूतवादिकाः कादम्बा महाकादम्बा रैवता विश्ववसवो गीतरतयो गीतयशस इति ।**

**यक्षास्त्रयोदशविधाः । तद्यथा – पूर्णभद्राः माणिभद्राः श्वेतभद्राः हरिभद्राः सुमनोभद्राः व्यतिपातिकभद्राः सुभद्राः सर्वतोभद्राः मनुष्ययक्षा वनाधिपतयो वनाहारा रूपयक्षा यक्षोत्तमा इति ।**

**सप्तविधा राक्षसाः । तद्यथा – भीमा महाभीमा विघ्ना विनायका जलराक्षसा राक्षसराक्षसा ब्रह्मराक्षसाः ।**

**भूता नवविधाः । तद्यथा – सुरूपाः प्रतिरूपाः अतिरूपाः भूतोत्तमाः स्कन्दिकाः महास्कन्दिकाः महावेगाः प्रतिच्छन्ना आकाशगा इति ।**

**पिशाचाः पञ्चदशविधाः, तद्यथा – कूष्माण्डाः पटका जोषा आह्नकाः कालाः महाकालाश्चोक्षा अचोक्षाः तालपिशाचा मुखरपिशाचा अधस्तारका देहा महाविदेहाः तूष्णीका वनपिशाचा इति ।**

तत्र – किन्नराः प्रियङ्गुश्यामाः सौम्याः सौम्यदर्शना मुखेष्वधिकरूपशोभा मुकुटमौलिभूषणा अशोकवृक्षध्वजा अवदाताः ।

किम्पुरुषा ऊरुबाहुष्वधिकशोभा मुखेष्वधिकभास्वरा विविधाभरणभूषणाश्चित्रस्रगनुलेपनाश्चम्पकवृक्षध्वजाः ।

महोरगाः श्यामावदाता महावेगाः सौम्याः सौम्यदर्शना महाकायाः पृथुपीनस्कन्धग्रीवा विविधविलेपना विचित्राभरणभूषणा नागवृक्षध्वजाः ।

गान्धर्वा रक्तावदाता गम्भीराः प्रियदर्शनाः सुरूपाः सुमुखाकाराः सुस्वरा मौलिधरा हारविभूषणाः तुम्बुरुवृक्षध्वजाः ।

यक्षाः श्यामावदाता गम्भीरास्तुन्दिला वृन्दारकाः प्रियदर्शना मानोन्मानप्रमाणयुक्ता रक्तपाणिपादतलनखतालुजिह्वौष्ठा भास्वरमुकुटधरा नानारत्नविभूषणा वटवृक्षध्वजाः ।

राक्षसा अवदाता भीमा भीमदर्शनाः शिरःकराला रक्तलम्बौष्ठाः तपनीयविभूषणा नानाभक्तिविलेपनाः खट्वाङ्गध्वजाः ।

भूताः श्यामाः सुरूपाः सौम्या आपीवरा नानाभक्तिविलेपनाः सुलसध्वजाः कालाः ।

पिशाचाः सुरूपाः सौम्यदर्शना हस्तग्रीवासु मणिरत्नविभूषणाः कदम्बवृक्षध्वजाः ।

इत्येवंप्रकारस्वभावानि वैक्रियाणि रूपचिह्नानि व्यन्तराणां भवन्तीति ।।४/१२।।

**ભાષ્યાર્થ :-**

तत्र ..... भवन्तीति ।। ત્યાં=આઠ પ્રકારના વ્યંતરોમાં, કિન્નરો દશ પ્રકારના છે. તે આ પ્રમાણે – કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિન્નર, કિન્નરોત્તમ, હૃદયંગમ, રૂપશાલિન, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ.

'इति' શબ્દ કિન્નરોના દશ ભેદોની સમાપ્તિ માટે છે.

વ્યંતરનો બીજો ભેદ કિંપુરુષ છે. તે દશ પ્રકારના છે. તે આ પ્રમાણે – પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષોત્તમ, મરુદેવ, મરુત્, મરુત્પ્રભ અને યશસ્વત.

વ્યંતરનો ત્રીજો ભેદ મહોરગ છે. તે મહોરગો દશ પ્રકારના છે. તે આ પ્રમાણે – ભુજગ, ભોગશાળી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહેષ્વક્ષ, મેરુકાંત અને ભાસ્વત.

વ્યંતરોનો ચોથો ભેદ ગાંધર્વ છે. તે બાર પ્રકારના છે. તે આ પ્રમાણે – હાહા, હૂહૂ, તુમ્બુરવ, નારદ, ઋષિવાદક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ.

વ્યંતરોનો પાંચમો ભેદ યક્ષ છે. તે તેર પ્રકારના છે. તે આ પ્રમાણે – પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.

વ્યંતરોનો છઠ્ઠો ભેદ રાક્ષસો છે. તે સાત પ્રકારના છે. તે આ પ્રમાણે – ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જલરાક્ષસ, રાક્ષસરાક્ષસ, બ્રહ્મરાક્ષસ.

વ્યંતરોનો સાતમો ભેદ ભૂતો છે. તે નવ પ્રકારના છે. તે આ પ્રમાણે – સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાવેગ, પ્રતિછંદ અને આકાશગ.

વ્યંતરોનો આઠમો ભેદ પિશાચો છે. તે પંદર પ્રકારના છે. તે આ પ્રમાણે – કૂષ્માંડ, પટક, જોષ, આહ્નક, કાળ, મહાકાળ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અધસ્તારક, દેહ, મહાવિદેહ, તૂષ્ણીક અને વનપિશાચ.

ત્યાં=વ્યંતરોના આઠ ભેદોમાં, કિન્નરો નામના વ્યંતરો પ્રિયંગુ શ્યામ વર્ણવાળા, સૌમ્ય આકૃતિવાળા, સૌમ્ય દર્શન-વાળા, મુખમાં અધિક રૂપશોભાવાળા, મુગટથી મસ્તકને શોભાવનારા, અશોકવૃક્ષના ચિહ્નવાળા અવદાત=શોભતા, હોય છે.

કિંપુરુષ નામના વ્યંતરો ઉરુમાં અને બાહુમાં અધિક શોભાવાળા, મુખમાં અધિક ભાસ્વર, વિવિધ આભરણ અને ભૂષણવાળા, ચિત્ર પ્રકારની માળા અને અનુલેપનવાળા, ચંપકવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

મહોરગ નામના વ્યંતરો શ્યામ અવદાતવાળા, મહાવેગવાળા, સૌમ્ય આકૃતિવાળા, સૌમ્ય દર્શન-વાળા, મહાકાયવાળા, વિશાલ અને પુષ્ટ સ્કંધ તથા ગ્રીવાવાળા, વિવિધ વિલેપનવાળા, વિચિત્ર આભરણ તથા ભૂષણવાળા અને નાગવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

ગાંધર્વ નામના વ્યંતરો રક્ત અવદાત હોય છે, ગંભીર હોય છે, પ્રિયદર્શનવાળા, સુરૂપવાળા, સુમુખ આકારવાળા, સુસ્વરવાળા, મુગટને ધરનારા, હારના વિભૂષણવાળા તથા તુમ્બરુવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

યક્ષ નામના વ્યંતરો શ્યામ અવદાત હોય છે. ગંભીર, તુંદિલા=ફાંદવાળા, વૃંદારક, પ્રિયદર્શનવાળા, માન, ઉન્માન અને પ્રમાણ યુક્ત હોય છે. તેમના હાથ અને પગના તલ, નખ, તાળુ અને જીભ રક્ત હોય છે. ભાસ્વરમુગટને ધારણ કરનારા, અનેક પ્રકારના રત્નના વિભૂષણવાળા અને વટવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

રાક્ષસ નામના વ્યંતરો અવદાત=શ્વેત વર્ણવાળા, ભીમ, ભીમદર્શનવાળા શિરઃકરાલા=વિકરાળ માથાવાળા, લાલ લાંબા હોઠવાળા, સોનાના આભૂષણવાળા, જુદા જુદા પ્રકારના વિલેપનવાળા અને ખટ્વાંગ ચિહ્નવાળા હોય છે.

ભૂત નામના વ્યંતરો શ્યામ વર્ણવાળા, સુરૂપ, સૌમ્ય આપીવરવાળા, જુદા જુદા પ્રકારના વિલેપનવાળા અને સુલસ વૃક્ષના ચિહ્નવાળા કાલ હોય છે.

પિશાચો સુરૂપવાળા, સૌમ્યદર્શનવાળા, હાથમાં અને ગ્રીવામાં મણિ-રત્નના વિભૂષણવાળા અને કદંબવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

આવા પ્રકારના સ્વભાવવાળા વિક્રિયાવાળા રૂપ અને ચિહ્નવાળા વ્યંતરો હોય છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૧૨।।

**ભાષ્ય :-**

तृतीयो देवनिकायः –

**ભાષ્યાર્થ :-**

ત્રીજો દેવનિકાય કહે છે –

**સૂત્ર :-**

**ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च ।।४/१३।।**

**સૂત્રાર્થ :-**

જ્યોતિષ્કો સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, પ્રકીર્ણ તારાઓ=છૂટા છૂટા ફેલાયેલા તારાઓ, છે. ।।૪/૧૩।।

**ભાષ્ય :-**

ज्योतिष्काः पञ्चविधा भवन्ति । तद्यथा – सूर्याश्चन्द्रमसो ग्रहा नक्षत्राणि प्रकीर्णतारका इति पञ्चविधा ज्योतिष्का इति, असमासकरणमार्षाच्च सूर्यचन्द्रमसोः क्रमभेदः कृतः, यथा गम्येत एतदेवैषामूर्ध्वनिवेशे आनुपूर्व्यमिति । तद्यथा – सर्वाधस्तात् सूर्यास्ततश्चन्द्रमसस्ततो ग्रहास्ततो नक्षत्राणि ततो विप्रकीर्णताराः, ताराग्रहास्त्वनियतचारित्वात् सूर्यचन्द्रमसामूर्ध्वमधश्च चरन्ति, सूर्येभ्यो दशयोजनाविलम्बिनो भवन्तीति । समाद् भूमिभागादष्टासु योजनशतेषु सूर्याः, ततो योजनानामशीत्यां चन्द्रमसः, ततो विंशत्यां तारा इति । द्योतयन्त इति ज्योतींषिविमानानि तेषु भवा ज्योतिष्काः ज्योतिषो वा देवा ज्योतिरेव वा ज्योतिष्काः, मुकुटेषु शिरोमुकुटोपगूहिभिः प्रभामण्डलकल्पैरुज्ज्वलैः सूर्यचन्द्रतारामण्डलैर्यथास्वं चिह्नैर्विराजमाना द्युतिमन्तो ज्योतिष्का भवन्तीति ।।४/१३।।

**ભાષ્યાર્થ :-**

ज्योतिष्काः ..... भवन्तीति ।। જ્યોતિષ્ક પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે – સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર

**અને પ્રકીર્ણ તારાઓ, આ પ્રકારે પાંચ પ્રકારના જ્યોતિષ્ક છે.**

**'इति' શબ્દ જ્યોતિષ્કના પાંચ ભેદોની સમાપ્તિમાં છે.**

**અસમાસનું કરણ=સૂર્ય, ચંદ્રના અસમાસનું કરણ, અને આર્ષથી=શાસ્ત્રવચનથી, સૂર્ય-ચંદ્રનો ક્રમભેદ કરાયો, જેના વડે આ જ આમના ઊર્ધ્વ નિવેશમાં આનું પૂર્વ છે, એ પ્રમાણે જણાય છે.**

❖ અહીં 'यथा'ને ઠેકાણે 'येन' પાઠ હોવાની સંભાવના છે.

**તે આ પ્રમાણે છે=જ્યોતિષ્કોની આનુપૂર્વી આ પ્રમાણે છે – સૌથી નીચે સૂર્ય છે, ત્યારપછી ચંદ્રો, ત્યારપછી ગ્રહો છે, ત્યારપછી નક્ષત્રો છે, ત્યારપછી પ્રકીર્ણ તારાઓ છે. વળી તારા અને ગ્રહો અનિયત ભ્રમણવાળા હોવાથી સૂર્ય અને ચંદ્રના ઊર્ધ્વ અને નીચે ફરે છે. સૂર્યથી દશ યોજન અવલંબી હોય છે=તારા અને ગ્રહો હોય છે. સમભૂમિભાગથી આઠસો યોજન ઉપર સૂર્ય છે. ત્યારપછી એંસી યોજન ઉપર ચન્દ્ર છે. ત્યારપછી વીસ યોજન પછી તારા છે.**

જ્યોતિષ્ક શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

**જે દ્યોતિત થાય તે જ્યોતિષ વિમાનો, તેઓમાં થનારા જ્યોતિષ્કો અથવા જ્યોતિષ દેવો અથવા જ્યોતિ જ જ્યોતિષ્ક છે. મુગટમાં શિર અને મુગટને ઢાંકી દે તેવા પ્રભામંડળ જેવા ઉજ્જ્વલ સૂર્ય, ચંદ્ર, તારામંડળરૂપ યથાયોગ્ય ચિહ્નોથી શોભતા દ્યુતિવાળા જ્યોતિષ દેવો હોય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૧૩।।**

**અવતરણિકા :-**

**આ, પાંચ પ્રકારના પણ જ્યોતિષ્કો શું પ્રવૃત્તિ કરે છે ? તે સૂત્રમાં બતાવે છે –**

**સૂત્ર :-**

**मेरुप्रदक्षिणानित्यगतयो नृलोके ।।४/१४।।**

**સૂત્રાર્થ :-**

**મેરુની પ્રદક્ષિણાવાળી નિત્યગતિવાળા નૃલોકમાં છે. ।।૪/૧૪।।**

**ભાષ્ય :-..**

"मानुषोत्तरपर्यन्तो मनुष्यलोक" **(अ० ३, सू० १४) इत्युक्तम्, तस्मिन् ज्योतिष्का मेरुप्रदक्षिणा नित्यगतयः भवन्ति, मेरोः प्रदक्षिणा नित्या गतिरेषामिति मेरुप्रदक्षिणानित्यगतयः, एकादशसु एकविंशेषु योजनशतेषु मेरोश्चतुर्दिशं प्रदक्षिणं चरन्ति । तत्र द्वौ सूर्यौ जम्बूद्वीपे, लवणे चत्वारः, धातकीखण्डे द्वादशः कालोदधौ द्विचत्वारिंशत्, पुष्करार्धे द्विसप्ततिः इत्येवं मनुष्यलोके द्वात्रिंशत् सूर्यशतं भवति, चन्द्रमसामप्येष एव विधिः, अष्टाविंशतिर्नक्षत्राणि, अष्टाशीतिर्ग्रहाः, षट्षष्टि-**

सहस्राणि नव शतानि पञ्चसप्ततीनि ताराकोटाकोटीनामेकैकस्य चन्द्रमसः परिग्रहः, सूर्याचन्द्रमसो ग्रहा नक्षत्राणि च तिर्यग्लोके, शेषास्तूर्ध्वलोके ज्योतिष्का भवन्ति । अष्टचत्वारिंशद् योजनैकषष्टिभागाः सूर्यमण्डलविष्कम्भः, चन्द्रमसः षट्पञ्चाशत्, ग्रहाणामर्धयोजनम्, गव्यूतं नक्षत्राणाम्, सर्वोत्कृष्टायास्ताराया अर्धक्रोशः, जघन्यायाः पञ्च धनुःशतानि, विष्कम्भार्धबाहल्याश्च भवन्ति सर्वे सूर्यादयः, नृलोक इति वर्तते बहिस्तु विष्कम्भबाहल्याभ्यामतोऽर्धं भवति एतानि च ज्योतिष्कविमानानि लोकस्थित्या प्रसक्तावस्थितगतीन्यपि ऋद्धिविशेषार्थमाभियोग्यनामकर्मोदयाच्च नित्यगतिरतयो देवा वहन्ति, तद्यथा – पुरस्तात् केशरिणः दक्षिणतः कुञ्जराः अपरतो वृषभाः उत्तरतो जविनोऽश्वा इति ।।४/१४।।

**ભાષ્યાર્થ :-**

**मानुषोत्तरपर्यन्तो ..... इति ।।** "માનુષોત્તરપર્વત સુધી મનુષ્યલોક છે" **એ પ્રમાણે કહેવાયું (અ૦ ૩, સૂ૦ ૧૪) તેમાં સૂર્ય આદિ જ્યોતિષ્કો મેરુ પ્રદક્ષિણાવાળા નિત્યગતિવાળા હોય છે. મેરુની પ્રદક્ષિણારૂપ નિત્યગતિ છે એમની એ મેરુપ્રદક્ષિણાનિત્યગતિવાળા એ પ્રકારનો સમાસ છે.**

કઈ રીતે સૂર્ય આદિની નિત્ય ગતિ છે ? તે સ્પષ્ટ કરે છે –

**અગિયારસો એકવીસ યોજનમાં મેરુની ચારે દિશામાં પ્રદક્ષિણા કરે છે. ત્યાં=મનુષ્યલોકમાં, જંબૂદ્વીપમાં બે સૂર્ય છે, લવણમાં ચાર સૂર્ય છે, ધાતકીખંડમાં બાર સૂર્ય છે, કાળોદધિમાં ૪૨ સૂર્ય છે અને પુષ્કરાર્ધમાં ૭૨ સૂર્ય છે. આ રીતે મનુષ્યલોકમાં એકસો બત્રીસ સૂર્ય થાય છે. ચંદ્રોની પણ આ જ વિધિ છે=સૂર્ય સમાન જ સંખ્યા સર્વથા છે. ૨૮ નક્ષત્રો છે, ૮૮ ગ્રહો છે. ૬૬,૯૭૫ કોડાકોડી તારાઓનો એક-એક ચંદ્રનો પરિવાર છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ અને નક્ષત્ર તિર્યગ્લોકમાં છે, શેષ જ્યોતિષ્ક એવા પ્રકીર્ણ તારાઓ ઊર્ધ્વલોકમાં હોય છે.**

**એક યોજનના એકસઠ ભાગો કરવામાં આવે તેવા અડતાલીસ ભાગ પ્રમાણ સૂર્યમંડળનો વિષ્કંભ છે. એક યોજનના એકસઠ ભાગ કરવામાં આવે તેવા છપ્પન ભાગ ચંદ્રનો વિષ્કંભ છે, ગ્રહોનો વિષ્કંભ અર્ધ યોજન, નક્ષત્રોનો વિષ્કંભ એક ગાઉ. સર્વ ઉત્કૃષ્ટ તારાઓનો વિષ્કંભ અડધો ગાઉ છે. જઘન્ય તારાઓનો વિષ્કંભ પાંચસો ધનુષ્ય છે અને સર્વ સૂર્ય આદિ વિષ્કંભથી અડધી ઊંચાઈવાળા હોય છે.**

કયાં હોય છે ? તેથી કહે છે –

**નૃલોકમાં એ પ્રમાણે વર્તે છે. વળી બહિર્=મનુષ્યલોકથી બહાર, વિષ્કંભ અને બાહલ્યથી=ઊંચાઈથી, આનાથી અર્ધ હોય છે=મનુષ્યલોકના સૂર્ય આદિના પ્રમાણથી અર્ધ પ્રમાણવાળા સૂર્ય આદિ હોય છે. અને આ જ્યોતિષ્ક વિમાનો લોકસ્થિતિથી પ્રસક્ત અવસ્થિતગતિવાળા હોવા છતાં પણ=સ્વતઃ**

**પ્રતિક્ષણગતિવાળા હોવા છતાં પણ, ઋદ્ધિ વિશેષ માટે=જ્યોતિષ દેવોની ઋદ્ધિવિશેષને પ્રગટ કરવા માટે, આભિયોગિકનામકર્મના ઉદયથી નિત્યગતિમાં રતિવાળા દેવો વહન કરે છે. તે આ પ્રમાણે - આગળથી=પૂર્વદિશાથી, કેસરી=સિંહ, આકારવાળા દેવો, દક્ષિણથી કુંજર=હાથી, આકારવાળા દેવો, અપરથી=પશ્ચિમદિશાથી, વૃષભ આકારવાળા અને ઉત્તરથી વેગવાળા અશ્વોના આકારવાળા દેવો વહન કરે છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૪/૧૪॥**

**ભાવાર્થ :-**

મનુષ્યલોકમાં સૂર્ય આદિ વિમાનોની નિત્યગતિ છે, તે લોકસ્થિતિથી છે, કોઈના પ્રયત્નથી નથી. લોકસ્થિતિ અનુસાર જે વિમાનોની જે પ્રકારની ગતિ પ્રસક્ત છે તે પ્રકારની અવસ્થિત=પ્રતિક્ષણ, ગતિ ચાલુ છે. તેથી તે વિમાનોને ગતિ કરાવવા અર્થે કોઈના શ્રમની આવશ્યકતા નથી તોપણ તે દેવોની ઋદ્ધિવિશેષને વ્યક્ત કરવા માટે આભિયોગિકનામકર્મવાળા દેવો તે વિમાનને વહન કરે છે. આ આભિયોગિક દેવો તેવા પ્રકારના નામકર્મના ઉદયને કારણે હંમેશાં તે પ્રકારે ગતિ કરવામાં રતિવાળા હોય છે. તેથી તે વિમાનોને વહન કરવામાં તેઓને ખેદ થતો નથી પરંતુ પ્રીતિ ઉત્પન્ન થાય છે.

વળી તે દરેક વિમાનોને વહન કરનારા આભિયોગિક દેવો કયા સ્વરૂપથી તે તે વિમાનોને વહન કરે છે ? તે બતાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

આગળમાં (પૂર્વદિશામાં) સિંહનો આકાર ધારણ કરીને આભિયોગિકદેવો વિમાન વહન કરે છે. દક્ષિણમાં હાથીનો આકાર ગ્રહણ કરીને આભિયોગિકદેવો વિમાનને વહન કરે છે. પશ્ચિમમાં બળદનો આકાર ગ્રહણ કરીને આભિયોગિકદેવો વિમાનને વહન કરે છે અને ઉત્તરમાં તીવ્રગતિવાળા અશ્વોનો આકાર ગ્રહણ કરીને આભિયોગિકદેવો વિમાનને વહન કરે છે. **॥૪/૧૪॥**

**સૂત્ર :-**

**तत्कृतः कालविभागः ।।४/१५।।**

**સૂત્રાર્થ :-**

**તત્કૃત કાળનો વિભાગ છે=જ્યોતિષ્કોની ગતિવિશેષથી કરાયેલો કાળનો વિભાગ છે. ॥૪/૧૫॥**

**ભાષ્ય :-**

"कालोऽनन्तसमयः वर्तनादिलक्षण" **(अ० ५, सू० ३९, २२) इत्युक्तम्, तस्य विभागो ज्योतिष्काणां गतिविशेषकृतश्चारविशेषेण हेतुना तैः कृतस्तत्कृतः । तद्यथा—अणुभागाश्चारा अंशाः कला लवा नालिका मुहूर्ता दिवसा रात्रयः पक्षा मासा ऋतवः अयनानि संवत्सरा युगमिति लौकिकसमो**

विभागः, पुनरन्यो विकल्पः—प्रत्युत्पन्नोऽतीतोऽनागत इति त्रिविधः, पुनस्त्रिविधः परिभाष्यते—सङ्ख्येयोऽसङ्ख्येयोऽनन्त इति । तत्र—परमसूक्ष्मक्रियस्य सर्वजघन्यगतिपरिणतस्य परमाणोः स्वावगाहनक्षेत्रव्यतिक्रमकालः समय इत्युच्यते परमदुरधिगमोऽनिर्देश्यः, तं हि भगवन्तः परमर्षयः केवलिनो विदन्ति, न तु निर्दिशन्ति, परमनिरुद्धत्वात्, परमनिरुद्धे हि तस्मिन् भाषाद्रव्याणां ग्रहण-निसर्गयोः करणप्रयोगासम्भव इति । ते त्वसङ्ख्येया आवलिका, ताः सङ्ख्येया उच्छ्वासः, तथा निःश्वासः, तौ बलवतः पट्विन्द्रियस्य कल्पस्य मध्यमवयसः स्वस्थमनसः पुंसः प्राणः । ते सप्त स्तोकः, ते सप्त लवः, तेऽष्टात्रिंशदर्धं च नालिका, ते द्वे मुहूर्तः, ते त्रिंशदहोरात्रम्, तानि पञ्चदश पक्षः, तौ द्वौ शुक्लकृष्णौ मासः, तौ द्वौ मासावृतुः, ते त्रयोऽयनम्, ते द्वे संवत्सरः, ते पञ्च चन्द्र-चन्द्राभिवर्धितचन्द्राभिवर्धिताख्या युगम्, तन्मध्येऽन्ते चाधिकमासकौ । सूर्यसावनचन्द्रनक्षत्राभि-वर्धितानि युगनामानि, वर्षशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वाङ्गम्, पूर्वाङ्गशतसहस्रं चतुरशीति-गुणितं पूर्वम् एवं तान्ययुतकमलनलिनकुमुदतुट्यडडाववाहाहाहूहूचतुरशीतिशतसहस्रगुणाः सङ्ख्येयः कालः, अत ऊर्ध्वमुपमानियतं वक्ष्यामः । तद्यथा हि नाम योजनविस्तीर्णं योजनोच्छ्रायं वृत्तं पल्य-मेकरात्राद्युत्कृष्टसप्तरात्रजातानामङ्गलोम्नां गाढं पूर्णं स्याद्, वर्षशताद् वर्षशतादेकैकस्मिन्नुद्ध्रिय-माणे शुद्धिनियमतो यावता कालेन तद् रिक्तं स्यादेतत् पल्योपमम्, तद् दशभिः कोटाकोटिभि-र्गुणितं सागरोपमम्, तेषां कोटाकोट्यश्चतस्रः सुषमसुषमा, तिस्रः सुषमा, द्वे सुषमदुष्षमा, द्विचत्वा-रिंशद् वर्षसहस्राणि हित्वा एका दुष्षमसुषमा, वर्षसहस्राणि एकविंशतिर्दुष्षमा, तावत्येव दुष्षम-दुष्षमा, एताः अनुलोमप्रतिलोमा अवसर्पिण्युत्सर्पिण्योर्भरतैरावतेष्वनाद्यनन्तं परिवर्तन्ते अहोरात्र-वत्, तयोः शरीरायुःशुभपरिणामानामनन्तगुणे हानिवृद्धी, अशुभपरिणामानां वृद्धि-हानी । अवस्थिता-ऽवस्थितगुणाश्चैकैकाऽन्यत्र । तद्यथा-कुरुषु सुषमसुषमा, हरिरम्यकवासेषु सुषमा, हैमवतहैरण्य-वतेषु सुषमदुष्षमानुभावः, विदेहेषु सान्तरद्वीपेषु दुष्षमसुषमा इति, एवमादिमनुष्यक्षेत्रे पर्यायापन्नः कालविभागो ज्ञेय इति ।।४/१५।।

**ભાષ્યાર્થ :-**

कालोऽनन्तसमयः ..... इति ।। કાળ અનંત સમયવાળો વર્તનાદિ લક્ષણ (અ૦ ૫, સૂ૦ ૩૯, ૨૨) છે એ પ્રમાણે પાંચમા અધ્યાયમાં કહેવાયું છે. તેનો વિભાગ=કાળનો વિભાગ, જ્યોતિષ્ક દેવોના ગતિવિશેષ કૃત છે. ચાર વિશેષરૂપ હેતુથી=જ્યોતિષ દેવોના ગમનવિશેષ હેતુથી, તેઓ વડે કરાયેલો=જ્યોતિષ દેવો વડે કરાયેલો, તત્કૃત છે.

તે આ પ્રમાણે છે – અનુભાગો, ચારો, અંશો, કલા, લવો, નાલિકા, મુહૂર્તો, દિવસો, રાત્રિઓ,

પક્ષો, માસો, ઋતુઓ, અયનો, સંવત્સરો, યુગ એ લૌકિક સમાન વિભાગ છે. વળી અન્ય વિકલ્પ પ્રત્યુત્પન્ન=વર્તમાન, અતીત=ભૂત, અને અનાગત=ભવિષ્ય, એ પ્રકારનો ત્રિવિધ વિભાગ છે. ફરી ત્રિવિધ કાલ કહેવાય છે – સંખ્યાત, અસંખ્યાત અને અનંત.

'इति' શબ્દ કાલની સંખ્યાની સમાપ્તિ માટે છે.

ત્યાં=ત્રણ પ્રકારના કાલમાં, 'પરમ સૂક્ષ્મક્રિયાવાળા સર્વ જઘન્ય ગતિપરિણત પરમાણુનો સ્વઅવગાહનાક્ષેત્રના વ્યતિક્રમવાળો કાળ' સમય એ પ્રમાણે કહેવાય છે, પરંતુ તે અત્યંત દુરધિગમ છે અને અનિર્દેશ્ય છે. हि=જે કારણથી તેને=સમય પ્રમાણ કાળને, ભગવાન પરમ ઋષિ એવા કેવલીઓ જાણે છે, પરંતુ નિર્દેશ કરતા નથી; કેમ કે પરમ નિરુદ્ધપણું છે=અત્યંત સૂક્ષ્મ છે.

અહીં પ્રશ્ન થાય કે પરમ નિરુદ્ધ એવા સમયને કેવલીઓ કેમ નિર્દેશ કરતા નથી ? એથી કહે છે –

પરમ નિરુદ્ધ એવા તેમાં=સમયમાં, ભાષાદ્રવ્યોના ગ્રહણ-નિસર્ગના કરણના પ્રયોગનો અસંભવ છે.

'इति' શબ્દ સમય અનિર્દેશ્ય છે તે કથનથી સમાપ્તિ માટે છે.

વળી અસંખ્યેય તે=સમયો, આવલિકા છે=અસંખ્યાત સમય પ્રમાણ આવલિકા છે. અને સંખ્યેય તે=આવલિકાઓ, ઉચ્છ્વાસ છે=સંખ્યાત આવલિકા પ્રમાણ ઉચ્છ્વાસ છે, અને નિઃશ્વાસ છે. તે=ઉચ્છ્વાસ-નિઃશ્વાસ, બળવાન પટુઈન્દ્રિયવાળા, કલ્પ=રોગ રહિત, મધ્યમ વયવાળા, સ્વસ્થ મનવાળા પુરુષનો પ્રાણ છે=પ્રાણ સ્વરૂપ કાલમાન છે. સાત તે=પ્રાણ, સ્તોક છે=સાત પ્રાણ પ્રમાણ એક સ્તોક છે. સાત તે=સ્તોક, લવ છે=સાત સ્તોક પ્રમાણ એક લવ છે. તે=લવ, આડત્રીસ અને અર્ધ નાલિકા છે=સાર્ધ આડત્રીસ લવ પ્રમાણ નાલિકા છે. બે તે=નાલિકા, મુહૂર્ત છે=બે નાલિકા પ્રમાણ મુહૂર્ત છે. ત્રીસ તે અહોરાત્ર છે=ત્રીસ મુહૂર્તનું અહોરાત્ર છે. પંદર તે પક્ષ છે=પંદર અહોરાત્રનો પક્ષ છે. તે=પક્ષ, બે શુક્લ અને કૃષ્ણ માસ છે=કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ એ બે એક માસ છે. તે બે ઋતુ છે=બે માસ પ્રમાણ એક ઋતુ છે. તે ત્રણ અયન છે=ત્રણ ઋતુ પ્રમાણ અયન છે. તે બે સંવત્સર છે=બે અયન પ્રમાણ સંવત્સર છે. તે સંવત્સર, ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત નામના પાંચ યુગ થાય છે=ચંદ્ર, ચંદ્ર આદિ નામવાળા પાંચ વર્ષોનો એક યુગ થાય છે. અને તેના મધ્યમાં અને અંતમાં એ અધિક માસ થાય છે=એક યુગના મધ્યમાં અભિવર્ધિતરૂપ વર્ષમાં અધિક માસ થાય છે અને અંતમાં અભિવર્ધિતરૂપ વર્ષમાં અધિક માસ થાય છે. સૂર્ય, સાવન, ચંદ્ર, નક્ષત્ર, અને અભિવર્ધિત યુગનાં નામો છે=સૂર્યયુગ, સાવનયુગ, ચંદ્રયુગ, નક્ષત્રયુગ અને અભિવર્ધિતયુગ એમ પાંચ નામવાળા પાંચ પ્રકારના યુગોનાં નામો છે. ચોરાશી લાખ વર્ષ પ્રમાણ પૂર્વાંગ છે. ચોરાશી લાખ પૂર્વાંગનું એક પૂર્વ છે. એ રીતે=પૂર્વમાં પૂર્વાંગ અને પૂર્વ બતાવ્યું એ રીતે, ત્યાં સુધી=અયુત કમલ, નલિન, કુમુદ, તુડી, અડડ, અવવા, હાહા અને હૂહૂ સુધી, ચોરાશી લાખથી ગુણાયેલા સંખ્યેય કાલ થાય છે.

❖ અહીં "एवं तावत् अयुतकमलनलीनकुमुदतुट्यडडावबहाहाहूहूपर्यन्तम् चतुरशीतिशतसहस्रगुणाः संख्येयकालः ।" આ પ્રમાણે પાઠ હોવાની સંભાવના છે.

**આનાથી ઊર્ધ્વ=પૂર્વમાં સંખ્યેય કાળ શાસ્ત્ર મર્યાદાનો સાર બતાવ્યો એનાથી ઊર્ધ્વ, ઉપમાથી નિયત કાળને અમે કહીશું. તે આ પ્રમાણે – યોજન વિસ્તીર્ણ, યોજન ઊંચો, વૃત્ત આકારવાળો એવો પ્યાલો એક રાત્રિ આદિથી માંડીને ઉત્કૃષ્ટ સાત રાત્રિથી ઉત્પન્ન થયેલા બાળકના રોમના વાળોથી ગાઢ પૂર્ણ થાય અને સો સો વર્ષે એક એકને કાઢવામાં આવે છે. તે શુદ્ધિના નિયમથી=તે પ્યાલો ખાલી થવાની મર્યાદાથી જેટલા કાળોથી તે પ્યાલો ખાલી થાય તે પલ્યોપમ છે. તે=પલ્યોપમ, દશ કોટાકોટીથી ગુણિત સાગરોપમ છે.**

❖ (અહીં કોઈક પાઠ છૂટી ગયો હોય તેમ જણાય છે. અને આ પ્રકારનો પાઠ હોવાની સંભાવના જણાય છે. एतानि पल्योपमानि सागरोपमानि च सूक्ष्मबादरभेदेन अनेकधा भवन्ति । तत्र सूक्ष्माद्धापल्योपमा कालमानार्थं ग्राह्यम् स च प्रत्येकवालाग्रस्य असंख्येयानि अदृश्यानि खंडानि कृत्वा बुद्ध्या पल्यम् भ्रियते ।)

તે પાઠ પ્રમાણે એ અર્થ પ્રાપ્ત થાય કે આ પલ્યોપમ અને સાગરોપમ બતાવ્યાં એ સૂક્ષ્મ-બાદરના ભેદથી અનેક પ્રકારવાળું છે. તેમાંથી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કાલમાન માટે ગ્રહણ કરવાનું છે. અને તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ - જે વાળાગ્ર કહ્યો છે તે પ્રત્યેક વાળના અદૃશ્ય એવા અસંખ્ય ટુકડા કરવામાં આવે તે એકેક ટુકડો સો વર્ષે કાઢવામાં આવે તેનાથી તે પલ્યોપમ મપાય છે.

**તે ચાર કોટાકોટી સાગરોપમ પ્રમાણ સુષમસુષમા આરો છે, ત્રણ કોટાકોટી સાગરોપમ પ્રમાણ સુષમા આરો છે, બે કોટાકોટી સાગરોપમ પ્રમાણ સુષમદુષમા આરો છે, બેંતાલીસ હજાર ન્યૂન એક કોટાકોટી સાગરોપમ પ્રમાણ દુષમસુષમા આરો છે. એકવીશ હજાર વર્ષનો દુષમા આરો છે અને તેટલો જ દુષમદુષમા આરો છે.**

**અવસર્પિણી-ઉત્સર્પિણીના આ=પૂર્વમાં બતાવ્યા તે, છ આરા અનુલોમ પ્રતિલોમ ભરત ઐરવતમાં દિવસ-રાતની જેમ અનાદિ અનંત પરિવર્તન પામે છે=ભૂતકાળમાં સદા હતા અને ભવિષ્યમાં સદા રહેશે તે રીતે પરિવર્તન પામે છે. તે બેમાં=અવસર્પિણી-ઉત્સર્પિણીમાં, શરીર, આયુષ્ય, શુભ પરિણામના અનંત ગુણની હાનિ વૃદ્ધિ છે=અવસર્પિણીમાં શરીરાદિ ત્રણેયના પરિણામોની હાનિ છે અને ઉત્સર્પિણીમાં વૃદ્ધિ છે. અશુભ પરિણામોની વૃદ્ધિ હાનિ થાય છે=અનંતગુણ વૃદ્ધિ હાનિ થાય છે.**

**અવસ્થિત=સુષમસુષમાદિ ભાવો અવસ્થિત, અને અવસ્થિત ગુણવાળા=શરીરાદિ અને પરિણામરૂપ અવસ્થિત ગુણવાળા, એકેક અન્યત્ર છે=ભરત ઐરવત સિવાય અન્ય ક્ષેત્રોમાં છે. તે આ પ્રમાણે – કુરુક્ષેત્રમાં સુષમસુષમા છે. હરિ અને રમ્યક્ વર્ષોમાં સુષમા છે. હૈમવંત અને હૈરણ્યવંતમાં સુષમદુષમા અનુભાવો છે. વિદેહમાં અને અંતરદ્વીપમાં દુષમસુષમા છે. એ વગેરે પર્યાયથી પ્રાપ્ત કાળવિભાગ મનુષ્યક્ષેત્રમાં જાણવો.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિમાં છે. ।।૪/૧૫।।**

**ભાવાર્થ :-**

પાંચમા અધ્યાયમાં વર્તનાદિ લક્ષણ અનંત સમયવાળો કાલ છે એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ કહ્યું છે, તે કાલનો વિભાગ જ્યોતિષ દેવોના ગતિવિશેષથી કરાયેલો છે. સૂત્રમાં કાલ વિભાગ તત્કૃત છે એમ કહ્યું એનો અર્થ સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

જ્યોતિષ દેવોનાં વિમાનો જે પરિભ્રમણ કરી રહ્યા છે, તે પરિભ્રમણવિશેષરૂપ હેતુથી તે જ્યોતિષ દેવો વડે કરાયેલો આ કાલ વિભાગ છે.

કઈ રીતે જ્યોતિષ દેવો વડે આ કાલ વિભાગ કરાયો છે ? તે બતાવે છે –

અનુભાગ, ચાર, અંશ એ ત્રણેય ચાર વિશેષને બતાવનાર છે. તેથી જ્યોતિષ દેવોના ગમનનો સૌથી અલ્પકાલ તે અનુભાગ, ચાર કે અંશથી વાચ્ય છે. ત્યારપછી અમુક અંશોની કલા થાય અમુક કલાનો લવ થાય અમુક લવની નાલિકા થાય ઇત્યાદિ વિભાગ છે. અને તે પ્રમાણે સંવત્સર અને યુગ સુધી લોકપ્રસિદ્ધ આ વિભાગ છે. તે સર્વ જ્યોતિષ દેવોની ગતિવિશેષ કૃત છે.

આ રીતે જ્યોતિષ દેવોની ગતિ વિશેષથી થયેલો અઢી દ્વીપ અંતર્ગત કાલનો વિભાગ બતાવ્યા પછી અન્ય પ્રકારે કાલનો વિભાગ બતાવે છે –

વળી કાલ પ્રત્યુત્પન્ન છે=વર્તમાન છે, અતીત છે અને અનાગત છે. આ રીતે અપેક્ષાથી કાલના ત્રણ ભેદ છે. વળી અન્ય રીતે કાલ ત્રણ પ્રકારનો કહેવાયો છે – સંખ્યાત કાલ, અસંખ્યાત કાલ અને અનંત કાલ.

આ સંખ્યાતાદિ ત્રણ ભેદમાં સૌથી જઘન્યકાલ શું છે ? તે બતાવીને તેના બલથી સંખ્યાત-અસંખ્યાત અને અનંત કાલના સ્વરૂપને બતાવવા અર્થે ભાષ્યકારશ્રી કહે છે –

પરમાણુ જ્યારે સર્વ જઘન્ય ગતિપરિણામવાળો હોય છે ત્યારે તેની ગતિની ક્રિયા પરમ સૂક્ષ્મ હોય છે. અર્થાત્ તેનાથી સૂક્ષ્મ ક્રિયા પ્રાપ્ત ન થઈ શકે તેવી પરમ સૂક્ષ્મ ક્રિયા હોય છે. જ્યારે પરમાણુ મધ્યમ ગતિથી જતો હોય ત્યારે સ્થૂલ ક્રિયા હોય છે અને જ્યારે પરમાણુ તીવ્ર ગતિથી જતો હોય ત્યારે અત્યંત સ્થૂલ ક્રિયા હોય છે; કેમ કે તે વખતે પરમાણુ માત્ર એક જ સમયમાં લોકના એક છેડેથી બીજા છેડામાં પહોંચી જાય છે.

પરમાણુમાં જ્યારે પરમ સૂક્ષ્મ ક્રિયારૂપ સર્વ જઘન્ય ગતિપરિણામ હોય ત્યારે તે પરમાણુ જે આકાશપ્રદેશ ઉપર રહેલો હોય તેના અનંતર આકાશપ્રદેશ ઉપર તે જાય છે. તે અનંતર આકાશપ્રદેશના ગમનમાં જે કાલ થાય છે, તે કાલને શાસ્ત્રીય પરિભાષામાં સમય કહેવાય છે. આ સમય અત્યંત દુરધિગમ છે; કેમ કે કેવલી સિવાય અન્ય કોઈ તે કાલના વિભાગને જાણવા સમર્થ નથી. વળી, કેવલીથી પણ તે સમયનો નિર્દેશ કરી શકાતો નથી તેથી સમય અનિર્દેશ્ય છે.

સમય કેમ અતિ દુરધિગમ અને અનિર્દેશ્ય છે ? તે સ્પષ્ટ કરવા ભાષ્યકારશ્રી કહે છે –

તે સમય પ્રમાણ કાલમાનને ભગવાન પરમ ઋષિ એવા કેવલીઓ જાણે છે, પરંતુ નિર્દેશ કરી શકતા

નથી. તેથી તેઓ કહે છે 'સમયનું પરમ નિરુદ્ધપણું છે' અર્થાત્ અત્યંત અલ્પપણું છે. અત્યંત અલ્પપણાવાળા એવા તે કાલમાં ભાષાદ્રવ્યના ગ્રહણ અને નિસર્ગના કરણપ્રયોગનો અસંભવ છે અર્થાત્ બોલનાર કેવલી ભાષાદ્રવ્યના પુદ્ગલો પ્રતિસમય ગ્રહણ કરે છે અને નિસર્ગ કરે છે તોપણ અસંખ્યાત સમયના ગ્રહણ અને નિસર્ગ કરાયેલા ભાષા પુદ્ગલો શ્રોત્રેંદ્રિય દ્વારા ગ્રહણ થાય છે. તેથી એક સમયના સ્વરૂપને બતાવવા માટે કોઈ ભાષાદ્રવ્ય સમર્થ નથી અર્થાત્ તે ભાષાદ્રવ્યના વર્ણન દ્વારા અત્યંત પટુ એવા ગણધરો પણ બે, ચાર, પાંચ આદિ અસંખ્યાત સમયોના સમૂહ કરતાં એક સમયનો જે વિભાગ છે તેનો નિર્ણય કરી શકતા નથી. જેમ બે-ત્રણ સેકન્ડ આદિ કરતાં એક સેકન્ડનો વિભાગ સામાન્યથી વર્તમાનમાં થઈ શકે છે તેવો વિભાગ સમયમાં છદ્મસ્થને કરવો અસંભવ છે. તેથી છદ્મસ્થને સમયના સ્વરૂપનો બોધ કરાવવા અર્થે કેવલીના કરણના પ્રયોગનો અસંભવ છે. જેમ શુદ્ધ આત્માનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ? તે કેવલજ્ઞાનના બળે પોતે સાક્ષાત્ આત્માને જોનારા એવા કેવલી પણ અન્યને બતાવવા માટે સમર્થ નથી. તેથી રૂપ નથી, ગંધ નથી ઇત્યાદિ વ્યતિરેક દ્વારા તેનું સ્વરૂપ બતાવવા માટે કાંઈક યત્ન શાસ્ત્રમાં કરાયેલ છે. શાસ્ત્રના બલથી શુદ્ધ આત્માનું અસ્પષ્ટ સ્વરૂપ ચૌદપૂર્વી ઘણું જાણી શકે છે; છતાં પ્રાતિભજ્ઞાન વખતે તેમને કાંઈક સ્પષ્ટ થાય છે અને તેના બલથી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે શુદ્ધ આત્મા સંપૂર્ણ સ્પષ્ટ દેખાય છે. તે રીતે પ્રસ્તુતમાં પણ પરમાણુની જઘન્ય ગતિના બલથી સમયનું અસ્પષ્ટ સ્વરૂપ છદ્મસ્થને બતાવી શકાય છે, પરંતુ બે સમય કરતાં એક સમયનું સ્પષ્ટ સ્વરૂપ છદ્મસ્થ જોઈ શકતો નથી. જ્યારે બે સમય કરતાં એક સમયનો વિભાગ સ્પષ્ટ કેવલી જોઈ શકે છે.

વળી, એક સમયનું સ્વરૂપ બતાવ્યા પછી તેનાથી આગળના આવલિકા આદિનું સ્વરૂપ બતાવે છે –

અસંખ્યાતા સમયની એક આવલિકા છે. સંખ્યાત આવલિકા પ્રમાણ એક ઉચ્છ્વાસ છે અને સંખ્યાત આવલિકા પ્રમાણ એક નિઃશ્વાસ છે. પટુઇન્દ્રિયવાળા, નીરોગી મધ્યમ વયવાળા બલવાન પુરુષના અને સ્વસ્થ મનવાળા પુરુષના ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ એ પ્રાણ છે=એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસ પ્રમાણ પ્રાણ છે. સાત પ્રાણનો એક સ્તોક છે. સાત સ્તોકનો એક લવ છે. સાડા આડત્રીસ લવની એક નાલિકા=ઘડી છે. બે નાલિકા=બે ઘડી, પ્રમાણ મુહૂર્ત છે. અને ત્રીસ મુહૂર્તનું અહોરાત્ર છે. પંદર અહોરાત્રનો એક પક્ષ છે. શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ આત્મક બે પક્ષ પ્રમાણ એક માસ છે. બે માસની ઋતુ છે. ત્રણ ઋતુનું એક અયન છે. બે અયનનો એક સંવત્સર છે. પાંચ સંવત્સરનો એક યુગ છે. અને તે યુગનાં વર્ષોનાં નામો ક્રમસર ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત છે. તેથી એ પ્રમાણ થાય છે કે ત્રણસો ચોપ્પન દિવસ ઉપર બાંસઠનો બારમો ભાગ (૩૫૪$\frac{૧૨}{૬૨}$) એટલા પ્રમાણ ચંદ્ર વર્ષ છે. અને તે ચંદ્ર વર્ષ પહેલું, બીજું અને ચોથું છે. જ્યારે અભિવર્ધિત નામનાં બે વર્ષો છે જેનું પ્રમાણ ત્રણસો ત્યાંસી દિવસ અને બાસઠનો ચુમ્માલીસમો ભાગ છે. (૩૮૩$\frac{૪૪}{૬૨}$); કેમ કે તે વર્ષમાં અધિક માસ આવે છે. આ અભિવર્ધિત વર્ષ ત્રીજું અને પાંચમું છે. તેથી એ પ્રાપ્ત થાય કે યુગના મધ્યમાં અને અંતમાં અધિક માસ આવે છે. વળી ચંદ્ર, ચંદ્ર આદિ પાંચ વર્ષોના સમુદાયરૂપ જે યુગ આવે છે, તે યુગનાં પાંચ નામો છે. સૂર્યયુગ, સાવનયુગ, ચંદ્રયુગ, નક્ષત્રયુગ અને

અભિવર્ધિતયુગ. આ પાંચ યુગનાં નામો પર્યાયવાચીરૂપ છે કે તે પાંચેય યુગોમાં પરસ્પર કોઈ ભેદ છે તેનું સ્પષ્ટીકરણ ભાષ્યકારશ્રીએ કરેલ નથી. ટીકાકારશ્રી સૂર્યમાસ અને સૂર્યવર્ષ શું છે ? તે બતાવે છે, પરંતુ સૂર્યયુગ છે કે નહીં તેની સ્પષ્ટતા કરતા નથી. જો સૂર્યવર્ષ જેમાં પાંચ હોય તે સૂર્યયુગ છે તેમ કહીએ તો પૂર્વમાં ચંદ્ર ચંદ્ર આદિ પાંચ વર્ષ વાળું જે યુગ કહેલું તે પાંચ કરતાં અન્ય કોઈ યુગની પ્રતીતિ થાય અને તે સંગત જણાતું નથી. તેથી પૂર્વમાં ચંદ્ર, ચંદ્રાદિ કહેલા પાંચ વર્ષનું યુગ થાય છે અને તે યુગનાં આ નામો હોવાં જોઈએ અને તે નામકૃત કોઈ યુગમાં પરસ્પર વિશેષતા હોય તો બહુશ્રુતોનો વિષય છે.

ચોરાસી લાખ વર્ષનું પૂર્વાંગ છે અને ચોરાસી લાખ પૂર્વાંગ=એક પૂર્વ છે. આ રીતે અયુત આદિને પણ ગણના કરવાનો ભાષ્યકારશ્રી નિર્દેશ કરે છે, તે પ્રમાણે ચોરાસી લાખ પૂર્વનું એક અયુતાંગ થાય અને ચોરાસી લાખ અયુતાંગનો એક અયુત થાય. આ રીતે યાવદ્ હૂહૂ સુધી ગણના થાય છે જે સર્વ સંખ્યાત કાળ છે.

આના પછી પણ હજુ સંખ્યાત કાળની પ્રાપ્તિ હોવા છતાં ત્યારપછી ઉપમાથી અતીત કાળને ભાષ્યકારશ્રી કહે છે. તે આ પ્રમાણે –

કોઈ પલ્ય આકારનો ખાડો જે એક યોજન વિસ્તીર્ણ એક યોજન ઊંચો હોય અને ગોળાકાર હોય, તે ખાડામાં એક રાત્રિના યાવત્ સાત રાત્રિના ઉત્પન્ન થયેલા યુગલિક બાળકના શરીરના એક એક વાળના અસંખ્ય ટુકડા કરી તેનાથી એને સંપૂર્ણ ભરવામાં આવે અને દર સો વર્ષે તે વાળનો એક ટુકડો તેમાંથી કાઢવામાં આવે આ રીતે જેટલા કાળમાં તે ખાડો ખાલી થાય તે પલ્યોપમ કહેવાય.

આ પલ્યોપમની સંખ્યાથી પણ સંખ્યાત પ્રમાણ સંખ્યાની જ પ્રાપ્તિ છે, અસંખ્યાત પ્રમાણ અસંખ્યાતની પ્રાપ્તિ નથી; છતાં પૂર્વમાં જે સંખ્યા બનાવી તેના કરતાં ઘણી અધિક સંખ્યા પ્રમાણ આ સંખ્યાત છે અને ઉપમાથી આ સંખ્યાની ગણતરી થાય છે. અને તેવા દશ કોટાકોટીથી ગુણિત એવા પલ્યોપમ પ્રમાણ એક સાગરોપમ બને છે. આ સાગરોપમની સંખ્યા પણ સંખ્યાતમાં જ પ્રાપ્ત થાય છે, અસંખ્યાત સંખ્યામાં નહીં.

વળી આ પલ્યોપમ જ અનેક ભેદવાળા છે તેમાંથી જે સૂક્ષ્મઅદ્ધા પલ્યોપમ છે તેને આશ્રયીને આયુષ્યના અને કાળચક્રના સમયની ગણના છે. પૂર્વમાં બતાવેલ પલ્યોપમથી ગણના થતી નથી અને તેની ગણના આ પ્રમાણે છે –

એક રાત્રિથી સાત રાત્રિના ઉત્પન્ન થયેલા બાળકના એકવાળના અસંખ્યાત ટુકડા કરવામાં આવે તેનાથી પલ્ય આકારવાળો તે ખાડો પૂરવામાં આવે જે ટુકડા ચક્ષુથી અદૃશ્ય હોય છે તેથી તેવા સૂક્ષ્મ ટુકડાને પ્રતિ સો વર્ષે બુદ્ધિથી એક એક કાઢવામાં આવે અને જેટલા વર્ષે તે ખાડો ખાલી થાય તે સૂક્ષ્મઅદ્ધા પલ્યોપમ કહેવાય. આવા સૂક્ષ્મઅદ્ધા પલ્યોપમ પણ દશ કોટાકોટી પલ્યોપમ પ્રમાણ થાય ત્યારે એક સાગરોપમ થાય. ભરત અને ઐરવતમાં આવા ચાર કોટાકોટી સાગરોપમનો સુષમસુષમા નામનો પહેલો આરો હોય છે, ત્રણ કોટાકોટી સાગરોપમનો બીજો આરો સુષમા નામનો હોય છે, સુષમદુષમા નામનો બે કોટાકોટી સાગરોપમનો ત્રીજો આરો હોય છે, બેતાલીસ હજાર ન્યૂન એવા એક કોટાકોટી સાગરોપમનો દુષમસુષમા

નામનો ચોથો આરો હોય છે, એકવીસ હજાર વર્ષનો દુષમા નામનો પાંચમો આરો હોય છે અને એકવીસ હજાર વર્ષનો દુષમદુષમા નામનો છઠ્ઠો આરો હોય છે. આ છએ આરાઓ ભરત અને ઐરવતમાં અવત્સર્પિણીમાં અનુલોમથી અને ઉત્સર્પિણીમાં પ્રતિલોમથી દિવસ-રાત્રિની જેમ અનાદિ કાળથી અને અનંત કાળ સુધી શાશ્વત પરિવર્તન પામે છે.

વળી અવત્સર્પિણીમાં પ્રથમ આરાથી માંડીને છઠ્ઠા આરા સુધી શરીરનું પરિણામ, આયુષ્યનું પરિણામ અને પુદ્ગલોનો શુભ પરિણામ ક્રમસર અનંતગુણથી હાનિ પામે છે અને ઉત્સર્પિણીમાં ક્રમસર વૃદ્ધિ પામે છે. શરીર આદિના અશુભ પરિણામો અવસર્પિણીમાં ક્રમસર વધે છે અને ઉત્સર્પિણીમાં ક્રમસર ઘટે છે. ભરત ઐરવત સિવાયનાં અન્ય મનુષ્યક્ષેત્રોમાં અવસ્થિત સુષમાદિ છે અને અવસ્થિત ગુણવાળાં તે તે ક્ષેત્રો છે, તેમાંથી કેટલાં ક્ષેત્રો સુષમસુષમાની જેમ પ્રથમ આરા જેવાં છે અને કેટલાં ક્ષેત્રો બીજા આદિ આરા જેવાં છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

કુરુક્ષેત્રમાં સુષમસુષમા નામના પ્રથમ આરાનો અનુભાવ છે, હરિવંશ અને રમ્યક્ ક્ષેત્રમાં સુષમા નામના બીજા આરાનો અનુભાવ છે, હૈમવંત અને હૈરણ્યવંતમાં સુષમદુષમા નામનો ત્રીજા આરાનો અનુભાવ છે જ્યારે વિદેહમાં=મહાવિદેહમાં, અને અંતરદ્વીપમાં દુષમસુષમા નામના ચોથા આરાનો અનુભાવ છે.

આ વગેરે=પૂર્વમાં વર્ણન કર્યું એ, અને આદિ શબ્દથી પુદ્ગલપરાવર્તન આદિ મનુષ્યક્ષેત્રમાં પર્યાયથી આપન્ન કાલ વિભાગ જાણવો. **II૪/૧૫II**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૪માં કહેલ કે મનુષ્યલોકમાં મેરુની પ્રદક્ષિણાને કરતા નિત્યગતિવાળા જ્યોતિષ્કો છે. તેથી હવે મનુષ્યલોકથી બહારમાં કેવા જ્યોતિષ્કો છે ? એ પ્રકારની શંકામાં કહે છે –**

**સૂત્ર :-**

**बहिरवस्थिताः ।।४/१६।।**

**સૂત્રાર્થ :-**

**બહિર્=મનુષ્યલોકથી બહાર, અવસ્થિત છે=જ્યોતિષ્ક દેવો અવસ્થિત છે. ।।૪/૧૬।।**

**ભાષ્ય :-**

**नृलोकाद् बहिर्ज्योतिष्काः अवस्थिताः, अवस्थिता इत्यविचारिणः अवस्थितविमानप्रदेशा अवस्थितलेश्याप्रकाशा इत्यर्थः, सुखशीतोष्णरश्मयश्चेति ।।४/१६।।**

**ભાષ્યાર્થ :-**

**नृलोकाद् ..... सुखशीतोष्णरश्मयश्चेति ।। મનુષ્યલોકથી બહિર્ જ્યોતિષ્કો અવસ્થિત છે. અવસ્થિત છે એટલે અવિચારશીલ છે=ગતિ વગરના છે. અવસ્થિત વિમાનના પ્રદેશો છે. અવસ્થિત લેશ્યાવાળા**

**અને પ્રકાશવાળા છે, એ પ્રકારનો અર્થ છે=અવસ્થિત શબ્દનો અર્થ છે. અને સુખ=સુખને કરનાર એવા, શીત અને ઉષ્ણ રશ્મિવાળા છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૧૬।।**

**ભાવાર્થ :-**

મનુષ્યલોકથી બહારમાં જ્યોતિષ્ક દેવો અવસ્થિત છે.

અવસ્થિત શબ્દનો અર્થ ભાષ્યકારશ્રી કરે છે –

અવિચારી છે=ફરનારા નથી.

તેનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

તેઓનાં વિમાનનાં સ્થાનો અવસ્થિત છે=સ્થાનાંતર કરતા નથી. તેના કારણે તેઓના દેહના વર્ણરૂપ લેશ્યા પણ અવસ્થિત છે; કેમ કે મનુષ્યક્ષેત્રમાં તેઓની ગતિ હોવાના કારણે રાહુ આદિનો ઉપરાગ થાય છે ત્યારે મનુષ્યક્ષેત્રના દેવોની પીતલેશ્યા હોવા છતાં તેમાં પરિવર્તન થાય છે. જ્યારે મનુષ્યક્ષેત્રની બહારના દેવોના વિમાનો અવસ્થિત હોવાથી તેઓને રાહુ આદિના ઉપરાગ થવાનો સંભવ રહેતો નથી, તેથી લેશ્યામાં પરિવર્તન થતું નથી અને પ્રકાશમાં પરિવર્તન થતું નથી. આ કથન તેઓના વિમાનને આશ્રયીને હશે તેમ જણાય છે; કેમ કે રાહુનો ઉપરાગાદિ નૃલોકમાં સૂર્ય, ચંદ્રના વિમાનને થાય છે. અંદરમાં રહેલા દેવોને તત્કૃત વર્ણનો કોઈ ભેદ થાય છે તેમ સ્વીકારવામાં કોઈ યુક્તિ જણાતી નથી.

વળી તેઓના વિમાન અવસ્થિત હોવાથી જ્યાં ચંદ્ર છે ત્યાં સતત પૂનમના ચંદ્ર જેવો શીતલ રશ્મિવાળો ચંદ્ર હોય છે. જે ત્યાં વર્તતા જીવોને સુખ કરે તેવો હોય છે. જે સ્થાનમાં સૂર્ય છે તે સ્થાનમાં પણ તેનું ઉષ્ણતામાન અતિ ઉગ્ર હોતું નથી તેથી ત્યાં વર્તતા જીવોને સુખ કરે તેવી ઉષ્ણ રશ્મિવાળો છે. આ કથન પણ તેમના વિમાનને આશ્રયીને હશે તેમ જણાય છે. **।।૪/૧૬।।**

**સૂત્ર :-**

**वैमानिकाः ।।४/१७।।**

**સૂત્રાર્થ :-**

**વૈમાનિકો ચોથો દેવનિકાય છે. ।।૪/૧૭।।**

**ભાષ્ય :-**

**चतुर्थो देवनिकायो वैमानिकाः, तेऽत ऊर्ध्वं वक्ष्यन्ते, विमानेषु भवा वैमानिकाः ।।४/१७।।**

**ભાષ્યાર્થ :-**

**चतुर्थः ..... वैमानिकाः ।। ચોથો દેવનિકાય વૈમાનિકો છે. તેઓ=વૈમાનિક દેવો, આનાથી=જ્યોતિષ્કથી, ઊર્ધ્વમાં કહેવાશે. વિમાનમાં થનારા હોય તે વૈમાનિક કહેવાય. ।।૪/૧૭।।**

**અવતરણિકા :-**

વૈમાનિક દેવો મૂલ ભેદથી બે પ્રકારના છે. તે બતાવે છે –

**સૂત્ર :-**

**कल्पोपपन्नाः कल्पातीताश्च ।।४/१८।।**

**સૂત્રાર્થ :-**

**કલ્પોપપન્ન અને કલ્પાતીત બે પ્રકારના વૈમાનિક દેવો છે. ॥૪/૧૮॥**

**ભાષ્ય :-**

**द्विविधा वैमानिका देवाः-कल्पोपपन्नाः कल्पातीताश्च, तान् परस्ताद् वक्ष्याम इति ।।४/१८।।**

**ભાષ્યાર્થ :-**

**द्विविधा ..... इति ।। બે પ્રકારના વૈમાનિક દેવો છે – કલ્પોપપન્ન અને કલ્પાતીત. તેઓને=કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવોના ભેદોને, આગળમાં અમે કહીશું.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૪/૧૮॥**

**ભાવાર્થ :-**

જે દેવલોકમાં ઇંદ્રાદિ દશ ભેદોની કલ્પના કરાય છે તે કલ્પોપપન્ન દેવો છે, જે સૌધર્મથી માંડીને અચ્યુત સુધી છે. જે દેવલોકમાં આ ઇંદ્ર, આ સામાનિક ઇત્યાદિ દેવોની કલ્પના=વ્યવસ્થા, નથી, પરંતુ બધા સ્વતંત્ર છે તેઓ કલ્પથી અતીત છે. **॥૪/૧૮॥**

**અવતરણિકા :-**

**સૂત્ર-૧૮માં કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકારના વૈમાનિક દેવો કહ્યા, તે દેવોના વિમાનોનો સમુદાય કઈ રીતે સંનિવિષ્ટ છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**उपर्युपरि ।।४/१९।।**

**સૂત્રાર્થ :-**

**ઉપર ઉપરમાં વૈમાનિક દેવો છે. ॥૪/૧૯॥**

**ભાષ્ય :-**

**उपर्युपरि च यथानिर्देशं वेदितव्याः, नैकक्षेत्रे, नापि तिर्यगधो वेति ।।४/१९।।**

**ભાષ્યાર્થ :-**

**उपर्युपरि ..... वेति ।। યથા નિર્દેશ=જે પ્રમાણે દેવલોકોનો નિર્દેશ, આગળના સૂત્રમાં કરે છે એ પ્રમાણે ઉપર ઉપરમાં જાણવા=ઉપર ઉપરમાં દેવલોકો જાણવા, એક ક્ષેત્રમાં નહીં. વળી તિર્યગ્ કે અધો પણ નહીં.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૧૯।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૨૦માં બતાવશે એ પ્રમાણે તેના ક્રમ અનુસાર કલ્પોપપન્ન અને કલ્પાતીત સર્વ દેવો ઉપર ઉપરમાં રહેલા છે, પરંતુ જેમ મનુષ્યલોકમાં પાંચ ભરતાદિ એક ક્ષેત્રમાં રહેલા છે=સમતલભૂમિમાં રહેલા છે, તેમ સમતલભૂમિરૂપ એક ક્ષેત્રમાં નથી, તિર્ચ્છામાં કે અધોમાં પણ નથી=સૌધર્મ દેવલોકથી તિર્ચ્છા ક્ષેત્રમાં કે અધો ક્ષેત્રમાં પણ ઈશાનદેવલોક આદિ નથી પરંતુ દરેક દેવલોકો ઉપર ઉપરમાં જ હોય છે. **।।૪/૧૯।।**

**અવતરણિકા :-**

**તે વૈમાનિક દેવો ઉપર ઉપરમાં જે ક્રમથી હોય છે, એ બતાવે છે –**

**સૂત્ર :-**

**सौधर्मैशानसनत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्त्रारेष्वानत-प्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ।।४/२०।।**

**સૂત્રાર્થ :-**

**સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક અને મહાશુક્રમાં વૈમાનિક દેવો હોય છે, એમ અન્વય છે. આનત, પ્રાણતમાં વૈમાનિક દેવો હોય છે. આરણ, અચ્યુતમાં વૈમાનિક દેવો હોય છે. નવ ગ્રૈવેયકમાં વૈમાનિક દેવો હોય છે. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનોમાં વૈમાનિક દેવો હોય છે અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં વૈમાનિક દેવો હોય છે. ।।૪/૨૦।।**

**ભાષ્ય :-**

**एतेषु सौधर्मादिषु कल्पविमानेषु वैमानिका देवा भवन्ति । तद्यथा–सौधर्मस्य कल्पस्योपरि ऐशानः कल्पः, ऐशानस्योपरि सनत्कुमारः, सनत्कुमारस्योपरि माहेन्द्र इत्येवमा सर्वार्थसिद्धादिति ।।**

**ભાષ્યાર્થ :-**

एतेषु ..... सर्वार्थसिद्धादिति ।। **આ સૌધર્માદિ કલ્પ વિમાનોમાં=સૂત્રમાં વર્ણન કરાયેલા સૌધર્માદિ સમુદાયનાં વિમાનોમાં, વૈમાનિક દેવો હોય છે. તે આ પ્રમાણે – સૌધર્મ કલ્પના=સૌધર્મ દેવલોકના,**

**વિમાન સમુદાયના ઉપરમાં ઈશાનનો કલ્પ છે=ઈશાન દેવલોકનાં વિમાનો છે. ઈશાનના ઉપરમાં સનત્કુમાર છે=સનત્કુમારદેવલોકનાં વિમાનો છે. સનત્કુમારના ઉપરમાં માહેન્દ્ર છે=માહેન્દ્રદેવલોકનાં વિમાનો છે. આ રીતે સર્વાર્થસિદ્ધ સુધી છે. ॥**

**ભાવાર્થ :-**

સૂત્રમાં જુદા જુદા સમાસો કર્યા તેનાથી તેવો અર્થ ભાસે છે કે મહાશુક્ર સુધી સર્વ વિમાનોમાં સ્વતંત્ર ઇંદ્રો છે. તેથી તે આઠેય દેવલોકનાં વિમાનોનો એક સમાસ કર્યો. આનત અને પ્રાણત એ બે દેવલોકના એક ઇંદ્ર છે તેથી તેનો સમાસ જુદો કર્યો. આરણ અને અચ્યુત એ બેના એક ઇંદ્ર છે તેથી તેનો સમાસ જુદો કર્યો. ત્યારપછી નવ ગ્રૈવેયક સુધી અભવ્ય દુર્ભવ્ય જાય છે તેને આશ્રયીને પ્રાયઃ તેનો સમાસ જુદો કરેલો હોવો જોઈએ. વિજય વૈજયંત આદિમાં બે ચાર ભવમાં જ મોક્ષમાં જનારા જીવો હોય છે, તેથી તે ચારનો એક સમાસ કર્યો અને સર્વાર્થસિદ્ધમાં નિયમા એકાવતારી હોય છે. તેથી તેને ભિન્નરૂપે ગ્રહણ કરેલ છે.

વળી ભાષ્યવચનાનુસાર આ સૌધર્માદિ વિમાનોના સમુદાયમાં વૈમાનિક દેવો રહે છે. તે વૈમાનિક દેવોનાં વિમાન કઈ રીતે રહેલાં છે ? તે જણાવતાં ભાષ્યકારશ્રી કહે છે –

સૌધર્મ દેવલોકની ઉપર ઈશાન દેવલોકનાં વિમાનો છે. ઈશાન દેવલોકની ઉપર સનત્કુમાર દેવલોકનાં વિમાનો છે. સનત્કુમારદેવલોકની ઉપર માહેન્દ્ર દેવલોકનાં વિમાનો છે. આ રીતે સર્વાર્થસિદ્ધ સુધી જાણવું.

પ્રસ્તુતમાં ભાષ્યકારશ્રીએ સૌધર્મદેવલોકથી ઉપર ઈશાનદેવલોક છે એમ કહ્યું તેથી અન્ય ગ્રંથમાં જે સૌધર્મદેવલોક દક્ષિણદિશામાં અને અને ઈશાનદેવલોક ઉત્તરદિશામાં છે તથા સનત્કુમારદેવલોક ઉત્તરદિશામાં છે અને માહેન્દ્રદેવલોક દક્ષિણદિશામાં છે તેવો અર્થ ભાષ્યથી પ્રાપ્ત થતો નથી.

વળી નવ ગ્રૈવેયકમાં પણ નવે ગ્રૈવેયક એકબીજાના ઉપરમાં હોય તેવો ભાષ્યાનુસાર અર્થ પ્રાપ્ત થાય છે. પાંચ અનુત્તર પણ ક્રમસર ઉપર ઉપરમાં હોય તેવો જ અર્થ પ્રાપ્ત થાય છે, જે અન્ય ગ્રંથ કરતાં મતાંતરસ્વરૂપ છે.

**ભાષ્ય :-**

**सुधर्मा नाम शक्रस्य देवेन्द्रस्य सभा, सा तस्मिन्नस्तीति सौधर्मः कल्पः । ईशानस्य देवराजस्य निवास ऐशानः, इत्येवमिन्द्राणां निवासयोगाभिख्याः सर्वे कल्पाः । ग्रैवेयकास्तु लोकपुरुषस्य ग्रीवाप्रदेशविनिविष्टा ग्रीवाभरणभूताः, ग्रैवा ग्रीव्या ग्रैवेया ग्रैवेयका इति ।**

**अनुत्तराः पञ्च देवनामान एव, विजिता अभ्युदयविघ्नहेतवः एभिरिति विजयवैजयन्तजयन्ताः, तैरेव विघ्नहेतुभिर्न पराजिता अपराजिताः, सर्वेष्वभ्युदयार्थेषु सिद्धाः सर्वार्थैश्च सिद्धाः सर्वे वैषामभ्युदयार्थाः सिद्धा इति सर्वार्थसिद्धाः । विजितप्रायाणि वा कर्माण्येभिरुपस्थितभद्राः परीषहैरपराजिताः सर्वार्थेषु सिद्धाः सिद्धप्रायोत्तमार्था इति विजयादय इति ।।४/२०।।**

**ભાષ્યાર્થ :-**

**सुधर्मा ..... इति ।। શક્ર દેવેન્દ્રની સુધર્મા નામની સભા. તે=સુધર્મા સભા, તેમાં છે એથી સૌધર્મ કલ્પ છે. ઈશાન દેવરાજનો નિવાસ ઐશાન (કલ્પ) છે. આ રીતે ઇંદ્રોના નિવાસના યોગના નામવાળા સર્વ કલ્પો છે. વળી ગ્રૈવેયકો લોકપુરુષના ગ્રીવા પ્રદેશમાં વિનિવિષ્ટ ગ્રીવાના આભરણભૂત ગ્રૈવા છે.**

તે ગ્રૈવાના પર્યાયવાચી શબ્દો કહે છે –

**ગ્રીવ્યા, ગ્રૈવેયા, ગ્રૈવેયકા.**

**'इति' શબ્દ ગ્રૈવાના પર્યાયવાચીની સમાપ્તિ અર્થે છે.**

**અનુત્તરો પાંચ દેવનામવાળા જ છે. અભ્યુદયના વિઘ્નના હેતુઓ જેમના વડે જિતાયા છે, એ વિજય વૈજયંત, જયંત, ત્રણ અનુત્તરો છે. તે વિઘ્નના હેતુઓથી પરાજિત થયા નહીં તે અપરાજિત. સર્વ અભ્યુદય અર્થોમાં સિદ્ધ અને સર્વાર્થો વડે સિદ્ધ અથવા સર્વ આમને અભ્યુદય અર્થો સિદ્ધ એ સર્વાર્થસિદ્ધ છે. અથવા વિજિત પ્રાયઃ કર્મો છે જેમના વડે, ઉપસ્થિતભદ્રવાળા પરિષહોથી અપરાજિત સર્વાર્થોમાં સિદ્ધ સિદ્ધપ્રાયઃ ઉત્તમાર્થવાળા છે એ વિજયાદિ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૨૦।।**

**ભાવાર્થ :-**

પ્રથમ દેવલોકનું નામ સૌધર્મ દેવલોક કેમ છે ? તે સ્પષ્ટ કરવા કહે છે –

પ્રથમ દેવલોકમાં જે શક્ર દેવેન્દ્ર છે તેની સુધર્મા સભા છે; આ સભા જે દેવલોકમાં છે તે સૌધર્મ કલ્પ. આ પ્રકારે વ્યુત્પત્તિથી પ્રથમ દેવલોકને સૌધર્મ દેવલોક કહેલ છે. ઈશાન દેવરાજનું નિવાસસ્થાન છે જે વિમાનમાં તે વિમાનને ઐશાન કહેવાય. આ વ્યુત્પત્તિથી ઈશાન નામના ઇંદ્રનો નિવાસવાળો બીજો દેવલોક છે. માટે તેને ઈશાન દેવલોક કહેવાય. આ રીતે ઇંદ્રોના નિવાસના યોગથી સર્વ દેવલોકનાં નામો બારમા દેવલોક સુધી છે.

બાર દેવલોક પછીના દેવોનાં વિમાનોને ગ્રૈવેયક કેમ કહેવાય છે ? તે સ્પષ્ટ કરે છે –

લોકરૂપ જે પુરુષ છે તેના ગ્રીવાપ્રદેશમાં રહેલા ગ્રીવાના આભરણભૂત જે છે તે ગ્રૈવેયકો કહેવાય. તેથી એ પ્રાપ્ત થાય કે ચૌદરાજલોકમય લોકપુરુષની કલ્પના કરી તે પુરુષના ગ્રીવાના સ્થાનના આભરણ જેવા ગ્રૈવેયકોનાં વિમાનો છે, તેને સામે રાખીને તે દેવલોકોને ગ્રૈવેયકા કહેવાય છે.

તે ગ્રૈવેયક દેવલોકના પર્યાયવાચી શબ્દો ભાષ્યકારશ્રી બતાવે છે –

ગ્રૈવા, ગ્રીવ્યા, ગ્રૈવેયા, ગ્રૈવેયકા એ એકાર્થવાચી શબ્દો છે.

વળી અનુત્તર દેવોનાં પાંચ દેવનામો છે, તેમાં વિજય, વૈજયંત અને જયંત તેઓની વ્યુત્પત્તિ બતાવે છે –

અભ્યુદયના વિઘ્નના હેતુ જેઓએ જીતી લીધા છે તે વિજય, વૈજયંત અને જયંત દેવો છે.

તેથી એ પ્રાપ્ત થાય કે આ દેવલોકમાં ગયેલા દેવોને જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી અભ્યુદયને સાધવામાં વિઘ્ન કરે તેવાં કર્મો નથી. અર્થાત્ તેઓ નરક કે તિર્યંચ ગતિમાં ક્યારેય જવાના નથી, પરંતુ સુમાનુષ્ય અને સુદેવમાં જ જશે. સુમાનુષ્ય અને સુદેવપણું એ અભ્યુદયનું કારણ છે, તેમાં વિઘ્ન કરે તેવા ક્લેશો જે જીવોમાં વિદ્યમાન હોય છે તે જીવો નિમિત્ત પામીને તે તે પ્રકારના ક્લેશો કરીને અકલ્યાણ અવસ્થાને પામે છે. જ્યારે વિજય આદિ ત્રણ અનુત્તરના દેવોને તેવા ક્લેશો ક્યારેય પ્રાપ્ત થશે નહીં. તે ગુણ પ્રમાણે તે દેવલોકનાં વિજય આદિ નામો છે.

વળી અપરાજિત નામના ચોથા અનુત્તરની વ્યુત્પત્તિ બતાવે છે –

અભ્યુદયના વિઘ્નના હેતુઓ વડે જેઓ પરાજિત થયા નથી તે અપરાજિત છે. આ વ્યુત્પત્તિ અનુસાર પણ અપરાજિતવિમાનવાસી અનુત્તરદેવો પણ પ્રથમના ત્રણ અનુત્તર જેવા છે એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે.

સર્વાર્થસિદ્ધની વ્યુત્પત્તિ બતાવે છે –

સર્વ પ્રકારના અભ્યુદયવાળા અર્થોમાં જેઓ સિદ્ધ છે તે સર્વાર્થસિદ્ધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સર્વાર્થસિદ્ધમાં રહેલા દેવોને સર્વ પ્રકારના કલ્યાણને કરનારા અર્થો સિદ્ધ થયા છે.

બીજી વ્યુત્પત્તિ બતાવે છે –

સર્વ અર્થોથી સિદ્ધ છે, તે સર્વાર્થસિદ્ધ છે. જીવનું પ્રયોજન પૂર્ણ સુખ છે અને સર્વાર્થસિદ્ધના જીવો પૂર્ણ સુખરૂપ મોક્ષઅવસ્થાની આસન્ન ભૂમિકામાં છે. તેથી 'થતું હોય તે થયું' એ પ્રકારના નયવાક્ય અનુસાર સર્વ અર્થો તેઓને સિદ્ધ થઈ ચૂક્યા છે, તેથી સર્વ અર્થોથી સિદ્ધ તે સર્વાર્થસિદ્ધ છે.

ત્રીજી વ્યુત્પત્તિ બતાવે છે –

સર્વ અભ્યુદય અર્થો જેમને સિદ્ધ છે તે સર્વાર્થસિદ્ધ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માના અભ્યુદયને કરનારા બધા અર્થો તેઓને સિદ્ધ થયેલા છે, તેથી સતત શ્રુતવચનોથી આત્માને ભાવિત કરીને પોતાનો દેવભવ સફલ કરી રહ્યા છે.

વળી અથવાથી વિજયાદિ પાંચેય દેવલોકનું સ્વરૂપ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

પાંચેય અનુત્તરના દેવોએ સંસારના પરિભ્રમણના કારણીભૂત કર્મોને વિજિતપ્રાયઃ કર્યા છે અર્થાત્ નષ્ટપ્રાયઃ કર્યા છે. વળી ઉપસ્થિતભદ્રવાળા છે=પ્રાપ્ત થયેલા કલ્યાણવાળા છે; કેમ કે હવે પછી તેઓને સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ નથી, પરિમિત ભવોમાં જ મોક્ષની પ્રાપ્તિ છે અને તે પણ સુદેવ અને સુમાનુષ્યપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે. માટે ઉપસ્થિતભદ્રવાળા છે. વળી પરિષહોથી અપરાજિત છે; કેમ કે પૂર્વભવમાં સંયમજીવનમાં તે પ્રકારના પરિષહોને તેઓએ જીત્યા છે જેથી ઉત્તરના દેવભવમાં ક્ષુધાદિ કોઈ પરિષહો તેમનો પરાજય કરતા નથી. વળી સર્વ અર્થોમાં તેઓ સિદ્ધ છે; કેમ કે સાંસારિક સર્વ સિદ્ધિઓની

તેઓને પરિસમાપ્તિ થયેલી હોવાથી સર્વ પુરુષાર્થો સુખપૂર્વક તેઓ સાધી શકે છે અને મોક્ષપુરુષાર્થ પણ સિદ્ધ થવાની તૈયારી છે, માટે તે સર્વાર્થોમાં સિદ્ધ છે. વળી વિજયાદિ પાંચેય દેવલોકના દેવો સિદ્ધપ્રાય: ઉત્તમાર્થવાળા છે. જીવનો ઉત્તમ અર્થ મોક્ષ છે અને તે ઉત્તમ અર્થ તેઓને સિદ્ધ થવાની તૈયારી છે, તેથી તેઓ સિદ્ધપ્રાય: ઉત્તમાર્થવાળા છે. ॥૪/૨૦॥

**અવતરણિકા :-**

**સૂત્ર-૨૦માં વૈમાનિક દેવો કયાં કયાં છે ? તે બતાવ્યા. હવે તેઓમાં પૂર્વ પૂર્વના દેવો કરતાં ઉત્તર-ઉત્તરના દેવોમાં શું શું વિશેષતાઓ છે ? તે સ્પષ્ટ કરવા કહે છે –**

**સૂત્ર :-**

**स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ।।४/२१।।**

**સૂત્રાર્થ :-**

**સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાની વિશુદ્ધિ, ઇન્દ્રિયના વિષયથી અને અવધિના વિષયથી અધિક છે. ।।૪/૨૧।।**

**ભાષ્ય :-**

**यथाक्रमं चैतेषु सौधर्मादिषु उपर्युपरि देवाः पूर्वतः पूर्वत एभिः स्थित्यादिभिरर्थैरधिका भवन्ति ।**

**तत्र स्थितिः-उत्कृष्टा जघन्या च परस्ताद् (सू०२९-४२) वक्ष्यते इह तु वचने प्रयोजनं, येषामपि समा भवति तेषामप्युपर्युपरि गुणतोऽधिका भवतीति यथा प्रतीयेत । प्रभावतोऽधिकाः, यः प्रभावो निग्रहानुग्रहविक्रियापराभियोगादिषु सौधर्मकाणां सोऽनन्तगुणाधिक उपर्युपरि, मन्दाभिमानतया तु अल्पतरसङ्क्लिष्टत्वादेते न प्रवर्तन्त इति । क्षेत्रस्वभावजनिताच्च शुभपुद्गलपरिणामात् सुखतो द्युतितश्चानन्तगुणप्रकर्षेणाधिकाः, लेश्याविशुद्ध्याऽधिकाः, लेश्यानियमः परस्तादेषां वक्ष्यते (सू० २३) इह तु वचने प्रयोजनं, यथा गम्येत यत्रापि विधानतस्तुल्यास्तत्रापि विशुद्धितोऽधिका भवन्तीति कर्मविशुद्धित एव वा अधिका भवन्तीति । इन्द्रियविषयतोऽधिकाः, यदिन्द्रियपाटवं दूरादिष्टविषयोपलब्धौ सौधर्मदेवानां तत्प्रकृष्टतरगुणत्वादल्पतरसङ्क्लेशत्वाच्चाधिकमुपर्युपरीति । अवधिविषयतोऽधिकाः, सौधर्मैशानयोर्देवाः अवधिविषयेणाधो रत्नप्रभां पश्यन्ति तिर्यगसङ्ख्येयानि योजनशतसहस्राणि ऊर्ध्वमास्वभवनात् । सनत्कुमारमाहेन्द्रयोः शर्कराप्रभां पश्यन्ति तिर्यगसङ्ख्येयानि योजनशतसहस्राणि ऊर्ध्वमास्वभवनात् इति, एवं शेषाः क्रमशः । अनुत्तरविमानवासिनस्तु कृत्स्नां लोकनाडीं पश्यन्ति । येषामपि क्षेत्रतस्तुल्योऽवधिविषयस्तेषामप्युपर्युपरि विशुद्धितोऽधिको भवतीति ।।४/२१।।**

ભાષ્યાર્થ :-

यथाक्रमं ..... भवतीति ।। અને યથાક્રમ આ સૌધર્માદિમાં ઉપર ઉપરના દેવો પૂર્વ પૂર્વથી આ સ્થિતિ આદિ અર્થો વડે અધિક છે. ત્યાં=સ્થિતિ આદિમાં, સ્થિતિ ઉત્કૃષ્ટ અને જઘન્ય આગળમાં=સૂત્ર-૨૯-૪૨માં, કહેવાશે. વળી અહીં=સૂત્રમાં, વચનમાં=કથનમાં, પ્રયોજન છે.

શું પ્રયોજન છે ? તે સ્પષ્ટ કરે છે –

જેઓની પણ=નીચેના દેવલોક કરતાં ઉપરના દેવલોકમાં જેઓની પણ, સમાન સ્થિતિ છે તેઓને પણ ઉપર ઉપરના દેવલોકના ગુણથી=સુખરૂપ ગુણથી, અધિક હોય છે. એ પ્રમાણે જે રીતે પ્રતીત થાય છે="સ્થિતિ અધિકા" એ પ્રકારના સૂત્રના વચનથી પ્રતીત થાય છે.

પ્રભાવથી અધિક છે=ઉપર ઉપરના દેવો અધિક છે. નિગ્રહ, અનુગ્રહ, વિક્રિયા, પર-અભિયોગાદિમાં જે પ્રભાવ સૌધર્મ દેવોનો છે તે અનંતગુણ અધિક ઉપર ઉપરમાં છે. વળી મંદ અભિમાનપણું હોવાને કારણે અલ્પ સંક્લિષ્ટપણું હોવાથી ઉપર ઉપરના દેવો પ્રવર્તતા નથી=નિગ્રહ-અનુગ્રહાદિ પ્રવૃત્તિમાં પ્રવર્તતા નથી અને ક્ષેત્ર સ્વભાવ જનિત શુભ પુદ્ગલના પરિણામને કારણે સુખથી અને દ્યુતિથી અનંતગુણ પ્રકર્ષથી અધિક છે=ઉપર ઉપરના દેવો અધિક છે. લેશ્યાની વિશુદ્ધિથી અધિક છે=પૂર્વ પૂર્વના દેવો કરતાં ઉત્તર ઉત્તરના દેવો અધિક છે. આમના=સૌધર્માદિ દેવોના, લેશ્યાનો નિયમ આગળમાં કહીશું. વળી અહીં કહેવામાં પ્રયોજન છે. જે પ્રમાણે જણાય છે=લેશ્યાનો નિયમ આગળ કહેવાના હોવા છતાં અહીં પણ લેશ્યાનું કથન કર્યું જેનાથી જણાય છે.

શું જણાય છે ? તે બતાવે છે –

જેમાં પણ વિધાનથી તુલ્ય છે ત્યાં પણ વિશુદ્ધિથી અધિક છે=જે સ્થિતિ આદિમાં નીચેના અને ઉપરના દેવોમાં સમાન વિધાન છે ત્યાં પણ વિશુદ્ધિથી=લેશ્યાની વિશુદ્ધિથી, ઉપરના દેવો અધિક છે એ જણાય છે, અથવા કર્મવિશુદ્ધિથી જ અધિક છે=ઉપર ઉપરના દેવો અધિક છે.

ઇન્દ્રિયના વિષયથી અધિક છે=નીચે નીચેના દેવો કરતાં ઉપર ઉપરના દેવો અધિક છે.

આ જ અર્થને સ્પષ્ટ કરે છે –

સૌધર્મ દેવોનું દૂરથી ઇષ્ટ વિષયની ઉપલબ્ધિમાં જે ઇન્દ્રિયનું પટુપણું છે તે=ઇન્દ્રિયોનું પટુપણું, ઉપર ઉપરના દેવલોકમાં અધિક છે; કેમ કે પ્રકૃષ્ટતર ગુણપણું છે અને અલ્પતર સંક્લેશપણું છે. અવધિ વિષયથી પણ અધિક છે=ઉપર ઉપરના દેવો અધિક છે. સૌધર્મદેવો અને ઈશાનદેવો અવધિના વિષયથી નીચે રત્નપ્રભાને જુએ છે, તિર્છામાં અસંખ્યાત લાખ યોજન જુએ છે અને ઊર્ધ્વમાં પોતાના ભવન સુધી જુએ છે. સનત્કુમારદેવો અને માહેન્દ્રદેવો શર્કરાપ્રભા પૃથ્વીને જુએ છે, તિર્છામાં અસંખ્યાત લાખ યોજન જુએ છે અને ઊર્ધ્વમાં પોતાના ભવન સુધી જુએ છે. એ પ્રમાણે શેષ દેવો ક્રમસર જાણવા. વળી અનુત્તર વિમાનવાસી સંપૂર્ણ લોકનાડીને જુએ છે. જેઓને પણ=સૌધર્મ-ઈશાનાદિ જે દેવોને પણ, ક્ષેત્રથી તુલ્ય અવધિ વિષય છે=નીચેનું રત્નપ્રભા સુધી અને તિર્છું તુલ્ય

**અવધિ દર્શન છે. તેઓને પણ ઉપર ઉપરમાં=સૌધર્મ કરતાં ઈશાન આદિરૂપ ઉપર ઉપરમાં, વિશુદ્ધિથી અધિક હોય છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ॥૪/૨૧॥**

**ભાવાર્થ :-**

સૌધર્માદિ દેવોમાં સ્થિતિ આદિ સાતને લઈને અથવા સ્થિતિ આદિ આઠને લઈને ઉપર ઉપરના દેવો અધિક હોય છે.

કઈ રીતે અધિક અધિક છે ? તે ભાષ્યકારશ્રી ભાવન કહે છે –

વળી સ્થિતિ ઉત્કૃષ્ટ અને જઘન્ય આગળમાં ગ્રંથકારશ્રી કહેવાના છે. તેનાથી કોને કેટલી અધિકની પ્રાપ્તિ છે ? તેનો બોધ થાય તેમ છે, છતાં અહીં તેનું કહેવાનું પ્રયોજન શું છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

પ્રથમ આદિ દેવલોકમાં જેઓની સમાન સ્થિતિ છે તેઓને પણ ઉપર-ઉપરમાં ગુણથી અધિક સ્થિતિ છે, તે પ્રસ્તુત સૂત્રાર્થથી બતાવાયું છે.

આશય એ છે કે સૌધર્મ દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની છે અને ઈશાનની બે સાગરોપમથી કાંઈક અધિક છે. સૌધર્મની જઘન્ય સ્થિતિ પલ્યોપમની છે અને ઈશાનની પલ્યોપમથી કાંઈક અધિક છે. તે પ્રમાણે કોઈ સૌધર્મદેવને અને ઈશાનદેવને સમાન બે, ચાર પલ્યોપમાદિની સ્થિતિ હોય તોપણ સૌધર્મના દેવ કરતાં ઈશાનના દેવની તે સ્થિતિ ગુણથી અધિક હોય છે અર્થાત્ સમાન આયુષ્યની સ્થિતિમાં પણ સુખરૂપ ગુણથી સૌધર્મ કરતાં ઈશાનદેવો અધિક હોય છે; કેમ કે તેઓ સૌધર્મદેવ કરતાં પ્રકૃષ્ટ પુણ્યવાળા છે.

વળી સૌધર્માદિ દેવો પણ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરના પ્રભાવથી અધિક હોય છે.

કઈ રીતે પ્રભાવથી અધિક છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરતાં કહે છે –

બીજાનો નિગ્રહ કરવો કે બીજા ઉપર અનુગ્રહ કરવો એ પ્રકારનો પ્રભાવ, વિક્રિયા કરવાનો પ્રભાવ= વૈક્રિયશરીરના નાના મોટા આદિ શરીર કરવાની શક્તિ, અને પરને અભિયોગ કરવાની શક્તિ=બીજા પાસેથી બળાત્કારે કામ લેવાની શક્તિ, આ વિષયમાં જે સૌધર્મ દેવોનો પ્રભાવ છે તેના કરતાં ઉપર ઉપરના દેવોમાં અનંતગુણ અધિક પ્રભાવ છે.

વળી નીચેના દેવલોક કરતાં ઉપર ઉપરના દેવલોકમાં અભિમાનનો પરિણામ અત્યંત મંદ હોય છે. તેથી બીજાનો નિગ્રહ કરવો, બીજાને અનુગ્રહ કરીને પોતાનો પ્રભાવ બતાવવો ઇત્યાદિમાં તેઓ પ્રવર્તતા નથી; કેમ કે અલ્પતર સંક્લેશપણું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ જેમ અભિમાનનો અંશ વધારે તેમ સંક્લેશ વધારે અને તેના કારણે પોતાનો પ્રભાવ દેખાડવાનો પ્રયાસ અધિક અધિક થાય છે. ઉપર ઉપરના દેવલોકમાં પ્રભાવ અધિક હોવા છતાં પ્રભાવ દેખાડવાનો પ્રયાસ પ્રાયઃ થતો નથી.

વળી નીચે-નીચેના દેવલોક કરતાં ઉપર ઉપરના દેવલોકમાં ક્ષેત્રના સ્વભાવને કારણે શુભ પુદ્ગલનો પરિણામ છે. તેથી ઉત્તર ઉત્તરના દેવલોકને શુભ પુદ્ગલના પરિણામને કારણે નીચે નીચેના દેવલોક કરતાં અધિક અધિક સુખ થાય છે અને અધિક અધિક દ્યુતિ થાય છે. આ સુખ અને દ્યુતિ પણ અનંતગુણ પ્રકર્ષથી થાય છે.

લેશ્યાની વિશુદ્ધિ પણ નીચે-નીચેના દેવલોકો કરતાં ઉપર ઉપરના દેવલોકમાં અધિક અધિક છે. ગ્રંથકારશ્રી સ્વયં તેઓની લેશ્યાનો નિયમ આગળમાં કહેવાના છે, જેનાથી લેશ્યાની વિશુદ્ધિની અધિકતાનો બોધ થાય તેમ છે, છતાં પ્રસ્તુત સૂત્રમાં ઉપર ઉપરમાં અધિક લેશ્યા શુદ્ધ છે તેમ કહેવાનું પ્રયોજન એ છે કે જે દેવલોકોમાં વિધાનથી=કથનથી, સમાન લેશ્યા છે તેમ કહેલ છે, ત્યાં પણ લેશ્યાની વિશુદ્ધિથી ઉપર ઉપરના દેવો અધિક છે અર્થાત્ પીતાદિ લેશ્યા સમાન હોય તોપણ તે પીતાદિ લેશ્યાની વિશુદ્ધિ ઉપર-ઉપરના દેવલોકમાં અધિક હોય છે.

વળી સૂત્રમાં લેશ્યાની વિશુદ્ધિ ન લેતાં લેશ્યા અને વિશુદ્ધિ બે સ્વતંત્ર ગ્રહણ કરીએ તો વિશુદ્ધિ શબ્દથી કર્મની વિશુદ્ધિ ગ્રહણ થાય છે. ઉપર ઉપરના દેવલોકના દેવો કર્મની વિશુદ્ધિથી અધિક છે, આથી જ ઉપર ઉપરના દેવલોકમાં કષાયની અલ્પતા છે. સામાન્યથી નીચેના દેવલોક કરતાં ઉપરના દેવલોકમાં જનારા કોઈક રીતે અધિક ધર્મનું આરાધન કરીને જાય છે. તેથી તેઓમાં કષાયની અલ્પતા અધિકતર પ્રાપ્ત થાય છે. આ નિયમ બહુલતાવ્યાપ્ત છે એમ જણાય છે. આથી જ ચરમાવર્ત બહારના જીવો કે અભવ્ય જીવો ક્યારેક તેવી આરાધના કરીને નવમા ગ્રૈવેયક સુધી જાય છે તોપણ તેવા જીવો દેવલોકમાં વિપુલ પ્રમાણમાં છે, તેમ નથી; પરંતુ મોટા ભાગના જીવો ધર્મારાધના કરીને દેવલોકમાં જનારા હોવાથી ઉપર ઉપરના દેવલોકમાં જનારા દેવોમાં કર્મની વિશુદ્ધિ અધિક જ હોય છે.

વળી સૌધર્મ દેવલોકથી ઉપર ઉપરના દેવો ઇન્દ્રિયના વિષયથી પણ અધિક છે.

કઈ રીતે અધિક છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

નીચે નીચેના દેવો કરતાં ઉપર ઉપરના દેવોની ઇન્દ્રિયમાં અધિક પટુપણું હોય છે. તેથી દૂરથી જ ઇષ્ટ વિષયની ઉપલબ્ધિ કરી શકે છે. તેઓની ઇન્દ્રિયમાં ગ્રહણ કરવાની શક્તિ પ્રકૃષ્ટ હોવાના કારણે અને અલ્પ સંક્લેશ હોવાને કારણે ઇન્દ્રિયજન્ય સુખ પણ અધિક થાય છે. એથી એ પ્રાપ્ત થાય કે જેની ઇન્દ્રિયમાં જેટલી પટુતા અધિક અને અંતરમાં ગાઢ આસક્તિના અભાવરૂપ સંક્લેશનો અભાવ તે પ્રમાણે તે તે ઇન્દ્રિયના વિષયોથી તે તે દેવોને અધિક અધિક સુખ થાય છે. ઉપર ઉપરના દેવલોકમાં ઇન્દ્રિયની પટુતા હોવાના કારણે અને આસક્તિરૂપ સંક્લેશ અલ્પ હોવાને કારણે ઇન્દ્રિયજન્ય સુખ અધિક હોય છે.

વળી અવધિજ્ઞાનના વિષયથી પણ ઉપર ઉપરના દેવો અધિક છે.

કઈ રીતે અધિક અધિક છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સૌધર્મ અને ઈશાનના દેવોનો અવધિજ્ઞાનનો વિષય નીચે રત્નપ્રભા પૃથ્વી સુધી છે, તિર્ચ્છા અસંખ્યાત લાખ યોજન સુધી છે અને ઉપર પોતાના ભવન સુધી છે. સૌધર્મદેવલોકના વિમાનો કરતાં ઈશાનદેવલોકનાં

વિમાનો ઉપર હોવાના કારણે સૌધર્મ દેવલોકના દેવો કરતા ઈશાનના દેવોનું અવધિજ્ઞાન અધિક ક્ષેત્રવાળું છે.

વળી સનત્કુમાર અને માહેન્દ્રના દેવો શર્કરાપ્રભારૂપ બીજી પૃથ્વીને જોનારા છે, તિર્ચ્છા અસંખ્યાત લાખ યોજન જોનારા છે અને ઉપરમાં પોતાના ભવન સુધી જોનારા છે. અર્થાત્ ઈશાનદેવો કરતાં સનત્કુમાર-દેવોનું અને માહેન્દ્રદેવોનું અવધિજ્ઞાનના વિષય આત્મક ક્ષેત્ર નીચે પણ અધિક છે. જ્યારે માહેન્દ્રદેવોનું અવધિક્ષેત્ર સનત્કુમારદેવો કરતાં ઉપરમાં પોતાના ભવન સુધી હોવાને કારણે અધિક છે. સનત્કુમારદેવલોકનાં વિમાનો કરતાં માહેન્દ્રદેવલોકનાં વિમાનો ઉપર હોવાના કારણે સનત્કુમારદેવો કરતાં માહેન્દ્રદેવોનું અવધિજ્ઞાન અધિક ક્ષેત્રવાળું છે.

આ રીતે શેષ નવ ગ્રૈવેયક સુધી ક્રમસર ગ્રહણ કરવું. તેથી એ પ્રાપ્ત થાય કે નીચે નીચે એક એક નરક અધિક ગ્રહણ કરીને ઉપર ઉપરના દેવલોકની વિવક્ષા કરી એ પ્રમાણે અવધિજ્ઞાનની મર્યાદાની વિચારણા કરવી. વળી અનુત્તર વિમાનવાસી દેવો સંપૂર્ણ ત્રસનાડીને અવધિજ્ઞાનથી જોનારા છે. તેથી ઊર્ધ્વ અધઃ થઈને ચૌદ રાજલોક પ્રમાણ જોનારા છે અને તિર્ચ્છા એક રાજનું પ્રમાણ જોનારા છે; કેમ કે તેટલા પ્રમાણવાળી ત્રસનાડી છે. વળી સૌધર્મ-ઈશાન આદિમાં જેઓની રત્નપ્રભા આદિ નરક સુધી નીચે અવધિજ્ઞાનનું ક્ષેત્ર સમાન છે અને તિર્ચ્છું પણ અસંખ્યાત લાખ યોજન જેઓનું ક્ષેત્ર સમાન છે તેવા પણ ઉપર ઉપરના દેવો અવધિજ્ઞાનની વિશુદ્ધિથી અધિક ભાવોને જોનાર છે. તેથી નીચેના દેવો કરતાં ઉપરના દેવો તે દેખાતા પદાર્થોના ઘણા ભાવોને અવધિજ્ઞાનથી અધિક જોઈ શકે છે. વળી જેઓને તિર્ચ્છામાં અસંખ્યાત લાખ યોજન પ્રમાણ ક્ષેત્રનું અવધિજ્ઞાન છે તેમાં પણ સંખ્યાની તરતમતાને કારણે નીચેના દેવો કરતાં ઉપરના દેવો અવધિજ્ઞાનથી અધિક ક્ષેત્રને જોઈ શકે છે. તેથી તેઓ ક્ષેત્રથી અધિક જુએ છે અને વિશુદ્ધિથી ઘણા પર્યાયોને જોનારા છે. **॥૪/૨૧॥**

**અવતરણિકા :-**

**સૌધર્માદિ ઉપર ઉપરના વૈમાનિકોમાં પરસ્પર શેમાં હીનતા છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ।।४/२२।।**

**સૂત્રાર્થ :-**

**ગતિથી, શરીરથી, પરિગ્રહથી અને અભિમાનથી ઉપર ઉપરના દેવો હીન છે. ॥૪/૨૨॥**

**ભાષ્ય :-**

**गतिविषयेण शरीरमहत्त्वेन महापरिग्रहत्वेनाभिमानेन च उपर्युपरि हीनाः । तद्यथा—द्विसागरोपम-जघन्यस्थितीनां देवानामासप्तम्यां गतिविषयः तिर्यगसङ्ख्येयानि योजनकोटीकोटीसहस्राणि, ततः**

परतो जघन्यस्थितीनामेकैकहीना भूमयो यावत् तृतीयामिति, गतपूर्वाश्च गमिष्यन्ति च तृतीयायां देवाः, परतस्तु सत्यपि गतिविषये न गतपूर्वा नापि गमिष्यन्ति, महानुभावक्रियातः औदासीन्याच्चोपर्युपरि देवा न गतिरतयो भवन्ति । सौधर्मेशानयोः कल्पयोर्देवानां शरीरोच्छ्रायः सप्त रत्नयः, उपर्युपरि द्वयोर्द्वयोरेकैका रत्निर्हीना आ सहस्रारात्, आनतादिषु तिस्रः, ग्रैवेयकेषु द्वे, अनुत्तरे एका इति । सौधर्मे विमानानां द्वात्रिंशच्छतसहस्राणि, ऐशानेऽष्टाविंशतिः, सनत्कुमारे द्वादश, माहेन्द्रेऽष्टौ, ब्रह्मलोके चत्वारि शतसहस्राणि, लान्तके पञ्चाशत् सहस्राणि, महाशुक्रे चत्वारिंशत्, सहस्रारे षट्, आनतप्राणतारणाच्युतेषु सप्त शतानि, अधो ग्रैवेयकाणां शतमेकादशोत्तरम्, मध्ये सप्तोत्तरं शतम्, उपर्येकमेव शतम्, अनुत्तराः पञ्चैवेति । एवमूर्ध्वलोके वैमानिकानां सर्वविमानपरिसङ्ख्या चतुरशीतिः शतसहस्राणि सप्तनवतिश्च सहस्राणि त्रयोविंशानीति (८४९७०२३) । स्थानपरिवारशक्तिविषयसम्पत्स्थितिष्वल्पाभिमानाः परमसुखभागिन उपर्युपरीति ।

**ભાષ્યાર્થ :-**

गतिविषयेण ..... उपर्युपरीति ।। ગતિના વિષયથી, શરીરના મહત્ત્વથી, મહાપરિગ્રહપણાથી અને અભિમાનથી ઉપર ઉપરના દેવો=સૌધર્માદિ ઉપર ઉપરના દેવો હીન છે. તે આ પ્રમાણે – બે સાગરોપમની જઘન્ય સ્થિતિવાળા દેવોનો સાતમી નરક સુધી ગતિનો વિષય છે. વળી તિર્યક્ અસંખ્યેય કોટી સહસ્ર યોજનનો છે. ત્યારપછી જઘન્ય સ્થિતિવાળા=જઘન્ય બે સાગરોપમની સ્થિતિ પછીના સનત્કુમારથી નીચેના દેવોની ગતિ એક-એક હીન ભૂમિ યાવદ્ ત્રીજે સુધી છે. ગતપૂર્વ કે ભવિષ્યમાં જનારા દેવો ત્રીજી નરક સુધી છે; પરંતુ પરથી=ત્રીજી નરકથી આગળ, ગતિનો વિષય હોવા છતાં પણ દેવો ન ગતપૂર્વા=ત્રીજીથી આગળ ગયેલા નથી, અને ભવિષ્યમાં ક્યારેય પણ જશે નહીં. મહાનુભાવક્રિયાથી=મહાનુભાવ હોવાને કારણે અલ્પક્રિયા કરવાના પરિણામવાળા હોવાથી, અને ઔદાસીન્ય હોવાથી ઉપર ઉપરના દેવો ગતિમાં રતિવાળા નથી=પોતાની શક્તિ અનુસાર સર્વત્ર ગમન કરવાની ક્રિયામાં રતિવાળા નથી.

સૌધર્મ અને ઈશાન કલ્પના દેવોની શરીરની ઊંચાઈ સાત હાથની છે. ઉપર ઉપરમાં બે બે દેવલોકના દેવોની એક એક હાથ હીન સહસ્રાર દેવલોક સુધી છે, આનતાદિમાં ત્રણ હાથનું શરીર છે, ગ્રૈવેયકમાં બે હાથનું શરીર છે અને અનુત્તરમાં એક હાથનું શરીર છે.

સૌધર્મ દેવલોકમાં બત્રીસ લાખ વિમાનો છે. ઈશાનમાં અટ્ઠાવીસ લાખ વિમાનો છે. સનત્કુમારમાં બાર લાખ વિમાનો છે. માહેન્દ્ર દેવલોકમાં આઠ લાખ વિમાનો છે. બ્રહ્મદેવલોકમાં ચાર લાખ વિમાનો છે. લાંતકમાં પચાસ હજાર વિમાનો છે. મહાશુક્રમાં ચાલીસ હજાર વિમાનો છે. સહસ્રારમાં છ હજાર વિમાનો છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત ચાર દેવલોકમાં સાતસો વિમાનો છે.

**નીચેના ત્રણ ગ્રૈવેયકમાં એકસો અગિયાર વિમાનો છે. મધ્ય ત્રણ ગ્રૈવેયકમાં એકસો સાત વિમાનો છે. ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં સો વિમાનો છે. અનુત્તરમાં પાંચ જ વિમાન છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ઊર્ધ્વલોકમાં સર્વ વિમાનોની સંખ્યા ૮૪,૯૭,૦૨૩ થાય. સ્થાનમાં, પરિવારમાં, શક્તિના વિષયમાં, સંપત્તિમાં, અને સ્થિતિમાં અલ્પ અભિમાનવાળા પરમ સુખને ભોગવનારા ઉપર ઉપરના દેવો છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે.**

**ભાવાર્થ :-**

ગતિના વિષયથી ઉપર ઉપરના દેવો પરિહીન છે તેમ કહ્યા પછી ભાષ્યકારશ્રીએ કહ્યું કે બે સાગરોપમ જઘન્ય આયુષ્યવાળા એવા સનત્કુમારદેવોની સાતમી નરક સુધી ગતિ કરવાની શક્તિ છે. તેનાથી ઓછી જઘન્ય સ્થિતિવાળા દેવો બીજા દેવલોકમાં છે, તેઓ છઠ્ઠી નરક સુધી જવા સમર્થ છે. તેનાથી ઓછી જઘન્ય સ્થિતિવાળા દેવો પહેલા દેવલોકમાં છે, તેઓ પાંચમી નરક સુધી જવાના સામર્થ્યવાળા છે. તેનાથી ઓછી જઘન્ય સ્થિતિવાળા દેવો જ્યોતિષ્ક છે, તેઓ ચોથી નરક સુધી જવાની શક્તિવાળા છે. તેનાથી ઓછી સ્થિતિવાળા ભવનપતિ-વ્યંતર છે, તેઓ ત્રીજી નરક સુધી જવાની શક્તિવાળા છે. આથી જ પરમાધામી પણ ત્રીજી નરક સુધી જવાની શક્તિવાળા હોવાથી ત્રણ નરકમાં જઈને ઉપદ્રવ કરે છે.

વળી કોઈ દેવો ભૂતકાળમાં નરકમાં ગયા હોય તો ત્રીજી સુધી ગયા છે અને ભવિષ્યમાં પણ ત્રીજી નરક સુધી જ જવાના, પરંતુ ઉપરના દેવોમાં ત્રીજી નરકથી આગળની ચોથી આદિ નરકમાં જવાની શક્તિ હોવા છતાં ભૂતકાળમાં ક્યારેય ત્રીજી નરકથી નીચે ગયા નથી અને ક્યારેય જવાના નથી.

તેથી એ ફલિત થાય કે ગતિના વિષયમાં ઉપર ઉપરના દેવતાઓ હીન છે તે કથન ગમનશક્તિને આશ્રયીને નથી. ગમનશક્તિને આશ્રયીને બીજા દેવલોકથી ઉપરના સર્વ દેવો સાતમી નારક સુધી જવાની શક્તિવાળા છે, જ્યારે નીચે નીચેના દેવતાઓ અલ્પ અલ્પ નરક સુધી જવાની શક્તિવાળા છે.

એથી પ્રશ્ન થાય કે ગતિને આશ્રયીને ઉપર ઉપરના દેવતાઓ હીન છે તે કેવી રીતે છે ? તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

ઉપર ઉપરના દેવો મહાન અનુભાવવાળી ક્રિયાવાળા હોવાને કારણે અને ઔદાસીન્ય હોવાના કારણે ગતિ કરવામાં રતિવાળા નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે ઉપર ઉપરના દેવલોકમાં પ્રકૃતિ શાંત હોય છે અને જેમાં ક્લેશ ઓછો હોય તેવી ક્રિયા કરનારા હોય છે. તેઓ પોતાની શક્તિ અનુસાર ગમન કરીને પોતાની શક્તિનું માપદંડ કાઢવા કે શક્તિનું પ્રદર્શન કરવા ગતિની પ્રવૃત્તિ કરતા નથી. જે જે ઉપર ઉપરના દેવો છે તે તે ઓછી પ્રવૃત્તિ કરીને સ્વસ્થતાના આનંદને લેનારા છે તે અપેક્ષાએ ઉપર ઉપરના દેવોની ગતિ વિષયથી હીન છે.

વળી શરીરના મહત્ત્વથી=શરીરના મહાનપણાથી, ઉપર ઉપરના દેવો હીન છે, તેને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

સૌધર્મ-ઈશાનના દેવો સાત હાથના છે. ઉપર ઉપરના બે બે દેવલોકો એકેક હાથ હીન છે. આ રીતે સહસ્રાર સુધી બે બે દેવલોકમાં એક એક હાથ હીન છે. ત્યારબાદ આનતાદિ ચારેય દેવલોકના દેવો ત્રણ હાથની કાયાવાળા છે, ગ્રૈવેયકમાં બે હાથની કાયાવાળા છે અને અનુત્તરના દેવો એક હાથની કાયાવાળા છે.

આ રીતે શરીરના મહત્ત્વથી ઉપર ઉપરના દેવો કઈ રીતે હીન છે ? તે બતાવ્યા પછી પરિગ્રહને આશ્રયીને તે દેવો ઉપર ઉપર કઈ રીતે હીન છે ? તે ભાષ્યકારશ્રી બતાવે છે –

સૌધર્મ દેવલોકના વિમાનો બત્રીસ લાખ છે. તેથી સૌધર્મ ઇંદ્રનો પરિગ્રહ ઘણો છે. તેનાથી ઈશાન દેવલોકના ઇંદ્રનો પરિગ્રહ ઓછો છે, જે અઠ્ઠાવીસ લાખ વિમાનો પ્રમાણ છે. આનાથી એ જણાય છે કે સૌધર્મ દેવલોકના દેવોને અધિક વિમાનોથી તૃપ્તિ થાય તેવો પરિણામ છે. ઈશાન દેવલોકના દેવોને તેના કરતાં ન્યૂન એવા અઠ્ઠાવીસ લાખ વિમાનોથી તૃપ્તિ થાય તેવો પરિણામ છે. તેથી તેટલા તેટલા અલ્પ પરિગ્રહથી ઉપર ઉપરના સર્વ દેવો તૃપ્તિનો અનુભવ કરનારા છે. તેમનામાં અલ્પ પરિગ્રહને કારણે અલ્પ સંક્લેશવાળી પ્રકૃતિ છે, એથી જ અલ્પ પરિગ્રહમાં તૃપ્તિનો અનુભવ કરે છે.

આ રીતે ભાષ્યકારશ્રીએ પરિગ્રહને આશ્રયીને અનુત્તર સુધીના વિમાનનું સ્વરૂપ બતાવ્યા પછી તે સર્વ વિમાનોની સંખ્યા કેટલી છે ? તે બતાવેલ છે. હવે અભિમાનને આશ્રયીને ઉપર ઉપર દેવો હીન કઈ રીતે છે ? તેની સ્પષ્ટતા કરે છે –

વૈમાનિકાદિ દેવોમાંથી સૌધર્મ આદિ દેવો પોતાના સ્થાનને આશ્રયીને રહેલા છે, તેનાથી ઉપર-ઉપરના દેવો ઉપર ઉપરના સ્થાનમાં છે. સૌધર્મદેવો કરતાં ઈશાનાદિ દેવો ઉપર છે, છતાં પોતે ઉપર-ઉપર છે તેના વિષયમાં તેઓને અલ્પ અભિમાન છે. તેથી પોતાના સ્થાનનું અભિમાન બહાર પ્રદર્શન કરીને કે તે તે રીતે અભિવ્યક્ત કરીને આનંદ લેનારા નથી

વળી, વૈમાનિકાદિ દેવોમાં ઉપર ઉપરના દેવોનો પરિવાર નીચે નીચેના દેવો કરતાં અતિ શ્રેષ્ઠ કોટીનો છે. તેથી રૂપથી, સંપત્તિથી અધિક રમ્ય જણાય છે, છતાં તે રમ્ય ભાવોમાં તેમને કાંઈક અભિમાન હોવા છતાં અલ્પ અભિમાન છે. તેથી પોતાના તે ભાવોને પ્રદર્શન કરીને તે તે પ્રકારના ભાવોનો વિચાર કરીને માનકષાયથી ફુલાતા નથી, છતાં કાંઈક પોતે સંપત્તિવાળા છે, તેવા ભાવોને ધારણ કરે છે. વળી ઉપર ઉપરના દેવલોકોમાં અધિક અધિક શક્તિઓ છે. તે શક્તિના વિષયમાં પોતે શક્તિશાળી છે તેવી બુદ્ધિરૂપ અભિમાન છે તોપણ નીચેના દેવલોક કરતાં ઉપર ઉપરના દેવલોકોના દેવોને તે અભિમાન અલ્પ માત્રામાં છે. વળી અવધિજ્ઞાનનો વિષય અને ઇન્દ્રિયની પટુતાનો વિષય ઉપર ઉપરના દેવોને અતિશય છે, તોપણ તેમાં આસક્તિના પરિણામરૂપ અભિમાન તેઓને અલ્પ છે. વળી ઉપર ઉપરના દેવલોકોમાં વિભૂતિ ઘણી છે તેથી પોતે તે વિભૂતિવાળા છે તેવો પરિણામ હોવા છતાં તે વિભૂતિમાં આસક્તિરૂપ અભિમાન ઉપર ઉપરના દેવલોકમાં અલ્પ અલ્પ છે. વળી નીચેના દેવલોક કરતાં ઉપરના દેવલોકના આયુષ્યની સ્થિતિ દીર્ઘ છે. અને પોતાને દીર્ઘ આયુષ્ય હોવાના કારણે તેમાં પ્રીતિ વર્તે છે, જે 'હું દીર્ઘ આયુષ્યવાળો છું' એ પ્રકારના કંઈક અભિમાનરૂપ છે તોપણ ઉપર ઉપરના દેવલોકમાં તે અભિમાન અલ્પ છે; કેમ કે સંયમાદિની સાધના

કરીને દેવલોકમાં ગયેલા તે મહાત્માઓ શાંત પ્રકૃતિવાળા છે, તેથી જેમ જેમ ઉપરના દેવલોકમાં ગયા છે તેમ તેમ વધારે શાંત પ્રકૃતિવાળા બને છે. તેથી ઉપર ઉપરના દેવોને આ સર્વ ભોગોમાં પૂર્વ પૂર્વના દેવો કરતાં અલ્પ અલ્પતર આસક્તિરૂપ અભિમાન હોય છે તેથી પૂર્વ પૂર્વના દેવો કરતાં અધિક અધિક સુખને ભોગવનારા બને છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ જેમ કષાયની અલ્પતા અને વિષયની ઉત્કૃષ્ટતા તેમ તેમ બાહ્ય સામગ્રી-જન્ય સુખ અધિક થાય છે. ઉપર ઉપરના દેવોમાં કષાયની અલ્પતા અધિક અધિક છે અને ભોગસામગ્રીની ઉત્કૃષ્ટતા છે, તેથી નીચે નીચેના દેવો કરતાં ઉપર ઉપરના દેવોને અધિક સુખ છે.

**ભાષ્ય :-**

**उच्छ्वासाहारवेदनोपपातानुभावतश्च साध्याः, उच्छ्वासः सर्वजघन्यस्थितीनां देवानां सप्तस्तोकः आहारश्चतुर्थकालः, पल्योपमस्थितीनामन्तर्दिवसस्योच्छ्वासो दिवसपृथक्त्वस्याहारः, यस्य यावन्ति सागरोपमाणि स्थितिस्तस्य तावत्स्वर्धमासेषूच्छ्वासस्तावत्स्वेव वर्षसहस्रेष्वाहारः, देवानां सद्वेदनाः प्रायेण भवन्ति, न कदाचिदसद्वेदनाः, यदि चासद्वेदना भवन्ति ततोऽन्तर्मुहूर्तमेव भवन्ति, न परतः, अनुबद्धाः सद्वेदनास्तूत्कृष्टेन षण्मासान् भवन्ति ।**

**उपपातः, आरणाच्युतादूर्ध्वमन्यतीर्थानामुपपातो न भवति, स्वलिङ्गिनां भिन्नदर्शनानामाग्रैवेयकेभ्य उपपातः, अन्यस्य सम्यग्दृष्टेः संयतस्य भजनीयं आ सर्वार्थसिद्धात्, ब्रह्मलोकादूर्ध्वमा सर्वार्थ-सिद्धाच्चतुर्दशपूर्वधराणामिति । अनुभावो विमानानां सिद्धक्षेत्रस्य चाकाशे निरालम्बस्थितौ लोक-स्थितिरेव हेतुः, लोकस्थितिर्लोकानुभावो लोकस्वभावो जगद्धर्मोऽनादिपरिणामसन्ततिरित्यर्थः सर्वे च देवेन्द्रा ग्रैवेयादिषु च देवा भगवतां परमर्षीणामर्हतां जन्माभिषेकनिष्क्रमणज्ञानोत्पत्तिमहा-समवसरणनिर्वाणकालेष्वासीनाः शयिताः स्थिता वा सहसैवासनशयनस्थानाश्रयैः प्रचलन्ति, शुभ-कर्मफलोदयाल्लोकानुभावत एव वा, ततो जनितोपयोगास्तां भगवतामनन्यसदृशीं तीर्थकरनाम-कर्मोद्भवां धर्मविभूतिमवधिनाऽऽलोक्य सञ्जातसंवेगाः सद्धर्मबहुमानाः केचिदागत्य भगवत्पाद-मूलं स्तुतिवन्दनोपासनहितश्रवणैरात्मानुग्रहमवाप्नुवन्ति, केचिदपि तत्रस्था एव प्रत्युत्थापनाञ्जलि-प्रणिपातनमस्कारोपहारैः परमसंविग्नाः सद्धर्मानुरागोत्फुल्लनयनवदनाः समभ्यर्चयन्ति ।।४/२२।।**

**ભાષ્યાર્થ :-**

उच्छ्वासाहार ..... समभ्यर्चयन्ति ।। **અને ઉચ્છ્વાસ આહાર, વેદન, ઉપપાત અને અનુભાવથી સાધ્ય છે=ઉપર ઉપરના દેવો હીન છે તે સાધ્ય છે. ઉચ્છ્વાસથી સર્વ જઘન્ય સ્થિતિવાળા દેવોનું સાત સ્તોક=સાત સ્તોક કાળના વ્યતિક્રમથી, ઉચ્છ્વાસ છે અને આહાર ચતુર્થકાળ છે=એક દિવસના**

**આંતરે છે. પલ્યોપમ સ્થિતિવાળા દેવોને અંતર દિવસમાં=એક દિવસના અંદરમાં, ઉચ્છ્વાસ છે. અને દિવસપૃથક્ત્વનો આહાર છે=બેથી નવ દિવસમાં આહાર ગ્રહણ છે. જેની જેટલા સાગરોપમની સ્થિતિ છે તેને તેટલા અર્ધમાસમાં ઉચ્છ્વાસ છે, તેટલા જ હજાર વર્ષે આહાર છે=જેટલા સાગરોપમની સ્થિતિ છે તેટલા હજાર વર્ષે આહાર છે.**

**દેવોને સદ્વેદના=શાતાવેદનીય કર્મનો ઉદય, પ્રાયઃ હોય છે, ક્યારેય અસદ્વેદના થતી નથી અને જે અસદ્વેદના થાય છે તે અંતર્મુહૂર્ત થાય છે, પછી થતી નથી. અનુબદ્ધ એવી સદ્વેદના વળી ઉત્કૃષ્ટથી છ મહિના સુધી હોય છે=છ મહિના પછી કાંઈક ક્ષણભર સદ્વેદનાની ન્યૂનતારૂપ અસદ્-વેદના થાય છે, પછી ફરી સદ્વેદનાનો જ પ્રવાહ દેવોને ચાલે છે.**

ઉપપાતને આશ્રયીને કહે છે –

**આરણ, અચ્યુતથી ઊર્ધ્વ અગિયારમા-બારમા દેવલોકથી ઉપર અન્યતીર્થવાળા=અન્યદર્શનના, સંન્યાસીઓનો ઉપપાત નથી. સ્વલિંગી, ભિન્નદર્શનવાળા=જેઓમાં સમ્યગ્દર્શન નાશ પામી ગયેલ છે અર્થાત્ પ્રાપ્ત થઈને નાશ પામેલું છે પરંતુ વિદ્યમાન નથી, તેવા જીવોનો ગ્રૈવેયક સુધીનો ઉપપાત છે= નવમા ગ્રૈવેયક સુધી ઉપપાત છે. અન્ય એવા સમ્યગ્દૃષ્ટિ સંયતને સર્વાર્થસિદ્ધ સુધી ઉપપાત ભજનીય છે=સૌધર્મદેવલોકથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધી ઉપપાત થઈ શકે છે. બ્રહ્મલોકથી ઊર્ધ્વ સર્વાર્થસિદ્ધ સુધી ચતુર્દશ પૂર્વધરોનો ઉપપાત છે.**

અનુભાવને જ બતાવે છે –

**વિમાનોના અને સિદ્ધક્ષેત્રના આકાશમાં નિરાલંબન સ્થિતિમાં લોકસ્થિતિ જ હેતુ છે, તે અનુભાવ છે.**

અનુભાવ શબ્દના પર્યાયવાચી શબ્દો બતાવે છે –

**લોકસ્થિતિ, લોકઅનુભાવ, લોકસ્વભાવ, જગતનો ધર્મ, અનાદિપરિણામસંતતિ એ અર્થ છે= અનુભાવનો એ અર્થ છે.**

વળી લોકના અનુભાવથી અન્ય શું થાય છે ? એ બતાવતાં કહે છે –

**સર્વ દેવેન્દ્રો અને ગ્રૈવેયકાદિમાં રહેલા દેવો ભગવાન પરમ ઋષિ અરિહંતના જન્માભિષેકકાળમાં નિષ્ક્રમણકાળમાં જ્ઞાનઉત્પત્તિકાળમાં મહાસમવસરણકાળમાં અને નિર્વાણકાળમાં બેઠેલા=સર્વ દેવેન્દ્રો કે ગ્રૈવેયકાદિના દેવો બેઠેલા હોય, સૂતેલા હોય કે સ્થિત હોય તેઓ સહસા આસન અને શયનસ્થાનના આશ્રયથી ચલાયમાન થાય છે.**

શેનાથી ચલાયમાન થાય છે ? તેથી કહે છે –

**તીર્થંકરના શુભકર્મના ફળના ઉદયથી અથવા લોકના અનુભાવથી જ ચલાયમાન થાય છે. તેનાથી=આસન ચલાયમાન થવાથી, જનિત ઉપયોગવાળા એવા દેવો કે દેવેન્દ્રો તે ભગવાનની**

**અનન્યસદશ તીર્થંકરનામકર્મના ઉદયથી ઉદ્ભવ થનારી ધર્મવિભૂતિને અવધિ દ્વારા જાણીને સંજાત સંવેગવાળા, સદ્ધર્મના બહુમાનવાળા, કેટલાક દેવો ભગવદ્દપાદમૂલ પાસે આવીને સ્તુતિ, વંદન, ઉપાસના હિતશ્રવણ વડે આત્માના અનુગ્રહને પ્રાપ્ત કરે છે. કેટલાક પણ દેવતાઓ ત્યાં રહેલા જ=ગ્રૈવેયકાદિમાં કે અનુત્તરમાં રહેલા જ, પ્રત્યુત્થાપના, અંજલિપ્રણિપાત નમસ્કારના ઉપહારથી=ક્રિયાથી, પરમ સંવેગવાળા, સદ્ધર્મના અનુરાગથી ઉત્ફુલ્લનયનવદનવાળા અભ્યર્ચના કરે છે=તીર્થંકરોની ભક્તિ કરે છે. ॥૪/૨૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં બતાવ્યું તે અનુસાર વૈમાનિક દેવો ગતિ, પરિગ્રહ આદિ વિષે ઉપર ઉપર હીન છે તે બતાવ્યા પછી અન્ય પણ કઈ કઈ દૃષ્ટિથી ઉપર ઉપરના દેવોનું સ્વરૂપ કેવું છે ? તે ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે. ભાષ્યકારશ્રી કહે છે ઉચ્છ્વાસથી, આહારથી, વેદનાથી ઉપપાતથી અને અનુભાવથી દેવોનું સ્વરૂપ જાણવું જોઈએ, આ રીતે કહીને ક્રમસર ઉચ્છ્વાસ આદિને અનુસાર દેવોનું સ્વરૂપ બતાવે છે.

જે દેવોની સર્વ જઘન્યસ્થિતિ દશ હજાર વર્ષની છે, તેઓને ઉચ્છ્વાસ સાત સ્તોકના વ્યવધાનથી થાય છે અર્થાત્ એક ઉચ્છ્વાસ લીધા પછી સાત સ્તોક જેટલો કાળ ઉચ્છ્વાસની આવશ્યકતા રહેતી નથી, ત્યારપછી ઉચ્છ્વાસની આવશ્યકતા રહે છે. વળી જઘન્ય સ્થિતિવાળા દશ હજાર વર્ષના આયુષ્યવાળા દેવો ચતુર્થકાળે આહાર ગ્રહણ કરે છે=એકાંતરે આહાર ગ્રહણ કરે છે. વળી જેઓની એક પલ્યોપમની સ્થિતિ છે, તેઓને દિવસમાં એક વખત ઉચ્છ્વાસ છે અને બેથી નવ દિવસમાં આહારનું ગ્રહણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ અને પલ્યોપમની સ્થિતિવાળા દેવોની વચલી સ્થિતિવાળા દેવોને આહાર અને ઉચ્છ્વાસમાં વ્યવધાનની તરતમતા તેમની સ્થિતિની અધિકતા-અલ્પતા અનુસાર પ્રાપ્ત થાય છે.

વળી જેઓની સ્થિતિ એક સાગરોપમની છે તેઓને અર્ધમાસે ઉચ્છ્વાસ છે=એક સાગરોપમવાળા દેવોને પંદર દિવસે ઉચ્છ્વાસ છે. બે સાગરોપમના આયુષ્યવાળા દેવોને એક માસે ઉચ્છ્વાસ છે, યાવત્ તેત્રીસ સાગરોપમ સુધીનાને ૩૩ માસે ઉચ્છ્વાસ છે; એ પ્રમાણે ઉચ્છ્વાસનું અંતર જાણવું. એક સાગરોપમવાળા દેવોને એક હજાર વર્ષે આહાર છે, બે સાગરોપમવાળા દેવોને બે હજાર વર્ષે આહાર છે, યાવત્ તેત્રીસ સાગરોપમવાળા દેવોને ૩૩ હજાર વર્ષે આહાર છે, એ પ્રમાણે આહારનું અંતર જાણવું.

તેનાથી એમ પ્રાપ્ત થાય કે જેમ જેમ અધિક અધિક આયુષ્ય તેમ તેમ અધિક કાળના વિલંબથી ઉચ્છ્વાસનો શ્રમ દેવોને કરવો પડે છે. ત્યાં સુધી તે પ્રકારના ઉચ્છ્વાસના શ્રમની પણ કદર્થના નથી. જેમ જેમ અધિક સ્થિતિવાળા દેવો છે તેમ તેમ આહારનો અભિલાષ કરાવે તેથી ક્ષુધાકૃત અલ્પ પણ પીડા તે દેવોને ઓછી છે. જ્યારે તેઓને ક્ષુધારૂપ વેદના થાય છે ત્યારે તત્કાળ તે આહારથી શમે છે. તેથી અધિક આયુષ્યવાળા દેવો અતિ પુણ્યશાળી હોવાથી ક્ષુધાની કદર્થના પણ અલ્પ માત્રામાં છે.

વળી દેવોને પ્રાયઃ કરીને સદ્વેદના હોય છે, ક્યારેય પણ અસદ્વેદના હોતી નથી. આ કથનથી એ પ્રાપ્ત થાય કે પ્રાયઃ શબ્દ કહેવાથી અર્થથી ક્યારેક અસદ્વેદના પ્રાપ્ત થાય છે, તેમ છતાં તે અસદ્વેદના અલ્પ

માત્રામાં અને અલ્પકાળ સુધી છે, પરંતુ અસદ્વેદના ક્યારેય પણ પ્રચુર માત્રામાં કે દીર્ઘકાળ સુધી પ્રાપ્ત થતી નથી. વળી તેઓને જે અસદ્વેદના થાય છે, તે પણ અંતર્મુહૂર્તકાળ પ્રમાણ જ થાય છે, વધારે થતી નથી અર્થાત્ અલ્પકાળ જ થાય છે દીર્ઘકાળ થતી નથી. વળી સતત સદ્વેદના દેવોને ઉત્કૃષ્ટથી છ મહિના સુધી હોય છે, ત્યારપછી અવશ્ય કાંઈક અસદ્વેદના અલ્પકાળ માટે પણ થાય છે.

વળી ઉપપાતને આશ્રયીને અન્યદર્શનના સંન્યાસીઓ આરણ-અચ્યુત ઉપર=અગિયારમા-બારમા દેવલોકથી ઉપરમાં ઉત્પન્ન થતા નથી અને જૈનસાધુના વેષમાં રહેલા, ભિન્નસમ્યગ્દર્શનવાળા=સમ્યગ્દર્શન ગુણ જેઓએ અનાદિકાળથી ભેદી નાખ્યો છે તે અથવા પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનનો વિનાશ કર્યો છે તેવા, સંયમની ક્રિયાઓ દ્વારા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે. સમ્યગ્દૃષ્ટિ એવા સંયત સાધુઓ સંયમના બળથી પ્રથમ દેવલોકથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધી ઉત્પન્ન થાય છે અને ચૌદપૂર્વધર સાધુઓ જઘન્યથી પાંચમા બ્રહ્મદેવલોકમાં અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે.

આ કથનથી એ પ્રાપ્ત થાય કે અન્યદર્શનમાં રહેલા ત્યાગપ્રધાન જીવનારા અને ત્યાગને કારણે ચિત્તમાં તે પ્રકારના સંક્લેશની મંદતાને કારણે અગિયારમા-બારમા દેવલોક સુધી તે જીવો ઉત્પન્ન થઈ શકે છે. તેનાથી અધિક સંક્લેશની મંદતાવાળો પરિણામ અન્યદર્શનના ત્યાગના આચારોમાં થઈ શકતો નથી; કેમ કે વિપર્યાસને પ્રાપ્ત કરે તેવી સામગ્રી પણ છે અને સંયમની સૂક્ષ્મ શુદ્ધિ કરાવીને વિશેષ પ્રકારના શુભલેશ્યાને પ્રાપ્ત કરાવી શકે તેવી સામગ્રી નથી. બારમા દેવલોક પછી ઉપરના દેવલોકમાં જવા માટે જેવા પ્રકારની સંયમના આચારની સૂક્ષ્મ યતના ભગવાનના શાસનના આચારોને પાળનારા મિથ્યાદૃષ્ટિ પણ જીવો કરે છે અને તેનાથી જે વિશિષ્ટ કોટીની શુક્લલેશ્યા પ્રાપ્ત કરે છે તેવી શુક્લલેશ્યા અન્યદર્શનોના આચારોથી થતી નથી, પરંતુ બારમા દેવલોકની પ્રાપ્તિનું કારણ બને તેવી શુક્લલેશ્યા ત્યાં પ્રાપ્ત થઈ શકે છે.

વળી જૈનદર્શનના આચારોને પાળનારા અને સંયમની સર્વ બાહ્ય ક્રિયા શુદ્ધ પાળનારા હોવાને કારણે જે જીવો શુક્લલેશ્યાવાળા છે, છતાં આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને આત્માનો વીતરાગભાવ જ આત્મા માટે શ્રેય છે, આત્માનો અવીતરાગભાવ આત્માની કદર્થના છે, તે પ્રકારના બોધના સન્મુખભાવને પણ પામ્યા નથી તેવા અભવ્યના જીવો, ચરમાવર્તની બહારના જીવો કે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા જીવો સંયમના બાહ્ય શુદ્ધ આચારના બળથી છકાયના જીવો પ્રત્યે અત્યંત દયાળુ ભાવવાળા થાય છે, જેના કારણે શુક્લલેશ્યા પ્રગટે છે અને તે વિશુદ્ધ શુક્લલેશ્યાના બળથી ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

વળી ગ્રૈવેયકથી ઉપર અનુત્તરમાં જવા માટે જેવી શુક્લલેશ્યા જોઈએ તેવી શુક્લલેશ્યા મિથ્યાત્વ અવસ્થામાં સંયમ પાળનારા જીવોમાં ક્યારેય પ્રાપ્ત થતી નથી, પરંતુ સમ્યક્ત્વ પામ્યા પછી જ વિશુદ્ધ સંયમના આચારના પાળનારા સાધુને તેવી શ્રેષ્ઠ કોટીની શુક્લલેશ્યા પ્રગટે છે, જેથી તેઓ સર્વાર્થસિદ્ધ સુધી જઈ શકે છે. વળી સમ્યગ્દૃષ્ટિ સંયમ પાળનારા સુસાધુ પણ જ્યારે અત્યંત વિશુદ્ધ ઉપયોગમાં હોય ત્યારે જ સર્વાર્થસિદ્ધને અનુકૂળ શુક્લલેશ્યાને પ્રાપ્ત કરે છે, અન્યથા સર્વાર્થસિદ્ધથી નીચે યાવત્ સૌધર્મ દેવલોક સુધી

શુભલેશ્યાના બળથી તેઓ જાય છે. એથી એ પ્રાપ્ત થાય કે ચરમાવર્ત બહારના, અભવ્ય અને ચરમાવર્તવર્તી મિથ્યાદૃષ્ટિ પણ બાહ્ય આચારના બળથી જેવી શ્રેષ્ઠ કોટીની શુક્લલેશ્યાને પ્રાપ્ત કરીને ગ્રૈવેયકનું આયુષ્ય પ્રાપ્ત કરે છે, તેના જેવી શુક્લલેશ્યા સમ્યગ્દૃષ્ટિ એવા સુસંયતસાધુ પ્રાપ્ત કરે તો ગ્રૈવેયક આદિ દેવલોકમાં જાય છે અને તેજો કે પદ્મલેશ્યા પ્રાપ્ત કરે તો તે સમ્યગ્દૃષ્ટિ સુસાધુ પણ પહેલા આદિ દેવલોકમાં પણ જાય છે.

વળી ભાવસાધુને પણ તેવા પ્રકારના નિમિત્તને પામીને કૃષ્ણાદિ ત્રણ અશુભલેશ્યા પણ પ્રાપ્ત થાય છે. છતાં આયુષ્યબંધકાલમાં તેઓને અશુભલેશ્યા આવે કે મૃત્યુકાળમાં કોઈક નિમિત્તે તેમને અશુભલેશ્યા આવે તો પ્રાયઃ કરીને તેમનો સંયમથી પાત થાય; કેમ કે જે ભવમાં જવાનું હોય તે ભાવને અનુરૂપ લેશ્યા મૃત્યુ વખતે પ્રાપ્ત થાય છે અને સંયમના પાત વગર વૈમાનિકદેવથી અન્ય ભવનું આયુષ્ય બંધાય નહીં તેથી જેમને મૃત્યુકાળમાં અશુભલેશ્યા થાય છે તેમનો અવશ્ય સંયમથી પાત થાય તેવો અર્થ જણાય છે.

વળી જે મહાત્માઓ ચૌદપૂર્વધર છે તેઓને તે પૂર્વોના બોધના બળથી તેવા પ્રકારની શુભલેશ્યા વર્તે છે, જેથી જઘન્યથી પણ તેઓ બ્રહ્મદેવલોકથી નીચેનું આયુષ્ય બાંધે નહીં અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધનું પણ આયુષ્ય બાંધી શકે.

લોકસ્થિતિનો અનુભાવ શું છે ? તે બતાવે છે –

દેવલોકના વિમાનો આકાશમાં આલંબન વગર ઘનોદધિ આદિ ઉપર રહે છે. યોગશાસ્ત્રના વચનાનુસાર પ્રથમના બે દેવલોક ઘનોદધિ ઉપર રહે છે, ત્યારપછીના ત્રણ દેવલોક વાયુ ઉપર રહે છે, ત્યારપછીના ત્રણ દેવલોકો ઘનોદધિ અને ઘનવાત ઉપર રહેલા છે, ત્યારપછીના સર્વ દેવલોકો અને સિદ્ધશિલા આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. દેવલોકનાં વિમાનો અને સિદ્ધશીલા નિરાલંબન રહેલાં છે તેમાં લોકસ્થિતિ હેતુ છે.

લોકસ્થિતિ શબ્દના પર્યાયવાચી બતાવે છે –

લોકની સ્થિતિ, લોકનો અનુભાવ, લોકનો સ્વભાવ, જગતનો ધર્મ, અનાદિ પરિણામની સંતતિ એ પ્રકારનો અર્થ છે.

આનાથી એ ફલિત થાય કે ચૌદરાજલોકનું આ પ્રકારનું સંસ્થાન પણ લોકસ્થિતિથી જ છે. સંસારવર્તી જીવો અનાદિથી કર્મથી બંધાયેલા છે તે પણ લોકસ્થિતિથી છે. જીવોનો મૂળ સ્વભાવ સિદ્ધના આત્મા તુલ્ય હોવા છતાં સંસારવર્તી જીવો કર્મના સંયોગથી તેવા પ્રકારના મોહના પરિણામવાળા થાય છે, તે પણ લોકસ્થિતિ છે અર્થાત્ લોકવર્તી વર્તતા પદાર્થોનો તેવો સ્વભાવ જ છે. જીવના અવીતરાગભાવના પરિણામથી કર્મ બંધાય છે અને વીતરાગભાવના પરિણામથી કર્મ છૂટે છે એ પણ લોકસ્થિતિ છે. વીતરાગભાવને પ્રાપ્ત કરીને સર્વ કર્મથી મુક્ત થાય છે એ પણ લોકસ્થિતિ છે.

વળી ભગવાનના જન્મકાળમાં, દીક્ષાકાળમાં, કેવલજ્ઞાનના ઉત્પત્તિકાળમાં, ભગવાનની દેશના માટે જ્યારે મહાસમવસરણની રચના થાય તે કાળમાં અને નિર્વાણકાળમાં ઇંદ્રોનાં આસનો ચલાયમાન થાય છે

તથા ગ્રૈવેયકાદિના દેવોનાં આસનો ચલાયમાન થાય છે, તે વખતે તે દેવો કે ઇંદ્રો - બેઠેલા હોય, સૂતેલા હોય કે ઊભેલા હોય - તે જે આસન ઉપર હોય તે આસન કંપે છે, તેમાં પણ ભગવાનના શુભકર્મનો ઉદય કારણ છે અને લોકઅનુભાવ જ કારણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની પુણ્યપ્રકૃતિનો જ તેવો સ્વભાવ છે જેના કારણે તેની અસરથી તે આસનો કંપે. ભગવાનના પુણ્યનો તેવો સ્વભાવ અને આસન કંપનનો તેવો સ્વભાવ તે લોકસ્થિતિ જ કહેવાય. એથી લોકઅનુભાવથી આ સર્વ કાર્યો થાય છે. વળી લોકસ્થિતિથી દેવોનાં આસનો કંપે છે, તેનાથી ઉપયોગવાળા તેઓ ભગવાનની તીર્થંકરનામકર્મથી ઉત્પન્ન થયેલી અસાધારણ ધર્મવિભૂતિને જાણીને તે ઇંદ્રાદિ દેવો સંવેગવાળા થયેલા, સદ્ધર્મ પ્રત્યે બહુમાનવાળા કેટલાક ભગવાન પાસે આવે છે અને ભગવાનની સ્તુતિ, વંદન, ઉપાસના અને હિતના શ્રવણથી આત્માના અનુગ્રહને કરે છે. વળી કેટલાક ગ્રૈવેયકાદિ તથા અનુત્તરવિમાનવાસી દેવતાઓ ત્યાં રહેલા ઊભા થઈને અંજલિ જોડીને પ્રણિપાત નમસ્કાર દ્વારા પરમ સંવેગવાળા, અત્યંત ઉલ્લસિત થયેલા નયન-વદનવાળા ભગવાનની ભક્તિ કરે છે. આનાથી એ ફલિત થાય કે અસંખ્યાતા સૂર્ય, ચંદ્રાદિ ઇંદ્રો છે. તે બધા ભગવાનના જન્માદિ પ્રસંગે સાક્ષાત્ આવતા નથી તોપણ તે સર્વનાં આસનોનો કંપ થવાથી ત્યાં રહેલા પણ તેઓ ભગવાનની ભક્તિ કરે છે. અનુત્તરવાસી અને ગ્રૈવેયકના દેવો પણ પ્રસ્તુત ભાષ્યવચનાનુસાર ભગવાનના જન્માદિના પ્રસંગે ઊભા થઈને અંજલિથી પ્રણામ, નમસ્કાર કરે છે અને ત્યાં રહીને ભગવાનની ભક્તિ કરે છે. **॥૪/૨૨॥**

**ભાષ્ય :-**

**अत्राह-त्रयाणां देवनिकायानां लेश्यानियमोऽभिहितः, अथ वैमानिकानां केषां का लेश्या इति ? ।**
**अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=વૈમાનિક દેવોના વર્ણનમાં, પ્રશ્ન કરે છે – ત્રણ દેવનિકાયની=ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ એ ત્રણ દેવનિકાયની, લેશ્યાનો નિયમ પૂર્વમાં કહેવાયો. હવે કયા વૈમાનિકદેવોને કઈ લેશ્યા છે ? આ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે –**

**સૂત્ર :-**

**पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु ।।४/२३।।**

**સૂત્રાર્થ :-**

**બે, ત્રણ અને શેષમાં, પીત, પદ્મ અને શુક્લલેશ્યા છે=પ્રથમ બે દેવલોકમાં પીતલેશ્યા=તેજોલેશ્યા છે, ત્યારપછી ત્રણ દેવલોકમાં પદ્મલેશ્યા છે અને ત્યારપછી બધા દેવલોકમાં શુક્લલેશ્યા છે. ॥૪/૨૩॥**

**ભાષ્ય :-**

**उपर्युपरि वैमानिकाः सौधर्मादिषु द्वयोस्त्रिषु शेषेषु च पीतपद्मशुक्ललेश्या भवन्ति यथासङ्ख्यम्, द्वयोः पीतलेश्याः सौधर्मेशानयोः, त्रिषु पद्मलेश्याः सनत्कुमारमाहेन्द्रब्रह्मलोकेषु, शेषेषु लान्तकादिष्वा सर्वार्थसिद्धाच्छुक्ललेश्याः, उपर्युपरि तु विशुद्धतरेत्युक्तम् ।।४/२३।।**

**ભાષ્યાર્થ :-**

उपर्युपरि ..... विशुद्धतरेत्युक्तम् ।। **ઉપર, ઉપરના વૈમાનિકો સૌધર્માદિ બેમાં, ત્રણમાં અને શેષમાં યથાક્રમ પીતલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાવાળા હોય છે. સૌધર્મ અને ઈશાન બે દેવલોકના દેવો પીતલેશ્યાવાળા હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકરૂપ ત્રણ દેવલોકના દેવો પદ્મલેશ્યાવાળા હોય છે અને લાંતક આદિ શેષ દેવલોકોમાં સર્વાર્થસિદ્ધવિમાન સુધી શુક્લલેશ્યા હોય છે. વળી આ લેશ્યા ઉપર ઉપરમાં વિશુદ્ધતર હોય છે, એ પ્રમાણે કહેવાયું. ॥૪/૨૩॥**

**ભાવાર્થ :-**

સૌધર્માદિ દેવલોકમાં પીતાદિ ત્રણ શુભલેશ્યા ક્રમસર છે. તેના વિષયમાં ટીકાકારશ્રી શરીરના વર્ણરૂપ દેવોની લેશ્યાને ગ્રહણ કરે છે. તેઓ કહે છે કે ભાવલેશ્યા અધ્યવસાયરૂપ હોવાથી વૈમાનિક દેવોને છએ પણ લેશ્યા હોય છે. વસ્તુસ્થિતિ વિચારતાં એ જણાય છે કે વૈમાનિકદેવોમાં પ્રાયઃ કરીને ધર્મની આરાધના કરીને જનારા જીવો હોય છે. તેથી મોટા ભાગે મંદ કષાયવાળા જીવો હોય છે. તેઓને ભાવલેશ્યા પણ તે અનુસાર પીતાદિ શુભલેશ્યા જ છે; કેવલ જે મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે, તે તથાપ્રકારના પુણ્યના કારણે શુભ પરિણામવાળા છે. તેને આશ્રયીને તેઓની દ્રવ્યલેશ્યા પણ શુભ છે અને તેનાથી જન્ય ભાવલેશ્યા પણ તેઓને શુભબહુલ જ વર્તે છે.

નીચેના દેવો કરતાં ઉપર ઉપરના દેવો પાસે અધિક બળ હોવા છતાં નીચેના દેવો પર પોતાનું આધિપત્ય જમાવવાનો વિચાર તેઓ કરતા નથી અને પોતાના સેવક દેવતાઓ આદિ પર પણ ઉચિત વર્તન કરે તેવી શુભલેશ્યાવાળા હોય છે, તે પ્રકારે ધર્મબિંદુ ગ્રંથમાં લખાણ પ્રાપ્ત થાય છે. તેથી માત્ર શરીરના વર્ણરૂપ જ લેશ્યા સ્વીકારવી એમ જે ટીકાકારશ્રી કહે છે તે વસ્તુ વિચારણીય છે; તત્ત્વ બહુશ્રુતો વિચારે...

વળી ઉપર ઉપરના દેવલોકોમાં વિશુદ્ધતર લેશ્યા હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સૌધર્મ દેવલોકમાં જે પીતલેશ્યા છે, તેના કરતાં ઈશાન દેવલોકમાં વધારે વિશુદ્ધ પીતલેશ્યા છે. તેથી ઈશાન દેવલોકમાં તથાસ્વભાવે સૌધર્મદેવલોક કરતાં પ્રાયઃ કષાયની અલ્પતા અને શુભલેશ્યાને કારણે દયાળુ સ્વભાવની અધિકતા હશે; કેમ કે લેશ્યામાં જે જાંબુવૃક્ષનું દૃષ્ટાંત આપ્યું છે તે અનુસાર જેમ જેમ દયાળુ સ્વભાવ અધિક તેમ તેમ શુભલેશ્યા અધિક તેવો અર્થ પ્રાપ્ત થાય છે. ફક્ત ક્વચિત્ કોઈ એવા નિમિત્તને પામીને સૌધર્મદેવો અને ઈશાનદેવોને પણ ક્યારેક કૃષ્ણલેશ્યા થાય; એટલામાત્રથી તે દેવોને શુભલેશ્યા સ્વીકારવાનો વિરોધ જણાતો નથી. વળી ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા છે તે પણ ઉપર ઉપરના દેવલોકમાં

વિશુદ્ધ છે. તેથી તેઓને દયાળુ, ઉચિત પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ આદિ ભાવો ઉપર ઉપરમાં અધિક હોવા જોઈએ. છઠ્ઠા દેવલોકથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધી શુક્લલેશ્યા છે, તે પણ ઉપર ઉપરમાં અત્યંત વિશુદ્ધ છે. આથી જ બારમા દેવલોક પછી ગ્રૈવેયક આદિમાં અત્યંત સ્વસ્થતાપૂર્વક તત્ત્વને ભાવન કરે તેવો જ નિર્મળ અધ્યવસાય બહુલતાએ વર્તે છે અને સર્વાર્થસિદ્ધમાં તે નિર્મળ અધ્યવસાય અત્યંત ઉત્કર્ષવાળો છે, તેમાં પણ તેઓને ભવથી પ્રાપ્ત થયેલ શુભલેશ્યા કારણ છે, આ પ્રકારે અમને જણાય છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. ||૪/૨૩||

**ભાષ્ય :-**

**अत्राह – उक्तं भवता-द्विविधा वैमानिका देवाः – कल्पोपपन्नाः कल्पातीताश्च (सू० १८) इति, ततः के कल्पा इति ?, अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=વૈમાનિક દેવોના વર્ણનમાં, પ્રશ્ન કરે છે – સૂત્ર-૧૮માં તમે કહેલું કે વૈમાનિક દેવો બે પ્રકારના છે – કલ્પોપપન્ન અને કલ્પાતીત. તો તે કલ્પ કયા છે ? અહીં કહેવાય છે=ગ્રંથકારશ્રી દ્વારા ઉત્તર અપાય છે –**

**સૂત્ર :-**

**प्राग्ग्रैवेयकेभ्यः कल्पाः ।।४/२४।।**

**સૂત્રાર્થ :-**

**ગ્રૈવેયકથી પૂર્વે કલ્પવાળા દેવો હોય છે. ||૪/૨૪||**

**ભાષ્ય :-**

**प्राग् ग्रैवेयकेभ्यः कल्पा भवन्ति, सौधर्मादय आरणाच्युतपर्यन्ता इत्यर्थः, अतोऽन्ये कल्पातीताः ।**

**ભાષ્યાર્થ :-**

**प्राग् ग्रैवेयकेभ्यः ..... कल्पातीताः ।। ગ્રૈવેયકથી પૂર્વે કલ્પો=કલ્પવાળા દેવતાઓ, હોય છે. સૌધર્મથી માંડીને આરણ-અચ્યુત સુધી કલ્પવાળા છે, એ પ્રકારનો અર્થ છે. આનાથી=સૌધર્મ આદિથી માંડીને આરણ-અચ્યુતથી, અન્ય કલ્પાતીત છે. ||**

**ભાવાર્થ :-**

સૌધર્મથી માંડી આરણ, અચ્યુત સુધી દેવોમાં સ્વામી-સેવકભાવરૂપ કલ્પો છે. તેથી ઇંદ્રાદિ દશ ભેદો તેમાં પ્રાપ્ત થાય છે. ગ્રૈવેયકમાં બધા સ્વતંત્ર છે, સ્વામી-સેવકભાવ જેવું કોઈ નથી. ત્યાં સેવકવર્ગ નહીં હોવા છતાં ગ્રૈવેયકના દરેક દેવો માત્ર એકેક હોવા છતાં સુખપૂર્વક સ્વસ્થતાથી તત્ત્વચિંતનાદિ કરે છે.

ભાષ્ય :-

अत्राह – किं देवाः सर्व एव सम्यग्दृष्टयो यद् भगवतां परमर्षीणामर्हतां जन्मादिषु प्रमुदिता भवन्तीति ?, अत्रोच्यते – न सर्वे सम्यग्दृष्टयः, किन्तु सम्यग्दृष्टयः सद्धर्मबहुमानादेव तत्र प्रमुदिता भवन्त्यभिगच्छन्ति च मिथ्यादृष्टयोऽपि च लोकचित्तानुरोधादिन्द्रानुवृत्त्या परस्परदर्शनात् पूर्वानुचरितमिति च प्रमोदं भजन्तेऽभिगच्छन्ति च लोकान्तिकास्तु सर्व एव विशुद्धभावाः सद्धर्मबहुमानात् संसारदुःखार्तानां च सत्त्वानामनुकम्पया भगवतां परमर्षीणामर्हतां जन्मादिषु विशेषतः प्रमुदिता भवन्ति, अभिनिष्क्रमणाय च कृतसङ्कल्पान् भगवतोऽभिगम्य प्रहृष्टमनसः स्तुवन्ति सभाजयन्ति चेति ।।४/२४।।

ભાષ્યાર્થ :-

अत्राह ..... चेति ।। અહીં=પૂર્વે કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવોના ભેદો બતાવ્યા એમાં, પ્રશ્ન કરે છે – શું સર્વ દેવો જ સમ્યગ્દૃષ્ટિ છે, જે કારણથી ભગવાન પરમ ઋષિ અરિહંતાદિના જન્માદિમાં પ્રમુદિત થાય છે ? એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે – સર્વ દેવો સમ્યગ્દૃષ્ટિ નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ દેવો સદ્ધર્મ પ્રત્યે બહુમાન હોવાના કારણે જ તેમાં=ભગવાનના જન્માદિમાં, પ્રમુદિત થાય છે અને આવે છે=કેટલાક દેવો જન્માદિ પ્રસંગમાં મનુષ્યલોકમાં આવે છે. અને મિથ્યાદૃષ્ટિ પણ લોકચિત્તના અનુરોધથી=બીજા બધાને તે પ્રકારના પ્રમુદિત થયેલા જોઈને તેમના ચિત્તના અનુરોધથી, ઇંદ્રની અનુવૃત્તિથી=ઇંદ્રના ગમનને જોઈને અનુસરણથી, પરસ્પરના દર્શનથી=અન્ય દેવોને ભગવાનના જન્માભિષેકાદિમાં જતા જોવાથી, અને પૂર્વ અનુચરિત છે એ પ્રકારના પ્રમોદને ભજે છે=પોતાના સ્થાને રહેલા પૂર્વના દેવોએ આ પ્રકારનું કૃત્ય કર્યું છે તેનો વિચાર કરીને ભગવાનના જન્માદિમાં પ્રમોદને પામે છે, અને આવે છે=કેટલાક દેવો ભગવાનના જન્માદિ પ્રસંગમાં આવે છે.

વળી વિશુદ્ધભાવવાળા સર્વ જ લોકાંતિક દેવો સદ્ધર્મના બહુમાનથી અને સંસારના દુઃખથી આર્ત એવા જીવોની અનુકંપાથી ભગવાન પરમ ઋષિ એવા અરિહંતોના જન્માદિમાં વિશેષથી પ્રમુદિત થાય છે. અને અભિનિષ્ક્રમણ માટે કૃતસંકલ્પવાળા ભગવાનને જાણીને પ્રહૃષ્ટ મનવાળા એવા લોકાંતિક દેવો ભગવાનની સ્તુતિ કરે છે અને ભગવાનની ભક્તિ કરે છે=ભક્તિથી હે ભગવંત ! તીર્થ પ્રવર્તાવો ઇત્યાદિ કહે છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૨૪।।

ભાવાર્થ :-

સૂત્ર-૨૨ના ભાષ્યમાં કહ્યું કે લોકસ્થિતિના અનુભાવથી ભગવાનના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ઇંદ્રોનાં આસનો કંપે છે અને તેઓ ભગવાનની ભક્તિ કરે છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે શું બધા દેવો

સમ્યગ્દૃષ્ટિ છે, જેથી ભગવાનના જન્માદિ પ્રસંગોમાં પ્રમુદિત થાય છે ? આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓનાં આસન કંપે છે અને જે દેવો પ્રમુદિત થઈને ભગવાનના જન્માદિ પ્રસંગે આવે છે તે સર્વ દેવો સમ્યગ્દૃષ્ટિ છે ? કે જેના કારણે ભગવાનના કલ્યાણકોમાં પ્રમુદિત થઈને આવે છે ? કે તે સિવાય કોઈ અન્ય કારણે પ્રમુદિત થઈને આવે છે ? એ પ્રકારની શંકા કરે છે.

તેનો ઉત્તર આપતાં કહે છે કે જે દેવો ભગવાનના કલ્યાણક પ્રસંગે પ્રમુદિત થઈને આવે છે તે સર્વ સમ્યગ્દૃષ્ટિ નથી. પરંતુ જે દેવતાઓ સમ્યગ્દૃષ્ટિ છે તેઓ સદ્ધર્મ પ્રત્યેના બહુમાનને કારણે ભગવાનના જન્માદિ પ્રસંગમાં પ્રમુદિત થાય છે અને આવે છે.

મિથ્યાદૃષ્ટિ દેવતાઓ લોકચિત્તના અનુરોધથી આવે છે અર્થાત્ લોકોનું તે પ્રકારનું ચિત્ત હોય છે કે પ્રસંગમાં મોટા માણસો જતા હોય તો તે લોકોને પણ તેને જોવાની ઇચ્છા થાય છે. આ પ્રકારના લોકચિત્તના અનુરોધથી ભગવાનના જન્માભિષેક પ્રસંગે મિથ્યાદૃષ્ટિ દેવતાઓ પ્રમોદ પામીને આવે છે.

વળી કેટલાક ઇંદ્રના અનુસરણથી પણ આવે છે; કેમ કે મહાપ્રભાવશાળી ઇંદ્રો જતા હોય તે વખતે 'ઇંદ્રોનો આદેશ છે માટે આપણે જવું જોઈએ' એ પ્રકારની અનુવૃત્તિથી પ્રમોદને પામે છે અને જન્માભિષેકાદિમાં આવે છે. વળી કેટલાક દેવો બીજાને જતાં જોઈને પણ પ્રમોદને પામે છે અને જન્માભિષેકાદિ પ્રસંગમાં આવે છે. તો વળી કેટલાક દેવો વિચારે છે કે આપણા પૂર્વના દેવોએ અનુચરણ કર્યું છે તેથી આપણે પણ તે પ્રકારે કરવું જોઈએ એ પ્રકારની મનોવૃત્તિથી પ્રમોદને પામે છે અને જન્માભિષેકાદિમાં આવે છે.

તેથી એ ફલિત થાય છે કે સમ્યગ્દૃષ્ટિ વિશુદ્ધભાવથી આવે છે અને મિથ્યાદૃષ્ટિ જીવો બધા વિશુદ્ધભાવથી જતા નથી છતાં જેઓનું મંદ મિથ્યાત્વ છે તેઓને ભગવાનના તે પ્રસંગોથી સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત પણ થઈ શકે છે. જેઓ સમ્યક્ત્વની સન્મુખ ભાવવાળા નથી તેઓ માત્ર તે તે પ્રકારના કુતૂહલભાવ આદિથી આવે છે.

વળી સર્વ લોકાંતિક દેવો વિશુદ્ધભાવવાળા છે. તેથી સદ્ધર્મ પ્રત્યેના બહુમાનને કારણે અને સંસારવર્તી દુઃખથી આર્ત જીવોને ભગવાનના પ્રસંગથી ઉપકાર થશે એ પ્રકારના અનુકંપાના પરિણામને કારણે ભગવાનના જન્માદિ પ્રસંગે વિશેષથી પ્રમુદિત થાય છે. એથી એ ફલિત થાય કે ઇંદ્રાદિ દેવો જે સમ્યગ્દૃષ્ટિ છે એમના કરતાં પણ લોકાંતિક દેવો અત્યંત વિશુદ્ધભાવવાળા હોવાને કારણે વિશેષથી પ્રમુદિત થાય છે અને પ્રમુદિત થયેલા મનવાળા ભગવાનની સ્તુતિ કરે છે. જ્યારે ભગવાન સંયમ ગ્રહણ કરવા તત્પર થાય છે ત્યારે ભગવાન પ્રત્યેની ભક્તિથી દેવલોકમાંથી પ્રભુ પાસે આવે છે અને 'જય જય નંદા, જય જય ભદ્દા' આદિ ઉત્તમ શબ્દોથી જયનાદ કરીને તીર્થંકર ભગવાનને કહે છે કે 'હે ભગવાન ! તીર્થ પ્રવર્તાવો.'

વળી ગ્રૈવેયકાદિના દેવો સાક્ષાદ્ ભગવાનના પ્રસંગમાં આવતા નથી તોપણ તેઓનાં આસન ચલાયમાન થતાં કાયાથી અને મનથી ઉત્થિત થઈને ભક્તિથી ભગવાનને નમસ્કાર કરે છે અને ભગવાનની સ્તુતિ કરે છે. આ કથનથી એ જણાય છે કે અનુત્તરવાસી દેવો પણ જન્માદિ પ્રસંગે શય્યામાંથી ઊઠીને ઊભા થાય છે અને ભગવાનની ભક્તિ કરે છે. એમ પ્રાયઃ કરીને પોતાના વિમાનમાં રહેલા શાશ્વત ચૈત્યની પણ

કોઈક પ્રકારની ઉચિત ભક્તિ કરતા હશે પરંતુ માત્ર શય્યામાં જ સદા સુખપૂર્વક સૂતાં જ તત્ત્વચિંતન કરતા નથી. **॥૪/૨૪॥**

**ભાષ્ય :-**

**अत्राह – के पुनर्लोकान्तिकाः ? कतिविधा वेति ? अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=સૂત્ર-૨૪માં કહ્યું કે લોકાંતિક દેવો ભગવાનના જન્માભિષેકાદિના પ્રસંગે વિશેષથી પ્રમુદિત થાય છે એ કથનમાં, પ્રશ્ન કરે છે – લોકાંતિક દેવો કોણ છે ? અને કેટલા પ્રકારના છે ? એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે –**

**સૂત્ર :-**

**ब्रह्मलोकालया लोकान्तिकाः ।।४/२५।।**

**સૂત્રાર્થ :-**

**બ્રહ્મલોકમાં આલય છે જેમને=નિવાસસ્થાન છે જેમને, એવા લોકાંતિક દેવો છે. ।।૪/૨૫।।**

**ભાષ્ય :-**

**ब्रह्मलोकालया एव लोकान्तिका भवन्ति नान्यकल्पेषु, नापि परतः, ब्रह्मलोकं परिवृत्याष्टासु दिक्षु अष्टविकल्पा भवन्ति ।।४/२५।।**

**ભાષ્યાર્થ :-**

**ब्रह्मलोकालया ..... भवन्ति ।। બ્રહ્મલોકમાં જ નિવાસસ્થાનવાળા લોકાંતિકો છે. અન્ય કલ્પોમાં નથી, વળી પરથી પણ નથી=ગ્રૈવેયકાદિમાં પણ નથી. બ્રહ્મલોકને પરિવૃત કરીને આઠ દિશાઓમાં આઠ વિકલ્પવાળા લોકાંતિક દેવો હોય છે. ।।૪/૨૫।।**

**ભાષ્ય :-**

**तद्यथा –**

**ભાષ્યાર્થ :-**

**તે લોકાંતિકદેવો આ પ્રમાણે છે –**

**સૂત્ર :-**

**सारस्वतादित्यवह्न्यरुणगर्दतोयतुषिताव्याबाधमरुतोऽरिष्टाश्च ।।४/२६।।**

**સૂત્રાર્થ :-**

**સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ. ||૪/૨૬||**

**ભાષ્ય :-**

**एते सारस्वतादयोऽष्टविधा देवा ब्रह्मलोकस्य पूर्वोत्तरादिषु दिक्षु प्रदक्षिणं भवन्ति यथासङ्ख्यम् । तद्यथा – पूर्वोत्तरस्यां दिशि सारस्वताः, पूर्वस्यामादित्या इत्येवं शेषाः ।।४/२६।।**

**ભાષ્યાર્થ :-**

**एते ..... शेषाः ।। આ સારસ્વતાદિ આઠ પ્રકારના દેવો=સૂત્રમાં સમાસથી બતાવાયેલા સારસ્વતાદિ આઠ પ્રકારના દેવો, બ્રહ્મલોકના પૂર્વ-ઉત્તરાદિ દિશાઓમાં યથાસંખ્ય પ્રદક્ષિણારૂપે રહેલા છે. તે આ પ્રમાણે – પૂર્વોત્તર દિશામાં સારસ્વતો છે, પૂર્વમાં આદિત્યો છે, એ પ્રમાણે શેષ જાણવા. શેષ ક્રમથી દિશા અને વિદિશામાં બાકીના આઠ લોકાંતિકદેવો રહેલા છે. સૂત્રમાં અરિષ્ટને સ્વતંત્ર બતાવેલા છે, એથી તે નવમો ભેદ છે. ||૪/૨૬||**

**ભાવાર્થ :-**

આ નવ દેવો પાંચમા દેવલોકમાં અંતમાં વસનારા છે; કેમ કે તે સ્થાનમાં છે, છતાં ત્યાં લોકના અંતની પ્રાપ્તિ નથી પરંતુ ચાર ગતિના પરિભ્રમણરૂપ લોકના અંતમાં વસનારા છે, તેથી પરિત્તસંસારી છે, માટે લોકાંતિક કહ્યા છે. સ્થાનની અપેક્ષાએ તો પાંચમા દેવલોકના સ્થાનમાં રહેલા છે તેથી ત્રસનાડીના મધ્યમાં છે. **||૪/૨૬||**

**અવતરણિકા :-**

**લોકાંતિકદેવો અલ્પસંસારી છે તેમ અન્ય દેવો ઉત્કર્ષથી કેટલા કાળમાં સંસારનો અંત કરે છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**विजयादिषु द्विचरमाः ।।४/२७।।**

**સૂત્રાર્થ :-**

**વિજયાદિ વિમાનોમાં દ્વિચરમ=બે છેલ્લા ભવો ઉત્કર્ષથી હોય તેવા, દેવો છે. ||૪/૨૭||**

**ભાષ્ય :-**

**विजयादिष्वनुत्तरेषु विमानेषु देवा द्विचरमा भवन्ति, द्विचरमा इति ततश्च्युताः परं द्विर्जनित्वा सिध्यन्तीति, सकृत्सर्वार्थसिद्धमहाविमानवासिनः, शेषास्तु भजनीयाः ।।४/२७।।**

**ભાષ્યાર્થ :-**

**विजयादिष्वनुत्तरेषु ..... भजनीयाः ।। વિજયાદિ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો દ્વિચરમ હોય છે. દ્વિચરમ એટલે ત્યાંથી ચ્યુત થયેલા=વિજયાદિથી ચ્યવન પામીને મનુષ્યરૂપે જન્મેલા, ત્યારપછી દેવ અને મનુષ્યરૂપ બે ભવ કરીને સિદ્ધ થાય છે. અને સકૃત્=એક, ભવવાળા સર્વાર્થસિદ્ધ મહાવિમાનવાસી દેવો છે. વળી શેષ ભજનીય છે=શેષ દેવો એકભવમાં પણ મોક્ષમાં જઈ શકે છે, અધિક અપરિમિત ભવોમાં પણ મોક્ષમાં જઈ શકે છે અને મોક્ષમાં નહીં જનારા પણ હોઈ શકે છે. ।।૪/૨૭।।**

**ભાષ્ય :-**

**अत्राह – उक्तं भवता – जीवस्यौदयिकेषु भावेषु तिर्यग्योनिगतिरिति (अ० २, सू० ६), तथा स्थितौ** 'तिर्यग्योनीनां च' **(अ० ३, सू० १८) इति, आस्रवेषु च** 'माया तैर्यग्योनस्य' **(अ० ६, सू० १७) इति । तत् के तिर्यग्योनय इति ?, अत्रोच्यते –**

**ભાષ્યાર્થ :-**

**અહીં=દેવના સ્વરૂપની સમાપ્તિમાં, પ્રશ્ન કરે છે – તમારા વડે કહેવાયું=ગ્રંથકારશ્રી વડે અધ્યાય-૨, સૂત્ર-૬માં કહેવાયું –** "જીવના ઔદયિકભાવોમાં તિર્યંચયોનિ ગતિ છે=જીવના ઔદયિકભાવોમાં ચાર ગતિ હોય છે તદ્ અંતર્ગત તિર્યંચયોનિ ગતિ છે," **અને અધ્યાય-૩, સૂત્ર-૧૮માં જીવના ઉત્કૃષ્ટ સ્થિતિના વિષયમાં તિર્યંચયોનિમાં કેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે ? તેને બતાવનાર** 'तिर्यग्योनीनां च' **એ પ્રમાણે સૂત્ર કહ્યું અને આશ્રવોમાં** "તિર્યંચયોનિનું કારણ માયા=માયાકષાય, છે" **(અધ્યાય-૬, સૂત્ર-૧૭) એ પ્રમાણે બતાવ્યું, તે કારણથી કોણ તિર્યંચયોનિવાળા છે ? એ પ્રકારના પ્રશ્નોમાં ઉત્તર આપે છે –**

**ભાવાર્થ :-**

દેવભવના કથનની સમાપ્તિ પછી તિર્યંચનું સ્વરૂપ બતાવવા અર્થે ભાષ્યકારશ્રી તત્ત્વાર્થસૂત્રમાં જે જે સ્થાનોમાં પૂર્વમાં કે પશ્ચાત્ તિર્યંચગતિનું વક્તવ્ય આવે છે તેનું સ્મરણ કરીને તે તિર્યંચો કોણ છે ? તે પ્રકારની જિજ્ઞાસાનું ઉદ્ભાવન કરીને તેનો ઉત્તર આપે છે. એથી પ્રસ્તુત તિર્યંચનું વર્ણન તિર્યંચના તે તે વક્તવ્ય સાથે કઈ રીતે સંબદ્ધ છે ? તેની પ્રતીતિ થાય છે.

**સૂત્ર :-**

**औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ।।४/२८।।**

**સૂત્રાર્થ :-**

**ઔપપાતિકોથી=ઔપપાતિક એવા દેવો અને નારકોથી, અને મનુષ્યોથી શેષ તિર્યંચયોનિવાળા છે. ।।૪/૨૮।।**

ભાષ્ય :-

औपपातिकेभ्यश्च नारकदेवेभ्यो मनुष्येभ्यश्च यथोक्तेभ्यः शेषा एकेन्द्रियादयस्तिर्यग्योनयो भवन्ति ।।४/२८।।

ભાષ્યાર્થ :-

औपपातिकेभ्यश्च ..... भवन्ति ।। યથોક્ત એવા ઔપપાતિક નારક, દેવોથી અને મનુષ્યોથી શેષ એકેંદ્રિયાદિ તિર્યંચયોનિવાળા જીવો છે. ।।૪/૨૮।।

ભાષ્ય :-

अत्राह — तिर्यग्योनिमनुष्याणां स्थितिरुक्ता, अथ देवानां का स्थितिरिति ? । अत्रोच्यते —

ભાષ્યાર્થ :-

અહીં=તિર્યંચયોનિનું સ્વરૂપ બતાવ્યું ત્યાં, પ્રશ્ન કરે છે — તિર્યંચયોનિની અને મનુષ્યોની સ્થિતિ પૂર્વમાં કહેવાઈ=અધ્યાય-૩, સૂત્ર-૧૭ અને સૂત્ર-૧૮માં કહેવાઈ. હવે દેવોની કઈ સ્થિતિ છે ?=કેટલો કાળ તે દેવભવમાં અવસ્થાનરૂપ સ્થિતિ છે ?, એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે —

સૂત્ર :-

स्थितिः ।।४/२९।।

સૂત્રાર્થ :-

સ્થિતિ (આગળમાં કહીશું.) ।।૪/૨૯।।

ભાષ્ય :-

स्थितिरित्यत ऊर्ध्वं वक्ष्यते ।।४/२९।।

ભાષ્યાર્થ :-

स्थितिरित्यत ..... वक्ष्यते ।। સ્થિતિ એ પ્રમાણે અત=આના પછી, ઊર્ધ્વમાં=આગળમાં, કહેવાશે. એ પ્રકારે ભાષ્યકારશ્રીએ પ્રસ્તુત સૂત્રથી પ્રતિજ્ઞા કરેલ છે. ।।૪/૨૯।।

સૂત્ર :-

भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ।।४/३०।।

સૂત્રાર્થ :-

ભવનમાં વસનારા દક્ષિણ અર્ધના અધિપતિ એવા ઇંદ્રોની પલ્યોપમઅધિઅર્ધસ્થિતિ છે=અર્ધ પલ્યોપમ અધિક એવું પલ્યોપમ=દોઢ પલ્યોપમ, સ્થિતિ છે. ।।૪/૩૦।।

**ભાષ્ય :-**

**भवनेषु तावद् भवनवासिनां दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धं परा स्थितिः, द्वयोर्यथोक्त-योर्भवनवासीन्द्रयोः पूर्वो दक्षिणार्धाधिपतिः पर उत्तरार्धाधिपतिः ।।४/३०।।**

**ભાષ્યાર્થ :-**

**भवनेषु ..... उत्तरार्धाधिपतिः ।। ભવનોમાં વસનારા ભવનવાસી એવા દક્ષિણ અર્ધના અધિપતિ ઇંદ્રોની પલ્યોપમઅધિઅર્ધ=દોઢ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ છે. યથોક્ત એવા બે ભવનવાસી ઇંદ્રોમાં=સૂત્ર-૪/૬માં કહ્યા એવા બે ભવનવાસીના ઇંદ્રોમાં, પૂર્વનો ઇંદ્ર દક્ષિણાર્ધાધિપતિ છે. પર ઇંદ્ર=પાછળનો ઇંદ્ર, ઉત્તરાર્ધાધિપતિ છે. ।।૪/૩૦।।**

**ભાવાર્થ :-**

ભવનવાસીના ઇંદ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવવા માટે સૂત્રમાં દક્ષિણાર્ધાધિપતિની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અર્ધની અધિક છે, એમ બતાવી. એથી જિજ્ઞાસા થાય કે દક્ષિણાર્ધાધિપતિ કોણ છે ? તેના સમાધાન માટે ભાષ્યકારશ્રીએ કહ્યું કે સૂત્ર-૪/૬માં જે ભવનવાસીના બે ઇંદ્રો બતાવ્યા હતા તે સૂત્રના ભાષ્યમાં જે પૂર્વના દશ ઇંદ્રો છે તે દક્ષિણાર્ધાધિપતિ છે અને પાછળના ઇંદ્રો છે તે ઉત્તરાર્ધાધિપતિ છે. તેમાં ચમરેન્દ્રને છોડીને અન્ય સર્વ દક્ષિણાર્ધાધિપતિની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમ છે; કેમ કે આગળમાં સૂત્ર-૩૨માં ચમરેન્દ્રની પરાસ્થિતિ બતાવવાના છે, તેથી તેના સિવાયના અન્ય નવ ઇંદ્રોની પરાસ્થિતિ પ્રસ્તુત સૂત્રથી બતાવાઈ છે. **।।૪/૩૦।।**

**સૂત્ર :-**

**शेषाणां पादोने ।।४/३१।।**

**સૂત્રાર્થ :-**

**શેષોની=શેષ ભવનપતિ ઇંદ્રોની=ઉત્તરાર્ધાધિપતિ એવા ઇંદ્રોની, પાદ ઊન બે પલ્યોપમ=પોણા બે પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૪/૩૧।।**

**ભાષ્ય :-**

**शेषाणां भवनवासिष्वधिपतीनां (शेषाणां) द्वे पल्योपमे पादोने परा स्थितिः । के च शेषाः ?, उत्तरार्धाधिपतय इति ।।४/३१।।**

**ભાષ્યાર્થ :-**

**शेषाणां ..... इति ।। શેષ એવા ભવનવાસી અધિપતિઓની પાદ ઊન એવા બે પલ્યોપમની પરાસ્થિતિ છે. શેષ કોણ છે ? એથી કહે છે – ઉત્તરાર્ધાધિપતિ છે.**

**'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૩૧।।**

**ભાવાર્થ :-**

બલીન્દ્રને છોડીને બાકીના ઉત્તરાર્ધાધિપતિ નવ ભવનવાસી ઇંદ્રો પોણા બે પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા છે. **॥૪/૩૧॥**

**સૂત્ર :-**

**असुरेन्द्रयोः सागरोपममधिकं च ।।४/३२।।**

**સૂત્રાર્થ :-**

**બે અસુર ઇંદ્રોનું સાગરોપમ અને અધિક પરાસ્થિતિ છે. ॥૪/૩૨॥**

**ભાષ્ય :-**

**असुरेन्द्रयोस्तु दक्षिणार्धाधिपत्युत्तरार्धाधिपत्योः सागरोपममधिकं च यथासङ्ख्यं परा स्थितिर्भवति ।।४/३२।।**

**ભાષ્યાર્થ :-**

**असुरेन्द्रयोस्तु ..... स्थितिर्भवति ।। વળી દક્ષિણાર્ધાધિપતિ અને ઉત્તરાર્ધાધિપતિ એવા બે અસુર ઇંદ્રોની યથાક્રમ સાગરોપમ અને સાગરોપમથી અધિક પરાસ્થિતિ છે. ॥૪/૩૨॥**

**ભાવાર્થ :-**

અસુરકુમારના દક્ષિણાર્ધાધિપતિ ચમરેન્દ્ર છે, તેની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. અસુરકુમારના ઉત્તરાર્ધાધિપતિ બલીન્દ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમથી અધિક છે. આનાથી એ નક્કી થાય છે કે બધા ઇંદ્રો ઉત્કૃષ્ટ સ્થિતિવાળા હોય એવો નિયમ નથી તેથી કોઈ અસુરેંદ્ર સાગરોપમથી ન્યૂન સ્થિતિવાળા પણ હોઈ શકે. **॥૪/૩૨॥**

**અવતરણિકા :-**

**ચાર નિકાયના દેવોમાંથી ભવનપતિરૂપ પ્રથમ નિકાયના દેવોની સ્થિતિનું વ્યાખ્યાન કર્યું. ત્યારપછી વ્યંતર અને જ્યોતિષના દેવોની સ્થિતિનો વ્યાખ્યાનનો પ્રસંગ હોવા છતાં તેને છોડીને સૂત્રનું લાઘવ કરવા અર્થે વૈમાનિકના દેવલોકોની સ્થિતિનું કથન ગ્રંથકારશ્રી કરે છે –**

**સૂત્ર :-**

**सौधर्मादिषु यथाक्रमम् ।।४/३३।।**

**સૂત્રાર્થ :-**

**સૌધર્માદિમાં યથાક્રમ પરાસ્થિતિ બતાવશે. ॥૪/૩૩॥**

**ભાષ્ય :-**

**सौधर्ममादिं कृत्वा यथाक्रममित ऊर्ध्वं परा स्थितिर्वक्ष्यते ।।४/३३।।**

**ભાષ્યાર્થ :-**

सौधर्ममादिं ..... स्थितिर्वक्ष्यते ।। સૌધર્મને આદિ કરીને યથાક્રમ આનાથી આગળ=આ સૂત્રથી આગળના સૂત્રમાં, પરાસ્થિતિ કહેવાશે. ।।૪/૩૩।।

**સૂત્ર :-**

**सागरोपमे ।।४/३४।।**

**સૂત્રાર્થ :-**

બે સાગરોપમ. ।।૪/૩૪।।

**ભાષ્ય :-**

**सौधर्मे कल्पे देवानां परा स्थितिर्द्वे सागरोपमे इति ।।४/३४।।**

**ભાષ્યાર્થ :-**

सौधर्मे ..... इति ।। સૌધર્મ કલ્પમાં દેવોની પરાસ્થિતિ બે સાગરોપમ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૩૪।।

**સૂત્ર :-**

**अधिके च ।।४/३५।।**

**સૂત્રાર્થ :-**

અધિક છે. ।।૪/૩૫।।

**ભાષ્ય :-**

**ऐशाने द्वे सागरोपमे अधिके परा स्थितिर्भवति ।।४/३५।।**

**ભાષ્યાર્થ :-**

ऐशाने ..... स्थितिर्भवति ।। ઈશાન દેવલોકમાં સાધિક બે સાગરોપમ પરાસ્થિતિ હોય છે. ।।૪/૩૫।।

**સૂત્ર :-**

**सप्त सनत्कुमारे ।।४/३६।।**

સૂત્રાર્થ :-

**સનત્કુમારમાં સાત સાગરોપમની સ્થિતિ છે. ।।૪/૩૬।।**

ભાષ્ય :-

**सनत्कुमारे कल्पे सप्त सागरोपमाणि परा स्थितिर्भवति ।।४/३६।।**

ભાષ્યાર્થ :-

सनत्कुमारे ..... स्थितिर्भवति ।। સનત્કુમાર દેવલોકમાં સાત સાગરોપમની પરાસ્થિતિ છે. ।।૪/૩૬।।

સૂત્ર :-

**विशेषत्रिसप्तदशैकादशत्रयोदशपञ्चदशभिरधिकानि च ।।४/३७।।**

સૂત્રાર્થ :-

**(સનત્કુમારદેવલોકની સાત સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિથી ક્રમસર ઉપર ઉપરના દેવલોકોમાં) વિશેષ, ત્રણ, સાત, દશ, એકાદશ, તેર, પંદરથી અધિક ઉત્કૃષ્ટસ્થિતિ છે. ।।૪/૩૭।।**

ભાષ્ય :-

**एभिर्विशेषादिभिरधिकानि सप्त माहेन्द्रादिषु परा स्थितिर्भवति, सप्तेति वर्तते । तद्यथा – माहेन्द्रे सप्त विशेषाधिकानि, ब्रह्मलोके त्रिभिरधिकानि सप्त, दशेत्यर्थः, लान्तके सप्तभिरधिकानि सप्त, चतुर्दशेत्यर्थः, महाशुक्रे दशभिरधिकानि सप्त, सप्तदशेत्यर्थः, सहस्रारे एकादशभिरधिकानि सप्त, अष्टादशेत्यर्थः, आनतप्राणतयोस्त्रयोदशभिरधिकानि सप्त, विंशतिरित्यर्थः, आरणाच्युतयोः पञ्चदशभिरधिकानि सप्त, द्वाविंशतिरित्यर्थः ।।४/३७।।**

ભાષ્યાર્થ :-

एभिः ..... द्वाविंशतिरित्यर्थः ।। આ વિશેષાદિ વડે=સૂત્રમાં કહેલા વિશેષાદિ વડે, અધિક એવા સાત સાગરોપમ માહેન્દ્ર આદિમાં પરાસ્થિતિ છે. સપ્ત એ પ્રકારે પૂર્વના સૂત્રમાંથી પ્રસ્તુત સૂત્રમાં અનુવૃત્તિરૂપે વર્તે છે. તે આ પ્રમાણે છે=માહેન્દ્ર દેવલોક આદિમાં પરાસ્થિતિ આ પ્રમાણે છે – માહેન્દ્ર દેવલોકમાં સાત સાગરોપમથી વિશેષ અધિક=કાંઈક અધિક, પરાસ્થિતિ છે. બ્રહ્મદેવલોકમાં ત્રણ અધિક સાત સાગરોપમ છે=દશ સાગરોપમની પરાસ્થિતિ છે. લાંતક દેવલોકમાં સાત વડે અધિક સાત છે=ચૌદ સાગરોપમની પરાસ્થિતિ છે. મહાશુક્ર દેવલોકમાં દશથી અધિક સાત છે=સત્તર સાગરોપમની પરાસ્થિતિ છે. સહસ્રારમાં અગિયાર અધિક સાત સાગરોપમ=અઢાર સાગરોપમ પરાસ્થિતિ છે. આનત-પ્રાણતમાં તેર સાગરોપમથી અધિક સાત=વીસ સાગરોપમ પરાસ્થિતિ છે. આરણ-અચ્યુતમાં પંદર અધિક સાત=બાવીસ સાગરોપમની પરાસ્થિતિ છે. ।।૪/૩૭।।

સૂત્ર :-

आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ।।४/३८।।

સૂત્રાર્થ :-

આરણ-અચ્યુતથી ઊર્ધ્વમાં એક એક સાગરોપમથી અધિક નવ ગ્રૈવેયકમાં, વિજયાદિમાં અને સર્વાર્થસિદ્ધમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૪/૩૮।।

ભાષ્ય :-

आरणाच्युतादूर्ध्वमेकैकेनाधिका स्थितिर्भवति नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च, आरणाच्युते द्वाविंशतिर्ग्रैवेयकेषु पृथगेकैकेनाधिकास्त्रयोविंशति(प्रभृति)रित्यर्थः, एवमेकैकेनाधिकाः सर्वेषु नवसु यावत् सर्वेषामुपरि नवमे एकत्रिंशत्, सा विजयादिषु चतुर्ष्वप्येकेनाधिका द्वात्रिंशत्, साऽप्येकेनाधिका, सर्वार्थसिद्धे त्वजघन्योत्कृष्टा त्रयस्त्रिंशदिति ।।४/३८।।

ભાષ્યાર્થ :-

आरण ..... त्रयस्त्रिंशदिति ।। આરણ-અચ્યુતથી ઊર્ધ્વમાં એક એકથી અધિક સ્થિતિ નવ ગ્રૈવેયકમાં વિજયાદિમાં અને સર્વાર્થસિદ્ધમાં છે.

તે જ સ્પષ્ટ કરતાં કહે છે -

આરણ-અચ્યુતમાં બાવીસ છે. ગ્રૈવેયકોમાં પૃથક્ એક-એક અધિક ત્રેવીસ વગેરે છે=પ્રથમ ગ્રૈવેયકમાં ત્રેવીસ સ્થિતિ છે, બીજા ગ્રૈવેયકમાં ચોવીસ સ્થિતિ છે, એ ક્રમથી નવે ગ્રૈવેયકોમાં એક એક અધિક છે. આ રીતે એક એકથી અધિક સર્વ નવે ગ્રૈવેયકોમાં યાવત્ સર્વ ઉપર નવમા ગ્રૈવેયકમાં એકત્રીસ સાગરોપમની સ્થિતિ છે. તે જ=એકત્રીસ સાગરોપમની સ્થિતિ જ, વિજયાદિ ચારમાં એકથી અધિક=બત્રીસ સાગરોપમની છે. તે પણ=બત્રીસ સાગરોપમની પણ, એકથી અધિક સર્વાર્થસિદ્ધમાં અજઘન્ય ઉત્કૃષ્ટા તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. ।।૪/૩૮।।

ભાષ્ય :-

अत्राह — मनुष्यतिर्यग्योनिजानां परापरे स्थिती व्याख्याते, अथौपपातिकानां किमेकैव स्थितिः ?, परापरे न विद्येते इति ? अत्रोच्यते —

ભાષ્યાર્થ :-

અહીં=ભવનપતિ અને વૈમાનિક દેવોની પરાસ્થિતિ બતાવી એમાં, પ્રશ્ન કરે છે — મનુષ્ય અને તિર્યંચયોનિમાં પર-અપર સ્થિતિ વ્યાખ્યાન કરાઈ. હવે ઔપપાતિક એવા દેવોની અને નારકોની શું

એક જ સ્થિતિ છે ? પર, અપર=ઉત્કૃષ્ટ, જઘન્ય સ્થિતિ વિદ્યમાન નથી ? એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે –

**સૂત્ર :-**

**अपरा पल्योपममधिकं च ।।४/३९।।**

**સૂત્રાર્થ :-**

**અપર સ્થિતિ પલ્યોપમ અને અધિક છે. ।।૪/૩૯।।**

**ભાષ્ય :-**

**सौधर्मादिष्वेव यथाक्रममपरा स्थितिः पल्योपममधिकं च, अपरा जघन्या निकृष्टेत्यर्थः, परा प्रकृष्टा उत्कृष्टेत्यनर्थान्तरम् । तत्र सौधर्मेऽपरा स्थितिः पल्योपमम्, ऐशाने पल्योपममधिकं च ।।४/३९।।**

**ભાષ્યાર્થ :-**

**सौधर्मादिष्वेव ..... च ।। સૌધર્માદિમાં યથાક્રમ અપર સ્થિતિ પલ્યોપમ અને અધિક છે.**

અપરા શબ્દના પર્યાયવાચી બતાવે છે –

**અપરા, જઘન્યા, નિકૃષ્ટ એ પ્રકારનો અપરાનો અર્થ છે.**

પરા શબ્દના પર્યાયવાચી બતાવે છે –

**પરા, પ્રકૃષ્ટ અને ઉત્કૃષ્ટ એ અનર્થાંતર છે.**

**ત્યાં સૌધર્મમાં અપરસ્થિતિ પલ્યોપમ છે, ઈશાનમાં પલ્યોપમ અને અધિક છે=પલ્યોપમથી અધિક છે. ।।૪/૩૯।।**

**સૂત્ર :-**

**सागरोपमे ।।४/४०।।**

**સૂત્રાર્થ :-**

**બે સાગરોપમ સનત્કુમારમાં જઘન્ય સ્થિતિ છે. ।।૪/૪૦।।**

**ભાષ્ય :-**

**सनत्कुमारेऽपरा स्थितिर्द्वे सागरोपमे ।।४/४०।।**

**ભાષ્યાર્થ :-**

**सनत्कुमारेऽपरा ..... सागरोपमे ।। સનત્કુમારમાં અપરસ્થિતિ બે સાગરોપમની છે. ।।૪/૪૦।।**

सूत्र :-

अधिके च ।।४/४१।।

सूत्रार्थ :-

માહેન્દ્રમાં અધિક છે. ।।૪/૪૧।।

ભાષ્ય :-

माहेन्द्रे जघन्या स्थितिरधिके द्वे सागरोपमे ।।४/४१।।

ભાષ્યાર્થ :-

माहेन्द्रे ..... सागरोपमे ।। માહેન્દ્રમાં જઘન્યસ્થિતિ બે સાગરોપમથી અધિક છે. ।।૪/૪૧।।

સૂત્ર :-

परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ।।४/४२।।

સૂત્રાર્થ :-

ઉપર ઉપરના દેવલોકમાં પૂર્વની પરા=પરાસ્થિતિ, અનંતરા છે=જઘન્ય સ્થિતિ છે. ।।૪/૪૨।।

❖ સૂત્રમાં 'पूर्वा पूर्वा'ના સ્થાને ભાષ્ય અનુસાર 'पूर्वा परा' શબ્દ હોવો જોઈએ.

ભાષ્ય :-

माहेन्द्रात् परतः पूर्वा पराऽनन्तरा जघन्या स्थितिर्भवति । तद्यथा – माहेन्द्रे परा स्थितिर्विशेषाधिकानि सप्त सागरोपमाणि सा ब्रह्मलोके जघन्या स्थितिर्भवति, ब्रह्मलोके दश सागरोपमाणि परा स्थितिः सा लान्तके जघन्या, एवमा सर्वार्थसिद्धादिति । [विजयादिषु चतुर्षु परा स्थितिस्त्रयस्त्रिंशत्सागरोपमाणि, साऽजघन्योत्कृष्टा सर्वार्थसिद्ध इति] ।।४/४२।।

ભાષ્યાર્થ :-

माहेन्द्रात् ..... इति ।। માહેન્દ્રથી પર પૂર્વની પરાસ્થિતિ અનંતરા=જઘન્ય સ્થિતિ, થાય છે. તે આ પ્રમાણે – માહેન્દ્ર દેવલોકમાં જે પરાસ્થિતિ વિશેષ અધિક સાત સાગરોપમ છે, તે બ્રહ્મદેવલોકમાં જઘન્ય સ્થિતિ છે. બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમ પરાસ્થિતિ છે તે લાંતકમાં જઘન્ય સ્થિતિ છે. એ પ્રકારે સર્વાર્થસિદ્ધ સુધી છે=સર્વાર્થસિદ્ધના પૂર્વ સુધી છે. (વિજયાદિ ચારની પરાસ્થિતિ (જે) તેત્રીસ સાગરોપમ છે (તે) અજઘન્યઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધમાં છે.)

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૪૨।।

**ભાવાર્થ :-**

માહેન્દ્ર નામના ચોથા દેવલોક પછી પૂર્વના દેવલોકની જે પરાસ્થિતિ છે તે ઉત્તરના દેવલોકની જઘન્ય સ્થિતિ થાય છે. આ રીતે સર્વાર્થસિદ્ધની પ્રાપ્તિ પૂર્વ સુધી આ જ ક્રમે છે. તેથી પૂર્વ પૂર્વના દેવલોકની પરાસ્થિતિ ઉત્તર ઉત્તરના દેવલોકમાં જઘન્યસ્થિતિરૂપે વિજયાદિ ચાર સુધી સમજવી. અહીં 'आसर्वार्थसिद्ध'માં 'आ' શબ્દ મર્યાદા અર્થમાં છે, અભિવ્યાપ્તિ અર્થમાં નથી. તેથી સર્વાર્થસિદ્ધના પૂર્વ સુધી આ મર્યાદા છે, જે વિજયાદિ ચારમાં પ્રાપ્ત થાય છે. તેથી નવમા ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે એકત્રીસ સાગરોપમ છે, તે વિજયાદિ ચારમાં જઘન્ય સ્થિતિ છે. વિજયાદિ ચારની જે પરાસ્થિતિ તેત્રીસ સાગરોપમની છે, તે અજઘન્યઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધમાં છે. ॥૪/૪૨॥

**અવતરણિકા :-**

**પૂર્વના સૂત્રમાં જે આગળ આગળના દેવલોકોમાં પૂર્વની પરા અનંતરા છે એમ કહ્યું, તેની અનુવૃત્તિ પ્રાપ્ત કરવા અર્થે વૈમાનિક દેવોની જઘન્ય સ્થિતિ બતાવ્યા પછી અન્ય દેવનિકાયની જઘન્ય સ્થિતિનું વર્ણન છોડીને નારકોની જઘન્ય સ્થિતિ બતાવે છે –**

**સૂત્ર :-**

**नारकाणां च द्वितीयादिषु ।।४/४३।।**

**સૂત્રાર્થ :-**

**અને નારકોને દ્વિતીયાદિ ભૂમિમાં પૂર્વ પૂર્વની પરાસ્થિતિ ઉત્તર ઉત્તરના નારકોમાં અપર સ્થિતિ થાય છે. ।।૪/૪૩।।**

**ભાષ્ય :-**

**नारकाणां च द्वितीयादिषु भूमिषु पूर्वा पूर्वा परा स्थितिरनन्तरा परतः परतोऽपरा भवन्ति, तद्यथा – रत्नप्रभायां नारकाणामेकं सागरोपमं परा स्थितिः, सा जघन्या शर्कराप्रभायाम्, त्रीणि सागरोपमाणि परा स्थितिः शर्कराप्रभायां, सा जघन्या वालुकाप्रभायामित्येवं सर्वासु, तमःप्रभायां द्वाविंशतिः सागरोपमाणि परा स्थितिः सा जघन्या महातमःप्रभायामिति ।।४/४३।।**

**ભાષ્યાર્થ :-**

**नारकाणां ..... महातमःप्रभायामिति ।। અને નારકોની દ્વિતીયાદિ ભૂમિમાં પૂર્વ પૂર્વની નરકોમાં જે પરાસ્થિતિ છે તે અનંતરા થાય છે=પછી પછીની નરકોમાં અપરસ્થિતિ થાય છે. તે આ પ્રમાણે - રત્નપ્રભાનરકની એક સાગરોપમ પરાસ્થિતિ છે તે શર્કરાપ્રભામાં જઘન્ય સ્થિતિ થાય છે. ત્રણ સાગરોપમ પરાસ્થિતિ શર્કરાપ્રભામાં છે. તે જઘન્ય સ્થિતિ વાલુકાપ્રભામાં છે. એ પ્રમાણે સર્વ**

નરકોમાં જાણવું. તમઃપ્રભામાં બાવીસ સાગરોપમ પરાસ્થિતિ છે. તે જઘન્ય સ્થિતિ મહાતમઃપ્રભામાં છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૪૩।।

**અવતરણિકા :-**

હવે પ્રથમ નારકમાં જઘન્ય સ્થિતિ કેવી રીતે નિર્ણીત થાય ? એથી કહે છે –

**સૂત્ર :-**

**दश वर्षसहस्राणि प्रथमायाम् ।।४/४४।।**

**સૂત્રાર્થ :-**

દશ હજાર વર્ષ પ્રથમ નારકમાં જઘન્ય સ્થિતિ છે. ।।૪/૪૪।।

**ભાષ્ય :-**

प्रथमायां भूमौ नारकाणां दश वर्षसहस्राणि जघन्या स्थितिः ।।४/४४।।

**ભાષ્યાર્થ :-**

प्रथमायां ..... स्थितिः ।। નારકોની પ્રથમ ભૂમિમાં દશ હજાર વર્ષ જઘન્ય સ્થિતિ છે. ।।૪/૪૪।।

**સૂત્ર :-**

**भवनेषु च ।।४/४५।।**

**સૂત્રાર્થ :-**

અને ભવનોમાં દશ હજાર વર્ષ જઘન્ય સ્થિતિ છે. ।।૪/૪૫।।

**ભાષ્ય :-**

भवनवासिनां दश वर्षसहस्राणि जघन्या स्थितिरिति ।।४/४५।।

**ભાષ્યાર્થ :-**

भवनवासिनां ..... स्थितिः ।। ભવનવાસી દેવોની દશ હજાર વર્ષ જઘન્ય સ્થિતિ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૪૫।।

**સૂત્ર :-**

**व्यन्तराणां च ।।४/४६।।**

**સૂત્રાર્થ :-**

અને વ્યંતરોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ છે. ।।૪/૪૬।।

**ભાષ્ય :-**

व्यन्तराणां च देवानां दश वर्षसहस्राणि जघन्या स्थितिः ।।४/४६।।

**ભાષ્યાર્થ :-**

व्यन्तराणां ..... स्थितिरिति ।। અને વ્યંતર દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. ।।૪/૪૬।।

**સૂત્ર :-**

परा पल्योपमम् ।।४/४७।।

**સૂત્રાર્થ :-**

પરા પલ્યોપમની સ્થિતિ વ્યંતરોની છે. ।।૪/૪૭।।

**ભાષ્ય :-**

व्यन्तराणां परा स्थितिः पल्योपमं भवति ।।४/४७।।

**ભાષ્યાર્થ :-**

व्यन्तराणां ..... भवति ।। વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમની છે. ।।૪/૪૭।।

**સૂત્ર :-**

ज्योतिष्काणामधिकम् ।।४/४८।।

**સૂત્રાર્થ :-**

જ્યોતિષ્ક દેવોની અધિક છે=પલ્યોપમથી અધિક, ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૪/૪૮।।

**ભાષ્ય :-**

ज्योतिष्काणां देवानामधिकं पल्योपमं परा स्थितिर्भवति ।।४/४८।।

**ભાષ્યાર્થ :-**

ज्योतिष्काणां ..... स्थितिर्भवति ।। જ્યોતિષ્ક દેવોની અધિક એક પલ્યોપમ પરાસ્થિતિ છે=જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમથી કાંઈક અધિક છે. ।।૪/૪૮।।

**સૂત્ર :-**

ग्रहाणामेकम् ।।४/४९।।

**સૂત્રાર્થ :-**

**ગ્રહોની એક પલ્યોપમ પરાસ્થિતિ છે. ॥૪/૪૯॥**

**ભાષ્ય :-**

**ग्रहाणामेकं पल्योपमं परा स्थितिर्भवति ॥४/४९॥**

**ભાષ્યાર્થ :-**

ग्रहाणामेकं ..... स्थितिर्भवति ॥ ગ્રહોની એક પલ્યોપમ પરાસ્થિતિ છે. ॥૪/૪૯॥

**સૂત્ર :-**

**नक्षत्राणामर्धम् ॥४/५०॥**

**સૂત્રાર્થ :-**

**નક્ષત્રોની અર્ધ પલ્યોપમ પરાસ્થિતિ છે. ॥૪/૫૦॥**

**ભાષ્ય :-**

**नक्षत्राणां देवानामर्धपल्योपमम् परा स्थितिर्भवति ॥४/५०॥**

**ભાષ્યાર્થ :-**

नक्षत्राणां ..... स्थितिर्भवति ॥ નક્ષત્રના દેવોની અર્ધ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૪/૫૦॥

**સૂત્ર :-**

**तारकाणां चतुर्भागः ॥४/५१॥**

**સૂત્રાર્થ :-**

**તારાઓની ચોથો ભાગ=પલ્યોપમનો ચોથો ભાગ, ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૪/૫૧॥**

**ભાષ્ય :-**

**तारकाणां च पल्योपमचतुर्भागः परा स्थितिर्भवति ॥४/५१॥**

**ભાષ્યાર્થ :-**

तारकाणां ..... स्थितिर्भवति ॥ અને તારાઓની પલ્યોપમનો ચોથો ભાગ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥૪/૫૧॥

**સૂત્ર :-**

**जघन्या त्वष्टभागः ॥४/५२॥**

**સૂત્રાર્થ :-**

**વળી તારાઓની જઘન્ય સ્થિતિ અષ્ટ ભાગ=પલ્યોપમનો આઠમો ભાગ, છે. ।।૪/૫૨।।**

**ભાષ્ય :-**

**तारकाणां तु जघन्या स्थितिः, पल्योपमाष्टभागः ।।४/५२।।**

**ભાષ્યાર્થ :-**

तारकाणां ..... पल्योपमाष्टभागः ।। વળી તારાઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ છે. ।।૪/૫૨।।

**સૂત્ર :-**

**चतुर्भागः शेषाणाम् ।।४/५३।।**

**સૂત્રાર્થ :-**

**શેષ જ્યોતિષ્ક દેવોને ચોથો ભાગ છે. ।।૪/૫૩।।**

**ભાષ્ય :-**

**तारकाभ्यः शेषाणां ज्योतिष्काणां चतुर्भागः पल्योपमस्यापरा स्थितिरिति ।।४/५३।।**

**इति तत्त्वार्थाधिगमाख्येऽर्हत्प्रवचनसङ्ग्रहे देवगतिप्रदर्शनो नाम चतुर्थोऽध्याय समाप्तः ।।**

**ભાષ્યાર્થ :-**

तारकाभ्यः ..... स्थितिरिति ।। તારાઓથી શેષ જ્યોતિષ્ક દેવોને પલ્યોપમનો ચોથો ભાગ અપર સ્થિતિ છે=જઘન્ય સ્થિતિ છે.

'इति' શબ્દ ભાષ્યની સમાપ્તિ અર્થે છે. ।।૪/૫૩।।

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ નામના અર્હત્ પ્રવચનસંગ્રહમાં દેવગતિપ્રદર્શન નામનો ચોથો અધ્યાય સમાપ્ત થયો. ।।

**।। ચોથો અધ્યાય સમાપ્ત ।।**

❖ ❖ ❖

અનુસંધાન : તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૩

## વિશેષ નોંધ

औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य
स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ।।

ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ,
મિશ્રભાવ=ક્ષાયોપશમિકભાવ, ઔદયિકભાવ અને
પારિણામિક-ભાવ એ જીવનું સ્વતત્ત્વ છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com